કુમાર

૧૦૦ મો અંક



ચૈત્ર '૮૮

તંત્રી: રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક

કુમાર
ચૈત્ર ૧૯૮૮
અંક ૧૦૦

લવાજમમાં ફેરફાર

સાંકળિયાને છેડે વાંચો

(અનુસંધાન જાહેર ખબરના પૃ. ૬ના પહેલા કૉલમે)

લવાજમમાં ફેરફાર

(માત્ર આ વર્ષ પૂરતો જ)

આ અંકની છૂટક નકલની કિંમત ત્રણ રૂપિયા.

આ અંક બહાર પડ્યા પછી ગ્રાહક થનાર માટે (માત્ર આ વર્ષ પૂરતું જ) લવાજમ આઠ રૂપિયા. ગ્રાહક વર્ષની શરૂઆતથીજ નોંધાય છે, એટલે ૯૭થી બધા અંકો મળશે.

પણ એ આગલા અંકો જૂજ રહ્યા છે; એટલે એ ખલાસ થયા પછી ગ્રાહક થનારને ૧૦૦મા અંકથી જ ગ્રાહક નોંધી શકાશે અને તેટલા પૂરતું ૧૦૦થી ૧૦૮ અંક સુધીનું લવાજમ રૂ. ૭ રહેશે.

ચેતવણી

'કુમાર'માં પ્રગટ થતા કોઇપણ લખાણ, ચિત્ર કે ફોટોગ્રાફનો ઉપયોગ કૉપીરાઈટની રૂએ તંત્રીની પરવાનગી વિના કોઇથી થઇ શકે નહિ. તેમ કરનાર તેને માટે જવાબદાર તથા જોખમદાર ગણાશે.

તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.



જીવન સંગીત

ચિત્રકાર · રવિશંકર રાવળ





સ્વપ્ન

(રાગ ભૈરવી • તાલ લાવણી)

તારૂં સ્વપ્ન ન કો દે ભૂંસી રે, હો રણુરઢિયાળા!
ભલે તેગ રુધિર લે ચૂસી રે, હો રણુરઢિયાળા! (ધ્રુવ)


આભ થકી તુજ કાજ ઉતરતા
જુગજુગના સંદેશ;
ઘોર વહે અંધાર ભલે, પણ
પડે ન ઝાંખા લેશ:
જોની ઝગમગતા એ તારા રે, હો રણુરઢિયાળા!
એના પંથ સદા અંધારા રે, હો રણુરઢિયાળા! તારૂં૦

દિનભર શોરબકોર મચાવે,
જગત બને પ્રતિકૂળ;
નહિ તુજ અંતરઆંખ બીડાવે,
આભ ભરી દે ધૂળ:
તારી જ્યોતિ ન કો હોલાવે રે, હો રણુરઢિયાળા!
ભલે વા વાદળ ડોલાવે રે, હો રણુરઢિયાળા! તારૂં૦

વ્યોમ ઊંડનાં પડે વિમાનો,
ડૂબે તરતાં જહાજ;
કયાં બંદુક તારાને વીંધે?
નભ બાંધે કયાં પાજ?
તારૂં આતમબળ લે સાધી રે, હો રણુરઢિયાળા!
એ જ શક્તિ અલૌકિક લાધી રે, હો રણુરઢિયાળા! તારૂં૦

આભ ન રોધે, પૃથ્વી ન રોધે,
રોધે કો ન દિગંત:
અણગણ તારક ભરે નિરંતર
અંતર તારૂં અનંત!
ચિરધર્મે શો અંદેશો રે? હો રણુરઢિયાળા!
તારો એ જ અભય સંદેશો રે! હો રણુરઢિયાળા! તારૂં૦

અરદેશર ફ. ખબરદાર



■'કુમાર'ના ૧૦૦ અંક નીકળે એ એક વખતનું સ્વપ્ન હતું. આજે તે ફલિત થતાં ધન્ય ક્ષણ માનું છું. આ ૧૦૦મા અંકને આ યુગનો પ્રતિનિધિ અંક કરવાની ભાવના કરી ત્યારે અત્યંત હૃદયવિક્ષોભ થયો હતો. અત્યારના વિકટ દેશકાળમાં આ પ્રસંગની ઉચિતતા લાગશે કે નહિ, અથવા ભાવના સફળ થશે કે નહિ તેનાં મંથનોએ ઘડીભર પ્રવૃત્તિ રોકી નાખી હતી. છતાં ઇશ્વરેચ્છા પર વિશ્વાસ રાખી તૈયારીઓ ચાલુ કરી. ધીમેધીમે પણ મિત્રો, શુભેચ્છકો, લેખકો ને કલાકારોએ તેમની 'કુમાર'પ્રીતિ સંપૂર્ણ દાખવી મને ખરેખર ઉપકૃત કરી દીધો. તે સૌના સહકારને લીધે જ આ અંક વાચકો સમક્ષ આ રૂપમાં રજુ કરવા ભાગ્યશાળી થયો છું. તેનું યોગ્ય મૂલ્યાંકન તો સમય કરશે; પરંતુ આ વિરલ ને સુભગ પ્રસંગે 'કુમાર'ના વાચકો સમક્ષ અગાઉ નહિ કહેલી કેટલીક વાતો રજુ કરવાની તક લઉં છું.

■પ્રખ્યાત વીસમી-સદી માસિકના અધિપતિ સ્વ. હાજીમહમ્મદ અલારખિયા શિવજીના નિકટ સહવાસમાં ગાળેલાં પાંચ વર્ષોએ મને ચિત્રમય પત્રકારિત્વનો નાદ લગાડ્યો. એમની પાસે આવતાં અનેક પરદેશી સુંદર પત્રો જોઇ આપણા દેશની પાછળ રહેલી હાલત માટે હમેશાં અસંતોષ રહેતો. પણ એ યુગમાં તો હાજીમહમ્મદ કરતાં કોઇની નજર આગે પહોંચતી નહોતી એટલે તેમના સાથમાં રહી બને તેટલી સેવા કરી છૂટવાના સંકલ્પો કરેલા; અને તેઓ આજે હયાત હોત તો મેં આ પ્રકાશનપ્રવૃત્તિનાં કોકડાં બાંધ્યાં હોત કે કેમ તે પણ મારે મન પ્રશ્ન છે.

■એમનો દેહવિલય થયા પછી મારે મન ગુજરાતને કળા-



સ્વ. હાજીમહમ્મદ

સાહિત્યમાં કોઇ દોરનારું રહ્યું નહિ; અને પછીથી બીજાં પત્રો મારફત જેટલા-જેટલા પ્રયત્નો થયા તે બધા અધં-દગ્ધ અને અસંતોષકારક લાગ્યા. દરમિયાન મારી આસપાસ એક મિત્રમંડળ કળા અને સાહિત્યનું સુંદર વાતાવરણ જમાવી રહ્યું હતું. રોજરોજ બહાર પડતાં આપણાં સામયિકો અને પત્રોની વિચિત્ર કલાયોજના જોઇ એ બધાને ઉકળાટ થતો. એ શાંત કરવાનો કોઇ યોગ્ય માર્ગ ન દેખાયો ત્યારે એ બધાના સહકાર પર વિશ્વાસ રાખી મેં આ સાહસમાં ઝંપલાવ્યું. મારા એ મિત્રોનો એકસાથે એવો મત હતો કે એક શિષ્ટ પંક્તિનું ગુજરાતી માસિક કાઢવું જોઇએ. પણ મને લાંબા વખતથી સમજાયું હતું કે સાહિત્યનો ઊંચો રસ ભોગવવાને પણ પ્રજામાં સાહિત્ય અને રસવિષયક બીજી ઘણી પ્રાથમિક સામગ્રી પીરસાવી જોઇએ. વિજ્ઞાન, સાહસ અને ઉદ્યોગો પણ ભૂલવાં ન જોઇએ. એ બધાએ ઉદારતાથી મારા માર્ગને પસંદ કર્યો અને આજ સુધી સક્રિય સાથ આપ્યા કર્યો છે. એમના એ સહકારનો આજે હું જાહેર રીતે ઋણસ્વીકાર કરું છું. 'કુમાર' એમના પ્રસાદથી જ ગુજરાતનું અનોખું માસિક બની શક્યું છે.

■દેશભરમાંથી 'કુમારે' અનેક મિત્રો અને શુભેચ્છકો મેળવ્યા છે, પણ મારા ઉપલા જે અંગત મિત્રોએ છેવટ સુધી પોતાનો સહકાર નિભાવી રાખ્યો છે તેમનો વિસ્તૃત ઉલ્લેખ કર્યા વિના રહી શકાય એમ નથી. ભાઇ દેશળજી પરમારે 'કુમાર'ની શરૂઆતથી હમેશાં તેમની કલમને અવિશ્રાંત રાખી છે. કાવ્યો કે પ્રાસાદિક લેખો, અથવા સમય પર જરૂરી અનુવાદો વગેરેથી એમણે 'કુમાર'નો થાળ પૂર્યા કર્યો છે. ભાઈ 'ધૂમકેતુ' આજ તો ગુજરાતના અગ્રગણ્ય સાહિત્યક લેખાય છે, પણ એ વખતે ય એમની કલમની મેંદિનો કઇકને લાગી હતી. એમની ચોટવાળી ભાષામાં 'ઇતિહાસ દર્શન' ને કદિક ટૂંકી વાર્તાઓથી એમણે 'કુમાર'ને ચમકદાર રાખ્યા કર્યું છે. આજના નવયુગના ચિત્રકારો આગળ આવ્યા તે પહેલાં 'કુમાર'ની ચિત્રસામગ્રીનો ભાર મારા પર વિશેષ રહેતો એ સમયે ભાઇ રવિશંકર પંડિતે જાણે પોતાના હાથ પર મને કુલ અખત્યાર સોંપ્યો હોય એમ જોઇતું કામ સાથોસાથ પૂર્યા કર્યું છે.

■આ બધા મિત્રો તો પોતપોતાના વ્યવસાય સાચવી પોતાની ફુરસદની ક્ષણોમાં 'કુમાર'ને નવાજતા; જ્યારે ભાઇ બચુભાઇ રાવત 'કુમાર' માટે નવજીવન કાર્યાલયની નોકરી છોડી દઈ પત્રકારની કારકિર્દીનાં પોતાનાં દીર્ઘકાળનાં સ્વપ્નો પાર પાડવા 'કુમાર'ના કામમાં જ જોડાયા હતા. એમણે પોતાની કુમાર વયમાંથી જ સાહિત્ય અને કલા માટે પ્રેમ કેળવ્યો હતો. અમદાવાદમાં તે આવી વસ્યા તે પહેલાં એ મિત્રોની મદદથી 'જ્ઞાનાંજલિ' નામનું હસ્તલિખિત માસિક કાઢતા. પોતાના એકસરખા સુંદર

અક્ષરો અને સ્વકૃત સુશોભનો તથા બંધાઇ વગેરેથી તેને તે સુંદર કલાકૃતિ બનાવતા. આવો એક અંક મેં ગોંડલમાં જોયો ત્યારથી મેં તેમને ભવિષ્યમાં કોઇ વાર સાથીદાર બનાવવાની નેમ ઘડી રાખી હતી. અને જાણે કુદરતની જ ઇચ્છા હોય તેમ તેમણે અમદાવાદ તરફ જીવનસુકાન ફેરવ્યું ગોંડલમાંથી શિક્ષક તરીકેની કારકિર્દી છોડી સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયમાં તેઓ જોડાયા ત્યારથી અમારો સંબંધ વધ્યો; અને તે પછી અમે ગુજરાતમાં નવું પત્રકારિત્વ રચનાના આદર્શો વિચારવા લાગ્યા.

■**મહિનાઓ** સુધી એ લાગણી ઘૂંટાયા પછી જ્યારે તેને દબાવી રાખવી અસહ્ય થઈ ત્યારે એક વર્ષ સુધી નાણાંનું જોખમ વહેરી 'કુમાર' માસિકનો અખતરો કરી જોવાનું સાહસ મેં ઉપાડયું. આમાં શ્રી બચુભાઇ રાવતની તૈયારીઓ પર મારો ઘણો મદાર હતો. એ વેળા તેઓ નવજીવન પ્રકાશનમંદિરમાં હતા, એટલે પહેલી તકે તેમને નવજીવનમાંથી છૂટા કર્યા. એ વખતે નવજીવન સંસ્થાના સંચાલક મારા મિત્ર સ્વામી આનંદે મારો વિચાર વધાવી લઈ ખૂબ સહાનુભૂતિ બતાવી અને 'કુમાર' છાપવામાં પોતાના પ્રેસ તરફથી બની શકે એટલી સરળતા કરી આપી.

■**'કુમાર'**માં ખૂબ ચિત્રો આપવાની મારી મુખ્ય નેમ હતી, એટલે તેને માટે મેં બ્લૉક બનાવવાનું સ્વતંત્ર ખાતું ઊભું કર્યું. તેમાં સુભાગ્યે મારા મિત્ર શ્રી શંકરરાવ દેહાડેએ સારી મદદ કરી, અને આમ આજના કુમાર કાર્યાલયની નાની શરૂઆત થઇ. મારા આ પગલાથી મિત્રો, મુરબ્બીઓ અને શુભેચ્છકોમાં અતિશય આશંકાઓ તથા મારી નાણાંવિષયક તેમજ તબિયત સંબંધી ફિકર ઉપજી હતી પણ સાચા પ્રયાસોને સફળતા જરૂર મળે છે, સફળતા પૂરતો ભોગ તથા ધીરજ હોય તો ધાર્યું થાય જ, એવા સિદ્ધાંતોથી મારૂં મન ઘણું દૃઢ બની ગયું હતું એટલે મેં ભાગ્યે



'કુમાર'નું પંચ

'કુમાર'ની સ્થાપનાનાં સ્વપ્નો ઘડવાના દિવસોથી માંડીને આજ સુધી જેઓનો સાથ કાયમ રહ્યો છે. જમણી બાજુની ઉપરથી: રવિશંકર રાવળ, ધૂમકેતુ', દેશળજી પરમાર, રવિશંકર પંડિત, બચુભાઇ રાવત.

જ કોઇની ભીતિ ગણકારી. તોપણ મારે કબૂલ કરવું જોઇએ કે એ બધાની ભીતિ જરા યે ખોટી નહોતી. 'કુમાર'નું પહેલું વર્ષ જ્યારે માત્ર છસ્સો ગ્રાહકો પર પૂરૂં કર્યું ત્યારે બીજા વર્ષમાં પ્રવેશ કરવાની હિંમત ભાગ્યે જ થઇ શકે એવું હતું. પરંતુ એક વર્ષ દરમિયાન 'કુમારે' જે પ્રતિષ્ઠા અને પ્રેમ મેળવ્યાં હતાં તેનાથી હૂંફ મેળવીને અમે આગળ ચાલ્યા.

■**એ** વેળા કુમાર કાર્યાલય મારા ઘરના એક ખૂણામાં સમાઇ રહ્યું હતું અને બ્લૉક બનાવવાને નજીકમાં એક જૂનું ઘર ભાડે રાખી લીધું હતું. આટલી જંજાળોએ જ મારી તબિયત અને નાણાં સંબંધી સ્થિતિ ઉપર ભારે અસર કરી મૂકી હતી. કુમાર કાર્યાલયની નાણાંની જરૂરિયાત પૂરી પાડવા ઉપરાંત મારે મારો ઘરખર્ચ કમાઇ લેવાનો હતો આથી એ વર્ષના ચોમાસામાં મારે થાક ને નબળી તબિયતને લઇને દમના બિછાને પડવું પડ્યું. મારામાં ભાગ્યે જ ઊભા થવાની શક્તિ હશે, તેવામાં એક રવિવારે સવારે પડોશમાં મકાન પડવાનો કડાકો સંભળાયો. કોઈ અજબ ચેતવણીથી હું બારીએ જઇને જોઉંછું તો અમારા બ્લૉક ખાતાનું જ છાપરૂં આખું બાજુના ઘરની દીવાલ પડવાના ભારે તૂટી પડ્યું હતું. મારો ચિ. નરેન્દ્ર અને બે મજૂરો સહેજમાં બચી ગએલા દેખાતા હતા. રવિવારને લીધે સુભાગ્યે સ્ટાફનું કોઇ માણસ અંદર નહોતું. અમારા કામના એક જ મોટા આધારનો આમ કચ્ચરઘાણ વળેલો જોઇ ધૈર્ય રાખવું મુશ્કેલ હતું. નવું ખાતું ઊભું કરવાને પૈસા તો નહોતા જ; ને ખોટનો ખાડો વધતો જતો હતો. છતાં આ જ પ્રસંગે મને વધુમાં વધુ આત્મવિશ્વાસ ને ઇશ્વરશ્રદ્ધાની ભેટ કરી કોઇ દૈવી સંકેતથી જ મને સમજાયું કે બધું બરોબર થશે. ધીરેધીરે સામાન કઢાવી બે દિવસે નજીકના નવા મકાનમાં ફેરવ્યો ત્યારે જણાયું કે પચાસેક રૂપિયાના રીપેરખર્ચ કરતાં વધુ નુકસાન મને થયું નહોતું. ઈશ્વરને અમારૂં કામ નભાવી રાખવું છે એવું તેમાં મને સૂચન લાગ્યું.

■**આ** જ અરસામાં નવજીવન પ્રેસની આંતરિક વ્યવસ્થામાં ફેરફારો થવાને લીધે સ્વામી આનંદે અમને નોટીસ આપી કે ત્રણ માસ પછી 'કુમાર'નું પહેલું વર્ષ પૂરૂં થયે તેઓ 'કુમાર' છાપવાનું બંધ કરશે. એક મુશ્કેલીમાંથી નીકળ્યા હતા ત્યાં આ બીજી ઊભી થવાથી ખૂબ મૂંઝવણ થઇ અને સ્વામી આનંદને વિજ્ઞપ્તિ કરી, તે પરથી તેમણે નોટીસની મુદત લંબાવી. પણ બીજું કોઇ પ્રેસ 'કુમાર'ની અટપટી છપાઇ અને વિવિધતા સાથે તેને છાપી આપવા તૈયાર નહોતું થતું. 'કુમાર'નું બીજું



'કુમાર'ના શ્રીગણેશ

'કુમાર'ના પૂઠાના ડિઝાઈનનો સ્કેચ પહેલવહેલો તા. ૨૩-૨-**૨૩**ની રાત્રે બાર વાગ્યે ગોઠવીને નક્કી કર્યો તે (ડાબી બાજુએ); અને તે પરથી પાકું કરેલું ડિઝાઈન.

વર્ષ શરૂ થયું અને સ્વાગી તરફથી બીજી વખતની સખત તાકીદ મળી. તે સાથે તેમણે એમ પણ જણાવ્યું કે 'કુમાર'નાં ચિત્રો છાપનારૂં તેમનું યંત્ર પણ વેચી નાખવાનું છે, એટલે અમારે મને કમને છાપખાનું ઊભું કરવાનો જ નિર્ણય કરી લેવો પડ્યો. આખરે ૧૯૨૫ના જૂનમાં અમે હાલની કુમાર કાર્યાલયની જગ્યા મેળવી. એ મકાન સ્વ. ભાઇશંકર નાનાભાઇની મિલ્કતના ટ્રસ્ટીઓના હાથમાં છે, અને તેમના પ્રતિનિધિ તરીકે શ્રીયુત મણિલાલ છબારામ ભટ્ટે આજ સુધી અમને એ મકાનમાં જે અનેક સગવડો આપી આભારી કર્યા છે તેથી કેટલી યે નીરાંત અમને મળી છે. છાપખાનાની યંત્રસામગ્રી ગોઠવવામાં પણ અમને એન્જીનીઅરિંગ અને વિજળીક કામના જ્ઞાતા મિત્રોએ દૈવપ્રેરિત સહાય આપી છે એમ લાગ્યું છે. આ રીતે 'કુમાર'ને પોતાનું છાપખાનું મળ્યું એ એક રીતે જેમ આશીર્વાદ સમાન થયું, તેમ સાથે નાના છાપખાનાની જંજાળો પણ ખૂબ જ રહી. પહેલાં મોટા યંત્રથી 'કુમાર' છાપવાને દસેક હજાર રૂપિયાનો અડસટ્ટો આંકી એટલી રકમ મેળવવા મેં મુંબઇમાં એક માસ વીતાવ્યો, પણ વેપારી રીતે વ્યાજ આપતાં યે મિત્રો પાસેથી એટલી રકમ મેળવવામાં હું નિષ્ફળ ગયો. આમ થવાનું કારણ તેઓની આ કામમાં અશ્રદ્ધા જ હતું. તરંગી માણસોનાં સાહસ ખુવારીને રસ્તે જ ઉતારે છે એવી આપણે ત્યાં સાધારણ માન્યતા બંધાઈ ગઈ છે. અંતે જે નાનું યંત્ર વસાવી 'કુમાર'નું કામ આજ સુધી ચાલુ રાખ્યું છે તેમાં નાણાં વિષયક પૂરી મદદ મને મારા પિતાશ્રી મહાશંકર છ. રાવળે કરી ન હોત તો મારૂં કામ કેટલું આગળ ચાલત તે પણ શંકા જ છે. તોપણ ગમેતેમ કરી, નાના યંત્રથી બબ્બે પાનાં છાપી, અમે આજ સુધી અમારી ઈચ્છા પ્રમાણેના રૂપરંગમાં 'કુમાર' પ્રકટ કરી શક્યા એટલો જ સંતોષ લઉં છું. યંત્રોની ગતિ ને કદ વધાર્યા વિના 'કુમાર'ની નિયમિતતા સાચવવાનો બીજો કોઇ ઇલાજ નથી, એટલે લાચારીએ એ ને એ ઢબે 'કુમાર'નું કામ હજુ પણ ચાલુ રાખવું પડશે.

■કુમાર કાર્યાલયનાં અનેક જવાબદારીભરેલાં કામો, પ્રસંગો ને મુલાકાતો તેમજ પત્રવ્યવહારથી હું સતત ગૂંચવાઇ રહેલો હોવાથી કુમારસૃષ્ટિમાં વિહરવાની તકો મને ઓછી મળતી રહે છે. આઠ વર્ષ પહેલાં હું આપણા કુમારજીવનનો જેટલો સ્પર્શ અનુભવતો હતો એટલો આજે નથી અનુભવતો, ને એટલી મને મારી વિચારસૃષ્ટિમાં ઊણપ લાગે છે. કુમાર કાર્યાલયનું તંત્ર વધારે સાધનસંપન્ન ને શક્તિસંપન્ન થાય તો દેશના કુમારોના અખાડા ને મંડળોમાં જાતે જઇ વાતો, ચર્ચા ને સક્રિય સહવાસથી કુમારજીવનમાં નવી નવી કારકિર્દીઓ જગાવવાની મારી જે અભિલાષાઓ છે તે આજ તો ભવિષ્યના અંદાજપત્રમાં મૂકું છું. દેશમાં કુમાર કાર્યાલયનો સજીવ સંબંધ વ્યાપક કરવા કાર્યાલય તરફથી ભાષણો, પ્રયોગો, જલસા ને રમતના વર્ગોની વ્યવસ્થા કરવાના હમણાં તો મનસૂબા જ કરી રાખ્યા છે; સ્વાશ્રય ભવનો કેમ ચલાવવાં તેના પદાર્થપાઠોના ક્રમ યોજી રાખ્યા છે; ને એ બધાની હૂંડી ઇશ્વર સામે મૂકી દઉં છું. 'કુમાર' માસિક તથા 'કુમાર'ની આવી અનેક સ્વપ્નસૃષ્ટિને સજીવ, સમૃદ્ધ ને સફળ બનાવવા જરૂર પડે તો ભલે તે દેશની સંસ્થા બની રહે. યોગ્ય રૂપમાં તેવી તૈયારી થશે તે દિવસે હું મારા હાથમાંથી આ સંસ્થા છોડતાં ઘણો આનંદ માનીશ. હિંદી, મરાઠી ને ગુજરાતી ત્રણે ભાષામાં 'કુમાર' પ્રકટ કરવાની તક તો હું હાથવેંતમાં જોઈ રહ્યો છું. માત્ર યોગ્ય અવસર ને અદૃષ્ટ સૂચનની જ રાહ જોઇ બેઠો છું. 'કુમાર'નો આવો જ બીજો અંક નીકળવાની તક આવશે એટલા વખતમાં તો એ ભાવના સિદ્ધ થઇ ચૂકી હશે.

મિજલસ બરખાસ્ત

■'મિજલસ'ના મથાળા નીચે લખાતા આ તંત્રીલેખ આ અંક સાથે બંધ થાય છે. તંત્રી તરફથી આવી જ દૃષ્ટિએ પણ જુદી રીતે જુદાજુદા પ્રસંગે કુમારજીવનને ચર્ચતાં લખાણો તો જરૂર ચાલુ રહેશે. આશા છે કે 'કુમાર'ના વાચકો આ દરખાસ્ત સ્વીકારી લેશે.

ક્ષમાપન

'કુમાર'નો આ અંક અતીત મુદતે બહાર પડવાથી મેં વાચકોની ધીરજ પર ન છાજતું દબાણ આણ્યું તે હું સમજું છું ને 'કુમાર'ના વાચકોને સ્વજનો માની તેમનાં મર્મવચનો કે ઠપકાઓ નમ્રતાપૂર્વક સ્વીકારી લઉં છું, તે સાથે સંપૂર્ણ ક્ષમાની આશા રાખું છું. આ અંકનું કદ ધાર્યા કરતાં સવિશેષ થઇ જવાથી કેટલાંક સુંદર ચિત્રો, ફોટોગ્રાફો ને 'કુમાર'ને અર્પાએલી પ્રેમાંજલિઓ છાપવાનું મુલતવી રાખવું પડયું છે એ બધા સહાયકો અને મિત્રો મને આ બાબત માટે દરગુજર કરે એવી વિજ્ઞપ્તિ છે. ભવિષ્યમાં અનુક્રમે એમાંની સામગ્રી 'કુમાર'ના વાચન તરીકે જરૂર પીરસાશે.

કો અગોચર સ્વપ્નભોમના મનોવિહારો ને મનની અર્ધચેતના સમયની કલ્પનાઓ રેખા, રંગ અને રસમાં મૂર્તિમંત કરતી

કવિવર રવીન્દ્રનાથની ચિત્રકલા



પ્રદર્શનમાં મૂકાએલાં પોતાનાં ચિત્રો સાથે કવિવર રવીન્દ્રનાથ ઠાકુર

થોડા દિવસ પહેલાં લખનૌની આર્ટસ્કૂલમાં રવીન્દ્રનાથ ટાગોરનાં ચિત્રોનો સારો સંગ્રહ વાર્ષિક પ્રદર્શન માટે આવ્યો હતો. એ ચિત્રો જોતાં પહેલી લાગણી તો સાનંદાશ્ચર્યની થઈ; કારણકે કવિની અનન્ય પ્રતિભાની ઝાંખી આ ચિત્રોમાં પણ સ્પષ્ટ હતી. પાશ્ચાત્ય ને પૂર્વની પરંપરાથી કવિની ચિત્રપ્રથા બીલકુલ નિરાળી જ છે. એ ચિત્રોને સંજ્ઞા કે નામોપકરણની જરૂર જ લાગતી નથી, કારણકે કવિશ્રીનાં એ ચિત્રોની ઉત્પત્તિ રસભરી કલ્પનાના ઊંડાણમાં છે. એ ચિત્રોની વિવિધતા પણ અજબ છે. દરેક ચિત્રમાં કાંઈ ને કાંઇ અદ્દભુત છટા છે. પણ એ જે કેવળ બાહ્ય રૂપરંગ જોવાને આતુર હોય એમની આંખ ઠારી શકે એવી નથી. રવિબાબુનાં ચિત્રો પહેલી નજરે જોતાં તો કાંઇક ક્ષોભ ઉપજાવે એવાં છે એમ કહીએ તો ચાલે. જર્મન કવિ ગોયટે હમેશાં કહેતો કે સ્થાયી સૌંદર્ય પહેલાં તો ક્ષોભ જ ઉત્પન્ન કરે. એ પ્રમાણે રવિબાબુનાં ચિત્રો જોઈ પ્રથમ તો એક જાતની આકુળતા ઉત્પન્ન થાય છે. પછી જરા બારીકીથી જોતાં તરત જણાય છે કે કવિશ્રીનાં એ અનેરાં રંગકૌશલ્ય તથા ચિત્રામણની પાછળ એક નવી જ વિચારશૈલી રહેલી છે. લિયોનાર્ડો દા વિન્સીની 'મોના લિઝા'નું ગૂઢ હાસ્ય જેમ સ્મરણમાં રહી જાય છે, તેમ રવિબાબુનાં બેત્રણ ચિત્રો-એકેક સ્ત્રીચિત્રોના ભંગ, તેમના ચહેરાની ખિન્નતા, એમનો વિષાદ માનસસૃષ્ટિમાં સ્થાયી રૂપે રહી જાય છે. કારીગરીના અભ્યાસીઓ અથવા તો જૂના પરંપરાનો વર્ગ તો એમનાં ચિત્રો જોઇ સ્વાભાવિકરીતે મોં બગાડે છે. જે ચીજ ન સમજાય તે ઉપર સહેજે અણગમો થાય જ.


રવિબાબુનાં ચિત્રો જોઇ સાધારણ વર્ગ હમેશાં એક જ સવાલ પૂછે છે: 'આ શું છે?' એનો જવાબ સહેલો તેમજ કઠણ છે. 'એ ચિત્ર છે' એવા જવાબથી તેની પાછળ વાર્તા, કથા કે અમુક વિષયની અપેક્ષા રાખનાર વર્ગને જરા યે સંતોષ ન મળે. પરંતુ કવિતાની પેઠે ચિત્રનું પણ પ્રધાન અંગ કિસ્સાકહાણી નથી. ચિત્રના મુખ્ય ગુણ એના આલેખનમાં—એનાં રેખા, રંગ ને રસમાં છે. સ્થૂલ વિષય કે વાર્તા તો તેમાં ગૌણરૂપે રહેલાં હોય. જેમ નૃત્યમાં તાલબદ્ધ શરીરભંગ ને હાવભાવ પ્રધાનપદે હોય છે તે જ રીતે ચિત્રની ખરી સુંદરતા એના કલ્પનામિશ્રિત આલેખનમાં રહેલી છે. પણ આલેખનમાં જ્યાં પરિચિત વિષયો કે સંજ્ઞાઓનો અભાવ હોય ત્યાં દર્શકને સમજતાં મહેનત પડે છે. પાશ્ચાત્ય સંગીત આપણા અપરિચિત કાનને ઘણી વખત બહુ જ કટુ લાગે છે ને યુરોપીઅનોને આપણું સંગીત નરો શોર જ લાગે છે, એનું કારણ એ સંગીતમાં ગુણોનો અભાવ નહિ, પણ સાંભળનારની અણવિકસેલી રસેન્દ્રિય જ છે. તેવી જ રીતે રવિબાબુનાં ચિત્રોનું પણ છે.

વિખ્યાત યુરોપીય કલાકાર સેઝાન (Cesanne)નાં ચિત્રો જોતાં પણ સાધારણ મનુષ્યને અરૂચિ જ ઉત્પન્ન થશે. પણ રસાસ્વાદનમાં જો રસની માત્રા ઓછી હોય તો પછી કોઇ ઉપાય જ નથી. આપણા સાહિત્યચિંતકોનો આ મોટો ફાળો છે. ચિત્રકળાના અભ્યાસીઓ સુંદર કારીગરીથી થાકે છે ત્યારે કલ્પના

તરફ વળે છે પણ સુંદર કવિતા ને સુંદર ચિત્ર કાંઇ હમેશાં ઉત્પન્ન થતાં નથી. શ્રી ગગનેન્દ્રનાથ ઠાકુરે 'ક્યુબિસ્ટ' ઢબનાં (ઘન આકારનાં ચોસલાંવાળી આકૃતિઓનાં) સુંદર ચિત્રો સરજાવ્યાં. પણ રવિબાબુનાં ચિત્રો તો એમની નાટ્યકૃતિઓના પેઠે જુદી જ શ્રેણીનાં છે. એમાં કવિનું ઊંડું ચિંતન છે ને એક મહાન ચિત્રકારની પ્રતિભાનું આલેખન છે. સૌથી આશ્ચર્યકારક તો કવિની રંગકુશળતા છે. સિત્તેરમે વર્ષે એમણે ચિત્રકારી કરી અને તે પણ અણમોલ. પણ એમની એ કલાના રહસ્યને બરોબર પિછાનતાં હિંદી પ્રજાને હજી એકાદ દસકો લાગશે. રવિબાબુ પોતે જ પોતાનાં એ ચિત્રોનો સંગ્રહ પ્રજાને વારસારૂપે મૂકી જાય તો કેવું સારું? હિંદી ચિત્રકારોમાં રવિબાબુનું નામ જુદા જ વર્ગમાં રહેશે. **નાનાલાલ ચમનલાલ મહેતા**



લહેકા લેતી રેખાઓમાં કાલ્પનિક પક્ષીસ્વરૂપોનું આલેખન



'ગુરુ–શિષ્ય'. પોતાનાં ચિત્રોનાં નામ પણ કવિ પોતે જ પાડે છે.

કાવ્યો, નાટિકાઓ, નિબંધો, પત્રો, ગીતો, નવલિકાઓ, નવલો ઇત્યાદિ સાહિત્ય-વાટિકાની વિવિધ મંજરીઓનું રસદર્શન કરાવી, તેનાં અમીબિંદુઓનો આસ્વાદ આપનાર કવિવર રવીન્દ્રનાથ ઠાકુર પ્રત્યે માનવૃત્તિ ધારનારી સંસ્કારી અને કલાપિપાસુ જનતાની અને તેમાં યે યુવાન વર્ગની છેલ્લાં થોડા વર્ષોમાં ઉત્તરોત્તર અભિવૃદ્ધિ જ થતી ગઇ છે. ખાસ કરીને, જીર્ણ થતી જૂની વિચારદર્શનની રૂઢિબદ્ધ પદ્ધતિ અને તેના ક્લિષ્ટ આવિર્ભાવ સામે બળવો જગાવનાર અને આધુનિક યુગની નૂતન વિચારસરણીને વ્યક્ત કરવા માટે તેને અનુરૂપ કોઈ નવીન જ પદ્ધતિ માટે તલસનાર યુવાન વર્ગને તો રવિબાબુની સાહિત્યકલા વિશેષ સ્પર્શે છે. છતાં કવિશ્રીની સાહિત્યસેવાના એ પરમ પ્રશંસકો તથા અનન્ય ઉપાસકોને પણ એમનાં દોરેલાં ચિત્રો જોઇ તીવ્ર આઘાત લાગ્યો છે, એટલું જ નહિ પરંતુ કવિશ્રી પ્રત્યેના એમના આદરની ક્ષતિ થવા પામી છે. તેઓ કાં તો આલેખનમાં ઉતરેલાં કવિનાં એ અર્થગર્ભિત કલ્પનાકુસુમોને સમજી નથી શકતા, અગર તો રંગ અને રેખાનાં તેમનાં એ સ્વૈરવિહારી સર્જનોને અપનાવવાની સહૃદયતા દાખવવા નથી માગતા. ફ્રાન્સ, જર્મની, અમેરિકા, ઇંગ્લંડ, એ સર્વ સ્થળોએ તેમનાં એ ચિત્રોનાં પ્રદર્શનો ભરાયાં છે અને તે યુરોપ–અમેરિકાના સમર્થ કલાકોવિદોની હાર્દિક પ્રશંસાને પાત્ર નીવડ્યાં છે તથા કેટલાંક ચિત્ર–સંગ્રહાલયો માટે તેમાંનાં ચિત્રો ખરીદાયાં પણ છે.

સાહિત્યની કાંઇક વધુપડતી ઉપાસનાને લીધે આપણે આપણી લલિત રસરૂચિને વ્યક્ત કરવાના બીજા સાધનમાર્ગોની અવગણના કરી છે અને બીજાં શિલ્પ (ચિત્ર, મૂર્તિ, સ્થાપત્ય વગેરે કલાઓ)ની ભાષા— અરે તેના મૂળાક્ષરો પણ—ભૂલી ગયા છીએ; એટલું જ નહિ પણ દુઃખની વાત તો એ છે કે સાહિત્ય સિવાયની અન્ય સર્વ કલાના સિદ્ધાંતો પરત્વે આપણે સમજપૂર્વક–બુદ્ધિપૂર્વક ઉદાસીન વૃત્તિ કેળવી દુર્લક્ષ્ય રાખતા થઈ ગયા છીએ.

ભારતીય કલાનો પુનરૂદ્ધાર કરનાર શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર અને તેમના ગુણવાન શિષ્યમંડળના ભારતીય કલાને વિકસાવવાના, તેને જનતામાં અપનાવવાના— ભોગ્ય બનાવવાના, આજ લગભગ બે દસકાના ભગીરથ પ્રયત્ન પછી પણ તેના પ્રેરક સંદેશ બહુ જ સૂક્ષ્મ રીતે, કિંવા લક્ષ્યહીનતાથી ઝીલાયા છે, (જોકે



વલ્લલીલાથી વીંટળાએલી કોઈ માનવ આકૃતિનું જણાતું આ ચિત્ર વહેતી રેખાઓનું લલિત રચનાદર્શન રજુ કરે છે.



મૃગલું

પાશ્ચાત્ય દેશોમાં આપણી કલા ઉત્કૃષ્ટ મનાઇ છે અને હિંદમાં પણ તેનું માહાત્મ્ય વધતું જાય છે) તો પછી કવિશ્રીનાં આ અર્થગર્ભિત અને સંજ્ઞાપૂર્ણ આલેખાએલાં રૂપોને માટે તો કહેવું જ શું? પણ હવે આપણને એ મૂર્ત કલાઓના મૂળભૂત સિદ્ધાંતો શીખવાની ધામેધામે જરૂર પડી છે. પરંતુ રસદષ્ટિનું એ 'ત્રીજું' નેત્ર એમ એકાએક કાંઇ ઓછું જ ખુલી જવાનું છે કે જેથી આપણે કવિનાં એ ચિત્રો (જે અત્યારે આપણને બેહૂદાં, વિચિત્ર, અમરંગી, વિરૂપ લાગે છે તે)નો મર્મ સમજીને તેમાં રહેલા ભાવોની કદર કરી શકીએ?

આપણે કોઈ ભાષા ઉપર પ્રભુત્વ મેળવવું હોય છે તો તેની લિપિ, કોષ અને વ્યાકરણના કેટલાયે વર્ષોના સતત અભ્યાસની જરૂર પડે છે; ત્યારપછી જ એ ભાષાના સાહિત્યની ઉત્કૃષ્ટ વાનીઓનો રસાસ્વાદ સુલભ બને. આમ જ બીજી કલાઓની ભાષા સમજવાની બાબતમાં. આપણે જાણીએ છીએ કે કોઇ પણ ભાષા સમજવા માટે પ્રથમ જરૂરિયાત તો એ છે કે મનમાં કોઇ પ્રકારની શંકા ઉઠાવ્યા વિના, પૂર્વવિચારોની પ્રશ્નપરંપરાના પ્રવાહને રોકીને, નિષ્પક્ષપાતપણે, વિનમ્ર શિષ્યભાવે, પૂજાર્થે બેસી કેવળ તેનો આદેશ ઝીલવાની વૃત્તિ રાખવી જોઇએ. આપણને અણુજાણ કોઈ કલાનો રસાસ્વાદ લેવો હોય તો આપણે તેના તરફ આદરભાવથી જવું જોઇએ, તોછડી અવગણના વૃત્તિથી નહિ. સવાલજવાબ કરીને તેની પરીક્ષા લેવા નહિ, પણ તે આપે તે સંદેશ ઝીલવાની વૃત્તિથી જવું જોઇએ. એ ચિત્રો સાથે આપણે વાર્તાલાપ કરીએ તે કરતાં ચિત્રો જ આપણી સાથે વાતો કરે એ ઇષ્ટ છે.

કવિનાં ચિત્રોમાં મુખ્ય વિશિષ્ટતા એ તરી આવે છે કે કુદરતમાં જે રૂપો અસ્તિત્વ ધરાવે છે તેનું તેમાં સજ્ઞાન અનુકરણ નથી. કોઇ પણ ઘાટ કે આકારને રૂબરૂ ઉતારવાનો તેમાં મુદ્દો નથી. તેમાં પ્રાણી, પુષ્પ કે માનવશરીરની આકૃતિઓ જોડે કવચિત મેળ આવતો હશે, પરંતુ તે મેળ ઇરાદપૂર્વકની રચનાને ખાતર નહિ પણ આકસ્મિક કારણે આવેલો છે. વસ્તુતઃ તેઓ કોઇ ચોક્કસ પ્રકારનું રૂપ અગર આકૃતિ દોરવાની હેતુપુરઃસર ધારણા વિના, નચિંતપણે બેદરકારીથી પીંછીને કાગળ ઉપર ફાવે તેમ ફરવા દીધા પછી સર્જાઇ આવેલી આકસ્મિક આકૃતિઓ છે. પણ પીંછીનું કાગળ ઉપરનું એ ફરવું બહારથી ભલે હેતુશૂન્ય હોય, પણ ખરી રીતે તો કોઇ તાલબદ્ધ આકારોના ગૂઢ

[અનુસંધાન આગળ પાન ૧૫૦મે]



જડણીવારી આઇ

લારની * ભીતર, કંઠારની પેટાળમાં, નેસનાળની ભૂલભૂલામણી છે. જુવાળપાણીનાં વહેણ જૂજવે મોંએ પેટાળમાં વધતાં હોય ત્યારે જેવાતેવા ખારવાની મગદૂર નહિ કે નાળ સોંસરવાં વહાણ કાઢી શકે. એકએ નાળ તો એવી વસમી છે કે આખરનાં પાણીના ભમરિયા ચક્કરમાં સપડાય તેને માંડ હેમખેમ જવા દે. આખરના જુવાળ ચડે ત્યારે માજમ લારનાં ઘૂઘવતાં મોજાં ઊછળીઊછળી આખી પેટાળને ડુબાડી દે છે, અને નેસનાળ ને ધડા સૌ એકાકાર થઇ જાય છે. બહારથી એકસરખાં દેખાતાં પાણી નીચે અટારના ઢગ ને ચેરિયાના છાંભા છુપાઇ રહે છે અને મોસમમાં છાતીપૂર પાણી ઝીલતા ધડાઓ ભમરીના વ્હેણમાં પટ બદલતા ગમે તેવા ભોમિયાનો પણ સહેલાઇથી શિકાર કરી લે છે. આખરમાં તો, આજે ઉંડાણ ત્યાં કાલે છીછરાં પાણી, અને આજે ધડો ત્યાં કાલે અતાગ પાણી એમ થયા કરે છે. એવે વખતે નાળોની આંટીઘૂંટીમાં ક્યાં કોનું મોત તરાપ મારવા તૈયાર બેઠું હશે તે કહેવું મુશ્કેલ. અનુભવી ખારવાઓ લાંબાલાંબા વાંસથી અંધાલાકડી પેઠે માર્ગ ગોતતા કીડી વેગે વહાણ દોરતા જાય, બુરૂદ અસોસ ફગાવતા જાય અને એમ છતાં પવનપાણીના ધમસાણમાં કોઇને મોત આંબી લે તો દરિયાપીરને હાકલ દેતા છેલ્લી ઘડી સુધી મોત સામે ટક્કર ઝીલે. જેમ હિંસક પશુઓથી ઊભરાતા જંગલમાં કેટલીક બહાદુર જાતિઓ રાતદિવસ મોતના સીહા ઓળા નીચે નિર્ભય જીવન જીવે છે તેમજ આ જવાંમર્દ ખારવાઓ ચપટીમાં જીવ લઇ આ ભૂખી નાળોને ખોળે માથું મૂકતા રાતદિવસ વહાણખેડ કર્યા કરે છે. જેની ઓલાદમાં ખારવાનું સાચું ખમીર ભળ્યું હોય છે તેને બીકનો ખ્યાલ વટીક નથી હોતો.

આવી એક નાળને હાલ નકટી નાળ કહે છે. અસલ એનું નામ ગમે તે હોય, પણ દાયકાઓ થયાં ખારવાની બોલીમાં એ નકટી કહેવાય છે અને એ નકટી જ રહેવાની. મૂળ નાળોના જૂથથી જુદી પડી, નકટી જામીનને આડફાટી ઊગમણી હાલી જાય છે અને ઉપર ફરી મૂળ નાળમાં મળી જાય છે. એક કાળે નકટીમાં ભરતીને વખતે મોટાં વહાણો હંકારાતાં હતાં. અસલ જમાનાના જાણનારા જેફ ખારવાઓનું કહેવું છે કે મૂળ તો આ નાળનું નામ જ હડકી નાળ હતું, પણ આઇનો શાપ લાગવાથી એનું પાણી છીછરૂં થઇ ગયું ને આઇની આણ તોડવાથી એનું નામ નકટી નાળ પડ્યું.

આ જ નાળના નવા મૂળ પાસેથી હજી હડકિયો નેસ વહ્યો જાય છે. જે દહાડે નકટી હડકી હતી તે દહાડે એ બાજુ વહાણવટાનું ઇલાહી જોર હતું. મોટાંમોટાં સફરી વહાણો સાત સાગરનો થાક ઉતારવા અહીં લંગર નાખી પડ્યાં રહેતાં. અહીંના ખારવાઓ મોસમમાં લાંબી સફરો હાંસલ કરતા ને આખર થતાં હડકાને કાંઠે ધોસ પૂરો કરતા. ત્રણ મહિના કુટુંબકબીલા સાથે રહી વહાણને તેલચોપડ અને થીગડથાગડ કરી ફરી અષાડ ગરજ્યે સફરની તૈયારી માંડતા. ઘણા-

* આ વાર્તામાં આવતા સાગરજીવનને લગતા પારિભાષિક, તથા ખારવાઓ વગેરેની વાતચીતના બીજા ન સમજાય એવા શબ્દોના અર્થ, આવતા જાય છે તે ક્રમમાં, વાર્તાને છેડે આપ્યા છે.

ભાવ, ભાષા ને વણાટ બધી રીતે સંપૂર્ણ એવી ગુજરાતીમાં વિરલ સમુદ્રકથાઓના અનન્ય આલેખક શ્રી 'સુકાની'ની વાર્તા

જેમાં સાગરશૂરાઓનાં સાહસોને મહેરામણનાં મોજાં ભેદગહન રંગે રંગે છે.

ખરા ખારવાઓ પંડનાં વહાણ ખેડતા અને એ રીતે ધરના સુખી હતા. એમનો ધંધો એમને સાગરસાગરના હેવાયા કરી મૂકતો. સીસલ 'ને મોરીસ, આધન 'ને બસરા, લંકા 'ને જાવા એ તો એમને ઘરઆંગણાં થઇ પડ્યાં હતાં. છતાં દૂરદૂરનાં પાણીના તાગ લેતા એ ખારવાઓ ઘરને ઉંબરે પહોંચતા ત્યારે હડકીનો ભો હરવખત એમના લોખંડી સીનામાં પણ ધ્રાસકો પાડતો.

હડકીના પેટ ઉપર સદીસદીની અટારના થર ચડ્યા પડ્યા છે, અને એ થરની ઊંડીઊંડી બેવડમાં સેંકડો બહાદુર ખારવાઓનાં માળખાંઓ સડતાં પડ્યાં છે. ચૌદશ-અમાસની કાળિયારી રાતે વાવડો અને મેરામણ સામસામા હોકાટા દેતા ધમસાણ મચાવે છે ત્યારે એની ભીતર ઊંડેઊંડે જાણે ભૂતાવળ જાગી હોય એવો કળેળાટ સંભળાય છે. ગમે તેવો બહાદુર જવાન પણ એવી રાતે નકટીથી ગાઉગાઉ છેટે ફરકતો નથી. ચૌદશના જુવાળે, મધરાત પછી આજુબાજુની નાળમાં ઘોસ કરતા ખારવાઓને પૂછશો તો કસમ ખાઇને કહેશે કે ભલે વાવડો સાવ પડી ગયો હોય ને દરિયો તળાવ જેવો ખામોશ થઈ ગયો હોય, તોપણ હડકીમાંથી ગેબી અવાજો ઊઠે છે, એના પટ ઉપર સીદી ઓળાઓ તરફડતા દેખાય છે, એનાં પાણી ઉપર ખારવા વિનાનાં વહાણો તૂટે હાલ હંકારાતાં સંભળાયછે.

આવે વખતે આસપાસ ફરતાં વહાણો દરિયાપીરને પડકારતાં જાય છે અને મોરી ઉપર લોબાન ને રાળનો ધૂપ અસોસ સળગાવ્યે રાખે છે.

૨

ઈસ્વી ૧૯૨૬ની સાલ હતી. હડકીને માથે અને નકટીના મૂળથી જરા છેટે જબરદસ્ત ઇજનેરી કારખાનું ચાલતું હતું. નાળને કાંઠે લાખો રૂપિયાના ખરચે મોટો ધક્કો બંધાતો હતો. સેંકડો મજૂરોના પડાવ આમતેમ પથરાયા હતા. ફૂદીબંધ ચીના કન્ટ્રાક્ટરોનાં પાકાં છાપરાં ઊભાં હતાં. સ્કૅાચ ઇજનેરો મોટરલૅાન્ચમાં રાતદિવસ નાળમાં રોન મારતા હતા. હજારો કૅન્ડલ પાવરની કિટસન અને પેટ્રોમૅક્સ બત્તીઓમાં હડકીનો ભૂતકાળ ભૂંસાઇ ગયો લાગતો હતો. રાક્ષસી કરવતોના અને હથોડાના અવાજોમાં એ ભૂતકાળના પડઘા ચૂપ જેવા થઇ ગયા હતા. જ્યાં ખારવાઓનું ગામ હતું ત્યાં ઇજનેરો, કારકૂનો, કન્ટ્રાક્ટરો વગેરેની ઑફિસો અને રહેણાકની જોગવાઇ માટે પતરાંનાં કામચલાઉ મકાનો ખડાં થઇ ગયાં હતાં. રેલવેના એન્જિનોની ચીસોમાં વીસમી સદીનો જડવાદ પાછલી સદીના વહેમોને ડારી રહ્યો હતો, અને આ કારખાનામાં કામ કરતા સ્કૅાચમેન, ચીના, બંગાળી, મરાઠા અને વેપારી વાણિયાઓને ચોવીસે કલાકમાં મરવાની ફુરસદ પણ ન મળતી હોવાથી, આવા સામટા મારા નીચે પાછલી સદીઓ જાણે હતાશ થઇને નાબૂદ જેવી બની રહી હતી.

રાતના એકનો આસરો હતો. કામ બંધ પડયું હતું. નાળમાં ઠેરઠેર બત્તીઓ બળતી હતી. દૂર એક ક્લાન લાઇનની સ્ટીમર ઉપર થોડાક દીવા ટમટમતા હતા. ચૌદશની ભરતીનાં પાણી હજાર મુખવાળા શેષનાગ પેઠે કાંઠાને ખારી જીભે ચાટતા હોય તેવો લબલબ અવાજ ચોતરફ સંભળાતો હતો. નાળની વચ્ચે એક મોટરલૅાન્ચ ધીમેધીમે આંટા મારતી હતી. કદાચ નાળ ઉપરનાં અંધારાંમાં વહેમવેજાંથી ભરેલો ભૂતકાળ સંતાઇ બેઠો હોય તોપણ આ મોટરલૅાન્ચને તેની પરવા નો'તી એમ એના એન્જિનના છગછગાટ ઉપરથી સમજાતું હતું. અનેક નાળોનાં સાંકડાં મોંમાં પુરપાટ ધસ્યાં આવતાં મોટાં જુવાળી મોજાંઓનો અવાજ જાણે સેંકડો ડાયનેમો સાથે ફરતા હોય તેવો એકધારો ઉઠાવ કરી રહ્યો હતો તેની પણ લૅાન્ચમાં બેઠેલાઓને પરવાહ નહોતી, એમ બધાનાં મોંમાં સળગતી ચીરૂટના લ્હેકેલ્હેકે નીકળતા ધુમાડા પરથી લાગતું હતું.

લૅાન્ચમાં ચાર જણ હતા. વચમાં મોટરવ્હીલ જેવા સુકાન ઉપર ડ્રાઇવર તરીકે ઓસ્માન નાખવો બેઠો હતો. આટલા અકળ અંધારામાં પણ એની આંખો ચિત્તાની મિસાલ બધે ફરતી હતી. વાંઢાર બેઠક ઉપર સ્કૅાચ ઇજનેર મિ. અર્નેસ્ટ બેઠો હતો. એને પડખે ફ્લૅશલાઇટ પડી હતી. બાજુની બેઠકે મુખ્ય ચીનો કન્ટ્રાક્ટર આહ માંઉ થીન બેઠો હતો. મોટર પાસેના થડા પાસે માંઉ થીનનો દક્ષિણી ચિતપાવન કારભારી મિ. પાધ્યે ઊભો હતો. ભરતી ઊતરતાં ફરી કામ ક્યાં શરૂ કરવું એ વિષે સૌ વાત કરતા હતા અને કામ શરૂ થાય ત્યારે નજદીકમાં સ્ટોરનો મછવો ક્યાં લાંગરવો તે શોધવા લૅાન્ચ આડમાર્ગે નકટીના મોં પાસે ચેરિયાનાં ઝૂંડ વચ્ચે સંભાળથી વધી રહી હતી. એટલામાં અર્નેસ્ટે ફ્લૅશલાઇટ નાખી દૂર આઇના તકિયા તરફ ચીંધતાં કહ્યું:

'મિસ્ટર પાઘ્યે, પેલું ફ્લૅટ જોયું. એ તો આપણે ભૂલી જ ગયા હતા. સ્ટોરનો મોટો અસબાબ બધો એમાં રાખીએ તો આંટાફેરા બચી જાય. ફક્ત એ ફ્લૅટ રેતીમાં ખૂંચેલું છે તેને વધારે તરતું બનાવવું જોઇએ.'

પાઘ્યેએ ફ્લૅટ તરફ જોયું અને એ તરફ લૅાન્ચ હંકારવા ઓસ્માનને કહ્યું.

'ઉ ફ્લિાટ સડી ગ્યો છે સાબ; ને ઉનમેં ગામટ ને કીચડ તો ગુડાબૂડ પ્યો છે.' લૅાન્ચનો મોરો જરા પણ ફેરવ્યા વિના ઓસ્માને કહ્યું. પણ 'સા'બલોક'ની વાતમાં ઓસ્માનનો માથું મારતો સાંખી લે એવો પાઘ્યે ન હતો. 'શટ અપ યૂ!' મિ. પાઘ્યેએ કહ્યું: 'આ ખુલ્લાણુ દેખાય છે તેમાં જલદી લૅાન્ચ ફેરવ.'

'ઉ ફ્લિાટમાં મજૂરો ઇસ્ટોર લેવા કંઇયેં પણ નહિ જાય, સાબ. ઉ ફ્લિાટ ઝાંખો છે ને ઉનજી પુઠિયા આઇજો થાનક છે. ઉ ભાજુ કોઇ જાના નથી સાબ.' ફરી એટલી જ બેપરવાઇથી ઓસ્માને કહ્યું. પાઘ્યેનો મિજાજ હાથથી ગયો.

'ડૅમ યૉર થાનક!—ચલાવ દબાવ સુકાન; હોબ્બેશ ચિકાર,—શાર્પ!' પાઘ્યેએ ગરમ થઇને કહ્યું.

'ખારસો સાબ.' કહી ઓસ્માને ગીઅર બદલાવી લૅાન્ચનો મોરો ફેરવ્યો.

અંગ્રેજી શાલપામરીથી કંઇક 'મામલો' છે એમ સમજી અર્નેસ્ટે સવાલ પૂછ્યો અને નજદીક સરતા આવતા ફ્લૅટ ઉપર નજર ટેકવી પાઘ્યેએ કહ્યું:


'અહીંના લોક બધા જ સેતાન છે. અહીંથી વળી દાણચોરીના રસ્તા હશે એટલે આપણો સ્ટોર અહીં રહે અને આપણી ચોકી બેસે એ એ લોકોને ક્યાંથી ગમે? તેથી જ એ ચોટ્ટાઓ ઝાંખો 'ને આઇ 'ને થાનક વગેરે ટ્રૅશ વાતો....'

'લુક આઉટ પાઘ્યે!' અર્નેસ્ટે બૂમ પાડી. ખડક સાથે અથડાઇ હોય એમ આંચકો લઇ લૅાન્ચ ચ લુ એન્જિન થંભી ગઇ:—પછી એકદમ ઝોક લઇ ભરતી સામે છોળ ઉડાડતી બગા ફરી ગઇ અને રાંગે પગ ટેકાવી ઊભેલો પાઘ્યે બે વામ દૂર કાદવમાં જઇ પડ્યો!

'બુશનો નટ ભાંગી ગ્યો સાબ;—સુકાનનો ચક્કર મુજા હથમાં પ્યો છે ને રાડ પીંઢમારો ફિરીગ્યો છે.' લૅાન્ચનો થ્રૉટલ બંધ કરતાં ઓસ્માને બેપરવાઇથી ખબર આપ્યા અને મોંમાં ગએલો કાદવ કાઢવા થૂ થૂ કરતા મિસ્ટર પાઘ્યેને લૅાન્ચમાં લેવા એ નાખવો કમરબૂડ પાણીમાં ઊતર્યો. અર્નેસ્ટે કૉકપિટમાં જઇને જોયું તો ઓસ્માને કહેલી વાત સાચી હતી. આખું સ્ટીઅરિંગ તૂટી ગયું હતું!

'સૉરી, ઓલ્ડ ચૅપ.' હજુ થૂ થૂ કરતા પાઘ્યે તરફ ફરી અર્નેસ્ટે કહ્યું, 'હવે લૅાન્ચ અહીં જ રાત કાઢશે એ તો નક્કી. વેલ ઓસ્માન, ત્યારે આપણે કેમ કરશું?'

'ફિકર નહિ સાબ; ઇધાં નકટીમાંથી બાજુ સાબના બંગલા વટે પગરસ્તો નીકરે છ; મું વિનીને હેવલા હા થાન સાબનું મછવો ખણી આવું છું.'



પાઘ્યે કાદવમાં જઇ પડ્યો.

અને બીજીવાર ઓસ્માન કમરબૂડ પાણીમાં ઊતરી પડ્યો ને આમતેમ ફરતો ચેરિયાં પછવાડે અદૃશ્ય થયો.

'મેં કહ્યું'તું ને?—આ બદમાશોને અહીંથી પગે જતાં પણ આવડે છે.' રૂમાલનો જે ભાગ કાદવથી હજુ ન ખરડાયો હોય તે ભાગ શોધી પચ્ચીસમી વાર મોં લૂછતાં પાધ્યેએ કહ્યું. પ્રાચીન ચીનની સભ્યતાને જેબ આપે એવી અદાથી માઉ થીને પોતાનો રેશમી રૂમાલ પુરોહિત સામે ધર્યો ને એકાદ પળ થોભી અર્નેસ્ટે પોતાનો રૂમાલ પણ આપ્યો. ઓસ્માન પાછો આવે ત્યાં સુધી ત્રણે જણા ફ્લૅટ ને થાનકની વાતમાં પડ્યા.

પાધ્યે પૂનાની એન્જિનીઅરિંગ કૉલેજનો એલ. સી. ઈ. હતો. એનો પિંડ બ્રાહ્મણનો હતો, પણ એણે અલકમલકના ગોળા વટલાવ્યા હતા. એટલી તો લીલીસૂકી એણે જોઇ હતી કે ખુદ જમરાજ એની સામે આવે તો યે બ્હીએ એવો એ ન હતો. એને ઓસ્માનની વાતમાં દાણચોર ચાંચિયાઓની જ ગંધ આવતી હતી.

માઉ થીન સાનફ્રાન્સિસ્કોના યલો ટાઉનમાં જન્મ્યો હતો. ઘણાં વર્ષો પહેલાં એક અમેરિકન વહાણ ઉપર સુતાર તરીકે એ મુંબાઇ ઊતર્યો હતો અને પાછળ ઇસ્પિતાલમાં રહી ગયો હતો. જતે દહાડે લાકડાની વખાર કાઢી એ માલેતુજાર બન્યો હતો. સાનફ્રાન્સિસ્કો એ દુનિયાભરનાં વહાણવટાંનો ઉતાર લેખાય છે. ત્યાંની ચપરખંધાઇ માઉ થીનમાં હજુ ફાજલ ભરી પડી હતી, છતાં ચીનની ફિલસૂફી પણ એનામાં સાબૂત હતી. જો મજૂરો ફ્લૅટ ઉપર કામ કરવાની ના પાડે તો નાહક એ વિષે બ્હોંસ કરવામાં એને જોખમ લાગતું હતું.

અર્નેસ્ટ ગ્લાસગોનો રહેવાશી હતો. એના વડવાઓ ખારવા હતા. એના ભાઇઓ જુદીજુદી સ્ટીમરો ઉપર ઍજિનેર તરીકે ચડ્યા હતા. એ પોતે ડૉક એન્જિનીઅર હતો, છતાં એની તાસીર તમામ ખારવાની તાસીર મિસાલ હતી. ફ્લૅટમાં સ્ટોર મૂકવા વિષે એ ઇન્તેજાર ન હતો. મજૂરો બેદિલ બને એ એને ઇચ્છવાજોગ નો'તું લાગતું; અને એણે ઉમેર્યું:

'દુનિયાના વહેમો સેંકડે નવ્વાણું ખોટા જ હોય છે, છતાં સાચા વહેમ પણ હોઇ શકે છે. અને ઓસ્માન ચાંચિયાઓના કાવતરામાં શામીલ હોય એ બીલકુલ જ બનવાજોગ નથી; તેમ ખડખડ પાંચમ દેખાતા એ ફ્લૅટ ઉપર મને ખાસ મોહ પણ નથી.'

રાજચંપો



આજ મારી આંખડીએ અજંપો
કે ઊગ્યો રાજચંપો;
આજ મારી કાયાએ પાંપણપંખો
કે ખીલ્યો રાજચંપો.

આઠ આઠ પાંખડીમાં
વાસભરી હેલી;
વર્ષાકન્યાની જાણે
ઊઘડી હથેલી:

હાં રે એનો ક્યાં રે ગયો દેવમાલી
કે ઊગ્યો રાજચંપો;
હાં રે કોણ પૂરે ખાલી ફૂલડાલી
કે ખીલ્યો રાજચંપો.

અંગનાં અનંગધેન
ચાંપલિયે નીતરે;
ચંપાનો દેવજ્યોતિ
લોચનિયે ઊતરે:

આજ મારી આંખડીએ અજંપો
કે ઊગ્યો રાજચંપો;
આજ મારી કાયાએ પાંપણપંખો
કે ખીલ્યો રાજચંપો.

દેશળજી પરમાર

'નૉન્સેન્સ, મિસ્ટર અર્નેસ્ટ! હવે જો ફ્લૅટમાં સ્ટોર નહિ મૂકીએ તો આખા કારખાનામાં મને ડરપોક ગણવામાં આવશે; અને મને ડરાવવાની તો સો ઓસ્માનમાં પણ તાકાત નથી. પછી ભલે એ પોતાની સાત

પેઢીના ચાંચિયાઓનાં ભૂત ફ્લૅટ પર લઇ આવે. પેલું આઇનું થાનક તો હમ્બગ છે. ચાર ખડક ઉપર લાલ ચીંથરૂં ઉડાડીને એ લોકો શું આપણને ડરાવવા માગે છે ?' પાધ્યેએ બખાળા કાઢતાં કહ્યું.

માર્ટીનનો મછવો નેસમાં વળતો દેખાયો અને સૌએ એ વાત ત્યાં જ છોડી.

I. ૩

ફ્લૅટમાં સ્ટોર ભર્યે મહિનો આસરે થવા આવ્યો હતો.એમાં રાત્રે ચોકી ભરવા તળ કંઠારના દરેક માણસે ના પાડવાથી છેવટે એક હથિયારબંધ ગુરખાને એ કામ સોંપાયું. એ ભાંગીતૂટી હિંદી પણ માંડ જાણતો હતો, એટલે ફ્લૅટ વિષેના ગપગોળાથી એ બિનવાકેફ હતો.

ફરી વદ ચૌદશની રાત હતી. ફ્લૅટના વાંઢાર તૂતક ઉપર છાપરી નીચે બેઠોબેઠો ગુરખો ચલમ પીતો હતો. ચોપાસ સૂનકાર હતું. ભરતીનાં પાણી ચક્કર મારતાં ચેરિયાંને માથાબૂડ આંબી ગયાં હતાં. આઇની દેરી પાણીમાં ગરક થઇ ગઇ હતી. ફક્ત ગજ દોઢ ગજ જેટલી કાઠી અને ઉપર ફરફરાટી બોલાવતો ઝંડો બહાર દેખાતાં હતાં. કાઠી ઉપરનું કંદિલ એકધારૂં ઝગારા મારતું હતું. દૂર ધક્કા ઉપરનાં મકાનોમાં ક્યાંકક્યાંક બત્તીઓ દેખાતી હતી. આ શાંતિમાં ભંગ કરતો નાળને મોંએ કંઈ શોર સાંભળી ગુરખો છાપરી પૂંઠે જઇ જોવા લાગ્યો. બધું સૂમસામ પડ્યું હતું, છતાં એ શાંતિની ભીતરમાંથી કોઈ વહાણ જોખમમાં આવી પડ્યું હોય એવા અવાજો સંભળાતા હતા. જાણે ખારવાઓ રાડ દે છે, જુદાજુદા હુકમો છૂટે છે, સઢની ફરફરાટી ઊડે છે, રસ્સાનો ચીંચાટ થાય છે, લાકડકામ ચરડચરડ બોલે છે. પણ આ બધું જાણે ગુરખો કાનથી નહિ પણ મનથી સાંભળતો હોય એમ લાગ્યું. આટલા શોરમાં પણ શાંતિ તો અખંડ જ લાગતી હતી. અને ફરી જાણે વહાણ થંભી ગયું હોય તેમ શોર બંધ થઇ ગયો. ગુરખો મૂંઝાઇને કેટલી યે વાર નાળ તરફ જોઇ રહ્યો. કદાચ તબિયત બગડી હશે, કદાચ ગાંજો ખરાબ હશે, એમ મન મનાવતો એ છાપરી તરફ ફર્યો ત્યાં એની નજર ફ્લૅટના મોરા ઉપર થંભી ગઇ. મોરાના ખૂંટિયા ઉપર ઊભડક પગે એક અત્યંત જૈફ માણસ બેઠો હતો. એની પાઘડીના આંટા છૂટા થઇ લટકતા હતા. એનું બદન પાણીમાં તરબોળ લાગતું હતું. ગુરખાને પાધ્યેએ ચોરો વિષે ઇસારો કર્યો જ હતો. પહાડના રીંછ જેવો એ ટટ્ટાર થઇ ગયો.

'કૌન હય ? જલદી બોલો; નહિ તો જાનસે મારેગા!' એણે રાંગ ઉપર વધતાં પડકાર કર્યો.

પેલો બુઢ્ઢો ન ખસ્યો, ન એણે ગુરખા તરફ જોયું. એની નજર તો આઇની દેરી તરફ તાકેલી હતી. ખોળા પાથરતો હોય તેમ એના હાથ પસારેલા હતા અને એ આકારની પથ્થરની મૂર્તિ હોય એવો એ નિશ્ચેષ્ટ બેસી રહ્યો હતો. આ બાજુ કુકરી ચમકાવતો ગુરખો એના તરફ ધસ્યો આવતો હતો અને પહાડી ભાષામાં ગાળો દેતો હતો.

મોરીના તૂતક પર એ પગ મૂકે ત્યાં તો માથામાં કોઇએ જબરદસ્ત ફટકો માર્યો હોય તેમ ફ્લૅટના ફાળકામાં એ ઢળી પડ્યો. અને સવારે મજૂરોએ એને બંદરે આણ્યો ત્યારે એનું મગજ લગભગ ભ્રમિત થઇ ગયું હતું !

પાધ્યેને દાણચોરોનાં કાવતરાં વિષે કશો શક ન રહ્યો. આ બેવકૂફ પહાડીએ ગફલતીથી માર ખાઇ લીધો હતો એથી એને બહુ ગુસ્સો ચડ્યો. ફ્લૅટ ઉપરથી કંઇ માલ ચોરાયો ન હતો. પણ તેમાં



એની નજર આઇની દેરી તરફ તાકેલી હતી. ખોળા પાથરતો હોય તેમ એના હાથ પસારેલા હતા. પથ્થરની મૂર્તિ જેવો એ નિશ્ચેષ્ટ બેસી રહ્યો હતો.

પાધ્યેને કંઇ નવાઇ પામવા જેવું ન લાગ્યું. દાણચોરોને સ્ટોર નો'તો જોઇતો; એ બદમાશોને તો પોતાના પેશાનો મારગ નિર્ભય બનાવવો હતો. પાધ્યેએ ફરી બે જણની ચોકી ફ્લૅટ ઉપર મૂકી, અને ફ્લૅટ ઉપર નજર પડે એવી રીતે ધક્કા ઉપર પણ ચોકી બેસાડી.

બીજી વદ ચૌદશ પછીની સવારે બે ય ચોકીદારોની લાશ ફ્લૅટમાં પડી હતી. એના ઉપર ક્યાંય પણ ઇજાની નિશાની ન હતી. ફ્લૅટ ઉપર કોઇ પણ જાતની મારામારીનાં ચિહ્ન નો'તાં. ફક્ત બેયના ચહેરા ખેંચાઇ ગયેલા હતા અને આંખો, બ્હીકથી હોય તેમ ફરડાએલી હતી—અને મોરીના ખૂંટિયાની આસપાસ એક કાળીભમ્મર ખુડધમ સાપ પેઠે વીંટળાએલી પડી હતી!

૪

'પાધ્યે સાબ કિતાબું પિડેલ ઇન્સાન છે, સાબ; પણ જુસાં અમને ઇયાં સજી જમાર વઇ ગઇ તેનો બોલવો પણ એવા ઇન્સાને સાંભરવો જોઇએ. અસીં ઇનિશ નીંદા વા તેંસ તુણા ધરિયામાં પ્યા છિયેં ને અમ પે'લાં અસાંજા પે–ડાડા ઉજ ધરિયાનાં માછલાં હતાં. અસાંને જાનની ફિકર નથી; સબબ અલ્લાએ મિણીને મોત તો દાધો જ છ, પણ નાહક હુડબડાઈ કરીને જાનની ખુવારી કરવામાં પાધ્યે સાબ ખોટી સિહત કરે છે—પછી તો સાબને ભાસે ઈ ખરો.'

રાતના દસેક વાગ્યાનો શુમાર હતો. બંદરથી દૂર ચારેક માઇલ ઉપર અર્નેસ્ટના બંગલા બહારના ઓટલા ઉપર બે જણા બેઠા હતા. કૅનવાસની ડેકચેર ઉપર અર્નેસ્ટ પડ્યો હતો. સામે ઊભે ગુડે ઓસમાન બેઠો હતો. પાધ્યેના જક્કીપણાથી સારું પરિણામ નહિ આવે એ વાત ખુલ્લે દિલે અર્નેસ્ટને સમજાવવા માટે એ ખાસ આવ્યો હતો, અને ઉપર મુજબ એણે દાસ્તાનનો દીબાચો રજુ કરી નીચેની વાત કહી સંભળાવી.

'દોઢબે સૈકા પહેલાં નકટીની માથલી કંઢારે ખારવાઓનું વાજતુંગાજતું ગામ હતું. એ ગામની તવારીખ જ્યાં સુધી જણાએલી હતી ત્યાંસુધી લાખા માલમનું નામ મશહૂર હતું. લાખાનાં પારણાં દરિયાને ખોળે બંધાણાં હતાં. એણે દુનિયા સારીનાં બંદરે પોતાનાં ધરૂકાં વહાણોના છેડા બાંધ્યા હતા. ચીનથી રૂમ સુધીના શાહ સોદાગરો અદબાક મૂલનો અવેજ ચડાવવો હોય તો લાખા માલમનાં વહાણ બાંધતા. સફરમાં જોખમ ન હોય તો લાખો બાંધે જ નહિ, એવો એ જોખાનો રસિયો હતો. જે વહાણે લાખો માલમ સુકાન ઝાલે તે વહાણમાં સવાઇ કિસ્મત ચડે એવી એણે નામના મેળવી હતી. સાગરસાગરનાં તળિયાં એની બરૂદે નજર કર્યાં'તાં પણ કોઇવાર લાખાએ પોતાના વહાણને કજા નો'તી આવવા દીધી. અલકમલકના અવેજથી લાદીલાદી એણે અગણિત સફરો ખેડી હતી, પરંતુ કોઇ વાર પણ રજ ભાર માલ એણે વામ્યો નો'તો. દરિયાએ અનેકવાર એને તોફાનમાં ઘેર્યો હતો, હબસી, સુલુ અને જુઆસમી ચાંચિયાઓએ કેટલીયે વાર એનો પીછો લીધો હતો, પણ દર વખતે લાખાને કિસ્મતે યારી આપી હતી. ફક્ત સૂતાનાં નસકોરાં ભર પવન હોય તોપણ સઢ ભરી લે એવો હળવે હાથે એ સુકાન ઝાલતો અને દસદસ જણા ચોમેરથી એને ઘેરી લે તો દસેને પૂરો પડે એવા હાથે એ જરૂર પડ્યે તલવાર પણ ઝાલી શકતો. મહાસાગરનાં પાણી જ્યાંજ્યાં વહાણખેડૂની વાતો લઇ જતાં ત્યાંત્યાં લાખા માલમના નામે સૌ ખારવા આફ્રીન પોકારતા.

લાખો બડભાગી હતો, છતાં એક વાતનું એને સદા અરમાન રહેતું. કારણ લાખો વાંઝિયો હતો. ઉમર સિત્તેર વટાવી ગઇ હતી, છતાં હજી એનામાં જુવાનીનું જોમ હતું. ભર દોડમાં વહાણ થંભી જાય એવી એની રાડ હતી. છિકિયારા વાવડાને પુઠોનરો રાખી ધામણ ફક્ત કાંડે બેવડાવી સઢ તંગ કરે એટલું એના હાથમાં બળ હતું. બીજા માલમની જોડે વખત જતે જુવાનજોધ દીકરા પોતરા ઊભા હોય અને પોતે કોક દિ' દરિયાના શમનાં મોજાં પેઠે નાબૂદ થઇ જશે એ ખ્યાલે લાખો કોઇ વાર હતાશ થઇ જતો. છેવટે એણે પોતાના ભાણેજને દત્તક લેવાનો મનસૂબો કર્યો.

લાખાની બેન રૂડીને ત્રણ દીકરા થયા હતા. તેમાંનો પહેલો તો સોળ વર્ષની ઉમરે દરિયાને ખોળે જઇ સૂતો. બીજાએ બાપ ભેગી અનેક સફરો કરી પોતાના ધંધામાં એવી તો નામના મેળવી કે પાસેના ગામના એક શેઠિયાએ પોતાની રૂપાળી ફતેમાર ઉપર એને નાખવો બનાવ્યો. પણ રૂડીનાં નસીબમાં જ એવું તે ફતેમાર પહેલી જ સફરે તલઇ મનારની ખાડીમાં બધા સોત લાસ ગઇ. આ ઘા રૂઝાય તે પહેલાં રૂડીના વરના બગલાને મામરા પાસે જુઆસમી ચાંચિયાઓએ લૂંટ્યું અને ધણીનું નિમકહલાલ કરતો એ બહાદુર



લાખો બોલતો ગયો તેગતેગ રૂડીનો જીવ ઊડવા માંડ્યો.

ખારવો ખપી ગયો. જેણે પોતાના બબ્બે દીકરા અને ખાવિંદને ભરખી લીધા'તા એ દરિયાનું નામ પણ હવે રૂડીને સાંભળવું અકારૂં થઇ પડ્યું હતું. રૂડી પોતે ખારવાની ઓલાદ હતી અને ખારવાની ધણિયાણી હતી. એની કૂખે તો ખારવા જ પાકે. છતાં પોતાના ત્રીજા દીકરાને વહાણે ન ચડાવવો એવો એણે નિશ્ચય કર્યો હતો. ભાણો બાળક હતો ત્યાંસુધી લાખો હા ના ન કરતો, પણ હવે ભાણો સોળ આસરે થવા આવ્યો હતો. આ ઉમરે તો ખારવણને ધાવેલો જણ-બચ્ચો પરમાણ ઠેકાવતો ને સઢ છોડતોબાંધતો થઇ ગયો હોય છે. ભાણાને હોંશ તો ઘણી યે હતી, પણ મા એને નજરથી આઘો ખસવા જ નો'તી દેતી, એટલે એ લાચાર હતો. છેવટે મામાએ એક દિ' વાત કાઢી.

'તારો ગીગો ઇ મારૂં જ છૈયું કે'વાય રૂડી; ઇ બેઠે મારાં ખોયડાં નધણિયાતાં કે'વાય નહિ હો. મુને હણે કેટલાં શિરામણ ખાવાં સે? મેરામણની મે'રથી ઘરખોયડાં સે, બે વહાણ સે, અડે મુજે ખપ લાગે એટલો માલ સે. મને ભાણો દે. ઇને મારા બખ્તાવર સુકાને બેસાડતો જાઉં તો મુને જીવ ટાઢો રે'સે. મારાં ખોયડાં ઘણી સોતાં થાસે. મું જતાં મારાં વહાણ પાઘડીબંધાં કે'વાસે. મેરામણલાલનો હુકમ તો લાખાનું નામ એનો ભાણો ઉજાળસે.'

લાખો બોલતો ગયો તેમતેમ રૂડીનો જીવ ઊડવા માંડ્યો. એની આંખો પાણીથી ભરાઈ ગઈ. રાંકનું રતન લૂંટવા કોઈ વેરી આવ્યો હોય એમ એને ફાળ પડી. એનાં બધાં હેવાતનનો કારમો દાટ વાળનાર દરિયો જાણે ભાઇને મોંએ ભોગ માગતો હોય તેમ એનું હૈયું ફફડવા માંડ્યું.

પણ લાખો એમ કાલાવાલાથી કે રડતી આંખોથી પોતાની મકસદ જતી કરે એવો નહોતો. એણે રોજ સફરની તૈયારી કરવા માંડી. રોજ છાનાં-માનાં ભાણાને વહાણ ઉપર તેડી જઇ એને હેવાયો બનાવવા માંડ્યો. લાખાના ખારવાઓ લાખાનાં ચૂંટેલાં નંગ હતા. દરિયાના એવા તો મિસ્કીન હતા કે આખર-માં ખોયડાં નીચે સૂવું પડે તંઇયે બિમાર બની જતા. લાખાના મનની મુરાદની બધાને ખબર પડી કે તુરત જ એ બર લાવવા સૌએ કમર કસી. મુસો તંડેલ, ધનો, રાઘો, ઇભરામ, ભવાન અને લઘો હજસી બધા ભાણાને રાતદિવસ દરિયાનો મિસ્કીન બનાવવા એના કાનમાં દરિયાની જ વાતો રેડવા લાગ્યા. દરિયાની કરામતો, દરિયાની તાકાત, દરિયાની મહેર એ વિષે દરેકના મોંમાં તરેહતરેહનાં દાસ્તાન સાંભળતાં ભાણાનું ખમીર ઊકળી ઊઠ્યું. અને એણે પોતે જ નિદાન એક સફર મામા ભેગા ચડવાની હઠ લીધી. રૂડી બિચારી રડે, ધમકાવે, આજીજી કરે ત્યારે વળી જરા પીગળે, પણ ફરી પેલાઓની જીભના સઢ છૂટે કે મનમાં ગાંઠ વાળે.

છેવટે વહાણ ઊપડવાનો દિ' આવી પહોંચ્યો. સ-વારના પહોરમાં લાખો બેનને મળવા ગયો. ભાણાને તો એની માએ ચાર દિ' થયાં નજરકેદ રાખ્યો હતો. લાખાએ ભાણાને મહેણાંટોણાં કરીને કાંઠે આવવાની

કબૂલાત લઇ લીધી અને લાખો પાછું જોયા વગર હાલી નીકળ્યો. બપોર પછી દરિયાલાલની પૂજા થઇ, ગામમાં ગોળધાણા વહેંચાણા અને ભરતી ઉપર આલર લાગતાં લાખાએ પગો છોડ્યો. આખું ગામ કાંઠે આવ્યું હતું. રૂડી પાસે ભાણો ઊભો હતો. એની નજર તો નાળના મોં તરફ સરતા વહાણ ઉપર ચોંટી ગઇ હતી. એને જાણે જિંદગીનો લહાવો સરી જતો હોય એમ લાગતું હતું. લાખાની ચકોર આંખો દૂરથી પણ આ બધું જોઇ શકી. એણે જતાંજતાં છેલ્લું મેણું માર્યું:

'એ હણે તો મારો વા'લો હુકમ કરસે તંઇયે મલસું, ભાણા! તું વાંસે ખોયડાં જોતો રે'જે બાપ, ને જંગબાર જાસું તો મલુક સૂંઢાળાનાં દાંત આણુસાં. તને રૂડાં બલૈયાં થાસે ભાણા!'

મામાના બોલ ભાણાને હૈયા સોંસરવા જવા લાગ્યા. એની જુવાનીથી સહન ન થયું—અને કેડિયાં સોતો નાળમાં ઠેકી પડ્યો. પાણીમાં તરતો છેડો ધરાવતો કઠોડો ઠેકી મામાને પડખે જઇ ઊભો. ખારવાઓએ 'રંગ રે જવાન!'ના શોરથી નાળ ગજાવી મૂકી અને રૂડીની ધીમી ચીસ એ શોરમાં ડૂબી ગઈ.

૫

બાર મહિના થઇ ગયા, પણ લાખો સફર વાળી નો'તો આવ્યો. દીકરાને રાતદિ' ઝંખતી રૂડી તો હાડચામનું માળખું બની ગઇ હતી. સફરી વહાણો બહુબહુ તો આઠ મહિને ઘેર આવતાં. પણ લાખાને વરસ બે વરસ કાઢવાની ટેવ હતી. બીજું વર્ષ શરૂ થયું અને નાનામોટા જુવાળ એક પછી એક આવતા ગયા ને રૂડી ગણતીગણતી બેસી રહી. આમ બીજા બાર મહિનાં વીતી ગયા. એના પછી નીકળેલાં વહાણો બબ્બે ફેરા પૂરાં કરી આવ્યાં હતાં. પણ લાખાના તો ઊડતા વાવડ જ કોઈ વાર આવતા. અને એ ખબર ખૂબ જૂના હોવા છતાં પણ રૂડીને જીવ ટકાવવા પૂરતા નીવડતા. ભરતીઓટ ને ઓટભરતી ગણતાં ફરી બીજું વર્ષ નીકળી ગયું. હવે તો લાખાના ખબર કોકવાર આવતા, પણ એનો ખરો પત્તો કોઇને ન હતો. કોઇએ સીસલમાં સાંભળ્યું હતું કે લાખો જેડામાં હાજી ઉતારતો'તો; કોઇએ બસરામાં સાંભળ્યું હતું કે લાખો મુંબાસામાં સીસમ ભરતો હતો. દરબારી બનેલો રાવરો ખરીતો લઇ લંડન બંદરે જઈ આવ્યો'તો તે કહેતો'તો કે વળતી સફરે એને વાવડ મળ્યા હતા કે મધલા મોરામણમાં યહૂદીઓનો અવેજ ભરી લાખો જતો'તો ત્યાં બાબરિયા ચાંચિયાઓ સાથે ધીંગાણું કરી લાખો સલામત પાવઠીએ સટકી ગયો'તો. અને આવા ખબર મેળવવા પણ રૂડી કંઠારના બંદરે બંદરે રખડતી હતી. આમ રખડતાંરખડતાં પાંચમા વર્ષની આખર આવી પહોંચી. રૂડીને હવે આશા ન રહી. એણે અન્નજળ તજી દીધાં ને ભોંય પર પડીપડી ઘડીકમાં લાખાને કદૂવા દેવા તો ઘડીકમાં દરિયાલાલને આર્જુ કરવા લાગી. ગામલોકને હવે એના જીવવા વિષે આશા ન રહી.

વદ તેરસની સાંજ હતી. લારની ઊગમણી ધારે જ્યાં મોસમી પાણી ધડા કુદાવતાં અખાતમાં ધસે છે ત્યાં એક વહાણ ખાડીમાં દાખલ થવા તનતોડ મથામણ કરી રહ્યું હતું. એના સઢમાં થીગડાઓનો પાર ન હતો. એનાં પરમાણ, ફવા, નીર, બધાંમાં

કલ્પકો

આપણે કલ્પકો છીએ. પણ પ્રથમ આપણે કલ્પકો જ થવું પડે. જગતનો ઇતિહાસ કહે છે કે વાસ્તવિકપણે કલ્પકોએ જ જગતને અનેક સમૃદ્ધિ બક્ષી છે; તેઓએ પોતાનાં સ્વપ્નોને સક્રિય કર્યાં અને આજની સંસ્કૃતિ આપણી સામે ખડી થઇ.

માણસે બળ વાપર્યું તે પહેલાં તેની કલ્પના કરી. દરેક ધર્મ જીવન્ત થયો તે પહેલાં તે કલ્પકના હૃદયમાં ઊગ્યો. દરેક શોધ પ્રગટ થઈ તે પહેલાં તે શોધકના સ્વપ્નતરંગમાં ઉછળી. આજે જે વસ્તુઓ છે તે જ્યારે ન હતી ત્યારે માણસોએ તેની કલ્પના કરી. ગઇ કાલે તે ન હતી, ને આજે તે છે એ પણ મનુષ્યની પ્રખર કલ્પનાનું ફળ.

દુનિયામાં વ્યવહારકુશળ ઘણા થયા છે. તેઓએ વ્યવહારને સાચવ્યો છે ને શોભાવ્યો છે. પરંતુ દુનિયાને જેણે સુખી અને જીવવા જેવી બનાવી છે તેઓ તો કલ્પક હતા. તેઓ આદર્શજીવી–તરંગી–ખ્યાલી હતા.

છતાં તેઓ દ્રષ્ટા હતા. તેઓએ સૂક્ષ્મતમ, દુરસ્થ તત્ત્વને જોયું. અંતરની આંખે ને કલ્પનાની પાંખે જોયું ને તેને જીવનના ભોગે પણ જગત સમક્ષ મૂર્તિમંત કર્યું. તેઓની તાસીર જ એવી છે: તેઓ જે ભાળે છે તેની પાછળ પાગલ બને છે, ને તેને હાંસલ કરે છે ત્યારે જ વિરમે છે.

જગત આવા કલ્પકોથી પ્રગતિમાન છે અને રહેશે. —ગિજુભાઇ

રસ્સાથી સંધાણ કરેલાં દેખાતાં હતાં. સુકાન ઉપર લાખો બેઠો હતો. એને અને એના સાથીઓને છાતી-પૂર દાઢીઓ લહેરતી હતી. કૂવા પાસે તંડેલને પડખે ભાણો ઊભો હતો. દુનિયાભરનાં ખારાં પાણીની છાલકો ઝીલી એનો ચહેરો પાક્કો બની ગયો હતો. એને પણ કાળી મોટી દાઢી ઊગી ગઇ હતી. ઘરના પાણીથી ભીંજાતાં સૌને હોંશ આવી હતી; પરંતુ બપોરથી સાંજ પડી, પણ જીવતોડ મહેનત કરવા છતાં અખાતમાં પેસ-વાની સોડી નાળને બગલો સર નો'તો કરી શકતો. હેરિયાં કરીકરીને ખારવાઓના સાંધા જાણે તૂટુંતૂટું થઇ રહ્યા હતા. ફરીફરી નવેસરથી મથામણ કરી નાળ સો'તો મોરો આવે ત્યાં આખરનાં મોજાં ને વા-વડો બધું મિટ્ટીમાં મેળવી દે અને વળી રાહ છોડીને બગલો ભાગે. પસીનાને ઠેકાણે જાણે હવે લોહી નીકળશે એવાં સૌનાં બદન તૂટી રહ્યાં હતાં. ફરી હેરિયું ઉપાડવા લાખાએ હુકમ કર્યો.

'લાખા અજ પિરોટણજો જુસાં હુકમ નથી લાગતો.' મુસાએ ભીના બાવડાએ કપાળ લૂછતાં કહ્યું.

'પિરોટણ પૂજવા ત દે: પછી વરી તુને હુકમ લેવા મુકલસાં, મુસા!' લાખાએ જવાબમાં મજાક કરી. લાખાના સાથીઓને એમાં નવાઇ ન લાગી.

'વાવડો પડવા મંડ્યો છે. ઉજો આલર જામે ઇ પેલાં સમો પડે ત તો પિરોટણ પૂજસું લાખા. ન કાં ઝટ બેટ ભેરા થવામાં માલ છે.' લધા હબસીએ કહ્યું.

'એ હવે માજમ સફરૂં કરી જુસાં ઘરને ઉંબરેથી પાછા નહિ વરિયે, લધા. પિરોટણ હુકમ નહિ દે તો તું ને મુસો બેય રૂબરૂ થઇ આવજો બચ્ચા!' લાખાએ બેપરવાહીથી કહ્યું.

'છોરી વારીએ ઘાઘરો ફુરો ગુમાઇએ તો,—જલાય સાર!' બિલકુલ વાંક વગર રાઘાને ધમકાવતાં તંડેલે રાડ દીધી. લાખાની સિદ્દતથી મુસો જરા કચવાયો હતો; પણ તેનો ખાર એ બીજા ઉપર કાઢતો હતો.

'હેવલ્લા જવાન!' લાખાએ ઊભા થઇ પગથી સુકાન દબાવતાં પડકાર કર્યો. 'ભાણ ડૂબે વાવડો જરૂર ફરશે ને જુવાળ સોતા જો હડફી સર ન થાય તો લાખો સુકાન છડે બચ્ચા!'

ટૂંકી લગામે રવાળ ચક્કર મારતા ઘોડા પેઠે બતેલો ઘૂમવા મંડ્યો, અને લાખાના સુકાનને ધક્કે મોરો ઝોક ખાતો ડોલવા લાગ્યો. થોડીવારે જાણે લાખાની કુનેહથી આફ્રીન બન્યો હોય તેમ વાવડો સદ ફુલાવતો પાછોતરી છિકિયો દેવા લાગ્યો.

'છભાસ ધનિયા! હભાવ હવે! સાંભર્યાં વાલાને! રંગ દરિયાલાલ! આલર ઝૂક્યાં છે બચ્ચા, પણ વાવડો તોફો છે. હવે મેરામણની મરજી તો ભાણ ઊગે એનના રોટલા ખાસાં. છભાસ રાઘા! સાર ઘટાય હજી.' લાખો બોલતો ગયો તેમ ખારવાઓ અદ્ધર ઊડતા હોય તેમ હુકમ બજાવતા ગયા. ગાંડા સાંઢની પેઠે અગલારી કરી આલર મોજાંને હૂલ મારતો બગલો સોડી નાળમાં પેઠો અને ખારવાઓ એટલા ખુશ થઇ ગયા કે આખો દહાડો બગલાએ જીક્કર કરાવી તે ભૂલી જઇ એને હુલાવતા શાબાશી દેવા લાગ્યા. સવાર તુણા બધા ભૂખ્યા હતા એટલે ભાણો રોટલા કરવા બેઠો, મુસાને સુકાન આપી લાખો હોકા પાસે બેસી ચિલમ પીવા લાગ્યો, ને સદ આસાન કરી બધા ઘરખોયડાંની વાતો કરવા લાગ્યા.

'હેમખેમ ઘરે પુજીએ ત હું ત ધરિયાપીર વટાં સતવાર ગીસી કરીસ.'

'હિન સફર જેડી જુસાં અફલાતુન સફર મું સજી જમારમેં નાંય કઇ.' મુસાએ સુકાન રાઘાને સોંપી ચિલમનો ગોટ લેતાં કહ્યું.

'મુને તો સુરૂમાંજ લાખાની બેનની કદૂવા લાગી'તી. ભેંસા તિડો જુરી પ્યો.' ઇભરામે રાંગ ઉપરથી કહ્યું.

'તુજો તિડો તો તુજા પાપે જુરી પ્યો.' મુસાએ કહ્યું, 'જુસાં છડુ છડુ કીધો તો ય ધામણ છડે જ નહિ. મુલાંવારો જાણે નાડચો જલ્યો તી જુસાં સદ ભેરો લફે, પણ રસો ન છડે ઉ તો નાખવો ચુવાજે કે હગાજી ઓલાદનો ખચ્ચર ચુવાજે?'

'ઇત ધનો મિટ્ટિના સુલેમાનવારીયેં ઉભ્યો પ્યો'તો નકાં મુને તિડો ખલાય ન જુરત વરી—જુસાં આ તો તંડેલ છે કે ગૈયાર કોટવાર છે? જુકો ઇન્સાફ કરતાં જ નથી શીખ્યો.'

ઉપર આકાશમાં તારાઓ ચમકતા હતા. આસ-પાસ ઘોર અંધારૂં હતું. દૂરદૂર પીરોટણની બત્તી દેખાતી હતી. સામેથી અંધારામાં એક વહાણ વટાતું હતું. જરાક પાસે સરતાં અરસપરસની ઓળખાણ પડી ને અંધારામાં હાકલ સંભળાણી.


[અનુસંધાન આગળ પાન ૧૫૦મે]



કુણાલ

ચિત્રકાર • નંદલાલ બોઝ

અપર માતા તિષ્યરક્ષાના કોપનો ભોગ બનતાં પોતાની આંખો ગુમાવી પતિભક્ત પત્ની કાંચનદેવી સાથે પરિભ્રમણ કરતો, મહારાજા અશોકનો પુત્ર કુણાલ આજ રાતની વેળા પાટલીપુત્રની હસ્તીશાળાને આશ્રયે ઊભો છે. એના નેત્રવિહીન વદન ઉપર કંઇક ઈ ભાવો ઘેરાતા છતાં અસાધારણ સંયમથી તેના સંતાપો શમાવી તે કરુણ શાંતિ ધરતો દેખાય છે. દીપમાળોથી ઝળહળી રહેલી પોતાની જ નગરીમાં તેની આ દશા! ચિત્રકારે એ પ્રસંગનું પ્રાયશ્ચિત્ત કરાવવા જ જગતના માનવોને આ ચિત્ર આપ્યું લાગે છે!





શ્રી દેશળજી પરમાર (ફોટો - બલવન્ત ભટ્ટ) **શ્રી 'ધૂમકેતુ'-ગૌરીશંકર જોશી** (ફોટો - 'કુમાર')

પ્રાકટ્યના પ્રકાશ જોયા પહેલાં ભાવનાગર્ભમાં 'કુમાર' હતું ત્યારથી તેના જીવનકાર્યમાં તન અને મનથી સહૃદય સાથ આપનારા ત્રણ અંતરંગ મિત્રો તે શ્રી દેશળજી પરમાર, ગૌરીશંકર જોશી અને રવિશંકર પંડિત. શ્રી પરમારે કવિતાક્ષેત્રમાં ને શ્રી 'ધૂમકેતુ'એ નવલિકાલેખનમાં દાખવેલી શક્તિને લીધે કેવળ 'કુમાર'ના જ નહિ પરંતુ આધુનિક ગુજરાતી સાહિત્યના હરકોઇ વાચક તેમનાથી પરિચિત છે. નવીનોમાં અગ્રણી જેવા એ બંનેએ પોતપોતાના ક્ષેત્રમાં યશોજ્જ્વલ કાર્ય કર્યું છે.

અનન્તયૌવના મહત્ત્વાકાંક્ષાને પડછે પડછે પથરાતા આવતા ત્રિકાલવ્યાપી

ચિરંતન પડછાયા



¶૧

[ઉજ્જયિની નગરીના અગ્રભાગે આવેલું એક વિશાળ વ્યાયામમંદિર. મંદિરને ફરતો મજબૂત કિલ્લો છે: વચ્ચે વર્તુલાકારમાં જમીન ખોદી અંદર સુંવાળી રેતી પાથરી છે. એમાં કેટલાક જુવાનો કુસ્તી શીખે છે. સામે દસેક જણ ધનુષ્ય પકડી નિશાન તાકવાનું શીખતા હોય તેમ લાગે છે. કોઈ ગગદગ ફેરવે છે, કેટલાક દંડબેઠક ખેંચે છે. આખો અખાડો નાનામોટા અવાજોથી ગાજી રહ્યો છે.

સૌથી આગળ તરી આવે એવા બે જુવાનો—કૃપાલચક્ષુ ને હિરણ્યભદ્ર—સામસામા સાંગ ઉછાળતા દેખાય છે. બંનેનું વય બાવીસ–ત્રેવીસ વર્ષથી વધારે નથી. તેમનાં કચ્છ મારેલાં, મનુષ્યત્વની મૂર્તિ જેવાં ઉઘાડાં શરીર આકર્ષક દેખાય છે.

જમણી બાજુ મંદિરના મુખદ્વાર પર સફેદ કિનારી મૂકેલો રાતો શક્તિધ્વજ ફરકે છે. ધ્વજની બંને બાજુ હનુમાન ને હંસવાહિનીનાં પ્રમાણશુદ્ધ સુંદર ગૂંથણ-ચિત્રો છે. સૂરજનાં કિરણોથી રંગાઇ એ અત્યારે ખૂબ ભવ્ય લાગે છે. સાંગ પકડીને ઊભેલા કૃપાલચક્ષુની દૃષ્ટિ ફરકતા ધ્વજને અત્યંત જિજ્ઞાસાથી જોઇ રહી છે.]

કૃ: (ધ્વજ સામેથી દૃષ્ટિ ખસેડી) મારું લક્ષ્ય ચૂકવી તેં ઠીક સપાટો લગાવી દીધો. (સાંગને મજબૂત પકડી) હિરણ્ય, હવે મારો વારો આવ્યો: તૈયાર રહેજે.

[હિરણ્ય ખડખડ હસે છે.]

હસે છે શું? જો, સાંગને ઉછાળું છું.

[કૃપાલચક્ષુ સાંગને ઉછાળી હિરણ્ય તરફ બળપૂર્વક ફેંકે છે હિરણ્ય પણ સસ્મિત પોતાની સાંગ ફંગોળે છે. બંને સાંગ 'કડાક' કરતી એકમેક સાથે અથડાઈ દૂર ઊડી પડે છે. હિરણ્યને ખૂબ હસવું આવે છે.]

કૃ: (ફરી સાંગ ઊંચકતો) હિરણ્ય! હિરણ્ય! હસવું હોય તેટલું હસી લે; પણ તું આજે જીતવાનો નથી.

હિ: (તૈયારી કરતો) આનર્તના જુવાનો વાતો કરવામાં પાવરધા હોય છે!

કૃ: શા સારુ આખા આનર્તને ડામે છે? એની શિક્ષા ઉજ્જયિનીને ખમવી પડશે.

[હિરણ્ય કંઇ ઉત્તર આપે તે પહેલાં કૃપાલની સાંગ ઊછળીને ધણ પડે તેમ તેની છાતી પર પછડાય છે. હિરણ્ય દડાની જેમ દૂર ઊડી પડે છે.]

કૃ: (હસતો) મેં નહોતું કહ્યું કે એની શિક્ષા ઉજ્જયિનીવાસીને ખમવી પડશે?

હિ: (ઊભો થઇ) તેં આજે ઉજ્જયિનીને તાબે કર્યું.

કૃ: (સાશ્ચર્ય) ઉજ્જયિનીને?

હિ: ઉજ્જયિનીના મુખ્ય વ્યાયામ મંદિરના મંત્રીને જીત્યો એટલે ઉજ્જયિનીને જીત્યું.

કૃ: ઉજ્જયિનીમાં તારા જેવો કોઇ યે દ્ધા નથી?

હિ: એમ નગરલોક માને છે; હું નહિ.

કૃ: એટલે નગરલોકની નજરે મેં ઉજ્જયિનીને જીત્યું; તારી નજરે નહિ.

હિ: (હસી) હા.

● આ નાટિકામાં કશું ઐતિહાસિક સત્ય નથી. માત્ર કેટલાંક પ્રમાણો મેળવી એને કલ્પનામાં ગૂંથવાનો યત્ન કર્યો છે. વિ. સં. પહેલાં ખસો વર્ષે ભાસ થયો; ભાસ પહેલાં ખસો વર્ષે એક આવી આછી ઘટના—ઇતિહાસસંશોધકો રંગ પૂરી શકે એવું આછું ચિત્ર દોરાઇને ભૂંસાઇ ગયેલું. 'વિશ્વ-ભારતી'માં વાંચેલા એક લેખમાંથી ૧૯૩૦ની ડાયરીમાં આટલી નોંધ ટપકાવી હતી: 'સપ્તસિંધુના સ્તૂપપાર્વદો માળવાને માર્ગે ગુજરાતના સંગેમરમર ખોદી લાવવા હાથીનાં સૈન્યો લઇને જતા. એ સ્તૂપપાર્વદોને ત્યાંથી જતા અટકાવવા માટે કેટલીક વખત માળવાને ખૂબ સહન કરવું પડયું હતું.' બીજું એક પ્રમાણ 'કુમાર'ની લેખમાળા 'ગુજરાત: સંસ્કાર અને સંસ્કૃતિ 'માંથી મળ્યું છે. એમાંથી આટલી નોંધ લખી રાખી હતી: 'આનર્તમાં પ્રવેશ કરવાના બે જમીનમાર્ગ હતા. સિંધની બાજુમાં થઈ કચ્છ રજપૂતાના રસ્તે અથવા ઉજ્જેન ફરીને . . ગુજરાત દક્ષિણે દ્રાવિડ અને ઉત્તરે આર્યોથી દબાતું. પશ્ચિમે ઘૂઘવતો મહાસાગર ગુજરાતનું ઘડતર ઘડવા ફુંફાડા મારતો. ગુજરાતને ઉત્તર પાસે સિંધ અને ગાંધાર સુધી જબરદસ્ત બ્રાહ્મણ રાજ્ય હતાં. સિંધુ અને ગંગાજમનાના પ્રદેશમાં આર્યોની અભેદ દીવાલ હતી.' આવાં થોડાંક પ્રમાણો પરથી આ નાટિકાનું વસ્તુ ઉપજાવી કાઢયું છે.

કૃ: તને ખુશામત સારી આવડે છે. (તેના ખભે હાથ મૂકી) ભાઇ, આનર્તથી ઘસડાઇને હું અહીં શા સારૂ આવ્યો છું? ઉજ્જયિનીને જીતવા? મને એવો મોહ નથી. ને શસ્ત્રવિદ્યા માટે હું અહીં આવ્યો છું એમ સમજનારા પણ ભૂલે છે. મને તારો મિત્રભાવ અહીં સુધી ખેંચી લાવ્યો છે. (ભૂતકાળમાં ઊલટતો) ગઇ શરદપૂનમે ગંગાના પવિત્ર ઘાટ પર આપણે સજલ નેત્રે કેવી પ્રતિજ્ઞાઓ કરી હતી, સાંભરે છે? રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના કલહ, અવિશ્વાસ, કિન્નાખોરી અટકાવવાની આપણી નેમ હતી. એ પ્રતિજ્ઞા પછી એક વર્ષ ચાલ્યું ગયું. એટલા વખતમાં આપણે શું કર્યું? (ડામતો) મને લાગે છે કે ઉજ્જયિનીના વ્યાયામ મંદિરનો મહામંત્રી થઇને તું જૂના સંકલ્પો ધોઇ બેઠો છે.

હિ: ને—તું?

કૃ: હું તો, ભાઇ, એટલા જ સારૂ અહીં આવ્યો છું.

હિ: તારા કાર્યમાં મને અશ્રદ્ધા નથી, પણ (ચિંતાથી) આપણે બે જ જણ શું કરી શકીએ? નૃપતિઓ, અમાત્યો, સુભટોને મનાવવા એ સહેલું નથી.

કૃ: બધું સહેલું છે. આખા માલવમાં તારા જેવા યોદ્ધા ગણ્યાગાંઠ્યા છે. અને આનર્તને તો હું સમજાવી લઇશ. બીજાં રાષ્ટ્રોમાંથી પણ એકએક સાચો માણસ નહિ મળી આવે? (આંખોમાં તેજ લાવી) આર્યાવર્ત એકચક્રે થશે પછી દુનિયાની કોઇ સત્તા—

હિ: તારૂં સ્વપ્ન મહાતેજસ્વી છે, પણ (છાની મૂંઝવણથી) આપણે બે જ જણ—

કૃ: હા, ભાઇ, હા. માત્ર રાષ્ટ્ર દીઠ એકએક એવો માણસ મળવો જોઇએ, જેના અંતરમાં વિશ્વસમુત્ક્રાંતિની જ્યોત જલતી હોય, જેના—

હિ: (વચ્ચે) પણ એવો એક જ માણસ?

કૃ: (પંપાળતો) ભાઇ, જેણે જીવનને સિદ્ધાંતોથી વણ્યું છે એવો એક માણસ તો આ વિરાટ વિશ્વને આંગળીએ ઊંચકીને ફંગોળી દ્યે. (ધીમો પડી) શરૂઆતનો માર્ગ જરા કંટકભર્યો છે; પણ એ માર્ગે થઇને તપસ્વી પુરુષ સિદ્ધિનાં અજવાળાં લઇ આવે છે ને કચડાયેલી પ્રજા એ અજવાળે અજવાળે પાછળ ચાલે છે.

હિ: (હસી) તેં હવે ગંભીર વાતો કરવા માંડી.

કૃ: (આંખો ઢાળી) આ બધી વાતો કાર્યની સરાણ પર નહિ ચડે ત્યાં સુધી મને ચેન પડવાનું નથી.

[તે વાક્ય પૂરૂં કરે છે ને પ્રવેશદ્વારમાં કંઇક ઘોંઘાટ જેવું થાય છે. લોકો ચોમેર દોડાદોડી કરતા દેખાય છે. વ્યાયામ કરનારા સૌ હારબંધ ગોઠવાઇ જાય છે. બેત્રણ જણ એકબે વાર 'હિરણ્યભદ્ર! હિરણ્યભદ્ર!' એવી બૂમ પાડી બધું વ્યવસ્થિત ગોઠવવા લાગી જાય છે.

થોડી વાર પછી બહારથી 'મહા અમાત્ય પ્રભુની જય'નો કર્કશ અવાજ ઊંચે ચડતો લાગે છે. વ્યાયામ મંદિરના વિદ્યાર્થીઓ એ અવાજ ઝીલી એમાંથી ભયંકર ધ્વનિ ઉપજાવી વાતાવરણને ગૂંગળાવી નાખે છે. એ ક્રૂર ગૂંગળાટ વચ્ચે, લોકોના વ્યવસ્થિત સમૂહ વચ્ચે સશસ્ત્ર સેનાપતિઓ વચ્ચે વૃદ્ધ અમાત્ય પ્રવેશ કરતો દેખાય છે. માથે એને રત્નજડિત મુકુટ છે. આભૂષણો લાદી એણે પોતાના બેડોળ શરીરને ઢાંકી દીધું છે. કરચલીઓ વળેલા એના બીહામણા મોં પર અગ્નિનાં બિંદુ જેવી બે આંખો જોનારને ડારતી લાગે છે. ધીમેધીમે ને મક્કમ પગલે તે નજીક આવતો હોય છે]

કૃ: (હિરણ્યને નજીક ખેંચી) આ તમારા મહાઅમાત્ય?

[હિરણ્ય નાકે આંગળી મૂકી તેને ચૂપ રહેવા સૂચવે છે.]

કૃ: (તેને ડરતો જોઇ) હિરણ્ય! હિરણ્ય! કહે તો ખરો; આ વરુની જીભ જેવા લટકતા હોઠ, અંગારા જેવી આંખો, બીહામણું મોં;—ભાઇ, મને કહે તો ખરો આ પોતે જ તમારા મહાઅમાત્ય છે?

હિ: (છાના ગભરાટથી) તારે એમને ઓળખીને શું કામ છે?

કૃ: આમ ડરે છે શું? હું નહિ ઓળખું તો એમને ઓળખશે કોણ? (વ્યંગમાં) ઉજ્જયિનીના રાજ્યચોકમાં એમનું પૂતળું મૂકાવો ત્યારે શિલ્પીઓ આનર્તથી મંગાવજો!

[છેલ્લો શબ્દ સંભળાય એટલે છેટે અમાત્ય આવી ઊભા રહ્યા હોય છે. એમની આંખનો ખૂણો સહેજ કૃપાલ ભણી ખેંચાય છે. હિરણ્ય જરા કંપારી અનુભવે છે.]

અ: (હિરણ્ય સામે જોઇ) મંત્રીજી! તમે અહીં જ છો?

હિ: (હાથ જોડી) જી, હા; પધારો મહારાજ!

અ: તમારી વ્યવસ્થા સુંદર છે. કામ કરનારાઓનો ઉત્સાહ પણ



મને ગમ્યો: પરંતુ અહીં આવતાં મારા મનમાં એક શંકા ઉત્પન્ન થઈ છે.

હિ: શંકા? જી, શાની?

[કૃપાલ અદબ વાળી અમાત્યને જોયા કરે છે.]

અ: કે આ બધા શીખનારાઓમાં માળવાના કેટલા અને પરદેશી કેટલા.

હિ: સંખ્યા તો માળવાના જુવાનો કરતાં પરદેશીઓની વધુ છે.

અ: (આંખો ઝીણી કરી) માળવાના કરતાં ય? પરદેશીઓ વધારે આવે એમાં આપણું શું કલ્યાણ થશે?

[કૃપાલની આંખોમાં તિરસ્કાર આવે છે.]

હિ: આપણા જુવાનોને વ્યાયામ પ્રત્યે પ્રેમ નથી. (સમજાવતો) ને બહારથી આવે એમને શા સારૂ અટકાવવા જોઇએ? મહારાજ—

કૃ: (વચ્ચે) ને આ ધ્વજ નીચે આવવાની કોઇનાથી મના થઈ શકે નહિ.

[અમાત્ય તીક્ષ્ણ આંખે કૃપાલ સામે જુએ છે.]

અ: (હિરણ્યને) આ યુવક કોણ છે?

હિ: ઠેઠ આનર્તથી આપણા મંદિરમાં શસ્ત્રવિદ્યા શીખવા આવ્યા છે. ઉજ્જયિની આખામાં એમના સમી પરિવર્તન દૃષ્ટિ કોઇ ભાગ્યે જ ધરાવતું હશે. (પ્રશંસકની રીતે) એમને લીધે આપણી કીર્તિ—

અ: (વચ્ચે કૃપાલચક્ષુને) તમારૂં નામ?

કૃ: (સહેજ નમી) કૃપાલચક્ષુ.

અ: તમે શું કહેતા હતા?

કૃ: આ શક્તિધ્વજ નીચે તો કોઇ પણ રાષ્ટ્રના જુવાનો આવીને શક્તિ મેળવી જાય. એમાં મહારાજે શા સારૂ શંકા લાવવી જોઇએ?

અ: (નજીક જઇ) તમને એ નહિ સમજાય. (તીર જેવા અવાજે) તમારી સરાણે ઘસેલી તલવાર તમારૂં જ માથું ઉતારવામાં વપરાય એ તમને ગમે?

કૃ: કેટલાએ એમ કર્યું?

અ: (ઉશ્કેરાઇ) હું એવાની નોંધ રાખીને ફરૂં છું? (હિરણ્યને) અત્યારે જ એ ધ્વજને ઉતરાવી નાખો.

[હિરણ્યને કંપારી છૂટે છે.]

કૃ: (આગળ આવી) પણ મહારાજ—

અ: (બેદરકારીથી) તમારે બીજું કાંઇ પૂછવું હોય તો હું ઊભો રહું. આવાં કૌતુકોનો આનર્તમાં પ્રચાર કરજો; આ ઉજ્જયિનીમાં એવાં તૂત નહિ ચાલે.

કૃ: પણ મહારાજ! આ કોઇ ધર્મ કે દેશનું તૂત નથી: આ તો આર્યસંસ્કૃતિનો જગતવ્યાપી પ્રકાશ છે. (ટટાર થઇ) આપ તો શું પણ કોઈ પણ સત્તા એને—

[હિરણ્ય ગભરાટથી, વેગભેર બોલતા કૃપાલના મોં આડે હાથ ધરે છે. અમાત્ય સ્થિર નજરે તેને થોડી વાર ટગરટગર જોઇ રહે છે. કૃપાલનાં નેત્રોમાં પાપને ખાખ કરી દે એવી પુણ્યજ્યોત વિલસી રહી હોય છે.]

અ: (બાજી સંકેલતો) મંત્રીજી, એમના વેગને અટકાવો છો શા સારૂ? (ફિક્કું હસી) એમનો તિરસ્કાર મને વહાલો લાગે છે.

[બંને અમાત્ય સામે આશ્ચર્યથી જુએ છે.]

હિ: મહારાજ! એ તો બાળક છે.

અ: વૃદ્ધોને બાળકો સાથે બોલવું ગમે છે. (કૃપાલને ખભે હાથ મૂકી) તમે મારા આવાસે આવશો?

[કૃપાલ માથું નમાવી હા કહે છે.]

જો કે આપણા વિચારોમાં મુદ્દલે સામ્ય નથી: પણ જુવાનો પ્રત્યે મને ખૂબ આદર છે, એટલે શબ્દોની અથડામણ વચ્ચેથી હું શોધું છું એવો પ્રકાશ કદાચ નીકળી આવશે.

[ત્રણે જણ એકમેક સામે જોઈ રહે છે.]

અ: (જવાની તૈયારી કરતો) મંત્રીજી, તમે બંને મિત્રો સાથે જ આવજો.

[બંને માથું નમાવે છે; અમાત્ય જાય છે.]

કૃ: હિરણ્ય! તારો મહાઅમાત્ય કયો પ્રકાશ શોધવા નીકળ્યો હશે?

[હિરણ્ય ધીમેથી કંઇક બોલે છે, પણ દૂરથી તણાઈ આવતા 'મહાઅમાત્ય પ્રભુની જય'ના ગંભીર નાદમાં તેના બોલ ઢંકાઈ જાય છે. બંને ધીમેધીમે બહાર જાયછે.]

¶૨

[પાંચસોએક માણસ બેસી શકે એવડું વિશાળ ચોગાન. જમીન પર દૂધ જેવો આરસ પાથર્યો છે; તેમાં વચ્ચે-વચ્ચે રંગબેરંગી આરસની શોભનમાલાઓ મનોહર લાગે છે. જમણી બાજુ આરસની ચાર થાંભલીઓને ટેકવી રૂપાળો ઘુમ્મટ ઊભો છે તેની નીચે પંદરેક જણ બેસી શકે એવડો ઊંચો કાળા આરસનો ચોતરો ગોઠવ્યો છે. થાંભલીઓ ને ઘુમ્મટ પર વિવિધ આયુધોનાં યુદ્ધનાં ચિત્રો છે.

ડાબી બાજુના સિંહદ્વારમાંથી અમાત્ય ને કૃપાલચક્ષુ ચોગાનમાં પ્રવેશ કરે છે. મધ્યાહ્નનો સૂર્ય માથા



પર આવ્યો છે. આવીને બંને જણ પેલા ચોતરાને એકેક ખૂણે થાંભલીઓને અઢેલી બેસે છે.]

અ: તમે એકલા જ આવ્યા? હિરણ્યભદ્ર—

કૃ: (વચ્ચે) એમને ગોશાળાઓ તપાસવા જવાનું હતું એટલે ન આવી શક્યા.

અ: વારુ; (થાંભલીને જરા નિરાંતે અઢેલી) તમારી જોડે વાત કરવાની ઘણા દહાડાથી મને હોંશ હતી. (ચાવીને) કોઇ નવું માણસ ઉજ્જયિનીમાં આવે તેને મળવું મને વધારે ગમે છે: તમને મેં એટલા સારુ બોલાવ્યા.

કૃ: (આંખો ઢાળી) અનુગ્રહ થયો.

અ: એ શિષ્ટાચાર મને હવે નથી ગમતો. (બગાસાથી) એ બધી હાવકી વાતો વૃદ્ધોને વહેંચી દઇએ.

કૃ: (આછું હસી) મહારાજ! આપને પણ પળિયાં—

અ: ધોળાં આવ્યાં એટલે હું વૃદ્ધ થયો? કૃપાલચક્ષુ! મને વૃદ્ધ માનવા જેટલા ભોળા થશો નહિ. હું આટલી ઉમરે પણ તમારા જેવો જુવાન રહી શકયો છું.

કૃ: (કટાક્ષપૂર્વક) એ ઉજ્જયિનીની પ્રજાએ અભિમાન લેવા જેવી વાત છે.

અ: (પામી જઇ) ને આનર્તની પ્રજાએ શરમાવા જેવી.

[કૃપાલના શરીરમાંથી વીજળી પસાર થાય છે.]

કૃ: શું કહ્યું મહારાજ?

અ: કારણકે ત્યાંના જુવાનોને ઘડપણ આવ્યું છે.

[ને ખડખડ હસે છે.]

કૃ: (ઝીણી આંખે) એમ શા ઉપરથી કહો છો?

અ: હજી દલીલો જોઇએ છે? (ટટ્ટાર થઇ) તમને કદી શસ્ત્રો પકડતાં આવડયાં છે? ફૂંક માર્યે ઊડી જાય એવાં રાજ્યોથી પણ તમે ડરો છો. લડાઇ સાગે આવે છે કે તમે ઊંદરની જેમ નાસો છો. ઘડીક દ્રવિડ તમને માથામાં ધબ્બો મારી લૂંટી જાય છે, તો ઘડીક પશ્ચિમના અનાર્યો તમારી કન્યાઓને ઉપાડી જાય છે: ને આર્યોની બીક તો તમારે માથે કાયમની. (કડવું હસી) મને કયારેક વિચાર આવે છે કે આવડી બીક વચ્ચે તમે જીવી કેમ શકો છો?

કૃ: (આછું હસી) તમે કહો છો એ બધું બને છે ખરું, છતાં અમે ટકી રહ્યા છીએ.

અ: એવું જીવન જીવવું તમને ગમે છે? (મોટેથી) એનાં કરતાં કપાઇ મરવું શું ખોટું?

કૃ: કેટલીક વાતો અનુભવ વિના સમજાતી નથી. (ગંભીર થઇ) તમે જેને બીક માની બેઠા છો એ બીક કે નબળાઈ નથી. સામ્રાજ્યો સામે થઇ લોહી રેડાવવામાં અમને કશો વિકાસ નથી દેખાતો. અજ્ઞાન સામે અજ્ઞાન અથડાવી આપણે કલહનાં ઊંડાં મૂળ નાખીએ છીએ. (ઊંચો થઇ) મહારાજ! આનર્તે ઘણું સહન કર્યું છે એ સાચું. માર ખાઇખાઈ અમે ક્ષીણ થયા છીએ એ પણ સાચું. છતાં અમે કોઇનું શરણ લીધું નથી. આનર્તને કચડનારા ભલે હસે. પરંતુ અમને કોઇ રાષ્ટ્ર પ્રત્યે તિરસ્કાર નથી.

અ: (ઘૃણાથી) હું બધું સમજું છું. બંધુત્વની ભાવનાની ઓથે તમે ભયને પંપાળો છો. વેપાર કરવા સિવાય તમને બીજું આવડે છે શું?

કૃ: (ખડખડ હસી) એટલા સારુ તો હું અહીં શસ્ત્રવિદ્યા શીખવા આવ્યો છું.

[અમાત્યના કપાળ પર વિચારની કરચલીઓ પડે છે.]

અ: (જરા વાર પછી) તમે અહીં શા સારુ આવ્યા છો એ મારાથી અજાણ્યું નથી. પણ તમે લાવવા ધાર્યું છે એવું તેજ ઉજ્જયિનીના જુવાનોમાં નહિ લાવી શકો. (નિસાસો ખેંચી) અહીં આંજી નાખે એવું ઐશ્વર્ય છે; શસ્ત્રોના ભંડાર ભર્યા છે; એ શસ્ત્રો ફેરવી શકે એટલી શક્તિ યે પ્રજા પાસે છે. નથી માત્ર તમે શોધી રહ્યા છો એવી કલ્યાણભાવના. પોતપોતાના વાડા બાંધી પ્રજા બેસી ગઇ છે. કોઇ કચડાએલા રાષ્ટ્રની રક્ષા માટે અમે તૈયાર નથી એમ નથી; પણ એ જાહેર પ્રામાણિકતા પાછળ પેલા શરણાગત રાષ્ટ્રને ખાઈ

જવાની વૃત્તિ સિવાય બીજું કાંઈ નથી.

કૃ: (લાગ સાધી) તમારા સરખા સમર્થ અમાત્ય બેઠાં—

અ: (વચ્ચે) કૃપાલચક્ષુ! હું મારૂં ઘર ઉઘાડું કરૂં છું તેથી તમે ફુલાશો નહિ. હું અમાત્યને આસને શા સારૂ બેઠો છું, ખબર છે? (કંઇક યાદ લાવી) મારૂં કદરૂપું મોં જોઇ તમે હજાર કલ્પના કરી હશે! (હસે છે) પણ હું યે તમારી જેમ સ્વપ્નાંઓનો ઢગલો છું. આર્યાવર્તને એકચક્રે જોવાની મારી નેમ અનંતકાળની છે. તમે શોધો છો એવો પ્રકાશ હું પારણામાંથી શોધી રહ્યો છું, પણ હજી મળ્યો નથી. અહીંની પ્રજાએ મારા મનોરથોને મસ્વાની ડોકની જેમ મરડી નાખ્યા છે.

કૃ: (ચાવીને) તમે ધાર્યું હોત તો અહીંના શક્તિશાળી જુવાનોમાં—

અ: (ડોળા કાઢી) મેં હમણાં આનર્તના જુવાનોને વગોવ્યા તેનું વેર લો છો?

કૃ: ના મહારાજ! હું તો—

અ: (ઉતાવળે) ભાઇ, તમે મારી વરાળને સમજ્યા નથી. આનર્તમાં છે એવું અહીં નથી. તમારા કરતાં અમે બુદ્ધિ, સંસ્કાર કે આદર્શમાં જરાયે ઊતરતા નથી. પણ અમારો વિકાસ દૃષ્ટિ વિનાનો છે એટલે એમાં અહં, દંભ ને વિલાસિતા પેસી ગયાં છે. (ખાનગી વાત કરતો હોય તેમ) ઉજ્જયિનીના ભવ્ય રાજ્યમંદિરોએ, વિપુલ સૈન્યે, ઊભરાતા ઐશ્વર્યે બીજાં રાષ્ટ્રોમાં ઇર્ષ્યા જમાવી છે એનાં કારણો તમે જાણો છો?

કૃ: ના.

અ: કારણકે ઉજ્જયિની પોતાના પગ પર ઊભું છે. રાષ્ટ્રરાષ્ટ્ર વચ્ચે સંધિ કરાવવા તમારા જેવા કૈંક જુવાનીઆ જીવતોડ મહેનત કરી રહ્યા છે તે મારાથી અજાણ્યું નથી. મેં ય એ માટે ઓછા પ્રયત્નો નથી કર્યા. જુવાનીથી માંડી આજ પળિયાં આવ્યાં ત્યાં સુધી હું એ મેલ ધોવા મથી રહ્યો છું. કેટલાંક નબળા રાષ્ટ્રોને મેં વિનવણીભર્યા સંધિકરારો પણ મોકલ્યા હતા પણ (આડું જોઇ) મારૂં માને છે કોણ?

કૃ: કોણેકોણે ના કહી?

અ: પ્રથમ તો આનર્તે. અને આનર્તે ના કહી એટલે બીજાં રાષ્ટ્રો ડોકું નમાવવાનાં હતાં?

કૃ: આનર્તે શું કહ્યું?

અ: કહ્યું કે સંધિ કરીને તમારે અમને ફૂંકીફૂંકી ખાઇ જવા છે. ને અમારા પર આળ ચઢાવ્યું કે આનર્તને લૂંટવા આવતા નૈઋત્યના અનાર્યોને આવવા માટે તમે માર્ગ કરી આપો છો.

કૃ: મેં ય એમ સાંભળ્યું હતું.

અ: (અવાજ વધારી) તમને અમારા વિરુદ્ધ કોઇએ ખોટું જ ભંભેર્યું છે. (નજીક આવી) કૃપાલચક્ષુ! 'અમે' અનાર્યોને જવા માટે માર્ગ કરી આપીએ? અમે? (હથેળી મસળી) જનાવર જેવાં મોં લઇ માળવામાં ઊતરતાં એ અનાર્યોનાં કૈંક ટોળાં મેં ઉજ્જયિનીની સીમમાં જીવતાં દાટી દીધાં છે.

[કૃપાલ તેની અંગારા જેવી આંખો સામે ભય પામ્યા વિના જોઈ રહે છે.]

કૃ: (નીચું જોઇ) તો ઉજ્જયિનીની નિંદા માટે અમારે શરમાવું જોઇએ.

અ: શરમાવાનું કે ઉપકાર માનવાનું અમે નથી કહેતા. (આછું હસી) અમારા પ્રત્યેનો તિરસ્કાર ચાલી જશે એટલે થયું.

[અમાત્ય આસનેથી ઊઠી, પાછળ હાથ રાખી ચોગાનમાં ધીમેધીમે ફરે છે. કૃપાલ સ્થિર નજરે એને એમ ફરતો જોઈ રહે છે. એના મનના હજાર તરંગો પાણીનાં કુંડાળાંની જેમ પથરાઇ પથરાઇ વિલીન થઇ જાય છે. અત્યાર પહેલાં ઉજ્જયિની, અમાત્ય અને તેની પ્રજા વિષે તેના અંતરમાં જે અંધકાર હતો તે ધોવાઇ સાફ થયો હોય એવી શાંતિ તે અનુભવે છે. ધીમેધીમે મનમાં એ કંઇક ગણગણે છે.]

કૃ: (મનમાં) મારી રાષ્ટ્રભાવનામાં કેટલાં નિર્બળ તત્ત્વો છે તેનું મને અત્યારે ભાન થયું. જો દેશાભિમાનમાં સત્ય અને પ્રેમભાવનાં તત્ત્વો ન હોય તો એ અભિમાનમાં અમાનુષી વૃત્તિ પેસી જાય છે એ સાચું હશે? અમાત્યની વાણીમાં વિશ્વપ્રેમની વ્યાપક દૃષ્ટિ છે ને એકલા વિચારો પર જીવી રહેલા આજના જુવાનો પ્રત્યે ધીમો કટાક્ષ પણ છે. (ઊંચું જોઇ) હિરણ્ય, હું ને બીજા જુવાનોના કંઇકંઇ કરી નાખવાના મનોરથો આ ડોસાની કાર્યદક્ષના સામે કેમ પીગળી જતા લાગે છે? (શ્વાસ ખાઇ) વાતની શરૂઆત ગૂંચવણભરી હતી. અમાત્યના શબ્દેશબ્દે તિરસ્કારનો ફૂંફાડો હતો. અચાનક એમણે ઉજ્જયિનીને દૃષ્ટિમાં ઉતાર્યું ને આનર્તનો પ્રકાશ ઓળખ્યો. છતાં એમાં ઊંડે ઉપકાર

જેવું કંઇક હતું. (આંખો ઢાળી) મા! ચારેકોરની ભીંસે તારી રંક કાયાને દળી નાખી છે. શત્રુઓ તને જોઇ હસે છે, મિત્રો ઉપકારવૃત્તિથી પંપાળે છે ને તારાં નિર્બળ સંતાનો સ્વપ્નમાં જીવવાનું શીખ્યા છે! (રડવા જેવો થઇ) રાખના ઢગલા જેવા અમારા નિષ્ક્રિય મનોરથોમાંથી, મા! તારી કીર્તિને ઉજ્જ્વલ કરે એવો જ્યોતિ શે નીકળશે?

[તે રડતો નથી છતાં તેની આંખોમાં પાણી આવ્યાં હોય એવું સ્પષ્ટ દેખાય છે. મોં પર થોડીક રતાશ પણ તરી આવી છે. અમાત્ય નજીક ઊભો-ઊભો તેના આ પરિવર્તનને સાશંક જોઈ રહ્યો છે.]

અ: (તેના ખભે હાથ મૂકી) તમે કંઇક ઊંડા વિચારમાં પડ્યા છો.

કૃ: (સ્વસ્થ થઇ) કંઇ નહિ મહારાજ! એ તો જરા—

અ: ગભરાશો નહિ, મારે કશું જાણવું નથી. હું યે તમારી જેમ મનોરથોના કૈંક પગથિયાં ચઢીને ઊતરી ગયો છું. વિચારો કરીકરી મેં મોંની રેખાઓ વાંકીચૂંકી કરી નાખી છે.

કૃ: હું રોજ વિચાર કરતો હતો. પણ જ્યાં તમારા જેવો મહારથી નિરાશાને સાચવી બેઠો હોય ત્યાં અમારાં કાચી ઈંટોનાં ચણતર શે ટકી શકશે?

અ: ત્યારે આપણી વાતચીતનો અર્થ મેં તમને હતાશ કર્યા એવો થયો?

કૃ: નિરાશાના ઘણુ ખમીખમી અમારે ટીપાવાનું રહ્યું. (હસી) જુવાનીનો એ સ્વભાવ છે.

અ: (વાંસો થાબડી) કૃપાલચક્ષુ! શા સારૂ નિરાશ બનો છો? અત્યારે મહારથીઓનું કામ નથી, ઇતિહાસ ઘડનારાનું છે. નાનકડા આનર્તની આંગળીઓ પકડી આખા આર્યાવર્તને દોરાવું નહિ પડે એવું કોણે કલ્પ્યું છે?

કૃ: હું કલ્પી બેઠો છું.

અ: (વચ્ચે) કે?

કૃ: માટીના ઘડાઓની જેમ આપણે એકમેક સાથે અફડાઇ ટુકડા થતા જઇશું.

અ: (ફટકાવતો) શક્તિ ને સરસ્વતીના વિજયધ્વજ નીચે આવું શિક્ષણ લીધું છે? આર્યાવર્તને એકચક્રે જોવાની તમારી મહત્ત્વાકાંક્ષા આવડી જ કે?

કૃ: (માથું પકડી) મહારાજ! મને કમકમાં આવે છે.

અ: (ઘોઘરા સાદે) જુવાન માણસ, એમ છેક પાણીમાં શું બેસે છે? સિદ્ધાંતને બચાવવા તારી પાસે માથું આપવા જેટલી હિંમત પણ નથી?

કૃ: (ઊંચું જોઇ) હું મૃત્યુથી ડરતો નથી; પણ એ મૃત્યુ કોઇની પ્રેરણા ન બને તો મારૂં મરવું શા ખપનું?

અ: (હવામાં) 'कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन.'

કૃ: હું જાણું છું, મહારાજ! તમે મને હૈયાપોચો જાણીને આ બધું કહો છો. પણ હું શું કરૂં? ખૂણેખૂણે ફરી હું આર્યાવર્તનું પાણી જોઇ આવ્યો છું. ક્ષત્રિયો ધનુષ્ય ખેંચવાનું ભૂલ્યા છે, બ્રાહ્મણો ઉપનિષદ્ વાંચી-વાંચી વાંકા વળી ગયા છે ને વૈશ્ય-શૂદ્રોને સંતાઇ રહેવા સિવાય બીજું શું આવડે છે? (નિસાસો ખેંચી) મેં ઉજ્જયિનીને મારી શ્રદ્ધાનું કેન્દ્ર માન્યું હતું. ધીમેધીમે હિરણ્યને મારા પક્ષમાં લીધો ને (પ્રસન્ન દૃષ્ટિએ) એવા હજારો હિરણ્યો ઘડવા માટે ઉજ્જયિનીમાં અજોડ એવા વ્યાયામમંદિરનો જન્મ થયો. જુવાનો શરીરે સુદૃઢ બન્યા, વિચારે તેજસ્વી ને બુદ્ધિશાળી થયા; પણ સ્થિતપ્રજ્ઞ થતાં ન આવડ્યું એટલે અહં પ્રવેશ્યો ને નબળી પ્રજા પ્રત્યે કિન્નાખોરી વધી. અમારાં સ્વપ્નાં આમ ધૂળભેગાં થઇ ગયાં.

અ: (હસી) તમારી સાધનામાં કંઇક ઊણપ હશે!

[કૃપાલ કંઇ બોલે તે પહેલાં ચાર સશસ્ત્ર દંડનાયક ઉતાવળે પ્રવેશ કરે છે. એમનાં મોં પર ભયનાં ચિહ્નો છે. એમને આવેલા જોઇ અમાત્યના વિશાળ કપાળ પર કરચલીઓના ત્રિપુંડ રચાય છે.]

પહેલો: (નીચો નમી) મહારાજ! સપ્તસિંધુના સ્તૂપપાર્ષદો હાથીઓના મોટા સૈન્ય સાથે માળવાને માર્ગે આનર્ત ભણી ઊતરવાની આજ્ઞા માગે છે.

[કૃપાલ ઊભો થઇ જાય છે.]

અ: (ત્રીણવટથી) આનર્તમાં ઊતરવાની આજ્ઞા? હાથીઓના સૈન્ય સાથે? (કંપતે સાદે) જવાનો ઉદ્દેશ કહ્યો છે?

[બીજો દંડનાયક આગળ આવી કાગળની ભૂંગળી જેવું કંઇક અમાત્ય સામે ધરે છે. અમાત્ય એને ઉઘાડી આંખો સામે ગે ઠવે છે. કાદવ ખરડાયો હોય એવું એનું મોં શ્યામ બની જાય છે.]

કૃ: શું લખ્યું છે મહારાજ!

અ: (નસકોરાં ફુલાવી) સ્તૂપપાર્ષદો બીજું શું લખે? (અટ્ટહાસ્ય કરી) બૌદ્ધમંદિરો બાંધવાં સારૂ નર્મદાના સંગેમરમર ખોદી લાવવા સિધાવે છે! આને સભ્યતાભરી લૂંટ ન કહી શકાય?

[કૃપાલના મોં પર મૃત્યુની કાર-મી છાયા જેવું મૌન પથરાય છે.]

બીજો: (નજીક આવી) મહારાજની આજ્ઞા હોય તો અમે એમને અહીં તેડી લાવીએ.

અ: (ગર્જના કરી) મારા મોં સામે એ યમદૂતોને લાવશો મા. જઇને સમજાવો કે આજના આંતરરાષ્ટ્રીય કલહમાં એવડું સૈન્ય ખડકી સંગેમરમર ખોદવાનો શોખ માંડી વાળો (હસી) બુદ્ધ પ્રભુ સ્તૂપો વિના યે રહી શકે છે!

[કોઈ ન દેખે તેમ કૃપાલ અદૃશ્ય થઇ જાય છે.]

પહેલો: (ગભરાઇ) મહારાજ! કૃપાલચક્ષુ ગયા.

અ: (ચમકી) હેં? (આમતેમ જોઇ) જરૂર એ ત્યાં જ ગયો હશે. (દંડનાયકોને) દોડો દોડો. આનર્તનો એ પ્રાણદીપક પેલા ધર્મઝનુનીઓ બુઝાવી નાખશે.

[દંડનાયકો જાય છે. અમાત્ય માથું પકડી ભોંય પર બેસી જાય છે. સૂર્ય શોકાર્ત નેત્રે પશ્ચિમમાં ઊતરતો દેખાય છે. ચોમેર ગંભીર મૌન ફરી વળે છે.]

¶૩

[અર્ધવર્તુલાકાર ઘુમ્મટવાળો અતિ વિશાળ નહિ તેમ સાવ નાનકડો પણ નહિ એવો એક ખંડ. તેની ચારે તરફ અજંતાના ચિત્રોમાં દેખાય છે એવી નકસીદાર થાંભલીઓ ઊભી છે. પ્રવેશનારને આવતાંવેંત આકર્ષે એવું મયૂરાસન જમણા હાથ તરફ ગોઠવાયું છે. ચોફરતી સુગંધી તેલ પૂરેલી દીવીઓ બળે છે. તેના સોનેરી પ્રકાશમાં ઘુમ્મટનાં ચિત્રો, થાંભલીઓ, પેલું આસન ને નીચે બિછાવેલો અનેકરંગી આરસ ઝળાંઝળાં થઈ રહ્યાં છે.

જમણા અને ડાબા હાથની થાંભલીઓ વચ્ચે અમાત્ય પાછળ હાથ રાખી ધીમેધીમે ફરતો દેખાય છે. એની આંખો બંધ છે. કદરૂપું મોં પૃથ્વીને ખાઇ જવા તૈયાર થયું હોય તેમ વધુ બિહામણું બન્યું છે. એનાં ધીમેધીમે ઊપડતાં નક્કર પગલાંમાં વિશ્વને કચડી નાખવાની મક્કમતા છે. એના હોઠ ફફડે છે.]

અ: (આમતેમ જોઇ) બધા ક્યાં સંતાઇ ગયા હશે? હિરણ્યને બોલાવ્યો તે પણ આવ્યો નહિ. કૃપાલનો પત્તો જ નથી; ને સૈનિકોએ આ શી દોડાદોડી માંડી છે? સ્તૂપપાર્ષદોના હાથી ગાંડા તો નહિ થયા હોય? (હસે છે) માળવાને માર્ગે આનર્તમાં ઊતરી એ ઉન્મત્ત પાર્ષદોએ શું કરવા ધાર્યું હશે? (વિચાર કરી) આનર્તના ગૌરવ જેવા નર્મદાના સંગેમરમર હાથીઓની સૂંઢથી ખેંચાવી બુદ્ધપ્રભુના સ્તૂપો શી શોભા કરવાના હતા? (ફરી ખડખડ હસે છે) કોઇ આવતું નથી, કોઇ જતું નથી. આ પ્રલય જેવું મૌન અહીં કોણ લઇ આવ્યું? (અકળાઇ) બધા કૃપાલને તેડી પેલા પશુઓને સમજાવવા તો નહિ ગયા હોય? આનર્ત પ્રત્યે જેમની આંખમાં ધૃષ્ટતાનો અગ્નિ છે એવા એ રાક્ષસો કોઇનું માનવાના હતા? (તીક્ષ્ણ નજરે) બાણની અણી બતાવ્યા વિના એ ધર્મઘેલા હાથીઓ સૂંઢ ફેરવવાના જ નથી.

[અચાનક બહાર લોકોનો ઘેરો ઘોંઘાટ સંભળાય છે. વચ્ચેવચ્ચે ઉગ્ર શોરબકોર પણ થતો હોય છે. અમાત્ય ગોખમાં જઈ જુએ છે: બહાર પથરાએલા ગાઢ અંધકારમાં લોકો સળગતી મશાલો લઈ આમતેમ દોડતા દેખાય છે. અમાત્ય ગભરાટમાં 'શું થયું છે? કેમ નાસો છો?'ના બે ત્રણ અવાજો કરે છે, પણ કોઇ સાંભળતું નથી. તે હતાશ થઇ ખડમાં આવે છે. તેને ચારે કોર રાક્ષસોનું ભયાનક હાસ્ય સંભળાય છે. બંને હાથે માથું પકડી તે

શું ધરું?

· પૃથ્વી ·

નથી ફૂલ નથી કને, ફૂલની પાંખડી શું ધરું?
નથી મધુર કંઠ કે મૃદુલ ગીતધારા વહું:
નથી સ્તવન શબ્દ શેં સ્તવુ–સ્મરું પિતા, આપને?
અનેક સ્ખલનો તણા સ્મરણ ડંખથી કંપતું.

અતુષ્ટ જગતું દવે દઝવતું દુઃખી દિલનેઃ
પિતા, મલિન લંપટી અસુર જીવને શું ધરું?
પણે વ્યથિત પંથીને સ્વર હીંડોળ હીંચોળતી
અદૃષ્ટ રહી થાક સૌ ભુલવતી વને કોકિલાઃ

ઉગી કઠણ કોતરે અનિલને સુગંધી દઈ,
ક્ષણિક નિજ જીવને કુસુમ શી લહે ધન્યતા!
રહ્યાં ખદબદી ફિરે અનલઝાળ જ્વાળામુખી
છતાં ધવલ ચંદ્રિકા ઉકળતાં ઉરો ઠારતી.

પ્રભો! તવ કૃતિ બધી અવરમાં દીસે આપને
છતાં સૃજન શ્રેષ્ઠ માનવી પુજે જ કાં પાપને!

ચમનલાલ ગાંધી

અનુચરને બોલાવવા મોં ઊંચું કરે છે—
ત્યાં એકાએક એક ઘવાએલો દંડનાયક દાખલ થાય છે. તીરના વરસાદથી તેનું આખું અંગ છેદાઇ ગયું છે. ઊભા રહેવાની શક્તિ નથી છતાં તે થાંભલીને અઢેલી ઊભો રહે છે.]

દંડનાયક: (ફાટી જતા અવાજે) મહારાજ !

[બોલતાંબોલતાં તેના ગળામાં કાચલી બાઝે છે. અમાત્ય ધસીને આગળ આવે છે.]

અ: (કંપતે સાદે) શું થયું? તું ઘવાયો ક્યાં? તારા સાથીઓ—

દંડ: (ધીમેથી) ઘણું અનિષ્ટ થયું—કૃપાલચક્ષુ ને હિરણ્ય—

[બોલતોબોલતો તે નીચે બેસી જાય છે.]

અ: (તેની સામે નીચે બેસી) ક્યાં છે કૃપાલ ને હિરણ્ય? (ગળગળો થઈ) થયું છે શું? કહે તો ખરો.

દંડ: બંને દેવ થયા.

અ: હેં?

[તેના ગળામાંથી ચીસ નીકળી જાય છે. અપાર વેદના માણસને રડવા દેતી નથી. અમાત્યની આંખમાં આંસુ નથી. કાન બહેરા થઇ ગયા છે ને હૃદય ઉપર કોઇએ ડુંગર મૂકી દીધો હોય એવો ગૂંગળાટ તે અનુભવે છે. દંડનાયક બેશુદ્ધ થવાની તૈયારીમાં હોયછે.]

અ: (તેના ખભા હલાવી) ભાઇ, કહે તો ખરો એ કેમ કરતાં બન્યું?

દંડ: આપનું કહેણ લઇ અમે પાર્ષદો પાસે પહોંચીએ તે પહેલાં કૃપાલચક્ષુ ને હિરણ્યભદ્ર ત્યાં પહોંચી ગયા હતા. મોખરે સ્તૂપપાર્ષદોનો મંત્રદ્રષ્ટા ઊંચા હાથી પર બેઠો હતો. (ઘેરાતી આંખે) બંને જણે ત્યાં જઇ તમારૂં કહેણ સંભળાવ્યું. સાંભળનારા કહે છે કે બંનેની વાણીમાં આર્જવભરી પ્રાર્થના હતી. મંત્રદ્રષ્ટા એમને ક્રૂર નજરે જોઈ રહ્યો ને પછી ખડખડ હસ્યો. આનર્તને બચાવવા તૈયાર થનારા એ જુવાનોને એણે ઓળખ્યા ને પાર્ષદોને હાથે ધક્કા મરાવી દૂર હડસેલી મૂકયા.

[અમાત્યની છાતી ફાટુંફાટું થાય છે.]

અ: (હથેળી મસળી) તમે ત્યાં નહોતા પહોંચ્યા?

દંડ: ના. અમે હજી રસ્તામાં હતા.

અ: પછી?

દંડ: બેઉ જણ દોટ મૂકી મંત્રદ્રષ્ટાના હાથીનો એકેક પગ પકડી બેસી ગયા. એ જોઇ મંત્રદ્રષ્ટાની આંખમાંથી અગ્નિ નીકળ્યો. હોઠ કચડી એણે હાથીના કાનમાં બાણની અણી ભોંકી સંકેત કર્યો ને—

[તેની જીભ ટૂંકી થતી હોય છે.]

અ: (તેને ઢંઢોળી) કહે, કહે! પછી શું થયું?

દંડ: (આંખો મીંચી) જોતજોતાંમા હાથીએ બંનેને સૂંઢથી અદ્ધર ઊંચકયા ને નીચે ફેંકી શિલા જેવા પગ તળે છૂંદી નાખ્યા.

[દંડનાયક નિશ્ચેત થઇ ઢળી પડે છે.]

અ: (ચીસ નાખી) અરેરે, મારાં રત્નો.

[વિનાશની ભેરી જેવો લોકોનો આક્રંદ બહારથી ખેંચાઈખેંચાઈ અંદર પ્રવેશતો હોય છે. બેભાન જેવો અમાત્ય ફરી ગોખમાં જઇ ડોકાય છે. મશાલોના ઝાંખા પ્રકાશમાં કેટલાક માણસો બે મૃતદેહ ઊંચકી નજીક આવતા દેખાય છે. ચિત્તભ્રમની જેમ અમાત્ય અદબવાળી ઊંચે જોઈ રહે છે.]

અ: (હાથ ઊંચા કરી) બોધિસત્ત્વ! તારા સ્તૂપોના પાયામાં માનવશરીરોનો પણ ખપ પડ્યો છે કે શું?

[તે દોટ મૂકી બહાર દોડી જાય છે. બહારથી 'કૃપાલચક્ષુની જય'નો મેઘના કડાકા જેવો ગગનભેદી માનવ અવાજ ખંડમાં આવી પથરાઇ વળે છે.]

શશિવદન મહેતા



ઝબકજ્યોત . . .

. . . અમર પ્રકાશ મૂકીને હોલવાઇ જતા આત્માની નાટિકા

[૧૭મી મે ૧૯૩૦. અંધારી રાતના આઠ. ગામદેવીના રસ્તા પર આવેલા સર અમલ દેરાસરીના બંગલાના ત્રીજા માળનું દીવાનખાનું.

કાચનાં ઝુમ્મરો વચ્ચે વીજળીના દીવા બળે છે. ઉત્તર-દક્ષિણ દીવાલોમાં બાજુના ખંડોમાં જવાનાં સામસામાં બારણાં પડે છે. પશ્ચિમ તરફ અગાશીમાં જવાની ચાલ છે, ને પછી બાગમાં ઊતરવાની સીડી છે. પૂર્વનો ઝરૂખો રસ્તા પર પડે છે.

ઓરડાની લાદી પર જયપુરી ગાલીચો છે. ખૂણાઓની ઘોડીઓ ઉપર ગ્રીક પૂતળાં ગોઠવ્યાં છે. ભીંતને અઢેલીને લાલ મખમલના સોફાઓ મૂક્યા છે. વચ્ચે એક મોટું ટેબલ છે અને એની ઉપર પિત્તળના ફૂલદાનમાં ગલગોટા અને જાસૂદનાં સ્હેજ કરમાએલાં ફૂલો ગોઠવેલાં છે. બગીચામાંથી આવતો પવન ધૂપસળીઓની સૌરભ લઇને પૂર્વના ઝરૂખામાંથી મંદ ગતિએ પસાર થઈ જાય છે.

દીવાલો ઉપર ગવર્નર અને વાઈસરૉયની છબીઓ છે. પશ્ચિમની દીવાલમાં ઊંચે મહારાણી વિક્ટોરિયાનો ઝભ્ભો ઉપાડીને ચાલતા રાજાઓનું મોટું તૈલ-ચિત્ર છે. એનાથી ઘણે નીચે સોનાની ફ્રેઈમમાં મઢેલો સરનો ઈલ્કાબખત વીજળીના પ્રકાશમાં ચમકે છે.



પશ્ચિમના ઝરણા પાસે એક પલંગમાં આઠ વર્ષનો દીપક તાવથી ધગધગે છે. એના માથા પર અરધા કપાળને ઢાંકી દેતો સફેદ પાટો બાંધ્યો છે. પાટામાં લોહીના ડાઘ છે. વચલા ઉઘાડા ભાગમાંથી ને કાનની આસપાસથી એના લાંબા સોનેરી વાળની લટો ડોકિયાં કરે છે. દીપકની માતા મેના દીપકના ઓશીકા પાસે તેનાં બીડાએલાં પોપચાં સામે તાકતી નીચી દૃષ્ટિએ ને ગ્લાન વદને બેઠી છે. દીપકની નવ વર્ષની બ્હેન ઊર્મિ ઓશીકાની બીજી બાજુએ લપાઇને ઊભી છે ને ભાઈના મોં તરફ એકીટશે જોઈ રહી છે. આસપાસ ખુરશીઓ ઉપર દીપકના પિતા સર અમલ દેરાસરી, ડૉક્ટર, પોલીસ ઉપરી નંદરાવ અને અન્ય લોકો વ્યાકુળ ચિત્તે બેઠા છે.

થોડીવારે હસ્તઘડી સામે જોઈ ડૉક્ટર ઊભા થાય છે અને દીપકના ઓશીકા તરફ જાય છે.]

ડૉક્ટરઃ મેનાબ્હેન, થર્મોમીટર લઈ લો તો !

[મેના દીપકની બગલમાંથી થર્મોમીટર લઇ ડૉક્ટરને આપે છે, અને પછી ફિક્કે ચ્હેરે ડૉક્ટર સામે જોઇ રહે છે. સૌની આંખો ડૉક્ટર સામે મંડાએલી છે.]

[ડૉક્ટરના મોં ઉપર ઉચાટ વંચાય છે.]

સર અમલઃ (સૂકે અવાજે) કેટલી ?

ડૉ: ચાર.

સૌ: (ચમકી) ચાર !

ડૉ: હા ! બરફ મૂકવાની જરૂર છે; પણ માથાનો ઘા બહુ ઊંડો છે એટલે મુકાય પણ કેમ ?

[સર અમલ નિસાસો મૂકે છે. ડૉક્ટર નીચા નમી દીપકનો હાથ પોતાના હાથમાં લે છે.]

દીપક, હવે તને કેમ લાગે છે ? માથું દુઃખે છે ?

મેનાઃ (દીપકના કાન સુધી નમી) બેટા, ડૉક્ટરકાકા પૂછે છે કે હવે તને કેમ છે ? માથું દુઃખતું મટી ગયું ?

દીપકઃ (ધીરેધીરે આંખો ખોલે છે) બા, માથું તો ખૂબ દુઃખે છે, પણ મને ઠીક છે. (ફરી આંખો મીંચી દે છે. ક્ષણવારે ફરી ઉઘાડી) બા, ઊર્મિને બોલાવને !

મેનાઃ ઊર્મિ તો અહીં જ છે ને, બેટા ! તારે પડખે જ ઊભી છે.

દીપકઃ ઊર્મિ, રોવાનું નહિ, હો ! રાષ્ટ્રધ્વજ ચડાવવા હું અગાશીએ ચડ્યો, બાપુ દેખી જશે એ બીકે ઉતાવળ કરવા ગયો ને પડી ગયો એમાં તારો વાંક નથી.

સર અમલઃ રાષ્ટ્રધ્વજને વીસરી ઘડી જંપી જા, દીપક.

નંદરાયઃ રાષ્ટ્રધ્વજે તો મ્હોકાણ માંડી છે. હજારોનાં માથાં ફૂટયાં તો ય લોકોનો ચડસ ખૂટતો નથી. નેતાઓ તો બધા જેલમાં બેસી બગાસાં મારે છે, અને આવા હૈયાફૂટાઓ હોમાય છે.

દીપકઃ એવું ન બોલો નંદકાકા! તમે બોલો છો ત્યારે મને એમ થાય છે કે જાણે મારા માથાનો પાટો છૂટી ગયો અને સવારની જેમ દડદડ લોહી દડવા માંડયું. (સ્હેજ ફરી) પણ બા, હું પડી ગયો ત્યારે રડયો નહોતો, નહિ? મારાથી રડાય જ કેમ? હું તો રાષ્ટ્રધ્વજ ચડાવતાં પડયો.

સર અમલઃ દીપક, તું રાષ્ટ્રધ્વજની વાત છોડે છે કે નહિ? તેં પાપ કર્યું અને પ્રભુએ તને તેની સજા પણ કરી. તું કેમ કાંઈ સમજતો નથી?

દીપકઃ રાષ્ટ્રધ્વજને હું કેમ ભૂલું, બાપુ? આંખો બંધ કરૂં છું ત્યારે જાણે આખું આકાશ સફેદ, લીલા અને કેસરી પટ્ટામાં વહેંચાઈ જાય છે. અને અંદર તારાઓનો રેંટીઓ પૂરાય છે, આંખો ઉઘાડું છું તો દીવાલેદીવાલે એ જ ત્રણ રંગો!

સર અમલઃ (કડકાઈથી) દીપક.....



ડૉ: સાહેબ, આપ અત્યારે સંભાળી જાવ. આપ ધારો છો તેથી કેસ વધારે ગંભીર છે. આપની વાતોથી દીપક વધારે ઉશ્કેરાશે. અત્યારે પ્રભુ ઉપર......

મેનાઃ (આંખોમાંથી આંસુ લૂછતી) બેટા! બે ઘડી સૂઇ જાને?

દીપકઃ બા, મારા શિક્ષક કહેતા હતા કે કોરિયામાં મારી જેવડા હજારો બાળકોએ વાવટા માટે પ્રાણ આપ્યા હતા. એમના પિતાઓ એમને યાદ કરી ગૌરવ લેતા, તો ય બાપુ કેમ મારી ઉપર ચીડાય છે?

મેનાઃ (પાટા ઉપર હળવો હાથ ફેરવતી) સૂઇ જા, બેટા, સૂઇ જા.

દીપકઃ (વાચાળ થતો જાય છે; તેની આંખ વધારે ગહન બનતી જાય છે.) ઊર્મિ, બપોરે બા જરા સૂઇ ગઇ ત્યારે તું આવીને મને કહી ગઇ હતીને, કે બાપુએ આપણા રામાના સુંદરને મારીને પૂરી દીધો છે? એને છોડયો કે નહિ? (ઊર્મિનો હાથ પકડે છે) કેમ બોલતી નથી?



ઊર્મિઃ (ધીમે સાદે બીકથી) બાપુએ હજી એને છોડયો નથી. વળી બાપુ તો કહેતા હતા કે રામાને હવે અહીંથી રજા આપવી પડશે. એ સાંભળ્યું છે ત્યારથી સુંદરની મા અને રામો રડયા જ કરે છે.

દીપકઃ (અસ્વસ્થ થઇ આંખ મીંચી દે છે. એનાં બીડેલાં પોપચાંમાંથી આંસુ દડે છે.) બાપુ, એવું શા માટે કરો છો? મને એ નથી ગમતું. એમાં સુંદરનો વાંક હતો જ નહિ. એ તો વાવટો લેવા નહોતો જતો. મેં એની સાથે અબોલા લેવાની વાત કરી એટલે ડરતો ડરતો ગયો. ત્યાર પછી યે એણે તો મને કેટલી યે વાર ના પાડી. એમાં એનો વાંક નથી. બાપુ, એને છોડી દો. રામાને રાખી લો! નહિ તો હું ય.... હું ય.... (હીબકાં ભરી રડવા લાગે છે.)

સર અમલઃ (ગળગળા થઈ દીપકના ઓશીકા પાસે જાય છે અને એને માથે હાથ મૂકે છે) બેટા, તું કહીશ એમ કરીશ; પણ હમણાં તું સૂઇ જા.

દીપકઃ બાપુ, તમે મારી પાસે જ બેસોને! અને તું ય ઊર્મિ! ને બા, તને ઊંઘ આવે તો ય ઊઠીશ નહિ હો! આજે તમે સૌ મારી પાસે જ રહેજો. પાસે જ, હો!

મેના: અમે સૌ અહીં જ છીએ. બેટા! તું નિરાંતે સૂઈ જા.

દીપક: બા, મને ઊંઘ આવતી નથી. જરાક મટકું મારું છું ત્યાં સ્વપ્નું આવે છે કે બાપુ વાવટો ઉતારી લેવા આવ્યા અને ઝબકીને જાગી જાઉં છું. પછી બાપુને અહીં જ ભાળી શાંત થાઉં છું. ઊર્મિ, જા તો, જોઈ આવને, વાવટો બરોબર છે કે નહિ?

સર અમલ: બેટા, એ બરાબર છે. તું હવે છાનો રહે! જિંદગીભર સેવેલી મારી વિચારસરણીઓ જાણે કડડભૂસ કરીને તૂટી પડે છે. હવે બંધ કર, બેટા, બધું બરાબર છે.

દીપક: શું બોલી ગયા બાપુ? તૂટી પડે છે? આપણો બંગલો તૂટી પડે છે? એનું કારણ કહું? જુઓ તમે આપણા બંગલા ઉપર રાષ્ટ્રધ્વજ ચડાવતા નથીને તેથી! જો તમે ધજા ચડાવો તો એ અડગ ઊભો રહે!

મેના: હવે સૂઈ જા, બેટા; તારું માથું ચડશે!

[દીપક આંખો મીંચી જાય છે. થોડીવાર શાંતિ પથરાય છે. સૌ એકમેકની સામે ચિંતાતુર નયને જુએ છે. થોડીવારે દીપક આંખો ખોલે છે.]

દીપક: (ઊર્મિનો હાથ પકડી) ઊર્મિ, જો. નવ વાગ્યે, બરાબર નવને ટકોરે હું અહીંથી ફરવા જવાનો છું. તું મારી સાથે આવવાની હોય તો તૈયાર થઈ રહેજે. સુંદરને પણ તૈયાર થઈ રહેવાનું કહેજે, હો!

[ફરી આંખો મીંચી જાય છે. ડૉક્ટર 'હરિ હરિ' કરતા અસ્વસ્થ થઈ ઓરડામાં આમથી તેમ ચાલવા લાગે છે. સર અમલ અસહ્ય થવાથી બારીમાં જઈ આંખો લૂછે છે. મેનાની આંખમાં શ્રાવણ ને ભાદરવો છે. દીપક થોડીવારે ફરી આંખો ઉઘાડે છે.]

બા, તું ય આવીશને? બાપુનું કામ નથી. આપણે જંગલમાં જઈને વાવટો ખોડશું. ત્યાં કોઈ આવશે તો તકરાર કરશું હો!

[ફરી આંખો મીંચી જાય છે એનો શ્વાસ ચડતો જાય છે.]

નંદરાય: સાહેબ, હું જઈશ. કાંઈ કામ પડે તો ટેલીફોન કરજો. આપણે ત્યાં વાવટો ચડ્યો એની કોઈને જાણ પણ નહિ થવા દઉં, એટલે બેફિકર રહેજો. બાકી તો મને આવા કુમળા મગજોને બ્હેકાવી મૂકનાર બેજવાબદાર . . . .

સર અમલ: (એકદમ ફરી) ઠીકઠીક, નંદરાય, પધારજો. તમારો ખૂબ ઉપકાર થયો.

[નંદરાય જાય છે. થોડીવાર કોઈ જ બોલતું નથી. ઊર્મિ બધાની માફક ઘડીક બારીમાંથી બહાર જોતા સર અમલ તરફ તો ઘડી મેના તરફ જોયા કરે છે. રસ્તા ઉપર દૂરથી સરઘસનાં પગલાંના અવાજ સાથે ધીરેધીરે સ્પષ્ટ થતા ગીતનો ધ્વનિ આવે છે:

ત્રીસ કોટિ શિશ પ્રણમે તને
ભારતની ઓ ધર્મધજા!
નવલખ તારા આશિષ ઝમે
ભારતની ઓ કર્મધ્વજા!

દીપક: (ઝબકીને જાગે છે) બા, સાવંફેરી નીકળી લાગે છે. મને બારીએ લઈ જાવ! અરે જલદી કરો, મારે સૌને જોવા છે!

મેના: બેટા, તને કષ્ટ પડશે. અહીં જ સૂઈ રહેને! આવતી કાલે જોજે. એ આવતી કાલેય નીકળશે ને!

દીપક: બા, તું આજે મને કશાની ના ન કહેતી! આજે નહિ! હું તને કેમ સમજાવું? મને બારીએ લઈ જા!

ડૉ: એ જે કહે તેમ કરો! એને ઉશ્કેરો નહિ!

[સૌ ખાટલાને ઉપાડી ઝરૂખામાં લઈ જાય છે. મેનાની છાતીમાં ટેકવાઈ-ગોઠવાઈ દીપક બેઠો થાય છે. નીચેથી આવતા મશાલોના પ્રકાશમાં ગીતથી ઉત્તેજિત થએલું એનું મોં ચમકી રહે છે. આગળ વાનર અને માંજાર સેનાની મેળવિનાની પગલીઓ પડે છે. પાછળનાં નરનારીઓ બુલંદ અવાજે ગાતાં હોય છે:—

વ્યોમ તણી ફરકંત પતાકા
હિમ ડુંગરનો દંડ;
સંસ્કૃતિના જગચોક મહીં
ધ્વજ ફરકંતો પડછંદ]

દીપક: (મેનાની આંખોમાં જોવા દૃષ્ટિ ઊંચી કરી) બા, કેવું સરસ ગીત છે! તને નથી આવડતું? ગાને, આવડતું હોય તો!

[ઊછળીને એક ચૂમી ચોડે છે. નીચેથી આવતા લોકોના અવાજ સાથે મેના પણ જોડાય છે.]

જે ઝંડાને ગાંધીજીએ
સ્ફટિક હૃદયથી ધવલ કીધો,
જે ઝંડાને ભગત, જતીને
રૂધિર રંગથી રંગી દીધો;
લીલા શાંતિ તણા નેજા!
ભારતની ઓ ધર્મધજા!

[નીચેથી વાનરસેના 'દીપકની જય!' ગર્જે

ઊઠે છે અને સૌ ધીમે પસાર થઈ જાય છે.]

દીપકઃ બા, એ કોની જય પુકારતા ગયા?

મેનાઃ દીપકની.

દીપકઃ દીપક કોણ?

મેનાઃ તું બેટા! તેં આજે ધજા ચડાવતાં માથું વધેર્યું એટલે સૌએ તારો જયજયકાર કીધો.

દીપકઃ તે બા, ધજા ચડાવે તેની જય બોલાવે એમ? તો તું ય ચડાવને! હું, ઊર્મિ અને સુંદર ત્રણે ય તારી જય બોલાવશું.

[મેના દીપકને એક ચૂમી લે છે. દીપક ઘડીભર આકાશમાં જોઇ રહે છે.]

બા, જો તો, તારાઓ આંખો પટપટાવે! મારે આજે નવ વાગ્યે ફરવા જવાનું છે એની મને તેઓ યાદ આપે છે! તું ય આવીશને?

મેનાઃ હા, બેટા.

[ફરી થોડીવાર દીપક આકાશની આંખોમાં આંખો પરોવે છે.]

બા, આકાશમાં તારા ઊગે અને ઓરડામાં કેમ નહિ ઊગતા હોય? બા, બંગલા ઉપર વાવટો ચડાવીએ તો ઓરડામાં ય તારા ઊગે, હો!

[મેનાની આંખમાંથી બે આંસુઓ સરી દીપકનાં સોનેરી ઝુલ્ફાંઓમાં અટવાઇ જાય છે.]

બા, મને ઊંઘ આવે છે. હું સૂઈ જાઉં છું. પણ તું ઊંઘ આવે તો ય ઊંઘતી નહિ. બરાબર નવને ટકોરે મને ઉઠાડજે હો! અને તમે—તું, ઊર્મિ અને સુંદર તૈયાર થઇ રહેજો.

[મેના દીપકને સુવાડી દે છે. સર અમલ પાસે આવી એનું માથું પંપાળવા લાગે છે. એમની આંખમાં આંસુ સમાતાં નથી. દીપક ફરી જાગે છે.]

બા, બપોરે ઊર્મિ કહેતી હતી કે પાટાથી મારૂં મોઢું સરસ લાગે છે. અરીસો લાવને! જોઉં તો ખરો!

[સર અમલ અરીસો લાવી દીપકના મોઢા સામે ધરે છે. દીપક અરીસામાં જોઇ રહે છે. એની આંખો ચમકવા લાગે છે.]

બા, પાટો ય જાણે રાષ્ટ્રધ્વજ જેવો લાગે છે. મારા લોહીનો લાલ રંગ, કપડાંનો સફેદ રંગ અને લીલા રંગને બદલે મારા વાળ! અને રેંટિયો તો કેટલી ય વાર કહ્યું તો ય બાપુ ક્યાં લાવી દે છે! (રોષ કરતો) જાવ, લઈ જાવ તમારો અરીસો! અમારે તમારા અરીસામાં નથી જોવું.

[સર અમલ અરીસો લઈ જાય છે. થોડીવારે શાંતિ પથરાય છે. દીપક ફરી આંખો ઉઘાડે છે.]

બા, હું ફરવા જાઉં, પછી તું ગાંધીજીને જેલમાં કાગળ લખીશને કે દીપક ફરવા ગયો છે! પણ એવું લખજે કે દીપક જ્યાં જશે ત્યાં વાવટો ફરકતો રાખશે!

મેનાઃ (એક બચી ભરી) હા બેટા, જરૂર લખીશ. પણ હવે તું સૂઈ જા.

દીપકઃ હા, હવે હું સૂઇ જાઉં છું. પણ યાદ રાખજે; બરાબર નવને ટકોરે, હો!

[દીપક આંખો મીંચી જાય છે. શૂન્યકાર છવાય છે. દીપકની છાતીની ધમણ ઊપડતી જાય છે.]

સર અમલઃ (પાસે જઇ) ઊંઘી ગયો લાગે છે.

મેનાઃ હા . . . પણ . . . (આંખમાંથી આંસુની ધારાઓ વહે છે.)

ડૉઃ મેનાબ્હેન, ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખો! જેણે એને સર્જ્યો છે એ જ એનું સંરક્ષણ કરશે.

મેનાઃ ડૉક્ટર, તમારે દીકરો છે?

ડૉઃ ના, મેનાબ્હેન!

મેનાઃ તો બસ કરો!

[ડૉક્ટર આંટા મારવા લાગે છે. સર અમલ ઓશીકાની બીજી બાજુએ નીચે વદને બેસી રહે છે.]

આ બધા તમારા પ્રતાપ!

સર અમલઃ મેના, તને એમ કહેવાનો અધિકાર છે. પણ જો તું મારા મનની સ્થિતિ જાણતી હોત!

મેનાઃ (આંસુ લૂછતી) મારે તો હવે મન જેવું જ કશું રહ્યું નથી.

સર અમલઃ સંભવ છે, મેના.

મેનાઃ (રડી પડતી) વાહ રે પિતા! શી તટસ્થતા?

સર અમલઃ (મનની લાગણીઓ દબાવી) હું પુરુષ છું, મેના!

મેનાઃ અને હું માતા છું, અમલ! દીપક વિના મને . . . .

[ઘડિયાળમાં નવના ટકોરા થાય છે. દીપક ઝબકીને જાગી જાય છે. સૌ ચમકી રહે છે.]

દીપકઃ બા, નવના ટકોરા થયા, નહિ? ચાલો, ચાલો ત્યારે હું ફરવા ઊપડું. પછી બા, મેં વિચાર ફેરવી નાખ્યો. મેં એકલા જ જવાનું નક્કી કર્યું! એ રસ્તે એકલા જ સારૂં. બાપુ, ઊર્મિ, જાઉં છું હો! અને બા, મોડી રાત સુધી પાછો ન ફરૂં તો ય મારી

રાહ નહિ જોતી હો ! (થોડી વારે) અને બા, ગાંધીજીને જેલમાં કાગળ લખવાનું નહિ ચૂકતી.

[દીપક આંખો મીંચી દે છે.]

મેના (બેબાકળી) બેટા, બેટા ! . . . .

[એનો અવાજ ફાટી જાય છે. દીપકના શરીર પર એ ઢગલો થઇ જાય છે. ઊર્મિ રડવા લાગે છે.]

ડૉ: (પાસે જઇ નાડી તપાસી) દીપક હોલવાઇ ગયો!

સર અમલ: આખું જગત અંધારૂં! અંધારૂં!! ઓહ! ઓહ!! નથી ખમાતું!

[બે હાથમાં જોરથી માથું દાબી ઝરૂખામાં આંટા મારવા લાગે છે. મેનાનો કલ્પાંત આખા ઓરડાને કંપાવી મૂકે છે. પવનની લહેરખી દીપકની લટોને એના હસતા ચહેરા ઉપર રમાડી જાય છે.]

સર અમલ: (ટેલીફોન પાસે જઇ) યસ. વન, ફોર નૉટ સેવન.

[થોડીવારે]

હં, કૉંગ્રેસ હાઉસ? હાં, કોણ છો તમે?

[સાંભળે છે; પછી] સ્વયંસેવક?

હા, જરા શિશિરકુમારને બોલાવો તો!

[સાંભળીને]

સંગ્રામસમિતિની મીટિંગ ચાલે છે તે નહિ આવી શકે, એમ? પણ જરા એમને કહોને, કે સર અમલ દેરાસરી અગત્યના કામસર બે મિનિટ બોલાવે છે.

[ટેલીફોન નીચે મૂકી ટહેલવા લાગે છે. ખિતાબખત પાસે જઈ એક મુક્કાથી એના ચૂરા કરી નાખે છે. હાથમાંથી લોહી વહેવા લાગે છે. ભૂત ભરાયું હોય તેમ દીપકના પલંગ પાસે જઈ એ લોહીવાળા હાથે દીપકના પગને અડકે છે. પછી એ બે પગ ઉપર માથું મૂકી ડૂસકાં ભરવા લાગે છે.]

બેટા, તેં તારા બાપુને આજે જન્મ આપ્યો!

[ફરી ટેલીફોન પાસે જઇ એક હાથે રૂમાલથી આંસુ લૂછતા બીજે હાથે ટેલીફોન ઉઠાવે છે.]

હં! આપ કોણ? [સાંભળીને] શિશિરકુમાર? વારૂ, શહેરમાં જાહેર કરો કે આવતી કાલની વડાલા રેઇડ સર અમલ દેરાસરી લીડ કરશે. સમજ્યા? ઉપકાર!

[ટેલીફોન ગમ્મતથી નીચે મૂકી ધીમે પગલે બીજા રૂમમાં ચાલ્યા જાય છે.]

કૃષ્ણલાલ શ્રીધરાણી

चरैवेति । ચાલ્યા જ કર

नानाश्रान्ताय श्रीरस्तीति रोहित शुश्रुम ।
पापो नृषद्वरो जन इन्द्र इच्चरतः सखा ॥

पुष्पिण्यौ चरतो जङ्घे भूष्णुरात्मा फलग्रहिः ।
शेरेऽस्य सर्वे पाप्मानः श्रमेण प्रपथे हताः ॥

आस्ते भग आसीनस्योर्ध्वस्तिष्ठति तिष्ठतः ।
शेते निपद्यमानस्य चराति चरतो भगः ॥

कलिः शयाना भवति संजिहानस्तु द्वापरः ।
उत्तिष्ठंस्त्रेता भवति कृतं संपद्यते चरन् ॥

चरन् वै मधु विन्दति चरन् स्वादुमुदुम्बरम् ।
सूर्यस्य पश्य श्रेमाणं यो न तन्द्रयते चरन् ॥

શ્રાન્તને માટ નાનાશ્રી એમ રોહિત, સાંભળ્યું;
બેસી રહેનાર છે પાપી સખા ઇન્દ્ર ચલન્તનો.

જંઘા સપુષ્પ થઇને ફળે છે ચાલનારની;
એનાં થાકે હણાયાં સૌ પાપો પંથે પડ્યાં રહે.

બેસે છે ભાગ્ય બેઠાનું, ઊભું, ઊભા રહેલનું;
સૂતેલાનું રહે સૂતું, ચાલે ભાગ્ય ચલન્તનું.

કલિયુગ થાય છે સૂતે, દ્વાપર બેસવા થકી;
બને ત્રેતા થતાં ઊભો, ચાલતો કૃત* થાય છે.

ચાલતો મધુને પામે, ચાલતો મીઠું ઊંબરું;
સૂર્યના શ્રમને પેખ, ચાલતાં જે ન આળસે.

રામનારાયણ વિશ્વનાથ પાઠક

* કૃત=કૃતયુગ—સત્યુગ

હડકી વારી આઈ

અનુસંધાન પૃ. ૧૩૯થી

'એ . . . . રામરામ! લાખા, રામરામ! તકડો ધિરે જા, લાખા! તારી ભેણની અખીયું ત રોઇરોઇને અંધી થઇ ગઇ સે ને હવે ત લાંઘણ ખેંચે સે—'

'એ હવે ધરિયોલાલ રાખસે, જોધા. ભાણ ભેરા બેનને ખોયડે પગ વાળસું. કયાં ખેડચો જોધા?'

'એ ભારીન ને પુઢિયા સીસલ. ને મુસો જીરો હોય ત ભેરો દ્યો, ભારીનના અરણુંને કામ આવી જસે—'

'લખ લ્યાનત, ભેંસા જોધા' હણે ગોઢને વટ આવીઆ સી ઉંવાં વરી તું કયાંથી આડો ઊતર્યો. ને ઇ તારો ગડો ભારીન કી પુજસે, જોધા? પેલપેલા સુતારવાડે જઇ ધરીયું નખાવી આવ 'ને મુસો માની ખાઇ તૈયાર વિઠો છે. મોસમ ખમી જા તો વરી રસ્સે બાંધી ભારીન પો'ચાડી દેસું—'

રાતના બે વાગ્યે હડકિયો નેસ ઢૂંકડો થઇ રહ્યો. ભરતીનાં પાણી જોશબંધ જુજવી નાળોમાં પેસતાં હતાં. વાવડો પાછો ફરવા માંડચો હતો. લાખાએ ફરી સુકાન લીધું. વહાણને વાંઢાર દબાવવા નીરમની છીપરો ભંડારિયામાં અડાવી દીધી. રાધો સઢ છોડવાબાંધવા, ટોકનાં મૂળ પલાણી બેઠો. પવન પાણીના વ્હેમાં ઝોલાં ખાતો બગલો હડકીની સોત લેતો જોશભેર વધવા મંડચો. મુસો મોરા પર ઊભોઊભો ઘડાની ચીંધણી કરતો હાકોટા દેવા લાગ્યો, અને ખારવાઓનાં કાળમીંઢ જેવાં મજબૂત બદનો બેવડાં વળીવળી સુકાનના ઈસારે સઢ ઘટાવવા લાગ્યા. ઉપર કાળાભમ્મર આકાશમાં તારા ઝબુકતા'તા; નીચે એથી પણ કાળાં લાગતાં પાણીનો ઘૂઘવાટ સંભળાતો'તો. વહાણના સાંધા ચરડચરડ બોલતા હતા. ગરેડીમાંથી રસ્સા ફરતા તણખા ઊડતા દેખાતા હતા.

'ખબરદાર લાખા! ખબ્બા હેંથલવારો ઘડો ઢુકડાય છે. એ... દરિયા સલામત! છભાસ જુસાં વામ છેટો કાઢચો લાખા! હણે હડકીના કુના દેખાય છે. ભેંસા કમોસમે જ્યાંત્યાં લગ્યા પ્યા છે. છભાસ હિકડો ફકત દેઢ વામ મથે વ્યો.' થંભ પાસે ઇબરામે ધૂપ મૂકચો. સૌએ દરિયાપીરને યાદ કર્યા. લાખો નીચો નમી સુકાન ફેરવે છે. મુસાનો અવાજ લાખાને ચેતાવતો જાય છે.

'ટોંક છડાય રાધા.' લાખાએ હુકમ કર્યો: 'જો રસો ન છૂટે! વાવડો જોર છે બચ્ચા! હડકીનો ભરોસો નહિ, બચ્ચા! ખ બ ર દા . . ર!' લાખો ત્રાડૂકચો. થંભમાંથી ગજ બે ગજનો ટુકડો ઝૂંટાવી સઢ ફરફરાટી બોલાવવા લાગ્યો. પગને અંગૂઠે પરમાણુ ઝાલી, રાધાએ કમરમાંથી ચાકુ કાઢચો 'ને બંધ કાપવા લાગ્યો. નીચેથી સડસડાટ કરતો લધો રાધાની મદદે વધ્યો, ત્યાં રાધાનો પગ છૂટચો અને વહાણના ઝોક સોતો રાધો વહાણથી ચારપાંચ વામ પર ભમરી ખાતા પાણીમાં જઇ પડચો.

'ખામોશ બચ્ચા! છેડો ઝલ! વાહ દરિયાપીર!' મુસાએ રસો ફેંકતાં કહ્યું. પણ રાધાનું નામનિશાન નો'તું.

લાખાએ ભાણાને સુકાન આપવા માંડયું, પણ આ વખતની કિંમત ભાણો સમજતો હતો. પાંચપાંચ વર્ષની સફરોએ એને ખારવાની જિંદગીના ખેલ બરાબર સમજાવી દીધા'તા. હડકીને મોંએ સુકાન પકડે કાં લાખો ને કાં મુસો. એ બે વિના બધાના જીવ જોખામાં હતા.

'ન હોય મામા! પેલો વા'ણ પછી બીજો બધો. ઈ કામ મારો છે. ઉકર્યાં તો મળસું, ન કાં માને પાયલાગણ—'


લાખો હજી સુકાન ખૂંટિયે બાંધે તે પહેલાં તો કીલઉકાળ પાણીમાં ભાણિયો ગેબ થઇ ગયો હતો. ચારપાંચ વામ એનો આકાર રાધાની ખોજમાં તરતો દેખાયો, પછી એ પણ દેખાતો બંધ પડચો. હવે કિસ્મત પર વહાણ છોડી લાખો પણ કૂદ્યો. મુસાએ દોડી સુકાન લીધું. આવા જુવાળમાં હડકીનું પેટ લોઢી ન જ ઝાલે, એટલે મુસાએ વહાણને ચકરાવામાં નાખ્યું. લધો ને ધનો ધંગી ઉતારી ડૂબતા તરતા પાણીમાં પડેલાની શોધમાં ચાલ્યા. વહાણ ઉપર ને ધંગીમાં ફાનસો સળગાવ્યાં. કલાકો સુધી મથામણ કરી. સવાર સુધી સૌએ તનતોડ મહેનત કરી. છેવટે રાધો ઠેઠ ટેકરાવાળે ધડે જીવતો હાથ આવ્યો. વળી બેવડી મહેનત કરી, પણ લાખો અને ભાણિયો હાથ ન જ આવ્યા. ન છૂટકે મુસાએ વહાણ બીજા નજદીકને બંદરે હંકાર્યું.

ઓસ્માને દાસ્તાન પૂરું કરતાં કહ્યું: 'ઉ રાતે, સાબ, રૂડીને દરિયાપીરે બસારત કરી, ને ઉ મરતાં મરતાં પણ ઊઠી ને સજી રાત કંદિલ ખણી ટીંટાડી વારીયે સજો કંઠો મથે કાઢ્યો. બધાંને થીયો કે હવે એની ડાગરી જુકાં જરૂર ખીસી વઇ; પણ અલ્લાની વાતું ઇન્સાન નથી સમજતો, સાબ. આલર ટાણે ખારવા કંઠે ગિયા, ત અટાર ઉપર ત્રે લાસું પઇ છે. કંદિલ બરતો'તો એની ઇન પડખે લાખો પ્યો છે; ઉન પડખે રૂડી ને એનો પુતર પ્યો છે. કંતાનમાં નાંખી મિણીંને ગામમાં ખણી આયા ને ચોક વિચે સુવાડી. ઇયાં વરી ઇકડો મોજેજો થ્યો. ત્રે લાસ ભેરી રાખી'તી,

પણ હરવખત રૂડી ને એના પુતરની લાસ લાખાથી આઘી હાલી જાય. દિવસ ચડ્યો ને સગાંવાલાં ભેરાં થઈ બધી લાસને ભેરી ખડકી, પણ જેસ તંયાં લાખાને જુદો ન કઢ્યો તેસ તંયાં આગ જ ન પેટી. પછી જીડાં આઇનો થાનક છે તીંયાં માપુતરને બાર્યાં ને જીડાં ફ્લિાટ પ્યો છે તીંયાં લાખાને બાર્યો. ઉજ રાત વરી બીજી કરામત થઇ. જુ ઠેકાણે માદીકરો બર્યાં'તાં તી જગોએ રાતનાં પીંઢમારીયે ઇકડો કંદિલ પેટી ગ્યો. વટ જઇયેં ત કાંય ન દેખાય; પણ ઠેઠ હડકીના મું વટાંથી કંદિલ દેખાતો'તો. પછી તો હર રાતે પીંઢ-મારીંયે કંદિલ દેખાય. ને હડકીના નાખવાને ત ઉ કંદિલ ગોયા ઇકડો આસીસ થી પ્યો. પછી ઈયાં થાનક બાંધી આઇનો નામ લઇ ગામલોકે સેસા કીધી ને રોજ કંદિલ પેટાવવાનો બંધોબસ્ત કીધો. અજ પણ જુકાં અસી કંદિલ પેટાવતાં ભૂલી વિનું ત પણ કંદિલ ત પીંઢમારીયે થાય છે. ઉ કંદિલે ઇલાહી ખારવાના જાન બચાવ્યા છે. આઇનો પરચો જોવો હોય ત તો હાજરાહજુર છે, સાબ. બાકી લાખાનો હજી છૂટકારો નથી. ઉ ચૌદશની રાતે ફ્લિાટ પર બેસી આઇની દુવા માગે છે; પણ હજુ એનો ફેસલો થીયો નથી લાગતો. પણ લાખો કોઇને કજા નથી દેતો. જુકા ઉ ચોકિયાતોએ ખુડધમ ન મારી હોત ત લાખો એનો નામ ન લેત, સાબ. ઉન ડિ પછી ઈકડી વાર લાખો નકટી માથે ઇકડી ધંગીને જોરીતી—તડાં તુણાં નકટીનાં પાણી સુકાઇ ગ્યાં ને લાખાનો ફેસલો થાય તંઇયે ખરો.

હણે આજ રાતજો પાધ્યે સાબ ને બંગાલી બાબુ બે ય ભેરી પિસ્તુંલું ને શરાબના બાટલા લઇને ફ્લિાટ પર ગ્યા છે, એમાં ફાયદો નથી થાવાનો. બાકી તો સાબને ઠીક લાગે ઇ ખરો. મું ત જુકો સચ્ચી બીના છે ઇ ચઇ દીધી."

બીજે દહાડે વહેલી સવારે અર્નેસ્ટને બંગલે આહ માંડ઼વીથી ટેલિફોન આવ્યો. પાધ્યે અને બંગાલી ડ્રાફ્ટસમૅન બંને તાવથી પટકાયા હતા. તાવ મગજ પર ગયો હતો જેથી બોલવાનું ભાન ન હતું. અર્નેસ્ટે



લાખો હજી સુકાન ખૂંટિયે બાંધે તે પહેલાં તો કીલકીકાળ પાણીમાં ભાણિયો ગેબ થઈ ગયો હતો

ડૉક્ટર માટે મોટર મોકલી આપી.

બપોરના ડૉક્ટર આવી પહોંચ્યો. તાવ નહિ જેવો હતો, છતાં મગજ ઉપર સખત અસર હતી. દવા આપી, પણ ડૉક્ટર દર્દ પારખી ન શક્યો. બરાબર ચૌદ દહાડે બેય બોલતા જેવા થયા. જૂના બનાવની કોઇને ખાસ યાદ ન હતી. ફ્લૅટ ઉપર પહોંચ્યા પછી તુરત જ ઊંઘી ગયા હોઇશું એમ બેઉ કહેતા હતા.

થોડા દહાડા પછી સ્ટોરકીપરે અર્નેસ્ટના હાથમાં સ્ટોરલિસ્ટ મૂક્યું.

'વેલ મિ. અંતાણી, આમાં કેટલીક તપસીલો માટેનો ઇન્ડેન્ટમેમો નથી દેખાતો ?'

'યસ સર, એ માલ મિ. પાધ્યે અને ટ્રાફ્ટસમૅન બાબુના અંગત ખાતે છે.'

'અંગત ખાતે કેવી રીતે ?'

'એ લોકોએ થોડુંક ખાનગી બાંધકામ કરવા માટે સીમેન્ટ ને રેતી લીધેલાં. એ માટેનું બિલ આ સાથે છે.'

'સીમેન્ટ ? અહીં તો સીમેન્ટનું કંઇ જ ચણતર નથી ને ?'

'નો સર; મિસ્ટર પાધ્યેએ આઇના થાનકનો જીર્ણોદ્ધાર કર્યો, તેમાં એ વાપર્યું.'

'આઇના થાનકનો ? વેલ, ધૅટ્સ સમથિંગ. તમે આ બિલ એકાઉન્ટન્ટને સમજાવી હું કહું તે પ્રમાણે ઉધરાવજો.'

ધક્કા પર અર્નેસ્ટને પાધ્યે મળ્યો.

'તમને ફરી સાજા થયેલા જોઇ હું બહુ ખુશ થયો છું, મિ. પાધ્યે. અને ટ્રાફ્ટસમૅને રાજીનામું આપ્યું છે એ તો તમે જાણતા હશો ? બાઇ ધ બાઇ, પેલા આઇના થાનક વિષે. એ બિલ તમારે ચૂકવવાની જરૂર નથી. એવા ખરચથી તો આપણો મજૂરવર્ગ ખુશ થાય, એટલે એ ખાતે હું ખર્ચ સૅન્ક્શન કરવા તૈયાર છું.'

'થૅન્ક યુ, મિ. અર્નેસ્ટ; પણ આ અંગત ખર્ચ હું કારખાના ખાતે નાખવા ખુશ નથી.'

'પ્લીઝ યૅારસેલ્ફ, ઓલ્ડ મૅન. તમે એને અંગત બાબત માનવા તૈયાર છો એ જોઇ હું ઘણો ખુશ છું.' અને મશ્કરીમાં હસતો અર્નેસ્ટ પાધ્યે તરફ જોવા લાગ્યો.


આખરે પણ દુનિયાભરના બારવાઓ વચ્ચે દરિયો એક ખાસ ક્રીમૅશનરી સ્થાપે છે એ વાતની ખુશ્કી લોકને ક્યાંથી ખબર હોય ?

'સુકાની'




ઉપરની વાર્તામાં આવતા થોડાક શબ્દોના અર્થ

હાર=અરબ્બી સમુદ્ર; કંઠાર=કાંઠો; ધડો=છીછરું પેટાળ; અટાર=રેતી; ચેરિયાના ઝાંમા=Mangrove Swamps; બરૂદ=ઊંડાઇ માપવાનું સીસું; અસોસ=ચાલુ; ઇલાહી=ઘણું; ઘોસ કરવો=એક બંદરથી નીકળી ફરી તે જ અથવા નિયત બંદરે સફર કરવી; સીસલ=Sychelles ટાપુ–હિંદી મહાસાગરમાં; આધન=એડન; વાંઢાર=પાછલો ભાગ; ગ્યો=ગયો; સાબ=સા'બ–સાહેબ (ઓરમાનની કચ્છી ભાષામાં તે બધે 'બ'ને બદલે 'ભ' વાપરે છે તે ખ્યાલમાં રાખવાથી એની ભાષા સમજી શકાશે); પ્યો=પડ્યો; મોરો=(ફર્લૅટનો) Prow, Fore; ઝાંખો=ભૂતના વાસવાળો; હોબ્બેશ Heave Ho!: ચિકાર=Hard; ખબા=Portside; રાડ=Rod; પીંઢમારો=પોતાની મેળે; મું વિનીને=હું જઇને; હેવલ્લા હી=હમણાં જ; ખગી આવું છું=લઈ આવું છું; મોરાનો ખૂંટિયો=મોરા પરનો ખૂંધ જેવો લાકડાનો ખીલો; ખુડધમ=રસામાં ગોળ પથ્થર વણીને બનાવેલું હથિયાર; કિતાબું પિડેલ=કિતાબો પઢેલ, જુસાં/ભૅસાં=ઉદ્‌ગારો; સજી જમાર=આખી જિંદગી; અસીં ઇતરા નીંઢા વા તૅસ તુણા=અમે આટલા નાના હતા ત્યારના; ગે–ડાડા=બાપદાદા; મિંણીને=માણસને; સિફત=છદ; સુલુ=જાવાસુમાત્રાના દરિયા (Sulu Sea)ના; જુઆસમી=અરબ કોમ જુઆસમીના; ધામણુ=રસો; તલઈ મનારની ખાડી=કન્યાકુમારી પાસેની ખાડી; માગરા=ઇરાની અખાતનું બંદર Mahomerah; હણે=હવે; આલર=વળતાં પાણી; પગો=વકફ બાંધેલો રસો; પિરોટણ=પીરની જગ્યા; વારીયેં=ની પેઠે; જલાય=પકડ; સાર=પરમાણને કુવાની ગરેડીમાં પકડી રાખતો રસો; ઘટાવ=દૂંભી કર; ગીંસી=નાકધસાણી; તિડો=કેડ; ત્રુરી પ્યો=ભાંગી ગઇ; લફે=ઊડે; ચુવાજે=કહેવાય; ગિહિના સુલેમાન વારીયેં ઉભ્યો પ્યો'તો નકાં મુને તિડો બલાય ન જુરત વરી=માટીના પૂતળાં પેઠે ઊભો રહ્યો હતો, નહિતર વળી મારી કેડ ન જ ભાંગત; નેવાર=ગાળ છે; તડકો=ઉતાવળો; બારીન=બહેરીન; છરો=છાતો; ગોડ=ઘર; વટ=પાસે; હૅંગલવારો=હેંગલની નાળવાળો; ડતા=ધડાને એ નામે બોલાવે છે; ધગી=નાનકડો મળવો; બસારત=Pre-sentiment; મોજેજો=ચમત્કાર; જેસ તંયાં=ત્યાં સુધી.



આકાશી ગાન — ચિત્રકાર · વિનાયક મસોજી

ઘેરા આકાશપટ પર બરફનાં શિખરો શા શ્વેત વાદળગોટ ચડે છે ને વિભુની અમીભરી આંખ સમી ચંદ્રિકાની જ્યોતિ ચમકે છે ત્યારે કલાકારની પીંછી જે અદ્ભુત દર્શન પામે છે તેની સુરમ્ય છાપ ઉતારનાર શ્રી વિનાયક મસોજી શાંતિનિકેતનના કલાભવનમાં શ્રી નંદલાલ બોઝ પાસેથી કલાપ્રસાદી લઇ ત્યાં જ અધ્યાપક તરીકે સ્થિર થયા છે, છતાં કુદરતની ખાસ કૃપા હોય એવી શરીર-સમૃદ્ધિને લીધે યુવાન લોહી તેમને વારંવાર સાહસપ્રવાસો તરફ ઘસડી જાય છે. તેમણે હિંદુસ્તાન આખો જોઈ લીધો છે ને હમણાં તાજેતરમાં જ કૈલાસ શિખરની પ્રદક્ષિણા કરી આવ્યા છે. બધી મર્દાની ને મયદાની રમતોના શોખીન હોવા સાથે તે સંગીતની ઉપાસના ચૂક્યા નથી. જરા ફુરસદ મળે કે તેમના ખંડમાં દિલરૂબાનું ગાન ગાજતી મૂકે છે. તે કોલ્હાપુર તરફના દાક્ષિણાત્ય છે ને મુંબાઇની સરકારી ચિત્રશાળામાં થોડો વખત રહ્યા હતા; પણ ત્યાં ઇપ્સિત અભ્યાસ ન મળતાં શાંતિનિકેતનનો નિવાસ શોધ્યો છે.



સ્વદેશની સેવામાં કલાકારો

ફોટો • બલવન્ત ભટ્ટ

કરાંચી મહાસભાના આમંત્રણથી કુમાર કાર્યાલયે ત્રણ જુવાન કલાકારોને ત્યાં મોકલ્યા હતા. તે પૈકી શ્રી કનુ દેસાઈ અને કૃષ્ણલાલ ભટ્ટ વ્યાખ્યાનપીઠને શણગારવામાં રોકાયા હતા તે વખતે ભાઈ બલવન્ત ભટ્ટે તેમનો આ લાક્ષણિક છાયાપ્રકાશ અને વસ્તુસંયોજનવાળો ફોટોગ્રાફ લઈ એ પ્રસંગને યાદગાર બનાવ્યો છે. વ્યાખ્યાનપીઠ ઉપર દોરેલાં એ રેખાંકનો ઘણાં સૂચક અને પ્રેરક બન્યાં હતાં અને આગંતુકોને ખાસ આકર્ષણરૂપ થયાં હતાં. કુમાર કાર્યાલય તરફથી મહાસભાને આટલી સેવા પહોંચી એ તેની કારકિર્દીમાં એક સુંદર યાદગીરી છે.

'કુમાર'ની કારકિર્દી

આચાર્ય શ્રી આનન્દશંકરભાઇનાં આશિર્વચન

શ્રી હીરાલાલ પારેખે આંકેલું મૂલ્ય · શ્રી 'ગિરીશ' અને ઉપેન્દ્રે આલેખેલી પૂર્વકથાઓ

કૌમાર

આપણા પ્રાચીન ક્રાન્તદર્શીઓએ અને ક્રાન્તદર્શનથી પ્રેરાએલા શાસ્ત્રકારોએ મનુષ્ય-જીવનની તે તે અવસ્થાઓને તે તે અવસ્થાના રહસ્યદર્શી દૃષ્ટિબિંદુથી અવલોકીને દરેકની જુદીજુદી કદર કરી છે, તથા એને અનુકૂળ એવાં શાસ્ત્રો બાંધ્યાં છે. તેમાં બાલ્યમાં કાંઇક ખૂબી, કૌમારમાં જુદી, યૌવનમાં જુદી જ, અને વાર્ધક્યમાં વળી તદ્દન જુદી,—એમ જુદીજુદી ખૂબીઓ અને તેને યોગ્ય ધર્મો રચ્યા છે. હાલના સમયમાં, જેમ આશ્રમધર્મમાં તેમ જ અવસ્થાધર્મમાં પણ સંકર થઇ ગયો છે, અને તેથી ઘણા ઝઘડા થતા જોઇએ છીએ. વસ્તુતઃ વસ્તુ જુદી નથી, માત્ર દૃષ્ટિબિંદુ જુદાં છે; અને તે વસ્તુની જુદીજુદી અવસ્થાઓ પ્રમાણે જુદાં હોય છે. વસ્તુના પૂર્ણ અખંડ સ્વભાવમાં સર્વ દૃષ્ટિબિંદુને સ્થાન છે. સર્વનો સમાવેશ અને સમન્વય છે એટલું સમજવામાં આવે તો ઘણા દુરાગ્રહો મટી જાય, પરસ્પર દ્વેષ, તિરસ્કાર આદિ ભાવોને કારણ ન રહે અને સર્વ અવસ્થાના મનુષ્ય પરસ્પર એકતા સાધીને એક જ પરમ સત્યના ભાગી તરીકે પ્રેમ અને આદરથી પરસ્પર વર્તે.

આ પૂર્વોક્ત જીવન-અવસ્થાઓમાંની એક જે કૌમારાવસ્થા—વ્યક્તિની તેમ જ જનસમૂહના જીવનની—એને લગતા સર્વ વિષયોનું નિરૂપણ કરવાનો અને એને લગતા ભાવ પ્રેરવાનો પ્રધાન આશય 'કુમાર' પત્રે રાખ્યો છે એમ હું સમજું છું. આપણા દેશમાં અત્યારે એક જ આશયથી અમુક પત્ર નિભાવવું પત્રકારોને કઠણ થઈ પડે છે અને તેથી દરેક પત્રકાર પોતાના મુખ્ય ઉદ્દેશથી કાંઇ ને કાંઇ ખસી ગએલો દેખાય છે, અને તે પ્રમાણે 'કુમાર' પત્રના તંત્રીને પણ ઘણીવાર પરિસ્થિતિને નમવું પડ્યું હશે, તોપણ પૂર્વોક્ત કાર્ય એ એનો મુખ્ય પ્રદેશ છે, અને તે શ્રીયુત ભાઈ રવિશંકર રાવળે ગુજરાતમાં પ્રથમ શોધી કાઢ્યો અને એના મહત્ત્વ તરફ ગુજરાતની પ્રજાનું પ્રથમ લક્ષ્ય ખેંચ્યું એ માટે એમનો આપણા ઉપર થોડો ઉપકાર નથી.

એમના કાર્યપ્રદેશમાં કૌમારાવસ્થાનું સકલ જીવન—એટલે આપણા વર્તમાન શાળાના શિક્ષણક્રમની પરિભાષામાં જેને 'Secondary Education' કહે છે તેનો સઘળો પ્રદેશ આવે છે. પણ 'Secondary Education' એટલે ખરૂં જોતાં 'Secondary Schools'—મિડલ સ્કૂલ અને હાઇસ્કૂલ—નો શિક્ષણક્રમ એટલું જ સમજવાનું નથી. શાળાનું શિક્ષણ એ તો તે કાળના સમગ્ર શિક્ષણનો માત્ર એક વિભાગ છે—જેની બહાર કૌમાર જીવનને કેળવવા માટે વિશાળ પ્રદેશ પડેલો છે. એ કાળ વિચારનો નહિ તેટલો દર્શનનો, પરીક્ષણનો નહિ, તેટલો અવલોકનનો છે; અને તેથી એમાં સૌંદર્યનું દર્શન અને સત્યનું અવલોકન અને ચારિત્ર્યનો આચાર—ન વિવેચન, ન પરીક્ષણ, ન વિમર્શન,—પ્રધાનભાગે રહે છે. અને તેથી યોગ્ય જ રીતે, શુદ્ધ અને પવિત્ર સૌંદર્યનાં ચિત્રો, સૃષ્ટિની વિવિધ વસ્તુઓનાં વર્ણનો, અને વીર અને ઉદાર મહાપુરુષોનાં ચરિત્રો એ 'કુમાર' પત્રમાં મુખ્ય સ્થાને હોવાં જોઇએ અને હોય છે.

આજ એ પત્રને શુભ દિવસે મારી ભાવના પ્રકટ કરવા ઇચ્છું તો એના મુખપૃષ્ઠ પર શકુન્તલાના કુમાર ભરતનું—સિંહનો કાન પકડીને ખેંચતા અને સિંહને 'ઉઘાડ તારા દાંત' એમ કહેતા કુમાર ભરતનું—ચિત્ર મૂકું. વર્તમાન દેશના વાતાવરણમાંથી પ્રેરણા લઇ ભલે એમાં કોઇ બ્રિટિશ સિંહને પ્રેમ અને બળથી રમાડતા અને વશ કરતા આર્ય ભારત દેશની મૂર્તિ નિહાળે; કોઇ ભલે પાશ્ચાત્ય સંસ્કૃતિમાંથી સૂચના લઈ, વિકરાળ પ્રકૃતિનું મુખ ફાડી એનાં રહસ્ય ઉકેલનાર સાયન્સનું ચિત્ર જુએ; પણ એ બે ધ્વનિ કરતાં પણ એનો વાચ્યાર્થ—શુદ્ધ કૌમારાવસ્થાનો એકાન્ત અને અભયતાભર્યો ભાવ થોડો રમણીય નથી. એ ભાવ જ અમારા યૌવનને જીવનના વિવિધ સંગ્રામોમાં પવિત્ર વીરરસથી ભરશે, અને એ વીરરસ જ અંતે અમારી જીવનસંધ્યાને સમયે અમને નિર્ભય શાંત ભાવે પ્રભુનાં દર્શન કરાવશે એમ અમને શ્રદ્ધા છે. **આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ**

'કુમાર'નું મૂલ્ય

સન ૧૯૨૫માં ગુજરાતી સામયિક સાહિત્યમાં ત્રણ નવાં પત્રો કાઢવા આસપાસના સંજોગો ને વ્યવહાર મુશ્કેલીઓથી બીતિવશ કે વ્યગ્ર ન થતા ત્રણ અડગ ગુજરાતીઓ, જાણે કે કોઇ સાહસ ખેડવા નીકળ્યા હોય તેમ, દરેક જણ પોતાના જીવનધ્યેયથી ખેંચાઇને, પોતપોતાના અભિલાષને સિદ્ધ કરવા સારૂ, પોતપોતાના આદર્શોને મૂર્તિમંત બનાવવા સારૂ પ્રવૃત થયા હતા.

'શ્રી દક્ષિણામૂર્તિ'ના તંત્રી શ્રીયુત નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટે, પ્રચલિત કેળવણીની પદ્ધતિથી નિરાશ થઇ તેને યોગ્ય માર્ગે વાળવા, તેમ તેને નવું વલણ આપવા સામળદાસ કૉલેજના અધ્યાપકનો પ્રતિષ્ઠિત ઓદ્ધો છોડી દઇને, એ જ ભાવનગરમાં કેળવણી સુધારાનું કાર્ય હાથ ધરેલું અને તેને અંગે શ્રી દક્ષિણામૂર્તિભવન ચલાવતા હતા, ત્યાંથી ઉપરના નામનું સામયિક શરૂ કર્યું. આજે એ દક્ષિણામૂર્તિભવનના પ્રકાશનોએ આખા પ્રાંતમાં કેળવણીની આગેવાની લીધી છે એમ કોઇ પણ કબૂલ કરશે. બીજું ત્રૈમાસિક 'કૌમુદી' પણ એ જ શહેરના વતની, પરંતુ મુંબાઇના વાતાવરણમાં ઉછરેલા અને પોષણ પામેલા શ્રીયુત વિજયરાય કલ્યાણરાય વૈદ્યે ગુજરાતી સાહિત્યના વિકાસ અને અભિવૃદ્ધિ માટે કાઢ્યું. સાહિત્યસેવાને જ પોતાનું જીવનધ્યેય બનાવી, તે માટે ફકીરી ધરવાનો બનાવ, એ આપણા ગુજરાતી સાહિત્યમાં આ યુગમાં તેમના જીવનથી દૃષ્ટાંતરૂપ બન્યો છે. એક જ ધ્યેયની પાછળ જે આગ્રહ ને મનોબળ અનેક અડચણો પડવા છતાં તેઓ બતાવી રહ્યા છે, એ ખચિત એમના માટે માન ઉત્પન્ન કરે છે. 'ક્વાર્ટર્લી રિવ્યુ' કે 'એડિનબર્ગ રિવ્યુ' જેવું એકાદ ત્રૈમાસિક ગુજરાતીમાં નીકળતું જોવાને હું ઘણી વાર ઇચ્છતો. મારો એ મનોરથ ત્રૈમાસિક 'કૌમુદી'એ સિદ્ધ કર્યો છે એમ મારે આનંદસહ કહેવું જોઇએ.

ઉપરોક્ત બે પત્રોની પેઠે ત્રીજું માસિક 'કુમાર' શરૂ કરનાર શ્રી રવિશંકર રાવળ પણ ભાવનાશીલ ને કલામગ્ન ઉત્સાહી પુરુષ છે. એઓ પણ ભાવનગરના જ વતની. તેઓ પહેલા બે તંત્રીઓની પેઠે યુનિવર્સિટીના પદવીધારી નથી, પરંતુ સર જે.જે. સ્કુલ ઑફ આર્ટના મેડલિસ્ટ અને મુંબાઇની આર્ટ સોસાઇટીનો સુવર્ણ ચંદ્રક મેળવનાર ગુજરાતી કલાકારોમાં પહેલા છે. એમણે ઇચ્છયું હોત તો પોતાના ચિત્રકારના ધંધાને વળગી રહી સારી સંપત્તિ પ્રાપ્ત કરત; પણ એમનું માનસ કળાની સેવાનાં સ્વપ્નો સેવતું હતું. વિદ્યાર્થી અવસ્થામાંથી જ હિંદની પ્રાચીન કળા પ્રતિ પ્રેમ થએલો, અને જેમજેમ એ પ્રેમ દૃઢીભૂત થતો ગયો તેમતેમ હિંદી કળાના ઉદ્ધાર માટે એમનું મન રાતદિવસ વલોવાતું, અને આપણી જનતામાં કળા પ્રતિ જે પ્રમાદ છે તે કેમ દૂર થાય અને તે પૂર્વવત્ કળાપૂજક ને કળારસિક કેમ બને એવો માર્ગ શોધતા રહેતા. આ મનોદશામાં એમને 'વીસમી સદીના' સ્થાપક સ્વર્ગસ્થ હાજીમહમ્મદનો સમાગમ થયો. બંને સ્વપ્નો સેવનારા અને દેશનાં કળા તથા સાહિત્યના ઉત્કર્ષ માટે મંથન કરનારા. સ્વ. હાજીમહમ્મદની સંગતિથી શ્રી રવિશંકર રાવળને ચિત્રમય પત્રકારિત્વનો રસ લાગ્યો. એ પહેલાં માત્ર સ્ટુડિયોઆર્ટ ઉપર જ તેમનું લક્ષ્ય હતું. આપણાં માસિકોની આર્થિક સ્થિતિ ઘણીખરી ખોટમાં હોય છે; 'વીસમી સદી'નો દાખલો તેમની આંખ સમક્ષ હતો; જાતે એવા શ્રીમંત નહોતા કે એ કાર્યમાં ખર્ચનો મોટો બોજો ઉપાડી શકે; પણ એમણે જોઇ લીધું કે આપણા પ્રાંતમાં કળાનો પ્રચાર કરવો હોય, લોકને લલિતકળાનો રંગ લગાડવો હોય તો એક મુખપત્ર કાઢ્યે જ છૂટકો છે. ભલે પછી તેમાં દ્રવ્યની પ્રાપ્તિ થાય નહિ. ઊલટું તેમાં ખોટ ખમવા તેમજ વખત આવ્યે આજીવિકાનો ભોગ આપવા પણ તૈયાર રહેવું જોઇએ.

જ્યારથી 'કુમાર'ના તંત્રીએ અમદાવાદમાં આવી થાણું નાખ્યું ત્યારથી હું એમના નિકટ સમાગમમાં છું અને એમની સાથેની વાતચીતમાં મને હમેશાં એમના કળાપ્રેમનું દર્શન થયું છે. એમને મેં કદી ધંધા વિષે વલખાં મારતા જોયા નથી, પણ આપણી પ્રાચીન કળાના ગૌરવ ને સૌંદર્ય માટે, કળાના પુનરુદ્ધાર ને પ્રચાર અર્થે ઉત્સાહ દાખવતા ને તલસતા જ જોયા છે.

એમની ઊંડી નજર ને ઊંચી પરીક્ષાશક્તિનો ખ્યાલ એટલા પરથી આવી શકશે કે કળાપ્રચારાર્થે જે મુખપત્ર કાઢવાનું એમણે નક્કી કર્યું તે કુમારો માટે ખાસ નિયત કર્યું, કે જે નવી પેઢીના ઘડનારા છે અને જેમના પર કળાના સંસ્કાર જલદી ને સરળતાથી પાડી શકાય. વળી વધુ આનંદજનક ને મગરૂરી લેવા જેવું તો એ છે કે એ કાર્ય વ્યક્તિગત રહ્યું નથી પણ એક સંસ્થારૂપે

પરિણામ પામ્યું છે. 'કુમાર કાર્યાલય' તરીકે આજ તે બૃહદ્ ગુજરાતમાં પ્રસિદ્ધિ ને કીર્તિ પામી છે.

સન ૧૯૨૦માં છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદ મળી તે વખતે ગુજરાતમાં 'વીસમી સદી' એકલું જ સચિત્ર માસિક હતું અને બાલસાહિત્ય જે નહિ જેવું હતું તેને વધારવા શું કરવું જોઇએ તેનો વિચાર કરવા એક કમિટી નીમાઈ હતી. આ વસ્તુસ્થિતિ લક્ષમાં રાખ્યા પછી વાચકો કળાના તેમજ બાલસાહિત્યમાં આપણે કેટલી પ્રગતિ કરી છે, તેનું માપ કાઢશે તો જણાશે કે એમાં કુમાર કાર્યાલયનો હિસ્સો નાનોસૂનો નથી. કુમાર કાર્યાલયે માસિક દ્વારા સાહિત્ય ઉત્પન્ન કર્યું તેમજ ગુજરાતની મુદ્રણકળામાં નવી રૂચિ ને સંસ્કાર પાડ્યા છે. અનેક પુસ્તકો પરનાં આકર્ષક પૂંઠાં કુમાર કાર્યાલયને આભારી છે. આજે છાપખાનાં તેના ધોરણે સુધારા કરવા મથી રહ્યાં જણાય છે એમાં જ તેની એક મોટી દેશસેવા થઇ ગણાય. ખરી રીતે ગુજરાતમાં કલા માટેનો શોખ સુષુપ્ત હતો તેને જાગૃત કરવાનો યશ જો કોઇ એક વ્યક્તિ કે સંસ્થા લેવાનો દાવો કરે તો તેના હકદાર શ્રી રવિશંકર રાવળ કે કુમાર કાર્યાલય છે એમ સૌને સ્વીકારવું પડશે.

'કુમારે' રસિકતા જાગૃત કરી છે તે સાથે કુમારો અને 'કુમારિકા'ઓ પર શુભ અને ઉન્નત સંસ્કાર પાડવાનું કાર્ય પણ વિસાર્યું નથી એ તેનો એકેએક અંક જોનાર ખાત્રીથી કહી શકશે. તે સંસ્કારો એક જ બાજુના નથી પણ સર્વદેશી, સમગ્ર જીવનને સ્પર્શ કરનારા, આશાપ્રેરક, ઉચ્ચગામી, ઉલ્લાસભર્યા અને નવીન બળ તથા ચેતન અર્પનારાં, તેના સૂક્ષ્મ નિરીક્ષકને જણાયા વિના નહિ રહે. અને તેની રજુઆત એવી દક્ષતાથી, એટલી સફાઇબંધ, બંધબેસતાં ચિત્રો તથા ઊંચા પ્રકારના અને કલોચિત મુદ્રણથી થાય છે કે તે મૂળ વસ્તુને વિશેષ ઓપ આપે છે અને તેને વધુ ખેંચાણકારક તથા તલસ્પર્શી કરે છે અને તેમાં એની વિશેષતા તથા મહત્તા રહેલાં છે.

કુમારે જીવનનો આરંભ કરતાં પૂર્વે પ્રવાસ કરી જીવનસંસ્કાર સમૃદ્ધ કરવા જોઇએ, વા ચરિત્ર વાંચીને જીવનઆદર્શ પ્રાપ્ત કરવા જોઇએ, વા ઇતિહાસ નિરખીને જ્ઞાનની વિશાળતા મેળવી નવીન પ્રેરણાઓ સંગ્રહવી જોઇએ, તેમ વિજ્ઞાનના અધ્યયન દ્વારા જીવનમાં ચોકસાઇ, નિયમબદ્ધતા અને સચોટતાની છાપ ઉતારવા પ્રયત્ન થવો જોઇએ. એ બધી માહિતી, સંસ્કારભંડોળ પ્રાપ્ત થાય એવા વિધવિધ પ્રકારના ઊંચી કોટિના લેખો, કાવ્યો, પ્રવાસવર્ણન, વીરગાથા, કહાણી વગેરે આપી 'કુમાર' નવીન અને ઊછરતી પ્રજાને જે જ્ઞાનસાધન સામગ્રી પીરસે છે તે ખરેખર અનુપમ છે, અને તેમાં પ્રકટ થતો જ્ઞાનલીલા ખંડ અને ટુચકા સંગ્રહ તેનું આકર્ષણ ઓર વધારે છે.

અંગ્રેજીમાં પ્રસિદ્ધ થતું આર્થર મી સંપાદિત 'માઇ મૅગૅઝીન' હાથમાં આવતાં ને જોતાં જે આનંદ ને સુખની લાગણી અનુભવાય છે, એવું 'કુમાર' મળતાં થાય છે. તે એકલા કુમારો માટેનું માસિક રહ્યું નથી પણ નાનામોટા સૌ, સ્ત્રી ને પુરુષ તેનો એકસરખી રીતે લાભ લે છે ને એ જ તેની વિશિષ્ટતા છે.

કુમારોને તે કળા પ્રતિ આકર્ષે છે, તેમના સંસ્કારોને પોષે છે, તેમને નવીન કલ્પનાઓ બક્ષે છે, તેમનું સંકલ્પબળ દૃઢ કરી, તેમને વિધવિધ પ્રેરણાઓ અર્પે છે, તેમના જીવનને રસિક, સમૃદ્ધ અને સંસ્કારી કરે છે; અને આ બધું તે કોઇ પ્રકારના પાંડિત્ય કે વૃથા ડહાપણનો ડોળ કર્યા વિના સ્વાભાવિક રીતે કરે છે તેથી તેને લોકપ્રિયતા રૂપી સિદ્ધિ મળી ચૂકી છે.

સ્વાશ્રય માટેનો ઉત્તમ બોધપાઠ તો પોતાના સાધન અને શક્તિ પર જ અવલંબી રહીને શ્રી રાવળે 'કુમાર'ને પગભર બનાવીને જે રીતે આપ્યો છે તે કોઇ પણ વ્યક્તિને—ખાસ કરીને કુમારોને અનુકરણીય થઇ પડે એવો છે, અને તે એની વિશેષ સિદ્ધિ છે.

ઘણાં માસિકો વ્યક્તિગત નિવડી સફળ થએલાં જાણવામાં છે, પણ આમાં કોઇ એક નામની વિશિષ્ટતા કરતાં સંસ્થાની મહત્તા વધુ માલૂમ પડશે. 'કુમાર'ને પોતાનું કહેવડાવનારી અનેક વ્યક્તિઓ મળી આવશે. આ પ્રકારનું મમત્વ, પોતાનું વ્યક્તિત્વ લુપ્ત થવા દઇને અને સૌનો સહકાર મેળવીને 'કુમાર'ના તંત્રી અને કુમાર કાર્યાલયના સંસ્થાપક શ્રી રાવળે જે ઊભું કર્યું છે અને જે પ્રતિષ્ઠા તથા માન પ્રાપ્ત કર્યાં છે, એ ગુજરાતી પત્રકારિત્વમાં તદ્દન નવીન બનાવ છે.

તેથી 'કુમાર'નું મૂલ્ય મારે મન ઘણું મોટું છે; અને ગુજરાત મગરૂરી તથા માન લઇ શકે એવું તેનું કાર્ય ને કાર્યસિદ્ધિ છે એવો મારો નમ્ર અભિપ્રાય છે.

હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ

કાળના તરંગે

નવ્વાણુ માસ 'કુમાર'ને થયા, અને આ એનો સોમો અંક—શતાંક.

નાનેરો ભાઇ કે પુત્ર ઉત્તરોત્તર પોતાનાં ધાર્યાં કામોમાં પાર પડતો જાય અને એના વડીલને જે આનંદ ને ગર્વ થાય તે 'કુમાર'ના વધતા જતા ઉત્કર્ષમાં મેં અનુભવ્યા છે. જો કે 'કુમાર' માટે આજ સુધીમાં ભાગ્યે જ પાંચપચીસ લીટીઓ મેં લખી હશે.

'કુમાર' જન્મ્યું, વધ્યું ને આજે તો આટલું બધું ઉપયોગી ને લોકપ્રિય થયું. પણ તે પહેલાં, 'કુમાર' રૂપે એક સ્થાને મૂર્ત સ્વરૂપ લેનાર એ વસ્તુનાં પ્રેરક બળો અનેક દિશામાંથી બળ કરી રહ્યાં હતાં.

સ્વ. હાજીમહમ્મદનાં ઋણગાન કરતાં ઘણા એણે 'વીસમી સદી' માસિકનો જે સુંદર દેહ ઘડ્યો તેની વાતો કરે છે. એ બધું સાચું હશે; પણ વધુ સાચું તો એ છે કે એણે ગુજરાતના કેટલાય અણપ્રીછ્યા રહી જાત એવા દીકરાઓને દુનિયાની નજર સામે ઊભા કર્યા. સ્વ. હાજીનો આ સાચો અક્ષરદેહ.

૧૯૧૦–૧૧ની આ વાત. ઘણે ઠેકાણે જુદેજુદે રૂપે એ લખાઇ છે. 'કુમાર'ના તંત્રી રવિશંકર રાવળના હૈયાની ડાબલીમાં જે બીજ હતું તેને પ્રેરણા પાનાર સ્વ. હાજી.

ભાવનગરમાં રવિભાઇના મકાને ૧૯૨૦ના મે કે જૂનમાં 'કૌમુદી'કાર વિજયરાય રવિભાઇને એક યોજના સમજાવતા હતા. 'ચેતન' માસિકની ચર્ચા ચાલતી હતી. એકંદર ગુજરાતમાં કોઇ કદર નહિ કરે એવી મેં કુશંકા તે વેળા કરેલી. રવિભાઇએ તે વેળા એક લાંબો પત્ર અમારી વચ્ચે વાંચ્યો. તે હતો ગોંડળના બચુભાઈ રાવતનો. સાથે એક સુંદર હસ્તલિખિત સામયિક પત્ર (ઘણું કરીને માસિક) 'જ્ઞાનાંજલિ' બતાવ્યું. બચુભાઇમાં કળાનો આત્મા ભર્યો પડ્યો હતો એની સાક્ષી તરીકે. એ જ અંકોમાં શ્રી દેશળજી પરમાર અને મોરબીવાળા સ્વ. ભાઇશંકર દવેનો પરિચય મેળવેલો.

કાઠિયાવાડમાં રેલવેના એક સ્ટેશનમાસ્તર, અરધી સદી પહેલાં જેવું ભણતર લભ્ય હતું તેવું માંડ પામેલા. પણ એનાં પુરુષાર્થને પ્રારબ્ધ બહુ જોરૂકાં. કયા રેલગાડીનું ધમાલિયું ને નીરસ જીવન! પણ એમાંથી એણે વખત ને શક્તિ બચાવી એક વિદ્યાધામ કાઢ્યું: દક્ષિણામૂર્તિ. રવિભાઇ કુમાર રૂપે એ દક્ષિણામૂર્તિના સૂક્ષ્મ–સ્થૂળ દેહના સાક્ષી. ત્યાં એમણે અનેક સ્વપ્નાં સેવેલાં.

બે કિશોરો: તેરચૌદ વર્ષના માંડ હશે. હેતાળ ને શરમાળ. રમતિયાળ બહુ નહિ. ભણતર કોઈ દિ ચૂકે નહિ. દાદાની ડાબી જમણી બાંય જેવા. દક્ષિણામૂર્તિમાં ભણે.

તે દિ' હસ્તલિખિત માસિકો આટલાં બધાં ન હતાં. ક્યાંક હતાં. ગાંધીજીના આશ્રમમાં કે દક્ષિણામૂર્તિમાં; કે ગોંડળમાં 'જ્ઞાનાંજલિ' સંતાતું સંતાતું ડોકિયું કરતું.

કિશોરોને રઢ લાગી માસિક કાઢવાની. શી એ વખતની એમની હોંશ! ચિત્રો કાઢે ને લેખો લખે. પૂંઠાં ચીતરે ને સુશોભનો ગોઠવે. પણ નામકરણવિધિનું સદ્ભાગ્ય મને સાંપડ્યું. 'નામ કહો, બસ નામ કહો.' એ માસિકની ઓળખઓળી થઈ: 'કુમાર'.

એ કિશોરો આજે તો મોટા થઇ ગયા છે. ભણવા ગયા છે ઠેઠ અમેરિકા સુધી. ઓળખો છો એ અનંત–ઉપેન્દ્રને? 'કુમાર'ના એ પ્રથમ ઉત્પાદકો.

ભાવનગરમાં આ છોકરા રવિભાઇને રેઢા ન મૂકે. રવિભાઇ મુંબાઈથી અમદાવાદ આવી સ્થિર થયા ને જૂનાં સ્વપ્નાં સાચાં કરવા પ્રયત્ન આદર્યો. કિશોરોનું 'કુમાર' રવિભાઇના હાથમાં આવ્યું; લાલનપાલન ને પોષણ રક્ષણ માટે. આમ 'કુમાર' જન્મ્યું.

પછીથી 'કુમાર'નો ને તેના સ્થાનિક મંડળનો પરિચય નથી. પણ કોઇક કનુ દેસાઈ કે કોઇક કૃષ્ણલાલ શ્રીધરાણી, કોઇક ઇન્દુલાલ ગાંધી કે કોઇક ઉમાશંકર જોષી, કોઇક 'સુન્દરમ્' કે કોઇક પ્રહ્લાદ પારેખ: આમ કેટલા યે અનામી 'કોઇક'નાં આત્મબીજ ભૂમિમાંથી બહાર આવવા બળ કરી રહ્યાં હતાં. 'કુમાર' દ્વારા એને અંકુરિત થતાં સૌ જુએ છે.

આમ, નવગુજરાતના પાયામાં પ્રાણ પૂરતું 'કુમાર' સો માસ પૂરા કરે છે ત્યારે જૂની રીતે કહેવાનું મન થઇ જાય છે કે 'સો વરસનું થા ને તારાં ભર્યાં ભોગવ.'

'ગિરીશ'

'કુમાર'નો પૂર્વજન્મ

'કુમારનો શતાંક: તેને માટે સ્મરણો જોઇએ:' રવિભાઇનો કાગળ આવ્યો. 'અહીં હોત તો કાન પકડીને લખવા બેસાડત:' બચુભાઇએ ઉમેર્યું હતું. ઘડીક તો થયું કે શિક્ષાની એ મજા લેવા કોરો કાગળ મોકલવાનો ગુન્હો કરૂં. પણ . . . .

ભગવાન બુદ્ધના પૂર્વજન્મની જાતકકથાઓની

જેમ 'કુમાર'ના પૂર્વજન્મની આ કથા છે. હસ્તલિખિત માસિકોની ઘેલછા પહેલાંનો એ યુગ હતો. આજથી દસ વર્ષ પહેલાં બેત્રણ કુટુંબનાં બાળકોના મંડળમાં 'કુમાર'નો જન્મ થયો. 'વીસમી સદી'ના અંકો નાનપણથી અમે જોતા હતા. કારણકે રવિભાઇનાં તેમાં ચિત્રો હોય. સારાકાકા–મામા (શ્રી મસ્તરામ પંડ્યા)ની તેમાં વાર્તા આવે. દક્ષિણામૂર્તિ વિનયમંદિરમાં ગુજરાતી, હિંદી, અંગ્રેજી માસિકો વાંચવાનો અમને ખૂબ શોખ હતો. દક્ષિણામૂર્તિના વિદ્યાર્થીઓનું એક હસ્તલિખિત માસિક ચાલતું હતું. તેનું નામ 'વિદ્યાર્થી.' પણ તે તો અમને ભારેખમ લાગતું. બધા લેખો ગંભીર ને નિબંધ જેવા. વળી કળાનો તો તેમાં પ્રવેશ જ ન મળે. આ બધા ઉપરથી કુટુંબનાં નાનાં બાળકો પણ કલ્પનાના રંગો પૂરે અને રસ લઇ શકે એવું માસિક શરૂ કરવું એમ અમે (અનંત અને ઉપેન્દ્રે) નક્કી કર્યું. રવિભાઇ જ્યારેજ્યારે ભાવનગર હોય ત્યારેત્યારે તેમની સાથે માસિકો વિષે તો કલાકો સુધી વાતો થાય. બપોરે તેમની પાસે આકાશના રંગો કેમ ચીતરવા તે શીખવા ગયા હોઇએ. થોડો વખત કામ કરી થાકી જઇએ એટલે અગાશીમાં વાતો શરૂ થાય. વિલાયતનાં માસિકોની વાત ચાલે. 'માઇ મૅગેઝીન' વગેરે કેવી રીતે શરૂ થયાં ને કેમ આગળ વધ્યાં તેની વાત થાય. ગુજરાતમાં, ગુજરાતીમાં બાળકો માટે—કુમારો માટે એકકે માસિક નથી તેની પણ કલાકો સુધી વાતચીત કરતાંકરતાં અંધારૂં થઇ જાય.

એ અરસામાં આર્થર મીની 'ચિલ્ડ્રન્સ એન્સાઇક્લોપીડિયા'ની ખૂબ અસર થઇ હતી. તેમાંથી કુમારના વિષયોનું વૈવિધ્ય અમે લીધું. દરેક અંકમાં કવર ડિઝાઇન, મુખપૃષ્ઠ, સુશોભનો બદલાવવાં જ જોઇએ. સાંભળેલી, અંગ્રેજીમાં વાંચેલી, હિંદીમાથી રૂપાંતર કરેલી ને એવી બીજી પરીની વાતો અને કલ્પિત વાતોના મુખ્ય લેખો થતા. દરેક અંકમાં નોંધ—તંત્રી લેખ પણ અમે લખતા. તેમાં દક્ષિણામૂર્તિના 'વિદ્યાર્થી'ની સ્પષ્ટ અસર હતી. નોંધમાં વડીલોને લેખો ન આપવા બાબત ધમકાવી કાઢવાની અને 'આમ થવું જોઇએ' ને 'તેમ ન થવું જોઇએ' એવું લખવાની ભારે મજા પડતી.

બધાને સરખો રસ આવે તે માટે અમારી બાળક મંડળીમાંથી સૌને કાર્યવાહકો નીમ્યા હતા. અનંત અને ઉપેન્દ્ર વ્યવસ્થાપકો થયા. નરેન્દ્રને તંત્રી નીમ્યો. વિનુ મનુને પ્રકાશકો કહ્યા. તે સિવાય માત્ર લલિત, રામભાઇ, સુશીલ વગેરે રહ્યા. તંત્રીઓ પણ ત્રણત્રણ મહિને બદલવાનું રાખ્યું હતું. એકંદરે એ માસિક કાઢવામાં અમને બધાને ખૂબ આનંદ પડતો હતો, અને બધાને તેમાં મહત્ત્વ મળતું હતું. બીજા વાંચે કે ન વાંચે, પણ અમે તો બધા જ અંદરઅંદર વારાફરતી વાંચના અને ગર્વ લેતા, એટલું એ બધાને પ્રિય હતું.

પરીઓની વાતોમાં અને બીજે બધે કુમાર, સાહસ શૌર્ય અને રસની મૂર્તિ રૂપે આવે, એટલે અમને 'કુમાર' નામ બહુ ગમી ગયું અને તરત અમે તે અપનાવ્યું. 'કુમાર'નો દીવાળીનો અંક ખાસ આકર્ષક અને દળદાર બનેલો. 'વીસમી સદી'ના દીવાળીના અંક માટે હાજીમહમ્મદ બહુ જહેમત લેતા તે સાંભળેલું. તે ઉપરાંત અંગ્રેજી માસિકોના નાતાલના અંકો પણ વિશેષ સુંદર જોયા હતા. તે ઉપરથી 'કુમાર'નો દીવાળીનો અંક પણ અમે સર્વાંગસુંદર બનાવવા વિચાર કર્યો હતો. અને તેની પાછળ એવા તો લાગ્યા કે બાકીના બધા અંકો સાથે મૂકીએ એટલો મોટો, ચિત્રિત અને સુંદર એ અંક કાઢ્યો હતો. એ અંક બહાર પડ્યો ત્યારે અમારા આનંદનો પાર નહોતો.

'કુમાર' એકાદ વરસ ચાલ્યું હશે. ત્યાં તો રવિભાઇએ ગુજરાતનાં બધાં કુટુંબો માટે છાપેલું 'કુમાર' શરૂ કર્યું. 'હાજીસ્મારક ગ્રંથ' પ્રસિદ્ધ કરવામાં રવિભાઇ-બચુભાઇનો સુયોગ થયો હતો. એ સુયોગ ચાલુ રહ્યો ને તેમાંથી 'કુમાર'નો જન્મ થયો. ગુજરાતને પોતાની કળા અને સેવા સમર્પણ કરવાનો વિચાર રવિભાઇ કરતા હતા તેમાં તેમને 'કુમાર' નામે દિશાસૂચન કર્યું અને "હવે આપણું 'કુમાર' છાપેલા રૂપમાં બહાર પડશે" એમ એક દિવસ રવિભાઇએ કહીને અમને સાનંદાશ્ચર્ય ઉપજાવ્યું ! એ સાંભળ્યું ત્યારે અમારાં કુતૂહલ અને અધીરાઇ એટલાં બધાં હતાં કે પ્રસિદ્ધ થયા પહેલાં કેટલી યે વાર સ્વપ્નમા 'કુમાર'નાં રંગ, રૂપ, કદ જોયાં. સ્વપ્ન અને કલ્પના જેટલું રમ્ય ને ભવ્ય થતાં હજી 'કુમાર'ને વાર લાગશે; પણ એનો પહેલો અંક બહાર પડ્યો ત્યારે અદ્વિતીય અને રોમાંચક જરૂર લાગ્યો હતો. આજ સુધી ગુજરાતીમાં બાળકો માટે–કુમારો માટે પહેલાં આવું કશું કદી કોઇએ જોયું નહોતું.

બીજા દેશોનાં માસિકોનો વિકાસ જોઇએ તો લાગે કે 'કુમાર'નો હજી દસવીસ ગણો વિકાસ થવો જોઇએ;—અને તે થશે જ. **અનંત—ઉપેન્દ્ર**

'કુમાર'ના અનેક પ્રેમીઓ તથા વાચકો તરફથી 'કુમારે' તેમના ઉપર પાડેલા સંસ્કારનાં સ્મરણો અમને મળ્યાં છે, પરંતુ આ અંક ધાર્યા કરતાં ઘણો મોટો અને મોડો થઇ જવાથી સ્થળ તથા સમયના સંકોચને કારણે અમારે નછૂટકે તે મુલતવી રાખવાં પડયાં છે. 'સંસ્કાર-સ્મરણો'ની એ માળા હવે પછીના અંકોમાં પ્રકટ થશે.

કવિવર રવીન્દ્રનાથની ચિત્રકલા

[અનુસંધાન પાછળના પાન ૧૨૭થી]


સૌંદર્યની શોધમાં ભમતી અર્ધચેતનાની-સ્વપ્નમાનસની પ્રેરણાના દોર્યાં જ એ ચિત્રો આલેખાય છે. આવાં એ આકસ્મિક આલેખનોનાં ગુણલક્ષણની તુલના, સૃષ્ટિના આકારોની સાથે તેમની સરખામણી કરીને નહિ, પણ તેમના વાંકવળાંકની નિગૂઢ તાલબદ્ધતા, તેમની રેખાઓની સંવાદિના અને આકૃતિઓની અ-પ્રતિરૂપતાથી જ થઇ શકે. એ મૂલ્યાંકન બહિર્દૃષ્ટિથી નહિ પણ ધ્યાનૈકાગ્રતાથી થઇ શકે. આથી, એ આ-કૃતિઓ અને રેખાની ગણના તેમના વ્યક્તિગત ગુણ-થી—તેમની અંતરસ્થ પાત્રતાથી અને તાલયુક્ત રચના માટેની તેમની સમગ્ર શક્તિથી થવી જોઇએ.

સૃષ્ટિના જાણીના આકારોથી વિરુદ્ધનાં આ આલે-ખનો સામાન્ય રીતે આપણને અર્થહીન લાગે છે, તથા કોઇ દૃષ્ટિમૂલક વિશિષ્ટતા-નજરને સંતોષે એવું કોઇપણ તરી આવતું લક્ષણ તેમાં જણાતું નથી; પણ તેમની એ ચિત્રવિચિત્ર રેખાઓ તથા વળાંકાઓનો ખરો વ્યક્તિવિશેષ ગુણ તો, માત્ર સજીવ સંબંધવાળી વિલક્ષણ ભાતગૂંથણીથી ઉપસ્થિત થતી હિલ્લોલભરી તાલમયતાનું નેત્રને દર્શન કરાવી અભિરામ ઉત્પન્ન કરવામાં રહેલો છે. આવી રચનાઓ કોઇ અમુક વિ-ચારની સંજ્ઞા રૂપે કે કોઇ ખાસ ભાવ પ્રદર્શિત કરવા માટે નથી હોતી, પણ સંગીતની માફક તેઓ રેખા-ઓમાં રહેલી કોઇ ગૂઢ અને કાલ્પનિક સામૂહિક સુ-સંવાદિતાને પ્રકટ કરે છે. સાહિત્ય કે સંગીતની કોઇ રચનાની સાથે આ કૃતિઓની સરખામણી કરવી હોય તો, આપણાં દાદીમા બાળકોને ઊંઘાડવા માટે જે હાલરડાં અથવા જોડકણાં ગાય છે તેની સાથે કરી શકાય. એ ગીતોમાં કશો ખાસ અર્થ નથી હોતો; પણ ઝડઝમક-વાળા શબ્દોનું સંગીતતત્ત્વ પકડીને તેમને સુસંવાદિત રીતે સમૂહબદ્ધ કર્યાં હોય છે.

પ્રથમ દૃષ્ટિએ આ ચિત્રોમાં બાળકના જેવી સર-ળતા, કલ્પના અને સ્વયંસ્ફૂર્તિ તરી આવે છે. એમના જેવા પ્રતિભાસંપન્ન કવિની ઉચ્ચ સંસ્કારિતા તથા મહાબુદ્ધિમત્તા જોતાં કદાચ આ વિરોધી વસ્તુ લાગે. પણ ખરેખર જ્યારે માનવીની બુદ્ધિશક્તિઓ નિદ્રાધીન થાય છે ત્યારે સુષુપ્ત શક્તિઓ સચેત બને છે. એવી તદ્દન સ્વયંસહજ મનોદશામા વિક્ષુબ્ધ સમયની અભાન મૂર્છના-માં કોઇ કલ્પનાદેશની પરીઓ ને ભૂતાવળો ખડી થઇને કો અગોચર સ્વપ્નભૂમિની મનોરમ કલ્પનાઓ અને રૂપદર્શનોની લલિત જાળી ગૂંથે છે. એવી નિમજ્જન-દશાનાં આ ચિત્રો છે.

આ ચિત્રોના હાર્દની સમીપ જવામાં મુખ્ય મુ-શ્કેલી તો એ ઊભી થાય છે, કે તે ઇસ્લામી કલાની ભૌમિતિક અને અટપટી ગૂંથણીવાળી આકૃતિઓની પેઠે કેવળ સૂચનહીન નથી; ઊલટી તે તો માનવ કે પ્રાણીની આકૃતિનો ભાસ આપી કાંઇક સૂચન કરતી હોય એમ લાગે છે. સામાન્ય રીતે રચનાત્મક આ-કૃતિઓ જ્યારે ગર્ભિત સ્થિતિમાં હોય છે ત્યારે અમૂર્ત હોય છે, પણ તેમાં અંગોની અધિકતા આપવાથી ક્વચિત કોઇ નૈસર્ગિક રૂપને મળતી છાયા આવતી જાય છે. આથી તે યથાર્થ અને કાલ્પનિક બંનેના મિશ્રણ રૂપ બને છે, અને અંતે પેલા જાણીના આકાર-ની સ્મૃતિ પણ વિચિત્રરૂપવાળી અસ્વાભાવિક સ્વપ્ન-સૃષ્ટિમાં ડૂબી જાય છે. પક્ષી દોરવા તરફ પ્રેરાતી રેખા કોઇ વિલક્ષણ પુષ્પમાં પ્રકટી નીકળે, અગર કોઇ પુષ્પની રેખાઓ દોરતાંદોરતાં એકાદ પક્ષી આલેખાઇ આવે. વળી કોઇ રેખાઓનાં આકસ્મિક જોડાણોમાંથી એકાદ વનપુષ્પ કે છીપ બનાવવા જતાં, તુક્કો આવતાં, વનસ્પતિશાસ્ત્રના નિયમોનું ઉલ્લંઘન કરીને માનવ-રૂપને મળતી આકૃતિમાં પરિણમે! મનસ્વી લીટીઓની

વિચિત્ર ભાતો પાડતાંપાડતાં તેમાંથી એકાદ ફૂલનો આકાર પ્રકટી નીકળતો હોય છે, ત્યાં વળી ધૂન બદલાતાં તેમાંથી કોઇ એવું જ અકુદરતી પ્રાણી સર્જાઇ આવે છે કે જે જગત પરની કોઇ માનવ કે પ્રાણીસૃષ્ટિમાં ન જડે. આમ આ વિલક્ષણ કલ્પનાવિહારી સર્જનો જ્ઞાત અને અજ્ઞાત રૂપોની વચ્ચે ટમટમી રહે છે. કોઈ વાર તે સુશોભનતત્ત્વોથી પ્રચૂર એવી કોઇ ઉત્કૃષ્ટ મનોરમ આકૃતિમાં પરિણમે તો ઘણીયે વાર વિરૂપ વસ્તુઓની વિષમ સ્થિતિને પ્રાપ્ત થાય, જેમાંથી એ કવિ–ચિત્રકારની કલ્પક તર્કબુદ્ધિ તેને ઉદ્ધારવાની સાફ ના પાડી દે છે.



'બિચારીએ આપઘાત કર્યો.' માનવ આકૃતિઓનાં તાદૃશ રૂપ નથી ઉતાર્યાં, મુખભાવ દર્શાવાય તેટલી ચહેરાઓની સ્પષ્ટતા પણ નથી, છતાં સપ્રમાણ અને ગૂઢ વાતાવરણ જમાવતું ચિત્રસંયોજન તથા રેખાઓનું ભાવવાહન જે કહેવાનું છે તે કહી દે છે.

જેઓ રેખારચનાનાં તાલયુક્ત તત્ત્વોને સમજવાને ટેવાએલા છે, જેઓ ગૂઢાકૃતિવાળી રચનાઓમાં રહેલા રોમાંચક થડકાટ અને તાર્કિક આકૃતિઓનાં ગતિમંદ લહેકા લેતા વાંકવળાંકનાં મંદમંદ સંગીતના જ્ઞાતાઓ છે, એવાઓને તો કવિની આ કાલ્પનિક ચિત્રરચનાઓમાં, તેમની નૂતન આકૃતિએ સરજવાની શક્તિને લીધે, તાજગીભરી મોહકતા અને આકર્ષણ લાગશે. કેમકે હવે તો એશિયાની પેઠે યુરોપમાં પણ આધુનિક કલાસિદ્ધાંતોનો પંથ સ્વીકારનારાઓ માનતા થયા છે કે કલાકારને 'કુદરતી કુદરતી' ગણાઇને ચવાઈ ગએલા રોજિંદા આકારો ને અતિ એંડાએલા પ્રચલિત માર્ગો છાંડી, તેનાથી પર જઈ, નવીન રૂપ તથા આકાર જન્માવવાનો પરંપરાગત હક્ક છે, એટલું જ નહિ પણ કુદરત સાથે સરસાઇ કરી રસલક્ષી સ્વપ્નોનાં વાતાવરણથી રંગાએલી નવીન કલ્પનાસૃષ્ટિ પણ તે ઉપજાવી શકે છે. સૃષ્ટિના સર્જક બ્રહ્માની પેઠે તેના વારસ વિશ્વકર્માને પણ પોતાની કલ્પનાની મૌલિક કૃતિઓ નિપજાવવાનો સંપૂર્ણ હક્ક છે; અને એ કૃતિઓની તુલના તથા કદર 'સૌંદર્ય ને તાલબદ્ધતા' સિવાયના બીજા કોઇ પણ ધોરણથી ન થઇ શકે.

આસીરિયા, સૅસ્સેનિયા, હિંદ, ચીન, જાપાન, પૉલીનીશિઆ, તુર્કસ્તાન એ દરેક દેશની, વ્યક્તિગત નિરનિરાળી ભાત પાડતી, મૌલિક સર્જનોની અનંત વિવિધતાથી ભરેલી એશિયાની કલાને, અજ્ઞાન પ્રજાએ આજે વંશપરંપરાઓથી અવગણી–તિરસ્કારી છે અને તેને બદલે 'યથાર્થ દર્શનકલા'નાં (એટલેકે કુદરતમાં જેવું હોય તેવું હૂબહૂ દેખાડે તે જ કલા એવાં) સંકુચિત બંધનોનું ગુલામી માનસ સ્વીકારીને સાચી કલાનું તથા તેના આદર્શનું નિકંદન કાઢી નાખ્યું છે. કલા પ્રત્યે દુર્લક્ષ ધરાવતી આવી જનતાની અવગણના પામેલા આજના ભારતીય કલાકારોને મન એ મહાગૌરવની વાત એ છે કે તેઓ, કલા વિષે ગુલામી મનબંધનો સ્વીકારેલી જનતાને સાચી કલા તરફ ન આકર્ષી શકયા, પરંતુ સાહિત્ય–માર્તંડ મહાકવિને તો એ પ્રવાહમાં વાળી શકયા છે; અને તેમના પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વથી, કવિશ્રીનાં એ મૌલિક સર્જનો પ્રજાને ભાવાવિર્ભાવની નૂતન સૃષ્ટિમાં પ્રવેશ કરવામાં, રૂપ અને રેખાનું માહાત્મ્ય પ્રીછી તેનાં મુખ્ય તત્ત્વો સમજવામાં, તથા 'કુદરતનાં દશ્યોનું યથાર્થ દર્શન એ જ કલા' એવી ખોટી માન્યતાઓને તથા તે વિષેના દુરાગ્રહને દૂર કરવામાં માર્ગદર્શક નીવડશે. **કાન્તિલાલ દવે**

['રૂપમ્'ના તંત્રી, વિખ્યાત કલાકોવિદ શ્રી અર્ધેન્દ્રકુમાર ગંગોપાધ્યાયના અંગ્રેજી લેખ ઉપરથી]

‘કુમાર’ ઉપર એમની અમી નજર છે

સર ચીનુભાઈ માધવલાલ બૅરોનેટ (બીજા) કરતું **શ્રી ગિરિજાપ્રસાદને** ‘કુમાર’ના વાચકો બરોબર શી રીતે પિછાની શકે? તેમણે પોતાના મૂલ્યવાન કલાસંગ્રહમાંથી અનેકવાર મોંઘાં ચિત્રો ને કિંમતી પુસ્તકો ‘કુમાર’ માટે પ્રસિદ્ધ કરવા સદર પરવાનગી આપી ‘કુમાર’ના સંચાલક તેમજ ‘કુમાર’ વાંચનારી જનતા પર ઉપકાર કર્યો છે. એમનું સૌજન્ય અને કલાકારો તથા વિદ્વાનો માટેની એમની લાગણી, એમના કુટુંબની ખાનદાની જેટલાં જ અમૃતમય છે. ગુજરાતના પ્રથમ પંક્તિના આ સદ્‌ગૃહસ્થ હજુ તો યુવાનીને ઉંબરે ઊભા છે એટલામાં એમના હાથે કેટલા યે કલાકારો ને વિદ્વાનો ઉદાર આશ્રય પામી ચૂક્યા છે. એમની કલાપોષક વૃત્તિએ સંગીત, કલા, નૃત્ય ને સાહિત્યનો ઉત્તમ સંયોગ એમના શ્રીભવનમાં જમાવ્યો છે. જાતે ફોટોગ્રાફી ને ફિલ્મિંગના ચુનંદા શોખીન હોવા સાથે બીજાઓની કળાકારીગરી સમજવામાં ચોક્કસ દષ્ટિ ધરાવે છે.



પોતે મીલના ધંધાના આગેવાન વેપારી હોવા છતાં દરેક મર્યાદાની રમતગમતમાં આગેવાની લે છે. કેટલાંક વર્ષ તો પોતે ગુજરાતના સ્કાઉટ કમિશનર હતા. અમદાવાદની મ્યૂનિસિપલ સ્કૂલોના રમતગમતના મેળાવડાના પ્રમુખ હતા અને અમદાવાદના ક્રિકેટ જગતમાં પોતાની બૅરોનેટ ટીમને હમેશાં સુસજ્જ રાખી બીજી ટીમોને રમતનું ઊંચું ધોરણ રાખવા પ્રેરનાર તેઓ જ છે. અમદાવાદના ક્રિકેટના ખેલાડીઓ આગળ આવે તે માટેનો તેમનો ઉત્સાહ જાણીતો છે.

અમીરી કુટુંબમાં જન્મ લીધા છતાં તેઓ સ્વભાવે અત્યંત સાદા અને ક્ષમતાપૂર્ણ તથા આમવર્ગ તરફ દિલસોજી ધરાવનાર સજ્જન છે. ગુજરાતની એકતા અને ગૌરવ તેમની ભાવનામાં ઊગ્યાં છે. ‘કુમાર’ના પરમ હિતસ્વી તરીકે તેમનો પરિચય આપતાં અમને અતિ સંતોષ અને આનંદ થાય છે.

શ્રી હીરાલાલ અમૃતલાલ શાહને ગુજરાતની સાહિત્યસૃષ્ટિ હમણાં જ જરાતરા ઓળખતી થઈ છે, પણ



તે પહેલાં ઘણાં વર્ષોની તેમની ઊંડી સાહિત્ય-ઉપાસના મુંબાઈની રૉયલ એશિયાટિક સોસાએટીમાં નોંધાઈ છે, અને પ્રાચીન સાહિત્યના ઉપાસકો તેમને એક પંડિત તરીકે સ્વીકારે છે; છતાં તમને કદાચ મળે તો તમે એમનું સાચું સ્વરૂપ જાણી ન શકો. મૂળજી જેઠા માર્કેટના સૌ વેપારીઓ તેમને એક વ્યવહારકુશળ બાહોશ સજ્જન શ્રીમાન તરીકે સારીરીતે જાણે છે. પોતાની ગુપ્ત દેશસેવાઓ અને બાલશિક્ષણ માટે અભિરુચિ તથા ઉદાર દાનના પ્રતાપે ગિજુભાઈ બધેકા જેવા શિક્ષણશાસ્ત્રીને અનેરી તકો આપી દેશ આખા પર બાળશિક્ષણનું એક નવું મોજું ફેલાવવામાં તેઓ નિમિત્ત બન્યા છે ‘કુમાર’ની હમેશાં ઉન્નતિ ઈચ્છતા આ સદ્‌ગૃહસ્થે કેટલી યે રીતે ‘કુમાર’ના સંચલનમાં સહાય અને સગવડો આપી તંત્રીને સરળતા આપી છે. પોતાનાં બાળકોમાં જ્ઞાન, ચારિત્ર્ય ને આતિથ્યના ઊંચા સંસ્કારો પાડવામાં તેઓ પોતે જ આદર્શ વ્યક્તિ બની રહ્યા છે. એમના જ્ઞાનસંગ્રહનો ખરો નિષ્કર્ષ તો હજુ ગુજરાતે તેમની પાસેથી લેવાનો છે. ‘કુમાર’ને આ અંકમાં તેમની લેખપ્રસાદી મળી ચૂકી છે.

શ્રી અનંતરાય પ્ર. પટ્ટણીનો ‘કુમાર’ને નિકટનો પરિચય નથી; છતાં અનેકવાર તેમણે ‘કુમાર’ પ્રતિ ઉદાર પક્ષપાત બતાવી તેમની અમી દૃષ્ટિની પ્રતીતિ આપી છે. ભાવનગર રાજ્યના ગૃહસચીવની જવાબદારીવાળી જગ્યાએ રહ્યા છતાં એમણે ઘણીવાર ‘કુમાર’ માટે ઉપયોગી સાહિત્યકૃતિઓ કે સૂચનાઓ આપવામાં સંકોચ બતાવ્યો નથી. એઓ જાતે રાજ્યના પ્રજાજનોના કુમારોના ભવનમાં રસ લઇ નવા યુગની તાલીમ આપવા હમેશાં ઇંતેજાર હોય છે. ભાવનગરના યુવાન મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી સુધી કુમારના આદર્શો પહોંચાડવાનો તેમને યશ આપી શકાય. કેટલીક વાર જુદા કાર્ય માટે સર્જાએલ શક્તિઓને પ્રારબ્ધવશાત્ જુદી ફરજો સ્વીકારવી પડે છે એવું તેમના સંબંધમાં બન્યું લાગે છે.

શ્રી હીરાલાલ પારેખ: ગુજરાત વર્નાક્યુલર સોસાએટીના આ ધીર ઉપમંત્રી ‘કુમાર’ની કારકિર્દીમાં ઊંડો રસ લઈ




શ્રી અનંતરાય પટણી   શ્રી હીરાલાલ પારેખ

પોતાની મર્યાદામાં રહેલી બધી સહાય અને સાધનો આપતા રહ્યા છે તે વાત અમે કૃતજ્ઞ હૃદયે અહીં નોંધીએ છીએ.

ગુજરાતના જે એકએ અગ્રગણ્ય વિદ્વાનોએ 'કુમાર'ને પોતાનું લાડીલું માસિક ગણ્યું છે તેમાં કાકાસાહેબ કાલેલકર અને શ્રી હરિનારાયણ આચાર્ય પ્રથમ નજરે આવે છે. શ્રી 'સુકાની' સમર્થ સાહિત્યકાર હોવા છતાં એમના કામની ગંભીર જવાબદારીઓને લીધે ગુજરાતને એમની કલમની મોટી ખોટ ભોગવવી પડે છે; છતાં 'કુમાર' ને તો તેમણે અનેકવાર બાખૂબ નવાજ્યું છે. 'દરિયાનો દાનવ' જેવી જોમભરી સાહસકથા અને આ જ અંકમાં આવેલી 'હડકી વારી આઇ' વાંચનારા કબૂલ કરશે કે તેમની ચમત્કારિક સજીવ લેખિની ગુજરાતમાં અજોડ છે. તેમને દેશની સંસ્કૃતિ ઘડવાના કોડ છે. સાહિત્ય અને કલાનાં મંથનો જોઇને તે રાચે છે અને અત્યુત્તમ



શ્રી દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર




શ્રી હરિનારાયણ આચાર્ય   શ્રી 'સુકાની'

કૃતિઓનો રસોન્માદ માગે છે; છતાં ફરજ આગળ શાણપણ અને વ્યવસ્થાશક્તિનું અજબ દૃષ્ટાંત પણ બની શકે છે. ખરેખરા રાષ્ટ્રભક્ત હોવા સાથે પોતાના જીવનના તારના સ્વર સાચવીસાચવી સુકાનની દિશા ચૂકતા નથી એવા એ 'સુકાની' અમારા પરમ મિત્ર છે એ અમારું સદ્ભાગ્ય છે.

ડૉ. કાન્તિલાલ પંડ્યાઃ 'કુમાર' માટે પ્રોત્સાહનના સાચા શબ્દો ઉચ્ચારવાની એક પણ તક નહિ ચૂકનાર આ સજ્જનવર્ય સાક્ષરશ્રીની 'કુમાર' પરની સાચી મહોબ્બત માટે અમે હમેશાં ઋણી છીએ. આગ્રાની સેઇન્ટ જહૉન કૉલેજના વિજ્ઞાનના અધ્યાપક ઉપરાંત વચ્ચે તો તેઓ આગ્રા યૂનિવર્સિટીના ડીન પણ નીમાયા હતા. આવા વ્યવસાયોના ચાલુ બોજ રહેવા છતાં ખાસ કાળજી રાખી 'કુમાર' માટે સૂચના નોંધ કે લેખ મોકલી આપતાં એમણે તકલિફ જોઈ નથી. એમની લેખપ્રસાદી 'કુમારે' હમેશાં હર્ષ કરીને માગી લીધી છે. ગુજરાતની બહાર રહેતા છતાં ગુજરાત તેમના હૃદયમાં સદા જીવતુંજાગતું જણાય છે અને બહારના પ્રાંતજનોને ગુજરાતના એક નમૂના રૂપ ગૃહસ્થ તરીકે તેઓ જીવન ગુજારે છે.



ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈનું તે ઓળખાણ આપવાનું હોય? ભારત અને ગુજરાતની મૂર્તિ જેના હૃદયમાં હમેશાં સજીવ રૂપે વિરાજમાન છે એવા પુરુષોમાંના તે એક છે. વ્યવહારના વહેણમાં પડેલા છતાં જ્ઞાન, સાહિત્ય અને કલાની ભક્તિ તેમના જીવનમાં જરા યે ખંડિત થઈ નથી. જનસેવાનું કોઇ ને કોઇ કામ તેમના હાથમાં હોય નહિ તો તેમને ચેન પડે નહિ એ તો એમના આયુષ્યમાં બળ પૂરનારું થઈ પડે છે. અમદાવાદ જેવા જરીપુરાણા શહેરને આરોગ્યના પાઠ શીખવવા ત્રણ-ત્રણ વાર પોળેપોળના કચરા ઉપડાવ્યા એ તેમની સામાજિક સેવા ઐતિહાસિક ગણાશે. બાવન વર્ષની ઉમરે યુવાનની ઝડપે તેમને સાયકલ ઉપર શહેરની પરિક્રમણા કરતા જુઓ તો લાગે કે તેઓ હજુ એક નવી પેઢીના સમોવડિયા થઇ રહેવા લાયક છે. 'કુમાર' તરફની તેમની અનંત પ્રીતિને લીધે જ



તેમણે 'કુમાર'માં તેમની સાહિત્યસેવાનો મોટો ફાળો આપ્યો છે.

શ્રી ચાંપશીભાઈ ઉદ્દેશીઃ ગુજરાતના સુપ્રસિદ્ધ લોકપ્રિય માસિક 'નવચેતન'ના તંત્રી ભાઇશ્રી ચાંપશીભાઇએ તો 'કુમાર'ને તેના નામધારણાના દિવસથી પોતાનું સગુંવહાલું માની સહાય અને સહકાર આપ્યાં છે. એમને જેઓ એકવાર ઓળખે તે એમની કદી ન ભૂલી શકાય એવી સરળતા, મિઠાશ અને સેવાતત્પરતાથી મુગ્ધ બન્યા વિના રહે નહિ. કાઠિયાવાડમાં ટંકારા ગામે ૩૮ વર્ષ પહેલાં જન્મ્યા એટલું જ; બાકી બધો વખત કલકત્તામાં ઉછર્યા, ભણ્યા, મોટા થયા, નોકરી કરી અને જીવનની ખૂબ ચડતીપડતી વટાવી, હજુ પણ તોફાનોમાં 'નવચેતન'નું વહાણ ભરેલ સઢે હંકાર્યે જાય છે. 'વીસમી સદી' માસિક બંધ થતાં જ તેની જગ્યા સાચવી લેવા તે આગળ આવ્યા તે પહેલાં 'સુંદરી સુબોધ' 'જ્ઞાનસુધા' 'સમાલોચક' 'વીસમી સદી' વગેરેમાં તેમના લેખો, વાર્તાઓ ને કવિતાઓથી જાહેર થઈ ચૂકેલા. તેમનાં નાટકો 'અમર યુગલ' અને 'દિવ્ય પ્રભાત' કલકત્તાની ગુજરાત ક્લબે ભજવી તેમને યશ આપ્યો છે. 'જંજીરને ઝણકારે' નામની ફિલ્મથી સીનેમાસૃષ્ટિમાં પણ તેમની સેવા નોંધાઈ છે. આ બધી પ્રવૃત્તિ દરમિયાન પોતાની આજીવિકા માટે નોકરીની ધોંસરી તો તે ખેંચતા જ રહ્યા છે. પણ તેમના ખુશમિજાજ અને પ્રેમળતાએ ચારે તરફની સુવાસ અને સહકાર મેળવ્યાં છે.



શ્રી પંચાણુભાઇ વારાઃ 'કુમાર'ને અવનવી ચિત્રસામગ્રી પૂરી પાડવામાં જે અનેક કલાકાર મિત્રોએ પૂરી ઉદારતાભરી સહાય કરી છે તેમાં શ્રી પંચાણુભાઇનું નામ હમેશાં આગળ રહેશે. ખરા રસથી ફોટોગ્રાફીની કળા જમાવનાર આર્ટિસ્ટ તરીકે તેઓ અજોડ છે. તેમણે પોતાની કળા અનેક ઉત્સાહી યુવાનો અને વિદ્યાર્થીઓમાં ઉતારી જામનગરનું ગૌરવ વધાર્યું છે. સારા યુરોપી ફોટોગ્રાફરોના પણ કાન પકડે એવું કામ બતાવી તેમણે રાજપ્રશંસા મેળવી છે, તે સાથે સૌરાષ્ટ્રની અનેક કોમો, જનાવરો, નરનારીઓ વગેરેનો જે અમૂલ્ય ચિત્રસંગ્રહ કર્યો છે તેની કિંમત તો આવતો જમાનો આંકી શકશે. 'કુમાર' દ્વારા તેમની કળાપ્રસાદી ગુજરાતને ધરવાની તક અમને મળી તેથી અમે ધન્ય માનતા એ મિત્રના સદાના ઋણી છીએ. તેમનો વિસ્તૃત પરિચય તેમની કળા જેટલો જ સુંદર અને સૌરભભર્યો છે. સ્થળસંકોચને લીધે ન છૂટકે તે અમારે આવતા અંક પર મુલતવી રાખવો પડ્યો છે.

—ર.મ.રા.





કવિશ્રી
અરદેશર ફ. ખબરદાર
જેમની 'કુમાર' ઉપર
અમી નજર છે.
(સ્કેચ : રસિકલાલ પરીખ)



શ્રી ગજાનન ઉ. ભટ્ટ
એમ.ઇડી. (લીડ્ઝ)
એમ.આર.એસ.ટી. (લંડન)
'કુમાર'માંની સ્કાઉટિંગ અને
પક્ષીનિરીક્ષણની લોકપ્રિય
લેખમાળાઓના લેખક

નવયુગના કવિઓ

ઈન્દુલાલ ગાંધી

પથ્થર પડછંદા પાડે છે,
વૃક્ષો હાલી શાખ પૂરે છે,
સરિતાનાં નીર સાદ કરે છે:
નીરુ ! ઓ નીરુ !

'વગડાની વનશ્રીને રડાવનારો અને સૂના પથ્થરો પાસે પડછંદા પડાવતો કવિ તમારે ઘરઆંગણે પડ્યો છે.'

જ્યારે કવિશ્રી નાનાલાલના ઉપરના શબ્દો સાંભળનારાઓને કાને પડ્યા ત્યારે જ કરાચીની અઘોર નિદ્રામાં ઘોરતી ગૂજરાતી સાહિત્યરસિક પ્રજામાં આત્મભાન પ્રગટ્યું: ત્યારે જ તેમને ખબર પડી કે ગૂજરાત ગર્વ લઇ શકે એવો કવિ એમને આંગણે જ છે: ત્યારે જ ખબર પડી કે રેતીના થરમાં હજારીકમળ ઊગ્યું છે.

ઈન્દુભાઇની શરમાળ પ્રકૃતિએ બહુ જ થોડા પાસે ઘૂંઘટપટ ખોલ્યો હશે; અને એવા થોડાઓમાં એક હું. એમના હૃદયની ઊંડામાં ઊંડી અભિલાષાઓ, એમના દિવાસ્વપ્નો, એમના તરંગો, એમના જીવનના કડવામીઠા પ્રસંગોનો ઇતિહાસ એમણે મારાથી છુપાવવાનો કદી પણ પ્રયત્ન કર્યો નથી અને એ માટે જ આટલો ટૂંકો પરિચય આપવા લલચાયો છું.



છવ્વીસ વર્ષના આ જુવાન કવિની અધઝાઝેરી જિંદગી મરઘુકાઠો ખૂંદવામાં, ગામડાંઓમાં ભટકવામાં, ભેરુબંધો સાથે ગેડીદડા ખેલવામાં, તરવાની શરતોમાં, નિશાળમાંથી 'ગોટલી' મારવામાં અને લાગ આવ્યે શિક્ષકોનાં હાડકાં પાંસરા કરવામાં વીતી છે એમ કહું તો કોઇ આ વાતને સાચી માને નહિ. એમના તુખામા વિશે વાત કરતાં મોટીબા હજી યે ઘણી વાર કહે છે 'ઇ તો વડના વાંદરા ઉતારતો.'

No knowledge without College એ અંગ્રેજી કહેવતને ખોટી પાડનારા ઘણામાંના એક ઇન્દુલાલ. કૉલેજનાં બારણાં એમણે જોયાં નથી. જીવન મરણના પ્રશ્ન જેવી પ્રવેશક પરીક્ષા એમણે આપી નથી. એમનામાં જ્ઞાનનો ગર્વ કે સ્વભાવની કુદ્ધતાઇ નથી એનું કારણ કદાચ આ પોપટિયા જ્ઞાનનો અભાવ તો નહિ હોય ?

અંગ્રેજી સાહિત્ય એમણે બહુ જ થોડું વાંચ્યું હશે ને કવિતાઓ તો બહુ જ થોડી; ને તે પણ કોઇ સારા અભ્યાસી પાસે શૈલી જોઇ જવા ખાતર જ. એમની હમેશા એક દલીલ છે કે પર સાહિત્યનો ખૂબ ઊંડો અભ્યાસ કરવો એમાં પાપ નથી, પણ તે અભ્યાસને અંગે એના વિચારોની અસર આપણા માનસ પર ચિર આસન જમાવે છે એ તો તમે સ્વીકારો છો ને ? ને એ આછીપાતળી અસરને વિચારોમાં ગૂંથી એ કૃતિને 'મૌલિક' તરીકે ઓળખાવવા આપણે ટેવાઇ ગયા છીએ એમ તમને નથી લાગતું ?

કલાપીના કેકારવના વાચનની પ્રેરણાએ એમને કવિતા તરફ ધકેલ્યા. ગઝલો જન્મી: ખૂબ જન્મી. કઇક છપાઇ ને કઇકનો નાશ થયો. બસોથી ત્રણસો ગઝલો જોવા વાંચવાનો ધન્ય પ્રસંગ આ લખનારને મળ્યો છે. આ ગઝલોની પરંપરા ક્યાં સુધી ચાલત એ કહેવાતું નથી; પણ 'કુમાર'માં આવતી શ્રી દેશળજી પરમારની કવિતાએ એમને એકદમ આકર્ષ્યા: અનુકરણ શરૂ થયું અને જોતજોતાંમાં ગાડી પાટે ચડી ગઇ.

ગુજરાત આખાના લેખકોનાં ઉપનામોની સંખ્યાની હરીફાઇ થાય તો મને લાગે છે કે કદાચ પહેલું ઇનામ એ ખેંચી જાય. ચાર જુદાંજુદાં નામોથી કવિતા લખાય, બે જુદાંજુદાં નામોથી નાટિકા અને એટલાં જ બીજાં નામોથી વાર્તાઓ નિબંધો ઇત્યાદિ. કવિ પ્રાણી બહુ જ વિચક્ષણ હોય છે એમ વાંચ્યું છે, સાંભળ્યું છે અને અનુભવ્યું છે. અત્યાર સુધીમાં એણે લખેલું સુંદરમાં સુંદર કાવ્ય 'જીવનનાં જલ' દીવાસળીની પેટી પરના 'આકુન પેપર' પર ખરે બપોરે એક કલાકમાં જ ઘસડી નાખ્યું હતું. ૭૦થી ૮૦ કડીના કાવ્યોમાં રત્ન સમાન આધુનિક કાવ્યનો આ જીવન ઇતિહાસ છે.

ગાંધી કુટુંબને જન્મથી ગળથૂથીમાં અપાતો ક્રોધ એમનામાં નથી, છતાં તરવરાટ છે. એમનામાં કુનેહ નથી પણ સામા માણસને પળવારમાં માપી લેવાની દૃષ્ટિ છે. અને આ સૌથી યે જ્વલંત ગુણ એ પરોણાગતનો છે. 'અતિથિ દેવો ભવ' એ પુરાણજૂનું આર્યસૂત્ર એમના જીવનના તાણાવાણામાં કેવું ગૂંથાઇ ગયું છે એ તો કોઈ કવિબંધુ ઉમાશંકર જોષી જેવો સાક્ષી આપે ત્યારે સમજાય.

—ચ.

ચમનલાલ ગાંધી

'અમારા માસિક માટે તમે એકાદ ગીત ન લખી આપો?'

એક બપોરે કરાચીની વિદ્યાર્થી આલમના અતિ પ્રિય માસિક 'જીવન' (હસ્તલિખિત) માટે એના નાનકડા તંત્રી મારી પાસે કવિતા માગવા આવ્યા હતા ! ઉમર સત્તરેક વર્ષની હશે. બાંધી દડીનું વ્યાયામથી કસાએલું શરીર, ભીનો વાન ને તીક્ષ્ણ આંખો, જોનારને પ્રથમ નજરે આકર્ષે તેવાં હતાં. સાથે લાવેલા 'જીવન'ના બેત્રણ આગલા અંકો હું ત્યાં જ બેઠેબેઠે તપાસી ગયો. કોઇના પ્રત્યે સહેજે ઢળી જવાની વૃત્તિ નહિ, 'જર્નાલિઝમ' કઇ જાતની ચિડિયા છે તેની કશી ગતાગમ નહિ, છતાં એ માસિકના લેખોએ, લેખોની ગોઠવણીએ,



અક્ષરોની સ્વચ્છતાએ જાણે તે જ વખતે પેલું 'જર્નાલિઝમ' એમનામાં પ્રવેશવા મથતું હોય તેમ મને લાગ્યું. આ અમારૂં પ્રથમ ઓળખાણ.

એમની આંખોનાં તેજ હું ઓળખી શકયો ને એ આંખો પણ કોઇ નવો પ્રકાશ શોધતી હોય તેમ લાગ્યું. શિક્ષણ-વિનિમયના સાધન તરીકે અમને એકમેકમાં ગૂંથાઇ જવાની વૃત્તિ થઇ આવી. આમાં મૈત્રી જેવું કશું નહોતું, લાગણીનો ઊભરો પણ નહોતો. વિચારો અથડાવી એમાંથી નવો તણખો ઉપજાવવાની અમારી ઇચ્છા હતી; માત્ર ઇચ્છા જ. એ ઇચ્છા-કે મહેચ્છા-ઉપરથી આજે સાત વર્ષ વહી ગયાં છે.

એમને કવિતાનો નાદ લાગ્યો મૅટ્રિક પૂરી કર્યા પછી. એ નાદે જ પ્રીવિયસમાં ઉત્તીર્ણ થવા દીધા નહિ ને કૉલેજ કડવી ઝેર થઇ પડી તે વખતે અમે બંને કવિતાની 'કક્કા બારાખડી'માં હતા. કવિતાઓ લખાતી હતી ઢગલા મોઢે; ને છપાતી પણ હતી, પરંતુ એને પારદર્શક દૃષ્ટિ નહોતી મળી. એ દૃષ્ટિ, પારદર્શકતા, કવિતાના શુદ્ધ આત્મરસાયન માટે 'કુમાર'ના તંત્રી મંડળ અને શ્રી દેશળજી પરમારનો ઋણસ્વીકાર કર્યા વિના ચાલે તેમ નથી. 'કવિતા એ તર્ક નથી, શબ્દોનો ક્ષણજીવી થનગનાટ ય નથી. અંતરની પવિત્ર વિચારણાનું અતિ કોમળ છતાં પ્રાણવાન ભાવદર્શન છે' એ સૂત્ર 'કુમાર'ની વિશુદ્ધ ભાવમયતામાંથી મેળવી લીધું.

ભાઇ હિંમતલાલના અકાળ અવસાન પછી જન્મેલું 'કલ્યાણયાત્રી' એમનાં કાવ્યોના કિરીટમણિ જેવું છે. કવિતાના નીતિજ્ઞ પરીક્ષકો તરફથી એ સાચો આવકાર પણ પામી ચૂકયું છે. શરૂઆતથી માંડી અત્યાર સુધીનાં એમનાં કાવ્યોમાં કયાં યે ભારેપડતો કલ્પનાસંભાર નથી. કયાંક અરૂઢ થતી, કયાંક લલિતશોભન બનતી ઉપમાઓ છે. હૃદયના પ્રતિબિંબ જેવી અર્થની વિશદતા તો પંક્તિએ પંક્તિએ મળે છે. પણ એ બધાની ઉપરવટ જઇને ચિંતનનું પ્રગૂઢ ભાવચિત્રણ અદ્‌ભુત પ્રભુત્વ ભોગવતું આવ્યું છે. છતાં એમાં અપરિપકવતા નથી જ એમ કહેતાં શા માટે અચકાવું જોઇએ? ને એ કચાશથી શરૂઆતમાં કોણ બચવા પામ્યું છે? કાવ્યદૃષ્ટિના અચ્છા પારંગતો પણ કબૂલે છે કે 'કવિતાના હાર્દને શોધવા મથનારો સોએ એકાદ નીકળે તો ભલે! આપણે તો સૌ એના શણગાર જોઇ રાચનારા છીએ.' અને આ તો હજી એમના જીવનની અપૂર્ણ પચ્ચીસીની ફૂટતી કળીઓ છે. એને ખીલવવા-વિકસાવવા સભર આયુષ્યની અખંડ કિરણધારા ઊતરતી આવે છે. એટલે એમની કોઇ પણ કૃતિને ચોક્કસ સ્થાને નિયત કરવા જેટલું જોખમ મારાથી કેમ ખેડી શકાય?

પત્રકારિત્વની એમની દૃષ્ટિ કવિતા કરતાં યે વધુ વિશદ છે એમ હું અનુભવે જોઇ શકયો છું. 'ઊર્મિ'માં જે કાંઇ સજીવ તત્ત્વ વિલસતું હોય તે ભાઇ ચમનલાલના અવિરત પરિશ્રમનું પરિણામ છે એમ હું કહું ત્યારે એને અત્યુક્તિ માનવાનું સાહસ કોઇ ન કરે એટલી પ્રાર્થના છે. ગુણગ્રાહીમાં-સકોને મન આળસ અવગુણરૂપે લેખાતી હોય તો એ એક જ 'અવગુણ' એમના જીવનમાં આજ સુધી વિકસતો હું જોઈ રહ્યો છું! પત્રોના ઉત્તર ત્રણત્રણ મહિના સુધી ન લખવાની ફરિયાદો યે હજી અનુત્તર પડી હશે! 'ઊર્મિ'ના આખા અંકનું મૅટર પૂરૂં પાડવાનો બોજો એમના શિરે મૂકીએ ત્યારે મહિને દહાડે પાંચ પાનાં પામવાની આશા રાખવી 'અસ્થાને' ન કહેવાય! પણ આ 'અવગુણે' એમને વાંચવા-વિચારવામાં ખૂબ મદદ કરી છે. એમનું તલસ્પર્શી ચિંતન ઇર્ષ્યા કરાવે એવું છે. પાંચપચ્ચીસ મિત્રો એકઠા થયા હોય, દલીલોની રમઝટમાં ઉપયોગી યોજનાઓનો યે ધાણ નીકળી જતો હોય ત્યારે નક્કર વિચારોની કડીઓ ગોઠવી સર્વમાન્ય એવી તાત્કાલિક કોઈ નવી જ યોજના-સાંકળ ગૂંથનારો એમના જેવો કુશળ કળાધર અમારા સંઘમાં બીજો કોઇ નથી.

એમણે લખ્યું છે બહુ થોડું. પણ એ લખાણ પાછળ કંઈક ધ્યેય છે, દૃષ્ટિ છે. એ લખેલું બધું ચિરંજીવ રહેશે એવી એમને શ્રદ્ધા નથી. એટલે જ એમનું ભાવિપ્રયાણ અત્યંત આશાભર્યું છે. કેટલાક અંગત મિત્રો ટકોર કરે છે તેમ 'ક્રાંતિ એ આજના જુવાનો માટે સસ્તામાં સસ્તી વસ્તુ થઇ પડી છે.' નિજનિજનાં ચણતરને વિશ્વકર્માની રચના માનનારાએ સમજવું જોઇએ કે આપણાં ગુમાનભર્યાં પગલાં પાછળ એક એવી પ્રજાનાં પગલાં પડતાં આવે છે કે જેમની પાસે પૃથ્વી જેવડું વિશાળ હૃદય છે. આપણા નિષ્ક્રિય શબ્દદળને ભોંય ભેગા કરી દે એવી એમના શબ્દો પાછળ જાગતી કર્મણ્યતા છે. ચિરંજીવ સર્જનને કલમ, કાગળ કે શાહીની જરૂરત નથી; એ તો યુગેયુગે કર્તૃત્વની જ્યોતરૂપે સળગે છે ને જજ્ઞાસુનાં જીવનમાં અવતાર પામે છે

શોકભારથી નમાવે, ઘડીમાં આંસુ પડાવે કે ખડખડાટ હસાવે એવું લગભગ પ્રત્યેક કવિસુલભ એમનું જીવન નથી. તરંગી સ્વભાવ એમનો વારસો છે. વાણીના નિખાલસ છે; સાલસ નથી. ભાવનાસરોવર જેવું નિર્મળ, અવિચારની એક કાંકરી પણ સહન ન કરી શકે તેવું તપકઠોર, પ્રસન્નતાના પ્રકાશથી ભર્યુંભર્યું એમનું હૃદય છે. એ હૃદય સુધી ન પહોંચવાને કારણે એમની મૈત્રીએ અનેક મિત્રોને દઝાડ્યા છે. આવતી કાલ ઘડનારાઓની નામાવલિમાં બેઠેલા ભાઈ ચમનલાલની સિદ્ધાંતરત કાર્યદૃષ્ટિને 'અહમ્'ની નજરે જોનારા એમના અતિ ડાહ્યા હિતસ્વીઓએ પોતાની માન્યતામાં અતિ ઘણું પરિવર્તન લાવવાની જરૂર છે એટલું હું માગી લઉં છું.

આજે ભાઇ ચમનલાલ આપણી સામે ત્રણ સ્વરૂપે વિચરે છે: સૌ પહેલા પ્રતિભાશાળી કવિ તરીકે, પછી વિદ્યુતરંગી ગદ્યશૈલીના કટાક્ષદર્શી ગદ્યકાર તરીકે અને છેલ્લે ઊગતા પત્રકાર તરીકે તે પછીના સ્વરૂપ માટે ભવિષ્ય સિવાય બીજું કોણ ઉત્તર આપી શકે?

—ઈ.

કૃષ્ણલાલ શ્રીધરાણી



ભાવનગરમાં ૧૯૧૧ના સપ્ટેમ્બરની ૧૬મીએ એમનો જન્મ થયો. નાનપણમાં જ એમણે પિતાને ગુમાવ્યા. પિતાના મૃત્યુ પછી જુનાગઢમાં મા-માને ત્યાં શહેર બહાર પેંડક-માં કુદરતની વચ્ચે ઉછર્યા હોવાથી કુદરત અને કલા પ્રત્યેનો પ્રેમ ખીલ્યો. પ્રા-થમિક અભ્યાસ પછી ભા-વનગરના શ્રી દક્ષિણામૂર્તિ ભવનમાં દાખલ થયા અને એ સંસ્થામાં એટલો જીવ મળી ગયો કે તે સ્વાભાવિક ઘર જ થઈ ગઇ. ત્યાં લેખનપ્રવૃત્તિ અનેક હસ્તલિખિત પત્રો કાઢવાથી શરૂ થઈ. 'લટપટિયું', 'દક્ષિણામૂર્તિ દૈનિક', 'ભારત' અઠવાડિક, 'ચેલકી' પાક્ષિક, 'વિદ્યાર્થી', 'ગુલાબ', 'શેવતી' વગેરે માસિકો, 'કિશોર' ત્રૈમાસિક, અને 'ગૌમાતા' નામનું અનિયતકાલિક ચલાવ્યાં. ઘણાંક મંડળો પણ કાઢયાં અને ભાંગ્યાં. માસિકો, લેખન અને આલેખન (ચીતરવાનું) બંને તેઓ કરતા. તેમાં પહેલી શક્તિ ખૂબ વિકસી આવી. આ જીવન દરમ્યાન ખૂબ મિત્રો અને નવાં ઓળખાણો કર્યાં તથા વિચારસમૃદ્ધ જીવન ગાળ્યું.

ત્યાંથી વિનીત થઇને વિદ્યાપીઠમાં જોડાયા, ત્યાં કાકા-સાહેબ કાલેલકરના અતિ મોઘા ગણાતા અંગત સમાગમમાં આવ્યા અને તે સહવાસે એમના જીવન પર ખૂબ અસર કરી. લેખનપ્રવૃત્તિ ને વિચારો આ સમયથી પરિપક્વ થતા ચાલ્યા.

એટલામાં તો મહાત્માજીની દાંડીકૂચ થઈ. એ લડતમાં જોડાયા અને મહાત્માજીની ટુકડી પાછળની જ ટુકડી સાથે દાંડીમાં પકડાઈ જેલ ગયા. નાસિક જેલમાં એમણે એમનું પહેલું પ્રકાશિત પુસ્તક 'વડલો' નાટક લખ્યું. સંધિ થયે જેલમાં-થી નીકળી શાંતિનિકેતન આગળ અભ્યાસ માટે ગયા. ત્યાં ભા-ષાઓ, ઇતિહાસ અને સમાજશાસ્ત્રના અભ્યાસ સાથે કલામાં પણ રસ લઇ પ્રગતિ કરે છે. નવી કલ્પનાથી મઢેલા ભાવ જેટલી જ ચોટવાળી અસરકારક અને સુયોગ્ય શબ્દરચનાથી મંડિત ટૂંકાં કાવ્યો એમની કીર્તિદા બન્યાં છે.

'સુન્દરમ્'—ત્રિભુવનદાસ પુરુષોત્તમદાસ લુહાર

ભરૂચ જિલ્લાના આમોદ તાલુકાના માતર ગામમાં ૧૯૦૮ના માર્ચની ૨૨મીએ એમનો જન્મ થયો. એ ગામ ખેડા જિલ્લાનું માતર નહિ. તેથી જુદું પાડવા એને મીઆં માતર કહે છે. એ ગામમાં જ સાત ગુજરાતી ધોરણ સુધી અભ્યાસ કરી ત્યાંથી આમોદની અંગ્રેજી શાળામાં પાંચ ધોરણ કર્યાં. અસહકારની શરૂઆતમાં જ આ શાળા રાષ્ટ્રીય થઇ ગએલી, એટલે રાષ્ટ્રીય ભાવનાના સંસ્કારો મૂળથી જ મળેલા. શાળા સરકારી હતી ત્યારનું ગૂંગળાવતું વાતાવરણ નાનપણથી જ અસહ્ય થઈ પડેલું:-જોકે તેની સામે થવા જેટલી હિંમત નહોતી. પછી રાષ્ટ્રીય શાળાનું વાતાવરણ પોષક હતું. ત્યાંથી ભરૂચમાં શ્રી છોટુભાઇ પુરાણીને હસ્તે ભરૂચ કેળવણી-મંડળ તરફથી ચાલતી ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં એક વરસ અભ્યાસ કરી ત્યાંથી ગુજરાત વિદ્યાપીઠની વિનીતની પરીક્ષા આપી અને આખી વિદ્યાપીઠમાં પહેલે નંબરે પાસ થયા. ગુજરાતી સાત ધોરણ કરેલાં એટલે વિનીત થતાં છ વર્ષ જ ગયાં.



ઘરની આર્થિક દશાને લીધે વારંવાર વચમાં અભ્યાસ છોડાવવા કુટુંબીઓએ પ્રયત્ન કરેલો. અંગ્રેજીનો અભ્યાસ શરૂ કર્યા પહેલાંજ પિતા ગુજરી ગએલા. પિતામહે વિનીત સુધી અંગ્રેજી ભણાવ્યું. વળી જન્મ સાથે જ વિવાહ થએલા ને નવ વરસે પતિ બનવું પડેલું એ સંજોગો પણ અભ્યાસમાંથી ખેંચવા પ્રયત્ન કરતા. પણ કોઇ અદૃશ્ય બળથી આગળ વધાયે ગયું.

આગળ વિદ્યાપીઠમાં જવાનો વિચાર જ ન હતો, પણ એક સમભાવી શિક્ષકે પૈસા ધીર્યા ને વિદ્યાપીઠનું જીવન શરૂ કર્યું. નવું જ જીવન કહીએ તો ચાલે. ખાનગી સમયમાં ટ્યૂશન વગેરે આપીને વિદ્યાપીઠનો અભ્યાસ ચલાવ્યો. છેલ્લાં બે વરસ તો પત્ની સાથે ભણતાંભણતાં રહેવું પડેલું. એ કસોટીનો કાળ હતો. ટ્યૂશન ઉપર જ આખા ઘર અને અભ્યાસનો ખર્ચ કાઢવો પડતો. ચાર વર્ષે સન ૧૯૨૯માં સ્નાતક—સંસ્કૃત તથા અંગ્રેજી લઇને બીજા વર્ગમાં ભાષા-વિશારદ—થયા. એ ચાર વર્ષે ઘણું આપ્યું. છેલ્લું વર્ષ 'સા-બરમતી', દ્વૈમાસિકનું તંત્ર ચલાવ્યું તેણે કલમ ખીલવી.

સ્નાતક થયા કે તરત જ કાઠિયાવાડના સોનગઢ ગુરુકુળમાં શિક્ષકની જગ્યા મળી. ત્યાં એક વરસ ગાળ્યું અને સત્યાગ્રહ શરૂ થયો. ગુરુકુળમાંથી રાજીનામું આપ્યું ને જંગમાં પડયા. ૧૯૩૦ના મે માસથી તે ૧૯૩૧ના જુલાઈ સુધી—સંધિ ને પછીની વ્યવસ્થા થઇ ત્યાં સુધી—જંબુસર તાલુકાનાં ગામડાં-માં શાંત કાર્ય કર્યું. જેલનો લાભ એ વેળા ન મળ્યો. આ વર્ષ તપશ્ચર્યાનું કહેવાય. એ દરમ્યાન એમને ઘણું મળ્યું. જન-સ્વભાવ તેની શકિત અશકિત સાથે બધાં રૂપોમાં જોવાને મળ્યો.

સંધિ થયા પછી કોઇ આકસ્મિક સંજોગોથી મુંબાઇ તરફ ખેંચાઈ ગયા. અને ૧૯૩૧ના જુલાઇથી મુંબાઇની ફેલોશિપ સ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા. પણ ૧૯૩૨ની શરૂઆતમાં ફરી પાછી રાષ્ટ્રીય લડત ઉપડતાં મન ત્યાં દોડયું. માર્ચમાં શાળા છોડી અને પોતાના જ--ભરૂચ-જિલ્લામાં રાષ્ટ્રીય કાર્યમાં

પડ્યા. પડ્યા ન પડ્યા ત્યાં તો ઝડપાયા. એપ્રિલની પહેલી તારીખે સાડાસાત મહિનાની જેલ મળી.

તેઓ સ્વભાવે નરમ અને શાંત છે. શરીર ઢીલું છતાં તંદુરસ્ત છે. એમની લેખનપ્રવૃત્તિ 'સાબરમતી'ના તંત્રી થયા પછી વધારે સ્પષ્ટ અને વિસ્તૃત રૂપ પામી. તે પહેલાં પણ કાવ્યો તો લખેલાં. લાંબાં કાવ્યો ઉપર હાથ અજમાવવાનો એમને શોખ (અને શક્તિ પણ) છે; તેમાંનું એક 'માયાવિની' 'પ્રસ્થાન'માં પ્રકટ થયું છે.

ઉમાશંકર જોષી

ઇ.સ. ૧૯૧૧માં એમનો જન્મ. ઈડર સ્ટેટના બામણા ગામમાં ગુજરાતી ચાર ધોરણ સુધી વતનમાં જ અભ્યાસ કર્યો.



અંગ્રેજી ૬ ધોરણ સુધી બોર્ડિંગમાં રહી ઇડર હાઇસ્કુલમાં ભણ્યા. મૅટ્રિક્યુલેશનમાં પ્રોપ્રાયટરી હાઇસ્કુલમાં જોડાઇ પરીક્ષામાં અમદાવાદ સેન્ટરમાં પ્રથમ નંબરે અને બધાં સેન્ટરોમાં (આખી યૂનિવર્સિટીમાં) ત્રીજા નંબરે ઉત્તીર્ણ થયા. ગુજરાત કૉલેજની હડતાળમાં એમનો આડકતરો ફાળો ઘણો હતો. સાઇમન કમિશનના આગમન સામે વિરોધ બતાવવા કેટલાક પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ છમાસિક પરીક્ષામાં ન બેઠા. તે સૌનો દંડ થયો. ભાઇ જોષીની દંડ ઉપરાંત સ્કૉલરશિપ પણ ખૂંચવી લેવામાં આવી. પાછળથી સમાધાન થતાં સ્કૉલરશિપ તેમને પાછી મળી હતી.

બે વર્ષ ગુજરાત કૉલેજમાં ભણી ઈન્ટરમીડીયેટની પરીક્ષા આપી, અને તરત જ ગાંધીજીની કૂચ પછી ૧૯૩૦ની પહેલી લડતમાં જોડાયા. સાત મહિના સુધી વીરમગામ તાલુકામાં કામ કરી સાડાચાર મહિનાની જેલયાત્રાએ સિધાવ્યા. સંધિ પહેલાં દસ દિવસે છૂટયા. સરકારી કૉલેજમાં ફરીથી દાખલ થવું એ ડહાપણભર્યું ન લાગવાથી વિદ્યાપીઠમાં જોડાયા, અને ત્યાં જ તેમનું 'વિશ્વશાંતિ' કાવ્ય લખાયું. બીજી લડત શરૂ થતાં તેમાં ઝંપલાવ્યું. હાલ તેઓ વીસાપુરમાં જેલ ભોગવી રહ્યા છે.

તેમની ખાસ કાવ્યપ્રવૃત્તિ ૧૯૩૦ની સાલમાં લડતમાં જોડાયા પછીથી જ શરૂ થઇ કહેવાય. કેટલાંક કાવ્યો તેમણે સમરાંગણમાં લખ્યાં અને બીજાં કેટલાકની રૂપરેખા જેલમાં દોરી. આ રીતે તેઓ મુખ્યત્વે સત્યાગ્રહ કવિ છે. રાષ્ટ્રપ્રેમ અને વિરાટ ભાવના એ એમની કૃતિઓનાં ખાસ લક્ષણો છે.

રતિલાલ શુક્લ

તેઓ મૂળ વઢવાણ શહેરના રહેવાસી. એમનો જન્મ



સંવત ૧૯૬૩ના જેઠ સુદિ ૧૧ ને તા. ૨૨–૬–૧૯૦૭ ચૂડામાં થએલો. જગ-ખંભાળિયામાં ગુજરાતી અને અંગ્રેજી પહેલા ધોરણ સુધી ભણ્યા અને પછી એક વર્ષ જામનગર રહી ત્રીજા ધોરણથી મૅટ્રિક્યુલેશન સુધી વઢવાણ શહેરમાં અભ્યાસ કર્યો. જૂનાગઢની બહાઉદ્દીન કાલેજમાં બે વર્ષ અભ્યાસ કરી ૧૯૨૮માં બી.એ. (ઑનર્સ)ની પદવી મેળવી કેટલોક સમય કાયદાનો અભ્યાસ કર્યો તથા શિક્ષક તરીકે કામ કર્યું. ૧૯૩૦ની સત્યાગ્રહની લડત શરૂ થતાં તેમાં ઝંપલાવ્યું

એમની કાવ્યપ્રવૃત્તિ ડીકડીક જૂની ગણાય, પણ ખાસ કરીને ૧૯૩૦ના ફેબ્રુઆરી પછી તેમણે સાચાં કાવ્યો લખ્યાં. ચિંતન અને સૌષ્ઠવ એ એમનાં કાવ્યોનાં મુખ્ય લક્ષણો છે.

મનઃસુખલાલ મગનલાલ ઝવેરી

૧૯૦૭ના ઑક્ટોબરની ત્રીજી તારીખે જામનગરમાં એમનો જન્મ થયો અને પ્રાથમિક તથા માધ્યમિક અભ્યાસ



પણ ત્યાં જ કર્યો. પણ સત્તર વર્ષની વયે મૅટ્રિકમાં પહોંચતાં ભયંકર માંદગી આવી એટલે એમને ૧૯૨૪માં અભ્યાસ છોડવો પડ્યો. તે પછી તે મુંબાઈમાં એમના પિતાના ઝવેરાતના વેપારમાં જોડાયા, પણ ત્યાં ન ફાવવાથી જામનગર પાછા જઇ પરચુરણ ઝવેરાતની દુકાન ખોલી. ત્યાં પણ નસીબે યારી ન આપી એટલે નોકરી લીધી અને ૧૯૩૧ સુધી જામનગરમાં શિક્ષક તરીકે કામ કર્યું. પણ અભ્યાસી વૃત્તિને લીધે ખાનગી વાચન ખૂબ વધારતા રહેલા. એ જ વૃત્તિએ સાત વર્ષ પછી પણ મૅટ્રિક પસાર કરવા એમને પ્રેર્યા અને ૧૯૩૧માં પાસ થઇ સેંટ ઝેવીઅર્સમાં હમણાં જ પ્રીવિયસ પૂરું કર્યું

એમની લેખનપ્રવૃત્તિ ઘણી વિસ્તારી છે. રાગસંહિતાના બે વિભાગ, સ્મૃતિભ્રંશ (નાટક), ચંદ્રદૂત અને અભિમન્યુ (ખંડ કાવ્યો) એટલાં પુસ્તકો એમણે સાહિત્યને ચરણે ધર્યાં છે. હમણાં કુરુક્ષેત્ર અને ઉત્તરરામનાં ભાષાંતરો કરી રહ્યા છે. ગર્ભશ્રીમંત જન્મવા છતાં પ્રતિકૂળ પરિસ્થિતિ આવી પડવાને લીધે એમને આપબળે જ જીવન અને અભ્યાસ ખેડવાં પડ્યાં છે, અને એવા જીવનની મિઠાશ તેઓ મોંઘી ગણીને માણે છે. એમની ભાષાની પ્રાસાદિકતા અને ગૌરવ બતાવી આપે છે કે સંસ્કૃત સાહિત્યના અભ્યાસની એમના પર ખૂબ અસર છે. પણ એમના કાવ્યભાવ નવયુગના પાશથી વંચિત નથી રહ્યા.

ચાલો કુમાર કાર્યાલયમાં—

અમદાવાદ આવી શકો તો તો આ બધું તમને નજરે બતાવી શકું, પણ દૂરદૂરના મુલકોમાં વસતા 'કુમાર'ના બધા વાચકો અને પ્રેમીઓને એવી તક સાંપડવાનો યોગ ક્વચિત મળવાનો, એટલે આ રીતે માનસિક મુલાકાત કરીને પણ ઘણાને કુમાર કાર્યાલયનો સવિશેષ પરિચય થશે જ. આજ સુધી જે 'કુમારે' તમારા અંતરમાં પ્રેમ અને આદર ભોગવ્યાં છે તેના કાર્યકર્તાઓનું પ્રત્યક્ષ દર્શન આ લેખ ને ચિત્રોથી કરાવી શકું તો મૈત્રીની એક ફરજ બજાવ્યાનો હું સંતોષ લઇ શકીશ.

અમદાવાદમાં કુમાર કાર્યાલય શોધી કાઢવાને તમે ગમે તેને પૂછો તો ભાગ્યે જ પત્તો મળે. તમે કોઇ છાપખાનામાં, શાળામાં કે ફોટોગ્રાફરને ત્યાં પૂછશો તો તો ઘણે ભાગે તમને સાચી દિશાએ વાળશે, પણ વેપારી કે દુકાનદારને પૂછશો તો કાને હાથ જ દેશે. પૂછવા કરતાં ચોક્કસ સરનામું પહેલાંથી મેળવ્યું હોય છે તેને ઓછી મુશ્કેલી પડે છે. અમદાવાદના પોસ્ટ ખાતાની તો 'કુમાર' પર ઘણી કૃપા છે, એટલે કોઇ કાગળ ઉપર માત્ર 'કુમાર-અમદાવાદ' એટલું લખે તોપણ કાગળો પહોંચાડી દે. પણ રૂબરૂ આવનારને ગાડીવાળો એ રીતે પહોંચાડી નહિ શકે. તેને તમારે કહેવું જોઇએ કે 'રાયપુર ચકલામાં ભાઈશંકર નાનાભાઇની હવેલી પાસે, રાયપુર પોસ્ટ ઑફિસ સામે કુમાર કાર્યાલય છે.' અને આ ઠેકાણે પહોંચ્યા પછી પણ મોટું પાટિયું જોવાની આશા રાખશો નહિ; કારણકે કુમાર કાર્યાલયને ચાલતા રાહદારીઓ અથવા બજારૂ માણસો સાથે ભાગ્યે જ કામ પડે છે. થાંભલી પરના એક સાદા નાના પાટિયાથી જ જગ્યાની તમને પિછાન થશે.

આગળના મોટા ડહેલામાં કાર્યાલયની ઑફિસ છે. અહીં બહારનાં માણસો, મળવા આવનારાઓ, ટપાલવાળા તથા માસિક, છાપકામ કે ચિત્રના ગ્રાહકો પહેલા જ ઑફિસના વહીવટદારોને મળે છે. આ ભાઇઓના હાથમાંથી કુમાર કાર્યાલયનો સર્વ પત્રવ્યવહાર હિસાબ અને માલની લેવડદેવડ પસાર થાય છે એટલે કુમાર કાર્યાલયની કોઇપણ બાબતની પહેલી પૂછપરછ ત્યાં જ થાય. એ સિવાય કુમારોને ઉપયોગી સામાન જેની તમે 'કુમાર'માં વારંવાર જાહેર ખબર વાંચો છો તે પણ તેમની પાસેથી જ મળે. આ વેચાણ વિભાગનો ઉદ્દેશ કમાણી કરતાં મોટે ભાગે ઘણાની સગવડ સાચવવાનો જ છે.

જેને ખાસ ચિત્રો દોરાવવાં હોય, લેખ કવિતા કે તંત્રી ખાતાને લગતી બાબત વિષે પૂછવું હોય, અગર કોઇ અંગત વાત કરવી હોય તેમને અહીંથી ઑફિસ વટાવી અંદર જવાની અનુમતિ મળે છે. અંદરના આ પહેલા જ વિભાગમાં મોટો ચોક છે અને તેની સામસામી પરસાળોમાં છાપવાનાં યંત્રો અને કંપોઝ ખાતું નજરે પડે છે.


પણ તે કોઈ વિભાગમાં જાઓ તે પહેલાં કાર્યાલયના મુખ્ય અધિકારી શ્રી બચુભાઇ રાવતની ઑફિસ ડાબી બાજુએ



રેલવે સ્ટેશન તથા અમદાવાદના મુખ્ય રાજમાર્ગ ગાંધીરોડ ઉપરથી કુમાર કાર્યાલય આવવાનો રસ્તો બહુ અટપટો કે દૂર નથી.




તમારી સાથેના વ્યવસ્થાને લગતા પત્રવ્યવહારો, હિસાબો, બીલો, માસિકો તથા પૅકેટો પરનાં સરનામાં વગેરેમાં જેમના અક્ષરો તમે જુઓ છો તે (ઉપર) ભાઈ લક્ષ્મણ ભટ્ટ (નીચે) ભાઇ લાલશંકર જોશી અને (ડાબી બાજુએ) ભાઇ દીનાનાથ રાવળ.



'કુમાર'ની અવનવી રચનાઓને બીબાંમાં ગોઠવનાર કંપોઝ ખાતાના કારીગરો: (જમણી તરફ ઉપર) ભાઇ ભોગીલાલ પટેલ, (ડાબી તરફ) ભાઇ નટવરલાલ રાવત, અને (નીચે) ભાઇ શાંતિલાલ પંડ્યા.

તમારૂં ધ્યાન ખેંચશે. કોઇપણ અજાણ્યો માણસ એમને મળ્યા સિવાય કાર્યાલયના આંતર વિભાગમાં જઇ શકે નહિ એવો શિરસ્તો છે. શ્રી બચુભાઇ રાવત કુમાર કાર્યાલયના આખા તંત્રના નિયામક છે. આ વિભાગમાં તમે જે વીજળીક પ્રવૃત્તિ જુઓ તે બધી તેમને જ આભારી છે. એ પોતે ઘડીભર જંપ નહિ લે, તેમ જ કોઇને ધીરાં પગલાં મૂકતા સહન કરી શકશે નહિ. કાર્યાલયની રજેરજ વિગતોથી તે સંપૂર્ણ વાકેફગાર છે, અને નવા આવનારને પોતાના કામ માટે અથવા 'કુમાર' વિશે જે કંઇ પૂછવું કે જાણવું હોય તે તેમની પાસેથી મળી શકે છે. તેમને જરૂર જણાય તો વિભાગીય ખાતામાંથી વધારાની જરૂર પૂરતી હકીકત મંગાવી આપી શકે, પણ તેમની પાસેથી ભાગ્યે જ કોઇને નિરાશ થઇ જવું પડે. કુમાર કાર્યાલયની લગભગ બધી જ ચિંતાઓનો ટોપલો તેમને માથે પડ્યો હોવા છતાં જાતજાતની નવીનતા અને પ્રકાશવાળું વાતાવરણ સરજવાની એમની મથામણ તમને અજબ કરશે. પોતાની કાર્યપદ્ધતિ અને ચીવટ એમની નજર તળે કેળવાએલા માણ-સોમાં ઉતારવાની એમની મહેનત, મુલાકાત લેનારને ભાગ્યે જ સમજાય. સહતંત્રી તરીકેના 'કુમાર'ના સંપાદનકાર્ય ઉપરાંત કુમાર કાર્યાલયમાંથી બહાર પડતા ઉઠાવદાર દેખાવવાળા સુંદર મુદ્રણનું સર્જન પણ એમને જ આભારી છે. મુદ્રણકળાની નવી સીમાઓ સરજી એમણે એ કળાનો ઇતિહાસ ઘડ્યો છે.

કુમાર કાર્યાલયનાં બે નાનાં ટ્રેડલ મશિન જોઇ ઘણાએ ઉદ્ગાર કાઢ્યા છે કે 'બસ, 'કુમાર' બધું આટલા જ છાપ-ખાનાથી ચાલે છે?' પણ આ સંચા, તેમજ સુશોભનોના બ્લૉકો-નો આટલા વખતનો એકઠો થએલો જાત તેમજ ગુણમાં વિરલ



'કુમાર'નાં તેમજ પ્રિન્ટરીને લગતાં બીજાં કામોમાં મુખ્ય નિયામકના મદદનીશ ભાઇ જયંતીલાલ ભટ્ટ



કુમાર પ્રિન્ટરીના મુદ્રણમાં જે રંગની સફાઇ અને છાપ-કામની કારીગરી તથા સુઘડતા જુઓ તે તેના મુખ્ય મુદ્રક (ઉપર) ભાઇ મનોરદાસની છે. આ પ્રાંતના વિરલ મુદ્રણ-કલાનિષ્ણાતોમાંના એક શ્રી વીરજી માલવણીઆના હાથ નીચે મેળવેલી તાલીમને જેમ આપે તેવી રીતે તેમણે અહીં પ્રગતિ કરી છે. તેમના હાથ નીચેના બે કામદારો (જમણી તરફ) ભાઈ તોતારામ ભૈયાજી અને (નીચે) ભાઇ અંબાલાલ રાવત.



'કુમાર'ની શરૂઆતથી આજ સુધી તેના બ્લૉકના કામની જવાબ-દારી સાચવનાર (ઉપર) ભાઇ ત્રંબકરાવ ચાટુફળેએ કુમાર કાર્યા-લયના બ્લૉક ખાતાને એક અગત્યનો વિભાગ બનાવ્યો છે. તેમના હાથ નીચે તૈયાર થએલ જુવાન કામદારો (નીચે) ભાઇ પીતાંબર પટેલ, (ડાબી તરફ) ભાઇ કૃષ્ણાજી જોશી ને (તદ્દન નીચે) ભાઇ દયાશંકર ત્રિવેદી પણ હજુ તેમના સાથમાં જ કામ કરી રહ્યા છે. કોઇ અકસ્માત કે બીમારી સિવાય ભાગ્યે જ એ ખાતાની કામગીરીમાં ભંગ પડ્યો છે, અને કેટલી યે વાર અટપટા પ્રકારના બ્લૉક જુદાજુદા પ્રયોગોથી પાર પડી ચૂક્યા છે.

એવો સંગ્રહ ભાગ્યે જ બીજે કોઇ સ્થળે મળશે. કેટલી યે ચીજો કિંમતથી ન જ મળે તેવી અહીં એકઠી થઈ છે. દેશપરદેશનાં મુદ્રણસાહિત્યનાં સામયિકોનો અભ્યાસ કરાઇને કેટલા યે પ્રયોગો ને સાધનોનો અહીં સંચય થયો છે, અને બીબાં ગોઠવનાર-થી માંડી છાપનાર સુધી દરેક જણ જાતે કળામય કામ આપ-વામાં રસ લે છે. રંગ અને ગોઠવણની સાધારણ સમજ તો આટલા લાંબા વખતના પરિચયથી તેમનામાં સહજ ઊઘડી છે; તે સાથે ક્રિયાશક્તિ પણ વિશેષ પ્રકારની ખીલી છે.

યુરોપ-અમેરિકામાં આજે મુદ્રણને કળા તરીકે સ્થાન મળ્યું છે અને યૂનિવર્સિટીઓએ તેને શિક્ષણક્રમમાં લીધું છે. છાપખાનાના કામમાં જે સંસ્કાર, વિચાર, ક્રિયાશીલતા, યોજના, રૂચિ અને રચના જોઇએ તેની કદર કરનારા પણ આપણા દેશમાં તો જૂજ છે. કુમાર પ્રિન્ટરી મુદ્રણકળાને આદર્શ રૂપ આપવા મથી રહી છે તેથી કેટલીકવાર ધંધાની દૃષ્ટિએ બીજાં છાપખાનાં જેવો નફો ઉઠાવી શકતી નથી; પણ તેની પ્રતિષ્ઠા તો સ્થાપિત થએલી છે જ. આ પ્રતિષ્ઠામાં કુમાર કાર્યાલયના એકેએક માણસનો વધતોઓછો હિસ્સો



કુમાર કાર્યાલયના આર્ટ સ્ટુડિયોમાં ચિત્રકળા તથા ફોટોગ્રાફી વિભાગોમાં શિક્ષણ લેતા કલાના વિદ્યાર્થીઓ

છે. એ દરેક જણ 'કુમાર' માસિકના આશયો સમજે છે અને તેમાં પોતે કંઇક ઉપયોગી બની શકે છે તેનું ગૌરવ ધરાવે છે.

હવે આપણે એક બારણું વટાવી પાછળના ચોકમાં જઇએ છીએ. બાજુએ પડેલા કાગળોના થોડા અને થપ્પીઓ તથા કાગળો કાપવાનું એક નાનું યંત્ર વટાવીને પાછલા ચોકમાં પહોંચતાં બ્લૉકો બનાવવાને લગતી પ્રવૃત્તિઓ જણાશે. તેજાબોના બાટલા, ટેબલો પર ગોઠવેલી તેજાબ ભરેલી ચીની માટીની ચોખંડી તાસકો અને કેટલાંક સુતારી તથા લોખંડી કામનાં નાનાં યંત્રો અહીં પડયાં હોય છે. પણ પહેલાં ત્યાં ન રોકાતાં કાર્યાલયના પરોણાને સામેના દાદર પરથી ઉપરને માળે બ્લૉકના કૅમેરા આગળ લઇ જઇએ. ઘણાને બ્લૉકના કામ માટે એવડો મોટો તોતીંગ કૅમેરા જોઇ આશ્ચર્ય થાય છે. પણ આ કૅમેરાથી માણસોની છબી લેવાની હોતી જ નથી એટલે તે તેના ચોખંડા ટેબલ ઉપર હમેશાં ચડેલો જ રહે છે. માત્ર સામેના ચિત્રના માપ પ્રમાણે આઘોપાછો થવાને તેના ગરેડીવાળા પાયા લોખંડના પાટા ઉપર આઘાપાછા થઇ શકે છે. 'કુમાર'માં તમે આજ સુધી જે ચિત્રો જોયાં તે લગભગ બધાં જ આ કૅમેરાના લેન્સમાંથી પસાર થએલાં. બ્લૉકને લગતી ફોટોગ્રાફી, ધાતુકોતરણી અને યાંત્રિક બાબતોમાં ઘરગથ્થુ તથા દેશી રીતો તેમજ સાધનો બને તેટલાં વાપરવામાં આવે છે. પણ આ વર્ણનો કરતાં તે બધું એક વાર આંખે જોનારને ઝટ સમજાઇ જાય તેવું છે.

આ બધા ક્રિયાવિભાગો પછી 'કુમાર'નાં ચિત્રો અને ફોટોગ્રાફોનો જ્યાં જન્મ થાય છે તે ઉપરનો ઓરડો જોવાનો મળે છે. એક જ ખંડમાં કેટકેટલું ગોઠવીગોઠવી સમાવ્યું છે તે જોઇ તમને કદાચ કલાની દયા પણ આવે. પણ 'કુમાર'ની કલા નાજુક સુંદરી નથી. તે તંદુરસ્તી અને મહેનતનાં ફળ પર જીવનારી છે, એટલે અહીં તમે કામનું અને ચિંતનમયતાનું જ વાતાવરણ અનુભવશો. વર્ષોથી સંઘરેલા ચિત્રોના થોકડા કાગળીઆં તથા ચીતરવાનાં સાધનો, અને પાંચછ વિદ્યાર્થીઓનો સરસામાન તથા મુખ્ય સંચાલકની બેઠક ને કામ કરવાની જગ્યા બધું જ આ ઓરડામાં છે. ચોપડીઓનાં કબાટો, સામાનના ઘોડાઓ, ચિત્રોનાં ચોકઠાં અને પાટિયાં, રંગોના ડબા ને પીંછીઓના ભારા, ઉપરનીચે અભરાઇઓ તથા હાટિયાંમાં જ્યાં જગ્યા મળી ત્યાં કંઇક આધાર કરી ગોઠવેલી જૂની નવી કારીગરીની ચીજો, મૂર્તિઓ, વાસણો અને ચોપડીઓના જંગલમાં કેટલાકને અવ્યવસ્થા લાગશે તો કેટલાકને કલાકારની મનોહર વેરવિખેર છતાં કોઇ સંકેતમય રચના લાગશે. આ સેંકડો ચીજોમાંથી કોઇવાર અમુક પ્રાણી, અમુક માણસ કે ફોટોગ્રાફ શોધીને માસિક માટે રજુ કરવામાં કસોટી થાય એવું છે.

કોઇને આ બધું સમજાય કે નહિ, પણ એટલી વાત તો સગૌરવ કહી શકાશે કે આ જગ્યાએથી ઘણા યે કલાતરસ્યા જુવાનોને કલાનાં સ્વપ્ન લાધ્યાં છે, કલાપ્રદેશમાં પહોંચવાનું ભાથું મળ્યું છે અને વિશેષ યોગ્યતાવાળાને માર્ગદર્શક સાથ તથા સહાય મળ્યાં છે શ્રી રવિશંકર પંડિત, કનુ દેસાઈ, બલવંત ભટ્ટ, સોમાલાલ શાહ, કૃષ્ણલાલ ભટ્ટ, રસિકલાલ પરીખ, ચંદ્રવદન ભટ્ટ, યજ્ઞેશ્વર શુકલ, જયંતીલાલ ઝવેરી આટલાં તો જાણીતાં નામો છે. તે દરેકને કુમાર કાર્યાલયની છાયાનો ઓછોવધુ લાભ મળ્યો જ છે. સંચાલકનો અનુભવ, જીવનસંગ્રહ, ચિત્રસંગ્રહ, વિવિધ કલાકારોનો પરિચય, વાર્તાલાપ, વાચન વગેરેએ 'કુમાર'ના કલાપ્રેમીઓમાં એક ચોક્કસ પ્રણાલિ ઘડી છે અને તેનું સ્પષ્ટ દર્શન થઇ શકે છે.

ચિત્રકળા ઉપરાંત ફોટોગ્રાફીનો છંદ વિકસાવવામાં કુમાર કાર્યાલયની ડાર્કરૂમે કઇક વિદ્યાર્થીઓને સગવડ કરી આપી છે. એકેએકનું કામ તથા સાધનો જોવાનું ને સારામાં સારી સલાહ મેળવવાનું ફોટોગ્રાફીનું આવું મંડળ બીજે કોઇક જ સ્થળે હશે.

અનેક વિદ્યાર્થીઓ અહીં આવી જે નવી આશા, નવા વિચારો, નવી મૈત્રી અને લાગવગ સાધી શકયા છે એ બધું તો તેઓ જ કોઇ વાર કહેશે ત્યારે બરોબર જાણી શકાશું. ખાસ યોગ્યતાવાળા બેચાર વિદ્યાર્થીઓને તો કુમાર કાર્યાલય કાયમ સંઘરતું અને નિભાવતું રહ્યું છે. ખુશ થવા જેવું એ છે કે જેમણે કુમાર કાર્યાલયનું યત્કિંચિત પણ ઋણ સ્વીકાર્યું છે તેઓ તેનું પ્રેમથી સ્મરણ કરે છે, પોતાની શક્તિ પ્રમાણે સંબંધ તથા સહકાર સાચવે છે અને 'કુમાર'ને સમૃદ્ધ બનાવે છે.

કુમાર કાર્યાલયનું સ્થૂળ દર્શન તેની પૂરી મર્યાદા બતાવી નહિ શકે. આટલાં વર્ષોમાં 'કુમાર' માસિકે કેટલાં યે ઘરોમાં

સુંદર ચિત્રોનો જે પ્રેમ, સંસ્કાર અને અભિરુચિ વધાર્યાં છે, જે પ્રેરણાત્મક સાહિત્ય પહોંચાડ્યું છે અને અંગત પત્રોથી કેટલા યને બનતી સલાહસૂચન અને માર્ગદર્શન આપ્યાં છે, તેનું મૂલ્ય ભાગ્યે જ નોંધી શકાય.

કુમાર કાર્યાલયમાંથી જ ભારતીય સ્વરૂપનાં ડિઝાઇનો, બ્લૉક અને સરસ છપાઇનો શોખ પ્રચાર પામ્યાં છે. સરસ પુસ્તકો, ચિત્રગ્રંથો, પુસ્તકોનાં કલામય પૂઠાં, મેળાવડાઓની પત્રિકાઓ વગેરે દ્વારા પ્રજામાં જે અભિજાત સંસ્કાર અને છાપ ઉતારવા પ્રયત્ન કર્યો છે તે તો કાળના ક્રમમાં તેની કિંમત મૂકાવશે જ. નવો જમાનો શરૂ થઈ ચૂક્યો છે, તેમાં 'કુમાર'ની અને કુમાર કાર્યાલયની પૂરી ઉમેદવારી છે.


રવિશંકર રાવળ

ગુજરાતી લિપિનું નવું રૂપવિધાન . . . . . રાવત લિપિ

દુનિયાની કોઇ પણ લિપિ જેવી રચાઇ તેવી ને તેવી રહી નથી, ને આજ છે તેવી જ હમેશ રહેશે પણ નહિ. યુગેયુગે સંસ્કાર ને સંસ્કૃતિ બદલાય તેમ લિપિના મરોડ ને રૂપમાં પણ નવીન પ્રાણસંચાર થયા કરતો દેખાય છે. જે પ્રજા કે રાષ્ટ્ર એ પ્રકાર બતાવી શક્યો નથી તેનો એ કાળનો ઇતિહાસ મંદ ને પ્રમાદી હોય છે. સાધારણરીતે અક્ષરો મનુષ્યનું માનસિક વલણ બતાવનાર પ્રતીક છે એમ કહીએ તો પણ ખોટું નથી.

સરળતા, સુવાચ્યતા અને સુંદરતા એક સાથે હોય એવી લિપિઓ બહુ જ થોડી છે. યુરોપની બધી લિપિઓ મૂળ ખીલાના લીસોટામાંથી જન્મી હોવાથી મોટે ભાગે તેમાં ઊભા આડા સળિયાની ઢબે અક્ષરો ઘડાયા છે; પણ નાગરી, અરબી કે ચીની લિપિઓ એ રીતે જન્મી હોવાનો સંભવ નથી. એનો સંબંધ ઇજિપ્તની ચિત્રલિપિ જોડે વધારે બંધબેસતો થશે. ને તેથી જ એ બધીમાં વળાંકને મહત્ત્વ હોય છે.

ઇતિહાસના લાંબા પંથ ઉપર દરેક યુગનો વિચક્ષણ બુદ્ધિનો એકએક માનવી તેના મરોડમાં સુધારાવધારા કરતો આજની લિપિઓની અનેક જાતો સુધી તેનાં બદલાએલાં રૂપોનો વારસો મૂકતો ગયો છે. આ સંસ્કારપ્રણેતાઓમાં આજની ગુજરાતી લિપિનું નવું રૂપવિધાન કરનાર તરીકે શ્રી બચુભાઇ રાવતનો



રાવત લિપિ (કૉપીરાઇટ)



પ્રયાસ જરૂર નોંધપાત્ર લેખાશે.

'કુમાર' માટે તેમણે અનેક નવા લિપિપ્રયોગો આપ્યા છે તેમાંની આ એક લિપિ છે. કાળના પ્રવાહમાં આ હકીકત નોંધાઈ રહે અને મુખ્ય પાત્રને યોગ્ય સ્થાન અપાય એવી ભાવનાથી, હું ગુજરાતની જનતા સમક્ષ આનો ટૂંક ઇતિહાસ તથા તેની લાક્ષણિકતા તેમના જ શબ્દોમાં આ નીચે રજુ કરતાં પહેલાં, વિજ્ઞપ્તિ કરૂં છું કે તે 'રાવત લિપિ'ના નામથી સત્કાર અને પ્રચાર પામો. —ર.મ.શ.

"ઇ.સ. ૧૯૨૩માં મારા હસ્તલિખિત 'ધ્વનિ'ના અંક માટે જુદાજુદા લેખોનાં મથાળાં સારૂ લિપિના નવા મરોડ શોધવાના પ્રયત્નમાં બીજાં બેચારની સાથે આ રૂપ રચાયું ત્યારે સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે તે લિપિ આટલી લોકપ્રિય થશે. 'કુમાર'ના જેટલા વાચકોમાં કાંઈક નવીનતા ગ્રાહ્ય કરવાનું ચેતન અને ઉત્સાહ હશે તે દરેકે એ પકડી લઇને અજમાવી છે. ચિત્રકળાના શોખવાળા તો કોઈ પણ માણસે તેને છોડી નથી. હસ્તલિખિત માસિકોમાં, છાત્રાલયો અને એવાં બીજાં યુવાનોનાં નિવાસસ્થાનોની પ્રવૃત્તિઓમાં, સંસ્થાઓનાં કાર્યક્રમ લખવામાં, સાઇક્લોસ્ટાઈલ વગેરે અનેકપ્રતી સાધનો વાપરવામાં, જ્યાં જ્યાં માણસના હાથને કાંઇક નવીનતા બતાવવાની ઊર્મિ થઇ આવે ત્યાં ત્યાં બધે જ, એ પકડાઇ છે, સ્વીકારાઇ ને સન્માનાઇ છે. સીનેમાનાં પોસ્ટરોમાં તો હોય, પણ ફિલ્મોના ટાઇટલોમાં પણ એ વપરાઇ છે. 'બે ઘડી મોજ'ને લોકપ્રિય પત્ર ગણીએ તો 'કુમાર' પરથી તેણે એના લેખનાં મથાળાંમાં એ વાપરવા માંડેલી. અને આજે તો ગુજરાતના લગભગ એકેએક સામયિકના નામાક્ષરો તથા લેખોનાં મથાળાં માટે એનો ઉપયોગ થાય છે.

એ આટલો પ્રચાર પામી એનાં કારણો છે. પહેલું તો એની એકદમ જુદી તરી આવતી નવીનતા. બીજું એના આલેખનની સરળતા. 'મોટા પેટવાળા અક્ષરો' એટલી કૂંચી સમજાઇ જાય, એટલે કલમ પર કાબુવાળો ગમે તે માણસ સહેલાઈથી તે આલેખી શકે. ગુજરાતી લિપિના ઘણાખરા અક્ષરોમાં વર્તુલનો કંઇ ને કંઇ અંશ છે. આ લિપિ વર્તુલના સિદ્ધાંત પર જ રચાએલી હોવાથી તે ગુજરાતી લિપિમાં એકદમ બંધબેસતી થઇ ગઇ છે. જે વિવિધ અંગ્રેજી લઢણો ઉપરથી આની સ્ફુરણા થએલી તેને મુકાબલે તો આનું બંધબેસતાપણું ઘણું જ ચડિયાતું અને સ્વાભાવિક લાગે છે. આ લિપિના આલેખનમાં આખા કાંડાને વળાક લેવામાં સરસ તાલીમ મળે છે, અને કલમ ઉપર માણસનો સંયમ જામે છે એટલે ચિત્રાંકન શિક્ષણની પ્રાથમિક દશાનું જ્ઞાન એના આલેખનથી સ્વાભાવિક રીતે જ થઇ જાય છે. ડ્રૉઇંગ—ચિત્રાંકનના પ્રાથમિક પાઠોમાં વર્તુલની ક્રિયા સાધ્ય કરવી અઘરી છે. આ લિપિના અભ્યાસથી આડકતરી રીતે, તેના આલેખકને ખબર પડ્યા વિના ચિત્રાંકનમાં આંગળાં અને કાંડા પર જે કાબુ જોઇએ તે આવી જાય છે."

આ લિપિના વળાક બેસી ગયા પછી ચતુર લહીઆઓ ને ચિત્રકારો તેને અવનવા લેબાસમાં મૂકી કેવીકેવી વિવિધતા રજુ કરી શક્યા છે તેના થોડાક (મળી શક્યા તેટલા) નમૂના આ ઉપર આપ્યા છે. હજુ પણ ભવિષ્યમાં આ લિપિનો વંશવિસ્તાર વધશે જ એવી સંપૂર્ણ આશા છે. —ર.મ.શ.

જેમની કલાએ 'કુમાર'ની કારકિર્દીને રંગવતી કરી છે


શ્રી નંદલાલ બોઝ


શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય


શ્રી વિનાયક મસોજી


શ્રી રવિશંકર પંડિત


શ્રી કનુ દેસાઈ


શ્રી સોમાલાલ શાહ


શ્રી કૃષ્ણલાલ ભટ્ટ


શ્રી જગમોહન મિસ્ત્રી


શ્રી રસિકલાલ પરીખ


શ્રી ચન્દ્રવદન ભટ્ટ


શ્રી જગન્નાથ અહિવાસી


સ્વ. જમુ સંપત

સવા ચાર હજાર પૃષ્ઠની 'કુમાર'ની સફરમાં જેમનો ફાળો છે



શ્રી બળવન્તરાય ક. ઠાકોર



શ્રી રામનારાયણ વિ. પાઠક



શ્રી નાનાલાલ ચ. મહેતા



શ્રી રસિકલાલ છો. પરીખ



શ્રી રત્નમણિરાવ ભીમરાવ



શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનજી



સૌ. શ્રી હંસા મહેતા



શ્રી પરમાનંદ કુંવરજી



શ્રી ઇન્દુલાલ યાજ્ઞિક



શ્રી રમણલાલ દેસાઇ



શ્રી મહાદેવ દેસાઇ



શ્રી નૃસિંહપ્રસાદ ભટ્ટ



શ્રી ગિજુભાઇ બધેકા



શ્રી ઝવેરચંદ મેઘાણી



શ્રી કકલભાઇ કોઠારી



શ્રી ચન્દ્રવદન મહેતા



શ્રી મુનિકુમાર ભટ્ટ



શ્રી સુરેશ દીક્ષિત



શ્રી યશવંત પંડ્યા



શ્રી હરિહર ભટ્ટ




ડૉ. લાભશંકર ભટ્ટ



શ્રી લવજી થોરિયા



શ્રી બાળ કાલેલકર




મથાળેથી ડાબી બાજુથી–પહેલી હાર : શ્રી અનંત પંડ્યા, શ્રી ઉપેન્દ્ર ભટ્ટ, શ્રી બલવન્ત ભટ્ટ, શ્રી સોમનાથ દવે; બીજી હાર : શ્રી ત્રિભુવન વ્યાસ, શ્રી રેવાશંકર સોમપુરા, શ્રી શંકરદેવ વિદ્યાલકાર, શ્રી મનુભાઈ જોધાણી; ત્રીજી હાર : શ્રી ડાહ્યાલાલ જાની, શ્રી 'રસનિધિ', શ્રી અશોક હર્ષ, શ્રી માણુભાઈ મહેતા; ચોથી હાર : શ્રી અંબાલાલ પુરાણી, શ્રી મસ્તરામ પંડ્યા, શ્રી સનત્કુમાર વીણ, શ્રી કાન્તિલાલ દવે (લેખક અને ચિત્રકાર), શ્રી શામજી આલગિયા, શ્રી સી. તેજપાલ, શ્રી જયંતીલાલ ઝવેરી (ચિત્રકાર).

આઇન્સ્ટાઇન

આર્ષદ્રષ્ટા ઋષિ, ગહન ચિંતક ફિલસૂફ તથા પ્રતિભાશાળી વિજ્ઞાનશાસ્ત્રી એ ત્રણે જેટલો માનવજીવનના ઘડતર અને વિકાસમાં મહામૂલો ફાળો આપનાર જગતવિભૂતિ સમા જે જર્મન સૂત્રકાર અને શોધકનો સાપેક્ષાવાદનો સિદ્ધાંત આજ દુનિયાના ચાર મોટા ‘વાદો’-માંનો એક ગણાય છે તેના જીવન તથા એ સિદ્ધાંતની સમીક્ષા : કરનાર

ડૉ. કાન્તિલાલ છ. પંડ્યા
એમ.એ., પીએચ ડી., ડી.આઇ.સી.



આલ્બર્ટ આઇન્સ્ટાઈન

‘કળામાં તેમજ વૈજ્ઞાનિક સંશોધનોમાં જે સર્વદા અગમ્ય છે તેની શોધમાં, સમાન મનવાળાં બીજાં માનવીઓની સાથે હું સહકાર કરી રહ્યો છું, એ ભાન મને ન હોત તો મારૂં જીવન બધું શૂન્ય જેવું રહ્યું હોત. માનવ મહેચ્છાની ઉપર જે સામાન્ય અંકુશો મૂકાય છે તેઓને મેં, હું બાળક હતો ત્યારથી જ તુચ્છ ગણ્યા છે. માલમિલ્કત, મોજશોખ, જાહેરાત, બહારની દુનિયાદારી ફાવટ,—એ બધાં મને હમેશાં ક્ષુદ્ર ને તિરસ્કારપાત્ર લાગ્યાં છે. જીવનની સરળ નિરાડંબરી રીતિ સર્વને માટે ઉત્તમ છે એમ હું માનું છું. શરીર તેમજ મન ઉભયને માટે એ શ્રેષ્ઠ છે.’ —આઇન્સ્ટાઇન

આ વચનો જેવાંતેવાં નથી. એ બોલવાં ને એ જીવવાં એ સાધારણ માણસનું કામ નથી. છતાં એ વચનો તેના બોલનારના જીવનની સાચી ફિલસૂફી પ્રકટ કરે છે.

ઘણા સાધુસંતોએ, અનેક કવિઓ ને ફિલસૂફોએ જીવનનો આ મર્મ પ્રકટ કરેલો છે. વિજ્ઞાનની આલમમાં અનન્ય સ્થાન લેનાર તથા પોતાની પ્રતિભાથી જગતના બુદ્ધિમાન ને વિચારશીલ મનુષ્યોને ચકિત કરનાર, એક વિજ્ઞાનશાસ્ત્રી ફરીથી એ જ જીવનસૂત્રને ગૂંથે છે.

બુદ્ધિ, ડહાપણ, જ્ઞાન આદિનો કોઇ વ્યક્તિ કે કોઈ દેશ કે કોઈ સદી ઇજારો લઇ શકતી નથી. આપણા ઇતિહાસ-પૂર્વના ઋષિમુનિઓનાં જ્ઞાન તથા ડહાપણ કેટલાં હતાં ને આજનો કાળ તેને કેટલો આભારી છે તે વીસમી સદીનો માનવી વિજ્ઞાનના ત્રાજવાથી તોળી શકે એમ નથી, કારણકે એ વિષે આજે એનું જ્ઞાન સ્વલ્પ છે, અને એના મૂલ્યની આંકણી કરવા કોઇ સમર્થ નથી. વિશેષ જ્ઞાન તથા અચૂક પૂરાવા પછી જ તેઓના તરફનું આજના જગતનું ઋણ શું છે તે જગત સ્વીકારી શકે. એટલે ઇતિહાસ-પૂર્વના કાળનાં એ જ્ઞાન ને ડહાપણ હિંદમાં તેમજ અન્ય પ્રાચીનતમ દેશોમાં જે હતાં તે બાદ કર્યાં પછી આપણને એક સૉક્રેટીસ જ એવો પુરુષશ્રેષ્ઠ મળે છે, જેના ડહાપણનો ભંડાર આપણા જીવનને ઘડવામાં ખૂબ તથા ઊંડી અસર કરી શક્યો હોય. પૂર્વકાળનાં જ્ઞાન અને અર્વાચીન કાળના વિજ્ઞાન એ બેની વચ્ચે એક સોનેરી સાંકળ જેવો એ હતો. એની પછીની શતાબ્દિઓમાં, વિજ્ઞાન વધતું ગયું તે કાળમાં, વિજ્ઞાનના નવા વિશિષ્ટ ડહાપણના પ્રથમ પ્રકાશકોમાં ઍસાક ન્યૂટનની તુલ્ય બીજો કોઇ થયો નથી. એ નામાવલિમાં વીસમી સદીના સદ્ભાગ્યે આજે એક નવું નામ ઉમેર્યું છે, જે પોતાના જીવનકાળમાં જ તેઓના ખરા વારસ તરીકે સ્વીકારાયો છે. વિજ્ઞાનના આટલા વિકાસકાળમાં, અનેકવિધ તેજસ્વિની પ્રતિભાઓની વચમાં યે, આલ્બર્ટ આઇન્સ્ટાઇનનું નામ ઉચ્ચ કીર્તિશિખરની ઉપર ચિરંજીવ રહેશે એવાં સર્વ ચિહ્નો આપણા જોવામાં આવે છે. અનેક સૂત્રકારો ને શોધકોની વચમાં આજે આઇન્સ્ટાઇન અજોડ છે.

નીતિ, સમાજશાસ્ત્ર, રાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને માનસશાસ્ત્રમાં નિરપેક્ષ સત્ય (absolute truth) શું છે ને સાપેક્ષ સત્ય શું છે તે વીસમી સદીનાં પ્રગતિશીલ મગજો સારીરીતે સમજવા માંડ્યાં છે. પરિસ્થિતિ, પૂર્વ-ઇતિહાસ, ઉદ્દેશ, પરિણામ આદિ અનેક અંશોનો વિચાર તથા સમન્વય કર્યા વિના, કોઇ પણ કૃત્ય કે કોઇપણ લાગણી, કોઇ રિવાજ કે કોઇ કાયદો, કોઇ પ્રણાલિ કે કોઇ સંસ્થા, કોઇ વચન પણ કે કોઇ વસ્તુ-માત્ર, નિરપેક્ષરીતે સારા-નરસા સત્ય-અસત્ય નામને યોગ્ય નથી, એ આપણી દૃષ્ટિમાં ઊતરવા લાગ્યું છે. આ સાપેક્ષાવાદે હવે ધર્મક્ષેત્રમાં યે સફળ પ્રવેશ કર્યો છે અને ધર્માંધતાના કેટલાક પ્રકાર હઠાવી ત્યાં યે વિશેષ વિશાળતા ને યથાર્થતા સ્થાપવા માંડી છે.

પણ આજથી ત્રીસ વર્ષ પહેલાં કોને એ વિચાર આવ્યો હશે કે આ સાપેક્ષાવાદ નવા પણ વધારે વ્યાપક રૂપમાં વિજ્ઞાનને પણ આલિંગશે અને એક પચીસીની અંદર તો એવું સામ્રાજ્ય જમાવી બેસશે કે વિજ્ઞાન-શાસ્ત્રીઓનો તે એક મુખ્ય વાદ, રોજ વાતચીત કરવાનો તથા વિચારવાનો પ્રિય વિષય થઇ પડશે? પદાર્થના કણેકણથી માંડીને-(અને પદાર્થના સૂક્ષ્મતમ કણ એવા છે કે વધારે નિહાળવા જતાં તે પદાર્થત્વ છોડી કેવળ વિદ્યુદ્-રૂપ, ગતિરૂપ જ જણાય છે એવા) સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિદ્યુદણુ (અથવા ઇલેક્ટ્રોન)થી માંડીને-તે મોટા-માં મોટા, દૂરમાં દૂર આકાશી તારા લગી પણ, સૂક્ષ્મ તેમજ વિરાટ સૃષ્ટિમાં, અર્થાત્ આખા બ્રહ્માંડમાં યે, આજે સાપેક્ષાવાદની દૃષ્ટિ જ પ્રવર્તી રહી છે. આજે આ સાપેક્ષાવાદે કેવળ પદાર્થ ને પાર્થિવ વસ્તુઓની સૃષ્ટિને જ નહિ પણ પ્રકાશ-વિદ્યુત્-ગતિ-શક્તિ ને ચેતનને પણ સમજવા યત્ન આદર્યા છે. દિક્-કાળ, જે આજ લગી માત્ર પ્રાચીન હિંદી તત્ત્વજ્ઞોની પરિભાષાનો વિષય હતો, તેને આ સાપેક્ષાવાદે નવજીવન આપ્યું છે અને સમસ્ત સૃષ્ટિનાં રહસ્યો સમજવાની એ જ ચાવી હશે એવો સ્પષ્ટ ઇસારો કર્યો છે.

એમ કહેવું કે આ બધું એક જ માણસના એક-હથ્થુ કાર્યને આભારી છે તો તે અસત્ય થાય. છતાં મૂળ બળવો જગાડનાર તો તે એક જ, અને પછી બીજી અનેક મોટીમોટી પ્રતિભાઓના મહત્ત્વપૂર્ણ કાર્ય-ની ઉપર મંદિર બાંધનાર મુખ્ય શિલ્પી પણ તે એક જ એ તો નિઃસંદેહ છે. સન ૧૯૦૫ની સાલમાં એ આઇન્સ્ટાઇને જગત સમક્ષ પહેલીવાર પોતાનો સા-પેક્ષાવાદ રજુ કર્યો. તે વેળાએ ઘણા વૈજ્ઞાનિકોને તેની ખબર સુદ્ધાં ન પડી! આજ સત્તાવીશ વર્ષમાં એણે બુદ્ધિના તથા વિજ્ઞાનના પ્રદેશમાં એટલી ઊંડી અસર કરી મૂકી છે કે વીસમી સદીના ત્રણ મોટામાં મોટા વાદો—આંતરરાષ્ટ્રીયતા, બૉલ્શેવિઝમ ને ગાંધીજીનો અહિંસાવાદ—એમની સાથે જ મહત્ત્વની દૃષ્ટિએ આ સાપેક્ષાવાદને મૂકી શકાય છે.

માનવજીવનની ધન્યતા કદીકદી વિસ્મય પમાડે છે. સૉક્રેટીસને એના કષ્ટકારક મૃત્યુ પછી જ જગતે ઓળખ્યો. ન્યૂટનની ખરી મહત્તા પણ એકબે શતા-બ્દિઓ વીત્યા પછી જ સિદ્ધ થઇ. આઇન્સ્ટાઇન હજી વિદ્યમાન છે, હજી હમણાં જ એણે 'વન'માં પ્રવેશ કર્યો છે, એટલામાં તો તે આવી વિશ્વકીર્તિ પામી શક્યો છે. ત્વરિત ગતિના આ જમાનામાં કેમ જાણે કીર્તિદેવીની ચાલમાં યે ત્વરા આવી ગઇ હોય ને!

આપણા દેશમાં યે આઇન્સ્ટાઇનના અભ્યાસીઓ થોડાક છે. પણ સામાન્ય જનતા એના જીવનથી અજ્ઞ છે અને એના વાદનું સ્વરૂપ તો લોકભોગ્ય છે જ નહિ.

આઇન્સ્ટાઇન' એ નામનો શબ્દાર્થ જરા હસવા જેવો છે. 'આઇન' એટલે એક અને 'સ્ટાઇન' એટલે પથ્થર, શિલા! આઇન્સ્ટાઇન જન્મે જર્મન છે. એનો જન્મ ૧૮૭૯ના માર્ચની ૧૪મી તારીખે થયો હતો: હજી માત્ર એણે ૫૩ વર્ષ પૂરાં કર્યા છે. હજી તો ઘણાં યે વર્ષો એની આગળ પડ્યાં છે.

જર્મનીમાં વુરટેમ્બર્ગ પ્રાંતનું ઉલ્મ નામનું ગામ એનું જન્મસ્થાન છે. અત્યાર લગી એ ગામની એક જ ખ્યાતિ હતી: તે એનું ધર્મમંદિર. એ મંદિરના ઉત્તુંગ ટાવરોનાં શિખરો પાંચસો ને ત્રીસ ફીટ ઊંચાં છે.

આઇન્સ્ટાઇન જર્મન તો છે જ; પણ યાહૂદી-'જ્યૂ' પણ છે! બે હજાર વર્ષ થયાં હણાએલી, ચગદાએલી, શાપિત થએલી આ જાતિનો ઇતિહાસ અત્યંત આ-કર્ષક છે. જગતના ઇતિહાસમાં અને માનવજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં કેટલાંક ઉત્તમમાં ઉત્તમ રત્નો આ જાતિમાંથી પાક્યાં છે, એ સુધરેલી ખ્રિસ્તિ દુનિયા વીસરી જાય છે. જ્યારે એનો કોઇ ખરો ઇતિહાસકાર


નીકળશે ત્યારે જ, એ જાતિની ખામીઓ ને દુર્ગુણો જેટલી તાદૃશતાથી આપણે જાણીએ છીએ તેટલી જ તાદૃશતાથી એમની સત્તાશાલીનતા, એમનાં પરાક્રમો અને એમની જગતસેવા આપણે જાણીશું. યાહૂદી વીરો ને સંતોની નામાવલિમાં આલ્બર્ટ આઇન્સ્ટાઇન પણ અનન્ય સ્થાન શોભાવી રહ્યા છે.

હવે આઇન્સ્ટાઇનના કૌમારજીવનની થોડીક હકીકતો જોઇએ. એનો પિતા ઇજનેર હતો. આઇન્સ્ટાઇન પાંચ વર્ષનો હતો તેવામાં એના બાપે એને હોકાયંત્ર–'કંપાસ'ની સોય બતાવી. ગમે તે સ્થિતિમાં ને હાલતમાં એ સોય હમેશાં ઉત્તર દિશા તરફ જ વળે, એ જોઇ બાળકના મનમાં પૂરેપૂરૂં કુતૂહલ ઉશ્કેરાયું. કહે છે કે આ પ્રસંગ હજી પણ એને ખૂબ યાદ છે.

તેનું ઘર નાનું હતું, પણ તેને એક મનોહર વાડી હતી. બાળક આલ્બર્ટને તે નન્દનવન સમી હતી અને એમાં એ ઘણો જ સુખી થઇને રહેતો. એનું છેક બચપણનું જીવન સુષુપ્ત જેવું હતું, ને પ્રતિભા તો આઘી રહી, પણ ખાસ બુદ્ધિનું પણ કાંઇ લક્ષણ એણે પ્રકટ કર્યું નહોતું. અરે, એને બોલતાં જ એટલું મોડું આવડ્યું કે તેથી એનાં માતપિતા ગભરાયાં હતાં, અને પછી નિશાળે જવા જેવડો મોટો એ થયો ત્યારે પણ તે માત્ર શરમાળ, શાંત ને કાંઇક એકાંત શોધનાર છોકરો જ દેખાતો હતો.

એ તો ચોક્કસ છે કે એને નિશાળ ગમતી નહોતી; કારણકે તે કાળની પ્રશિઅન પ્રાથમિક શાળાઓ બહુ નિયમચુસ્ત ને લશ્કરી સખ્તાઇવાળી હતી, અને શિક્ષકો, આજના નવા કિંડરગાર્ટન કે મૉન્ટેસોરી કે ડૉલ્ટન પ્રણાલિઓના મિત્ર–શિક્ષકો નહોતા, પરંતુ લશ્કરી ડ્રિલ કરાવનાર સાર્જન્ટો જેવા કડક ને અડગ હતા. એ વાતાવરણમાં આ શરમાળ, સ્વપ્નશીલ, અજ્ઞાત પ્રતિભાવાળું, સ્વાતંત્ર્યને કુદરતી રીતે પણ અજાણપણે ચાહનારૂં, અને કળા તથા કુદરતના સંસ્કારોને ઝીલવાને ભૂખ્યું એવું કૂંળું બાલ–માનસ શું શું ભોગવે એ કોઇ પણ સમજી શકે. માલૂમ પડે છે કે એ મહેનતુ તો હતો ને શાળામાં એકસરખીરીતે સારૂં કામ કરતો હતો, તોપણ જો કોઇ વિષય માટે એણે તે વખતે ખાસ પ્રેમ બતાવ્યો હોય તો તે સંગીત માટે;—જે આજ તો એટલો વિકસિત થયો છે કે એ એના જીવનનું એક અંગ થઇ ગયો છે. સરખાવો આપણી પ્રાથમિક શાળાઓને: આજે કેટલી નિશાળોમાં કુદરતી સંગીત-પ્રેમને જગાવવાનું ને ખીલવવાનું સાધન હોય છે?

આ કૂંળી વયે પણ એણે એક જાતની એકાકિતા–એકાંતપ્રિયતા, જાણ્યે–અજાણ્યે, કેળવવા માંડી હતી. એની શક્તિઓ ને રસ કુદરતી રીતે જે વહેણમાં જતાં તે જ વહેણમાં તે જઇ શકતો, એટલું જ નહિ પણ જેમ કુદરતી જલપ્રવાહને પર્વતની શિલાઓ તોડીને નીકળતા વાર લાગે છે તથા કાંઇક આકસ્મિક નિમિત્તની અપેક્ષા રહે છે, પણ એક વાર નીકળ્યા પછી એના ધસારાને કોઇ રોકી શકતું નથી કે કોઇ વાળી શકતું નથી, એવું એની શક્તિઓનું પણ થયું. તેથી આરંભમાં, શિલાઓ ભેદતાં પહેલાં ઘૂંધવાએલા પૂરની



એકલ, સાથમાં વા?

• ઉપજાતિ •

સંધ્યા સલૂણી સરી ગૈ અકેલી,
એકાકિની આથમી શુક્રતારા;
જોતી રહી આંખડીઓ નમેલી,
ને ઝીલતી શીતલ સ્વપ્નધારા.

એ સ્વપ્નમાં સુંદરતા નિહાળી
એકાકિલા જીવનની ઉજાળી,
જાગું જરી ને નિરખું ખગોલે,
શું ચંદ્રીનું એકલ નાવ ડોલે!

ત્યાં તો ગાઢો બેવડ નાદ તીનો
કાને પડે સારસબેલડીનો,
દાંપત્યની એ સુણી સ્નેહગાથા,
હું ગે ચહું અન્ય ઉરે ગૂંથાવા.

રહું વિમાસી ઘડી એક હાવાં,
ચ્હેવું જગે એકલ, સાથમાં વા?

માર્ચ '૩૧ ઉમાશંકર જોષી

પેઠે, એને રસ કોઇક જ વાતમાં હતો ને મિત્રતા કોઇ સાથે નહોતી. આજે એને વિવિધ વિષયોમાં ઊંડો રસ છે, અને મૈત્રીઓ પણ ઘણી, ગાઢ તથા આનંદજનક બંધાએલી છે. તે છતાં યે અમુક પ્રકારનું એકાકીપણું, એકાંત શોધવાનું તથા એકાંત જ પસંદ કરવાનું વલણ હજી ય એના સ્વભાવ તથા જીવનમાં સ્પષ્ટ દેખાય છે.

પ્રાથમિક શાળાનો ક્રમ સાધારણ પ્રકારે પૂરો કરીને, માધ્યમિક શિક્ષાને માટે તે મ્યૂનિક શહેરની મોટી શાળા–'જિમ્નૅશિયમ'-માં દાખલ થયો. અહીં પણ વાતાવરણ તો એવું જ વિષમ હતું, પણ સદ્ભાગ્યે કેટલાક પ્રસંગો એવા બન્યા કે જેથી એના જીવન ઉપર ઊંડી અસર થઇ. હજી કેવળ બીજરૂપ રહેલી શક્તિમાંથી અંકુર ફૂટયા, ને જીવનમાં કાંઇક દિશાઓની ઝાંખી થઇ. એક શિક્ષક એવો મળી ગયો જેણે એને ગ્રીક કાવ્ય ને ગ્રીક સાહિત્યમાં પ્રવેશ કરાવ્યો. એ બંનેથી એને ઠીક આકર્ષણ થયું.

એ અરસામાં એને બીજ-ગણિતમાં રસ ઉત્પન્ન થયો. એનો એક કાકો મ્યૂનિકમાં રહેતો હતો તેને બાળ આલ્બર્ટે એકવાર પૂછયું: 'બીજગણિત કેવું હોય?'

અને એ કાકાએ ઉત્તર આપ્યો: 'અરે, એ તો આળસુ ગણિતશાસ્ત્રીઓની મોટી ઓથ છે. આપણે કોઇ રકમ બરોબર ચોક્કસ કેટલી છે તે ન જાણતા હોઇએ તો એને 'એક્સ' કરીને કહેવી, અને પછી જાણે આપણે એને જાણતા જ હોઇએ એમ હિસાબ કરી નાખવો, તો પછી છેક છેવટે તે ખરેખર શું છે તે આપણને માલૂમ પડી આવે છે!'

બીજગણિતના અભ્યાસીઓ આ વિનોદી ખુલાસાના ગર્ભમાંનું સત્ય પણ જોઇ શકશે. પણ બન્યું એમ કે તે સમયથી આલ્બર્ટનું ચિત્ત ગણિતમાં ચોંટયું, અને તે પછી દાખલાઓ કરવામાં એને જેટલી મજા પડતી તેટલી બીજા કશામાં પડતી નહિ. ધીરેધીરે સાયન્સ (વિજ્ઞાન) તથા ગણિતમાં તે એક્કો થઇ ગયો,—તે એટલે લગી કે માત્ર ચૌદ વર્ષની કાચી વયે, મોટામોટાને યે મૂંઝવનાર ને પજવનાર 'કૅલ્કયુલસ' અને પૃથક્કરણ ભૂમિતિ (Calculus and Analytical Geometry) જેવા કઠણ ને સૂક્ષ્મ વિષયો, કોઇની યે મદદ વિના માત્ર પાઠ્ય પુસ્તકોમાંથી જ તે શીખી ગયો!

પણ એની પ્રતિભાનાં ઊગતાં કિરણો શિક્ષણના બીજા વિષયો લગી હજી પ્રસર્યાં નહોતાં. આપણી નિશાળો (ને ખાસ કરીને તે કાળની જર્મન શાળાઓ) પ્રતિભાની ગણતરી જ કરતી નથી; અને એકસરખા બીબામાં બાળકોનાં મગજોને ઘડવાં એને જ કેળવણી માનનાર આ સંસ્થાઓ તેની સામે થનાર અથવા ચોકઠામાં ન ગોઠવાનાર હરકોઇ વ્યક્તિનો —પછી તે એકાદ વિષયમાં અસાધારણ શ્રેષ્ઠ હોય અથવા માત્ર એકાદ વિષયમાં જ અસાધારણ નિર્બળ હોય તોપણ તેનો— પરીક્ષા રૂપી શસ્ત્ર વડે સફળ સંહાર કરે છે. બધા ય વિષયોમાં પાસ થવાની ફરજ પાડવી એ આ પદ્ધતિનો પ્રિય ને અચૂક પ્રહાર છે, ને તે આ બાળક પર પણ પડયો. અન્ય વિષયોમાં આટલી શ્રેષ્ઠતા છતાં

આવાગમન

(પાલવડો મારો મેલો મોહનજી)

સમદરનાં નીર ભરી આવી'તી વાદળી
ઝરમરનાં મોતીડાં ઝરતી ગઇ;
સરવરના ઘાટ ને નદિયુંની વાટને
હરખે હિલોળતાં કરતી ગઇ.

જીવનનાં જોમ ભરી આવી'તી વાદળી
માગ્યા તે મેહુલા અરપી ગઇ;
ધરતીના તાપ ને દુનિયાનાં દુઃખને
આતમના ભોગથી તરપી ગઇ.

ફૂલડાંની મ્હેક ભરી આવ્યો'તો વાયરો
આછેરી લ્હેર એક ફરકી ગયો;
પંખીનાં ગાન ને ભમરાનાં ભાનને
લૂંટી અજાણમાં સરકી ગયો.

અંતરનાં પુણ્ય ભરી આવ્યો'તો વાયરો
પગલાંથી પાપને ફૂંકી ગયો;
રગરગનાં તાન ને ઉરના ધબકારમાં
મુક્તિની વાંછના મૂકી ગયો.

અમરતની આંખ ભરી આવી'તી તારલી
સોનેરી પાંખ એક ચળકી ગઈ;
પરવતની ટોચ ને જંગલની ઝાડીએ
કાળા અંધારમાં ઝળકી ગઇ.

હૈયાની હોંશભરી આવી'તી તારલી
આશાનાં આંસુડાં હરતી ગઇ;
પ્રેમના ઉલ્લાસ ને જીવનના હાસને
ઉરના આકાશમાં ભરતી ગઈ.

રતિલાલ શુક્લ

યુનિવર્સિટી-પ્રવેશની પરીક્ષામાં તે નિષ્ફળ ગણાયો ને જર્મન યૂનિવર્સિટીમાં પ્રવેશ કરવાનાં દ્વાર એની સામે બંધ થયાં.

આવા અનેક દાખલાઓ જાણીતા છે. તેમાંથી એક જ લઇએ. આપણો રામાનુજમ્—ગણિતની વિરલ પ્રતિભા પ્રકટ કરનાર મદ્રાસી યુવક, જેની કોટિના આજે યે બહુ થોડા ગણિતશાસ્ત્રીઓ છે એમ મોટા અંગ્રેજ ગણિતશાસ્ત્રીઓએ જ કહ્યું છે—તે બિચારો મદ્રાસની ઇન્ટરમીડીએટની પરીક્ષા પાસ કરવા લાયક ન ગણાયો અને થાકીને દરિદ્રતાને લીધે મદ્રાસની પૉર્ટ ટ્રસ્ટની ઑફિસમાં એક કારકુનીમાં દટાઈ ગયો, અને અસાધારણ ભાગ્યબળે જ એમાંથી છૂટી એ ગણિતની આલમને પોતાનું બિરદ બતાવી શક્યો. આઇન્સ્ટાઇનનું આરંભજીવન રામાનુજમના જીવનનું વારંવાર સ્મરણ કરાવે છે. . . . પણ છેવટે એમ થઇ આવે છે કે આજે રામાનુજમ્ જીવતો હોત તો!

કુમાર આઇન્સ્ટાઇનને તો આ હજી પાશેરામાં પહેલી પૂણી હતી. એના બાપને ધંધામાં નુકસાન ગયું એટલે કુટુંબ પર તથા વિદ્યાપ્રેમી પણ વ્યવહાર-વિમુખ આ કુમારની પર પણ આફત આવી. આલ્બર્ટને થયું કે મારે એવું શિક્ષણ મેળવવું કે જે વડે હું આગળ જતાં બે પૈસા પેદા કરી શકું! આપણે ત્યાં તો લગભગ બધા વિદ્યાર્થીઓ આવું વિચારતા હોય છે ને તેથી તેઓ વિદ્યાર્થી થવાને બદલે માત્ર પરીક્ષાર્થી જ થઇ રહે છે.

કુટુંબને જર્મની છોડવું પડ્યું. ઇટલીમાં મિલન શહેર તરફ તેઓ ગયાં. કૌમાર અવસ્થા એવી છે કે તે દૂરની ભાવિ મુશ્કેલીઓના કરતાં તથા ભૂતકાળની નિરાશાઓના કરતાં યે વર્તમાન આનંદો તરફ વધારે આકર્ષાય છે. એમાં જ કૌમારનું સુખ ને કૌમારનું બળ છે. કૌમાર અને શિશુત્વની આ સમાન ભૂમિકા છે, કારણ કે શિશુને નથી હોતો ભૂતકાળ કે નથી હોતો ભવિષ્યકાળ; એ તો વર્તમાન રંગમાં જ માણનાર સુખી જીવ છે. તેમ ઉત્તર ઇટલીના એપીનાઇન પર્વતોના સૌંદર્યથી આલ્બર્ટ મુગ્ધ થઇ ગયો. કુદરતનો ખરો પ્રેમી એવો એનો આત્મા રોજે કલાકો લગી ને માઇલોના માઇલો ચાલી આ મોટી ને રમ્ય ગિરિમાળાઓની નિસર્ગશ્રીનું પાન કરવા લાગ્યો. સૂર્ય, ચોમેરનો પ્રકાશ, એ સૌ દક્ષિણ જર્મનીમાંથી આવનારનાં નેત્ર તથા હૃદયને અત્યંત પ્રિય લાગ્યાં.

પણ કુદરતના ખોળામાં રમતો છતો આલ્બર્ટ પોતાનું લક્ષ્ય ભૂલ્યો નહિ. હવે એની દૃષ્ટિ સ્વિટ્ઝરલૅંડ તરફ વળી. ઝૂરીચની પાઠશાળા પૉલિટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રવેશ કરવા તૈયારી કરવા માંડી. આ પાઠશાળા આજે પણ એક પ્રધાન શિક્ષણસંસ્થા તરીકે ગણાય છે. તેમાંના વિષયો વૈજ્ઞાનિક વધારે છે, શિક્ષકો કેટલાક ઉત્તમ વિજ્ઞાનશાસ્ત્રીઓ હોય છે અને તે ઉપરાંત તે શિક્ષકો તૈયાર કરવાની પ્રવૃત્તિ પણ આદરે છે. તોપણ આલ્બર્ટનો પહેલો પ્રયાસ તો અહીં પણ નિષ્ફળ ગયો. આરો નામના એક સ્વિસ સ્થળની નિશાળમાં એણે ફરીથી ખંતપૂર્વક અભ્યાસ કર્યો. સત્તર વર્ષની વયે તે પ્રવેશક પરીક્ષા પસાર કરી, પૉલિટેકનિકમાં

વિરાટની પૂજા

(ઉપજાતિ-વંશસ્થ)

વિભાવરીના શણગાર કાજ
ઉછાળીને સીકર તારલા રચે,
શશાંક ભાનુ તુજ શીર્ષ તાજ
સંધ્યા ઉષા તો તુજ અંકમાં લસે.

સમ્રાટ શા સાગર ઓ ગભીર
પુકાર શા તું કરતો અધીર?
અનંત તારા કરખોબલામાં
કોને સમર્પે તુજ સર્વ નીર?

☾

વિભાવરીના શણગાર કાજ
ઉછાળીને સીકર તારલા રચું,
સંધ્યા ઉષા અંક રમાડતો હસું
શશાંક ભાનુ મુજ શીર્ષ તાજ.

પરંતુ જવાળા ઉર વેદનાની
વિરાટના પાય પખાળવાની;
યુગો થકી એ જ કરું પુકાર
વિરાટનાં તો ય ન પ્હોંચું પાય.

અનંત મારા કર ખોબલામાં
ભરીભરી નીર વિરાટ પાય
પખાળવા નિત્ય મથી રહું છું,
ને શૂન્યમાં યત્ન બધા સમાય.

પ્રહ્લાદ પારેખ



દાખલથઇપોતાનાહૃદયનીએકઊંડી ઇચ્છા સંતોષી શક્યો.

એની બુદ્ધિને અનુકૂળ વિષયો તેમજ વાતાવરણ એને અહીં મળી ગયાં. એક રીતે એમ પણ લાગે છે કે આ પૉલિટેકનિકે જ એને તાર્યો. ભૌતિકશાસ્ત્ર (Physics)ના અભ્યાસમાં એનું મન એકદમ લાગ્યું અને એની અંદર તે ખૂબ ઊંડો ઊતરી ગયો.

માનસશાસ્ત્રનો નહિ તો માનવજીવનનો તો આ એક ક્રમ જણાય છે કે જ્યાં લગી આત્માની ભૂખ ભાંગતી નથી ત્યાં લગી જાણે બધી શક્તિઓ કુંઠિત થઇ જતી જણાય છે. પણ એકવાર મગજનું યંત્ર બરોબર માર્ગે પડ્યું એટલે જાણે ચેતનના નવા ફુવારાઓ જ ફૂટ્યા કરે છે. નવનવી શક્તિઓ અંકુરિત થાય છે, નવનવા અનુકૂળ વિષયો તે ખોળી કાઢે છે, ને યોગ્ય સદ્ભાગ્ય હોય છે તો જાણે જીવનપલટો થયો હોય તેમ આખું જીવન એકદમ વિશાળ ને સમૃદ્ધ બનવા માંડે છે. આમ, આઇન્સ્ટાઇનના પગ જીવનના ખરા માર્ગ પર દૃઢ થયા તેની સાથે તેની આગળ રસનાં નવાં દ્વારો ખુલવા લાગ્યાં ને તેનું સાંકડાપણું તથા એકમાર્ગીપણું ક્ષીણ થવા લાગ્યાં. વિજ્ઞાનના વિવિધ વિષયો જે પાઠ્યક્રમમાં હતા તેમાં નિષ્ણાત થતેથતે હવે તે સાહિત્ય ને ફિલસૂફીમાં યે ખૂબ વાચન કરવા લાગ્યો. સૌકોઈ જાણે છેકે નિશાળમાં ફરજિયાત શીખેલા વિષય તરફ આપણે જ્યારે સ્વતંત્ર ભાવથી અને સ્વેચ્છાથી વળીએ છીએ ત્યારે તેમાં કેવો રસ આવે છે.

પણ બીજી રીતે આ વર્ષો એને ખૂબ મુશ્કેલીનાં હતાં. માબાપ તરફથી એને પાઈ પણ ભાગ્યે મળતી. કેટલાંક દૂરનાં સગાં તરફથી એક નાનકડી રકમ એને મળતી. નિર્વાહ તથા અભ્યાસ બંને માટે તે માંડમાંડ પૂરી પડે. પણ આઇન્સ્ટાઇને એક ખાસ ઉદ્દેશને માટે આ ઓછી રકમમાંથી યે થોડુંથોડું બચાવવા માંડયું.

એને શિક્ષકનું પદ જોઇતું હતું. પણ સ્વિટ્ઝરલૅંડના કાયદા મુજબ ત્યાંનો વતની કે શહેરી હોય તેને જ આ પદ મળી શકે. બીજાઓ માત્ર ખાનગી શિક્ષણ આપી શકે. આમ નિર્વાહને માટે તેમજ ભાવિજીવનના એક પાયા તરીકે સ્વિટ્ઝરલૅંડના શહેરી થવું એ આલ્બર્ટને આવશ્યક થઇ પડ્યું. તે માટે બીજી શરતો ઉપરાંત અમુક ફીનીયે જરૂર હતી. પાસ વગેરે હકપત્રો ખરીદવાના પૈસા પડે, ને તે જેમ જલદી મળે એમ સારૂં હતું.

આઇન્સ્ટાઇન ડગ્યો નહિ. ન એણે બીજા કોઇની પાસે યાચના કરી. કાર્લાઇલે સૂત્ર મૂક્યું છે કે ખર્ચ કાપીશું એટલે આવક એની મેળે મોટી થશે.યાહૂદીઓની કરકસર તો જાણીતી છે. આલ્બર્ટ પોતે ય બહુ સાદી રીતભાતવાળો હતો. છતાં સગાંઓની પાસેથી જે જૂજ રકમ મળતી તેમાંથી એણે નિશ્ચયપૂર્વક ને ગણત્રીપૂર્વક બચત કરવા માંડી. તેને પરિણામે જ્યારે યોગ્ય સમય આવ્યો ત્યારે એની પાસે જરૂરજોગી રકમ એકઠી થઇ હતી. પણ આમ કરતેકરતે વર્ષો લગી એણે જે હાડમારી ભોગવી હતી તે અતિશય સખ્ત હતી. એને લીધે એને આ સ્વિસ નાગરિકત્વ વધારે મોંઘું ને વહાલું લાગે છે. આજે જર્મનીમાં શ્રેષ્ઠ અધ્યાપકનું પદ ભોગવતેભોગવતે પણ એણે આ પ્રિય હક્ક જવા દીધો નથી. આ પ્રમાણે આઇન્સ્ટાઇને એક જ સમયે યુનિવર્સિટીની પદવી અને સ્વિસ નાગરિકત્વ મેળવ્યાં.

એ બંને ચીજો ઉત્તમ હતી ને જરૂરની હતી; પણ તેથી કાંઇ શરીરની ભૂખ ભાંગે છે? આપણા હજારો પદવીધારી સ્નાતકોની માફક એણે નોકરી, સૌથી પહેલી શિક્ષકની, ખોળવા માંડી. આજની આઇન્સ્ટાઇનની વિભૂતિ જોતાં કોઇ રખે ધારે કે નોકરીઓ તો એના પગમાં અથડાતી હશે. હજી એની શક્તિ અજ્ઞાત હતી, અલ્પવિકસિત હતી. સાધારણ સ્નાતકના કરતાં વિશેષ એનામાં કોઇને તે વખતે દેખાયું હોય એમ લાગતું નથી.

શિક્ષકની જગ્યા તો ન જ મળી, પણ નિર્વાહને માટે જે મળે તે સ્વીકારવું પડે તેમ કેટલોક સમય બાથોડીઆં માર્યા પછી, બર્ન શહેરની અંદર રાજ્યની પેટન્ટ ઑફિસમાં, પેટન્ટો તપાસનારા નિપુણ અધિકારી મંડળમાં, (technical expert તરીકે) એક નમ્ર સ્થાન એણે સ્વીકાર્યું. આ બનાવ ૧૯૦૨માં બન્યો. તે વખતે એની ઉંમર ત્રેવીસ વર્ષની હતી.

સદ્ભાગ્યે જેમ રામાનુજમ્‌ને મદ્રાસની પૉર્ટ ટ્રસ્ટની ઑફિસની કારકુની દરમ્યાન ગણિતના એટલા વિકાસને માટે લાગ મળ્યો જેનાથી આખરે એનું અભિજ્ઞાન તથા ઉદ્ધાર થયો, તેમ આઇન્સ્ટાઇનને પણ અહીં ખૂબ શાંતિ ને વિકાસની અનુકૂળતા મળી. ભૌતિકશાસ્ત્રના વિચારમય પ્રદેશનો અભ્યાસ એણે આગળ વધાર્યો. જીવનની કાંઇક નિરાંત થતાં એની શક્તિઓ દૃઢતાથી વધવા લાગી ને ત્રણ વર્ષમાં તો એણે પોતાના જીવન-

કાર્યનો પહેલો પાયો વિજ્ઞાનની આલમ પાસે રજુ કર્યો. અભ્યાસબળથી ૧૯૦૫માં એણે સંશોધનલેખ દ્વારા ડૉક્ટરની પદવી મેળવી. એ સંશોધન પછી પ્રકટ થયું, ને તે સાપેક્ષાવાદના પહેલા પગલા રૂપ હોઈ વૈજ્ઞાનિક વિચારકોનું લક્ષ્ય ખેંચ્યા સિવાય રહી શક્યું નહિ.

૧૯૦૫થી તે આજ લગી આઇન્સ્ટાઇનનું કામ એકધારૂં ચાલુ રહ્યું છે. એના જીવનમાંના બાહ્ય ફેરફારો તરફ તો હવે પછી નજર નાખીશું, પણ તે પહેલાં અહીં એટલું કહેવું યોગ્ય છે કે જે કામ એ કરવા માગે છે તે હજી ચાલ્યા જ કરે છે. આટલી અદ્‌ભુત સિદ્ધિ છતાં માનવીનું કામ, વિજ્ઞાનનું કામ પરિપૂર્ણ થતું નથી.

ભૌતિકશાસ્ત્રીઓએ તેમજ અન્ય વિજ્ઞાનશાસ્ત્રીઓએ નવી વિચારસૃષ્ટિના આ ઉત્પાદકની ધીરેધીરે કદર કરવા માંડી. માગ્યો સૂકો રોટલો ય ન મળ્યો પણ વણમાગ્યું અમૃત જેવું ગોરસ મળ્યું હોય તેમ, સાપેક્ષાવાદની પ્રથમ ભૂમિકા ૧૯૦૫માં પ્રકટ થઇ તે પછી ચાર વર્ષે ઝરિચ યૂનિવર્સિટીના પ્રોફેસરનું પદ તેને ખોળતું આવ્યું ને ૧૯૦૯માં આઇન્સ્ટાઇન પ્રોફેસર થયો. અઢાર માસ પછી પ્રાગની યૂનિવર્સિટીએ પણ પોતાને ત્યાંનું એક મોટા પ્રોફેસરનું પદ એને ખોળે ધર્યું, એટલે ૧૯૧૧માં તે પ્રાગ ગયો. પણ જર્મની પોતાના વીર પુત્રને છેક વીસરી જાય એમ નહોતું. જર્મન વૈજ્ઞાનિકો એને જર્મનીમાં પાછો આણવા આગ્રહ ને યત્ન કરી રહ્યા હતા. ભૌતિકશાસ્ત્રીઓના ધુરંધર પ્લાંકના વાદ ને સંશોધનો આઇન્સ્ટાઇનને પોતાનો વાદ રચવામાં બહુ ઉપયોગી થયાં હતાં. એ પ્લાંકના આગ્રહ આગળ આઇન્સ્ટાઇને નમતું આપ્યું. એને માટે બર્લિનમાં ખાસ પ્રોફેસરશિપ સ્થાપવામાં આવી, જેમાં મુખ્ય કામ સંશોધન જ હોય ને ભણાવવાનાં તેમજ વહીવટી તંત્રોનાં બંધનો કાંઇ જ નહિ. માત્ર ફાવે તે પ્રમાણે થોડાં વ્યાખ્યાનો આપવાનાં. રાજાઓ જેમ હાથીઓને બાંધે છે, અથવા વધુ સારી ઉપમા જોઇએ તો પૂર્વના ગુણજ્ઞ રાજાઓ જેમ કવિઓ, પંડિતો ઇત્યાદિને રાખતા, તેમ બર્લિન યૂનિવર્સિટીએ ૧૯૧૪માં એને પ્રોફેસરને પદે નીમ્યો. તે ઉપરાંત બર્લિનના કૈઝર વિલ્હેમ 'ઇન્સ્ટિટયૂટ ફૉર થીઑરેટિકલ ફિઝિક્સ' નામની સંશોધન સંસ્થાનો તે ડાયરેક્ટર પણ છે, જ્યાં 'સમાનશીલવ્યસન' સખાઓની સાથે માનવ જ્ઞાનને વિસ્તૃત તથા સત્ય બનાવવામાં એ સર્વસ્વ આપી બેઠો છે. [ચાલુ]

દ્વિદલ

અબોલડા

સરવર કેરાં તીર વળોટી
રેલાયાં વર્ષાના નીર,
શણગારી સૃષ્ટિને વસ્ત્રે
લીલુડાં પહેરાવ્યાં ચીર;
માનસસરના બંધ તૂટ્યા
અબોલડા નવ હંસ ! છૂટ્યા ?

§

શૈશવ કેરાં તીર વળોટી
રેલાયાં યૌવનનાં નીર,
શણગાર્યું જીવનને નૂતન
ચમકાતી આશાને હીર;
માનસ-સરના બંધ તૂટ્યા
અબોલડા કવિતા ! ન છૂટ્યા ?

કવિતા

· દ્રુતવિલંબિત ·

જટિલ જીવનપંથ વળોટતી
હૃદયબેલડી એક હતી—હતી !
પલટતાં કંઈ જીવનના ક્રમો
ભસમ એક રહી અવશેષમાં !

ભસમ અંતરની ધગતી હતી,
કંઈ સર્યાં જલ નેત્ર થકી ઊનાં;
ધગધગ્યાં શત સિંચનથી રચ્યો
ભસમ પિંડ; ચહું નવસર્જનો.

અનિલ-પ્રાણ નિસાસ તણો થયો
પલકમાં પ્રતિમા કવિતા બની !

તનસુખ ભટ્ટ

પચીસ હજાર વર્ષ પરની—ને છતાં

નવી ભૂગોળ અને

એવો જ ત્રીસેક હજારે વર્ષ ઉપરનો થોડો નવો ઇતિહાસ

'વિનોદકાન્ત' ઉપનામથી લખતા ગુજરાતના એક અગ્રણી માસિકના તંત્રી ને જાણીતા વિવેચકે હળવી રમતિયાળ ભાષામાં લખેલો આ લેખ પુરાતત્ત્વવિદો ને વિદ્વાન ઇતિહાસશાસ્ત્રીઓનાં લખાણોના ભાર નીચે ચગદાએલા ભૂશાસ્ત્ર ને ઇતિહાસના મુદ્દાઓ સાથે આપણી પુરાણકથાઓના તાળા મેળવે છે.

નવી ભૂગોળ ¶

નવી એટલે જૂની, પણ બહુ જૂની નહિ: ફક્ત, આજથી વીસપચીસ હજાર વર્ષ ઉપરની! એ 'ફક્ત' ક્રિયાવિશેષણથી તમને અચરજ થશે. પણ વિચાર કરો: ભૂસ્તરના જાણનારાઓ આજકાલ પૃથ્વીની ઉમર 'લાખે લેખાં લખાતાં' હોય તેવી રીતે જ્યાં માપતા હોય, દસેક લાખ વર્ષથી માણસજાતિ પૃથ્વીમાં પ્રગટી છે એવીએવી આપણને વિચારમૂઢ બનાવનારી વાતો કરતા હોય, ત્યાં પા લાખની સંખ્યા કૈં બહુ મોટી કહેવાય?

'પણ', તમે પૂછશો, 'પા લાખ વરસ પરની તારી ભૂગોળને નવી શું જોઈને કહેતો હોઇશ?' સવાલ બરાબર છે. ને જવાબ પણ એટલો જ બરાબર છે: પૃથ્વીના ગોળાને તથા હિંદ, મધ્ય એશિયા ને યુરોપ અમેરિકાના નકશાઓને, જે રીતનાં ઓળખવા આપણે ટેવાયા છીએ,એનાથી મારી હજારો વર્ષ પહેલાંની ભૂગોળ એટલી જુદી છે કે કોઇ પણ કલ્પનાશાળી જીવને એ નવી ને અદ્ભુત લાગ્યા વિના રહે નહિ. એ નવી ભૂગોળની વિગતો જેટલી રસિક તેટલી જ નિર્વેદ આણનારી છે. એને હું અહીં 'પ્રમાણપુરઃસર' રજુ નહિ કરૂં, કેમકે આ કૈં વિદ્વાનમંડળી સમક્ષ વાંચવાનો સુકોપાકો નિબંધ નથી. એ વિષય વિશે જે જે વાંચવામાં આવ્યું છે તેનો સાર બરાબર સમજાવી શકું તો યે બસ છે.

ગયા એક બે દસકા દરમિયાન અનેક રાજકીય ભાષણકારોએ આપણને બહાદુરીભેર, બડાઇભેર ખાતરી આપી છે કે આપણા પર આજે રાજ્ય કરનારી પ્રજાના વડવાઓ જ્યારે રાની માણસો હતા, ત્યારે આ પુરાણપ્રસિદ્ધ હિંદમાં તો સંપૂર્ણ સંસ્કૃતિની ઝગહળતી જ્યોત . . . . . . વગેરે. બેશક, એ વાત ખરી જ છે. પણ વધારે ઊંડા ભૂતકાળના ગહનમાં પેસો, તો એ રાની આદમીઓનો દેશ જ પૃથ્વીના હિમયુગ દરમિયાન પૃથ્વીના પટ પર હતો નહિ એવું તમને દેખાશે, અને તમે એ લોકોને એમની પુરાતન હીણપનું વધારે સચોટ ભાન કરાવી શકશો. એ ઇંગ્લંડ, એ સ્કૉટલંડ, એ આયર્લંડ, જ્યાં આજે ટ્રેઇનો ને મોટરો, એરોપ્લેન ને રેડિયો, મહાલયો, મહાબજારો ને એ મહા—અમહા સ્ત્રી પુરુષોનાં જૂથ અર્વાચીન સંસ્કૃતિનાં અસંખ્ય મીઠાં-કડવાં ફળો દિનરાત ચાખી રહ્યાં છે,—એ સ્વીડન અને નૉર્વે, જેમાંનું પહેલું આજે નોબેલ પ્રાઇઝને પ્રતાપે દુનિયામાં અતિ પ્રખ્યાત થઇ પડ્યું છે,—એ સઘળાં હજારો વર્ષ પહેલાં, યોજનોના યોજનો લગી, નાખી નજર પહોંચે નહિ એટલે લગી, વિસ્તરતાં બરફનાં વેરાન હતાં. ત્યાં જીવસૃષ્ટિ કાં તો હતી નહિ, કાં તો નજીવી હતી. અને એ વેળાનો આપણો સપ્તસિંધુ પ્રદેશ? અહો! એની તો વાત જ શી કરવી! ત્યાં એ વેળા ઋગ્વેદની અમર કવિતા—માનવજાતિની સૌથી પહેલાં સંસ્કારી વાણી—રચાતી હતી.

એ યુરપની વાત. અમેરિકાની આ જાતની એક નાની વાત તો તમારાથી પણ અજાણી નથી. 'ઘણા જૂના સમયમાં બહેરિંગની સામુદ્રધુની, એ અમેરિકા અને એશિયાને જોડનારી સંયોગીભૂમિ હતી' એવું એકાદ વાચનમાળામાં આપણે શીખેલા એ યાદ હશે. પણ તેનાથી યે જૂનો એક સમય હતો. તે વખતે અમેરિકાના બંને મહાખંડોને સ્થાને મહાસાગર હતો; આજે જ્યાં વૉશિંગ્ટન ને ન્યૂ યૉર્ક, શિકાગો, સાનફ્રાન્સિસ્કો ને ફિલાડેલ્ફિયા, બૉસ્ટન અને રાયો દ જેનેરો, બ્રાઝીલ, ચીલ અને પેરુ ઇત્યાદિક ધીકે છે, ત્યાં એ સમયે બધું જળજળાકાર હતું. પછી એક સવારે (કે મધરાતે) ચંદ્રલોકમાં કૈંક જબરદસ્ત ઉત્પાત થતાં, એ આખા ય લોકની ધરતી (એ ધરતી જ કહેવાતી હશે ને?) હલમલી ઊઠી, અને એક કાન ફાડતા કડાકા સમેત



અર્જુન-ઉર્વશી

ચિત્રકાર · કનુ દેસાઇ



સમાધાન

ચિત્રકાર · સુકુમારીદેવી

હિંદમાં નારીજીવનની જે જ્યોતિઓ પ્રકાશવા માંડી છે તેમાં સુકુમારીદેવીનું નામ અચળ રહેશે. શાંતિનિકેતનમાં શ્રી નંદ બાબુ પાસે અનેક વર્ષોથી કલાની આરાધના કરતાં આ બંગાળી સન્નારી ચાળીસ વર્ષની વયની આસપાસ પહોંચ્યાં છતાં એમની કૃતિઓમાં નીતરી આવતા ભક્તિભાવ અને રાધાકૃષ્ણની લીલાઓથી એમનું જીવન લીલુંછમ અને સુમંગળ બન્યું લાગે છે. એમનાં ચિત્રો બહુ ભાગે મોટા કદનાં જ હોય છે અને અતિશય કાળજીપૂર્વક ભરેલી ચિત્રાકૃતિઓ તથા વર્ણોથી દેદિપ્યમાન લાગે છે. એમનાં ચિત્રો માટે બંગાળની જનતા હમેશાં માગણી કરતી રહી છે. હાલ તેઓ શાંતિનિકેતનના કળાભવનમાં શ્રી નંદ બાબુ પાસે અધ્યાપિકાનું કાર્ય કરી રહ્યાં છે.

ચંદ્રમાંથી એક ટુકડો છૂટો પડીને પેલા મહાસાગરમાં પળવાર પ્રચંડ જળપર્વતો રચતો જોશભેર પછડાયો —ને ત્યાં જ જડાઇ ગયો ! એ ટુકડો તે એ અમેરિકા; એ આપણા મયદાનવનું વતન કે કર્મક્ષેત્ર; આપણા જૂના દોસ્ત કોલમ્બસનો પરમ પ્રેમપાત્ર 'વેસ્ટ ઇન્ડીઝ' ઉર્ફે અર્વાચીન નૉર્થ ઍન્ડ સાઉથ અમેરિકા.

હવે આવીએ એશિયામાં. અહીં બીજું બધું તો આપણે આજે જાણીએ છીએ તેવું જ જણાય છે, પણ ભારતવર્ષ અને તેને મસ્તકે સમતોલ ધરાઇ રહેલ મધ્ય એશિયામાં અજબ જેવા, અને બરાબર વિચારવા જાઓ તો મગજમાં તમ્મર આણે તેવા, ફેરફારો ગયા પા–અધ લાખ વર્ષમાં થયા છે.

મધ્ય એશિયાનું નામ કોણે નહિ સાંભળ્યું હોય? કેટલાક જૂનવાણી શોધકો આજે પણ તેને આર્ય પ્રજાનું ઉત્પત્તિસ્થાન માને છે. હું ધારું છું કે હજી નિશાળોમાં પણ એ જ માન્યતા ટકાવી રાખવામાં આવી છે. પણ મહેતાજીઓનો શો વાંક? એક વખતે કવિ 'કાન્ત' પણ અનુમાન કરતા કે મહાગુરુ સ્વીડનબૉર્ગે 'પ્રાચીન શબ્દ' મધ્ય એશિયામાં જળવાયાનું કહ્યું છે એ જ આપણો ઋગ્વેદ, જેનું મંત્રદર્શન ત્યાં વસતા આર્યોને થયું હતું.

પૂર્વે એ આખા મધ્ય એશિયામાં સમુદ્ર હતો. એને પણ ભૂમધ્ય સમુદ્ર કહીએ તો ખોટું નહિ, કેમકે યુરોપ, આફ્રિકા ને એશિયા વચ્ચેના પાશ્ચાત્ય ભૂમધ્ય સમુદ્રની માફક, આ વિશાળ જલરાશિની લગભગ બધી બાજુએ ભૂ જ આવેલી હતી. પછી એક વાર વિશ્વનિયંતા નટવરને ખેલ ખેલવાનું મન થઇ આવ્યું, એટલે તેણે શેષનાગને આજ્ઞા કરી કે તારું માથું ડોલાવ. પેલાએ ડોલાવ્યું—ને જેવું ડોલાવ્યું, તેવું જ એ એશિયાઇ **ભૂમધ્ય**નું ઘણુંખરું પાણી ખ–ળ–ળ–ળ–ળ કરતું ઠલવાયું, પશ્ચિમે ટાઇગ્રીસ ને યુફ્રેટીસમાં, ને થોડુંક વધ્યું તેમાંથી મધ્ય એશિયાની આજની નદીઓ સીરદરિયા ને આમુદરિયા તથા કાસ્પીઅન ને આરલનાં મહા સરોવરો બંધાયાં. એવો જ એક ત્રીજો ભૂમધ્ય સમુદ્ર એશિયા માઇનરને માથે હોવાનું પણ કહેવાય છે.

એશિયાના મધ્ય ભાગમાં એ રીતે જળનું થળ થયું તે વખતે, આજથી પચીસેક હજાર વર્ષ પર, આર્યો તો પોતાના અસલમાં અસલ વતન સપ્તસિંધુ દેશમાં વેદની ઋચાઓ જોડતા અને ગાતા હતા એમ અવિનાશચંદ્ર દાસ (કલકત્તા વિદ્યાપીઠના પ્રાચીન હિંદી સંસ્કૃતિના અધ્યાપક) કહે છે. એ સપ્તસિંધુ એટલે પંજાબ, ખરું ને?—હા અને ના: કેમકે, તે દહાડે (ને તે દહાડે જ નહિ, આજથી હજી બાવીસ ત્રેવીસ-સો વર્ષ ઉપર લગી પણ) પંજાબની ભૂગોળ જુદી હતી. આજે પંજાબની હદ રાવળપીંડી, પેશાવર, ને બહુ તો અટક સુધી. પણ પ્રાચીન સમયમાં, આજનાં પંજાબ ને અરધું અફઘાનિસ્તાન–હિંદુકુશ પર્વતની આ પાસનું–મળીને સપ્તસિંધુ દેશ બનતો. એ સપ્તસિંધુની દક્ષિણે, જ્યાં આજે રજપુતાના છે ત્યાં પણ એક મોટો સમુદ્ર હતો. તે એક બાજુએ સિંધને માથે થઇને અરબી સમુદ્ર સાથે જોડાતો, અને બીજી બાજુએ, આજના બંગાળાને ઠેકાણે જે 'પૂર્વસ્થ સમુદ્ર' હતો તેને જોડાતો; ને એ પૂર્વ સમુદ્ર, આજના બંગાળી ઉપસાગરમાં મળી જતો. સપ્તસિંધુના વાણીઆઓ–પણિઓ–પોતાના દેશની કિનાર પર જ આવેલા આ મહાન સાગરોમાં સફરે જતા ને એક પાસ બાબીલોન ને ઍસીરીઆ, તો બીજી પાસ ચીન જોડે ધમધોકાર વેપાર ચલાવતા.

આ બધું જાણીને આપણે હજી તો આશ્ચર્યમાં ડૂબેલા જ છીએ, ત્યાં સૌથી વડું આશ્ચર્ય રજુ કરીને આપણા સંશોધક આપણાં ચિત્તને વધારે ચમકાવે છે.

દક્ષિણ હિંદ આમ એ વખતે ઉત્તરથી છૂટો પડી ગએલ હતો; ત્યાં ઘણુંકરીને દ્રવિડ સંસ્કૃતિ વિલસતી હતી. પણ આજનો 'ડેક્કન' તે એ વખતનો નહિ. એ ત્રિકોણાકાર કટકાની સાથે સીલોન તો જોડાએલું હતું જ, પણ આધુનિક કોરોમંડળ કાંઠાથી તે છેક સામે પાર આફ્રિકા છે ત્યાં લગીના સઘળા જ ભાગમાં દરિયો નહિ, હિંદી મહાસાગર નહિ, પણ જમીન હતી! એ નવીન ખંડ–એટલે કે એ પ્રાચીનતર ખંડ–લેમુરીઆ કે પ્લક્ષ એવે કોઇક નામે ઓળખાતો. ત્યાં માણસો પણ વસતાં હશે; અને જે જાતિના અવશેષ આજે કાળા દ્રવિડો ને કાળા હબસીઓ રૂપે રહ્યા છે તે કોઇક લુપ્ત થએલ છેક કાળી પ્રજા એ આખા યે ખંડમાં, મલબારથી માંડીને પેલી તરફ આફ્રિકાના પશ્ચિમ કિનારા લગીના મુલકમાં તે સમયમાં પથરાએલી હશે. મલબારની આણી પાસ, પૂર્વે પણ, ઑસ્ટ્રેલિયા લગી એ ખંડનો વિસ્તાર હતો. (જુઓ પૃ. ૨૦૯ ઉપરનો નકશો.)

થોડાંક હજાર વર્ષ આ સ્થિતિ ચાલુ રહી હશે, ત્યાં વળી પાછી, માથ કરતાં વધારે મોટા ને ડાહ્યા કવિ જગત્કર્તાને 'યુગે યુગે યન્નવતામુપૈતિ તદેવરૂપં રમણીયતાયા:' એ પંક્તિમાં સમાએલું સત્ય અનુભવવાની ઇચ્છા થઇ આવી. આગલા અનુભવને આધારે તેઓ જાણતા હતા કે યુગ પલટીને વિશ્વમાં નવીનતા સરજવાનો સૌથી અસરકારક ઉપાય એ છે કે જળથળની મસમોટી હેરફેર કરી નાખવી. આથી ફરી એક વાર એ ઉપાય અજમાવાયો. પેલા લેમુરિયા ખંડના બિચારા કાજળકાળા રહીશોને ધરતીકંપ, આગો ને પ્રલયરેલના, (આજે આપણે જાપાન સંબંધી વાંચીએ છીએ તેવા) ભયકારી, વિનાશક અનુભવો થવા લાગ્યા. અને પછી એક દહાડો તો ધરા એવી ધ્રૂજી—એવી ધ્રૂજી—કે લેમુરિયાનો વચલો ભાગ—યોજનોના વિસ્તારવાળો—પોતાને ઉરે કૈં સેંકડો કે હજારો માણસો અને એમની માલમત્તા, ઘરબાર વગેરેને ધારતો, એમ ને એમ, છૂટો પડીને પાતાળ તરફ ઝપાટાબંધ આગળ વધવા લાગ્યો. . . . . . . એક—બે—ત્રણ! એની જગ્યાએ હિંદી મહાસાગર હીલોળા લે છે; અને તે આજની ઘડી સુધી.

અંતરિક્ષમાં બેઠેબેઠે જગત્કર્તાએ આ જોયું અને એમને તે ગમ્યું: 'And God saw that it was good.' પણ આ અદ્‌ભુત ચિત્રને હજી છેવટના છરકા દેવાના બાકી હતા. હજી નવીનતા પૂરેપૂરી રમણીય બની નહોતી. પ્રભુને લાગ્યું કે આ સપ્તસિંધુના પણિઓ બહુ પાપી ને લોભીઆ થઇ ગયા છે. એમનાં થોડાં વહાણોનો ભોગ લઇને વધુ નવીનતા સરજવામાં શું ખોટું? . . . આ વિચારને પરિણામે, રાજસ્થાની સમુદ્રને એક વાર સખ્તમાં સખ્ત તોફાને ચડાવીને એમણે એ પાણીને હાલના અરબી સમુદ્રમાં વાળી દીધું, નીચેથી પૃથ્વીને ઉપસાવીને રજપુતાના, અને પેલા પૂર્વ સમુદ્રને ઠેકાણે બંગાળા સરજ્યું. . . . બાપડા પણિઓનાં વહાણ ક્યાં જઇને લાંગર્યાં એ જણાયું નથી; પણ આ મહાન પરિવર્તનથી એટલો લાભ તો થયો કે હિંદને અવનીભરમાં પ્રખ્યાત કરનારાં રાજપૂત પ્રેમશૌર્ય અને જૌહર શક્ય બન્યાં, તેમજ ઉપનિષદકારો તથા ચૈતન્યથી ટાગોર લગીના કવિ—ફિલસૂફોને અવતરવા ને અમર થવાની સગવડ મળે તેવી બંગાળની વિરલ ભાવનાપોષક ભૂમિ અસ્તિત્વમાં આવી.

આપણી નવી ભૂગોળનાં આ મોટાં, મુખ્ય અંગો. નાનાં તો હાથ આવવાં મુશ્કેલ છે, પણ દાખલો જોઇતો જ હોય તો આઘો નથી. આ સાબરમતી, અસલીઅતમાં, ત્રણ દરવાજા પાસે થઇને, અને તેથી એ પુરાતન કાળમાં અમદાવાદ વસ્યા અગાઉ, માણેકચોકની મધ્યમાં થઇને વહેતી હતી એવું કહેવાય છે. આજે જ્યાં શેરબજારનો શોરબકોર એ સ્થળને લગભગ હર બપોરે એક જાતની ભૂતાવળ બનાવી મૂકે છે ત્યાં એ સમે, અષાઢેઅષાઢે આ ભરજોબન સરિતા પૂરપાટ ધસમસતી, અને અન્ય ઋતુઓમાં કોઇ વાર ઓછે પૂરે ગતિ કરતી ધીરગંભીરી માનાર્હ ગૃહિણી જેવી, તો કોઇ વાર વળી છેક કૃશાંગી બની સુરતાન્તની સંકોચિત રમણીની અનિવાર્ય યાદ આપતી, વહી જતી હતી. પછી ઘણે વર્ષે કુદરત અને માનવીએ મળીને તેને તેનું હાલનું સ્થાન અપાવ્યું. આવા સ્થાનિક નાના ફેરફારો તો ઘણે સ્થળે થયા હશે. પૂરતી શોધ થાય તો એની કેટલીક માહિતી તો મળે.

'પણ એવી માહિતી મેળવીને કરવી છે શું?' ઉપયોગવાદી જમાનો પૂછશે. એ પૂછવું એક રીતે વાજબી છે. ખાનપાન વગેરેની આપણી જનવરી જરૂરતો સારી રીતે તૃપ્તિ પામી રહે, તો પછી બીજા કોઇપણ તરેહના બુદ્ધિજીવન કે કલ્પનાજીવનનો વિચાર કરવાની વૃત્તિ કે ફુરસદ આપણને છે જ ક્યાં? પણ વૈરાગ્યબોધક ધર્મગુરુઓ, ફિલસૂફો ને સંશોધકોને તથા નિરંતરના કૌતુકશોધક કવિજનને તો કાળનાં આ પરાક્રમો અખૂટ રસભર્યાં લાગ્યા વિના રહેતાં નથી.

થોડો નવો ઇતિહાસ ¶

એ વાતને બહુ ઝાઝાં નહિ પણ આશરે ત્રીસ હજાર વર્ષ તો થયાં. એ વેળા પણ સેંકડો વર્ષોથી ચાલતો આવેલો ચાક્ષુષ મન્વંતર પૂરો થવામાં હતો. એવામાં પુરાતન આર્યસ્થાન સપ્તસિંધુ દેશની દરેક આશ્રમવાટિકા ને દરેક નદીતટ પર વાતચીતનો એકથી બીજો વિષય કોઇને સૂઝતો જ નહિ: 'આપણા દેશના પાદ મન્વંતરો થયા પ્રક્ષાળતો જે સમુદ્ર દક્ષિણ બાજુએ આવેલો છે, તેમાં કોઇક ભયંકર પ્રકૃતિક્ષોભ થોડા વખતમાં થવાનો છે. એવા ક્ષોભની સ્પષ્ટ આગાહી આપણા પૂર્વજોની ગાથાઓ અને દંતકથાઓમાં આપેલી

છે. . . . . શું થશે એની કોને ખબર? એ મહા પ્રલય થવાનો જ હશે ને થશે, તો આ સપ્તસિંધુ પર તો સાગર જ ફરી વળવાનો. આપણે ક્યાં જઇશું? આપણા આ યુગાંતરજૂના પવિત્ર આશ્રમોનું શું થશે? આપણા ગૌધનનું શું થશે?....' પછી એક દિવસે રાજા સત્યવ્રતના દરબારમાં મત્સ્ય નામની પૂર્વ એશિયાવાસી મનુષ્યપ્રજાનો એક પુરુષ આવ્યો. તેણે સમાચાર આપ્યા કે પ્રલય આવવાને હવે બહુ દિવસ રહ્યા નથી. તમે લોકો તમારી સલામતી શોધતા હો તો ઝટ આ દેશ છોડી બીજે જાઓ. મરજી હોય તો મારા દેશમાં આવો. આ ખબર મળતાં જ એ આર્ય રાજાએ 'પોતાની સાથે સાત ઋષિઓ, પુસ્તકો, શાકભાજી, પશુઓ વગેરે લઇ લીધાં' અને પેલા પરગજુ મત્સ્યને પોતાનો આગવો ઠેરવીને, એની પાછળ પાછળ તેના દેશમાં ગયા. ઋષિસપ્તક સિવાયની આર્યપ્રજાને પ્રલયની દયા પર છોડવામાં આવી હશે, એમ જ ઉપલો વૃત્તાંત તો સૂચવે છે. ગમે તેમ હોય, પણ પ્રલય આવ્યો ને ગયો. તેનાથી સપ્તસિંધુને ખાસ અડચણ આવી જણાતી નથી. વખતે સામાન્ય રેલ આવી હોય. બાકી તો હાલના બંગાળ રાજપુતાનાવાળા એ દરિયાનું પાણી અરબી સમુદ્રમાં ઠલવાઇ ગયું ને આર્યોની ભૂમિ સુરક્ષિત રહી.

દરમિયાનમાં, મત્સ્યોના મહેમાન તરીકે સત્યવ્રત રાજા આનંદ કરતા હતા. એમના યજમાને એમને ઘણું સુખ આપ્યું, એટલું જ નહિ પણ એમના વેદગ્રંથો જ્યારે પડોશની દૈત્ય નામક પ્રજાનો વીર હયગ્રીવ ચોરી ગયો, ત્યારે ચોરને હણીને ગ્રંથ આર્યરાજાને પાછો આણી આપ્યો હતો. આ બનાવ પછી કેટલેક વખતે મત્સ્યદેશમાં શુભ વર્તમાન આવ્યા કે સપ્તસિંધુને માથેથી પ્રલયની ઘાત ગઈ છે. આ પરથી સત્યવ્રત ને તેના સાથીઓ પાછા સ્વદેશ આવવા નીકળ્યા. નીકળતી વખતે, પોતાના આશ્રયદાતાના દેશને 'આર્યબીજમ્' નામ આપ્યું, કેમકે ત્યાં આર્યસંસ્કૃતિનું બીજ પ્રલયસંકટ વેળા સચવાયું હતું. તે વખતનું આર્યબીજમ્ તે આજના પૂર્વ એશિયા માંહ્યલું આઝેરબીજાન.


આર્યોએ પોતાની ભૂમિમાં પાછા આવીને પોતાના જીવનનો નવો યુગ આદર્યો. તેમણે પોતાના રાજાને સાતમો મનુ ઠરાવ્યો, ને તેના નામથી વૈવસ્વત નામે સાતમો મન્વંતર પણ ચલાવ્યો. એ જ આર્ય નેતાએ પાછળથી જે ધાર્મિક અને સામાજિક ધારાઓ આર્ય પ્રજા માટ ઘડ્યા, તે આપણી મનુસંહિતા.—મનુ-સ્મૃતિ.

સાતમા મન્વંતર પછીનો ઘણોખરો ઇતિહાસ આપણી જાણમાં છે. એ સુજાણીતો હોઈ, જૂનો થયો છે: એથી ઊલટું, આગલા છ મન્વંતરોનો ઇતિહાસ નવો છે. પુરાણો અને ભૂસ્તરશાસ્ત્રને આધારે તેના અવયવોને એક શરીરમાં ગોઠવવાનો પ્રયાસ કેટલાક વખતથી થાય છે. એમાંનું થોડુંક, વિદ્યાવનમાં ભટકવાની રોજની આદતને લીધે, મારા જોવામાં આવી ચડ્યું છે, અને મને એ નવું તથા ચિત્તચોર લાગ્યું, પુરાણો નથી ગપ્પાં કે નથી અમાનુષ ને દૈવી, તેની લગભગ ખાતરી કરાવનાર જણાયું, તેથી લોકસંગ્રહાર્થ અને લોકરંજનાર્થે એ નવા ઇતિહાસની કેટલીક મુખ્ય માહિતીને ક્વચિત કલ્પનાનો આછો પટ દઇને અહીં સાચવું છું.

લાખો વર્ષ પહેલાં બધું જળમય હતું. પછી અંતરિક્ષમાં ઘૂમતી, ઊછળતી ને પછડાતી નિહારિકાઓમાંની કેટલીક પૃથ્વીરૂપે બંધાઇને એ જળભંડારમાં ઊતરી. જમીન ને દરિયો જુદાં બન્યાં. ત્યાં પ્રાણીઓની વસ્તી સૌથી પહેલી થઈ. મહાસર્પો, મહામગરો, મહાગરોળીઓ, હાથીજાતનાં મહાન જાનવર મેસ્ટોડોન: આ સર્વ પૃથ્વીનાં પહેલાં નાગરિકો. એમાં પાછળથી અમુક જાતના વાંદરાને મળતી અને માણસજાતને છેક અણમળતી નહિ એવી કોઇક નવી જાત હસ્તીમાં આવી. તેના બે ફાંટા પડ્યા. એક ફાંટો તે શુદ્ધ વાંદરાનો; બીજો,—એને મિશ્ર વાંદરાનો કહેવાય કે નહિ તેની ખબર નથી—મનુષ્યનું રૂપ ક્રમેક્રમે લેવા લાગ્યો.§ એનાં વચેટ રૂપાંતરો તો બીજાં ઘણાં હશે, પણ એની છેક પાછળની બે જાતોને નીઓલીથીક અને ક્રોમૅગ્નન મનુષ્યજાતિ કહે છે. એ જાતિ પણ કેટલાંક હજાર વર્ષ પૃથ્વીમાં વસી અને વિસ્તરી. એમ કરતાંકરતાં તેમાંથી ઐતિહાસિક પ્રાચીન પ્રજાઓ—આર્ય, સેમીટિક, નીગ્રો, (હબસી) અને મોંગોલ—વિકસી. એમાંની આર્ય પ્રજા સાથે જ આપણે મુખ્યત્વે નિસ્બત અત્યારે છે.

આર્ય ઇતિહાસ પ્રલય પૂર્વે વીસ એકત્રીસ હજાર


§ આ વિષય ઉપર વધુ જાણવાના જિજ્ઞાસુએ આ જ અંકમાંનો પૃ. ૨૩૭ ઉપરનો 'માનવ અને વાનર'નો વિવિધ ચિત્રો કોઠાઓ વગેરેથી મંડિત લેખ જોવો.



પૃથ્વીના જીવન તથા તે પર પ્રાણીસૃષ્ટિના વિકાસનો સમય આંકતા રેડિયમ ઘડિયાળની આકૃતિ

મૉ. અને માદામ ક્યુરીએ શોધેલા રેડિયમની મદદ વડે, પૃથ્વીના પ્રાચીનતમ ખડકોના પડ પરથી, પૃથ્વી પહેલવહેલી કઇ રીતે ને ક્યારે બંધાઇ તથા કેમ વિકસી તેના એ કરોડો વર્ષના ઇતિહાસનો સમય ઘડિયાળની પેઠે માપીને નક્કી કરી શકાયો છે. એ રેડિયમ ઘડિયાળને આપણી પુરાણ કલ્પનાનું રૂપ આપી ઉપરના ચિત્રમાં બ્રહ્માની ઘડિયાળ કહી છે! એ ઘડિયાળનો એક કલાક એટલે પચીસ કરોડ વર્ષ! આ માપ સમજી હવે બારના અંકથી ઘડિયાળના ક્રમમાં આગળ વધતા જાઓ. પૃથ્વી સૂર્યથી જુદી પડી ત્યારે વાયુમય નિહારિકાના--તેજસ્વી વરાળના રૂપમાં હતી. એ સ્થિતિમાં તે ૪૦ કરોડ વર્ષ રહી ને ધીમેધીમે ઠરવા માંડી (ચિત્ર ૧). એના એ ઉષ્ણ વાયુઓ ઠરીને પૃથ્વીનું પડ બનતાં બીજાં સાઠ કરોડ વર્ષ વહી ગયાં (ચિત્ર ૨); ને પછી તેની પર ધીમેધીમે જીવસૃષ્ટિનો પ્રારંભ થયો. ઝીણાં જંતુઓ, તેમાંથી નાની માછલીઓ એમ ઉત્પત્તિ થતાંથતાં વળી ૮૦ કરોડ વર્ષ વીતી ગયાં (ચિત્ર ૩); ને એમાંથી સમુદ્રના આદિ જીવો તથા મોટાં જળચરો ઉત્પન્ન થતાંથતાંમાં ૬૫ કરોડ વર્ષ બીજાં ગયાં (ચિત્ર ૪). જળચરો પછી ધીમેધીમે પૃથ્વી પર આદિ ભૂચરોનો વિકાસ થયો તેણે ૩૫ કરોડ વર્ષ લીધાં, અને તેમાંથી સર્પભૂચર જેવાં પગવાળાં પ્રાણીઓ વિકસતાં બીજાં ૧૪ કરોડ વર્ષ લાગ્યાં આમ, બે અબજ અને ચોરાણુ કરોડ વર્ષનો ગાળો વીત્યા પછી પૃથ્વી ઉપર, એ આદિ સર્પભૂચરો–મહાસર્પો ને મહામગરોમાંથી–તૅરૅટૅાન તથા બીજાં પ્રાણીઓ, લેમૂર, વાનરો, વનમાનવો એમ વિવિધ રૂપમાં વિકાસ પામતાંપામતાં બીજાં છ કરોડ વર્ષે માનવી ઉત્પન્ન થયો. આ હિસાબે બ્રહ્માની ઘડિયાળના ૧૨ કલાક એટલે આપણાં ત્રણ અબજ વર્ષની પૃથ્વીની જિંદગીમાંથી માનવીનું રૂપ વિકસવાને તો માત્ર છેલ્લાંછ કરોડ વર્ષ (બ્રહ્માની એક મિનિટ ને બાર સેકંડ) જેટલો સમય જ લાગ્યો છે!

વર્ષે શરૂ થાય છે. એ એકવીસ હજાર વર્ષમાં, સરેરાશ સાડાત્રણત્રણ હજારનો એક, એવા છ મન્વંતર થયા: સ્વયંભુવ, સ્વારોચિષ, ઔત્તમિ, તામસ, રૈવત અને ચાક્ષુષ. સ્વયંભૂ ઉર્ફે બ્રહ્મા, તે ગાન અને બ્રહ્મદેશમાં



વનમાનવ અને વાનરઃ માણસની ઉત્પત્તિ પૃથ્વી પર પહેલવહેલી થઇ તે અગાઉ શરૂઆતમાં તો પ્રાણીસૃષ્ટિમાંથી વિકાસ પામીને અમુક જાતના વાંદરાને મળતી જાત હસ્તીમાં આવી. તેના બે ફાંટા પડ્યાઃ એક શુદ્ધ વાંદરાનો, ને બીજો તેને મળતા વનમાનવનો. આ બીજામાંથી ક્રમેક્રમે મનુષ્યનું રૂપ સરજાયું ઉપરના ચિત્રમાં તે બંને બતાવ્યા છે.



માનવપ્રજાના પાંચ ફાંટાઃ વનમાનવમાંથી આજનો મનુષ્ય વિકસતાં અનેક રૂપાંતરો થયાં તે પછી એ જાતિ પૃથ્વીમાં વસતાં ને વિસ્તરતાં તેમાંથી વિવિધ માનવપ્રજાના ફાંટા પડ્યાઃ આર્ય, સેમિટિક, હબસી, મોંગોલ વગેરે.

વસતી 'દેવ' નામે મનુષ્યજાતિના રાજા હતા. એ બ્રહ્માના દીકરા બેઃ મનુ અને કશ્યપ. એ બંને મોટા થયા એટલે એમણે પરાક્રમની ઇચ્છાથી કે પછી સૃષ્ટિવિકાસ કરવાની પિતૃઆજ્ઞાથી, બ્રહ્મ દેશ છોડ્યો. એ બે મહાવીરોની મુસાફરી, સ્વદેશ છોડ્યા બાદ, કાં તો હિમાલય અને તેનાં જંગલોમાં થઇને ખુશ્કી માર્ગે, નહિ તો પછી, બંગાળ–રજપુતાનાવાળા એ વેળાના સમુદ્રમાં થઇને તરી માર્ગે, થએલી હોવી જોઇએ. એ જે હોય તે; પણ મનુ અને કશ્યપ બેઉ હાલના પંજાબમાં પહોંચ્યા એ વાત ચોક્કસ. એ બેમાં મનુ સંતોષી અને કશ્યપ સાહસિક હતો. આ કારણથી મનુ પંજાબમાં—સપ્તસિંધુ પ્રદેશમાં—જ રોકાઇ ગયો અને કશ્યપ ત્યાંથી હિંદુકુશ પહાડ ઓળંગીને એશિયામાં આગળ વધ્યો ને ત્યાં જતાંજતાં એક ભવ્ય મહાસરોવર પર તેનું મન ઠર્યું એટલે તેણે આગળ વધવું માંડી વાળ્યું. એ મહા સરોવર તે ઇતિહાસકારનો કાસ્પીઅન (કહો કે કાશ્યપી) સમુદ્ર.

મનુ ને કશ્યપ, બેઉનાં દિલમાં સૃષ્ટિ વધારવાની પ્રબળ વાંછના હતી. એમને એ ઉજડ દેશોમાં ધર્મપત્નીઓ ક્યાંથી મળી એ ચોક્કસ જણાયું નથી; ને મનુ સંબંધે આ બાબતમાં જે જણાયું છે તે શિષ્ટ સમાજમાં વગર સંકોચે કહેવાય તેવું નથી. ગમે તેમ પણ એ દરેક પુરુષવરને સ્ત્રી મળી ખરી. ત્યાર બાદ મનુની જે પ્રજા થઈ તે માનવ ઉર્ફે આર્ય પ્રજા; અને કશ્યપની બારતેર સ્ત્રીઓની જે પ્રજા થઇ તે દેવ, દૈત્ય, દાનવ, નાગ અને ગરુડ, એ વગેરે નામની મનુષ્યજાતિઓ જ હતી. ટૂંકામાં, આર્યો જેમ આપણા જેવા માણસો હતા તેમ દેવદાનવાદિ પણ બરાબર આપણા જેવા જ માણસો હતા. (આ રસીલી કથામાં એક ગોટાળો પેસી ગયો એ જોયો ? દેવોની ઉત્પત્તિ જ જો કશ્યપથી હતી, તો કશ્યપના બાપ બ્રહ્મા જે દેવજાતિના હતા, એ જાતિ કઇ ? અને ક્યારે ઉત્પન્ન થએલી ? આ સવાલોનો ખુલાસો કરવા કોઇએ સંશોધનકાર્ય ઉઠાવવું જોઇએ.)

દેવ તેમજ દૈત્ય વગેરે એમના પિતરાઇઓ પહેલાં તો થોડા યુગો લગી હળીમળીને કાસ્પીઅનને કાંઠે રહ્યા. પણ આખરે તો માણસને? એમને પણ લડ્યા વિના ચાલ્યું નહિ. નાનામોટા આંતરવિગ્રહો ચાલવા લાગ્યા, જેને પરિણામે દૈત્યોએ બીજી ત્રણે જાતિ—દેવ, નાગ ને ગરુડ—ને કાસ્પીઅન પ્રદેશમાંથી હાંકી કાઢી, અને પોતાના મળતીઆ દાનવોને ફોસલાવી પટાવીને, પોતાના દેશની નૈઋત્યે આવેલા દેશ (હાલના મૅસોપૉટેમીઆ)નું રાજ્ય આપ્યું.

માદર વતન છોડ્યા બાદ દેવો ભટકતા ભટકતા તિબેટ અને આસપાસના મુલકમાં ઠરીઠામ થયા; નાગો કાશ્મીર તથા હિમાલયમાં અને એમના દુશ્મનો ગરુડજાત તુર્કસ્તાનમાં જઇ વસ્યા. આ છેલ્લી બે પ્રજાઓ આર્યોના ઝાઝા સંબંધમાં આવી જણાતી નથી; પણ દેવો તો હમેશના આર્યમિત્ર બની રહ્યા. દૈત્યો ને દાનવો પણ જરૂર પ્રમાણે વેર કે પ્રેમભાવે આર્યોને ભજતા. એ ઋણાનુબંધોની થોડીક રસિક ઇતિહાસરેખા, તેના મુખ્ય બનાવો, નીચે પ્રમાણે:

પાંચમા મન્વંતર નામે રૈવત દરમિયાન આર્યોમાં એક મહાન ઋષિ થયા. તેઓ ભ્રમણના અત્યંત રસિયા અને નવાનવા દેશો શોધવાના શોખીન હતા. એમનું નામ નારદ. એક વાર એમણે સપ્તસિંધુની પૂર્વ સીમા ઓળંગવાનું સાહસ કર્યું. કેટલેક દૂર ગયા ત્યાં નગાધિરાજ હિમવાન અને તેના કૈલાસ શિખરનાં એમને દર્શન થયાં. એ શિખર પર નાગલોકોનો રાજા નામે શિવ રહેતો હતો તેની નારદે મુલાકાત લીધી. શિવે એમની ખેરઆફીઅત પૂછી, આર્ય પ્રજાના કુશળ વર્તમાન પૂછ્યા અને બીજી રીતે પણ નારદનો સત્કાર કર્યો. પછી નારદે શિવની રજા લીધી. કૈલાસથી નીકળેલા નારદ એક બીજા નાગરાજા શેષને મળ્યા. પછી તેઓ શેષના રાજ્યની ઉપર આવેલા વૈકુંઠમાં,—દૂધના સમુદ્ર (ક્ષીરસાગર) જેવા દેખાતા, યોજનો લગી વિસ્તરેલા બરફના ક્ષેત્રવાળા પુરાતની ત્રિવિષ્ટપ કહેતાં, તિબેટમાં એક નાના દેવજાતિના રાજાને—ઇન્દ્રના ખંડીઆ ઉપેન્દ્ર ઉર્ફે વિષ્ણુને—ધામ ગયા. એ અરસામાં વિષ્ણુને ઇંદ્ર જોડે કદાચ જરા અણબનાવ હશે એમ લાગે છે. જો ન હોય તો ઇંદ્રના મનમાં પરજાતિનો માણસ જોતાં જ ભય પેસે છે એ વાત જાણવા છતાં, વિષ્ણુ નારદ જેવા પરદેશીને દેવલોકમાં, ઇન્દ્રના દેશ તિબેટમાં, શા માટે મોકલે? પણ વિષ્ણુએ તો નારદને એ દેશનો રાહ બતાવ્યો ને શોધરસિક સાહસી આર્ય ઋષિ નારદ ઇન્દ્રના મુલક પાસે આવી પણ પહોંચ્યા. અણિયાળી ચોટલી ને તંબુરાવાળો કોઈ ત્રાહિત મારા દેશમાં પેઠો છે એમ જાણતાં વેંત જ તેત્રીસ કોટિ દેવોના પરાક્રમી અધિપતિએ એ એકલડોકલ નવીન આગંતુકથી ડરીને તેને પાછો વાળવાના ઘણાઘણા પ્રયાસો કર્યા. લાલચો—અપ્સરાદિકની—આપીને પેલાને સૂચવ્યું કે આ આટલું લઇને જ્યાંથી આવ્યો ત્યાં ભલો થઇને પાછો જતો હોય તો તારો પાડ મોટો. પણ જેનું નામ નારદ! એ પાછા શું કામ હઠે! એમનામાં મર્મવેદન યાને 'સેન્સ ઑફ હ્યૂમર' ઘણી હતી, એ આપણે તેમનાં પૌરાણિક પરાક્રમો—એકબીજાને લડાવી મારવાનાં આળવીતરાં—થી સારી રીતે જાણીએ છીએ. આ પ્રસંગે પણ એમણે ઇન્દ્રનો ગભરાટ જોઇને હસ્યા જ કર્યું. ઇન્દ્રના નોકરોને આથી ધરપત વળી. નવો આદમી દુશ્મન નથી એવું તેમણે જોયું અને રાજાને જણાવ્યું. હવે તો ઇન્દ્રનો જીવ પણ હેઠો બેઠો. તેણે નારદને આદરપૂર્વક સભામાં લાવીને બેસાડ્યા. નારદે એને પોતાની વિદ્વત્તા અને અનુભવના ભંડાર વડે કરીને ચકિત કર્યો. આર્ય પ્રજાનું નામ ઇન્દ્રદેવે એ દહાડે પહેલવહેલું સાંભળ્યું. તેઓ કેવા તપસ્વી હતા એ પણ તેણે જાણ્યું અને નારદ ઋષિને પ્રાર્થના કરી કે મારા આ દેવો બહુ ભોગપરાયણ થઇ બગડી ગયા છે, એમને તમારા આર્ય ઉપદેશ વડે સુધારો. નારદે એ ઉપકાર કરવાનું સ્વીકાર્યું, દેવસભામાં સંયમ અને તપ વિષે છટાદાર ભાષણો આપ્યાં, પોતાને બ્રહ્મચર્યની આદત પડી ગએલી હોવાથી દેવમાત્રને પ્રિય એવી અપ્સરાઓને ધિક્કારી કાઢી, અને ઘણુંઘણું માનપાન એમને હાથે પામીને ઘણે વર્ષે પાછા સ્વદેશ આવ્યા. નારદની શોધો મુખ્યકર અને ઉપયોગી હતી એમ તેના દેશભાઇઓએ સ્વીકાર્યું અને એ રીતે આર્ય ને દેવપ્રજાઓની મૈત્રીનાં બીજ નંખાયાં. અને આર્યોની એ મૈત્રીને ઉપયોગમાં લેવાનો લાભ દેવોએ થોડા જ વખતમાં લીધો.

કાસ્પીઅન અને ઇરાનની વચ્ચે હિર્કેનીઆ નામે પ્રાંત છે. ત્યાંનો રાજા હિરણ્યકશિપુ નામે દૈત્ય હતો. તે પણ બળવાન અને મહત્ત્વાકાંક્ષી હતો. તેણે દેવોના

દેશ ત્રિવિષ્ટપને કબજે કર્યો અને ઇશ્વર બીશ્વર બધી ગપ છે, હું જ સકળ સૃષ્ટિનો ઇશ્વર, એવો મત ફેલાવીને જગતનો સૌથી પહેલો નાસ્તિક—ચાર્વાક અને કૉમ્તના સંપ્રદાયનો જાણે આદ્ય સ્થાપક—હોવાનું માન ખાટી ગયો. દૈત્યને હાથે દેવો હાર્યા એટલે દેવરાજ ઇન્દ્રે ગુપ્ત રીતે ભારતવર્ષમાંના પોતાના મિત્રરાજ્યની મદદ માગી. આર્યોએ નરસિંહ નામે વિક્રમશાળી વીરને હિરણ્યકશિપુને હંફાવવા મોકલ્યો. નરસિંહે તેને અણચિંત્યો હલ્લો કરી હણ્યો, દેવોને સ્વાતંત્ર્ય બક્ષ્યું, ફરીથી ઇશ્વરવાદ પૃથ્વીમાં સલામત રહે તેવી રીતે તેને પ્રસાર્યો અને મર્હૂમ દૈત્યરાજના સપૂત પ્રલ્હાદને હિર્કેનીઆની ગાદીએ બેસાડ્યો. હવે આર્ય ને દૈત્ય એ બે પ્રજાઓ પણ મિત્ર બની—તે એટલે સુધી કે આર્ય ઋષિ શુક્રાચાર્યને દૈત્યોએ પોતાના ગુરુ કરી સ્થાપ્યા, અને વેદ, યજ્ઞયાગ વગેરે આર્ય સંસ્કૃતિનાં અંગોને પોતાનાં કરી લીધાં. આ છેલ્લો ફેરફાર બલિરાજાએ કર્યો, કેમકે તેના પિતા પ્રલ્હાદે એકાગ્ર પ્રભુભક્તિને ખાતર, રાજ્યપાટ લગભગ મળતાંવાર જ છોડી દીધું હતું.

આમ કેટલોક વખત ચાલ્યું. આ સમય શાંતિ અને વિકાસનો હતો. દેવ, દૈત્ય, ગરુડ, નાગ અને આર્યો પરસ્પર સંપ અને સુલેહથી રહેતા હતા. પણ ઘણીવાર સંપમાં જ કુસંપનું બીજ ક્યાં નથી હોતું? એ પ્રજાપંચકમાંના કેટલાકે વિકાસની એક એવી યોજના ઘડી, જેણે વૈમનસ્ય જગાવ્યું.

દેવ, દૈત્ય અને નાગ, આ ત્રણે જાતિઓને પોતપોતાની ભૂમિમાંનું ધન વખત જતાં ઓછું પડવા માંડ્યું. એમણે વિચાર કર્યો કે દરિયાપારના દેશોની દોલતને આપણી કરી હોય તો શું ખોટું? એ દરિયો એટલે બંગાળાને ઠેકાણે એ વખતે હતો તે ગંગાસમુદ્ર. એને તીરે એટલે કે હિમાલયના દક્ષિણ ઢાળ પર, કાચ્છપ નામે વહાણવટાનો ધંધો કરનારી એક નાની જાત મંદરાચલગિરિની પડોશમાં વસતી હતી. દેવો, દૈત્યો, નાગો એમાંથી કોઇને સાગર ખેડવાની ગતાગમ નહોતી; કેમકે એમના દેશોમાં કદી સાગરનું નામનિશાન હતું નહિ; એટલે તેમણે કાચ્છપોને ફરમાવ્યું કે તમારાં સફરી જહાજોમાં દૂરદૂરના દેશોનો માલ લાવીને અમને આપો; બદલામાં અમે તમારા શત્રુથી હમેશ તમારી રક્ષા કરીશું. કાચ્છપોએ આ સ્વીકાર્યું, ને કેટલાંક



વર્ષે બાદ ચૌદ જાતના કિંમતી પદાર્થો આણીને ત્રિવિષ્ટપની દેવસભામાં હાજર કર્યા. એ સભામાં દેવો તો હોય જ. પડોશના નાગલોકો પણ ત્યાં આવ્યા હતા, અને કાચ્છપો પાછા આવવાના જાણીને, બલિના નેતૃત્વ હેઠળ દૈત્યો પણ હિર્કેનીઆમાંથી અત્રે આવી પહોંચ્યા હતા. કાચ્છપોના મુખીએ ચૌદે વસ્તુ ઇન્દ્રના ચરણ આગળ મૂકી એટલે તેમાંની ઘણીખરી દેવોએ ટપોટપ ઊંચકી લીધી ને બેત્રણ નાગપ્રજાના પ્રતિનિધિઓએ લીધી. બિચારા દૈત્યો રહ્યા લટકતા. એમણે ઇન્દ્ર આગળ રાવ ખાધી. ઇન્દ્રે દેખાવને ખાતર પોતાના ગોઠિયાઓને કહી જોયું કે થોડું તો દૈત્યોને કરાર પ્રમાણે આપવું જોઇએ. પણ દેવો માને શાના? અને કેટલાક અટકચાળા છોટા દેવોએ તો એ વેળા ભર સભામાં દૈત્યોને ખિલ્ખિલ્ હસીને ઠીંગો પણ બતાવ્યો. આ અપમાન લડાયક દૈત્યોથી કેમ સહ્યું જાય? એમણે ધનુષ્ય ખેંચ્યાં ને ગદાઓ ઉગામી ને . . . . . ભયાનક યુદ્ધ થયું. પણ દૈત્યો થોડા હતા ને વળી પરદેશમાં, એટલે હાર ખાઇને હિર્કેનીઆ નાઠા. ત્યાંથી જબરદસ્ત સેના લઇને કેટલેક વખતે એમણે દેવભૂમિ તિબેટ પર હુમલો કર્યો, તેમાં ફાવ્યા અને ફરી એકવાર દૈત્યો દેવોના રાજ્યના ધણી થયા. ત્યાં પોતાનો હાકેમ નીમી તેઓ પાછા હિર્કેનીઆ આવ્યા.

દેવોમાં, આગળ તેમ આ વખતે, આપબળને નામે શૂન્ય હતું. તેઓ ઉત્તરકાલીન રોમનો પેઠે ખૂબ વિલાસી થઇ ગયા હતા ને એ વિલાસને પોષવા માટે જ દરિયાપારની બને તેટલી વધુ દોલત નફટાઇથી ચાંઉ કરવાનો

બેત એમણે રચ્યો હતો. પણ આ બધું છતાં, પરતંત્રતા તો એમને સાલતી હતી એમ જણાય છે. આ કારણથી એમણે ફરી એકવાર પોતાના રક્ષણહાર આર્યો તરફ નજર ફેરવી. આ મદદની માગણી આવી એટલે આર્ય પ્રજાને એક ધર્મસંકટ આવી પડ્યું. દેવો એમના મિત્રો હતા એ ખરૂં, પણ પ્રહ્લાદ ને બલિના વખતથી તો હવે દૈત્યો પણ મિત્ર નહોતા? એમની સામે સૈન્ય કેમ મોકલાય? બીજી તરફ દેવોને પણ પરાધીન કેમ રહેવા દેવાય? છેવટે ફળદ્રુપ આર્ય બુદ્ધિએ એક યુક્તિ કરી. કેટલાક અગ્રણી આર્યોએ ખાનગીમાં મસલત કરીને વામન નામે પોતાના એક ઋષિને દૈત્યરાજ બલિ પાસે વગર લશ્કરે મોકલવા એમ ઠર્યું. વામને ત્યાં પહોંચ્યા બાદ શું કરવું એ વિષેની ફૂંક તેના કાનમાં મારી રાખવામાં આવેલી. આ ઠરાવ થતાં મદદ માટે આવેલો દેવદૂત વામનને લઇને હરખાતોહરખાતો તેની જોડે હિર્કેનીઆ ગયો.

વામન જ્યારે દૈત્યોની રાજધાનીમાં પહોંચ્યો ત્યારે બલિરાજા વૈદિક યજ્ઞ કરતા હતા. એક મહાવિદ્યાવાન આર્ય, બીજો વિદ્યાપૂજક આર્યભૂત—આર્યિન(?)—દૈત્ય. બેઉ વચ્ચે તત્ત્વજ્ઞાનના કોઇ ગૂઢ વિષય પર ચર્ચા ચાલી. બલિ ઉચ્ચતર આર્યવિદ્યાથી તુષ્ટમાન થયા ને વામનને કહે: 'માગ માગ, તું માગે તે આપું.' શુક્રાચાર્ય કહે: 'હાં-હાં! એ શું? એવું ન બોલ; બંધાઇ જા નહિ.' પણ બલિ બંધાઇ ચૂકયો હતો. તેણે વામનના માગ્યા પ્રમાણે પોતાનું આખું સામ્રાજ્ય તેને આપી દીધું. આમ દેવદૈત્ય–સૌના દેશ વામનને હાથ આવ્યા. હવે દેવો તો મુક્ત થયા જ, પણ હિર્કેનીઆ પણ બલિના વંશજોને હમેશના ભોગવટા માટે મળ્યું. આમાં માર્યો ગયો માત્ર બલિ. એને વામને પાતાળે ચાંપ્યો એટલેકે એને નાગલોકોના દેશમાં મોકલી દીધો (ને પાછળથી પોતે ત્યાં એની પાસે દેવર્ષિ તરીકે તેને અધ્યાત્મજ્ઞાન ઉપદેશવા રહ્યા.) બલિની દેશપારી એની પ્રજાને તેમજ દેવોને સાલી. ઉપરાંત દૈત્યગુરુ શુક્રાચાર્યને પણ વામને હેરાન કર્યા. શુક્ર તો પોતાના અન્નદાતાનું ભલું વાંછવા ખાતર પેલા વરદાન વેળા વચ્ચે પડ્યો હતો, પણ ગુમાની વામન માટે એ અપમાન કૈં ઓછું નહોતું. તેણે પોતાની આણ ફરી તે વખતે હિર્કેનીઆના રાજગોરપદેથી શુક્રાચાર્યને ઉથાપ્યો—માત્ર ત્યાંની પ્રજાનો ગોર એને રહેવા દીધો. શુક્રાચાર્યની એક આંખ ફોડવામાં આવી એ પુરાણકથનનો અર્થ આ જ, કે ઉપર મુજબ તેની અર્ધી રોજી ટળી ગઇ. આર્ય પ્રજાનો પ્રતિનિધિ વામન આ બે કૃત્યો વડે આર્યિન દૈત્યોમાં—નરસિંહ અને શુક્રાચાર્ય જોડે અસલ વારામાં જે આર્યો હિર્કેનીઆ ને ત્યાંથી ઇરાન ગએલા જેમણે દૈત્ય પ્રજાને આર્ય સંસ્કૃતિનો પટ દીધો તેઓમાં અલોકપ્રિય થયો. આ બનાવને ઇતિહાસ હિંદી અને ઇરાની આર્યો વચ્ચેનો કલહ કહે છે અને તે યથાર્થ છે.

દાનવ નામની દૈત્યને મળતી પ્રજાને આપણે મૅસોપૉટેમિયામાં એકલી મૂકી આવ્યા છીએ. એમને વિષે હવે ઉમેરવાનું એટલું જ રહે છે કે એમનામાં વખત જતાં, મય નામે કોઇ અસાધારણ રાષ્ટ્રવીર થયો ને ત્યારથી તેઓ મયદાનવ કહેવાવા લાગ્યા. મયદાનવો બાંધકામમાં ઘણા જ કુશળ, મુસાફરીઓ કરવે અથાક અને ધર્મક્રિયામાં મનુષ્યવધના શોખીન હતા. તેમણે રાવણનો મહેલ ને પછી યુધિષ્ઠિરનો, એ બંને બાંધ્યા. અમેરિકા તરફનાં પોતાનાં ભ્રમણો દરમ્યાન તેઓ હિંદમાંથી આવતા જતા, એટલે મનુષ્યવધની પ્રથાને એકાદવાર હિંદમાં મૂકતા ગયા, તો બીજી કેટલીક વાર વળી એક બાજુ મધ્ય અમેરિકા ને બીજી બાજુ મીસર, બૅબીલોન, આસીરીઆ વગેરેમાં આર્ય સંસ્કૃતિના ધર્મસામાજિક અંગો પ્રસારતા પણ થયા. વળી મૅસોપૉટેમિયામાં જ પાછળથી જે સુમેરીઅન સંસ્કૃતિ ખીલી તેને પણ આર્યતાનો ગાઢો પાશ હતો, કેમકે સુમાલી નામે દૈત્યે કાસ્પીઅનથી લંકા લગીના પોતાના ઘૂમાટ દરમ્યાન આર્ય સંસ્કારો ઝીલીને છેવટ તેને સુમેરીઆ નામ મૅસોપૉટેમિયામાં સારી રીતે જમાવ્યા હતા. છેલ્લી અદ્‌ભુત વાત એ કે, મહાપ્રલય પહેલાં દક્ષિણ હિંદ આ પાસ આફ્રિકા ને પેલી પાસ ઑસ્ટ્રેલિયા સાથે જોડાયો હતો, ત્યાં નીગ્રો લોકોની સંસ્કૃતિ વિલસતી. એ પ્રલય પછી અગસ્ત્ય ઋષિ દક્ષિણમાં ગયા ત્યારે એમણે સંસ્કારેલા નીગ્રો, એ જ ઘણું કરીને પાછલા સમયના દ્રાવીડીઅનો.


આ આપણા દેવદૈત્યોનો—આપણા નૃસિંહાવતાર ને વામનાવતારોનો નવો ઇતિહાસ. એ દિગ્વિજયી વૃત્તાંત વાંચીને કયું સાચું આર્ય હૃદય નહિ પ્રફુલ્લે? કયું પુરાણાસક્ત હિંદુ કુટુંબ બંધ પડી જવાની તૈયારી નહિ કરે?

'વિનોદકાન્ત'



બકમંડળ ચિત્રકાર · સોમાલાલ શાહ

સુમનોહર રેખા અને વર્ણભંગની રુચિરતા ભાઇ સોમાલાલ શાહ હિંદના સારામાં સારા ચિત્રકારો જેવી બતાવી શકે છે. તેમના ચિત્રપટોમાં અગમ્ય અને ગૂઢ ભાવઝરણો વહેતાં લાગે છે તેથી તેમનાં ચિત્રોમાં એક પ્રકારની શીતળતા અનુભવાય છે, છતાં એ ઝરણોનો સ્પર્શ કરી શકાતો નથી. પ્રાણીજીવનનાં પરિચય ને અનુકંપા બતાવતાં કેટલાંક ચિત્રો તેમણે દોર્યાં છે, ને તેમાં તે ઘણીવાર માનવ-ચિત્રો કરતાં યે વધુ સફળ નીવડ્યા જણાય છે. ' કુમાર 'ના વાચકોને વિદ્ધ હરિણીનું ચિત્ર યાદ હશે જ. આ ચિત્રમાં બગસમૂહે જલાશયનો કોઇ એકાંત ખૂણો ખળભળાવી મનોહર સૃષ્ટિ રચી છે.



હિંદના દરિયામાં થતી અનેકવિધ માછલીઓમાંની થોડીક

મદ્રાસના ઍક્વેરિયમ (જળઘર) માટે ડૉરૉથી હૉર્નેલે જીવતી માછલીઓ પરથી દોરેલાં ચિત્રો

પહેલી હાર : (૧) **પફર** માછલી (ચન્દ્રમુખી)—આ માછલી ઝેરી છે અને વખત આવ્યે પવનથી પોતાનું શરીર ફુગ્ગાની પેઠે ફુલાવે છે. (૨) **ઇલેક્ટ્રિક રે** (વીજળી માછલી)–જેને અડવાથી વીજળીના જેવો આંચકો લાગે છે. કોઈ મોટી માછલીના ધક્કાથી તો હાથ ઘડીભરને માટે ખોટો પડી જાય છે. બીજી હાર : (૩) **પૉમ્ફ્રેટ**–ખોરાકને માટે સારામાં સારી ગણાતી હિંદની માછલી. (૪) **હથોડા મસ્થી** (હથોડી જેવા આકારના માથાવાળી) **શાર્ક**–આ માછલી હિંદના દરિયામાં ઘણી છે અને તે માણસખાઉ છે. તેની આંખો હથોડી આકારના તેના માથાના બે છેડામાં છે. ત્રીજી હાર : (૫) **ગાર ફિશ** નામની આ ભાલા-માછલીનું નીચલું જડબું ભાલાની પેઠે આગળ વધેલું હોય છે. તે પાણીમાંથી અદ્ધર ઊડી (કૂદી) શકે છે. આ માછલી માટે ખાસ નવાઈની વાત એ છે કે તેનાં હાડકાં લીલા રંગનાં હોય છે. (૬) **વીંછુડી** નામની શાહુડી જેવાં ભાલાંવાળી આ માછલીનું નામ, હિંદની માછલીઓનો પહેલવહેલો અભ્યાસ કરનાર ડૉ. રસેલ નામના અંગ્રેજ વિદ્વાનના નામ ઉપરથી 'રસેલની વીંછુડી' એવું રાખવામાં આવ્યું છે. તેનાં એ ભાલાંનો ઘા અતિશય ઝેરી હોય છે; તેથી જ કદાચ કુદરતે એને હરીફરી શકવાની શક્તિ બહુ ઓછી આપી છે.

જીવનનું જે ઝૂલતું પારણું, ઈશ્વરનો જે ઉઘાડો ખજાનો પૃથ્વીના પોણા ભાગને આવરી રહેલો છે તે અમ્બોધિની

સમુદ્રલક્ષ્મી

નો પ્રાથમિક પરિચય આપતાં **શ્રી સુરેશ દીક્ષિત** (એમ. એ., એમ. એસ સી.) કહે છે કે


સાગરની અભેદ્ય ગહનતાથી અંજાઇ કાવ્ય સ્ફૂરે તેના કરતાં તેની ખેતી કરી તેનાં ફળ ઉતારવામાં અને તેનાં મહામૂલાં મોતી લાવવામાં તેની ખરી ઉપાસના છે. માનવકલ્યાણનો મહામાર્ગ સમુદ્રમંથનમાં રહેલો છે.



મહાસાગરને કિનારે પગ આગળ આળોટતાં મોજાં, આસપાસ વેરાએલાં રેતી પથ્થર, ઝૂકતાં નારિયેળી કે કેવડાનાં વૃક્ષ અથવા તો રેતી ઉપર છવાએલી વેલ તરફ નજર ફેરવતાં કયું હૃદય એમાં લીન નહિ થતું હોય! ચડતાં પાણીમાં આવતાં પ્રાણી કે વનસ્પતિ અથવા તો ઊતરતાં પાણીમાં પાછળ પડી રહેતાં શંખલા ને છીપોલી, રડ્યાંરખડ્યાં પ્રાણી કે આઘે આઘેની તણાઇ આવેલી અપરિચિત વસ્તુઓ બે ઘડી ચિકિત્સાથી જોઇ રહેવાય છે. કોઇ કાળભૈરવ સમા ખડકને અથડાઇ ઘૂઘવતો સાગર કે પાસે જ ખાબોચિયામાં નિર્ભયપણે રમતી કૂદતી માછલી કે કરચલા નીરખતાં વિસ્મય પમાય છે. સમી સંધ્યાએ ક્ષિતિજે આથમતા સૂર્યને જોઇ રહેતાં કે પસાર થતી વાદળી નીચે સઢ ચડાવેલી હોડીને નીરખતાં વિશાળ સમુદ્રપટ ઉપર ફરતી દૃષ્ટિ ત્યાં ચોંટી રહે છે. અનંત યુગોથી જળતરંગે માનવ ભાવો ઉછાળ્યા છે, મહેચ્છાઓ પ્રગટાવી છે કે શાંત કરી છે.

જગતમાં ત્રણ મહાસાગર (Ocean) છે: ઍટલાંટિક, પૅસિફિક અને હિંદી. તે ઉપરાંત બીજા નાના સમુદ્રો (Sea) છે. આપણી પૃથ્વીનો બે તૃતિયાંશ જેટલો મોટો ભાગ જળથી ઢંકાએલો છે. જળ નીચે ઢંકાએલી જમીન સપાટ નથી. પાણીને તળીએ ખાડાટેકરા, ખીણ કે પર્વતો જેવી ઊંચીનીચી જમીન છે. કિનારાથી દરિયામાં આગળ વધતાં સો ફૅધમ (ફૅધમ=૬ ફીટ) પાણીની ઊંડાઇ સુધી છીછરાં પાણી કહેવાય. ત્યાંથી આગળ એક હજાર ફૅધમ સુધી ઢોળાવવાળી જમીન ગણાય છે અને બે હજાર ફૅધમ ઉપરની ઊંડાઇને પાતાળ (abyss) કહે છે. અત્યાર સુધીમાં વધુમાં વધુ ઊંડાઇ પૅસિફિક મહાસાગરમાં ફિલિપાઇન્સ પાસે ૫,૩૫૦ ફૅધમની માપી શકાઈ છે. એટલે કે ત્યાં લગભગ સવા છ માઇલ ઊંડો દરિયો થયો, જેમાં હિમાલય પર્વતને સમાવી દઈ ઉપર અરધો માઇલ પાણી ફેરવી વળાય. હિંદી મહાસાગરમાં એવી પાંચ ઊંડી જગ્યાઓ છે. હિંદની પૂર્વે બંગાળનો ઉપસાગર, દક્ષિણે હિંદી મહાસાગર અને પશ્ચિમે અરબી સમુદ્ર એ મહાન હિંદી મહાસાગરના જ ફાંટા છે.

ભરતી અને ઓટનાં ચડતાં ઊતરતાં પાણીવાળી જમીન દરિયાકિનારો કહેવાય. આ સ્થળ પ્રાણીથી ઊભરાય છે. વીસ ફૅધમ સુધીની ઊંડાઇને કિનારાની હદ (Littoral Zone) કહેવાય. પાતાળવાળાં સર્વ સ્થળોએ સ્થિતિ એકસરખી રહે છે: સતત ઘોર અંધકાર, એકસરખી શૂન્ય ડિગ્રી (સેન્ટીગ્રેડ)થી કંઇક વધારે ઉષ્ણતા અને એક ઘન ઇંચ ઉપર ત્રણ ટન દબાણ. સાધારણ રીતે પૃથ્વી ઉપર આપણે એક ઘન ઇંચે ૧૪ રતલ વજનનું દબાણ આપણા માથા ઉપર લઇને રહીએ છીએ. ત્યાં ખડકે નથી હોતા કે વનસ્પતિએ નથી હોતી. પ્રલયનાં પૂર હોય તો આ સ્થળે. સો ફૅધમ નીચે તો બધે જ કાંપ બાઝેલો હોય છે. જેમ ઊંડાણ વધારે તેમ ઉષ્ણતા થોડી. ઇરાનના અખાતમાં જળસપાટીની ઉષ્ણતા ૯૬૦ ડિગ્રી (ફેરનહાઇટ) અને ધ્રુવના હિમ પ્રદેશમાં ૨૮૦ ફે૦ મપાઇ છે. શીત પ્રદેશમાં ગ્રીનલૅન્ડ પાસે એટલી ઠંડી છે કે ત્યાંથી બરફના પહાડ (Ice berg) છૂટા પડી તરતા તરતા દરિયામાં આવે છે અને ઘણી વખત મોટી સ્ટીમરોને અથડાઈ ડુબાડે છે. બરફના પહાડનું પાણી મીઠું હોય છે એટલે સ્વાભાવિક રીતે દરિયાના પાણી



ખડકોને ભેટતી સમુદ્રોર્મિઓ ચિત્રકાર · સ્વ. ડી. રામરાવ


કરતાં તે હલકું હોય છે.

સૂર્યનો પ્રકાશ પાણીનાં પડ ભેદીને કેટલે ઊંડે ઊતરતો હશે? આ પ્રશ્નનો નિકાલ લાવવા ઍટલંટિક મહાસાગરમાં જૂન મહિનાની બપોરે કેટલાક પ્રયોગો કરવામાં આવ્યા હતા. તે ઉપરથી સિદ્ધ થયું છે કે ૩,૨૮૦ ફીટની ઊંડાઇએ છબી લેવાનો કાચ ૮૦ મિનિટ પછી કાળો પડ્યો હતો. ૫,૫૭૮ ફીટની ઊંડાઇએ ૨૦ કલાક પછી પણ છબીના કાચને કાંઇ જ અસર થઇ નહોતી. સાગરમાં વસતા પ્રાણી અને વનસ્પતિ ઉપર પ્રકાશની મોટી અસર થાય છે.

દરિયાનું પાણી ખારૂં છે, પરંતુ એનો સ્વાદ ચોખ્ખા મીઠા જેવો ખારો નથી. દરિયાના પાણીનું પૃથક્કરણ કરતાં જણાયું છે કે એમાં મોટામાં મોટો ભાગ મીઠા (Nacl)નો છે, થોડામા થોડો ભાગ ચાક (Calcium Carbonate)નો છે, અને બાકી રહેતા ૦.૨૨ ટકામાં લગભગ બધાં જ જાણીતાં તત્ત્વો (elements) જેવાં કે સોનું, આયોડીન વગેરે હોય છે. દરિયાના બહોળા પાણીમાં લગભગ બધે જ આ પ્રમાણ એકસરખું ગણાય છે. મીઠાનું પ્રમાણ એક હજાર ગ્રામ (gram) પાણીમાં ૨૭.૨૧૩ ગ્રામ જેટલું હોય છે. બંગાળાના અખાતમાં ખારાશ (salinity) હજારે બત્રીસ ભાગ જેટલી છે; જ્યારે હિંદની આસપાસ બીજા ભાગોમાં ચોત્રીસ જેટલી છે. દુનિયાના કેટલાક ભાગોમાં છત્રીસ ભાગ કરતાં યે વધુ ખારાશ હોય છે. બાલ્ટીક સમુદ્રમાં ઓછામાં ઓછું ખારૂં પાણી છે. ખારાશ એટલે એકલા મીઠાની જ નહિ, પરંતુ બીજા ક્ષારો (salts) પણ ખરા. સમુદ્રના પાણીની ખારાશ ઉપર નદી જેવા મીઠા પાણીના પ્રવાહની કે વરસાદની અસર થાય છે. કિનારા પાસે પણ ખારાશનું પ્રમાણ ઋતુ પ્રમાણે વધતું ઓછું થાય ખરૂં, પણ તે બહુ જ થોડું.

જૉલી નામના એક વૈજ્ઞાનિકે સમુદ્રની ખારાશ અને દર વર્ષે તેમાં ઉમેરાતા મીઠા ઉપરથી તેના અસ્તિત્વની ગણતરી કરવા પ્રયત્ન કર્યો છે. દર વર્ષે સમુદ્રમાં લગભગ ૧૫,૭૨,૭૦,૦૦૦ ટન જેટલું મીઠું ધસડાઇ આવે છે, અને પૃથ્વીના બધા સાગરમાં મળીને કુલ ૧૪,૧૫૧,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ ટન જેટલું મીઠું છે; એટલે સાગરની ઉમર લગભગ આશરે ૯૦,૦૦૦,૦૦૦ વર્ષની થવા જાય. વૈજ્ઞાનિકોમાં આ સંબંધે મતફેર છે.

સમુદ્રનું જળ અસ્થિર છે. ફીણ ઉડાડતાં મોજાં ચડતાં ઊતરતાં જોવાં એ એક લહાવો છે. સપાટી ઉપરનાં મોજાં પવનથી ઉત્પન્ન થાય છે. દિવસરાતનાં આવતાંજતાં ભરતીઓટ ઉપર ઘણાં યે પ્રાણીઓનું જીવન લટકે છે. ભરતીઓટનું કારણ ચંદ્રનું પૃથ્વીના ગ્રહ તરફનું આકર્ષણ છે. સૂર્યનું આકર્ષણ પણ એમાં કારણરૂપ છે. દરરોજ ભરતીના વખતમાં પચાસ મિનિટનો ફેર પડતો જાય છે. અમાસની ભરતીને લોકો જુવાળ કહે છે. એનાં પાણી ઘણી વેળા માઇલો સુધી નદીમાં




(૧) હેલોફીલા (Halophila) વનસ્પતિ; (૨-૩) કૉલરપા (Caulerpa) નામની લીલી વનસ્પતિ-ફોટો, સુરેશ દીક્ષિત; (૪) સ્ટ્રુવીઆ (Struvea) નામની લીલી વનસ્પતિ; પચીસગણો કરીને લીધેલો માઇક્રોફોટોગ્રાફ; ફોટો, સુરેશ દીક્ષિત; (૫) સીરેમીઅમ (Ceremium) નામની લાલ વનસ્પતિ; પચાસગણો માઇક્રોફોટોગ્રાફ; ફોટો, એમ. જે. પ્રેસવાલા, બી.એ., બી.એસ.સી.; (૬) પૉલીસીફોનીઆ (Polysiphonia) નામની લાલ વનસ્પતિ; પચાસગણો માઇક્રોફોટોગ્રાફ; ફોટો, એમ. જે. પ્રેસવાલા; (૭) ડૉલ્ફિન (Dolphin) નામનું મુંબાઈના દરિયામાં તણાઈ આવેલું દૂધાળું પ્રાણી; ફોટો, પ્રોફેસર વી. એન. હટે (વિલ્સન કૉલેજ)ના સૌજન્યથી.

જઈ ખારાશ ફેલાવે છે. નર્મદા અને મહી જેવી ગુજરાતની નદીઓમાં આ તો જાણીતી વાત છે. સમુદ્રના પાણીમાં જુદે જુદે સ્થળે જુદા જુદા રંગો દેખાય છે. એનું કારણ પાણીમાં તરતાં અનેક રજકણોમાંથી સૂર્યનાં તેજનાં પડતાં પ્રતિબિંબ છે. પાણીમાં પ્રકાશ પડતાં તેનાં કિરણો રંગભિન્ન થઇ વીખરાય છે. રાતાં, પીળાં અને લીલાં કિરણો જળમાં ચુસાઇ જાય છે અને બાકી રહેલાં ભૂરાં અને નીલવર્ણાં ઊંડે સુધી પહોંચે છે. થોડા ઊંડા પાણીમાં પણ આડે આવતાં રજકણોને કિરણ અડકે કે તરત પાછાં પ્રતિબિંબિત થતાં રસ્તામાં નીલવર્ણાં થઈ જાય છે. આથી સમુદ્રનું પાણી ભૂરૂં લાગે છે. ઘણી વેળા રાતના અંધારે સાગરની અધવચ્ચે પાણીમાં ઝળકાટ (phosphorescence) મારતા જોવામાં આવે છે. એનું કારણ જળમાં તરતાં અસંખ્ય સૂક્ષ્મ (microscopic) જીવ (plankton) છે.

સમુદ્રમાં બે તરેહના પ્રવાહ (current) હોય છે: સપાટીના અને આંતર. સપાટીનો પ્રવાહ ઘણું કરીને પવનથી ધકેલાતા પાણીથી ઉત્પન્ન થાય છે. આંતરપ્રવાહ નદીની રેલ માફક જુદા જુદા સ્થળેથી ફરતાં પાણીથી થાય છે. આ ઉપરાંત ચોમાસામાં હિંદી મહાસાગરમાં તોફાનને લીધે પાણી ઊછળે છે. સમુદ્રમાં સીલ કરેલી તરતી શીશીઓ નાખીને તેના પ્રવાહની દિશાનો અભ્યાસ થાય છે. એકંદરે આ સંબંધે આપણું જ્ઞાન હજુ ઘણું કાચું છે.

સમુદ્રના જળની અસર હવા ઉપર પણ થાય છે. ચોમાસાનો આધાર પણ એક રીતે સૂર્યની ગરમીથી જુદાંજુદાં સ્થળોએ જુદીજુદી ઋતુમાં હવા ઉપર થતી અસર ઉપર છે. સાગરનો વિશાળ પટ એ ફેરફારો ઉપર મોટી અસર કરે છે. રાત્રે અને દિવસે પવનની દિશા બદલાવાનું કારણ પણ સાગરજળ છે. હવા



સ્ટાર ફિશ (Star fish) નામની તારાના આકારની માછલીને વચ્ચેથી કાપીને બતાવેલા અંદરના ભાગ.


કરતાં પાણીને ગરમ થતાં વાર લાગે છે તેમજ ટાઢું પડતાં પણ વાર લાગે છે.

સાગરનું ખરું રહસ્ય તો તેમાં છુપાએલા જીવાત્માઓ (organisms)માં છે. સમુદ્રના જળમાં વનસ્પતિ ને પ્રાણી બંને વસે છે. દરિયાકિનારો એ જીવનનું ઝૂલતું પારણું છે. સમુદ્રનાં પ્રાણી જમીન પર રહેનાં પ્રાણી કરતાં વધારે ને બહુરૂપી છે. તેમાંની વનસ્પતિ જમીન કરતાં ઓછી સમૃદ્ધ છે. દરિયામાં સપુષ્પ વનસ્પતિ તો લગભગ એકત્રીસ જાત (species)ની છે. કરાંચીથી કન્યાકુમારી સુધીમાં દરિયામાંથી આવાં ચાર સમુદ્રઘાસ (Sea-grasses) આ લેખકને જડ્યાં છે. તેમનાં નામ 'હેલોફીલા' 'રૂપીઆ' અને 'સાઇમોડીઆ' છે. આ ઘાસ પાણીની સપાટી નીચે ડૂબેલાં રહે છે ને બારીક શોધથી હાથ આવે છે.

સમુદ્રમાં મુખ્ય ચાર વર્ગ (classes)ની વનસ્પતિ થાય છે. આ બધી યે 'શેવાળ' (Algae) કહેવાય છે. (૧) નીલ–લીલી (૨) લીલી (૩) તપખીરીઆ (Brown) (૪) રાતી. આમ રંગ ઉપરથી એક રીતે તેના વિભાગ પાડવામાં આવ્યા છે. નીલ–લીલી શેવાળ ઘણુંખરું કિનારા પાસેનાં ગંદાં ખાબોચિયામાં પડી રહે છે. લીલીના આકાર અને ઘડતર ભાતભાતનાં હોય છે. તેમાંની કેટલીક રીબન જેવી દેખાતી 'એન્ટરોમોરફા' અને ગોળ પાંદડાં જેવી દેખાતી 'અલ્વા' મીઠા પાણીનો ભેળસેળ નભાવી લેતી હોવાથી કિનારા પાસે ઊગે છે કે પડી રહે છે. લીલા વર્ગની સુંદરમાં સુંદર જાત ઊંડા પાણીમાં ખડક કે પથ્થર ઉપર ઊછરે છે. રેતીનાં ઢીલાં રજકણો ઉપર ઝાઝી વનસ્પતિ ઊગી શકતી નથી. વનસ્પતિનો અભ્યાસ કરવા કરાંચી, દ્વારકાં, ઓખા, માલવણ, કોચીન, કેપ કૉમોરીન અને સીલોનમાં ગાલે સરસમાં સરસ જગ્યાઓ છે. મદ્રાસ તરફ તુતીકોરીન સારી જગ્યા છે. આ વર્ગમાં પીછાં કે દ્રાક્ષ જેવી 'કૉલરપા', નાના પંખા જેવી 'ઉડોટીઆ', થોર જેવા આકારની 'હેલીમેડા' અને આંગળાં જેવી 'કોડીઅમ' વગેરે જાતો અજાયબરીતે આકર્ષક અને મોહક હોય છે.

તપખીરીઆ રંગની શેવાળની જાતો પ્રમાણમાં બીજી કરતાં થોડી છે પરંતુ તે વધારે ઉપયોગી છે. ગંધાતી 'હેલીસેરીસ', લાંબી કાપલીઓ જેવી 'ફ્યુકસ' વગેરે તેની જાતો છે અને સાધારણ રીતે ઊંડા પાણીમાં જ તે ઊગે છે. 'મેક્રોસીસ્ટિસ' નામે દક્ષિણ અમેરિકામાં થતી શેવાળ ૨૦૦ યાર્ડ જેટલી લાંબી હોય છે. આવી જ બીજી 'સારગેસમ' નામની એક વનસ્પતિ જે આપણા દેશમાં પણ સાધારણ છે તેનાં તો મોટાં મોટાં જાળાં મેકિસકોના અખાતમાં એટલાં બધાં બાઝ્યાં છે કે તેનાં મૂળ હાથમાં આવતાં નથી. એ સમુદ્રને 'સારગેસો (Sargasso) સમુદ્ર' એવું જ નામ આપવામાં આવ્યું છે. આ વર્ગની કેટલીક વનસ્પતિમાંથી 'આયોડીન' બનાવવામાં આવે છે.

છેવટે રહી રાતા રંગની. આ તો સૌથી ઊંડા પાણીમાં ઊગે છે. રાતી સેવાળ ઘણી રીતે ઉપયોગી છે. કેટલીક 'આયોડીન' બનાવવાના ખપમાં આવે છે તો કેટલીકમાંથી 'અગર અગર' અથવા ચીનાઈ ઘાસ બનાવામાં આવે છે. આમાંની ઘણી જાતો હિંદુસ્તાનના દરિયામાં થાય છે. આ બધી જાતો શિયાળામાં એકસામટી ઊગી નીકળતી જણાઇ છે અને બહુ તો ૬૦ ફૅધમની ઊંડાઇએ ઊગે છે. આ છેલ્લા બે વર્ગની વનસ્પતિનું જાપાનના લોકો દરિયામાં વાવેતર કરે છે. વિલાયત અને જાપાનમાં કેટલીકનો ઉપયોગ ખાવામાં કરાય છે. 'લેમીનારીઆ' નામની શેવાળમાંથી ચપ્પુના હાથા બનાવવામાં આવે છે. જોકે હાલ તો એ સર્વનો મોટો ઉપયોગ ખાતરતરીકે થાય છે. માલવણમાં નારિયેળીના ખાતર માટે શેવાળનો છૂટથી ઉપયોગ થતો આ લેખકે જોયો છે. માત્ર કાઠિયાવાડ તરફ એના ઉપયોગની કોઇને ખબર નથી. બટેટાં અને તમાકુના પાકને એના ખાતરથી બહુ લાભ થવાનો સંભવ છે.



સમુદ્રની વનસ્પતિમાં અતિ સૂક્ષ્મ એવાં 'ડાએટોમ' (diatoms) જે જુદાજુદા આકારનાં થાય છે તે પણ ભૂલાવાં ન જોઇએ. તેમનું ચાક (calcium)નું શરીર બહુ જ નવાઇ પમાડે એવું હોય છે. કેટલીક જાતની શેવાળ પણ પોતાના શરીર ઉપર ચાકનાં થરનાં થર લાદીને પથ્થર જેવી બની જાય છે. સડી જતી વનસ્પતિ ઉપર ડાએટોમનાં જાળાં બાઝે છે એમ કહેવું ખોટું નથી. ઘણાં પ્રાણીઓ તો એ ડાએટોમનો જ ખોરાક ખાઇને ઊછરે છે. સમુદ્રની વનસ્પતિનું સૌન્દર્ય પારખવા માટે સૂક્ષ્મદર્શક જોઇએ. નરી આંખેનેકલ્પીપણનશકાય.

પૃથ્વી કરતાં સમુદ્રમાં વસતાં પ્રાણીઓની સંખ્યા મોટી છે, એટલું જ નહિ પરંતુ તેમની જાતો પણ વિવિધ છે. પાણીમાં વસનારાં પ્રાણીઓને ઘણુંખરું જળશ્વાસ લેવો પડે છે, એટલે ઘણાંને ફેફસાં નહિ પણ 'ગીલ' (gill) હોય છે, જળમાં પ્રસરેલા (diffused) વાયુને એ ગ્રી શકે છે. સમુદ્રમાં નાનામાં નાનાં સૂક્ષ્મ પ્રાણીથી માંડી વ્હેલ જેવાં મોટાં દૂધાળાં પ્રાણી છે. આ બધાં યે એક બીજા ઉપર જીવે છે. 'જીવો જીવસ્ય જીવનમ્' એ સત્ય સમુદ્રની સૃષ્ટિમાં બધે પ્રજોશમાં પ્રવર્તે છે. એક રીતે તો આખંદે પ્રાણીઓના જીવનનો આધાર સમુદ્રની વનસ્પતિ છે. વનસ્પતિમાં સાદા ક્ષાર, પાણી, કારબન ડાયોકસાઇડ (CO_2) અને પ્રકાશ (light)ની મદદથી મેંદા (starch) જેવો પદાર્થ બનાવવાની જે અદ્ભુત શક્તિ છે તે બીજે નથી.

સમુદ્રનાં પ્રાણીઓની વિસ્મયતા, અજબતા, વિચિત્રતા, વિલાસ અને વિકરાળ સ્વરૂપો રહસ્યપૂર્ણ અને રસમય છે. કરોડ વિનાનાં ઘણાં પ્રાણીઓને લડતાં ઝગડતાં એકાદ હાથપગ ભાંગી જતાં ફરી પાછાં તે આપોઆપ સરજાય છે! ખોરાક કે પ્રેમની ઝૂંટ પડાવતાં લડવું એ તો ત્યાં સામાન્ય વહીવટ છે. ઘણાં પ્રાણીઓ શરીરે શસ્ત્રો સજીને જ જન્મે છે. કરચલાના ચીપિયા તેનાં શસ્ત્ર છે. સીપીઆ નામે એક હાડકા વિનાના પ્રાણીના શરીરમાં કાળી શાહીની કોથળી હોય છે. શત્રુથી હારી જતાં એ શાહીનો ફુવારો ઉડાડી—લડાઇમાં ધુમાડો ઉડાડી નાસી જતી આગબોટ માફક—પાણીને કાળું ઘોર કરી નાસી છૂટે છે. પ્રાણીઓની સંસારલીલા અર્થસૂચક છે. જગત જીવોથી વણાએલી જાળ છે.

આપણે નહાતી વખતે વાદળી (sponge) વાપરીએ છીએ તે પોચી જાતનાં પ્રાણીઓનાં સાફ કરેલાં અને સૂકવેલાં શરીર છે. ઇજિપ્તમાં એનો મોટો

વેપાર ચાલે છે. લાલ પ્રવાલ (પરવાળાં) તો શણગાર માટે વપરાય છે. પરવાળાંનો વેપાર હિંદમાં ઘણા વખતથી જાણીતો છે. તેની ભસ્મ દવામાં વપરાય છે. આ પરવાળાં પણ એક જાતનાં પ્રાણીનાં હાડપીંજર જ છે. આ પ્રાણીઓ લાખોના જથ્થામાં ભેગાં રહે છે અને ઘણી વેળા મોટામોટા ખડક (Coral reef) બાંધે છે. કોચીન અને સીલોન પાસે આવા ખડક છે.

મોટામોટા શંખ, કોડાકોડી અને છીપોલીઓ કોણે નથી જોયાં? હિંદમાં તે આફ્રિકાથી આવે છે. રમવામાં, તથા શણગારમાં આપણે તેનો અનેકાનેક રીતે ઉપયોગ કરીએ છીએ. શંખ તો વળી વિષ્ણુ ભગવાનનો અંગભૂત બન્યો છે. જૂનાસમયમાં લડાઇમાં શંખ બ્યૂગલને બદલે વપરાતો. આ બધાં ગોકળગાયની જાત જેવાં (Molluses) પ્રાણીઓના શરીરરક્ષણાર્થે બંધાએલા કિલ્લા છે. મોતી તો આજે યે મૂલ્યવાન ગણાય છે. મોતી એ આવી જ જાતનાં પોચાં પ્રાણી (Pearl oysters)ના શરીરના પડમાં ભરાએલા રેતી જેવા કણની આસપાસ બંધાએલું પડ છે. આપણા રસોડામાં મીઠું હળદર રાખવાના કડોડામાં ચમચાને બદલે છીપોલીઓ વપરાય છે. અરબસ્તાનના કિનારે આવી મોતી ભરેલી છીપો નીકળે છે. મીઠા પાણીમાં પણ કેટલેક સ્થળે મોતીની છીપ થાય છે. છીપનાં બટન તો આજ સાધારણ થયાં છે. કેટલીક જાતનાં ઓઇસ્ટર માંસાહારી લોકોને બહુ ભાવે છે. ફ્રાન્સ અને જાપાનમાં તો આ ઓઇસ્ટરના મોટાંમોટાં ખેતર કરવામાં આવે છે. આ બધાં યે કરોડ વિનાનાં પ્રાણી છે.

કરોડવાળાં પ્રાણીઓમાં સમુદ્રની મોટામાં મોટી નીપજ માછલીની છે. માછલી જેટલું બીજું પ્રાણી જગતમાં ખાવાના કામમાં નહિ આવતું હોય! માછલીઓના ઘાટ જુદીજુદી તરેહના હોય છે: કોઇ અશ્વમુખી તો કોઇ ચંદ્રમુખી. આપણા દેશમાં અનેક જાતની માછલી હોવા છતાં દર વર્ષે ખાવાની માછલીના હજારો ડબા પરદેશથી આયાત થાય છે. કૉડ નામની માછલીના લીવરનું તેલ દવા તરીકે પીવાય છે. માછલાંનો ખાતર તરીકે પણ બહુ ઉપયોગ કરવામાં આવે છે.

હિંદી મહાસાગરમાં મોટામોટા કાચબા થાય છે તેમની ઢાલમાંથી ખરી કચકડાની વસ્તુઓ બને છે. અતિશય ઝેરી સાપ પણ દરિયામાં થાય છે.

દૂધાળાં પ્રાણીમાં 'સીલ' નામે પ્રાણી તેનાં સુંવાળાં રૂંવાં (furs) માટે મારવામાં આવે છે. પચાસ વર્ષ પહેલાં રશિયાના માછીઓને હાથે તેનું નિકંદન નીકળવા બેઠું હતું. સરકારે કાયદાથી તેમનું રક્ષણ કર્યું ત્યારે બચ્યાં. વ્હેલ નામનું બીજું દૂધાળું(Mammal)રાક્ષસી પ્રાણી છે. એ વ્હેલનો શિકાર કરવો એટલે યમદૂત પાછળ પડવા જેવું ગણાતું. ડેનમાર્ક અને નૉર્વેના માછીઓ તેના શિકારમાં બહુ કુશળ હોય છે. આ પ્રાણી ઠંડા પ્રદેશમાં થાય છે. કેટલીક વ્હેલ ૮૫ ફીટ લાંબી અને ૩૦૦ ટન સુધીના વજનની હોય છે. એને મારવા માટે 'હારપૂન' નામનું ભારે શસ્ત્ર વાપરવું પડે છે. તેની ખાવાની રીત પણ અજબ જેવી છે. પોતાના રાક્ષસી મોઢામાં તે પાણીનો મોટો ઘૂંટડો ભરે છે. પછી મોં બંધ કરી નાક વાટે પાણી કાઢી નાંખી અંદર રહેલાં માછલાં વગેરે પ્રાણીઓને પેટમાં ઉતારી દે છે. તેના પેટમાંથી 'અમ્બર' નામનો મોંઘો પદાર્થ નીકળે છે. તેની ચરબીમાંથી સાબુ, મીણબત્તી વગેરે ચીજો બને છે. અસલના વખતમાં યુરોપનાં બૈરાં વ્હેલનું હાડકું તેમની કમર નીચે પહેરતાં જેથી તેમના શરીરની રેખાઓ ઢંકાતી અને એ રીતે લાજ રખાતી. આ પ્રાણીઓ શ્વાસોચ્છ્વાસમાં ચોખ્ખી હવા લે છે એટલે પાણીમાં પણ એમને નાક ઊંચું રાખવું પડે છે.

સમુદ્રની મુખ્ય બક્ષિશ તો મીઠું છે. ખાંડ વિના આપણે ચલાવી શકીએ, પરંતુ મીઠા વિના ભાગ્યે જ રહેવાય. સમુદ્ર તરફ આપણે દૂર રહીને ભયંકર વિસ્મયતાથી જોવા કરતાં તેને ઇશ્વરનો ઉઘાડો ખજાનો ગણવો જોઇએ. જમીન ખેડી પાક ઉતારી શકાય તેમ દરિયો ખેડી તેનાં ફળ લઇ શકાય. સાગરની અભેદ ગહનતાથી અંજાઇ થોડી કવિતાઓ સ્ફૂરે કે ચારપાંચ ઉપાસનાના વેદમંત્ર લખાય તે કરતાં તેનાં મોતી લાવવામાં ખરી ઉપાસના છે. ખરૂં સમુદ્રપૂજન તેના ઉપયોગમાં છે. માનવકલ્યાણનો મહામાર્ગ સમુદ્રમંથનમાં રહેલો છે.

પ્રાચીન શિલ્પમાં રસદૃષ્ટિ



નટરાજ

ભારતની પ્રાચીન કલાનો ઉત્કૃષ્ટ નમૂનો.

આપણી પ્રાચીન સંસ્કૃતિના અભ્યાસમાં શિલ્પકલાનો અભ્યાસ મહત્ત્વનું અંગ છે. આ શિલ્પ-કલામાં આજે આપણે જેને સ્થાપત્ય, મૂર્તિવિધાન, ચિત્ર આદિ નામોથી ઓળખીએ છીએ તે બધી કલા-ઓનો સમાવેશ થાય છે. તેનો અભ્યાસ પશ્ચિમના અને આપણા કલારસિકો અત્યાર સુધી તે તે કલાના ધ્યાન નમૂનાઓથી જ કેવળ કરે છે. દરેક કલારસિક પોતાના કલાસંસ્કાર પ્રમાણે તે તે કૃતિને માપી પોતાની રુચિ અને અભિપ્રાય વ્યક્ત કરે છે. પણ આ કૃતિ-ઓના કલાકારો કયા સંસ્કારોથી એ કૃતિઓને ઉપજા-વતા તે જાણવા તરફ તે કલારસિકોનું ધ્યાન બહુ ઓછું જ ગયું છે. આ ઊણપ અત્યાર સુધીના મોટા ભાગના કલાવિષયક અંગ્રેજી ગ્રન્થોમાં જોવામાં આવે છે;—એના લેખક પશ્ચિમના હોય કે આપણા હોય.

કલાના પરીક્ષણ અને રસાસ્વાદમાં તે તે કૃતિનું પરિશીલન આવશ્યક છે; પણ તે સમર્થ થવા માટે તેના સર્જક કલાકાર કયા સંસ્કારથી કામ કરે છે તેના જ્ઞાનની સહાયતાની અપેક્ષા રહે છે. પ્રાચીન ભારતીય શિલ્પના અભ્યાસમાં આ જાતની મદદ વિવિધ શિલ્પગ્રન્થોના અભ્યાસથી મળે છે. આ અભ્યાસ, પહેલાં કહ્યું તેમ, ઉપેક્ષા પામેલો છે; જોકે જર્મન ભાષામાં ચિત્રસૂત્રનો અનુવાદ ઘણા સમયથી થએલો છે, ને અંગ્રેજીમાં પણ સ્ટેલા ક્રેમરિશનો વિષ્ણુધર્મોત્તરમાંથી ચિત્રભાગનો અનુ-વાદ, તેમ જ ટી. ગોપીનાથરાવ જેવા સમર્થ વિદ્વાને કરેલા મૂર્તિવિધાન વિષેના ગ્રન્થનો અનુવાદ છે. આમ છતાં હજી શિલ્પગ્રન્થોના અભ્યાસની દૃષ્ટિએ આપણા પ્રાચીન શિલ્પનું વિવેચન થયું નથી એમ કહીએ તો બહુ અપવાદ નહિ આવે.

આ શિલ્પગ્રન્થો મોટા ભાગે અમુક કેમ કરવું તે માટેના નિયમો અને સૂચનોથી ભરેલા છે. પણ આ નિયમો અને સૂચનો પાછળ એક વ્યાપક કલા-દૃષ્ટિ હતી એમ પણ આપણને વિવિધ ગ્રન્થોના અ-ભ્યાસથી જણાય છે. આપણા પ્રાચીન કાળમાં કાવ્યકલા જેમ ખીલેલી હતી તેમ બીજી કલાઓ પણ ખીલેલી હતી. જોકે કાવ્યસ્વરૂપનું જેટલું તાત્ત્વિક ચિંતન થયું છે તેટલું તાત્ત્વિક ચિંતન—નિયમો અને સૂચનો ઉપરાંત—શિલ્પગ્રન્થોમાં મળતું નથી એ યથાર્થ છે: તોપણ કાવ્યચિંતનમાંથી કલાના પરમ પ્રયોજન અને તેથી જ નિકષ તરીકે આનંદ અને રસની દૃષ્ટિ ઉત્પન્ન થઇ હતી તેને કલાના અન્ય પ્રકારોમાં પણ વ્યાપક કરવામાં આવી હતી. સંગીતરત્નાકરના લેખક શાર્ઙ્ગદેવ ગીત, વાદ્ય અને નૃત્ય એમ ત્રિવિધ સંગીતની ચર્ચા પુરી કરી, 'જાણકારો ત્રૌર્યત્રિક (સંગીત)ને રસપ્રધાન ઇચ્છે છે' (સં. ર. પૃ. ૮૧૩) એમ જણાવી રસની ચર્ચા કરે છે. આ રસની દૃષ્ટિને બીજી કલાઓમાં પણ વ્યાપક કરવાનો પ્રયાસ, આ લેખમાં ચિત્રરસ વિષે આપેલા શ્લોકો ઉપરથી પણ સમજાય છે. આ રસ-દૃષ્ટિ બધી કલાઓને અથવા કોઇપણ એક કલાની દરેક કૃતિ સમજવા માટે પૂરતી છે અથવા ઉચિત છે એમ કહેવાનો મારો હેતુ નથી. હું એટલું જ સ્પષ્ટ કરવા માગું છું કે પ્રાચીન વિવેચકોએ કલાના અનેક પ્રકારોમાં એક વ્યાપક દૃષ્ટિ શોધવાનો પ્રયત્ન કરેલો, અને તે દૃષ્ટિ તેમને રસની કલ્પનામાં મળેલી.

વિષ્ણુધર્મોત્તરપુરાણના ત્રીજા ખંડમાં અનેક કલા-ઓનું નિરૂપણ આવે છે તેમાં 'ચિત્રસૂત્ર' નામનું પ્રકરણ છે. તેમાં અંતિમ ભાગમાં ૪૩મા અધ્યાયમાં ચિત્રરસનું વર્ણન છે તેમાંથી નીચેના શ્લોકો આપ્યા છે. એ શ્લોકો-માં અનેક પાઠો ભ્રષ્ટ થઇ ગયા હોય એમ લાગે છે.

शृंगारहासकरुणवीररौद्रभयानकाः ।
बीभत्साद्भुतशान्ताश्च नव चित्ररसाः स्मृताः ॥ १ ॥
तत्र यत्कांतिलावण्यलेखामाधुर्यसुन्दरम् ।
विदग्धवेशाभरणं शृङ्गारे तु रसे भवेत् ॥ २ ॥

यत्कुब्जवामनप्रायमीषद्विकटदर्शनम् ।
तथा च हस्तं संकोच्य तत्स्याद्धास्यकरं रसे ॥ ३ ॥
याच्ञाविरहसन्त्यागविक्रयव्यसनादिषु ।
अनुकम्पितकं यत्स्याल्लिखेत्तत् करुणे रसे ॥ ४ ॥
पारुष्यविकृतिक्रोधविषस्त्यर्था (?) न दूषणम् ।
दीप्रशस्त्राभरणवत्कृतं रौद्ररसे भवेत् ॥ ५ ॥
प्रतिज्ञागर्भशौर्यादिष्वर्थेष्वौदार्यदर्शनम् ।
सस्मयं सभ्रुकुटिवद्वीरं वीररसेऽद्‌भुतम् ॥ ६ ॥
दुष्टदुर्दर्शनोन्मत्तहिंस्रव्यापादकादि [श्वापदकादि] यत ।
तत्स्याद् भयानकं रसे प्रयोगे चित्रकर्मणः ॥ ७ ॥
श्मशानगर्हितं घातकरणं स्थानदारुणम् ।
यच्चित्रं चित्रवच्छ्रेष्ठं तद् बीभत्सरसे भवेत् ॥ ८ ॥
यदा विनीतरोमाञ्चचिन्तं [तां] तार्क्ष्यमुखानतम् ।
प्रदर्शयति चान्योन्यं तदद्‌भुतरसाश्रयम् ॥ ९ ॥
यद्यत्सौम्याकृतिध्यानधारणासनबन्धनम् ।
तपस्विजनभूयिष्ठं तत्तु शान्ते रसे भवेत् ॥ १० ॥
दौर्बल्यं स्थूलरेखत्वमविभक्तत्वमेव च ।
वर्णानां संकरश्चात्र चित्रदीपाः [दोषाः] प्रकीर्तिताः ॥ १८
स्थानं प्रमाणं भूलम्बो मधुरत्वमविभक्तता ।
सादृश्यं क्षयवृद्धी च गुणाष्टकमिदं स्मृतम् ॥ १९
स्थानहीनं गतरसं शून्यदृष्टिमलीमसम् ।
चेतनारहितं वा स्यात् तदशस्तं प्रकीर्तितम् ॥ २०
लसतीव च भूलम्बो विभ्यतीव तथा नृप ।
हसतीव च माधुर्यं सजीव इव दृश्यते ॥ २१
सश्वास इव यच्चित्रं तच्चित्रं शुभलक्षणम् ॥ २२
एतदुद्देशमात्रेण यदा ते कथितं नृप ।
अशक्यो विस्तराद्वक्तुं बहुवर्षशतैरपि ॥ ३६
यदत्र नोक्तं तन्नृत्ताद्विज्ञेयं वसुधाधिप ।
नृत्तेऽपि नोक्तं तच्चित्रं नात्र योज्यं नराधिप ॥ ३७
कलानां प्रवरं चित्रं धर्मकामार्थमोक्षदम् ।
मंगल्यं प्रथमं चैतद् गृहे यत्र प्रतिष्ठितम् ॥ ३८

यथा सुमेरुः प्रवरो नगानां
यथाण्डजानां गरुडः प्रधानः ।
यथा नराणां प्रवरः क्षितीशः
तथा कलानामिह चित्रकल्पः ॥ ३९

શૃંગાર, હાસ, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, બીભત્સ, અદ્‌ભુત અને શાન્ત એ નવ ચિત્રરસ કહેવાય છે. ૧

તેમાં જે કાંતિ, લાવણ્ય, અને લેખામાધુર્ય-રેખામાધુર્ય-થી સુંદર હોય તથા વિદગ્ધ વેશ અને આભરણવાળું હોય તે શૃંગાર રસમાં થાય. ૨

જે મોટા ભાગે કુબ્જ અને ઠીંગણી (આકૃતિઓ) યુક્ત હોય, જરા વિકટ દેખાવવાળું હોય, હાથ તથા સંકોચેલો હોય તે રસમાં હાસ્યકર થાય. ૩

યાચના, વિરહ, ત્યાગ, વેચાણ અને આપત્તિ આદિમાં જે અનુકમ્પિત (શોક ?) હોય તે કરુણરસમાં આલેખવું. ૪

કઠોરતા, વિકાર, ક્રોધ × × × × × × ×
તેજસ્વી શસ્ત્ર અને આભરણવાળું રૌદ્રરસમાં કરાય. ૫

પ્રતિજ્ઞા જેના ગર્ભમાં છે એવા શૌર્ય આદિ અર્થોમાં ઔદાર્યનું દર્શન-સ્મય (ગર્વ) વાળું, ભ્રકુટિ સાથેનું, વીરરસમાં અદ્‌ભુત છે. ૬

દુષ્ટ દેખાવવાળું, ઉન્મત્તોવાળું, હિંસક અને જંગલી પ્રાણીઓવાળું જે હોય તે ચિત્રકર્મના પ્રયોગમાં રસમાં ભયાનક થાય. ૭

જે નિંદ્ય સ્મશાનવાળું, ઘાત ક્રિયાવાળું, દારુણ સ્થાન-વાળું ચિત્રના જેવું શ્રેષ્ઠ હોય તે બીભત્સ રસમાં હોય. ૮

જ્યારે વિનય, રોમાંચ અને ચિંતા હોય એ રીતે . . . . એકબીજાને બતાવે તે અદ્‌ભુત રસમાં હોય. ૯

જે જે સૌમ્ય આકૃતિવાળું, ધ્યાન, ધારણા, આસનબંધ-વાળુ, તપસ્વી જનોથી ભરેલું હોય તે શાન્ત રસમાં થાય. ૧૦

દૌર્બલ્ય, સ્થૂળરેખાપણું, અવિભક્તતા અને વર્ણોનો ગોટાળો અહીંઆં ચિત્રદોષો કહેવાય છે. ૧૮

સ્થાન, પ્રમાણ, ભૂલમ્બ, મધુરત્વ વિભક્તતા, સાદૃશ્ય, ક્ષય અને વૃદ્ધિ આઠ ગુણો કહેવાય છે. ૧૯

સ્થાનહીન, રસ વિનાનું, શૂન્ય દૃષ્ટિથી મલીન અથવા ચેતના વિનાનું જે હોય તે અશસ્ત (હલકું) કહેવાય. ૨૦

ભૂલંબ જાણે લસતો હોય (ઝળહળતો હોય? નાચતો હોય?) તથા હે રાજા! જાણે બ્હીતો હોય, જાણે માધુર્ય હસતું હોય જાણે સજીવ દેખાય!— ૨૧

જાણે શ્વાસવાળું હોય એવું જે ચિત્ર હોય તે શુભ લક્ષણવાળું કહેવાય. ૨૨

હે રાજા આમાં જે ઉલ્લેખ માત્ર કર્યો છે તે વિસ્તારથી કહેવું હોય તો સેંકડો વર્ષમાં પણ ન કહી શકાય! ૩૬

આમાં જે નથી કહ્યું તે, હે રાજા, નૃત્તમાંથી જાણી લેવું; જે નૃત્તમાં ન કહ્યું હોય, તે, હે રાજા, ચિત્ર અહીંઆં યોજવું નહિ. ૩૭

કલાઓમાં ચિત્ર ઉત્તમ છે. ધર્મ, કામ, અર્થ અને મોક્ષ આપનારૂં છે. જે ઘરમાં એ પ્રતિષ્ઠિત હોય તે (ઘર) પ્રથમ મંગલવાળું છે. ૩૮

જેમ પર્વતોમાં સુમેરુ ઉત્તમ છે, પક્ષીઓમાં ગરુડ મુખ્ય છે, માણસોમાં રાજા શ્રેષ્ઠ છે, તેમ કલાઓમાં ચિત્રકલા છે. ૩૯

રસિકલાલ છોટાલાલ પરીખ

સૂર્યના શિકારી શ્વાનની જીભમાંથી નીકળતી જ્વાળાઓ જેવી લૂ વરસાવતો ધખધખતો તડકો કોઇને રમણીય લાગે ? પણ એ બળબળતા



મધ્યાહ્નનું કાવ્ય

કાકાસાહેબ કાલેલકર આ લેખમાં એવી વિશદ રીતે વર્ણવે છે કે એ ચંડ અગ્નિજવાળાઓ કાઢતા તડકા પર પ્રેમ કરવાનું તમને મન થાય

વેદમાં બપોરનું વર્ણન છે એવું તો કોઇ ઠેકાણે નહિ આવ્યું હોય. બપોર એક મોટું શિકારી કુતરૂં છે અને તે આકાશમાં દોડે છે. એણે જીભ બહાર કાઢી છે એમાંથી જ્વાળા નીકળે છે. એ કુતરૂં કોનું કહેવાય ? સૂર્યનું કે એના દીકરાનું ? યમાજી ભાસ્કર હમેશાં કુતરાં લઇને ફરે છે, પણ એને ચારચાર ડોળા હોય છે. ભાસ્કરરાવ પાસેથી જ એને કુતરાં મળેલાં હોવાં જોઇએ. પોતે બાર આંખવાળા એટલે ચાર આંખિયાં કુતરાં એમની પાસે જ હોય.

બપોરને કુતરાંની ઉપમા આપનાર નવો કવિ હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય છે. એના Feast of Youth (યૌવનની મિજબાની) નામના કાવ્યસંગ્રહમાં એવો જ ચિતાર છે. કવિ ત્રિભુવન ગૌરીશંકર વ્યાસે પણ બપોરનું વર્ણન આપવાનો પ્રયત્ન કર્યો છે. જો કે આજની બપોર અનુભવ્યા પછી ઋતુસંહારમાં આવેલું ગ્રીષ્મનું વર્ણન જ ધ્યાનમાં આવે. બપોરના ત્રાસથી ત્રાસેલો ઉંદર નાગની ફણાની છાયા શોધતાં પણ અચકાતો નથી. બીજી ક્ષણે દુર્વાસાનો ભાઇ વિશ્વામિત્ર યાદ આવે છે. પણ એણે તો હરિશ્ચન્દ્રનું સત્ કસવા ખાતર ચંડ ભાનુને પ્રચંડ તપાવ્યો હતો. હરિશ્ચન્દ્રનું સત્ તો ઓગળી ન ગયું પણ કોમળ રોહિદાસ પણ એથી ન બળ્યો.

આવા જ પ્રખર તડકામાં મારે એક વાર ઉઘાડે પગે દવા લાવવા જવું પડ્યું હતું. મ્યુનિસિપાલિટીના ફાનસના થાંભલાઓ અને ઘરની દીવાલો કંજૂસની પેઠે પોતાની છાયા પોતાના પગ તળે દબાવીને જ ઊભાં હતાં, એટલે મારા પગને આશ્રય ક્યાંથી મળે ? રસ્તા પરથી ગયેલાં પરોપકારી પશુઓએ છાણના પોદળા નાખ્યા હતા. એ આવે એટલે ક્ષણને માટે એના ઉપર જઇને ઊભો રહેતો. એની ઠંડક કેટલી મીઠી લાગતી ! પગે બાઝીને એના જો સુકાએલાં છાણાં થાત તો જરૂર એ પાદત્રાણની ગરજ સારત. તે વખતે છાણ એ વસ્તુ ગંદી જેવી લાગતી જ નથી. સૂગ કે સૌંદર્ય વસ્તુગત નથી. પણ ભાવનાગત છે.

તે દિવસે તડકા ઉપર હું છેલ્લો ચીડાયો. ત્યાર પછી હું હમેશાં તડકા ઉપર પ્રેમ જ કરતો આવ્યો છું. એ પરિવર્તન શાથી થયું એ જાણવું મુશ્કેલ છે. વખતે ત્રાટિકા નાટકમાં પ્રતાપરાવ પોતાની નવોઢા વધુને તડકામાં ચાંદરણું કહીને લઇ જાય છે એની સાથેના સમભાવને લઇને થયું હોય તો કોણ જાણે ! પણ એમ ન હોય. સાચે જ તડકાના રંગ મને ખૂબ ગમે છે. કેટલાક વસ્તુઓમાં આપણે તટસ્થ નથી થઇ શકતા તેથી તેનું સૌંદર્ય ગુમાવીએ છીએ. બિહારમાં તળાવ ઉપર લાલ રંગની લીલ બાઝે છે. તેથી કેટલી અનેરી ગાલિચાની શોભા ફૂટે છે ! પણ અંદર જવા જતાં તો પગ જ લપસે છે; અને વળી એ પાણી પીવા લાયક હોતું નથી એનું સ્મરણ કરીને માણસ દીવેલિયું મોઢું કરે છે. માણસ ઉપયોગમાંથી ઉગરી ન જાય ત્યાં સુધી સૌંદર્યની શોભા સમજી ન શકે.

મારી દલીલ એ છે કે જે તડકામાં કુમળાં ફૂલો પણ ખીલે છે તે તડકાનો વાંક તમે શી રીતે કાઢી શકો ? જે તડકો કેળના પેટમાંનું પાણી પણ લૂંટતો નથી તેને તમે ત્રાસદાયક કહો શાના ?

તડકો પૂર જોશમાં પડતો હોય તે વખતે આકાશની શોભા ખાસ જોવાલાયક હોય છે. ભેંસો દૂધ દેતી વખતે જેમ આંખ મીંચીને નિસ્તબ્ધ ઊભી રહે છે

તેમ આકાશ તડકાની શેરો છોડતું ઊભું જ રહે છે. ન મળે વાદળાં, ન મળે ચાંદલાઓ. ચાંદો હોય તો યે વાસી રોટલાના કકડા જેવો ક્યાંક પડ્યો હોય. બધે એક જ રસ ફેલાએલો હોય છે. એને વીર રસ કહીએ કે રૌદ્ર? હું તો એને શાંત રસ જ કહું! શાંત રસ શીતળ જ શા માટે હોય? તપ્ત કેમ ન હોય?

ઉનાળાના દિવસો પરિણામે રમણીય હોય છે એવું પ્રમાણપત્ર આપવાની કશી જરૂર નથી. બપોરે પણ એ કાંઇ ઓછા રમણીય નથી હોતા. માત્ર એ રમણીયતા પારખવાની આંખો જોઇએ છે. બસ એટલું જ. ખરે બપોરે રસ્તાઓ જાણે પહોળા થાય છે; ગામગામ વચ્ચેનું અંતર વધે છે; શહેરમાં હજી યે વધારે વસ્તી માઇ શકે એવો ભાસ થાય છે; અને જાણે ઈશ્વરની એ લીલા આગળ ચરાચર સૃષ્ટિ તો શું પણ માનવ પ્રાણી પણ સ્તબ્ધ થઇ જાય છે.

તડકાની લહેજત પારખે છે એકલો પવન. એ સુખેથી ફાવે તેમ દોડે છે. નદીઓ પર પણ દોડે છે અને ટેકરીઓ ઉપરથી યે દોડે છે. સમુદ્ર હોય કે રણ હોય, એને દોડતાં જરા યે મુશ્કેલી પડતી નથી. એને કાંઇ છાણાંના પગરખાં શોધવાં નથી પડતાં. એ જઇજઇને વૃક્ષોને પૂછે છેઃ 'કેમ મજામાં છો ને?' ઊંઘણશી ઝાડો માથું ધુણાવીને જવાબ વાળે છેઃ 'કેમ નહિ? કેમ નહિ?' આકાશની સમળીઓ પણ તડકાના રસમાં મજા માણે છે. જરા યે ઉતાવળ કર્યા વગર ગોળ-ગોળ ફરતી એ ઉપર ચડે છે અને નીચે ઊતરે છે. જાણે શાંત સાગરનાં યાત્રી વહાણો.


આવા તડકામાં જો મુસાફરી કરવાનો પ્રસંગ આવે તો શરૂઆતમાં થ્રડી અગવડી જે તકલિફ થાય તે ખરી, પણ એક વાર પરસેવો છૂટ્યો એટલે પછી એવો તો આનંદ આવે છે કે જાણે તળાવમાં નહાતા હોઇએ. હા, પગ તળે રેતી હોય તો પગનાં બિસ્કિટ થાય ખરાં. પણ એ વાંક કાંઇ તડકાનો નથી. अन्यस्मात् लब्ध पदा नीचो प्रायेण दुस्सहो भवति। रविरपि न दहति तादृक् यादृक् दहति वालुका निकरः॥ માણસ ધારે તો એનો ઉપાય કરી શકે છે. રજપૂતાનાના લોકો જોડા પહેરે છે એમાં ઉપરની નાની જીભને ઠેકાણે મોરની કળા જેવું મોટું ચામડું જ બેસાડી દે છે. રેતીમાં ચાલતી વખતે રેતી તો ખૂબ ઊડવાની, પણ આ કળાને લીધે પગ બચી જાય છે. રજપૂતો એને શું કહે છે એ કોણ જાણે. અરસિક અંગ્રેજો તો એને Sand guard (રેતરક્ષક) કહેવાના. પણ હું તો એને બેટરની કળા કહું.

સવાર સાંજ કરતાં બપોરે આકાશનો રંગ કંઇક ઓછો હોય છે એથી જ તડકો આટલો શોભે છે. ખગ્રાસ ગ્રહણ વખતે તડકો કાળાશપડતો થાય છે, અને આકાશ પણ એવું ગમગીન દેખાય છે કે એને આશ્વાસન આપવા માટે તારાઓને પણ દોડી આવવું પડે છે. એના કરતાં તો ચોમેર ફેલાએલું ફિક્કું આકાશ હજાર ગણું સારૂં. અને એમાં જો પાતળાં વાદળાં આવી જાય તો તો સંગેમરમરની શોભા જ જોઇ લો.

પણ તડકાનો આનંદ પ્રત્યક્ષ મળતો હોય તે વખતે શબ્દો લખવાનું પણ સૂઝવું ન જોઇએ. લાંબું લખીએ તો લેખિની પણ સુકાઇ જવી જોઇએ. પછી વિલિયમ કૂપર વિલાપ કરે તોપણ કશું લખાય નહિ.

શાંતિનિકેતનમાં ઉનાળાના દિવસો હતા. ખરે બપોરે કવિશ્રીને મળવા ગયો હતો. મેં એમને કહ્યું, 'કઅવસરે આવીને આપને તકલિફ આપું છું.' એમણે કહ્યું, 'તમે પણ તકલિફ ઉઠાવી છેસ્તો.' મેં કહ્યું, 'ના, મને તો તડકો ગમે છે; હું તો એનો આનંદ લૂંટું છું.' આ સાંભળતાં વેંત કવિશ્રી એકાએક પ્રસન્ન થયા અને કહે, 'હેં, તમને પણ તડકામાં આનંદ આવે છે? હું તો ખૂબ તડકો હોય છે ત્યારે બારી આગળ આરામ ખુરશી નાખીને લૂમાં નહાઉં છું. મને એમાં ખૂબ જ આનંદ આવે છે. પણ હું તો માનતો હતો કે એવો શોખીન હું એકલો જ છું.' મેં બોલતાંબોલતાં વિનોદ કર્યોઃ 'રવિને પોતાનો તડકો ન ગમે તો ક્યાં જાય?'

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર



વૃક્ષ

• શાર્દૂલવિક્રીડિત •

સંન્યાસીજન, યોગીઓ, વળી બહુ વૈરાગીઓ યે ગયા,
વૃક્ષોનો પરમાર્થ કિંતુ નવ કો ધારી શક્યું સૃષ્ટિમાં.
પર્ણો છાંય ધરે, ફળો રસ દ્રવે, પુષ્પો સુગંધી ભરે,
ભૂલે ના પરમાર્થ મૃત્યુ પછી યે, કાઠી રૂપે યે બળે.

રતિલાલ શુકલ

'જગતમાં જ્યાં સુધી આતતાયી રહેશે ત્યાં સુધી હાથમાં માથાં લઇ ફરનારા જુવાનો રહેશે' એ પરમ સત્ય પ્રબોધતું, જુવાનોને આદર્શ ચરિત્ર રૂપ જેનું છે તે,—તેજમૂર્તિ



'**મા!** ભૂખ બહુ લાગી છે. ગાય દુઓ તો થોડું તાજું દૂધ પી લઉં!'

પરશુરામ સવારનો સમિધ લેવા ગયો હતો. પાછો આવ્યો ત્યારે તાપ બરાબર પડતો હતો. થાક પણ લાગ્યો હતો. સમિધનો તો મોટો ગાંઠડો બાંધીને આશ્રમના ફળીમાં ઝુકાવી દીધો, ને પોતે ગાંઠડીને જ ટેકો દઇને બેઠો. બેઠાંબેઠાં માને બોલાવી.

ઝૂંપડીનું બારણું ઉઘાડીને ઋષિ જમદગ્નિએ બહાર ડોકું કાઢ્યું. કપાળમાં ભસ્મ શોભી રહી હતી. ડોકે રુદ્રાક્ષની માળા લટકી રહી હતી. બપોર થયા હતા એટલે હાથમાં કમંડળ લઇ પાદુકા પર ચડી નદી પર સ્નાન કરવા જવાની તૈયારીમાં હતા. પરશુરામને જોઇ તે બોલ્યા: 'થાક્યો લાગે છે. કેટલેક સુધી રખડ્યો?'

'કાંઈ બહુ થાક નથી લાગ્યો. પણ મારાં માતાજી ક્યાં ગયાં? કેમ બોલતાં નથી?'

'પર્ણકુટીના પાછલા ભાગમાં બેઠાં હશે. એના હ્રદયને આજે ભારે આઘાત થયો છે; અને એમાં પાછું તેં દૂધ માગ્યું છે એટલે હવે તો મોં બતાવતાં હશે તોપણ નહિ બતાવે.'

'મેં દૂધ માગ્યું એમાં શું છે? માતાજી કહેશે તો હવે કાલથી નહિ માગું.'

'ના, ના, એમ નથી; પણ કામધેનુ વિનાનાં દૂધ તો હવે એવાં જ ના?'

પરશુરામના પેટમાં ધ્રાસ્કો પડ્યો. ચોમેર નજર ફેરવી તો આશ્રમમાં ન સમજી શકાય તેવી ઉદાસીનતા છવાઈ ગએલી લાગી. રૂમણવાન, સુષેણુ કોઇનો પગસંચય પણ સંભળાતો ન હતો. 'કામધેનુ ક્યાં ગઇ?'

'કામધેનુ ગઇ રાજા કાર્તવીર્યની માહિષ્મતી નગરી શોભાવવા. આ તરફ રાજા ફરવા આવ્યા હતા. અતિથિસત્કાર આપણે આપણા ધર્મ પ્રમાણે કર્યો. પણ રાજાને લોભ લાગ્યો કે કામધેનુ આપો. પછી મેં ના તો પાડી, પણ રાજહઠને કાંઈ પહોંચાય? ઉપાડી ગયા.'

'બળજોરીથી ઉપાડી ગયા? અને તમે કાંઈ બોલ્યા પણ નહિ?'

જમદગ્નિ હસી પડ્યા: 'ભૂલકણો કે? મારી પાસે તેં જ પ્રતિજ્ઞા લેવડાવી છે તે ભૂલી ગયો? મારે કદી ક્રોધ ન કરવો એવું તેં મારી પાસેથી વચન નથી લીધું?'

એટલામાં રેણુકા પર્ણકુટીની પાછળથી આવ્યાં. રડીરડીને તેમની આંખ લાલ બની ગઈ હતી. મોં કરમાઇ ગયું હતું. કેશ છૂટા વિખરાઇ ગયા હતા. પરશુરામ માતાનું આ સ્વરૂપ જોઇને ધ્રૂજી ઊઠ્યો. 'અરે મા! તમને શું થયું છે? એક કામધેનુ ગઇ તેમાં આટલાં રડો છો શું?'

'માડી! એ ચાંડાળ માહિષ્મતીનો રાજા. ને આપણે તો જંગલવાસી. આપણને તો કામધેનુનો આધાર હતો. પણ ચાંડાળ કાંઇ સમજે? સૌ રોતાં રહ્યાં ને

એ ઉપાડીને ચાલતો થયો. તારા પિતા તો સમુદ્ર જેવા. સમુદ્ર મર્યાદા મૂકે તો એ ક્રોધ કરે.'

'પિતાજી! તમે રાજાને વાર્યો હોત તો?'

'શિખામણ તો આપી. પણ તેં મારી પાસે પ્રતિજ્ઞા લેવડાવી છે, તે દિવસે મારું કહ્યું માન્યું ત્યારે, તે યાદ છે કે? મારાથી પ્રતિજ્ઞાભંગ કરીને ક્રોધ ન થાય.'

પરશુરામ બેઠો થયો. ભારીમાંથી પોતાની પરશુ ખેંચી કાઢી. 'લ્યો મા, થોડોક સાથવો લાવો, ચાલનો થાઉં રાજાને હું સમજાવી લાવું.'

'અત્યારે?—ના રે માડી, આપણે કામધેનુ જોતી જ નથી.'

પણ પરશુરામ જાણે સાંભળ્યું ન હોય તેમ ઝપાટાબંધ પર્ણકુટીમાં ગયો અને થોડોક સાથવો લાવી પરશુ પર લટકાવી લીધો. ખભા પર ધનુષ પણ ધારણ કરી લીધું. વીજળી જેવું તેજસ્વી ધનુષ ધારણ કરતા જ પરશુરામની મુખમુદ્રા પણ જાણે પલટાઇ ગઇ.

ત્યાં ઊભાઊભા જ તેણે પિતા માતાને પ્રણામ કર્યાઃ 'લો, માતાજી! પિતાજી! હું કામધેનુને લાવ્યા પછી જ પાછો ફરીશ. તે પહેલાં તો આ આશ્રમ મને ખાવા દોડે છે!'

'અરે! પણ પરશુરામ! તું આવો રાજસી વૃત્તિનો જ રહ્યો? હવે ભલેને કાર્તવીર્ય ધેનુ રાખતો. એમાં શું ખાટુંમોળું થઇ જાય છે? આપણે બેચાર બીજી ધેનુ માગી લઇશું.'

'પિતાજી! હવે હું બ્રાહ્મણ નથી હો. આ તમારા સમિધનો સ્પર્શ હતો ત્યાં સુધી બ્રાહ્મણપણું હતું. હવે તો ભલી આ પરશુ ને ભલું આ કાળદંડ જેવું ધનુષ.'

રેણુકા ને જમદગ્નિ વધુ બોલે તે પહેલાં તો તે ચાલી નીકળ્યો. તેનું તેજસ્વી ધનુષ દૂરદૂર સુધી ચમકારા ફેલાવી રહ્યું હતું. પરશુની તીક્ષ્ણ ધાર પર સૂરજનાં તડકા પડવાથી તે વીજળીની જેમ ઝબકારા મારી રહી હતી.

'એ પરશુરામ! થોડુંક દૂધ તો પીતો જા! એ બેટા!'
રેણુકાનો અવાજ જંગલ વીંધીને નીકળવા માંડ્યો.

'ના, મા! મને એવી ભૂખ નથી લાગી. હું તો હવે કામધેનુનું જ દૂધ પીવાનો છું.'

'આ છોકરો આવો ને આવો રહ્યો!' ઋષિ બોલ્યા.

'એની તમે કાંઇ ફિકર કરતા નહિ. પાંચને પહોંચીને પાછો વળે એવો છે.'

'એનામાં ક્ષત્રિયનું તેજ છે' 'પણ બ્રાહ્મણ થઇને ક્ષત્રિય ધર્મ સ્વીકારવો—' જમદગ્નિ બોલ્યાઃ અને પછી જાણે કાંઈ ન હોય તેમ શાંત સ્વસ્થ ચિત્તે નદી તરફ ચાલી નીકળ્યા.

પરશુરામ તો માહિષ્મતી પહોંચ્યો.

નર્મદાનાં સુંદર વાંસજાળ ઊંડાં પાણીના ધરા નજરે પડ્યા. જ્યાં જુઓ ત્યાં વિંધ્ય પર્વતની વનરાજી શોભી રહી છે. મોટા કિલ્લા ઊભા કર્યા હોય તેવી આરસ પથ્થરની નર્મદાની ભેખડો સૂર્યપ્રકાશમાં ચળકી રહી છે. જુવાન પરશુરામ આ સૃષ્ટિસૌંદર્ય જોઇને આશ્ચર્યચકિત થઇ ગયો. અલૌકિક અલકાપુરી જેવી માહિષ્મતી નગરી દૂરથી દેખાવા લાગી. પરશુરામે તો નગર બહાર નદી કાંઠે મુકામ કર્યો. થોડી વાર પછી રણક્ષેત્ર તરફ પણ આંટો મારી આવ્યો.

એટલામાં કાર્તવીર્યનો કોઇ સૈનિક નજરે ચડ્યો. તેને પૂછ્યુંઃ 'એ ભાઇ! તારું નામ શું?'

'કેમ વળી, તારે શું કામ છે? અહીં તારા જેવા બામણાં ફામણાંનો હિસાબ નથી હો.'

'મારે તારા રાજાને સમાચાર દેવા છે.'

'શા સમાચાર છે?'

'બીજા શા હોય? ચોરની પેઠે જમદગ્નિના આશ્રમમાંથી કામધેનુ લઈ આવ્યો છે તે પાછી મોકલી દેવાનું કહેવડાવવું છે. કહેજે કે જમદગ્નિનો સૌથી નાનો પુત્ર પરશુરામ આવ્યો છે. પરશુરામનું નામ તો તેં સાંભળ્યું છે ના?'

સૈનિક તો ધૂંઆંપૂંઆં થઇ ગયો. પણ પરશુરામની સામે બોલવાની તેની છાતી ચાલી નહિ. પેલી ચળકચળક થતી ભયંકર પરશુ જોઇને જ એના તો હાજા ગગડી ગયા હતા.

'લે, આટલા સમાચાર પહોંચાડીશ ને?'

'હવે હાથે કરીને મોત કાં માગે છે? તું બ્રાહ્મણ છે એટલે રાજા તને સહિસલામત જવા દેશે. આ ધનુષ ને પરશુ મૂકી દઇને હજી પાછો ચાલ્યો જા. કાર્તવીર્ય રાજાને કોઇ પહોંચ્યો નથી, ને કોઈ પહોંચવાના નથી.'

'પણ તું તારે આટલા સમાચાર આપજે ને?—પરશુરામ કામધેનુ પાછી પહોંચાડી દેવાનું કહે છે;—અને નહિતર દ્વંદ્વયુદ્ધ માગે છે.

'સારું.'

થોડી વારમાં તો માહિષ્મતી નગરીમાં ખળભળાટ થઇ ગયો. કોઇ તેજસ્વી ઋષિકુમાર નગરીની બહાર આવ્યો છે એવા સમાચાર સઘળે ફેલાઇ ગયા. ગઢની રાંગ ઉપર, મેદાનમાં ને નદીને કાંઠે માણસો ઊભરાવા લાગ્યાં. પરશુરામનું તેજ, એની અડગ મૂર્તિ, પેલી ભયંકર પરશુ અને વીજળી જેવું ધનુષ સૌ જોઇ રહ્યાં.

એટલામાં તો રાજા કાર્તવીર્ય બહાર આવ્યો. તેના સોનેરી રથ પર સૂર્યનો તાપ પડવાથી તે ઝળાંઝળાં થઇ રહ્યો હતો. સૈનિકો તેને વીંટળાઇને ચાલતા હતા. તેના રથનાઘોડાના હણહણાટથી આખુંમેદાન ગાજી ઊઠ્યું હતું.

રાજા કાર્તવીર્યનો એવો તો પ્રભાવ હતો કે ઘડીભર નર્મદાજીનાં જળ પણ ડરતાં હોય તેમ ચૂપચાપ થઇ ગયાં.

સૂકું પાંદડું ખરે તોપણ સંભળાય એવી કારમી શાંતિ લોકોની મેદનીમાં ફેલાઇ ગઇ.

રાજા મેદાનમાં આવ્યો. એની જબરદસ્ત કાયા પાસે પરશુરામ કોમળ બચ્ચા જેવો લાગવા માંડ્યો. પણ વીજળીના જેવું આંજી નાખનારું પરશુરામનું તેજ લોકોને આકર્ષી રહ્યું હતું. નહિ બહુ જાડું કે નહિ બહુ પાતળું એવું એનું શરીર સાક્ષાત્ સામર્થ્યની પ્રતિમા જેવું સીધું ટટ્ટાર ઊભું હતું.

'રાજા! તું મારા પિતાની કામધેનુ લઇ આવ્યો છે તે હું પાછી લેવા આવ્યો છું!' પરશુરામે દૃઢતાથી સીધેસીધી વાત જ શરૂ કરી.

કાર્તવીર્ય મશ્કરીમાં હસ્યો. એના પડઘા જેવા સૈનિકો પણ હસી પડ્યા. 'કૃપાળુ ઋષિરાજ! આ કોની નગરીમાં આપ પધાર્યા છો તે ખબર છે?'

રાજાનો કટાક્ષ સાંભળીને વળી સૈનિકો હસ્યા.

'મારે તો તને એક જ સીધી વાત કરવાની છે: કાં કામધેનુ પાછી દે અને નહિતર યુદ્ધ કરવા તૈયાર થા!'

'કૃપાળુ મહાત્મા!' રાજાએ તો મશ્કરી જ આદરી: 'કામધેનુ તો અમારે ત્યાં શોભે. તમારે તો મહારાજ, લંગોટી જોઇએ. તમને મહાત્માને એવો વૈભવ છાજે?'

પરશુરામે જવાબ સાંભળ્યો. એની મુખમુદ્રા પર એક વિલક્ષણ ફેરફાર થઈ ગયો. તેણે સ્કંધ પરથી પરશુ ઉતારી. અને આકાશ સામે જોઇ રહ્યો. 'પિતૃઓ! આ પરશુ આજે હું ઉપાડું છું અને યુદ્ધનો રસ પહેલવહેલો માણું છું. હવે એ રસ ક્યારે ઊતરશે તે તમે જાણો. એણે આકાશમાં સુસવાટો થાય તેવી રીતે પરશુને ચારે તરફ ફેરવી.

સૈનિકો એકદમ પાછા હઠી ગયા. રાજા કાર્તવીર્યે પોતાનો રથ પાછો હઠાવી લીધો. 'બામણો મરવા જ આવ્યો છે' એમ કહીને તે રથમાંથી કૂદી બહાર આવ્યો.

બંનેની વચ્ચે યુદ્ધ જામ્યું. પરશુરામે પોતાની પરશુથી કાર્તવીર્યના—સહસ્રાર્જુનના—હજાર હાથનો એક પછી એક ઉચ્છેદ કરવો શરૂ કર્યો. લોહીની ધારાથી જેમ શંકર નહાતા હોય તેમ પરશુરામનું શરીર એવા શોણિતસ્નાનથી શોભવા લાગ્યું. દિગ્મૂઢ બની ગયા હોય તેમ સૈનિકો તો આ જોઈ જ રહ્યા!

કાર્તવીર્યને રણભૂમિમાં રોળીને પરશુરામ માહિષ્મતીમાં ગયો. જેણેજેણે યુદ્ધ કરવાની ઇચ્છા કરી તેને કાપી નાખ્યા. સૈનિકોનાં ટોળાં ફરી વળ્યાં ત્યારે હજારો બાણ છોડીને તેમને વીંધી નાખ્યા અને અંતે કામધેનુને હાંકીને ચાલતો થઇ ગયો.

માતા રેણુકા તો હમેશાં તેની આવવાની રાહ જોતાં બહાર જ ઊભાં રહેતાં. શોણિતસ્નાનથી સાક્ષાત્ શંકર જેવા શોભતા પરશુરામને કામધેનુ સાથે પાછો આવેલો જોઇને તેમની આંખમાં હર્ષાશ્રુ આવ્યાં.

'આવ્યો બેટા? રાજાએ માની દીધું ના?'

'માન્યું તો નહિ, મા! પછી શું કરું? પરશુ ચલાવી!'

'અ રે રે!'

'લ્યો, હવે તમે ગાય દોવા બેસો; હું નદીમાં સ્નાન કરીને આવું છું. મારે કામધેનુનું દૂધ પીવું છે.'

પરશુરામ નદી ઉપર નહાવા માટે ચાલ્યો ગયો.

'**પ**રશુરામ! વત્સ! મનુષ્યને માટે છેવટનો માર્ગ તો આ જ છે;—મેં ગ્રહણ કર્યો તે. ક્રોધનો નાશ; સ્પૃહા નહિ; સૌની સાથે પ્રેમ અને પ્રેમથી જ જગતને જીતવાની સાચી મહત્ત્વાકાંક્ષા. એ જ સાચો માર્ગ છે.'

'તમારી વાત સાચી છે પિતાજી! પણ મારા અંતરમાં જે અગ્નિ પ્રગટ્યો છે તે એક વખત સઘળા મદોન્મત્તોનો નાશ કરશે ત્યારે જ શાંત થશે. મૂંગે મોઢે જુલમ સાંખતા માણસને જોઇ મને કાંઇકાંઈ થઇ જાયછે.'

પ્રભાતની કૂમળી ઠંડી પવનની લહેરખીમાં પિતા પુત્ર વાત કરી રહ્યા હતા. પરશુરામ સમિધ લેવા જવાની તૈયારી કરતો હતો. રેણુકા એક તરફ વાછરડાને માથે

હાથ ફેરવતાં ઊભાં હતાં. પરશુરામના ભાઇઓ કોઇ કામે બહાર ગયા હતા.

એક અર્થભરી દૃષ્ટિથી જમદગ્નિ રેણુકાને નિહાળી રહ્યા. 'તમે પરશુરામને ક્ષત્રિયકર્મમાં રસ લેતો કર્યો છે, પણ આપણને એ ભોંય ભારે પડશે હો!'

'કોણે, મેં રસ લેતો કર્યો? એ તો મૂળથી જ એવો છે. જુલમ સાંખી જ શકતો નથી. જુલમીને જુએ કે ઊછળીને ઊભો થઇ જાય. જુઓને આ વાછરૂને કોઈ દિવસ ખીલે બાંધતી નથી, પણ વખતે બાંધું તો પરશુરામ એને બંધનમુક્ત કરે ત્યારે જ શાંતિ પામે. એનો સ્વભાવ જ એવો છે!'

ઋષિ માયા ભરેલી દૃષ્ટિએ પરશુરામને જોઇ રહ્યા. સશક્ત સ્નાયુબદ્ધ શરીર ઉપર તેજના તો ફુવારા ફૂટતા હતા. સ્કંધ પર ઉપનયન શોભતું હતું. પણ ઉપનયનને ઢાંકી દે તેવી વીજળી જેવી પરશુ પણ પડી હતી.

'વત્સ! તું સમિધ લઇને જલદી પાછો આવજે. માથે કાર્તવીર્યના પુત્રો જેવા દુશ્મનો છે એટલે એકલો આઘે જતો નહિ હો!'

પરશુરામ બેઠો થયો. ઋષિ કાંઇ વધુ બોલ્યા નહિ, પણ એમના અંતરમાં જાણે ઊંડુંઊંડું ઊગી આવ્યું હોય તેમ સજળ નેને એને જતો જોઇ રહ્યા. એમને મનમાં અગમ્ય વેદના થતી હતી કે વખતે ફરીને પિતાપુત્ર નહિ મળીએ!

'પરશુરામ! ભાઇ! મારી એક વાત સાંભળતો જા.'

પરશુરામ પાછો ફર્યો: 'શી આજ્ઞા છે પિતાજી?'

'પરશુથી દુનિયા જીતવા કોડ છોડી દે, અને પેલા ત્રણ પવિત્ર સૂત્રતંતુ ઉપર ધ્યાન ચોંટાડ, ભાઇ!'

પરશુરામે પિતાને પ્રણામ કર્યા: 'પિતાજી! મને ઉપનયન પણ વહાલું છે; પરશુ પણ વહાલી છે. હું બંનેને શોભાવવા યત્ન કરીશ. બેમાંથી એકેને નહિ લજવું.'

જમદગ્નિએ તેને માથે હાથ મૂક્યો: 'જા, વત્સ જા, પાછો સત્વર આવજે. મેં તો તારું મોં જોવા માટે જ તને ફરી બોલાવ્યો. મને ઊંડુંઊંડું લાગે છે કે આ ઠંડા પવનની લહરીની પાછળ જાણે લોહીની નદી છુપાઇ રહી છે. આજનું સવાર જ કાંઇક એવું લાગે છે.'

'તો હું ઘેર જ રહું.'

'ના, ના; તું તારે જા. મારામાં કોઇને મારવાની શક્તિ નથી, પણ જાતને બચાવવાની તાકાત તો છે જ ના? જા, બેટા; પાછો જલદી આવજે. બહુ દૂર ન જતો.'

પરશુરામ ચાલી નીકળ્યો. ઘણે સુધી જમદગ્નિ એની પાછળ જોઇ રહ્યા. જ્યારે એ દૃષ્ટિથી બહાર ચાલ્યો ગયો ત્યારે ઋષિ શાંત ચિત્તે પર્ણકુટીમાં ગયા. રેણુકા વાછડાને લઇ કામધેનુની સેવામાં પડ્યાં.

પણ ઋષિની કલ્પના ખોટી ન હતી. સવારના શાંત પવનની પાછળ લોહીની નદી છુપાઇ રહી હતી. થોડીવારમાં રથનો ઘરઘરાટ સંભળાયો. ઘોડાના ડાબલાના અવાજથી આશ્રમભૂમિ ગાજી ઊઠી અને 'ક્યાં છે પેલો છોકરો પરશુરામ?' એમ બોલતા સશસ્ત્ર સૈનિકો આશ્રમમાં પેઠા.

રેણુકા બહાર આવી: 'પધારો રાજન્, ઋષિ પર્ણકુટીમાં. . .' પણ રેણુકાના શબ્દો બહાર નીકળ્યા ન નીકળ્યા ત્યાં તો એક પ્રતાપી જેવા જણાતા મહાન પુરુષે ધક્કો મારીને પર્ણકુટીનું બારણું પાડી નાખ્યું. ને ઉઘાડી તલવારે તે અંદર દોડ્યો.

'ડોસલા! છોકરાને બહુ ફટવ્યો છે પણ લેતો જા!' જમદગ્નિના સ્કંધ પર તલવારનો ઘા પડ્યો.

લોહીની ધારાથી નહાતા બ્રહ્મદેવ જેવી જમદગ્નિની કાયા શોભવા લાગી. ઘા મારનારો પણ ઋષિના મોં પર ફરકતું આછું સ્મિત જોઇને, શરમાઇને પાછો હટ્યો.

'રા . . મ!' જમદગ્નિ બોલ્યા: 'રા . . મ! વત્સ પરશુરામ!' રેણુકા એકદમ દોડ્યાં. પણ એક હાથે એનું બાવડું પકડીને સૈનિકે ઊભાં રાખી દીધાં.

ઋષિએ રેણુકા સામે જોયું. એ જ નિર્વિકારી, ક્રોધરહિત, શાંત નજર હતી. 'પરશુરામને સંભાળજો!' એટલું જ એ બોલી શક્યા.

એટલામાં તલવારનો બીજો ઘા પડ્યો. ક્રોધનો એક શબ્દ પણ બોલ્યા વિના ઋષિ જમીન પર ઢળી પડ્યા. રેણુકાએ બે હાથે મોં ઢાંકી દીધું: 'રે ચાંડાળ! આ ઘા પરશુરામ સહન નહિ કરે.'

'તો પરશુરામને ય કાપી નાખીશું; ચાલ, કામધેનુ ક્યાં છે? 'આગળ કરી દે!'

ઋષિપત્ની નીચે ઢળી પડ્યાં. કાર્તવીર્યના પુત્રો આવ્યા હતા તેવા ઝપાટાબંધ આશ્રમમાંથી નીકળી ગયા.

રેણુકા ઋષિ પાસે જઇ છાતીફાટ આક્રંદ કરવા લાગ્યાં. પણ લોહી નીગળતું ઋષિનું તો માત્ર શબ જ પડ્યું હતું.!

નિયમ પ્રમાણે પરશુરામ જંગલમાંથી પાછો ફર્યો. આશ્રમ પાસે આવે છે ત્યાં ફૂલછોડ છૂંદાઇ ગએલા દીઠા; ગાય વિનાના વાછડું અત્યંત કરુણ અવાજે ભાંભરી રહ્યાં હતાં; અને 'ઋષિજી! એક વાર તો બોલો, હું રેણુકા તમને બોલાવું છું' એવો માતા રેણુકાનો હૃદયભેદક વિલાપ પણ સંભળાતો હતો. પરશુરામ ઉતાવળો ઉતાવળો આશ્રમમાં પેઠો.

એને જોતાં જ જાણે ફરિયાદ કરતાં હોય તેમ અનેક વાછરૂ દોડીને એને વીંટળાઈ વળ્યાં. આખો આશ્રમ ખેદાનમેદાન પડ્યો હતો. પર્ણકુટી પાસે રેણુકા છાતીફાટ રૂદન કરી રહ્યાં હતાં. પરશુરામ માતા પાસે ગયો.

'મા! શું થયું?' રેણુકાએ જમદગ્નિના શબ તરફ ડૂસકાં ભરતાંભરતાં નજર કરી.

'અરર!' પરશુરામ એકદમ પિતાના શબ પાસે બેસી ગયો. એમના લોહીના ડાઘથી પૃથ્વી ભીંજાઇ ગઇ હતી અને પાસે લોહીનું ખાબોચિયું ભરાયું હતું.

'પિતાજી!'---રૂંધાએલા અવાજે પરશુરામ બોલ્યો.



તેમાં સાથ પૂરાવતાં હોય તેમ, અત્યંત કરુણ અવાજે વાછરૂ પણ ભાંભર્યાં.'

'અરેરે! ચાંડાળોએ મારા પિતાને હણી નાખ્યા. એમણે મારી મદદની આશા રાખી મને બોલાવ્યો હશે.'

પછી રેણુકા પાસેથી ધીમેધીમે સઘળી વાત મળી. કાર્તવીર્યના પુત્રોએ આ કામ કર્યું છે એવું સાંભળીને પરશુરામે ફરી પોતાની પરશુ સજ્જ કરીને કાળદંડ જેવું પેલું ધનુષ હાથમાં લીધું.

'પિતૃઓ!' પરશુરામે એ જ વખતે અને ત્યાં જ પ્રતિજ્ઞા લીધી. 'પિતાનું લોહીનીગળતું શબ જોયા છતાં જો હું ક્ષમાધર્મ સ્વીકારું તો મારી પરશુ લાજે. મારે તો મારે રસ્તે જ કામ કરવું છે. હું આજથી શસ્ત્રધારી બનું છું; અને જ્યાં સુધી દુશ્મનોના લોહીથી ભૃગુઓને તૃપ્ત નહિ કરૂં ત્યાં સુધી શસ્ત્રત્યાગ કરીશ નહિ.'

પરશુરામે પિતૃઓને લોહીની અખંડિત ધારાથી તૃપ્ત કર્યા. ક્ષત્રિયકુળનો મદ ઉતારી નાખ્યો. લોહીના મોટા મોટા પાંચ ધરા ભરી પિતૃઓને તૃપ્ત કર્યા. દુનિયાએ ક્યારેય નહિ જોએલો એવો લોહીધર્મ એણે ચલાવ્યો.

એક વખત પોતાના સુવર્ણરથમાં બેસીને તે વિચરતા હતા. એમનું પ્રિય રણક્ષેત્ર સમંતપંચક લોહીના ધરાઓથી શોભી રહ્યું હતું. ચોમાસામાં પ્રગટ થતા ઇંદ્રગોપના રંગ જેવા, ક્ષત્રિયોના લાલચોળ લોહીનું દર્શન એમને ઊંડો સંતોષ આપી રહ્યું હતું. એક વખત નહિ, બે વખત નહિ, પાંચદસ વખત નહિ, પણ એકવીસ વખત એમણે પૃથ્વીને ક્ષત્રિય વિહોણી બનાવી હતી. જ્યાંજ્યાં જુલમ જોયો, જ્યાંજ્યાં શસ્ત્રના ખડખડાટથી શાંતિ અને નમ્રતાની વિડંબના થતી જોઇ, ત્યાંત્યાં પરશુરામે હજારોનો સંહાર કરીને પૃથ્વીને નિર્ભય બનાવી દીધી. તેમણે જાતે એક જ ધ્યેય સ્વીકાર્યું હતું કે કોઇપણ પ્રકારની સત્તાની ખોટી શેહ પૃથ્વી ઉપર પડવા જ નહિ દઉં. આજે પૃથ્વીને સુરક્ષિત છતાં સત્તાધિકારી વિહોણી જોઇને એ મનમાં રાચી રહ્યા હતા. પેલાં તરફ લોહીના પાંચ ધરા સૂર્યના તાપમાં ઝગારા મારી રહ્યા હતા. હવે એમની પ્રતિજ્ઞા---પિતૃઓને લોહીની દાધાંજલિ આપવાની---પૂરી થઇ હતી.

સમિધ લઇને જંગલમાંથી દોડ્યા આવતા પરશુરામને બદલે આજે તો મોટા વિસ્તારવાળા રથમાં બેઠેલા વિજયી સેનાપતિ નજરે પડતા હતા. થનગનાટ કરતા બે ઘોડા રથને ખેંચી રહ્યા હતા. ચારે તરફ ચામડાંથી મઢીને સોનેરી ભરતકામથી શણગારેલો રથ સૂર્યના તાપમાં ઝગઝગાં થઇ રહ્યો હતો. તેમાં પરશુરામ સૈનિકને છાજે એવી વીરોચિત ઢબથી બેઠા હતા. સૂર્યચંદ્રના ચિહ્નવાળું કવચ શરીર ઉપર શોભતું હતું. કાળદંડ જેવું ધનુષ હાથમાં લીધું હતું. ચંદનઘોના ચામડાનાં મોજાં હાથને ઢાંકી રહ્યાં હતાં. આંગળીઓ ઉપર લોઢાના કરડા લગાવ્યા હતા. સમિધ લાવનારા



ને ભરવાડની માફક ગાયો ચારનારા બ્રાહ્મણના પુત્રે આખી દુનિયાને સત્તાની ખોટી શેહમાંથી મુક્ત કરીને એક વખત તો પૃથ્વીમાં રાજવિહોણી રાજરચના કરી મૂકી.

પણ આજે પરશુરામના અંતઃકરણમાં એક જાતનો વિષાદ છવાઇ ગયો હતો. પોતે પોતાના અતુલ પરાક્રમથી ક્ષત્રિયકુળનું નિકંદન તો કાઢી નાખ્યું; પણ એકલું રક્ષણ આપવાથી સામાન્ય પ્રજામાં નવું તેજ પ્રગટ થઇ શક્યું નથી. અને તેથી અંતે લોકો સત્તાની શેહ નીચે જ દબાયા કરશે, એ પરમ સત્ય આજે પહેલવહેલું તેમના અંતઃકરણમાં સ્ફૂર્યું હતું. તેમના અંતઃકરણમાં લોહીધર્મમાંથી નિવૃત્તિ લેવાની ઇચ્છા પ્રગટ થઈ હતી. પેલી શસ્ત્રસંન્યાસની ઘડી હવે આવી પહોંચી હતી. એમની વિષાદમય મનોદશામાંથી એક જ સ્વર નીકળ્યા કરતો હતો: 'શસ્ત્રસંન્યાસ ગ્રહણ કરૂં કે ન કરૂં?'

'શસ્ત્રસંન્યાસ લઇશ તો સત્તાની ખોટી શેહ દુનિયામાં ફરી નહિ પ્રગટે? બળ એ જ સર્વસ્વ છે એવી દુષ્ટ સામ્રાજ્યભાવના ફરી નહિ જન્મે? અને શસ્ત્રસંન્યાસ નહિ લઉં તો આ લોહીથી ખરડાએલા હૃદયને શાંતિ ક્યારે મળશે?'

અને સમંતપંચકના લોહીના ધરામાંથી જાણે જ-



ક્રોધજ્વાલા ચિત્રકાર · કૃષ્ણલાલ ભટ્ટ

ઝેરી આંખોવાળો ક્રોધ માનસસાગરમાં વિક્ષોભ ઉપજાવે છે ત્યારે તેનો વિષાગ્નિ અંધકારમાં ભભૂકતી જ્વાળાની પેઠે આકાશ પર્યંત છવાઈ જાય છે. તે મનુષ્યનું તાળવું ગરમ કરી નાખે છે, તેને અંધ અને મત્ત બનાવે છે. ભાઈ કૃષ્ણલાલે એવુંએવું ક્રોધનું સ્વરૂપ આલેખવા આ ચિત્રમાં જે પ્રયત્ન કર્યો છે તે કેટલો સફળ થયો છે એ વધુ સમજાવવું પડશે નહિ. ભાઈ કૃષ્ણલાલ 'કુમાર'ના વાચકોના સુપરિચિત યુવાન કલાકાર છે. કુમાર કાર્યાલયમાંથી ચિત્રદીક્ષા પામી શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય પાસે તેની પૂર્ણાહુતિ કરી તે હાલ અમદાવાદમાં ચિત્રશિક્ષક તરીકે કારકિર્દી ઘડી રહ્યા છે.



કાળગીત ચિત્રકાર • જગમોહન મિસ્ત્રી

ભાઈ જગમોહન મિસ્ત્રીને કાવ્યમય પ્રસંગો પર ચિત્રો રચવાનો ખાસ શોખ જણાય છે. ઝીણી ટાંકથી એકસરખું રેખાભરત કર્યું હોય ત્યારે તમે અચૂક તેમનું ચિત્ર કહી શકો. માનવ ખોપરીની તુંબી પર કરોડની દંડિકા ચડાવી ગાઈ રહેલી જોગણી મૃત્યુ અવતાર કાળનાગ અને બળતી ચિતાનું રુદ્રગીત આ ચિત્રમાં વહાવી રહી છે. કઠોર જીવનવિગ્રહે આ યુવાન ચિત્રકારને અભ્યાસ અને અનુભવની તકો ઓછી આપી છે, છતાં તે વખતોવખત ઉપર આવવા અજબ મથન કરીને પોતાના આત્માનો પરિચય આપી રહ્યા છે.

ન્મતાં હોય એવાં હજારો ને લાખો મનુષ્યો એમની નજર સામે ખડાં થઇ ગયાં. કેટલાંક કંગાલ મુડદાંની માફક કરગરી રહ્યાં હતાં: 'ઋષિવર! એક વખત જીવતદાન આપો;—એકજ વખત !' જાણે મુડદામાં જ ચોંટી હોય એવી, ભયંકર નિરાશા ભરેલી હજારો તરસી આંખો એમની સામે તાકીને જોઇ રહી હતી. ગાઢ અંધકારમાં રાતા રાતા સિંદુરનાં ધાબાં જેવા, વણસુકાએલા હજારો શરીરના ઘા, કાલાગ્નિની જીભ જેવા એમની સામે જોઈ રહ્યા હતા: 'જુઓ ! આ તમારો જીવનધર્મ !' હજારો હૈયો, 'ઇશ્વરે સૌને આપેલી શુદ્ધ હવા થોડીક લેવા દ્યો—થોડીક લેવા દ્યો—પછી મારી નાખો' એમ બોલતા, અને શખોડી રંગના ભયંકર કડવા ધુમાડાના ગોટેગોટામાં વીંટાઇને, હાથપગ પછાડી પ્રાણ છોડતા એમની નજર આગળ તરવરતા હતા. શરીરમાં વીજળીના આંચકા ઉપર આંચકા અનુભવતા હોય તેમ પરશુરામ મનમાં ધ્રૂજી ઊઠ્યા: 'અરેરે ! આ સઘળું મેં શા માટે કર્યું ?'

અને એમની કલ્પનાની આંખ સામે બાલ્યાવસ્થા, સમિધ લેવાની મજા, સાદી ઝૂંપડી, પિતા જમદગ્નિ, માતા રેણુકા—એક પછી એક ચિત્ર રૂપે ખડાં થવા લાગ્યાં. તે ઘડીભર આંખ મીંચી ગયા. માતા રેણુકા ગાય દોહીને, 'લે પરશુરામ તાજું દૂધ !' એમ બોલી એમની સામે પાત્ર ધરી રહ્યાં હતાં. કડવો ધુમાડો પીવડાવીને હજારો સૈનિકોને એક ક્ષણમાં હણી નાખનાર સેનાપતિનું હૃદય, પોતાના જ વિજયના સ્તંભ જેવા, લોહીથી ભરેલા ધરાની પાસે નરમ બનીને માતૃભક્તિનું શુદ્ધ આંસુ વહાવી રહ્યું હતું ! બીજી જ ક્ષણે જનોઇવઢ કપાએલા પિતાનું શબ અને માતાનું રૂદન જાણે એમણે સાંભળ્યાં. એમના ચહેરા પર અસલનું ઉગ્ર તેજ ઝળકી ઊઠ્યું. એમણે પોતાના લોખંડી હાથને સુવર્ણના રથ પર ઠોક્યો: 'જગતમાં જ્યાં સુધી આતતાયી રહેશે, ત્યાં સુધી માથાને હાથમાં લઇને ફરનારા જુવાનો રહેશે. ત્યાં સુધી લોહીધર્મ રહેશે. અને આ સમંતપંચક, લોહીનીગળતા સ્વજનના શબને આતતાયીના લોહીથી નવડાવવાના ભવ્ય લોહીધર્મનું પ્રતીક બની રહેશે. દરેક યુગમાં આતતાયીના લોહીથી પ્રગટાવેલો આ દીપક ચિરસ્થાયી તીર્થ રૂપે શોભશે !'

અને એમનો આ વિચાર પૂરો થયો ન થયો એટલામાં સમંતપંચકના અતળ ઊંડાણમાંથી જાણે આવતા હોય તેમ પરશુરામના કાન પર શબ્દો અથડાયા. એમણે ચારે પાસ જોયું. રણક્ષેત્રની ભયંકર શાંતિ હતી. દૂર નજર કરી તો એમણે ઊભા કરેલા ભૂતાવળના પડછાયા વિલીન થતા હતા. શબ્દો સ્પષ્ટ હતા, ગંભીર હતા, કરુણ રસથી ભરેલા હતા:

'વત્સ ! પરશુરામ ! હું જમદગ્નિ, તારો પિતા, તને પૂછું છું કે તને—ઋષિસંતાનને વેરની આ મિઠાશ કોણે ચખાડી ? હવે તારો શસ્ત્રધર્મ પૂરો થયો, તો શસ્ત્રત્યાગનો નવો ધર્મ ગ્રહણ કરી લે.'

'અને અમારો માર્ગ જ ખરો છે, ભાઇ ! કોઇ પણ યુગમાં સત્તાનો નશો ઉતારવા સત્તાનું પ્રદર્શન નહિ, પણ સત્યનું દર્શન જ જરૂરી છે.'

આ છેલ્લો અવાજ પિતામહનો હતો.

તે દિવસથી પરશુરામે શસ્ત્રસંન્યાસ ધારણ કર્યો. પણ એમના હૃદયમાં એક જ ઇચ્છા રહી ગઇ: 'જ્યારે નિરાશ્રિતને, નબળાને, સજ્જનને પીડાતો જોઉં ત્યારે શસ્ત્રધારી બનીને દોડું. સત્યને સાચવવા હમેશાં હથિયાર હાજર રાખું.' એમણે શસ્ત્રત્યાગ કર્યો પણ ત્યાગની આટલી મર્યાદા બાંધી.

ત્યાર પછી તો મહેન્દ્ર પર્વત પર રહેતા એ તપસ્વીની અનેક કસોટીઓ થઇ ગઇ. એવી એક કસોટી દશરથના પુત્ર રામ સાથે થઇ. બીજી ગાંગેય ભીષ્મ સાથે થઇ.

'અમે વનવાસી ઋષિઓ તને શો માર્ગ બતાવીએ? સંન્યાસધર્મ કઠિન છે. તું તારા પિતાને ત્યાં પાછી જા.'

એક અત્યંત શાંત જંગલની પર્ણકુટીમાં, જાણે અકાળે ખીલેલી વસંત હોય એવી, કાશીરાજની સૌથી મોટી પુત્રી અંબાને ઋષિમુનિઓ સાંત્વન આપી રહ્યા હતા. અંબા બોલતી ન હતી; મૂંગી બેઠી હતી. પણ એની ઉગ્ર હૃદયવેદના ચહેરા પર સ્પષ્ટ જણાતી હતી.

'સમજી બેટા ? તું પાછી જા. પિતાને ત્યાં જા.'

બન્યું હતું એવું કે કાશીરાજે પોતાની ત્રણ પુત્રીઓનો સ્વયંવર રચ્યો હતો ને તેમાં સૌથી શ્રેષ્ઠ પરાક્રમીને કન્યાઓ પરણશે એવી શરત મૂકી હતી. ભીષ્મ ત્યાં આવ્યા. હજારો મુકુટધારીઓને ખુલ્લા શબ્દોમાં તેમણે કહ્યું, 'ચાલ્યા આવો, કન્યાઓને હું લઇ જાઉં છું.' અને રણક્ષેત્ર પર સૌને હરાવી તે કન્યાઓને હસ્તિ-

નાપુર લઇ આવ્યા. પોતે તો રાજરક્ષક, આજન્મ નૈષ્ઠિક બ્રહ્મચારી હતા, એટલે હસ્તિનાપુરના રાજવી, પોતાના સાવકા ભાઇ વિચિત્રવીર્ય માટે કન્યાઓ લાવ્યા હતા. પણ હસ્તિનાપુર આવ્યા પછી સૌથી મોટી કન્યા અંબાએ કહ્યું, 'હું તો શાલ્વ રાજાને મનથી વરી ચૂકી છું.' ભીષ્મે તરત તેને શાલ્વ રાજાને ત્યાં મોકલી આપી. શાલ્વ રાજાએ તેને સ્વીકારવા ના પાડી. હવે એ અંબા વનમાં આવી ઋષિમુનિઓને આપવીતી કહી રહી હતી.

'અમને કાંઇ ખબર નથી પડતી કે તારે માટે શું કરવું જોઇએ. તું પિતાને ત્યાં પાછી જા એટલું જ કહી શકાએ.'

ઉગ્ર સ્વભાવવાળી ક્ષત્રિય રજપૂત કન્યા ખિજાણી: 'ત્યારે તમારો પ્રતાપ અને પ્રભાવ આટલાં જ છે? જે ઋષિમુનિઓ દેશનો ન્યાય જાળવવા સ્વાર્પણ કરતા એનો વારસો તો તમે ઠીક જાળવ્યો લાગે છે!'

'હે કન્યા! તું જરા શાંત થા, શાંત થા. અમારી આંખે એક જ ઉગ્ર પ્રતાપી પુરુષ દેખાય છે જે તને ન્યાય અપાવી શકે.'

'કોણ?'

'મહાપ્રતાપવાન જામદગ્ન્ય.'

અંબાના સદ્ભાગ્યે એટલામાં જ પરશુરામનો સારથી અકૃતવ્રણ ત્યાં આવ્યો. કાલે સવારે જામદગ્ન્ય પોતે જ આવે છે એ સાંભળી અંબાને શાંતિ થઈ. એનું બિચારીનું તેજ હણાઇ ગયું હતું.

બીજે દિવસે પરશુરામ આવ્યા ત્યારે અંબાને તો સાક્ષાત્ શંકરદર્શન થયાં હોય એટલી ધારજ મળી ગઇ. અન્યાયને મૂળમાંથી જ ડાંબી દેવાની ઉગ્ર શક્તિ આ તપસ્વીમાં એને જણાઇ.

તેજમૂર્તિ, દુરાધર્ષ, મહાપ્રતાપી જામદગ્ન્ય જટા અને કૌપીનથી તપસ્વી જેવા લાગતા હતા. એની આસપાસ ઋષિમુનિઓનાં વૃંદ ચાલ્યાં આવતાં હતાં. એમના એક હાથમાં ધનુષ હતું, બીજા હાથમાં પરશુ શોભી રહી હતી. એક તરફ કાળની જીવ્હા જેવું ખડ્ગ લટકતું હતું. જટા અને ખડ્ગ એકબીજાને શોભાવી રહ્યાં હતાં. પરશુરામને જોતાં જ ફૂલભારે લચતી લતાની પેઠે અંબા એમના ચરણમાં લોટી પડી.

'પુત્રી! કોણ તું?'

અગ્નિની સામે જોવાય તો પરશુરામની સામે મીટ મંડાય. નીચું વદન રાખીને જ અંબા બોલી: 'હું અભાગિની, કાશીરાજની જ્યેષ્ઠ પુત્રી અંબા. મારે ભારતવર્ષના સર્વશ્રેષ્ઠ પરાક્રમશાળી પુરુષ સામે ફરિયાદ છે.'

'ફરિયાદ છે?'

'હસ્તિનાપુરના મહાપરાક્રમી ભીષ્મે મને સ્વયંવરમંડપમાંથી હરી. મારા પિતાએ મને સ્વયંવરમાં, પૈસાને બદલે 'પરાક્રમ' રૂપી પૈસાથી વેચી. મારા વાંછિત સ્વામી શાલ્વે તજી. આજે હવે હું અનાથ તમારે શરણે આવી છું.'

સુકુમાર કરમાએલો દેહ, નવયૌવન અને કન્યાનો નિર્દોષ ચહેરો જોઇને ભાર્ગવનું હૃદય પીગળી ગયું.

'દોષ કોનો ભીષ્મનો છે? ભીષ્મ તો મારા છોકરા જેવો છે. એને તો મેં ભણાવ્યો છે.'

'દોષ કોનો કહેવાય? હે ભાર્ગવ! હું તો સમજી શકતી નથી કે દોષ કોનો કહેવાય? જંગલીની માફક મારૂં વેચાણ કરનાર પિતાનો કે પવિત્રપણાનું વ્યર્થ અભિમાન રાખનાર શાલ્વનો કે અખંડ બ્રહ્મચારી છતાં બીજાને માટે મને હરનાર ભીષ્મનો? કોનો? ભીષ્મનો, શાલ્વનો કે કાશીરાજનો?'

જામદગ્ન્ય ઘડીભર સ્થિર થઇ ગયા. દોષ કોનો છે તેનો નિર્ણય આપવા આંખ મીંચી ગયા.

'દોષ ભીષ્મનો છે.' તેમણે શાંત પણ દૃઢ અવાજે કહ્યું. 'શક્તિ એ ઇશ્વરની આપેલી જવાબદારી છે. એનો ઉપયોગ થાય. પ્રદર્શન ન કરાય. દોષ ભીષ્મનો છે.' પરશુરામે આંખ ઉઘાડી ત્યારે એમાં ઉગ્ર તેજનો ચળકાટ જોઈ અંબા બે પગલાં પાછી હટી ગઇ.

'દોષ ભીષ્મનો છે.'

'ભીષ્મનો છે.' ઋષિમુનિઓના વૃંદે પડઘો પાડ્યો.

'ચક્રવર્તી થવાના મોહમાં, પોતાનું બળ પ્રદર્શિત કરવાના તોરમાં જે યુદ્ધ કરે તેને હણી નાખવો એવી મારી પ્રતિજ્ઞા છે. સામ્રાજ્ય સ્થાપવાની ઘેલછાએ દુનિયાને વારંવાર કંગાલ કરી મૂકી છે. ગમે તેવા મહા પરાક્રમી પાસેથી કંગાલમાં કંગાલને પણ ન્યાય મળવો જ જોઇએ. માટે હું કાં તને ભીષ્મ પાસેથી ન્યાય અપાવીશ અથવા ભીષ્મને હણીશ. ચાલ, અમારી સાથે હસ્તિનાપુર ચાલ.'

ઋષિમુનિઓના વૃંદથી વીંટાઇને પરશુરામ કુરુક્ષેત્ર પહોંચ્યા. ભીષ્મને ખબર પડી કે ગુરુ આવ્યા છે. ગુરુના સત્કારની સર્વ સામગ્રી તૈયાર કરી તે પણ કુરુ-

ક્ષેત્રમાં આવ્યા.

પણ પરશુરામ તો ઉગ્ર અને અન્યાયને એક ઘડી પણ ન સાંખવાની જુવાન વૃત્તિવાળા જ હતા. તેમણે તો ભીષ્મને તરત ઉધડા લીધાઃ 'અલ્યા તું નૈષ્ટિક બ્રહ્મચારી! તને તે વળી કન્યાનાં સાટાંદોટાં કરવાની વેપારી રીત શોભે? આ અંબાને ઉપાડી લાવ્યો અને એનું જીવન વેડફી નાખ્યું એ ન્યાય ક્યાંનો?'

ભીષ્મે પરશુરામને શાંત કરવા યત્ન કર્યોઃ 'પણ મેં તરત જ એને શાલ્વ રાજાને ત્યાં મોકલી આપી.'

'શાલ્વે શું કહ્યું તે તો તેં જાણ્યું ના?'

'હા.'

'હવે તારો કાંઈ ધર્મ ખરો કે નહિ?'

'કહો તો શાલ્વને હરાવી લાવું!'

'એવી ખોટી સત્તાની શેહથી પૃથ્વી ધરાઇ ગઇ છે. મને તો તેં એકલે હાથે રાજાઓને હરાવ્યા તેની સામે પણ વાંધો છે. એવું કયું લોકકલ્યાણનું કામ હતું કે તારે રાજાઓને હરાવવા પડ્યા? એવી સમ્રાટ્-ભાવના માટે જ આ પરશુ હજી મેં રાખી મૂક્યો છે.'

'જેને રાજ્ય જ નથી, એને વળી સામ્રાજ્યનું સ્વપ્ન હોય? મેં તો પિતા શાંતનુ માટે જે વચન આપ્યું છે તે પાળવામાં જ જીવન વ્યતીત કર્યું છે. છેવટ સુધી એ વચન ટકી જાય એટલે બસ.'

'ત્યારે આ નિર્દોષ કન્યાનું?'

'તમે કહો તે બદલો આપું.'

'તું પોતે પરણ, કારણકે તેં હરણ કર્યું છે.'

'પૃથ્વી રસાતાળ જાય પણ મારી પ્રતિજ્ઞા ન લોપાય. જીવનની હર પળે જાગૃત રહીને એને મેં જાળવી છે.'

'પ્રતિજ્ઞાનો એટલો બધો મોહ છે? કે એ ટેક પણ ઊંડે-ઊંડે સામ્રાજ્ય સ્થાપવાની ક્ષત્રિયભાવનાનો પડઘો છે?'

'એ મોહ નથી, સિદ્ધાંત છે; જીવનધ્યેય છે. પિતૃઋણ માટે તમે કર્યો તેવો મારી શક્તિ પ્રમાણેનો શ્રદ્ધાધર્મ છે.'

'તો મારી પણ પ્રતિજ્ઞા છે કે કોઇ અશરણ, દુઃખી, અનાથ આવે ત્યારે જીવનના સઘળા બળથી મદદ કરવી.'

અત્યંત દુઃખથી થોડી વાર તો ભીષ્મ આંખ મીંચી ગયા. કાંઇ બોલ્યા નહિ. ગુરુની સામે લડવું એ દુઃખરૂપ હતું. જીવનની પેઠે જાળવેલી ટેક છોડવી તે એના કરતાં પણ વધારે દુઃખરૂપ હતું. શું કરવું? 'તમને તપસ્વીને, બ્રાહ્મણને, ક્ષમાધર્મ ફેલાવનારને, શાંતિના દૂતને આ શસ્ત્રધર્મ છાજે છે?' ભીષ્મે દીન સ્વરે કહ્યુંઃ 'તમારે હાથે મને અન્યાય થાય છે.'

પરશુરામ ઘડીભર ચિંતનમાં પડી ગયા.

'ભીષ્મ! તું મારો શિષ્ય છે. મારું વચન રાખ. આ કન્યાને અન્યાય થયો છે. એ અન્યાય હું ચલાવી લઉં તો મારો ફેલાવેલો ભવ્ય લોહીધર્મ લાજે. અને હવે તારી ટેક તો સચવાઇ ગઇ છે.'

'ગુરુદેવ! મેં માછીરાજને વચન આપ્યું છે. મારું વચન નહિ ફરે.'

'ત્યારે હું પણ મારે શરણ આવનારને અન્યાય નહિ ખમવા દઉં.'

'તો પછી પરશુરામ–ક્ષત્રિય સામે ભીષ્મ તૈયાર છે.'

'બસ, ત્યારે ચાલો.'

એ પછી સત્તાવીસ દિવસ સુધી કુરુક્ષેત્રમાં ગુરુ-શિષ્યનું યુદ્ધ થયું. ભીષ્મ કે પરશુરામ કોઈ કોઇને જીતી શક્યા નહિ. બે અણનમ યોદ્ધાઓમાંથી કોઇપણ પાછો હટ્યો નહિ. શોણિતઝરતા ભીષ્મ કેસુડાથી ભરેલા ખાખરા જેવા, અને રૂધિરભરેલા પરશુરામ વસંતે ખીલેલા પાંગરા જેવા શોભી રહ્યા. પણ પરશુરામ ભીષ્મને જીતી શક્યા નહિ. એમનો ભવ્ય લોહીધર્મ આજે માનખંડન સહન કરી રહ્યો. શસ્ત્રસંન્યાસની સાચી ઘડી આવી હોય એમ એમને લાગ્યું. ઋષિમુનિઓએ બંનેને આ વ્યર્થ યુદ્ધમાંથી વિરામ પામવા કહ્યું.

ભીષ્મનો રૂપેરી રથ, ધોળા હંસ જેવા ઘોડા, ચંદ્ર જેવી શ્વેત ધજા, સુંદર શ્વેત કવચ, ધોળું છત્ર અને ધોળાં વસ્ત્રાભૂષણ સઘળાં ભીષ્મની પિતૃભક્તિ જેવાં શોભી રહ્યાં હતાં.

પરશુરામે પોતાનો સોનેરી રથ ભીષ્મની નજીક લીધો. સૂર્યચંદ્રના પ્રકાશથી ઝળાંઝળાં થતું એમનું કવચ તેજના ઓઘ વર્ષાવી રહ્યું હતું.

'ભીષ્મ! મારે માટે હવે શસ્ત્રસંન્યાસની સાચી ઘડી આવી પહોંચી છે. તેં મને હરાવ્યો, કારણકે તારું પરાક્રમ સત્તાના શોખમાંથી નહિ, પરંતુ સિદ્ધાંતના પ્રેમમાંથી જન્મ્યું છે. પણ તેં આ કન્યાને સત્તાના મદમાં હરી હતી, માટે તું એક દિવસ અગ્નિના જેવી ભયંકર કાળરાત્રિને આ કુરુક્ષેત્રમાં જ જોઇશ.'

'ગુરુદેવ! એ બધું ઠીક, પણ અત્યારે તો મારી ટેક જળવાઇ છે!'

'એ ટેકની પાછળ શું છે?'

'પિતાની ભક્તિ!'

'ના ના, સાધારણ રાજાની વિલાસવૃત્તિ. જા, એ ટેકની ખાતર આ છોકરીનું તેં જીવન હણી નાખ્યું છે, માટે કુરુક્ષેત્રની આ રણભૂમિ . . . . . .

'ગુરુદેવ! શું શાપ આપો છો?'

દિશાઓ ભરી દેતું પરશુરામનું હાસ્ય સંભળાયું: 'શાપ? ગાંગ! એટલી પણ ખબર નથી કે એ વાણીના વિલાસ કરતાં પરશુ ઉપર જ મને વધારે વિશ્વાસ રહ્યો છે. હું તો તને શું બનશે તે કહું છું.'

'શું બનશે?'

'પેલી કાશીરાજની પુત્રી જોઈ?'

'સ્ત્રીઓને એમ ધારીધારીને જોવાની મને ટેવ નથી, ઇચ્છા પણ નથી.'

'ફિકર નહિ. હું તને કહું. એ છોકરીની આંખમાં વૈરનું ખરૂ ખૂન વહી રહ્યું છે. સમંતપંચકનો ભયંકર ધર્મ એને આકર્ષી રહ્યો છે.'

ભીષ્મનો હસવાનો અવાજ સંભળાયો:'ગુરુદેવ! તમારાથી ન ડરનારો હવે છોકરીથી ડરશે?'

'તને ખબર નથી, ભીષ્મ! એ છોકરી નથી. શક્તિ છે. આ કુરુક્ષેત્રનું તીર્થ હવે પછી જે લોહીનીગળતી ક્ષત્રિયસંહારની કાળરાત્રિ જોશે, તેમાં આ કાશીરાજની પુત્રી વૈરશુદ્ધિનો રુધિરભીનો ધર્મ બજાવશે.'

ભીષ્મ પરશુરામની સામે જોઇ રહ્યા. પરશુધારી તપસ્વીના ચહેરા પર અત્યારે કોઇ સ્વપ્નદ્રષ્ટાનું તેજ પ્રકાશી રહ્યું હતું.

'તમે હાર્યા માટે હવે હારવાનો ધર્મ તો બજાવતા નથી ના?'

પરશુરામે વીંધી નાખે એવી એક દૃષ્ટિ ભીષ્મ સામે ફેંકી. હજારો પરશુ કરતાં એ દૃષ્ટિમાં વધારે ઉગ્રતા હતી: 'છોકરા! કોણ હાર્યું છે? તારો ફેલાવેલો પિતૃભક્તિનો ધર્મ આવતી કાલે હતો ન હતો થઇ જશે. શાંતનુ રાજા કે સત્યવતી બંનેમાંથી એકેમાં પૃથ્વી પર ટકવાનું બળ નથી. અને મારૂ આ સમંતપંચક તો હમેશને માટે યુદ્ધતીર્થ રહેશે. અન્યાય સહન ન કરવાનો, સત્તાની શેહમાં ન દબાવાનો, મારો ફેલાવેલો ભયંકર અને ભવ્ય લોહીધર્મ હથેળીમાં માથું લઇને ફરનારા જુવાનો જ્યાં સુધી છે ત્યાં સુધી રહેશે. સમંતપંચક અમર છે. બોલ હવે કોણ હાર્યું?'

ભીષ્મ એક મૂંગી દૃષ્ટિથી પરશુરામને નિહાળી રહ્યા. એટલામાં અંબા આવી.

'હવે હું જાઉં છું. તમારી શક્તિ તમે અજમાવી જોઇ?'

'હા, કલ્યાણિ! પુત્રી! તું જા. ભીષ્મને શરણે જા.'



હજારો નાગણીના દંશ ભર્યા હોય એવું વિકટ હાસ્ય સંભળાયું. એ સાંભળીને ભીષ્મ અદ્ધર થઇ ગયા. પરશુરામ ચોંકી ગયા.

'હું ભીષ્મને શરણે જાઉં અને હવે?'

'ત્યારે?'

'ત્યારે શું? હું દેહ પાડીશ, અગ્નિને શરણે જઇશ; એવા દૃઢ સંકલ્પથી કે મને ન્યાય મળવો જ જોઇએ.'

'બસ ત્યારે ખુશીથી જા. અગ્નિને પી જનારી તારી શક્તિ સમંતપંચકના વૈરશુદ્ધિના ધર્મને બરાબર પિછાની ગઇ છે. જા, ખુશીથી જા.'

અંબા અણનમ રીતે ચાલી ગઇ. એ ચાલમાં લાખો વીંછીના આંકડાનું ઝેર ભર્યું હતું.

પરશુરામે હવે સાચો શસ્ત્રસંન્યાસ સ્વીકાર્યો. ઋષિઓના વૃંદથી ઘેરાઇને તે મહેન્દ્રાચલ તરફ ચાલ્યા ગયા.

યુગયુગનો યુદ્ધધર્મ જોવા નિર્માણ થએલું કુરુક્ષેત્ર એમની પાછળ હતું તેવું ને તેવું શાંત બની ગયું.

'ધૂમકેતુ'

'ધૂમકેતુ'ના **'તેજની મૂર્તિઓ'** નામના હવે પછી પ્રકટ થનાર પુસ્તકમાંનાં ચરિત્રોમાંનું એક

ચિત્રોમાં વાણી પ્રગટાવીને, તેમનાં મૌન નૃત્યોમાં અવાજ પૂરીને એ પડછાયાને બોલતા કરનારી

ટૉકી ફિલ્મ

ની કારીગરી સમજાવતો લેખ

એક અજબ શોધને પરિણામે પડછાયામાં અવાજ પ્રગટ્યો છે; શબ્દો ને સંગીતની છબી પડી જાય છે; સ્વરો અને નિઃશ્વાસો છપાઇ જાય છે; અને એ બધું ડાબલામાં પૅક થઇ દુનિયાને ચારે છેડે મોકલી શકાય છે ને ફરી વાર જોઇ તથા સાંભળી શકાય છે! તેની આ વાત રણજીત ફિલ્મ કંપનીના રેકૉર્ડિંગ એન્જિનિયર ભાઈ જમનાદાસ સુબેદારે ખાસ 'કુમાર' માટે લખી છે. ભાઇ જમનાદાસે આ કારીગરી માટે જાતમહેનતથી ઘરમેળે અભ્યાસ કરી જે સિદ્ધિ મેળવી છે તે માટે તેમને અભિનંદન ઘટે છે. ગુજરાતના તે એક આદર્શ યુવાન છે અને વિજ્ઞાન ને કળાના બહોળા વિસ્તાર પર હજુ યે તે લાંબી નજર કરી રહ્યા છે.

"મારા કેટલાક ઉત્સુક કળાપ્રેમી મિત્રોને મારા નવા પ્રયોગો ચાલતા જોવાની ઇચ્છા થવાથી અમારા સ્ટુડિયોમાં તેમને નિમંત્રણ આપ્યું હતું. નક્કી કરેલે દિવસે સાડા અગિયાર વાગ્યે તેઓ બધા અમારા સ્ટુડિયોમાં હાજર થયા. કામ શરૂ થવાને હજી લગભગ અરધોએક કલાકની વાર હતી તેથી બધાને બેસાડી મેં બોલતી ફિલ્મનો થોડો પૂર્વ ઇતિહાસ કહેવા માંડ્યો; કારણકે પછી ફિલ્મ લેવાતી હોય ત્યારે સ્ટુડિયોમાં બધા નકામા અવાજો રોકવાની જરૂર રહે છે.

'અમારૂં કામ શરૂ થાય તે પહેલાં ટૉકી ફિલ્મની ઉત્પત્તિ કેમ થઇ તે વિષે બે શબ્દો અસ્થાને નહિ ગણાય;' મેં શરૂ કર્યું. 'જ્યારથી ચલંત્ ચિત્રોની શોધ થઇ ત્યારથી કેટલાએક શોધકો ચિત્ર સાથે અવાજ કેમ મેળવવો અને બંને એકીસાથે કેમ ચલાવવાં તેની શોધ કરવા મથી રહ્યા હતા.

વર્ષોના અથાગ પરિશ્રમ પછી ધંધાદારી દૃષ્ટિએ પહેલું સફળ બોલતું ચિત્રપટ રજુ કરવાનું માન 'વૉર્નર બ્રધર્સ વિટાફોન કૉર્પોરેશન'ને મળ્યું.

એ ચિત્રપટમાં અવાજ ગ્રામોફોન રેકૉર્ડ ઉપર ઉતારેલો હતો. રેકૉર્ડિંગ મશિન (અવાજ છાપનારૂં યંત્ર) અને ફોટોગ્રાફિક કૅમેરા બંને એકસાથે જોડેલાં હોવાથી તથા ચિત્ર બનાવતી વખતે પણ પ્રૉજેક્ટિંગ મશિન અને રેકૉર્ડની ગતિ મેળવી લેવાથી ચિત્રના હલનચલન પ્રમાણે અવાજ નીકળતો. આ રીતે કામ ચલાવતાં વાંધો એટલો જ આવતો કે ફિલ્મ બતાવતી વેળા અકસ્માત તે તૂટી જાય તો અવાજ આગળપાછળ થઈ જતો; અથવા ગ્રામોફોનની પિન રેકૉર્ડ ઉપરથી છટકી જાય તોપણ અવાજ આગળપાછળ થઇ જતો.

આ મુશ્કેલીમાંથી છૂટવાનું પહેલું માન 'ફૉક્સકેસ કૉર્પોરેશને' લીધું. તેની પદ્ધતિમાં ચિત્ર તથા અવાજ એક જ ફિલ્મ ઉપર ઊતરતાં એક ખાસ બનાવટનો ઇલેક્ટ્રિક લૅમ્પ (જેને અમે ગ્લો લૅમ્પ કહીએ છીએ) તેની અંદર ઍમ્પ્લીફાયરમાંથી આવતો અવાજ અથડાતો અને તે લૅમ્પનું તેજ એ અવાજના આંદોલનો પ્રમાણે ઝબકયા કરીને તે ઉપરથી ફોટોગ્રાફિક ફિલ્મ પડતી. 'ફૉક્સ'ની આ શોધ પછી ફિલ્મ ઉપર રેકૉર્ડિંગ કરવાની રીતોમાં ફૂદકે ને ભૂસકે સુધારાવધારા થવા માંડ્યા.

હવે આપણે પાએક કલાક ટૉકી બનાવવાનો સામાન નજરોનજર જોવામાં ગાળીએ.' એક કાળા રંગના સ્ટૅન્ડ ઉપર મોટા દડા જેવું કાંઇક પડેલું હતું તેની પાસે અમે પહેલાં ગયા. તેને સોએક ફૂટનો વીજળીનો તાર જોડેલો હતો. 'ટૉકી ચિત્રપટનું સૌથી અગત્યનું અંગ આ છે. એને માઇક્રોફોન કહે છે.




ટૉકી ચિત્રપટનું સૌથી અગત્યનું અંગ માઇક્રોફોન; જે ઍક્ટરના અવાજને ઝીલે છે.

ઍક્ટર જ્યારે આ માઇક્રોફોનની સામે બોલે છે ત્યારે તેના અવાજનાં આંદોલનો માઇક્રોફોનની અંદર રહેલી એક ડિસ્કને ધ્રુજાવે છે. આ ધ્રુજારો માઇક્રોફોનની અંદર અપાતા ઇલેક્ટ્રિક કરન્ટ સાથે મળીને

આ લાંબા તાર વાટે મુખ્ય ઍમ્પ્લીફાયર (અવાજ પ્રગટાવનાર યંત્ર)માં જાય છે. ચાલો, સામેની ગાડીમાં મુખ્ય ઍમ્પ્લીફાયર તથા સાઉન્ડ રેકૅાર્ડિંગ કૅમેરા મૂકયા છે તે તમને બતાવું.

માઇક્રોફોન મૂકીને અમે બધા અમારી સાઉન્ડ ટ્રક પાસે ગયા. તેમાં એક મોટો લંબચોરસ રેડિયો સેટ જેવો દેખાતો ડબો પડ્યો હતો જેને મેં સાઉન્ડ રેકૅાર્ડિંગ ઍમ્પ્લીફાયર તરીકે ઓળખાવ્યું.




માઇક્રોફોને ઝીલેલા અવાજને આ ઍમ્પ્લીફાયર મોટો બનાવીને રેકૅાર્ડિંગ લૅમ્પ તરફ ધકેલે છે

માઇક્રોફોનની અંદરથી જે સ્થીર કરન્ટ (અવાજ-ની ધ્રુજારીનો પ્રવાહ આવે છે તે એટલો બધો નબળો હોય છે કે પોતાની મેળે સાઉન્ડ રેકૅાર્ડિંગ લૅમ્પને ચલાવવા અસમર્થ છે. એટલે તે કરન્ટને રેકૅાર્ડિંગ લૅમ્પ માટે જોઇતા પ્રમાણમાં મોટો કરવાનું–ઍમ્પ્લીફાઇ કરવાનું કામ આ ઍમ્પ્લીફાયરનું છે. આમાં અવાજ મોટો થયા પછી જ તે રેકૅાર્ડિંગ લૅમ્પને અપાય છે. તમને જાણીને આશ્ચર્ય થશે કે માઇક્રોફોનમાંથી નીકળતા અવાજને રેકૅાર્ડિંગ લૅમ્પ પૂરતો કરવા માટે લગભગ એક લાખ ગણો વધારવો પડે છે!


હવે જુઓ આ રેકૅાર્ડિંગ લૅમ્પ. એમાં શું થાય છે તે હું તમને બતાવું.'

મેં મારા એસિસ્ટન્ટને ઍમ્પ્લીફાયર ચાલુ કરવા કહ્યું. તરતજ રેકૅાર્ડિંગ લૅમ્પમાં એક બ્લુ રંગની લાઇટ થઇ ગઈ. મેં પછી એક ઍક્ટરને માઇક્રોફોનમાં કંઇક બોલવા કહ્યું. જેમ તે બોલતો ગયો તેમતેમ તેના થડકાથી પેલા બ્લુ લાઇટનું તેજ વધતું ઓછું થઇ ઝબકારા મારતું ગયું.




રેકૅાર્ડિંગ લૅમ્પના ઝબકારા ઝીલીને આ રેકૅાર્ડિંગ કૅમેરા ફિલ્મ ઉપર તે છાપે છે.

'આ લૅમ્પ અમે સાઉંડ રેકૅાર્ડિંગ કૅમેરામાં મૂકીએ છીએ. તેમાં આ લૅમ્પના તેજની સામે એક ફોટો ફિલ્મ પસાર થતી રહે છે. જુઓ નીચેનું ચિત્ર.




જેમજેમ રેકૅાર્ડિંગ લૅમ્પનું તેજ અવાજના આં-દોલનોથી ઓછું વધુ થતું જાય છે તેમતેમ ફિલ્મની ઉપર વધારે ઓછી ડેન્સીટી (ઘેરાપણા)ના આંકા પડતા જાય છે. આમ ચિત્રપટનો સાઉંડ રેકૅાર્ડ તૈયાર થાય છે.

હવે તમે જોશો કે ફિલ્મ ઉતારવાનો અને અવાજ ઉતારવાનો કૅમેરા બંને જુદા છે. શરૂઆતમાં આ બંને ફિલ્મો જુદીજુદી ઊતરે છે, પછી તેની થીએટરમાં



ઍમ્પ્લીફાયરે ધકેલેલા અવાજ-ના નાનામોટા થડકા પ્રમાણે આ રેકૅાર્ડિંગ લૅમ્પમાંની બ્લુ વધુઓછા ઝબકારા મારે છે.




ડાબી બાજુ : રેકૉર્ડિંગ લૅમ્પના આંદોલનો વડે સાઉન્ડ નેગેટિવ ઉપર પડેલા આંકા. જમણી તરફ : એ આંકા તથા ફોટોગ્રાફિક પ્રિન્ટ બંને સાથે ઉતારેલી પાકી ફિલ્મ.

બતાવવા માટે પૉઝિટિવ પ્રિન્ટ (સવળી નકલ) તો પાછળથી તૈયાર થાય છે. તેમાં અવાજના આંકા અને ચિત્રો બંને એક જ ફિલ્મ ઉપર સાથે છાપી લેવામાં આવે છે.

સાઉન્ડ ફિલ્મને લૅબોરેટરીમાં ડેવેલપ (પાકી) કરવામાં અમારે અત્યંત સંભાળ લેવાની જરૂર પડે છે. કેટલા યે ડેવેલપિંગ ટેસ્ટ લેવાયા પછી જ મૂળ ફિલ્મ ડેવેલપ થાય છે. એ ડેવેલપિંગની પદ્ધતિમાં જો જરા પણ વાંધો આવ્યો તો અવાજનું મૂળ સ્વરૂપ ફેરવાઇ જાય છે અને તે પડદા ઉપર અત્યંત ખરાબ સંભળાય છે. અમેરિકન લૅબોરેટરીઓમાં તો નેગેટિવો ડેવેલપ કરવાનું કામ ઑટોમૅટિક મશિનો (આપમેળે કામ કરતા) દ્વારા થાય છે જેથી તેમાંથી એકધારૂં કામ નીકળે છે. હિંદુસ્તાનમાં હજી એ મશિનો દાખલ થયા નથી તેથી લૅબોરેટરીમાં સંભાળપૂર્વક કામ કરવાની કેટલી આવશ્યકતા છે તેનો ખ્યાલ આવશે. બોલતાં ચિત્રપટોનો લગભગ બધો આધાર પાકી રીતે અને બરોબર શાસ્ત્રીય પદ્ધતિથી કરેલા આ ડેવેલપિંગ ઉપર જ છે.

હવે તમે એમ પૂછશો કે બંને ફિલ્મો જુદીજુદી લેવાયા છતાં એક જ પૉઝિટિવ ઉપર ઉતારતી વખતે તેની છબી અને અવાજ આગળપાછળ ન થતાં એક-સરખાં કેમ આવી શકે ? આ મુશ્કેલી ટાળવા સારૂ ફોટોગ્રાફિક કૅમેરા તથા સાઉન્ડ કૅમેરા (બંનેને) એક સરખી ગતિથી ચલાવવા માટે ખાસ પ્રકારની ઇલેક્ટ્રિક મોટરો બનાવવામાં આવી છે. એ મોટરો વડે બંને કૅમેરા ચલાવવાથી તે બેની ગતિમાં એક દોરા પૂર પણ ફેર થઈ ન શકે.'

એટલામાં પિકચર કૅમેરા પાસેથી અમારા ડાયરેકટરની બૂમ સંભળાઇ: 'Ready for Rehearsal' (રીહીયર્સલ માટે તૈયાર) એકેએક જણ ચૂપ બની ગયું. મેં મારા મિત્રોને બાજુમાં બેસાડી દીધા. ઍક્ટરો પોતાના અભિનય પ્રમાણે તૈયાર હતા. હું તરત સાઉંડ ટ્રકમાં રેકૉર્ડિંગ ઍમ્પ્લીફાયર પાસે જઇ બેઠો. માઇક્રોફોનની જગ્યા મુકરર કરી ને રીહીયર્સલ શરૂ થયું. બે મિનિટમાં તો રીહીયર્સલ ખલાસ થયું. મેં કહ્યું 'Trial O. K.' (અખતરો બરોબર છે.) કૅમેરામૅને કૅમેરા ઉપર Silencing cover ચડાવ્યું. કારણકે કૅમેરાને પણ જો એ રીતે જો બંધ ન કર્યો હોય તો કૅમેરાનો અવાજ પણ માઇક્રોફોન લઇ લે છે.




સાઉંડપ્રૂફ કવર સાથે કૅમેરા

'Ready ?' (તૈયાર ?) ડાયરેકટરે છેલ્લી વાર પૂછ્યું. જવાબમાં મેં ઘંટડી વગાડી. સ્ટુડિયો એકદમ શાંત થઇ ગયો. એક જ સેકંડમાં ફોટોગ્રાફિક ને સાઉંડ કૅમેરા ગતિમાં આવી ગયા. સીન શરૂ થયો. બરાબર એક મિનિટ ને પિસ્તાલીસ સેકંડમાં સીન પૂરો થયો. 'O. K.' હું ફરી બોલ્યો. 'બસ બીજા સીનની તૈયારી કરો' ડાયરેકટરે હુકમ કહાડ્યો; અને અમે સ્ટુડિયોમાંથી નીકળી ગયા."

સીન દરમિયાન પાત્રોએ કાઢેલા દરેક નાનામોટા અવાજનું પ્રમાણ સાચવીને ફિલ્મ ઉતારવાની જવાબદારી રેકૉર્ડિંગ એન્જિનીઅરની હોય છે. તેની પાસે પોટેન્શ્યોમીટર નામનું યંત્ર હોય છે. તેની મદદથી વીજળીક બળ વધુઘટ કરીને તે દરેક અવાજ કુદરતી



રણજીત ફિલ્મ કંપનીના રૅકૉર્ડિંગ એન્જિનીઅર
શ્રી જમનાદાસ સુબેદાર: સાઉન્ડ રૅકૉર્ડિંગ લેતા.



હવે આ આલેખન જોવાથી સમજાશે કે બોલનાર ઍક્ટરની છબી તથા તેનો અવાજ બંને કૅમેરા એકીસાથે ઝડપીને એક જ સરખી ગતિથી કેવી રીતે ઉતારે છે.

લાગે તેટલો જ પાડે છે. જરૂર પડતા સીસકારા કે કાગળ ફાડવાનો અવાજ પણ તે બરોબર નોંધી શકે છે.

"હવે થીએટરમાં ફિલ્મ કેમ બતાવાય છે તથા પડદા પરથી અવાજ કેમ સંભળાય છે તે સમજી લઈએ. ફિલ્મની છાપ તૈયાર થાય ત્યારે પીક્ચર તથા સાઉન્ડ બંને એક જ ફિલ્મ ઉપર હોય છે એમ આપણે અગાઉ જાણ્યું છે. થીએટરના પ્રોજેક્ટર મશિનની નીચે બીજો એક ડબો ગોઠવેલો હોય છે જે સાઉન્ડ હેડ કહેવાય છે. તેની અંદર એક દરવાજા જેવી ગોઠવણ હોય છે. જેની વચ્ચેથી સાઉંડ ટ્રૅક પસાર થાય છે. આ સાઉન્ડ ગેટની એક બાજુ એક અત્યંત તેજસ્વી ઇલેક્ટ્રિક લૅમ્પ હોય છે. આ લૅમ્પનું તેજ સાઉન્ડ ફિલ્મ સોંસરૂં થઈને સામે રહેલા એક ગ્લોબ ઉપર પડે છે જેને ફોટો સેલ કહે છે. સાઉન્ડ ફિલ્મ ઉપર રહેલા વધારે ઓછી 'ડેન્સીટી' (ઘેરાપણા)ના આંકા જ્યારે ગેટમાંથી પસાર થાય છે ત્યારે લૅમ્પનું તેજ એ ડેન્સીટી અનુસાર વધારે ઓછા પ્રમાણમાં ફોટો સેલ ઉપર પડે છે અને તે વડે તે સેલમાં વધતો ઘટતો વીજળીક પ્રવાહ પેદા થાય છે જે એક રેડિયો ઍમ્પ્લીફાયરમાં મોટો થઈને પડદા પાછળ રહેલા લાઉડ સ્પીકરમાંથી બહાર પડે છે. અને ફિલ્મમાં બોલનાર વ્યક્તિનો ફોટોગ્રાફ તથા તેનો અવાજ આખા રીલમાં એક સાથે જ છપાએલા હોઈ કોઈ પણ વખત તે આગળપાછળ થઈ જવાની તો ધાસ્તી રહેતી જ નથી. એ આપણે જાણી ગયા."

જમનાદાસ સુબેદાર





ડાબી બાજુ: 'સતી સાવિત્રી' નામના ચિત્રપટનો એક પ્રસંગ ઉતારતો રણજીત ફિલ્મ કંપનીનો સાઉન્ડ તથા પિક્ચર કૅમેરાઓનો સરંજામ. જમણી બાજુ: એ જ દૃશ્ય ટૉકી વખતે પડદા ઉપર દેખાયું ત્યારે.

કવિનો પ્રશ્ન

• શિખરિણી •

પ્રભો! તેં બક્ષેલી વિમલ વહશે કાવ્યઝરણી
હવે તો ધીમી કે ત્વરિત, ભમતી વિશ્વભવને,
ઊંડાણો ખોળીની નિજ પરતણાં અંતરવને,
જગે ક્લેશાપન્ને સરલ અદની હર્ષભરણી. ૧

પ્રભો! મર્યાદાઓ પણ તટતણી આ ઝરણને,
ન વાણી અર્થોના તટ પરહરી એ વહિ શકે;
તટે બેઠા જે કૈં જન જલતણો સ્વાદ પરખે,
રસે ડૂબ્યા પોતે મનથી વિસરે સૃષ્ટિરણને. ૨

ભલે આ પાણીને તટ વિરમિયાં શ્હેર ગરવાં,
કંઈ લોકો, યાત્રા, પરવ, કંઇ કે ઘાટ રચના;
પીએ, ન્હાયે, મારે ડૂબકી, જલના ખેલ મચના,
ભલે માને સિદ્ધિ જન અહીં જ જો થાય મરવાં. ૩

અરે શું આથી આ સરિત હરખાશે રજસમી?
ધરા વીંટી ખારો જલધિ પડિયો ચણ્ડ ત્રમણો
નકામો, ને પૃથ્વીપટ પર કંઇ યોજન રણો
પડ્યાં, સૂકા દેશો, તરસ જગની રુદ્ર વસમી! ૪

અરે આ લીટા શી સરિત જગના યોજનતણા
પટે ક્યાંથી વ્યાપે? સકળ જનના શુષ્ક અધરે
ન રે ટીપું ટીપું પણ જઇ શકે, એ દુઃખ ખરે,
થયું શું જો થોડા જન ન દરશાવે રજ મણા? ૫

નદી નાની પાણી લઇ વહતિ આ મ્લાન જગમાં,
જહીં પાણીથી યે પણ વધુ કંઇ ચીજ જીવવા
જરૂરીઃ ભૂખ્યાં કૈં ઉદર ભરવાં, અંગ અડવાં
નવસ્ત્રાં, નોધારાં, બલ ન ઉભરા કાજ પગમાં. ૬

કયમે એવા વિશ્વે સરિત જલનો સાર્થક કરે?
મુખે શું ભૂખ્યાંને જલ બસ સિંચ્યે ટાઢક વળે?
નવસ્ત્રાં અંગોને જલથિ કયમ રે હૂંફ જ મળે?
દરિદ્રી નોંધારાં હૃદય જલ દેખી કયમ ઠરે? ૭

શું આ જ્યાંથી વ્હેતી સરિત ઉરનો અદ્રિ અદનો,
થતા ભૂકંપોમા પણ જડ સમો યે નવ હલે?
યુગોનાં જૂનાં જ્યાં પડળ પણ પૃથ્વી જ બદલે,
તદા શાને ઇચ્છું અડગ ગઢ આ આત્મ મદનો? ૮

ટિપ્પણ: કવિતા એક નદી છે. કવિનો પ્રશ્ન એ છે કે આ એકલી કાવ્યનદી જ જીવનને સાર્થક કરી શકશે? નદીની જેમ કવિતાની પણ સ્પષ્ટ મર્યાદાઓ તે જુએ છે. જગતમાં પાણીનો પુષ્કળ જથ્થો છે, પણ તેની અસમ વ્યવસ્થાને લીધે સહરા જેવાં મોટાં રણો ફેલાઈ રહ્યાં છે. પુષ્કળ દ્રવ્ય છે છતાં હજારો ગરીબો છે; પુષ્કળ અનાજ છે છતાં પ્રચંડ ભૂખમરો છે. એવે ઠેકાણે માત્ર એકલું કવન જ કર્યા કરવું એ એક નાની સરખી નદીએ બે કાંઠાની વચ્ચે વહ્યા કરવા જેવું છે. અલબત્ત, જેટલા ભાગમાં નદી વહે છે તેટલાને તો તે લીલોછમ તથા રસબસ કરી મૂકે છે. છતાં તેથી શું જગતના પ્રશ્નનો નિકાલ થશે?

એક વિચાર સૂઝે છે. કવિતાનું ઝરણ કોઈ હૃદય-બુદ્ધિના પર્વતમાંથી નીકળે છે. તેનો કંઇ ઉપયોગ ન થાય? ડુંગરોના શા ઉપયોગ હશે? તરત ધરતીકંપોથી થતા પ્રચંડ ભૌગોલિક ફેરફારો યાદ આવે છે. જૂની સૃષ્ટિ નવી સૃષ્ટિને સ્થાન આપે છે; સ્થળ ત્યાં જળ, ડુંગર ત્યાં મેદાન, એવી કૈં કૈં ઊથલપાથલો થાય છે; ખંડના ખંડ ડૂબી જઇ નવી જમીન નીકળે છે. આ સ્થૂલ ધરતીકંપથી યે વધુ પ્રચંડ એક સૂક્ષ્મ ધરતીકંપ જગત હાલ અનુભવી રહ્યું છે. એ મહાન ક્રાન્તિના સમયે કવિ પોતાના હૃદયગિરિનો સદુપયોગ કરી લેવા ઇચ્છે છે. એક ડુંગર જો ડૂબી જાય તો બીજી કેટલી યે જમીન નીકળી આવે. ડુંગરનાં જંગલોનાં લાકડાં તાપવા, બાળવા ને સળગાવવાના કામમાં આવે. તેમની રાખનું ખાતર થાય. એ ખાતરથી વધુ સારી ખેતી થાય. એથી લોકોને વધુ પુષ્ટિ મળે. આ રીતે લોકોના જીવનમાં વ્યાપી જવાય. અને તેટલા વખતમાં નદી કદાચ ડુંગરનો નાશ થવાથી વહેતી બંધ થઇ ગઇ હોય, તોપણ તેનું દરિયામાં ગએલું પાણી વરસાદ રૂપે સ્થળેસ્થળે પહોંચી ગયું હશે. પેલાં જંગલની રાખ ઉપર જ તે સીંચાય; એ બંનેનો સુયોગ થતાં નવી અન્નસૃષ્ટિ જન્મે; અન્નરૂપે તે જનશરીરમાં પ્રવેશે; ને પેલી નદીનું સંગીત તો અનંત કાળ સુધી ચાલુ રહે જ,—પાણીની વરાળ ને વરાળનું પાણી થયા કરે એ રીતે; અને નવું જીવન પામેલી જનતાના કર્ણ દ્વારા જનશરીરમાં બેઠેલા ડુંગરના અંશો જાતે જ પોતાની નદીના સંગીતને સાંભળે. એ ભાગ્ય મળે તો કેવું?

કડીવાર અર્થ: ૧ ક્લેશાપન્ન–દુઃખી; અદની–નાની. દુઃખી જગતમાં થોડોએક આનંદ ભરનારી કાવ્યનદી. ૨ સૃષ્ટિરણ–નદીને કાંઠે વસનારાઓને જગતનાં રણોનો થોડો જ ખ્યાલ હોય છે. ૩ નદીનો મોટામાં મોટો મહિમા આટલો જ હોય; કાવ્યનું પરમ બળ પણ આટલું જ હોય. ૪ જગતના પ્રશ્નો પણ આવા-યોજનનાં યોજન રણ જેવા વિકટ છે. ૫ જરા અમથી નદીની શી વિસાત? અધરે–હોઠ પર; મણા–ખામી. અમુક જનની પ્રશંસા મળતી હોય તેથી શું? ૬-૭ જગતના પ્રશ્નોનો નિકાલ લાવવામાં

જહીં આ ક્રાન્તિમાં જગત પલટાતું, જુગજુના
સમુદ્રે ડૂબે જ્યાં ગિરિસમ ઉંચા, ને જલધિને
તળ બેઠાં પ્રાણી સ્થળચર બને, ને અવધિને
તજી ચાહે મુક્તિ સકળ જનના પ્રાણ અધુના. ૯

અહા વ્યુત્ક્રાન્તિમાં ગિરિ ન ગબડી કાં મુજ પડે?
સપાટે મેદાને ક્યમ હું ય ન સૂઉં સહુ સમો?
કિંવા ડૂબી ઊંડે જલધિતળિયે જે કમકમો
રહ્યાં ખૈ, તેને કાં દઉં નીકળવા ના જગતટે? ૧૦

અને મારાં ગાઢાં વનવન કપાવી સહુતણી
ધખાવું ધૂણી ને ગરમ કરું સૃષ્ટિ, સળગતાં
પ્રકાશે ઊજાળું પથ તિમિરના, રાખ પડતાં
થઇ ક્ષેત્રોમાં ખાતર, કૃષિ ઉગાડું હું બમણી. ૧૧

અને ભૂખ્યાં પેટે કણ થઇ પડી શાન્તિ અરપું,
ભરૂં ગાલે લાલી, અબલ તનમાં પ્રાણ પ્રસરું,
નવો જન્મ્યો સર્વે ઉરમહિં સૂણું, ગાન અધુરું
રહેલું મારી જે સરિત કવિતાકેરું ગરવું. ૧૨

વિલાતાં હૈયાનો ગિરિવર, હશે જેહ વિરમી,
શમાઇ અબ્ધિમાં, જલધર થઇ વૃષ્ટિ શતધા
ઝરંતી, ધારાના મરમર સ્વરોમાંથિ સુખદા
ફરી એ ગુંજે જે કવન અધુરું, જંતર રગી. ૧૩

રહે હસ્તેહસ્તે, કરણકરણે નાદ ઉભરે,
સ્વયં હું શ્રોતા ને કવન કરનારો હું જ બનું,
મહા આત્મૌપમ્યે તન જગતને અર્પું અદનું,
પ્રભો! એ સદ્ભાવી અરથ તલસું કેમ ન ખરે? ૧૪

સુન્દરમ્

કવિતા કે એકલું પાણી કેટલી મદદ કરે? ૮ અદ્રિ-ડુંગર, હૃદય અથવા સમગ્ર જીવન-કાવ્યનું ઉત્પાદક. ૯ ગિરિસમ ઊંચા-તુમાખી રાજાઓ, મહારાજાઓ વગેરે બીજાને દબાવી ઊંચા થએલા લોકો. અવધિ-મર્યાદા. ૧૦ કમકમો-કંપ; સમુદ્રને તળિયે, સમાજના આર્થિક તેમ જ બીજા અધઃપતનમાં સબડતો જનસમુદાય જે ધ્રૂજી રહ્યો છે. ૧૨ સર્વ શરીરમાં અન્નરૂપે પ્રવેશી હૃદયમાં જન્મેલા નવા ભાવ રૂપે કવિતાને સાંભળુ ૧૩ જેનું ગાયન ડુંગર સપાટ થઈ જતાં અટકી પડેલું, પણ તે જલધર-વાદળ રૂપે શતધા-સેંકડો પ્રકારે, વરસતી હશે, તેના ઝરમર અવાજમાંથી ઝરતું સંગીત. જંતર-વીણા; કળાઓની સૂચક; પ્રફુલ્લ જીવન હોય તો જ કળાઓ વિકસે ૧૪ હું જ સાંભળનાર ને હું જ ગાનાર; આત્મૌપમ્ય-સર્વ કોઇને આત્મા-પોતાના જેવા જ ભાવથી જોવું તે.

સુશોભનો આલેખનારઃ કૃષ્ણલાલ ભટ્ટ



શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

શાંતિ એટલે જીવનના અનંત પટની વાસ્તવિક ભૂમિકા; શાંતિ એટલે વાસ્તવિક આનંદની પ્રતિષ્ઠા; શાંતિ એટલે ક્રિયાશીલતાનો, સમર્થ ક્રિયાશક્તિનો, કાર્યદક્ષતાનો તથા કાર્યક્ષમતાનો અભાવ—એમ માનવું એ ભૂલ છે. વળી શાંતિ એટલે ઐહિક જીવનનો અણવિશ્વાસ, એમ પણ માનવામાં આવે છે. પરંતુ, એ બધાં 'શાંતિ' નથી. એ તો તમોગુણનું મૃત્યુ છે.

સાચા કર્મકૌશલનો આધાર શાંતિ છે. સચોટ કાર્યદક્ષતા શાંતિમાંથી જન્મે છે. ખરી શાંતિમાં અદ્ભુત ક્રિયાશીલતા છે.

પરંતુ શાંતિ એટલે ધમપછાડાનો અસ્વીકાર ખરો. શાંતિ એટલે આરંભોમાં રહેલી તીવ્ર ચંચળતા અને ઝંઝાવાતના જેવી ઉતાવળ તથા ઉત્પાતનો અભાવ ખરો.

જેણે શાંતિ મેળવી છે તેણે વિશ્વનું આધ્યાત્મિક ગુરુત્વમધ્યબિંદુ મેળવ્યું જાણવું. વિશ્વના દિવ્ય નિયમના છંદને તે જાણે છે; અને જાણીને, પોતાની ગતિ તેની સાથે સંવાદી બનાવી શકે છે. તેના જીવનમાં તાલભંગ સંગીત સંભળાતું નથી.

સૂર્ય ને પૃથ્વીનાં અયનોથી પાર, અનંત આકાશમાં ચમકતાં બ્રહ્માંડોની છંદપ્રેરિત સતત ગતિની શાંતિ માનવ જાણતો નથી. તે પર્વતોની શાંત ભવ્યતાને જોઇ શકતો નથી. વિસ્તૃત જંગલોની ગાઢ ઘટાઓમાં થોકેથોક સીંચાએલા શાંત જીવનનો તેને ખ્યાલ હોતો નથી.

આપણો 'કાર્ય'નો ખ્યાલ પણ કેવો ગ્રામ્ય અને સંકુચિત છે? 'મહાન' માની લીધેલા કે ખરેખરા મહાન કોઇ કાર્યનો આરંભ કરતાં પહેલાં આપણને ઢોલ પીટ્યા વિના નથી ચાલતું. ઉચિત શોરબકોર વડે તે કાર્યની ઇષ્ટતાનું અને કૃતેહનું માપ કાઢીએ છીએ!

જ્યારે આપણી નજર આગળ પ્રતિદિન સૂર્યનારાયણ એની એ શાંત ભવ્યતાની પુનરુક્તિ કરતો આકાશમાં આરૂઢ થાય છે; પુષ્પોની કળી રાત્રિના ગહન મૌનમાં વિકસે છે અને પ્રફુલ્લ પુષ્પ રૂપે ઉષાનું સ્વાગત કરે છે; અને પ્રચંડ વટવૃક્ષનો અંકુર અજ્ઞાતપણે પૃથ્વીના પડમાંથી બહાર પડે છે!

કળામાં પણ અસર ઉત્પન્ન કરવાના તનતોડ પ્રયત્નો થતા જોઇએ છીએ. આપણા સર્જકો ભૂલી જાય છે કે સર્જનનો સમય આત્મસંજ્ઞાનો સમય નથી. ઉચ્ચ સર્જન અસર કરે છે પરંતુ અસર કરવા પ્રયત્ન કરતું નથી. અને આપણા કલાપ્રદેશમાં મંથનદશાથી ઊછળતાં ફીણ અને અશાંત જળની ઊથલપાથલ આપણને વધારે જણાય છે. જ્યારે વાસ્તવિક સર્જન મંથનકાળના દુઃખકર અનુભવ પછી પથરાતી શાંતિમાંથી પ્રભુપ્રસાદી રૂપે, વિધાયકને પ્રાપ્ત થાય છે ત્યારે જ વિધાયકના અંતરમાં આનંદનું સ્વપ્ન સદાને માટે જાગ્રત થાય છે, તેને સર્જનની કળા લાધે છે, અને સુખદુઃખના મંથનથી પર થવાની ચાવી તેને જડે છે.

આપણને શાંતિ મળતી નથી, કારણકે જીવનસાગરની સપાટીનાં મોજાંઓ ઉપર આપણે રહીએ છીએ. શાંતિ તો તેના ગહન ઊંડાણમાં ડૂબકી મારવાથી જ મળે. આપણે બાહ્ય જીવનમાં એવા ઘસડાઈ રહ્યા છીએ, તેનો કોલાહલ સાંભળવામાં આપણે એટલા રોકાઇ ગયા છીએ કે અંતરાત્માનો ઊંડો સાદ સાંભળવાને આપણને તક કે સમય સરખાં પણ મળતાં નથી! આપણા જીવનની સપાટી પર રમતા વિકારી વ્યક્તિત્વની વાસનાઓ તૃપ્ત કરવામાં, આપણામાં રહેલા બહિર્મુખ માનવની કામનાઓને સંતોષવામાં, આપણે એટલા તો મશગૂલ થઇ ગયા હોઇએ છીએ કે આપણા અંતરનાં ગહન ઊંડાણની શાંતિમાં રહેલો ખરો માનવ—આપણું સાચું વ્યક્તિત્વ—આધ્યાત્મિક ભૂખમરો વેઠે છે, તેની જરૂરિયાતને આપણે ભાગ્યે જ જાણીએ છીએ.

શાંતિનો મર્મ જાણનારાઓએ આપણને વેદ, ઉપનિષદ્ અને ષડ્દર્શનો આપ્યાં છે. એમણે ગૌતમબુદ્ધની ધ્યાનસ્થ તથા નિર્વાણનાં આનંદ-શાંતિભરી, અને વિરાટમાં નૃત્ય કરી રહેલી નટરાજની સર્જક-વિનાશક, કલામૂર્તિઓનું સર્જન કરાવ્યું છે. આપણને આજે પણ એ શાંતિ પ્રાપ્ત થાઓ અને આપણા



જીવનની દૃઢ પ્રતિષ્ઠા પરમ શાંતિના અચલ પાયા ઉપર થઇને સર્વગ્રાહી, સમન્વિત જીવનની રચના કરો.

અંબાલાલ પુરાણી

પોતાનાં માબાપનું દર્શન તો શું પણ જ્ઞાન સરખું યે જેને ન હોય એવાં અનાથાશ્રમનાં બાળકોમાં પણ

માડી

નામ	ઓળખ	વય
મફત	અનાથાશ્રમનાં બાળકો	૧૨
કંકુ		૧૦
પરસન	ચાકર	૩૭
જેઠાલાલ	વ્યવસ્થાપક	૪૯
નંદનાથ	દાક્તર	૨૬

ચિત્ર પહેલું

[નદીની એક બાજુ મોટું શહેર છે. મીલો અને મોટરોનાં ભૂંગળાંના અવાજથી આખો દિવસ એ ગાજતું હોય છે. પણ બીજી બાજુ સારી એવી શાંતિ રહે છે. કેટલાંક છૂટાંછવાયાં મકાનો દેખાય છે. છેક છેવાડે અનાથાશ્રમ આવેલો છે.

અનાથાશ્રમની આગળ મોટું ફળી છે. તેમાં કસરતનાં સાધનો ઊભાં કરેલાં હોવાથી દેખાવ સુંદર લાગે છે. અહીંઆ મફત આંટા મારતો હોય છે. કંકુ અંદરથી દોડતી કૂદતી આવે છે.]

કંકુ: મફત, તારી આંખો કેમ સૂજી ગઇ છે? —આજે સવારે પ્રાર્થનામાં કેમ નહોતો?—જેઠામામા મને કહે કે મફતને શોધી આવ. મેં નટવરને પૂછ્યું તો કહે કે ખબર નથી. પરસનમાશીએ તો તને બે દિવસથી દીઠો નથી! મફત, તને થયું છે શું?

મફત: કાંઇ નહિ, કંકુ.

કંકુ: ત્યારે આવો ઉદાસ કેમ રહે છે?

મફત: અમસ્થો.

કંકુ: (હાથ પકડી) ચાલ, જેઠામામા તને સંભારે છે.

મફત: ભલે સંભારે; મારે નથી આવવું.

કંકુ: (નવાઈથી) એમ તે થાય? એમને ના પડાય?

મફત: કંકુ, મારા ઉપર એ ચીડાયા છે.

કંકુ: કેમ?

મફત: કાલે મારી નિશાળના માસ્તર એમને મળ્યા હશે. હું તદ્દન ઠોઠ છું, મને દાખલા આવડતા નથી, ભૂગોળમાં હું કાચો છું, આવુંઆવું એમણે એમના મગજમાં ઠસાવ્યું છે. એટલે કાલે રાતે મને જેઠામામા કહે કે ભણવું હોય તો બરાબર ભણ, નહિતર છાપખાનામાં બીબાં ગોઠવવા જા.

કંકુ: અરે! એવું તે હોય? હું જેઠામામાને કહીશ કે તને ભણવા દે.

મફત: કંકુ, ભલી થઇ તું તો કાંઇ કહીશ જ નહિ. તારી જોડે રમવાની મને જેઠામામાએ ના પાડી છે.

કંકુ: કારણ?

મફત: જેઠામામા જાણે. [કંકુ વિચારમાં પડે છે.] સમજી, કંકુ?

કંકુ: મફત, તું જૂઠું બોલતો જણાય છે. એમ હોય તો જેઠામામા તને શોધવા મને કેમ મોકલે?

મફત: એ જ વાત છે ને? એમને ખરી ખાતરી કે હું ક્યાં હોઇશ તેની ખબર તને જ હોવાની.

[કંકુ નખ કરડવા લાગે છે.]

તારી જોડે રમ્યા કરું છું અને રખડ્યા કરું છું એટલે જ હું ભણવામાં પછાત રહું છું એમ એ કહેતા હતા.

કંકુ: (ઢીલા મોંએ) તો તો પછી આપણને વાતો પણ નહિ કરવા દે, એમ?

મફત: એમ જ.

કંકુ: (મોં ચડાવી) ના; હું તો વાતો કરવાની. ભલે મને જેઠામામા લપડાક લગાવે; તો યે હું તારી જોડે બોલવાની. આપણે ક્યાં અટ્ટા કર્યા છે?

મફત: તો બોલી જોજે.

કંકુ: (ખભા ઝાલી) અને મફત, તું યે બોલીશ ને?

[મફત મૂંગો રહે છે.]

(આજીજી કરતી) મફત, બોલ ને?

મફત: (ધીરે સાદે) બો લી શ.

કંકુ: (બરડો થાબડી, જોરથી) બસ મારા ભાઇ.

[દૂરથી જેઠાલાલનો અવાજ આવે છે.]

જેઠાલાલ: કેમ રે કંકુબહેન! મફતભાઈ જોડે ત્યાં શી મસલત ચલાવો છો?

[બીકથી ભરેલાં કંકુ અને મફત એકબીજા સામે જોઇ રહે છે.]

મને આવવા દો.

મફત: (વળગી પડી) કંકુ, મને બચાવજે.

કંકુ: ગભરાઈશ નહિ, મફત. તને લાકડી મારવા જશે તો હું આડી આવીશ એટલે મને વાગશે. ભલે વાગે.

[બંને ચૂપચૂપ ઊભાં રહે છે. જેઠાલાલ આવે છે. ખભેથી ફાટેલું પહેરણ, છૂટી પાટલીનું ધોતિયું, કપાળે ચાંદલો અને હાથમાં આંકડી છે.]

જેઠાલાલ: કંકુ, મેં તને શું કહ્યું હતું? મફતને બોલાવવાનું કહ્યું હતું કે તેની જોડે વાતોએ વળગવાનું?

કંકુ: મામા, મફતને લગીર ઠીક નથી એટલે હું ખબર પૂછતી હતી.

જયાં

ભાંડુનાં હેતથી યે અધિક પ્રેમ પ્રગટે ત્યારે ન થાય કે માનવ હૃદય કોમ, કુળ કે લોહીના સંબંધોથી યે પર છે?

જેઠાલાલ: મફતલાલ, શું કાંઈ માંદા પડ્યા છો? દાક્તર સાહેબને બોલાવવા પડશે કે શું? (માથે હાથ મૂકી) માથામાં આધાશીશી ચડી છે કે પેટમાં ચૂંક ઊપડી છે? [મફત નીચું જોઇ રહે છે. જેઠાલાલ ન જુએ તેમ કંકુ મોં મચકોડે છે.]

(હાથ વડે મફતનું મોં પકડી ઊંચું કરી) મફતભાઈ, બોલો તો ખરા?—કે જીભ તાળવે ચોંટી ગઇ છે?

કંકુ: મામા, એની આંખો તો જુઓ.

જેઠાલાલ: અરે, હા. વાંચીવાંચીને ખૂબ સૂજી ગઇ જણાય છે! મફત, હવે બહુ મહેનત ન કરતો. નહિતર વળી પહેલે નંબર પાસ થઇ જવાશે!

કંકુ: પણ મામા, તમે તો એને કહેતા હતા ને કે એ સાવ ડોઠ છે?

જેઠાલાલ: (માથું હલાવી) બ રા બ ર. તને એણે વાત કરી ને? હું ધારતો જ હતો. એ તને ન કહે તો કોને કહે? આમ ને આમ તમે બેઉ રખડુ થઇ ગયાં છો. ન ભણવું, ન કોઇનું કહ્યું કરવું; ને બસ ખાવું પીવું ને ખેલવું! આ નહિ ચાલે. મારે તમને સીધાં દોર કરવાં પડશે.

[કંકુ અને મફતના પગ ધ્રૂજતા હોય છે.]

જ્યારે જોઉં ત્યારે તમે બંને સાથેના સાથે! ઘડી યે છૂટાં પડતાં તો જાણે જીવ જાય! તમારી વચ્ચે વળી એવું હેત શું? સગાં ભાઇબહેન હોય છે તે પણ આવી રીતે એકબીજાના પડછાયામાં નથી પડ્યાં રહેતાં.

કંકુ: પણ મામા. . . .

જેઠાલાલ: (રોફથી) મામા ને ફામા. વચ્ચે ન બોલ.

[કંકુ ડઘાઇ જાય છે.]

મફત, આજે લવચંદ શેઠને ત્યાં દીકરો આવ્યો તેની ખુશાલીમાં રસરોટલીનું જમણ છે. પણ તારે શરીરે ક્યાં સારું છે? એટલે તું તો અપવાસ કરજે.

કંકુ: અને . . .

જેઠાલાલ: વળી વચ્ચે બોલી? બહુ લાગતું હોય તો તું યે ભૂખી રહેજે.

કંકુ: મામા, હું તમને એ જ કહેવાની હતી.

મફત: કંકુ, તું ખુશીથી ખાજે.



જેઠાલાલ: ના. હવે કંકુને પણ ખાવા નહિ મળે.

[કંકુ અને મફત છાની રીતે એકબીજાને જોતાં હોય છે.]

આટલી આજની વાત. બીજી વાત પણ મારે તમને કહેવાની છે. મફતિયા, આજથી તારે આ કંકુડી જોડે ફરવાનું નથી. મેં તને એક વાર કહ્યું હતું અને આજે ફરી વાર—છેલ્લી વાર—કહું છું. હવે જો હું તમને સાથે જોઇશ તો તને તો હું કાઢી જ મૂકીશ. પછી પેટ ભરવા વાસ્તે ઘરેઘર ભીખવું પડશે.

[મફતની આંખો ક્યારની ભીંજાએલી છે.]

અને કંકુડી, તારી વાત પણ તું જાણી. જે મફતની વલે, તે તારી વલે થશે. [કંકુ ગભરાઇ ગઈ છે.]

(મફતનું બાવડું પકડી) ત્યારે મફત, ચાલ મારી જોડે. કંકુ તું પરસન પાસે જા. એ કહે એમ કરજે.

[જેઠાલાલ મફતને લઇ જાય છે. કંકુથી ડૂસકું મૂકી જવાય છે]

ચિત્ર બીજું

[કંકુ અને પરસન એક ઓટલા ઉપર બેઠાંબેઠાં વાતો કરે છે.]

પરસન: (શિખામણથી) કંકુ, તું ડાહી થા. હઠ જવા દે. ગમે તેમ તો યે જેઠામામા આપણા વડીલ કહેવાય. વળી આશ્રમના ઉપરી ગણાય. એમનું કહ્યું કરવું જોઇએ.

કંકુ: (છણકાથી) કરીએ જ છીએ ને? સાત સાત દિવસ થયાં હું મફતને મળી પણ નથી!

પરસન: એટલું બસ નથી. તારે મફતના વિચારો પણ ન કરવા જોઇએ. વિચારો કરીને તો તું તારો



જીવ બાળે છે.

કંકુ: માશી, એમાં હું શું કરૂં? હું મફતને કેમ કરી ભૂલું? એના જેવો સારો છોકરો મને બીજો બતાવો તો ખરાં!—'કંકુ ગાંડી, કંકુ ગાંડી' કહી જ્યારે મને બધાં ચીડવતાં ત્યારે એકલો મફત મારી ભેર તાણતો. એની નિશાળમાં પતાસાં વહેંચાયાં હોય તો અરધો-અરધ એ મારે માટે રાખી મૂકતો. એ માંદો પડે ત્યારે એને જે મોસંબી મળે તેની પણ ચીર મને ચખાડ્યા વિના એ નથી રહ્યો. માશી, આવું તમે જાણો છો?

પરસન: કંકુ, હું મફતને ન ઓળખું? મેં તો તેને મોટો કર્યો છે.

કંકુ: એટલે, માશી?

પરસન: કંકુ, તારા જનમ પહેલાંની એ વાત. જે રાત્રે મફતને અહીં કોઇ મૂકી ગએલું એની એકબે દિવસ આગમચ મેં મારો રતન જેવો દીકરો ખોયો હતો.

કંકુ: માશી, એ ક્યાં ખોવાઇ ગયો હતો?

પરસન: બ્હેન, એને જમડા ઉપાડી ગયા હતા!

[પરસન ગળગળી થતાં કંકુ એની સામે ટગરટગર જોઇ રહે છે.]

પછી મફત મને સોંપાયો. સવારના જેવી હું ઘરકામમાંથી નવરી થતી કે હું મફતને આશ્રમમાંથી મારે ત્યાં લઇ આવતી. આખો વખત મારે ત્યાં રાખતી. કારણકે મારે એને પાળીપોષીને મોટો કરવાનો હતો. એને માટે મને પગાર મળતો. પેટના દીકરાની જેમ હું એને સાચવતી. નાનો હતો ત્યારે એ એવો સાજોસારો અને રૂડોરૂપાળો લાગતો કે એક વાર તો મને ઇનામમાં પાંચ રૂપિયા મળેલા. આજે એને આવડો મોટો જોઇને મારો જીવ ઠરે છે. અને જેઠામામા જ્યારે એને કાંઇ કહે છે ત્યારે મારૂં કાળજું વલોવાઇ જાય છે.

કંકુ: (હાવકારાથી) તે માશી, મને એમ કેમ ન થાય?

પરસન: થાય, થાય. એટલે તો હું તને કાંઇ કહેતી નથી. બાકી જેઠામામાએ તો મને કહ્યું છે કે કંકુને મફતનું નામ સુદ્ધાં ન લેવા દઇશ.

કંકુ: પરસનમાશી, જેઠામામા આવો જુલમ કેમ કરતા હશે?

પરસન: કંકુ, એમને એકે બ્હેન નથી. પછી ભાંડરડાંનાં હેતની એમને સમજ ક્યાંથી હોય? ભગવાને એમને દીકરી સરખી યે દીધી નથી કે એમની આંતરડી બાળકો તરફ કૂણી રહે.

કંકુ: માશી, તમે એમને ક્યારથી ઓળખો છો?

પરસન: અહીં રહેવા આવી ત્યારથી.

કંકુ: ક્યારે આવ્યાં?

પરસન: પાંચસાત વરસ થયાં હશે. કંકુ, મારૂં નસીબ ફૂટયું, બીજું સગુંવહાલું કોઇ હતું નહિ, મારૂં મન મફતમાં પરોવાયું એટલે હું અહીં કાયમની નોકરીમાં રહી ગઇ. પછી તો મફતને, તને અને બીજાં છોકરાંઓને રાજી રાખવામાં હું મારૂં દુઃખ ભૂલી ગઇ.

[કંકુ આમતેમ જોતી હોય છે.]

કંકુ: (દૂર નજર જતાં) જુઓ, જુઓ, માશીબા! પણે પેલું કોણ જાય છે?—મફત?

પરસન: (આંખો તાણી) લાગે છે તો એના જ જેવું.

કંકુ: (હોંશથી) અરે, એ જ! મારો મફત! માશી, હું એની આગળ જાઉં છું.

પરસન: પણ....

[પરસન આગળ બોલે એ અગાઉ તો કંકુ ત્યાંથી દોડી જાય છે. પરસન એ દિશામાં જોઇ રહે છે.]

ચિત્ર ત્રીજું

[આશ્રમનું ફળી વટાવી મફત જાહેર રસ્તા ઉપર ચાલતો હોય છે. ઘડીમાં આકાશમાં, તો ઘડીમાં પૂલ ઉપર, તો ઘડીમાં નદીમાં એ નજર નાંખે છે. બધી વખતે એ કંઈક બબડતો હોય છે]

મફત: (મનમાં) કંકુ ક્યાં હશે?—શું કરતી હશે?—મને સંભારતી હશે?—કે ભૂલી ગઈ હશે?—કાં તો નટવર જોડે રમતી હશે.—કાં તો પરસનમાશીએ એને પૂરી દીધી હશે.—જેઠામામાએ મને બરાબર સાત દિવસ કેદમાં રાખ્યો. આજે એક કલાક ફરવાની રજા આપી છે: પણ પાછાં જતાં જો મોડું થયું

તો નક્કી મારી જ નાખશે.

[મફત ફતાવળે પગલે ચાલવા લાગે છે.]

(ગરીબ મોંએ) પણ મને મારગમાં ક્યાંય કંકુ તો નહિ જ મળવાની ને? આઘેથી એનું મોં જોવા મળે તો યે મને કેટકેટલો આનંદ થાય!

[પાછળથી મોટરનો ખટારો ધસ્યો આવે છે. મફત પોતાની ધૂનમાં છે. એકદમ પાસે દોડી આવી કંકુ મફતને ધક્કો મારે છે. મફત આઘે જઇ પડે છે. પણ આમ કરવામાં કંકુ પોતે પડી જતાં, તેના ઉપર ખટારો ફરી વળે છે. આ જોઈ પરસનથી જે ચીસ પડાઇ જવાય છે તે અહીં સુધી સંભળાય છે. લોકો એકઠાં થવા લાગે છે. બેબાકળો બનેલો મફત 'કંકુ! ઓ કંકુ!' કરતો ક્યાંક ભાગી જાય છે.]



ચિત્ર ચોથું

[એક ખુરશી ઉપર જેઠાલાલ બેઠા છે. સામેના બાંકડા પાસે પરસન ઊભી છે. વચ્ચે ટેબલ છે. પડખે બેત્રણ ખાલી ખુરશીઓ છે. એકમાં સવારનાં આવેલાં છાપાં પડ્યાં છે. કપાળે ચડાવેલાં ચશ્માં આંખો ઉપર ઉતારી જેઠાલાલ 'સમાચાર' વાંચવા લાગે છે.]

પરસન: મામા, પછી કાંઇ મફતનો પત્તો?

જેઠાલાલ: (છાપામાંથી માથું કાઢી) પરસન, આ ત્રણ દિવસમાં આકાશપાતાળ એક કર્યાં! પણ નકામાં!

[જેઠાલાલ વળી વાંચવા લાગે છે.]

પરસન: ત્યારે હવે એ નહિ જ જડે?—આપણે મફતની આશા મૂકી દેવાની?

જેઠાલાલ: ના, પરસન. કદાચ જડી આવે.

પરસન: કઇ રીતે?

જેઠાલાલ: જો; આ છાપામાં જાહેરાત મોકલી હતી તે છપાઇ છે. મફતની ઊંચાઇ, અભ્યાસ, વાન વગેરે બધું એમાં જણાવ્યું છે. એટલે કોઇને મફત મળશે તો અહીં મોકલી આપશે.

પરસન: (ઉત્સુકતાથી) મામા, એવું બનતું હશે?

જેઠાલાલ:(નિરાંત જીવે)સોએ એકટકો આશાખરી.

પરસન: (ઘેલી બની) અરે! મફતિયો પાછો આવે તો તો અંબા માને સવા રૂપિયો ને નાળીએર વધેરાવું.

જેઠાલાલ: (દાઢમાં હસતા) પણ પરસન, તને કેમ આટલું બધું લાગી આવે છે?

પરસન: મામા, તમને કાંઇ નથી લાગતું?

જેઠાલાલ: લાગે છે થોડુંઘણું. મને લાગે છે કે મફતને બહાર નીકળવા દેવામાં મેં ભૂલ કરી. પણ જે કાળે જે માંડ્યું હોય તે કાંઇ કોઇથી મિથ્યા થવાનું છે?

[પરસન કાંઇ કહેતી નથી.]

મને બીજું એ લાગે છે કે મેં એને જરા વધારેપડતો ધમકાવ્યો. પણ એ તો હું એના ભલા વાસ્તે કરતો હતો ને? એના માસ્તરે તો મારા મોંએ એનાં વખાણ કર્યાં હતાં. પણ જો હું મફતને ખરૂં કહીશ તો વળી ભાઇ કંકુ જોડે વધારે ને વધારે રખડશે એ બીકે મેં વાત જરા ફેરવીને કહી. મારા મનમાં એનું ભલું હતું.

પરસન: (અચકાતી) પણ મામા, થઇ ગયું બૂરૂં.

જેઠાલાલ: જે થવાનું હતું તે થયું. પણ મેં જરાક બે અક્ષર કહ્યા ત્યાં મફત મારી સામું બોલ્યો એટલે પછી મારે સખત થવું પડ્યું.

પરસન: (નવાઈ પામી) મફત તમારી—જેઠા-મામાની સામે બોલેલો?

જેઠાલાલ: હા. હા, વળી. મેં એને એટલું જ કહેલું કે કંકુ જોડે વાત ન કરીશ. એટલે એણે મને તરત જ જવાબ દીધો કે મરી જઇશ તો યે કંકુને મળ્યા વિના નહિ રહું. (નાક ચડાવી) એનો અર્થ શો?

[તાજેતરમાં દાક્તર થએલા નંદનાથ દાખલ થાય છે.]

નંદનાથ: કેમ, જેઠામામા?—શા સમાચાર છે?—બધાં છોકરાં મજામાં?

જેઠાલાલ: હા, દાક્તર સાહેબ. તમે આવવા લાગ્યા છો ત્યારથી સૌની તબિયતે સારૂં રહે છે. પણ...

નંદનાથ: પણ શું?

જેઠાલાલ: ગયા ગુરુવારે ભારે ઊથલપાથલ થઇ ગઇ. કંકુ કરીને એક છોકરી મોટર તળે ચગદાઇ મૂઇ. મફત નામે એક હોશિયાર છોકરો એ જ દિવસથી ક્યાંક ખોવાઇ ગયો છે.

પરસન: (ગળગળી જેવી) અને જડતો જ નથી!

જેઠાલાલ: જોકે છાપાંઓમાં આ બાબત છપાવી તો

છે એટલે એ મળી પણ આવે. આજના છાપામાં તમે એ નથી વાંચ્યું?

નંદનાથ: અરે જેઠામામા, અમારો ધંધો જ એવો રહ્યો! સવારના ઊઠ્યા કે તરત દરદીઓમાં જવાનું! વાંચવાનો વખત તે કાઢવો ક્યાંથી?

જેઠાલાલ: ખરી વાત છે, દાક્તર સાહેબ. ગમે તે રીતે વખત મેળવીને, આપ અઠવાડિયામાં એક વખત અહીં આવી જાઓ છો અને બિચારાં માબાપ વિનાનાં બાળકોને વગર પૈસે તપાસી જાઓ છો એનું પુણ્ય ઓછું નથી.

નંદનાથ: એ તો ઠીક. પણ તમે તો એમાં ચોવીસે કલાક રચ્યાપચ્યા રહો છો તેની તોલે કોઈ ન આવે.

[પરસન બંને ઉપર મનમાં ચીડાય છે. એવામાં ભારે જોડા ખખડાવતા જમાદાર અને સિપાઈ ત્યાં આવે છે. એમની વચ્ચે મફત છે. પરસન અને મફત સામસામાં દોડતાં વળગી પડે છે.]

જેઠાલાલ: (હસતા) પરસન, હું નહોતો કહેતો કે મફત જરૂર જડશે?

જમાદાર: (રૂઆબથી) શેઠજી, છોકરો તમારો છે કે?

જેઠાલાલ: હાજી.

જમાદાર: (ઠપકાથી) તો પછી આવા ગાંડાને રખડતો કેમ રાખો છો? પહેલાં સંભાળ ન રાખો, જડે નહિ એટલે જાહેરખબર આપો, ને પછી અમને ફેરો ખવડાવો! અમારા પગમાં તે કાંઇ પૈડાં છે? બોલો; હવે અમારા ચાપાણીનું કાંઇ થાય એમ છે કે નહિ?

[જેઠાલાલ જરા ગભરાય છે. નંદનાથ ગુસ્સામાં આવે છે. પણ પરસન પોતે રૂપિયો આપી દે છે. જમાદાર અને સિપાઇ લટક સલામ ભરી ચાલ્યા જાય છે.]

પરસન: (સોડમાં લઇ) બેટા મફત, આટલા દિવસ તું ક્યાં હતો? [મફત મૂગો રહે છે.]

જેઠાલાલ: દાક્તર સાહેબ, તમે મફતને પૂછી જુઓ તો?

નંદનાથ: (મફતને પાસે લઇ) છોકરા, તારા બાપનું નામ?—માનું નામ?

મફત: કંકુ.

[પરસન અને જેઠાલાલ વિચારમાં પડે છે.]

નંદનાથ: હંઅ. તારી માનું નામ કંકુ. પણ તારું?



મફત: કંકુ.

પરસન: મામા! મામા! પેલા જમાદારે કહ્યું તેમ મફત ગાંડો તો નથી થઈ ગયો ને?

જેઠાલાલ: અરે! ના રે ના. બોલ મફત, મારા કપાળમાં શું છે?

મફત: કંકુ.

જેઠાલાલ: લ્યો! મફતને કોણ ગાંડો કહેશે? કેવું ડાહ્યું ડાહ્યું બોલે છે!

નંદનાથ: જેઠામામા, તમે ભૂલો છો. મફતની આંખો કહે છે કે એનું ચિત્ત ઠેકાણે નથી.

પરસન: (ચિંતાથી) દાક્તર સાહેબ, એને થયું છે શું?

નંદનાથ: મને ખાસ ખબર નથી પડતી. પણ બહેન, પેલી મરી ગઇ એ કંકુ આને શું થાય?

જેઠાલાલ: (વચ્ચે) અરે સાહેબ, એવું શું પૂછો છો? બંને આ આશ્રમનાં બાળકો! સાથે રહેલાં એટલું જ.

નંદનાથ: (જેઠાલાલને) એટલું ઘણું છે. (પરસનને) ત્યારે તો બહેન, મફતને કંકુરોગ લાગુ પડ્યો છે.

પરસન: એ મટશે શી રીતે?

જેઠાલાલ: (હાથ લાંબો કરી) દાક્તર સાહેબની દવાથી.

નંદનાથ: (હાથ આડો ધરી) ના. તનના રોગ અમે મટાડી શકીએ. મનના રોગ મટાડવાનું અમારી શક્તિની બહાર છે. સમજ્યા, જેઠામામા?

[જેઠાલાલ જવાબ નથી વાળી શકતા. મફતને પોતાના ખોળામાં નાંખી પરસન પહેલાં અતિશય હેતથી એને દાબે છે, પછી ઉપરાઉપરી કંઇ કંઇ પૂછે છે. એ વખતે પરસનની આંખોમાંથી આંસુની ધારાઓ ચાલુ વહેતી હોય છે. મફત તો જ્યારેજ્યારે બોલે છે ત્યારે માત્ર એક જ શબ્દ બોલે છે—'કંકુ.']

યશવંત પંડ્યા

ચિત્રકાર: કનુ દેસાઈ



મન્મથ

ચિત્રકાર · જગન્નાથ અહિવાસી

મુંબાઇની સરકારી ચિત્રશાળામાં હિંદી કળાનો શુદ્ધ સ્વરૂપે આદર કરનાર ભાઇ અહિવાસી પહેલા છે એમ કહીએ તો ખોટું નથી. વ્રજના રહીશ છતાં સૌરાષ્ટ્રમાં ઉછરેલા એ ભાઇ વ્રજની ભક્તિ અને સૌરાષ્ટ્રની સાદાઇ પોતાનાં ધ્યાન તથા કળામાં પ્રકટાવી રહ્યા છે. સુકોમળ રેખા અને સુરમ્ય રંગોની તેમની ઉપાસના સફળ નીવડી છે. ઇંગ્લંડના વેમ્બ્લીના પ્રદર્શનમાં અને દિલ્હીના શાહી મહાલયોમાં એમની કલા પ્રશંસા અને પ્રતિષ્ઠા પામી છે. આજે તે મુંબાઇની જ કલાશાળામાં અધ્યાપક તરીકે અનેક ઊગતા ચિત્રકારોને પ્રેરણા અને પ્રોત્સાહનભર્યો સાથ આપી રહ્યા છે. ગુજરાતના અભિનવ ચિત્રકારોમાં તેમનું નામ આગળપડતું છે.



ઇંગ્લંડમાં લેવાએલો ફોટો — સાબરમતી આશ્રમના સૌજન્યથી

યુગમૂર્તિ ગાંધીજી

સંસ્કૃતિઓની માતામહી જ્યારે માનવતાને પારણે ઝુલાવી આર્યત્વના અમૃતે પોષતી તે

ઋગ્વેદીય સમયનું જીવન

ભૂસ્તરશાસ્ત્રીઓ કહે છે કે આપણી આ આજની પૃથ્વીએ ભૂતકાળમાં ઘણાં જુદાં-જુદાં સ્વરૂપો ધારણ કર્યાં છે. ઋગ્વેદના અભ્યાસકોને ઋગ્વેદમાં એવા પુરાવા લાગે છે કે આપણા પુરાણા ઋષિઓ,—આર્ષદ્રષ્ટાઓ જ્યારે સપ્તસિંધુમાં રહેતા ત્યારે હિંદુસ્તાનની ભૌગોલિક પરિસ્થિતિ આજે છે તેના કરતાં જુદી જ હતી. ઋગ્વેદમાં, સરસ્વતી નદી સમુદ્રમાં પોતાનાં પાણી ઠાલવતી એવો ઉલ્લેખ છે. આજે તો એવું કંઇ નથી. છતાં ભુસ્તરશાસ્ત્રીઓએ એવું સિદ્ધ કર્યું છે કે આજે જેને આપણે રજપૂતાના કહીએ છીએ તે એક વખતે જમીન હતી જ નહિ, પણ તેની તથા સિંધના તદ્દન નીચેના ભાગની જગ્યાએ સમુદ્રનો એક હસ્ત લંબાયો હતો. આ સમુદ્રને તેઓ રજપૂતાના સમુદ્રને નામે ઓળખે છે. ત્યારે સરસ્વતી નદી આ રજપૂતાના સમુદ્રને મળતી. આ સમય આજથી લગભગ ૨૫,૦૦૦ વર્ષ પહેલાંનો ગણાય છે.

આ કાળના ઋગ્વેદીય ઋષિઓ સપ્તસિંધુમાં જ રહેતા. ગંગા નદી સુધી તો હજી તેઓ પહોંચતા હતા. આ સપ્તસિંધુમાં આજનો પંજાબ તથા થોડોક સિંધનો ને થોડોક બલુચિસ્તાનનો ભાગ, એટલાનો સમાવેશ થતો.

આમ સૃષ્ટિના આરંભકાળે મનુજ વંશનાં પારણાં જેવા એ દેશમાં વસતા લોકો કેવા હતા, તેમની સંસ્કૃતિ કેવી હતી?

આ લોકો ઘણે ભાગે છૂટાછૂટા ગોઠમાં રહેતા; અને છતાં ક્યાંકક્યાંક કિલ્લેબંધી ગામો પણ હતાં ખરાં. સિંધમાં તો હજી આજે પણ દસેક ઘરનું એક નાનું ગામ હોય તેને ગોઠ કહેવાય છે. આ ગોઠનું મૂળ સંસ્કૃત રૂપ ગોષ્ઠ. તેનો અર્થ 'જ્યાં ગાયને રાખવામાં આવે તે જગ્યા.' આવા ગોઠો કોઇવાર એક જગ્યાએ પડાવ નાખતા તો કોઈ વાર બીજી જગ્યાએ. તે વખતે ગાય તો લોકધન કહેવાતું. જેની પાસે વધુ ગાય હોય તે વધુ પૈસાદાર ગણાય. પણ દરેક કુટુંબની પાસે જેટલી ગાય તે બધાને સાચવવાને દરેક કુટુંબને જુદા વાડા નહોતા, તેથી ઘણે ભાગે કેટલાંક કુટુંબ સાથે મળીને અમુક એક વાડામાં પોતાની ગાયોને બાંધતા ને સાથે રાખતા. આ વાડાને ગોત્ર કહેતા અને જે જે કુટુંબો એક જ વાડાનાં હતાં (એટલે કે જેમની ગાયો એક જ ગોત્રમાં રખાતી) તેઓ એક જ ગોત્રના કહેવાતા. સામાન્ય રીતે એક જ ગોત્રમાં ગાયો રાખનાર નજીકનાં સગપણવાળાં હશે તેથી પછીના કાળમાં એક જ ગોત્રમાં લગ્નની મનાઈ કરવામાં આવી છે. પણ આવાં ગોત્રમાં રહેતી બધી ગાયો તેમ જ બીજાં



આજે જ્યાં બંગાળા અને રજપૂતાના છે ત્યાં આજથી પચીસ હજાર વર્ષ પહેલાં સમુદ્ર પથરાએલો હતો; આજના તિબેટ ને હિમાલય સુધી ભૂમધ્ય સમુદ્ર લંબાએલો હતો; આજનો દક્ષિણ હિંદ તે વેળા સ્વતંત્ર ને અલગ દેશ હતો તથા પૂર્વે છેક ઑસ્ટ્રેલિયા ને પશ્ચિમે આફ્રિકા સુધી વિસ્તરેલો હતો.

જુદાંજુદાં ગોત્રમાં રહેતી બધી ગાયોને ચારવાને માટે વળી જુદી જગ્યા રાખવી પડતી. ચરવાની એક મોટી જગ્યા હોય તેમાં ચાર પાંચ ગોત્રની ગાયો એકઠી થઇને ચરે. આવી જગ્યાને ગોષ્ઠ કહેતા અને જેટલાં ગોત્રોની ગાયો એક જ ગોષ્ઠમાં ચરતી તે બધાં ગોત્રોની એક ગોષ્ઠી બનતી. આવી કેટલીક ગોષ્ઠીઓ મળીને એક ગામ બનતું. સામાન્ય રીતે તો આ ગોષ્ઠીઓનું કામ ગોપાલન અને ગોવર્ધનનું હતું; તેથી એક જગ્યાએ સ્થાયી થઇને તેઓ ન રહેતા, પણ જુદેજુદે સ્થળે વસતા. પરંતુ પછીના કાળમાં જ્યારે સમાજ ગોપપ્રધાન મટી કૃષિ-પ્રધાન બન્યો ત્યારે આવાં એકત્ર વસતાં કુટુંબોનાં ગોઠો અને ગ્રામો બન્યાં. આ સ્થાયી વસવાટના કાળ પછી, ઋગ્વેદમાં કેટલીક વાર ઉલ્લેખાયાં છે તે કિલ્લેબંધી-વાળાં ગામો અસ્તિત્વમાં આવ્યાં હશે. ઋગ્વેદની રચનાનો જેને આપણે મધ્યયુગ કહીએ તે કાળે તો આવાં સ્થાયી ગ્રામો હયાતીમાં હતાં જ. સમાજ કૃષિ-પ્રધાન હતો છતાં પ્રગતિશીલ હતો. તેથી તે કાળની સંસ્કૃતિ પ્રાથમિક યુગની દૃષ્ટિએ આશ્ચર્ય પમાડે તેવી હતી.

આ કાળના લોકોને લડાઇ જાણીતી નહોતી એમ નથી. તેઓ લડતા, પણ તેમનાં હથિયારો જુદાજુદા યુગનાં ભિન્નભિન્ન હતાં. પથ્થરનાં હથિયારોનો ઉલ્લેખ ઋગ્વેદમાં મળે છે. હાડકાંનાં હથિયારો વપરાતાં એમ ઇન્દ્રનું વજ્ર (જે દધિચિનાં હાડકાંનું બન્યું હતું એમ નોંધ છે) પુરવાર કરે છે. પછીના કાળમાં જાણીતાં લોઢાનાં હથિયારો પણ પ્રચારમાં હતાં. આ લોકોમાં રાજા હતો એટલું જ નહિ પણ આ રાજા કૌટિલ્યના વિજીગીષુની પેઠે વિજય કરવા પણ નીકળતો. છતાં એવા દાખલા ઓછા બનતા. આર્યોઆર્યોમાં પણ લડાઇ થતી ખરી, અને મહાભારતની આગાહી કરતો હોય તેવો દાશરાજ્ઞી વિગ્રહ ઋગ્વેદના ઐતિહાસિક પ્રસંગોમાંનો એક ચોક્કસ પ્રસંગ છે. આમાં સુદાસ વગેરે દસ રાજાઓને માંહોમાંહે જબ્બર વિગ્રહ થયો હતો. રાજગાદી આનુવંશિક હતી છતાં કેટલીક જગ્યાએ પ્રાંતિક સમિતિઓના મતથી રાજા ચૂંટાતો.

સામાન્ય રીતે સમાજમાં વર્ણો નહોતા. બ્રાહ્મણ અને ક્ષત્રિયના ઉલ્લેખ ઋગ્વેદમાં બહુ જ વિરલ છે. અને એક બ્રાહ્મણ લડાયક બની ક્ષાત્રધર્મ પ્રમાણે રહે તથા એક ક્ષત્રિય વનવાસ કરી બ્રાહ્મણધર્મ પ્રમાણે રહેતો કંઇ નવાઇની વાત નહોતી. કેટલા યે ક્ષત્રિયો ઋગ્વેદના મંત્રદ્રષ્ટાઓ છે. વળી ક્ષત્રિય-બ્રાહ્મણનાં આંતર્લગ્નો પણ થતાં. છતાં ઋગ્વેદીય યુગના અંતકાળે આ વર્ણો જુદા પડતા હતા. બ્રાહ્મણોનું–એટલે જે લોકો બ્રાહ્મણનાં કામ કરતા તેમનું સ્થાન સમાજમાં ઊંચું હતું.

એક વાત આ સ્થળે આપણે ન ભૂલવી જોઇએ કે ઋગ્વેદ યુગ એટલે કંઈ સો બસો વર્ષની વાત નથી, પણ હજાર કે બે હજાર કે તેથી પણ વધારે વર્ષો ઋગ્વેદનાં સૂક્તો રચાતાં લાગ્યાં હોય; આથી ઋગ્વેદમાં તદ્દન પ્રાથમિક યુગથી માંડીને ઠીકઠીક સંસ્કૃત થએલ યુગ સુધીના ઉલ્લેખો આવે છે. એટલે આપણી દૃષ્ટિ ચોક્કસ નહિ, પણ અસ્પષ્ટ રહેવાની. છતાં એ લાંબા સમયમાં શું શું હતું તે બને તો નક્કી સમજવાની બધાની ફરજ છે, એટલે આ લેખમાં 'એ કાળ' એવો જ્યાં ઉલ્લેખ હોય ત્યાં આ લાંબો કાળ સમજવાનો છે.

સમાજમાં યજ્ઞયાગ ખૂબ થતા, કર્મકાંડ પણ ખૂબ પ્રચારમાં હતો. વહેમ તે કાળના લોકોમાં હતો. તેઓ મંત્રોમાં માનતા. પણ સાથે જ પ્રકૃતિનાં તત્ત્વોને તેઓ દેવ તરીકે ગણી પૂજતા. અદ્વૈત બ્રહ્મનું તત્ત્વજ્ઞાન તો આ વખતે જન્મ પણ નહોતું પામ્યું. કાવ્યસર્જકો અને વિચારકોનાં મન સ્વતંત્ર હતાં, તેમની કલ્પનાનાં ઉડ્ડયનો અપ્રતિમ હતાં, તેથી તો આ કાળને અંતે 'પુરુષસૂક્ત' વગેરે એવાં સુંદર સૂક્તો રચાએલાં દેખાય છે.

લોકોને પોતાનાં ચારિત્ર્ય માટે નૈતિક ભય રહેતો, અને એમ લાગે છે કે સાધારણ રીતે લોકો સીધે માર્ગે જ ચાલ્યા જતા. છતાં આપણે જેને નીચી ભૂમિ-કાનાં ગણીએ એવાં,—શત્રુનો પરાજય થાય, પોતાના પુત્રો વીર બને, પોતાનાં ઢોરઢાંખરની સંપત્તિ વધે, વગેરે—પાર્થિવ સુખોની પ્રાર્થના ઠેરઠેર મળે છે.

લોકોનાં જીવન સરળ હતાં, જીવનની જરૂરિયાતો બહુ ઓછી હતી, એટલે કૃત્રિમતા પણ ઓછી હતી. જીવનમાં તાજગી ભરી હોય એવો તે યુગ હતો. સ્ત્રી-પુરુષોને સમાજમાં સરખું જ સ્થાન હતું. યજ્ઞમાં પત્ની પતિ સાથે ભાગ લઈ શકતી. સમાન મનથી ઉષ:કાળે યોગ્ય શબ્દો વડે, બંને દેવોને આરાધતાં. સભામાં સ્ત્રીપુરુષો સાથે મળીને જતાં એવા ઉલ્લેખો મળે છે. હરવાફરવામાં પણ કોઇ ટેકરીના ઢોળાવ ઉપર કે કોઇ લીલોતરીથી છવાઈ રહેલ વનપ્રદેશમાં પ્રેમીઓ સાથે

મળી ખૂબ આનંદ લૂંટતાં. વળી ઋગ્વેદનાં કેટલાંક સૂક્તો સ્ત્રીઓએ પણ બનાવ્યાં છે. સ્ત્રીનું સ્થાન ઋગ્વેદના કાળમાં ઊંચું હતું એમાં શંકા નથી.

અને યુવાનો સ્વાતંત્ર્ય અને બળના પૂજારી હતા. રમતગમતના મેળાવડાઓમાં યુવાનો અને યુવતીઓ ખૂબ ભાગ લેતાં. છૂટાં જીવન, કૃત્રિમ વાતાવરણનો અભાવ અને નિત્ય જીવનમાં અભય વધારવાની જરૂરને લીધે યુવાનો તે કાળે સ્વાશ્રયી અને બલશાળી બનતા. તેમાંથી કેટલાક પોતાની અપૂર્વ મેધાના ચમત્કારાથી ઋષિ તરીકે પણ ઉત્તમ સ્થાન મેળવતા, જ્યારે બીજાઓ સામાન્ય વ્યવહારમાં કુશળ બનતા.

લગ્નમાં લોકો બહુધા એકપત્નીત્વ પાળતા, પણ લડાયક વર્ગોમાં બહુપત્નીત્વનો પ્રચાર પણ સારી પેઠે હશે એમ લાગે છે. બ્રાહ્મણોમાં પણ બહુપત્નીત્વ હોવાના દાખલા મળે છે. બહુપતિત્વના રિવાજથી એ સમાજ અજાણ નહોતો; પણ એનાં દષ્ટાંતો અમુક જાતિઓમાં જ મળતાં. સામાજિક ઉત્સવો અને એવા બીજા પ્રસંગોએ યુવકયુવતીઓ મળતાં અને આવા પ્રસંગે થએલી ઓળખાણ જો લાંબી ચાલતી તો લગ્ન માટે પિતાની અથવા તેની ગેરહાજરીમાં જ્યેષ્ઠ ભ્રાતાના સંમતિ લેવી પડતી. અરસપરસ દ્રવ્ય વગેરે આપવામાં આવતું. વિધવાના પુનરુદ્વાહનો ચાલ તે કાળે હતો.


લોકો જુદાજુદા ધંધા કરતા. કઠિયારો લાકડાં કાપવાનું તેમજ સુતારનું કામ કરતો. મોચી ચામડું ભેગું કરી, મશક, ધનુષની દોરી વગેરે બનાવતો. લુહાર ને કુંભાર પણ હતા. સ્ત્રીઓ સાદડીઓ ભરવાનું, વણવાનું ને ગૂંથવાનું જાણતી. લૂગડાં વણવાની કળામાં તે કાળના લોકોએ ઠીક પ્રવીણતા મેળવી હતી. કારીગરો હથિયારો બનાવવામાં કુશળ હતા. રથ વગેરે વાહનો પણ બનતાં.

વહાણવટામાં તો તે કાળના લોકો સારી પેઠે આગળ વધેલા હતા. તેમનું વહાણવટું માત્ર સિંધુ નદીમાં જ મર્યાદિત નહોતું, પણ સમુદ્રની સફરે પણ તેઓ જતા એમ હવે તો પૂરવાર થઇ ગયું છે. ત્રણ દિવસ સુધી ભુજ્યુને દરિયામાં મુસાફરી કરવી પડી હતી તે કોઈ નદીમાં ન હોય. વળી ભુજ્યુની નૌકાને ૧૦૦ હલેસાં હતાં એવો ઉલ્લેખ છે તે ઉપરથી નૌકારચનામાં પણ તેઓએ સારી પેઠે પ્રગતિ કરી હશે એમ સિદ્ધ થાય છે.

જુદીજુદી કળાઓમાં સંગીતકળાનો વિકાસ તે વખતે ઠીકઠીક થયો હશે એમ કહી શકાય. સામવેદમાં મળતી ખૂબ વિકસેલી સંગીત પદ્ધતિ ઋગ્વેદના કાળથી પ્રચાર પામવા માંડી હશે. નૃત્યકળામાં પણ તે લોકો પ્રાથમિક ભૂમિકા છોડીને આગળ વધ્યા હશે. યુવકયુવતીઓનાં મિશ્ર નૃત્યોના ઉલ્લેખો પણ મળે છે. નાટ્યના ઉલ્લેખ નથી. લખવાની કળા જાણીતી હશે, તોપણ બહુ જ પ્રાથમિક દશામાં હોવાનો સંભવ છે. વૈદકમાં વિકાસ થતો હતો. ખગોળવિદ્યામાં કેટલાક ગ્રહોને તેઓ પારખી શક્યા હતા. ચાંદ્ર અને સૌર્ય બંને વર્ષો તેઓ જાણતા. પણ એક કળા જે ચિરકાળથી વિકાસ પામતી હતી, તે કાવ્યકલા. ઋગ્વેદના ઋષિયોની કાવ્યશક્તિ આજે પણ જગતભરમાં માથું ઊંચું રાખે તેમ છે.

આવાં સુખી જીવનમાં પણ દુઃખનાં ધાબાં હતાં. ત્યારે ચોરલૂંટારા હતા; લુચ્ચા લફંગા પણ હતા. અરક્ષિત કન્યાઓ ઉપરના જુલમો અને પરિણીત સ્ત્રીનાં નીતિશૈથિલ્ય વિષે અહીંતહીં ઉલ્લેખો મળે છે ખરા. તે કાળે પણ સ્ત્રીને ચંચળ, અવિશ્વસનીય અને નિર્ણયહીન ગણવામાં આવતી. કુમારિકા પુત્રનો એકાદ ઉલ્લેખ પણ મળે છે. પાપાચારી સ્ત્રીઓ પોતાનાં પાપકર્મોનાં ફળને સંતાડવાનો અપરાધ કરતી; અને વારાંગનાઓ પણ તે વખતે નહોતી એમ નથી લાગતું. વળી જુગાર રમવાની ટેવ પણ ઠીકઠીક પ્રચારમાં હશે એમ અનુમાન થાય છે. મદ્ય નહિ પણ મદ ચડે એવાં પીણાંનો પ્રચાર તો બહુ વ્યાપક હતો. દરેક યજ્ઞ વખતે સોમપાન આવશ્યક ગણાતું અને એક સૂક્તમાં તો સોમપાને મત્ત બનેલા ઇન્દ્રની સ્થિતિનું વર્ણન કરીને તે ઋષિએ, આવાં પીણાંથી ભાન ભૂલી જતા બ્રાહ્મણો ઉપર ઠીક કટાક્ષ કર્યો છે.


ડોલરરાય રંગીલદાસ માંકડ



માનવજાતિના અક્ષય કલ્પવૃક્ષ **કુમારમાંથી** જ જગના પુરુષોત્તમો પાંગર્યા છે



માનવજાતને પ્રભુએ વરદાન આપ્યું. એ વરદાન તે કુમાર. માનવી જે જે માગે છે તે તે કુમાર આપે છે. દુનિયા જે કંઇ કહે છે તે કુમાર જાણે છે. માનવીનું કલ્પવૃક્ષ તે કુમાર.



એક પ્રભુદ્રોહી રાક્ષસ હતો. સર્વવ્યાપી સર્વસમર્થ સત્તાનો તે અનાદર કરતો હતો. પ્રભુની ભક્તિને તે પાપ માનતો–મનાવતો હતો. ભક્તિ વગર ગૂંગળાઇ ગએલી પ્રજાએ એક ભક્ત માગ્યો. રાક્ષસનો જ કુમાર એ ભક્ત બની ઊભો. પ્રભુને પાણીમાં, પથ્થરમાં, પાવકમાં પ્રગટ કરી તેણે પ્રભુમહિમા પ્રત્યક્ષ કરાવ્યો. પ્રભુદ્રોહી યુગને ભક્તની જરૂર પડી ત્યારે કુમારમાંથી જ પુણ્યશ્લોક ભક્ત પ્રલ્હાદ વિકસ્યો!



આર્યો નર્મદાકિનારે આવી અટક્યા. કદાચ આર્યોનું આર્યત્વ ત્યાં સુધીમાં ખૂટી ગયું હશે. પરંતુ આર્યત્વ તો જગતભરમાં ફેલાવા માટે સર્જાએલું છે. તે નર્મદાનાં નીર કે વિંધ્યની દીવાલો આગળજ કેમ અટકી જાય? એક કુમારમાં એ આર્યત્વ મૂર્તિમંત બની આખા દક્ષિણ ખંડ ઉપર ફેલાઇ ગયું. એ કુમાર તે રામ. તેણે હોડી ચલાવનાર ખારવાને આર્ય બનાવ્યો; ગીધ જેવાં પક્ષીઓનાં નામ ધારણ કરનાર વનવાસી જટાયુને આર્ય બનાવ્યો; ભીલડી શબરીને આર્ય બનાવી; વાનર સરખા ચપળ ને મસ્તીખોર દ્રવીડોમાં આર્યત્વ રેડ્યું; એટલું જ નહિ પરંતુ ભીષણ રાક્ષસોને પણ આર્યત્વના ઉપાસકો બનાવ્યા. આદર્શ આર્ય કોણ? એક કુમાર. આદર્શ આર્યત્વ કયું? એક વચન, એક બાણ અને એક પત્ની. એવો એકટેકી આર્ય કુમાર રાજા બને તો? પ્રજાસેવા જ એ રાજાના આર્યત્વનો અર્ક. આર્યાવર્તનો આદર્શ કોણ? કુમાર રામ. છેક આજ સુધી પણ તે જ આદર્શ રહ્યો છે. કુમારમાંથી પતિતપાવન રામનું પ્રાકટ્ય થયું.




પિતાને પદભ્રષ્ટ કરી, ભાઇભાંડુને કારાગૃહમાં પૂરી, ચારે પાસ જુલમ વર્તાવતો એક રાક્ષસી મનુષ્ય રાજ્ય કરતો હતો. એનું નામ કંસ. કંસ સમયમૂર્તિ હતો; રાજ્યસત્તાની સ્વાર્થમૂર્તિનું તે પ્રતિબિંબ હતો. કંસનું બૃહદ્ સ્વરૂપ તે કૌરવો; કંસનું કલામય સ્વરૂપ તે કૌરવો. જગત ઝંખતું હતું કે સ્વાર્થી રાજ્યસત્તાનો નાશ થાય. પછી તે રાજ્યસત્તા નિષ્ઠુરપણે સ્વાર્થપ્રદર્શન કરતી હોય કે પાસાબાજીઓ ખેલી સ્વાર્થને ઢાંકી રૂપાળાં રમકડાં રમાડતી હોય. એક મહાન કિશોર યમુનાકિનારે વેણુ વગાડતો ઊભો થયો. એ કુમારે કંસને માર્યો. કૌરવો તોયે ન સમજ્યા. અને વગરશસ્ત્રે એણે મહાભારત ગોઠવ્યું અને મદાંધ રાજ્યસત્તાને માટી ભેગી કરી. આમ રઢિયાળા કુમારમાંથી કૃષ્ણ પ્રગટ્યો!

ધર્મની નિર્મળ સાદાઇને સ્થાને કર્મકાંડના આડંબરની



પ્રતિષ્ઠા સ્થપાઇ. આત્મસમર્પણને બદલે પરાયાં બલિદાન માન્ય ગણાયાં. ધર્માંધોએ જ્ઞાનધ્યાનને સ્થળે વાચારહિત પશુઓને મારવા-બાળવામાં ધર્મરક્ષા માની. બળનાં પ્રાણીઓના અણુઅણુને વાચા થઈ. તેમના પોકારે એક કુમાર પ્રગટાવ્યો. એ કુમાર રાજકુમાર હતો. તેણે રાજ્યને ઠોકર મારી, વૈભવને તિલાંજલિ આપી, માબાપ અને પુત્રપત્નીને અળગાં કર્યાં અને આડંબરી ધર્મહુતાશ હોલવી જગતભરમાં **અહિંસા પરમો ધર્મઃ** એ સૂત્રનું શિક્ષણ ફેલાવ્યું. રાજકુમારમાંથી મહાદયાળુ મહાજ્ઞાની બુદ્ધ વિકસી આવ્યા.



નાનકડા ગ્રીસના એક નાના વિભાગનો રાજા ફિલિપ. અશ્વ એ રાજ્યકર્તાઓનું સનાતન વિજયચિહ્ન. અશ્વપૂજા એટલે વિશ્વવિજયની ભાવનાનું પૂજન. મહારાજા ફિલિપનો અશ્વ કોઇનું નિયમન માને નહિ ને કોઇને બેસવા દે નહિ. ભલભલા નામચીન સવારો એ અશ્વ આગળ હારી ગયા. એવે મેદાનમાંથી એક કુમાર નીકળી આવ્યો. રાજા ફિલિપનો જ તે કુમાર. સૌએ તેને વાર્યો. પરંતુ વારવાથી દૂર બેસી જાય એ તો વૃદ્ધત્વ, કૌમાર નહિ. ભયને હસતો કુમાર આગળ ધસ્યો. અશ્વને પકડી તેણે તેના ઉપર આરોહણ કર્યું. એ અશ્વારોહી કુમાર જગજ્જેતા સિકંદર તરીકે અમર થયો.

પેલું કોણ શાળામાં રમતી વખતે બરફના કિલ્લાઓ બાંધી મોરચા ગોઠવે છે? એ તો કુમાર નેપોલિયન. વનવાસી ભીલ બાળકોની ટુકડીઓ પાડી યુદ્ધના દાવ રમતા પેલા બીજા કુમારને જોયો? એ કુમાર વનરાજ. અને મહાભારતની વાતો વંચાતી પ્રેરણા પીતો બાળ હિંદુ હિંદનાં ઘડતર ઘડતો પેલો ત્રીજો કુમાર શિવાજી. કુમાર નેપોલિયન યુરોપ ધ્રુજાવતો જગતમાન્ય સેનાપતિ બની ઇતિહાસમાં અમર થયો. કુમાર વનરાજે પરદેશી ચાલુક્યોને હરાવી ગુજરાતને સ્વતંત્ર કર્યું. ચારે પાસ જકડી રહેલી મુસ્લીમ સત્તાના બંધ હચમચાવી, વચમાંથી એક મહાન હિંદુ રાજ્ય કોરી કાઢી, મુગલાઈ સમી સમર્થ સત્તાને ઊથલાવી નાખનારી હિંદુ સત્તાનો ઉત્પાદક મહાન શિવાજીએ કુમાર શિવાજીમાંથી જ ખીલી નીકળ્યો.





કુમારમાંથી શું શું ન નીપજે? કુમાર એ શક્યતાઓનો અખૂટ ભંડાર છે. જગતે જે માગ્યું તે કુમારોએ આપ્યું. કુમાર એ ભૂતકાળનો વારસ છે એ ખરૂં; પરંતુ બાપદાદાની મિલ્કત ઉપર બેઠો રહી મોજમજાહ કરનાર શક્તિહીન વારસ માત્ર નહિ. તે ભાવિનો સમર્થ યોજક પણ છે. ભવિષ્યની મહેલાતનો મધ્યસ્તંભ તે કુમાર.

ઊકળતા પાણીની વરાળ ચહાદાનીના ઢાંકણાને



નચાવતી હતી. એક કુમાર એ વરાળનૃત્યને બેઠો-બેઠો નીરખી રહ્યો હતો. એણે ધીમેધીમે વરાળ સાથે દોસ્તી બાંધી એ મહાશક્તિને પાળી. એકાએક માનવી જાદુગર બની ગયો. વરાળે માનવીને આગગાડી આપી, આગબોટ આપી, કારખાનાં આપ્યાં. ચાલતું જગત દોડતું બની ગયું. જગતને એ વરાળશક્તિની ભેટ આપનાર બીજો કોઇ જ નહિ પણ કુમાર જેમ્સ વૉટ હતો.

વીજળી આકાશમાં દોડતી નાચતી હતી. તેનાં 'ઝબક નર્તન' માનવીને ભય પમાડતાં હતાં. બીહામણું હસતી એ મહાશક્તિ મૃત્યુની વાહક હતી એટલું જ ભયભીત માનવી જાણતો હતો. એ શક્તિ એક કુમાર ઉપર પ્રસન્ન થઈ. પતંગ ઉડાડતા એ રમતિયાળ કુમાર જોડે રમવા તે પતંગની દોરીમાં ઊતરી આવી. કુમારે તેને ઓળખી; તેની આરાધના કરી. આજ જગતમાં વીજળી યુગ પ્રવર્તે છે. પૃથ્વીને એક છેડે બોલતા માનવીને બીજે છેડે ઊભેલો માનવી તે જ ક્ષણે સાંભળી શકે છે. વિલાયતમાં ચાલુ થતાં સંગીત ચીનમાં સંભળાય છે. માનવીના બોલને ચિરંજીવી બનાવી શકાય છે: તેનાં હલનચલનને જગતવ્યાપી બનાવી શકાય છે; એટલું જ નહિ પણ મૃત્યુસૂચક એ શક્તિના મૃત્યુનિવારક ગુણોની પણ ઝાંખી થવા લાગી છે. આવી એ વીજળી જગતમાં જાણીતી થઇ એક કુમારને લીધે. એ કુમાર બેન્જામિન ફ્રૅંકલિનનો આભાર જગત જુગજુગ સુધી નહિ ભૂલે. વરાળથી યે મોટો જાદૂ એ કુમારે જગતને ચરણે ધર્યો.

કુમારમાંથી જ વીર સેનાની થયા છે; સેનાપતિ નીપજ્યા છે. ચક્રવર્તી બન્યા છે. કુમારમાંથી જ ફિલસૂફ, સાહિત્યકાર ઉદ્ભવ્યા છે. વિજ્ઞાનવિદ્, શાસનધર અને પયગંબર કુમારોમાંથી જ પ્રગટ્યા છે. કુમાર એ જગતનો સાચો સૈનિક, સાચો સેવક અને સલાહકાર છે. કુમાર દ્વારા જગતે જે જે મેળવ્યું છે તેનો વિચાર કરતાં જગતે કુમાર પ્રત્યે પૂજ્યભાવ કેળવવો જોઇએ. કેટકેટલી વાર જગતનો તારણહાર કુમારમાંથી નીકળી આવ્યો છે?

રમણલાલ વ. દેસાઈ

ઉદ્ધાર

કંઇ કંઇ જીવનવારિ વલોવિયાં રે,
કંઇ કંઇ ઉલ્લંઘી મૃત્યુની પાળ જો;
કૂડા વળગાડોને ધૂપિયા રે,
કંઇ વળી કંઠે કરી બાંધ્યા માળ જો;
આવું કૈંક ચઢી, પડી, આખડ્યો રે.

મારું બાલહૃદય નવ જાણતું રે,
વાંકા, વિષમ, ભયદ મહામાર્ગ જો;
ટૂંકી દૃષ્ટિ ટૂંકું પ્રમાણતી રે.
ઊડતાં ગૂંગળાવે શ્રમ શ્વાસ જો;
સૂઝે ન ધામ અગોચર ક્યાં રહ્યું રે.

ગાજી ગાજી ગગનની કન્દરો રે,
ગરજી રજની વિદ્યુજ્જિવ્હ જો;
માઝા મૂકીને વરસ્યો મેહૂલો રે,
ફેંકી દૃષ્ટિને ચોમેર જો;
પાંખો ભીંજાઈ ભેગી થઈ રે.

ભાસ્યું અદશ પડું કોઇ ખીણમાં રે,
આવે હાથ ન કો આધાર જો;
ઊંડો ઊંડો વિશેષ હું ઊતરું રે,
ધારે, ઉદ્ધારે ન શું કોઈ જો?
હું તો મૂઢ, ન મેં કંઇએ કહ્યું રે.

ત્યાં તો ઊર્ધ્વ મને કોઈ ખેંચતું રે;
શો તેજોમય સૂત્રસંચાર જો!
રજની ક્યાં? ક્યાં વ્યોમતણી ગુહા યે?
ક્યાં મેઘ વીજ તણો સમુદાય જો?
પાંખોમાં બલ શું આવ્યું નવું રે!

જુગજુગદીધી ભોગળ તૂટતી રે,
આવે પાંખોમાં દૃઢ વેગ જો;
ઉન્નત પંથને આંખ ઉકેલતી રે,
શાળુ માર્ગપ્રદર્શક તેજ જો
કેવું અંતરગર્ભથી ફૂટતું રે!

લાધી લાધી અનન્તની આયખું રે,
લાધ્યા લાધ્યા સનાતન પંથ જો;
લાધ્યું લાધ્યું તિમિરનિવારણું રે,
લાધ્યો લાધ્યો અમરતણો મંત્ર જો;
એની સંગતિમાં નિત માણું રે.

સુંદરજી ગો. બેટાઈ

દેશદેશનાં માનવીઓનાં રૂપરંગ, શક્તિસ્વભાવ, ખોરાકપોશાક, ઉત્સવરંગ વગેરેમાં જણાતી વિભિન્નતાઓ

જીવન ઉપર થતી વાતાવરણની અસરને લીધે છે.

પ્રથમ દર્શને આ વિષયનું મહત્ત્વ સમજાય એવું નથી. હવા તે વળી માણસના જીવન ઉપર શી અસર કરે? આ પ્રશ્ન સ્વાભાવિક છે, પરંતુ સૂક્ષ્મ નિરીક્ષણ કરવામાં આવે તો જણાઇ આવે એમ છે કે મનુષ્યજીવનનાં ઘણાંખરાં અંગો ઉપર હવાની અસર થાય છે.

જગતના જુદાજુદા દેશો ઉપર હવાની કેવી અસર થાય છે એ વિષે લખતાં બહુ વિસ્તાર થાય એમ છે. અહીં માત્ર હિંદુસ્તાન અને વિશેષે કરીને ગુજરાતનાં મનુષ્યો ઉપર થતી અસરનો વિચાર કર્યો છે.

હવાની અસર માપવામાં સ્થળનું અંતર મહત્ત્વનું છે. કોઇપણ બે સ્થળોની વચ્ચે જેમ અંતર વધારે, તેમ અસરનું પ્રમાણ વધારે જણાશે. એક ખંડના બે છેડાનાં મનુષ્યોમાં જેટલો ભેદ જણાશે, તેટલો ભેદ એક દેશના બે છેડાનાં મનુષ્યોમાં નહિ જણાય. એશિયાની છેક ઉત્તરે રહેતા રશિયનો અને તેની છેક દક્ષિણે રહેતા શીઆમીઝ કે સીલોનીઝમાં જેટલો ભેદ જણાશે તેટલો રશિયાના જુદાજુદા પ્રાંતમાં રહેનારાઓમાં નહિ જણાય. તે જ પ્રમાણે એશિયાના અન્ય દેશના અને હિંદુસ્તાનના લોકોમાં જેટલો ભેદ જણાય તેટલો હિંદુસ્તાનના જુદાજુદા પ્રાંતમાં રહેનારામાં ન જણાય તે કુદરતી છે. આથી આ બાબતમાં આખા જગતના લોકોની સરખામણી કરવા કરતાં એક દેશના જુદાજુદા પ્રાંતના લોકોની સરખામણી કરવી એ વધારે મુશ્કેલ કામ છે. તેમાં યે એક દેશના એક જ પ્રાંતના જુદાજુદા ભાગમાં રહેનાર લોકોનો ભેદ પારખવો તે તો સર્વથા વધારે કઠિન છે.

આધુનિક યુગ યાંત્રિક છે. એથી અત્યારે પ્રાચીન સમયના જેટલી હવાની અસર થતી નથી. આજે પ્રવાસ અને વ્યવહારનાં સાધનો વિવિધ અને ઝડપવાળાં થયાં છે. બહુ દૂરનાં મનુષ્યો લાંબા સ્થળોએ ઓછા સમયમાં આવજા અને વસવાટ પણ કરી શકે છે, તેમ જ પોતાનો વ્યવસાય પૂરો થઇ રહે કે તરત અગર તો તેની વચમાં પણ પોતાના મૂળ વતનમાં સહેલાઇથી જઈ શકે છે. આથી કોઈ પ્રદેશની સ્થાયી અસર કાયમની ટકવા પામતી નથી. પ્રાચીન સમયમાં તેમ નહોતું. ઘર છોડ્યા પછી પાછું આવવું ચોક્કસ નહોતું અને પરદેશમાં કાયમનો વસવાટ કરવો પડતો.

વિજ્ઞાનના વિકાસથી જીવનનાં સાધનોની વિપુલતા અને સહજ પ્રાપ્તિ એટલી બધી થઇ છે કે શીત પ્રદેશનો માણસ ઉષ્ણ પ્રદેશમાં રહેવા આવે છતાં શીત પ્રદેશના જેવી સગવડ ભોગવી શકે, તેમ જ ઉષ્ણ પ્રદેશના માણસને પણ શીત પ્રદેશમાં રહેવું બહુ કઠિન ન લાગે.

પરદેશી રહેણીકરણીના સાર્વત્રિક અનુકરણથી તેમજ દેશ-ઐક્યની એકસરખી લાગણીથી પણ હિંદના જુદાજુદા પ્રાંતના લોકોનું જીવન હવે એક ધોરણવાળું થયે જાય છે. આથી કરીને આ અસર જોવામાં થોડાક કાળ પહેલાંના—પચાસેક વર્ષ ઉપરના—સમય પર દૃષ્ટિ રાખવી પડશે; તેમજ સ્પષ્ટ અસર પારખવામાં વ્યક્તિ નહિ, પણ લોકસમૂહને ધ્યાનમાં રાખવો પડશે.

હવાની અસરમાં પૂર્વપશ્ચિમ કરતાં ઉત્તરદક્ષિણનું અંતર ખાસ કરીને વધારે અગત્યનું છે. પૃથ્વીની મધ્યરેખા—વિષુવવૃત્ત—સૌથી વધારે ઉષ્ણ હોય છે. ત્યાંથી ઉત્તરે તથા દક્ષિણે જેમજેમ દૂર જઇએ તેમતેમ ગરમીનું પ્રમાણ ઘટે છે અને ઠંડીનું પ્રમાણ વધે છે. વિષુવવૃત્તની રેખા સીલોનથી દક્ષિણે સહેજ દૂર છે. આથી ઉત્તર હિંદ કરતાં દક્ષિણ હિંદમાં ગરમીનું પ્રમાણ વધારે હોય છે, છતાં પણ દક્ષિણ હિંદમાં કુદરતી રીતે ગરમીનું પ્રમાણ હોવું જોઇએ તેટલું નથી. તેનું કારણ એવું છે કે દક્ષિણ હિંદનો ભૂભાગ સાંકડો છે અને તેના બંને છેડે સમુદ્ર છે. સમુદ્રકિનારે ગરમીનું પ્રમાણ ઓછું રહે છે એ અનુભવની વાત છે. તેથી હિંદનો દક્ષિણ ભૂભાગ સાંકડો છે એ કુદરતી અનુકૂળતા જ સમજવી જોઇએ. આ જ કારણથી, કુદરતી રીતે દક્ષિણ ગુજરાતમાં ઉત્તર ગુજરાત કરતાં ગરમીનું પ્રમાણ વિશેષ હોવું જોઇએ છતાં ઓછું લાગે છે.

હવાની માણસના જીવન ઉપર થતી અસર હોવી જોઇએ તે તો આપણે અનુભવથી પણ જાણી શકીએ. આપણો સામાન્ય અનુભવ છે કે ઉનાળા કરતાં શિયાળામાં આપણા શરીરમાં બળ ને મનમાં સ્ફૂર્તિ વધારે રહે છે અને પહેલી ઋતુ કરતાં બીજીમાં આપણે વધારે કામ





ડાબી બાજુથી : પેશાવરી સ્ત્રી, દક્ષિણી સ્ત્રી, બાલીદેશની સ્ત્રી, અને સીઆમીઝ સ્ત્રી. પેશાવર તથા ઉત્તર હિંદની વતની સ્ત્રીઓના તંગ પોષાક અને લાંબા ઓઝલ પડદાને બદલે ઘેરવાળા ચણિયા અને ટૂંકા ઘૂમટા મધ્ય હિંદમાં બની જાય છે અને ધીમેધીમે તે ઓછા થઈ દક્ષિણિઓમાંથી તદ્દન નીકળી જાય છે. તેથી યે દક્ષિણ પ્રદેશમાં સીઆમીઝ સ્ત્રીઓ માત્ર કમરદેશને જ સાડાથી ઢાંકે છે ને બાલીની સ્ત્રીઓ તો કમર ઉપર જ કપડું વીંટાળે છે. પોશાકના આ ફેરફારોમાં દક્ષિણ દેશોના ગરમ વાતાવરણની અસર જ મુખ્ય છે.

કરી શકીએ છીએ ને થાક પણ ઓછો લાગે છે. ઠંડા દેશમાં રહેનારની ચામડીનો રંગ શ્વેત હોય છે ને ગરમ દેશમાં રહેનારની ચામડી શ્યામ હોય છે એ પણ સામાન્ય અનુભવની વાત છે. પંજાબી અને મદ્રાસીના રંગભેદ સ્પષ્ટ છે. ગુજરાત મધ્યમાં હોવાથી તેની હવા સમધારણ છે, તથા ચામડીનો રંગ પણ મધ્યમ છે.

ઠંડા પ્રદેશના લોકો બળવાન, તંદુરસ્ત અને કદાવર હોય છે, જ્યારે ગરમ પ્રદેશના લોકો પ્રમાણમાં નિર્બળ, રોગિષ્ટ ને નીચા કદના હોય છે. લશ્કરમાં ઉત્તર હિંદના લોકોની ભરતી ઘણી વધારે હોય છે તે આ કારણથી. ગુજરાતના ઉત્તરદક્ષિણ છેડા–કાઠિયાવાડ અને સુરત–માં પણ આ ભેદ કંઈક અંશે જણાશે.

શારીરિક કરતાં સામાજિક જીવનમાં હવાની અસર થોડા પ્રમાણમાં દેખાય છે, છતાં તે હોય છે તો ખરી જ. અહીં આપણે ખોરાક અને પોષાક એ બાબતનો જ વિચાર કરીશું. આપણો સામાન્ય અનુભવ છે કે આપણે શિયાળામાં ભારે ખોરાક પચાવી શકીએ છીએ, જ્યારે ઉનાળામાં તે પચતો નથી. આથી ઠંડા ઉત્તર હિંદનો ખોરાક ભારે હોય છે અને દક્ષિણ હિંદનો હલકો હોય છે. ઉત્તર હિંદમાં મુખ્ય ખોરાક રોટી અને બાટી છે, જ્યારે દક્ષિણમાં ચોખા મુખ્ય ખોરાક છે. શાકમાં જોઈશું તો ઉત્તરમાં કંદમૂળ અને દક્ષિણમાં ભાજીનું પ્રમાણ વિશેષ હોય છે. તેમ ઉત્તરમાં ખાંડ અને ઘીનો વાપર વિશેષ છે, જ્યારે દક્ષિણમાં ગોળ અને તેલનો ઉપયોગ વધારે થાય છે. કંદમૂળ, ઘી અને ખાંડ તે ભાજી, ગોળ અને તેલ કરતાં પચવામાં ભારે હોય છે એ જાણીતું છે. વળી આપણે જાણીએ છીએ કે ખટાશ એ ગરમીનું મારણ છે અને શિયાળા કરતાં ઉનાળામાં ખટાશ ઓછું નુકસાન કરે છે. આથી મદ્રાસીઓના ભોજનમાં આમલી ઘણા મોટા પ્રમાણમાં કેમ પેઠી છે એ સમજી શકાય છે. ઉત્તર હિંદના લોકોમાં ખટાશ ખાવાનો રિવાજ ઓછો છે. ગુજરાતમાં પણ ઉત્તરના ભાગમાં ઘીનો અને દક્ષિણ ભાગમાં તેલનો વપરાશ વધારે છે. ઉત્તર ગુજરાતમાં જમણવારની ઉત્તમતા ઘીના પ્રમાણથી મપાય છે, જ્યારે ભરૂચ સુરત તરફ તેલના પ્રમાણથી મપાય છે. વળી ઉત્તર ગુજરાતમાં શાક-અથાણામાં વધારે ગરમ સરસીઆનો ઉપયોગ થાય છે, જ્યારે દક્ષિણમાં ઓછા ગરમ તેલનો ઉપયોગ થાય છે. ઉત્તર હિંદના લોકોના ખોરાકમાં માંસનું તત્ત્વ દક્ષિણ હિંદના લોકોના ખોરાક કરતાં કેમ વધારે હોય છે તે પણ આ કારણથી સમજી શકાય એવું છે.

હવે પોષાક સંબંધી. ગરમ દેશના લોકો સુતરનાં અને ઠંડા દેશના લોકો ઊનનાં કપડાં પહેરે છે તે હવાના કારણથી એ તો તદ્દન સ્પષ્ટ છે. પણ બંને પ્રદેશનાં કપડાંનો ઘાટ પણ હવાને અનુકૂળ હોય છે. યુરોપમાં પાટલૂન અને હિંદુસ્તાનમાં ધોતિયું એ અનુકૂળ પોશાક

છે. યુરોપમાં પણ ઉત્તર ખંડમાં રહેનારા તંગ કપડાં પહેરે છે, જ્યારે દક્ષિણ ખંડમાં —જ્યાં ઠંડી કમી હોય છે ત્યાં—લોકો પહોળાં કપડાં પહેરે છે. હિંદુસ્તાનમાં પણ ઉત્તરના ભાગમાં પાયજામાનો રિવાજ અને દક્ષિણમાં ટૂંકા ધોતિયાનો રિવાજ આ જ કારણને આભારી છે. ઉત્તર હિંદની સ્ત્રીઓનો પોશાક જાડો અને સર્વ અંગ ઢંકાય તેવો મલાજાવાળો હોય છે, જ્યારે દક્ષિણ હિંદની સ્ત્રીઓ આછાં અને બહુ ઓછાં કપડાં પહેરે છે. ઉત્તર હિંદનો મોટો ઘાઘરો ગુજરાતમાં મધ્યમ કદનો થઇ દક્ષિણમાં તદ્દન અદૃશ્ય થઇ ગયો એ પણ ઋતુની અનુકૂળતાને લીધે જ હોવું જોઇએ. પડદાનો રિવાજ કંઇ મુસલમાનોએ દાખલ કર્યો નથી, પ્રાચીન રિવાજ છે. આ રિવાજ દક્ષિણ હિંદમાં નથી એમાં પણ હવાનું કારણ નહિ હોય શું ? ઉત્તર હિંદમાં મોટા ઘૂમટો, ગુજરાતમાં મધ્યમ, મહારાષ્ટ્રમાં ઉઘાડું માથું અને મલબાર તથા કેરળમાં છાતીની નીચે સાડી પહેરવાનો રિવાજ તપાસીશું તોપણ એમાં હવાનું તત્ત્વ જણાશે. ગુજરાતમાં જોઇશું તો ઉત્તર ગુજરાત અને કાઠિયાવાડમાં મોટી લાજ કાઢવાનો રિવાજ મધ્ય ગુજરાતમાં ટૂંકી લાજનો થઈ દક્ષિણ ગુજરાતમાં ધીમેધીમે અદૃશ્ય થઈ જાય છે એ પણ આ કારણથી જ.

આ ઉપરાંત ઉત્તર અને દક્ષિણના લોકોની ઘરબાંધણી, રમતગમતો ને ઉત્સવો જુદીજુદી તરેહનાં હોય છે. તેનું ઝીણવટથી નિરીક્ષણ કરવામાં આવે તો તેના મૂળમાં હવાની અનુકૂળતા સ્પષ્ટપણે જણાઇ આવશે.

હવાની અસર માનસિક બંધારણ ઉપર કેવી થાય છે તે હવે જોઇએ. શીત પ્રદેશના લોકો જેમ શરીરે સુદૃઢ અને બળવાન હોય છે, તેમ ઉદ્યોગી અને સાહસિક પણ હોય છે. તેથી ઊલટું ઉષ્ણ પ્રદેશની પ્રજા આળસુ અને જીવરખી હોય છે. પંજાબીઓમાં જે સાહસ અને કામ કરવાની ધગશ હોય છે તે મદ્રાસીઓમાં ઓછા અંશમાં જોવામાં આવે છે. ગુજરાતમાં પણ કાઠિયાવાડના લોકોની ખડતલ મહેનત અને સુરતીઓનો એશઆરામ જાણીતાં છે. ઠંડા પ્રદેશનો માણસ શાંત સ્વભાવનો અને ગંભીર હોય છે, જ્યારે ઉષ્ણ પ્રદેશનો રહેવાસી ઉશ્કેરાઈ જાય તેવો અને બટકબોલો હોય છે. તે ઉપરાંત તેનામાં વિલાસપ્રિયતા, હાસ્ય અને લાગણીનું પ્રાબલ્ય હોય છે. મદ્રાસીઓમાં રહેલી બોલવાની છટા ને સંગીતપ્રીતિ આ તત્ત્વના આધારે હશે. ગુજરાતમાં પણ સુરતી–ભરૂચીઓનો શોખ, રમૂજ ને સંગીતવિલાસ જાણીતાં છે. શીત પ્રદેશના લોકોની બુદ્ધિમાં જરા જડતા વધારે હોય છે પણ તેની સાથે તેમાં સ્થિરતા પણ હોય છે. પ્રાચીન કાળમાં ધર્મચિંતકો અને રાજ્યદ્વારી પુરુષો તથા હાલમાં અસાધારણ ગણિતશાસ્ત્રીઓ દક્ષિણમાં કેમ વિશેષ પ્રમાણમાં ઉત્પન્ન થયા એનું કારણ આ તત્ત્વ છે. સુરતીઓની બુદ્ધિની તીક્ષ્ણતા ને ચપળતા પણ એની સાક્ષી પૂરે છે.

માણસ જાતની વસાહતોનો પ્રાચીન ઇતિહાસ જોઇશું તો તેમાં પણ હવાની અસર જણાશે. પ્રથમ આપણી પૃથ્વીમાં ગરમીનું પ્રમાણ વધારે હતું, પણ ધીમેધીમે તે ઠંડી પડતી ગઇ છે. હાલ જે પ્રદેશો શીત કટિબંધમાં છે અને બરફથી ઢંકાએલા છે, તે પ્રથમ માણસને વસવાલાયક પ્રદેશ હતા એ હવે સિદ્ધ થએલી બીના છે. આર્યો પ્રથમ ઉત્તર ધ્રુવના પ્રદેશમાં રહેતા હતા એમ ઇતિહાસજ્ઞોનું માનવું છે. જેમજેમ એ પ્રદેશો ઠંડા થતા ગયા અને બીજા પ્રદેશોની ગરમી ઘટતી ગઇ તેમતેમ આર્યો દક્ષિણમાં આવવા લાગ્યા. હૂણ આદિ ભટકતી જાતોનાં હલનચલન પણ હવાની અસરને લઇને થતાં એમ ઐતિહાસિકોનો મત પ્રકટ થયો છે. મહારાજ્યોની સ્થાપના કે ધ્વંસમાં પણ હવાનું તત્ત્વ નહિ જ હોય એમ નથી. રોમન અને ઇસ્લામી સામ્રાજ્યો ઉત્તર યુરોપમાં ન ટક્યાં એનાં અનેક કારણો સાથે શું ઋતુની પ્રતિકૂળતા પણ એક કારણ નહિ હોય ? ઔરંગઝેબ દક્ષિણમાં ને મરાઠાઓ ઉત્તરમાં ન ફાવ્યા એમાં પણ આ તત્ત્વનો કંઇ જ ભાગ નહિ હોય ?

આપણા સંગીતશાસ્ત્રમાં પણ આ તત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. અમુક ઋતુમાં અમુક જ રાગ ગાઇ શકાય. દિવસના ગાવાના રાગ જુદા અને રાત્રિના જુદા, તેમાં પણ પ્રહર પ્રહર માટે પૃથક્પૃથક્ રાગ અને રાગણીઓ, આ ભેદનું કારણ શું ? અમુક પ્રકારના રાગને અમુક પ્રકારનું વાતાવરણ અનુકૂળ હોવું જોઇએ એ તત્ત્વ તેના મૂળમાં છે.

તે ઉપરાંત આપણાં ધર્મશાસ્ત્રો, જ્યોતિષ, વૈદક વગેરે વિષયોના ગ્રંથોમાં તપાસ કરવામાં આવે તો મનુષ્યના જીવન ઉપર હવાની અસર થાય છે એ તત્ત્વ જણાઇ આવશે. **રામલાલ ચુનીલાલ મોદી**


કલ્યાણ..

..બે અંકી ●

[આ આખું નાટક સંગીત–કાવ્ય–માં છે. એને શું નામ આપવું? ગીતિકા, ગીતનાટિકા, ઑપેરા, સંગીતનાટક, નાટિકા, ગીતાવલિ, ગીતા, વગેરે સંસ્કૃત (કે પછી પશ્ચિમની ભાષા)માંથી યોગ્ય શબ્દ શોધવામાં અથવા નવો યોજવામાં પંડિતો અને વિદ્વાનો સહાય કરશે એવી આશા રાખું છું. ¶ ભજવવા માટે જ આ લખેલું. ૧૯૨૯ના સપ્ટેમ્બરમાં ભજવવાનો પ્રયત્ન પણ કરેલો. જોકે શુદ્ધ સંગીત જે જે વસ્તુ માગી લે છે તેને અભાવે એકદમ ન ભજવી શકાયું: પણ સંગીતનો શોખ, અભ્યાસ, સગવડ, રૂચિ, સાધન વધતાં પહેલી તકે તે ભજવવાનો જ. બીજા કોઈ જો ભજવવા ધારે તો તે ઉત્સાહી ભાઈ બહેનોને એટલી વિનતિ કે લેખકને અગાઉથી વાકેફ કરી તખ્તા, પહેરવેશ, ગીતના રાગ-ઢાળ વગેરે સંબંધની તેમજ કેટલીક બીજી અનિવાર્ય સૂચનાઓ મંગાવી મેળવવી; તે વિના નહિ ભજવી શકે. સ્ત્રીઓનો પાઠ તો સ્ત્રીઓ જ ભજવે એ પણ ખરૂં. ¶ આ ગીતનાટક (કે જે કહો તે)નું મૂળ વસ્તુ મારા 'કલ્યાણ' નામના કાવ્યમાંથી લીધું છે. કોઈક સ્થળે તો એમાંથી આખી લીટીઓ પણ લીધી છે. ¶ આમાંના સંવાદ વગેરે સંગીતમાં કૃત્રિમ લાગે તો (સંગીતમાં તે વળી વાતો થાય? એવા આક્ષેપો થાય તો) તેના જવાબ આપી મારો બચાવ કરવા મારા કરતાં વધારે વિદ્વાન બંધુઓને માથે એ જોખમદારી નાખી દઉં છું. ઐતિહાસિક દાખલા દલીલો તેમજ આગલા નમૂના પ્રયાસ કે ભાગવિભાગ યા જાતિ-પેટાજાતિ વગેરે જૂનામાંથી શોધી રજુ કરવાની વધુ તસ્દી લીધા વિના પણ તેઓ ધારે તો સહજમાં મારે માટે વકાલત કરી શકશે.—લેખક]

● [બધે અંધારૂં: પ્રેક્ષક તેમજ રંગભૂમિ પર. દિલરૂબા, સતાર, વાયોલિન, તબલાં, એકતારો વગેરે સંગીતના સાજનો મંદ ધ્વનિ ધીમેધીમે વધવા માંડે છે ને પડદો ઊપડે છે. કયે વખતે કયું વાદિત્ર વાગે છે તે વિષે અહીં ખાસ સૂચના કરી નથી; એ ભજવતી વખતે.

હાથમાં આરતી લઈ, રંગભૂમિની મધ્યમાં એક દિશા તરફ મોં રાખી નાની બાળા કંકાવતી આરતી ઉતારી રહી છે ફક્ત એ દીવડાના પ્રકાશ વડે જ એનું મુખ જોઇ શકાય તો જોઇ શકાય એમ છે. એની પાછળ છોકરાઓનું ટોળું અવ્યવસ્થિત ઊભું છે. આરતી ઉતારતાં સૌ ગાય છે, કંકાવતી ગવડાવે તેમ]



વંદે માતરમ્.
વંદે માતરમ્.
નભ ગિરિવર ધવલશૃંગ મત્સરી,
પતિતપાવની વિમલ જલ રસેશ્વરી,
અમર ભોમ, એક કામથી ભરીઃ
માતરમ્
વંદે માતરમ્

સત્ય દીપકજ્યોત સકળ વિશ્વમુખ ધરી,
જગ સમક્ષ તું સ્વતંત્ર શિર કરી
ઊભી ધ્વજ ઉડાવતી ફરીઃ
માતરમ્
વંદે માતરમ્

ત્યાગ રૂપ તપ ધ્યેને સદા ભરી,
કર્મપંથ થકી નવ કદી જરી સરી,
પૂનિત પૂજ્ય, પરમ પ્રિય
માતરમ્
વંદે માતરમ્

[ગીત ગવાતાં જતાં અજવાળું ધીમેધીમે વધે છે. ગીત પૂરૂં થતાં છોકરાઓ વંદે માતરમનો ઘોષ કરે છે. આ પ્રસંગે પૂરૂં અજવાળું થતાં મોડા આવેલા સહેલાણીઓ પોતે અગાઉથી મુકરર કરેલી બેઠકે બેસી જઇ, છોકરાઓના અવાજ સાથે, પોતાથી બીજાઓને થતી નડતર કંઇક ઓછી કરી શકે છે.

પછી વાયોલિન પર અનુષ્ટુપ વાગી રહે છે.]

એક છોકરો:
માતાની પર્વણી આજે, કંકુ તેં ઊજવી રૂડી;
વર્ષમાં આજ તો સૌથી, માનીએ ધન્ય આ ઘડી.

બીજો છોકરો:
શાબાશી, વંદના સૌની, કંકુ બેન! ઘટે ઘણી;
વર્ષે વર્ષે ઊજાળજે, મોંઘેરી પળ આપણી.

કલ્યાણ:
અલ્યા જો! ખેલીએ દાવા, ચકભિલ્લુ હળીમળી;
રમત આંહી મેદાને, ગમ્મતે પડશે વળી.

ત્રીજો છોકરો:

ભાઇને રમતો વ્હાલી, બ્હેનને આરતી ગમે;
કંકુ કલ્યાણ! વા' જી વા'! ખરાં છો બેનભાઈ બે.

યુસુફ:

હાં, હાં, વહી સચ્ચ બાતાં, મયદાને જંગમેં પડો;
બનાદુ અબી દો ટોળી, ચલો! હો સામને ખડો.

[કલ્યાણ અને યુસુફ સામસામી માગણી કરે છે. એક નામ કલ્યાણ બોલે છે તો બીજું યુસુફ બોલે છે.]

કલ્યાણ |: મોંઘો મેં લીધો; ચંદુ, કુંવરજી, રભો, ધનો;
યુસુફ | ભચુ, રશ્મિ, શશિકાન્ત, મુસ્તફા, હઠીભાઇ તો.
રૂસ્તમ બાદશા' મારો, ભોળાનાથ ગઠંબડો,
રહ્યું કોણ હવે બાકી, અલ્યા મેદાનમાં પડો.
હાં હાં નરૂ, પછી રૂપો, જવાહીર, ગણો હવે;
ચારને ચાર છ આઠ, અમારા આંહી આ ઊભા;
કંકુ બ્હેન કહો તે લે, દા પહેલો વઢ્યા વિના.

બધા: હા, હા, છે એ ખરી વાત, કંકુબેન કહો તમે;
એક: પરંતુ બ્હેન જોજે હં! રખે ના ભાઇ સાંભરે.

[કંકુ વિચારમાં પડી જાય છે.]

કંકુ: (દોહરા)

ન ચિંત એની રાખજો, મુજ પર ના'વે આળ,
પક્ષ લઉં કો'નો નહિ, શબ્દ તણી રચું જાળ.
યુસુફ ને કલ્યાણ બે, આગળ આવો આમ;
ઉખાણું કહું એક તે, પારખજો આ ઠામ.
ચતુર હોય તે પારખી, પહેલો ઉત્તર દે.
તે ચક્રાવો ઘેરશે, બાકીના બેસે.

યુસુફ કલ્યાણ અને બીજા કેટલાક:

છે કબૂલ, અમને કબૂલ!
અમે થશું રમત મશગૂલ!
છે કબૂલ, અમને કબૂલ.

કંકુ: પંચાક્ષરના બે બની, નિશાપતિ કહેવાય;
બાકીના ત્રણ તો મળી, મુખનું નામ-રચાય.

બધા સાથે: ચન્દ્રવદન! ભાઈ, ચન્દ્રવદન.

કંકુ: સૌ બોલે સંગાથમાં (તો) ફોકટ હારી જાય;
નાયક હોય તે બોલશે, બીજા મૂંગા થાય.
ધોળું અન્ન સોહામણું, ચૂં ચૂં આવ્યો જાય;
આંખ પાંખ કે પગ નહિ, ગરીબનો મહારાય.
જયમ જયમ ખાતો જાય ત્યમ, બને મહા દાતાર,
ચતુર હોય તે ચેતશે, મૂરખ કરે વિચાર.

[થોડીવાર રહીને]

યુસુફ: એ તો, રૂડો મારો રેંટીઓ હો જી;
રૂડો મારો રેંટીઓ હો જી.

કંકુ: ખરૂં કહ્યું મુજ વીરલા! રમત કરો શરૂઆત,
હળીમળી સૌ ઉજવો, આજ રૂડી પરભાત.

[એક ટોળી દાવમાં આવે છે. ચકભિલ્લુ રમાવા માંડે છે. ચકની આસપાસ ફરતાંફરતાં ફરનાર ટોળી દોડધામ કરતાં સામાવાળાને ચીડવતાં, શૂર ચડાવતાં, પગ ઠોકતાં, કૂદાકૂદ કરતાં ગાય છે.]

સ્વતંત્રતા! સ્વતંત્રતા! રહો દિલે તું મૂર્તિમંત,
દેશ કાજ કીર્તિમોત, મેળવી બજાવી ફર્જ.

[ગમે તેમ લીટીઓ બોલે છે. એકની એક ફરીથી પણ બોલે છે, જેવી દોડાદોડ]

જંગમસ્ત, ધર્મચુસ્ત, દેશદાઝ...
સ્વતંત્રતા! સ્વતંત્રતા!...
સ્વતંત્રતા! સ્વતંત્રતા!.......



[રમત ઠીક જામે છે. એટલામાં દૂરથી રણશીંગડું વાગતું સંભળાય છે, ને સૌ સ્તબ્ધ થઇ ઊભા રહી જાય છે. રણશીંગુ વાગી રહ્યા પછી યુતકીમાં દિલરૂબાનો સાજ વાગી રહે છે— મંદાક્રાન્તાના છંદસૂરમાં.]

એક છોકરો:

ભેરી નાદે રણ સુભટનાં યુદ્ધનાં એ નિશાનો,
ગાજે હૈયાં સમર રમતે, યુદ્ધના ભિલ્લુ જાગો;
ભૈયા આજે વતન રખવા, સૌ ચલો ઝંપલાવો,
મૈયા કેરાં જતન કરવા, દિન ઊગ્યો છ આવો.

[તબલાં સારંગી]

બીજો છોકરો: (પૂર્વી)

નકી નગરનો પડો યુધ નિશાનડંકા જ એ,
હવે મરદ માટ તો પળ ગુમાવવી પાપ રે;

ચલો ઝૂઝવિયે રણે વતન રક્ષવા સાથમાં,
લીઓ કમર સૌ કસી, અસિ ધરી લીઓ હાથમાં.

[દૂરથી ઢોલનો અવાજ આવે છે. રણશીંગડું જોરથી વાગતું સંભળાય છે એ વગાડતો રણશીંગીઓ પ્રવેશે છે. એ વગાડી રહ્યા પછી.]

રણશીંગીઓ: (ઝૂલણા)

સપૂત સાચો સુણી યુદ્ધ ડંકા ઊઠે
સોડ તાણી સૂતો સિંહ જાગે,
સ્વજનને કાજ કુરબાન કર જિંદગી
કર લઇ એક તલવાર આગે;
ઊઠ ને દોડ કંઇ જોેવ ઝૂમી રહ્યા
સર્વ કો સૈન્યની મોડ માગે,
માતને કાજ સૌ શસ્ત્ર ધારી રહે,
દોડતા જાવ સૌ દેશ રાગે.

યુવાનો: હેં હેં—શું શું ?

એક: (અનુષ્ટુપ)

પરંતુ માંડીને વાત, કહેને રણશીંગીઆ:

બીજો: કહે શું માંડીને વાત! યુદ્ધના ડંક વાગીઆ.

રણશીંગીઓ: (કવિતા)

આજ સ્વતંતર સૂર પરે વળી શ્યામલ બાદલ દેખ ઝઝૂમે,
દેશ મિટ્ટી તણા હોય જે દીકરા, માંડવાં ખેલન કેમ જ સૂઝે?
કૂળ કુટુંબનો પૂત સપૂત જે ધર્મ ચૂકે નહિ, દેશ દુહાઈ,
જાગને ઊઠ ને કર્મ કાંર કંઈ, રાખ તું લાજ તું આજ સવાઇ.

એક: (અનુષ્ટુપ)

ચલો બે બોલીએ સૌએ, યુદ્ધમાં રમતો રૂડી,
મૃત્યુને ભેટવું સારૂં, પરાધીન દશા ભૂંડી.

બીજો: મૃત્યુના તે વિચારો શા, કરે છે શરૂમાં ભૂંડા;
મોતને ઠોકરી ફૂંકો, જીતનાં રણશીંગડાં.

ત્રીજો: ચલ ચલ ભૈયા જંગ મચા હૈ.
ઇસમેં હી ઝુક જાના હોગા.—હો ચલ ચલ૦
[જાય છે.]

ભેગા બીજા: (જતાં જતાં)

રણે ચઢો, સૌ રણે ચઢો:
રણશૂરા સૌ રણે ચઢો.
આગે બઢો હો આગે બઢો,
વીરલા હો તે આગે બઢો.

[બધા જાય છે, એકલો કલ્યાણ બેસી રહે છે તેને]

છેલ્લો જનારો: (સોરઠા)

હાથે કંકણ ધાર, કલ્યાણ શીદ બેઠો અહીં?
[દોડતો ચાલ્યો જાય છે.]

કલ્યાણ: (નિસાસો નાખી ધીમેથી)

હૈયે ઊંડો ભાર, માડી તારૂં કો નહિ!

અંબા: (ઉપજાતિ)

કલ્યાણ! કલ્યાણ! કહીં છ બેટા?
કલ્યાણ! કલ્યાણ! કહીં છ બેટા!
બચ્ચા! અહો શીદ રહ્યો છ બેસી?
બેટા! તું ચિંતા મનમાં ધરે શી?

[કલ્યાણ ક્ષણભર એમનો એમ પડી રહે છે.]

આ ગામ આખું રણ ઝંપલાવે,
કલ્યાણ મારો પણ શું ગુમાવે?
આ યુદ્ધ ડંકો ય સુણ્યો નથી તેં?
લે થા ઊભો ને સહુ સાથ લે લે.
લે ચાલ વ્હેલો ઘરઆંગણામાં
શસ્ત્રો સજાવું. . . . .
માડી તણી કૂખ લજાવતો ના.

[એનું હૈયું ભરાઇ જાય છે.]

કલ્યાણ: (મંદાક્રાન્તા)

માડી તારાં જતન સ્વપ્નાં ના કદી હું લજાવું,
તારી આજ્ઞા,—શુભ વચનથી, ધર્મ મારો બજાવું;
ડંકા સુણી રણ સૂચવતા રક્ત વેગે વહે છે,
માડી એથી સમર જીતવા હૈયું રાચી રહે છે.

અંબા:

શાને કહેને, સકળ યુવકો ગામના જો સિધાવે,
ત્યારે બેઠો ગડમથલમાં? ઊઠ ને જુદ્ધભાવે;
બેટા આવી અમુલખ ઘડી શીદને તું ગુમાવે,
બીરૂ જેવી વદન ઉપરે બીકની રેખ લાવે?

કલ્યાણ:

મોંઘી માડી! . . . . . .
માતા મારી! . . . .
મા મા મારી! હૃદય કથળે એક તારા વિચારે,
યુદ્ધે જાવા તલસ અદકી; મા! કહે કોણ તારે?

[અંબાના ખોળામાં માથું મૂકી સુઇ જાય છે.]

અંબા: (રાગણી)

વ્હાલુડા મુજ લાડકા, મનમાં આ તે શો ભાર!
જુદ્ધ વેળા વળી બેટડા, કરે આ શા વિચાર?
—વ્હાલુડા મુજ લાડકા!

દાદાજીનો રૂડો દાયરો, જેમાં જુધના જુહાર,
એકેકો વીર કેસરી બાંધે નિશદિન તલવાર;
—વ્હાલુડા મુજ લાડકા!
આંગણ તું તો હજી ખેલતો, વાગ્યા ત્યાં યુદ્ધડંકઃ
તારા પિતા ગે વિચર્યા, દીપાવવા રણજંગ;
—વ્હાલુડા મુજ લાડકા!
એવા કુળનો કુળદીવડો, આજે તારો છે વાર,
માડીજાયો મારો બેટડો, વ્હેલો થઈ જા તૈયાર;
—વ્હાલુડા મુજ લાડકા!
કેડે બાંધું તને 'વિજયા', પિતાજીની તલવાર,
માતાજીની દઉં આશિકા, પછી કોના છે ભાર?
—વ્હાલુડા મુજ લાડકા!

[ગીત ગાઈ રહે છે ને એનું માથું પંપાળી રહે છે એટલામાં કંકુ દોડતી આવે છે, ને ગાય છે.]

કંકુ: (લાવણી)

સૌ જોધ જંગમાં જાય, અને તું આંહી?
કરે શું આંહી?
અરે તું આંહી?
રણડંક શંખ સંભળાય, અને તું આંહી?
કરે શું આંહી?

તું જુદ્ધ મહીં નહિ ગાજે,
તુજ બ્હેન તુંથી તો લાજે,
અરે, પળ કયમ થોભી રહેવાય?
અરે તું આંહી?

સૌ સમોવડા બોલાવે,
રણશૂર ગીતો સૌ ગાવે,
સૌ શસ્ત્ર ધરી સજ્જ થાય, અને તું આંહી?
કરે શું આંહી?
સૌ જોધ જંગમાં જાય, અને તું આંહી?
અરે તું આંહી?
કરે શું આંહી?

[ગીત પૂરૂં થતાં અંદરથી રણશીંગડાનો જોરથી અવાજ સંભળાઇ રહે છે એ પૂરો થતાં]

અંબા: (ઉપજાતિ)

બચ્ચા! ઊંડો દેશ સપૂત માગે,
ખૂણે ખૂણે યુદ્ધનિશાન વાગે;
ના ધર્મમાં ઢીલ જરા કરાય,
શું દેશદ્રોહી મુજ પુત્ર થાય?

કંકુ: છે ફર્જ ભાઇ કરવી અદા એ,
ને ધ્યાન માનું ધરજે સદા યે;
લે થોભ લાવું તુજ માટ વસ્ત્ર,
સૌ સાથ જાજે સજી આંહી શસ્ત્ર.[જાય છે.]

અંબા: ને ભાઇ! યુદ્ધે મુજની તું ચિંતા,
રહેજે ન, તારે શિર છે નિયંતા;
બેટા! ઉમંગે રણમાં સિધાવો,
સિપાઇમાતા કુખ આ દીપાવો.

ને રંક માતા તુજ રંક વેશ,
તું રંક એથી નહિ રંક દેશ;
શું રંક એથી તુજ દેશ ભાવિ?
શોભાવ બેટા! પગ ધન્ય આવી.

સાચો સિપાઇ નહિ શક્તિ ઓદ્દા
જુએ, ઘૂમે એ થઇ વીર જોદ્ધા;
જે મર્દબચ્ચો, રણમાં ડગે ના,
પાછો હટે કે ભયને ગણે ના.

[કંકુ વસ્ત્ર, તલવાર, કુંકુમથાળ વગેરે લઇ આવે છે. અંબા અને કંકુ ગીત ગાતાં જાય છે ને એને પહેરાવતાં જાય છે]



અંબા—કંકુ: (હમીર)

સમરક્ષેત્ર મહીં તું એક,
કેસરી સમ ધરી તું વેગ,
કીર્તિકળશ અજય તેગ.
ધારણ કર વી . . . રા.

કંકુ: શુભાશિષ ખમ્મા વીર,
માતસ્હાય કંકુ શિર,
શુભ પ્રયાણ શકુન હીર,
વારી જાઉં વી . . . રા.

અંબા—કંકુ: વિજયવંત, સ્વર્ગદીપ,
દેશનૂર, વીરપ્રદીપ,
જન્મ, કુળ, કૂખ, નામ,
સાર્થક કર વી . . . રા;
સમરક્ષેત્ર મહીં તું એક
કેસરી . . . . . .

[એટલામાં રણયોદ્ધાઓ કૂચ કરતા ગાતાગાતા આવે છે.]

સ્વતંત્રતા! સ્વતંત્રતા!
બહાદુરો રણે ચલો,
ને જંગ જીતવા ચલો,
જાગો જાગો જાગો જાગો.
દેશ માટ,
જીવન જ્યોત,
સંઘ સાથ,
કીર્તિ મોત,
શૂરવીર! કૂચ કદમ.
જંગવીર! કૂચ કદમ.
જાગો, જાગો, જાગો, જાગો,
જાગો, જાગો, જાગો, જાગો.

[ગીત બંધ થતાં]

કલ્યાણ: (ઉપજાતિ)
ઓ પુણ્યશાળી મુજ માતૃભોમ,
એ દાઝ જાગો મુજ રોમરોમ;
હા દેશ મારો, મુજ દેશભક્તિ,
એ દેશ સાટે મુજ સર્વ શક્તિ.

[ગાતાં માને પગે લાગે છે; કંકુ ઓવારણાં લે છે ને કલ્યાણ કૂચ ભેગો ભળી ચાલવા માંડે છે.]

સ્વતંત્રતા! સ્વતંત્રતા!
જાગો, જાગો, જાગો, જાગો;
જાગો, જાગો, જાગો, જાગો.
સ્વતંત્રતા! સ્વતંત્રતા!

[જાય છે.]

અંબા—કંકુ: (ઉપજાતિ)
કલ્યાણ! કલ્યાણ! . . . .
કલ્યાણ! કલ્યાણ!, . . .

[બંનેએકબીજાને ભેટીરહે છે: પડદો પડે છે.]

● અંક ૨

[તખ્તાની એક બાજુ અંદરથી વિશાળ વૃક્ષના થડની આસપાસ ચોતરો. પરોઢિયું: અરૂપરૂં અજવાળું પણ પૂરૂં નહિ. પડદો ઊપડતાં ચોતરા પર તેમજ નીચે ગામના વૃદ્ધો જાગરણ કરતા બેઠા છે. પડખે એક ફાનસમાં ઝીણો દીવો બળે છે. એમાંથી એક જણ ભૈરવ ગાવો શરૂ કરે છે. એ ગાય છે તે દરમ્યાન ગામમાંથી એકેક બબ્બે વૃદ્ધો આવીને બેસતા જાય છે.]

એક: જય જય જય શુભ પ્રભાત
પંખીવૃંદ બોલે;
મધુર મધુર વાય વાત
ફૂલ તરુવર ડોલે: જયજય૦
સુમંગલ ઉદય ભાણ,
પ્રગટ કળા સોળે,
હૃદયરંગ જન કલ્યાણ,
નવીન પ્રાણ ઢોળે. જયજય૦

બેચાર: વાહ! વાહ!

એક બીજો: (સોરઠા)
એ ભલો ભયો પરભાત! ભૈરવ વા'! ઓ જોગીઆ,
(હવે) ભજન જમાવો સાથ, જુગજુનાં પરભાતીઆં.

[બેચાર જણ જરા મસલત કરી મંજીરાં કરતાલ કાઢી 'વૈષ્ણવજન'ના ભજનના ઢાળમાં ગાવા માંડે છે.]

બેચાર:
શૂરના મારગ જેણે લીધા,
ધન ધન જનની એની રે,
કુળ દીપાવે, કૂખ દીપાવે,
ધન ધન ધરણી તેની રે! શૂરના૦
જીત વિના નવ જંપે કો દી'
ઝૂકે મસ્તક મેલી રે,
જુગજુગના અમર સતીઆનો
રામ હરિ નિત્ય બેલી રે! શૂરના૦

[છેવટની 'રામ હરિ નીત બેલી રે' ની ધૂન પૂરી કર્યા પછી એકદમ શાંત થતાં]

વળી એક જણ: (વૃદ્ધ બારોટ સામે જોઈ—સોરઠા)
(એ) મૂંગા કાં બારોટ, નીંદર શું નયણે ભરો?
રહી અધૂરી વાત, આજ હવે પૂરી કરો.

બેચાર: હા, હા, હા, બારોટ . . . .

બીજો: પૃથ્વીરાજ મહારાય, જુદ્ધ વિચારે ભાળીએ:
વાત અધૂરી ત્યાંય, આગળ આં થકી ચાલીએ.

એકબે: વા' વા' રે! શાબાશ! હાં બારોટ......

બીજા બેત્રણ: ખમા ખમા બારોટ....

[બારોટ ખંખારે છે, તૈયારી કરે છે. ધીમેધીમે હવે અજવાળું પણ ઠીક પથરાઇ રહ્યું છે. બારોટ જરા આગળ આવી બેસે છે, ટટ્ટાર થાય છે. દરમ્યાન ઢોલક વગેરે સાજની પણ તૈયારી થઇ રહે છે.]

બારોટ: [બોલતાં ગાતાં યોગ્ય અભિનય, અવાજના આરોહ અવરોહ, મુખ પર છટા, જુસ્સો, ક્રોધ, આવેશ, વગેરે ભાવચંક્રમણ સાથે.]

એ...એ...

નાગડધીન નાગડધીન, નાગડધીન નાગડધીન,
નગડધન નગડધન બજી રહ્યા રણડંકા;
કકડધીન કકડધીન, કકડધીંગ કકડધીંગ.....
કકડધીંગ કકડધીંગ સુણી રણે ચડે વીરબંકા.
ડીગડીગ તાલ, ડીગડીગ તાલ, ડીગડીગ.....
ધમ ધમમમમમ ધમ ધ્રૂજી રહે ધમ ધરણી;
કડીંગ કાંગ કડીંગ કડાંગ ડીંગડાંગ ડીંગડાંગ....
ડમ મમમમ ડં સુણી, વીર વધાવતી નદીં તરુણી.

પહેલો—બીજો: વાહ બારોટ!

બારોટ: (કવિતા) એ....

બાદલ ઘુમટ છોડ ઝપટસેં તેજભરો રવિ નભમેં આયો,
ગગન ગોદમેં ચંદ છુપત પૃથિવી સબ તેજ સુતેજ બિછાયો;
ભટ્ટ સુભટ્ટ જ ચૌર પટાવન નાહી દીસે ચમકાર છવાયો,
અંગ મઠી કર સગ અસિ રણ દેખ ઊભો પૃથ્વીરા' રાયો.

બેત્રણ: પૃથ્વીરા' રાયો...ઓ...



બારોટ:

કટિ ઝુલત પટી, કટી નવ લટી, રણચંડ નટી, હટી ન ગટી,
અસિ અરિ પ્રાણ મિટાવે.
ચમકચગક ચહુ દિશ, ચરણ ફરંતી શિષ, ચપળ ચતુર ચમકાવે.
પટ પટત પટત પટપટ, ફડ ફફડ ફફડ ફડ ફડ ફરીફરી ફફડાવે,
શૂરધીર નરવીર કુળહીર, બલ ભરપૂર કર તલવાર નચાવે.

બે ચાર: વાહ વાહ બારોટજી...

બારોટ: એ ખણ ખણ ખણ ખખણ ખખણ ખણ
ખણ ખણણણણણ ખણખણ.....

[કંકુ દોડતી આવે છે.]

કંકુ: (અનુષ્ટુપ)

મંદિરે, શિખરે ભાળી ઊડતી ધૂળની નિશા?
જીતીને આવતા વીરો, હશે શું આપણી દિશા?

[પાછળ સ્ત્રીઓનું ટોળું પણ આવી રહે છે. બધા વૃદ્ધો નજર કરતા ઊભા થઇ જાય છે, કોઇ કંઇ બોલતું નથી. કેવળ વાદિત્રો વાગી રહે છે.] ધીમેધીમે ઘોડાના પગના દાબડાનો અવાજ સ્પષ્ટ થતો જાય છે ને પછી એકાએક બંધ થઇ જાય છે.]

સેનાનાયક: (દોડતો આવીને—અનુષ્ટુપમાં)

દેવા વધામણી પ્હેલી, આવ્યો છું દોડતો અહીં;
જીત્યા છે આપણે તોયે..ગુમાવ્યો વીરલો સહીં.

એક: શાબાશ!

બીજો: કોણ?

ત્રીજો: હેં?

ચોથો: શું!

એક: માંડીને તો કહે વાત, આવડું અધૂરું કહે!
કિયો એ હીરલો મોંઘો, કહે ભાઈ! બધું કહે.

નાયક: (ઉતાવળે—ઉપજાતિ)

રોપ્યો હતો જ્યાં જયસ્થંભ ત્યાંહી,
પ્હેલા ધસે એક નિશાનવાહી;
જેનો પહોંચે ગણવો વિજેતા
તે પક્ષ એવી કબૂલાત—

બે ચાર: શું શું?

નાયક: [જરા ધીમેથી]

રોપ્યો હતો જ્યાં જયસ્થંભ ત્યાં જે
જેનો ધસી જાય નિશાન નેતા
પ્હેલા જ જે એ ગણવો વિજેતા
એવી કબૂલાત કરી લડ્યા,....ને.

પાંચસાત જણ: ને—? ને—?

સ્ત્રીઓ પણ: ને—? ને—? ને—?

નાયક: સૌથી વધ્યો આગળ એક શૂર,
સૌથી વધ્યો એ....

એવો ધસ્યો જે....
જેની શું કીર્તિ....
હાથે ધજા ને....
દોડ્યો જ દોડ્યો....
કે શત્રુ હાર્યો....
કેવી ચલાવે તલવાર! એવી
ભાળી કદી ના....
ઓ વીર પૂત....
એ શૂર દૂત....
પહેલો ધસ્યો એ જય તો ગણાયો;
કલ્યાણ હીરો રણમાં હણાયો.

[મોઢું ઢાળી બેસી જાય છે.]

પાંચદસ: કલ્યાણ? રે! ઓહ!...
હેં? ઓ પ્રભુ! શા..'...

[ખૂણામાં કલ્યાણની મા બેભાન થઇ પડી છે. તે પર કંઇક ક્ષણની શાંતિ પછી બધાની નજર પડે છે.]

કંકુ: (રડતાં)
કલ્યાણ! માડી!....
કલ્યાણ! વીરા!....
કલ્યાણ! માતા!....
કલ્યાણ મારો!....

[અંબાના પગ આગળ રડતી પડે છે. એકદમ એકાદ વાદિત્રનો ચીસ નાખતો તાર તૂટે છે. પછી સંપૂર્ણ શાંતિ પથરાઇ રહે છે. કોઇ હાલતુંચાલતું નથી. પછીથી પાછળથી સૈનિકો ધીમેધીમે આવી એકઠા થઇ ચૂપ રહી જોયા કરે છે. એવામાં એક.એક મૂર્છામાંથી અંબા ચમકી ઊભી થાય છે અને આવેશમાં સૈનિકો તરફ ધસે છે. એકાદ બેને ભેટે છે; એકાદનાં ઓવારણાં લે છે; ખડખડાટ હસે છે; 'કલ્યાણ કલ્યાણ' બોલતી ચોગરદમ ફરવા માંડે છે; અને પછી પોતે એકલી આવેશમાં જ તાળીઓ પાડતી, ગરબો ગાતી હોય તેમ, ગોળ ફરે છે. એ એકાદબે ફેરા ફરી રહે છે ત્યાં ધીમેધીમે એકઠી થએલી ગામની સ્ત્રીઓ પણ એના ગરબામાં ભળી જાય છે.]

અંબા: પાક્યા કુળદીવા!
એવા શૂરા જીતે સંગ્રામ, પાક્યા કુળદીવા,
જેણે બાંડી છે હૈયે હામ, પાક્યા કુળદીવા,
એણે કીધાં છે અમ્મર કામ, પાક્યા કુળદીવા,
એની કીરત ગામેગામ, પાક્યા કુળદીવા,
એને દિલે વસ્યા છે રામ, પાક્યા કુળદીવા,
એ તો જાશે રે વૈકુંઠધામ, પાક્યા કુળદીવા.

[ગાતાંગાતાં ભોંય પછડાઈ પડે છે. બધા ટગર ટગર જોયા કરે છે. કંકુ પાસે જાય છે, બેત્રણ વૃદ્ધો અને વૃદ્ધ સ્ત્રીઓ પાસે જાય છે; તેમાંનો એક ઇસારાથી કંકુને કંઇ કહી માથે હાથ મૂકે છે, સૌની આંખમાં પાણી ભરાએલાં છે તે તેઓ લૂછે છે.]


કંકુ: [રડતાં—સોરઠા]
રે વીરા કલ્યાણ! મોંઘા કાં ચાલ્યો વહી?
તેં ચે મેલ્યા પ્રાણ! માડી? મારું કો નહિ....

[સૈનિકો આગળ આવી અંબાને પગે પડી રહે છે ને સો સાથે બોલે છે.]

સૈનિકો: જય અંબે! જય અંબે!
જય અંબે! જય અંબે!

[બધા જય અંબે બોલવા મંડી પડે છે. બોલી રહ્યા પછી સર્વ શાંત થઇ જાય છે. બેચાર સૈનિકો ફૂલહાર ને કંકુ લાવી અંબા પર ચઢાવી બહુ ધીમેથી—
અંબે માતરમ્,
વંદે માતરમ્.
—ગાય છે અને પડદો પડે છે.]

ચન્દ્રવદન ચીમનલાલ મહેતા



[ચિત્રકાર: રવિશંકર પંડિત]

ચારિત્ર્યની સભ્યતા . . . જ્યાં સુધી નિર્ધન મનુષ્ય પાપથી પોતાનું પેટ ભરે છે ત્યાં સુધી ધનવાનનું શુદ્ધાચરણ પૂરેપૂરું નિર્દોષ નથી. તદ્દત્ જ જ્યાં લગી અજ્ઞાનીનું આચરણ અશુદ્ધ છે ત્યાં લગી જ્ઞાનીનું આચરણ પૂરેપૂરું નિષ્કલંક નથી–ત્યાં સુધી સંસારમાં ચારિત્ર્યની સભ્યતાનું રાજ્ય નથી. —પ્રો. પૂરણ



વસંતના સૂર

ચિત્રકાર · ચન્દ્રવદન ભટ્ટ

આંબાડાળની ઘટામાંથી કૂજન કરતી કોકિલાએ જળ ભરવા જતી સુંદરીને બે ઘડી થંભાવી દીધી છે. વાતાવરણની એકાંત સુંદરતામાં વસંતના રંગો રેલાઇ રહ્યા છે. ભાઈ ચન્દ્રવદને કોઇ પણ કળાશાળામાં કે વર્ગમાં ચિત્રશિક્ષણ લીધું નથી. માત્ર નૈસર્ગિક સંસ્કાર ને સ્વપ્રયાસથી પોતાની કળાને વિકસાવી તે આટલી કક્ષાએ પહોંચ્યા છે. હાલ તે નડિયાદની હાઇસ્કુલના વિજ્ઞાનશિક્ષક છે.



ગંધર્વકન્યા ચિત્રકાર : ન. લા. જેતલી

કો' એકાંત સરમાં સ્નાન કરી આકાશે ચડી જતી આ ગંધર્વકન્યાનું લાવણ્ય કલ્પનાપ્રેરક છે એટલું જ તે હૃદયંગમ લાગે છે. ભાઈ નરોત્તમ લાલજી જેતલીએ નાનપણમાં જ પિતાની છાયા ગુમાવી અને કુમાર વયે માતાનું સુખ ખોયું. તે પોરબંદર પાસેના માધવપુર ગામના રહીશ ગિરનારા બ્રાહ્મણ છે. તેમના મામા મુંબઈમાં મુખિયાજી હોવાથી તેમને ત્યાં રહી ભણતા. એક વખત એ ધંધા વિરુદ્ધ લેખ લખવાથી મામાનું ઘર છોડવું પડ્યું અને મુંબાઈની સ્કૂલ ઑફ આર્ટમાં દાખલ થયા. એમના જીવનમાં નીડરતા અને સત્યવક્તાપણું છે એટલી જ દયાવૃત્તિ પ્રધાન છે. કલાની ધૂન અને સંયમથી એમનું વ્યક્તિત્વ અજબ ઘડાયું છે. એમનામાં બેપરવાઈ ને સુજનતા એક સાથે વસે છે. ગુજરાત મગરૂર બને એવા એ ચિત્રકાર છે.

નિસર્ગપ્રેમી, કલાકાર, ભાષાઓનો અભ્યાસી, પ્રવાસશોખી એવો વિવિધજ્ઞાનપિપાસુ હોલૅંડવાસી જગતયાત્રી લૂઇ ફ્રેડરિક કૅરીઅર



સંવત ૧૯૮૧ની પાનખર વીતી ગઇ હતી અને કાંગડી ગુરુકુળના ઉપવનમાં વાસન્તી શોભા પ્રસરતી હતી. ખીલેલાં પલાશપુષ્પોનો મકરન્દ પીવા માટે નાનીનાની ફૂલચકલીઓ કૂદાકૂદ કરી રહી હતી. એવા સોહામણા સમયમાં એક દિવસે બપોર પછી ત્રણેક વાગે એક યુરોપીયન યાત્રી ત્યાં આવી ચડ્યો. આકાશી રંગની એની આંખો, તપખીરિયા રંગના શિરના વાળ અને ફ્રેંચ કટની એની નાની દાઢી જોઇને અમને લાગ્યું કે એ કોઇ ફ્રેન્ચ હશે. ખાખી કોટ, ખાખી પાટલૂન, એક સાદું પહેરણ, ખાખી ખલતો ને હાથમાં મટોડી રંગની એક સાદી કામળ,—આટલો જ એનો સરસામાન. એક યુરોપીયન યાત્રી અને દૈનિક વ્યવહારની આટલી થોડી એની વસ્તુઓ જોઇને અમને જરા અચંબો થયો. પછી તો તપાસ કરતાં જણાયું કે એ એક ડચ (હોલૅંડવાસી) વિશ્વયાત્રી છે અને ફરતો ફરતો ગુરુકુળનું નામ સાંભળીને આવ્યો છે.

અમારો અધ્યયનનો સમય પૂરો થઇ ગયો એટલે અમારી કૉલેજ (મહાવિદ્યાલય)ની 'વાગ્વર્ધિની સભા' તરફથી એ વિશ્વપર્યટકની યાત્રા સાંભળવા માટે એક સભાની યોજના કરવામાં આવી. ગુરુકુળના બધા જ બ્રહ્મચારીઓ, અધ્યાપકો અને કર્મચારીઓ હોંશેહોંશે ભેગા થઇ ગયા. કાળા પાટિયા ઉપર દુનિયાનો નકશો ટાંગીને એણે અંગ્રેજીમાં પોતાની કથની શરૂ કરી:

'મારૂં નામ લૂઈ ફ્રેડરિક કૅરીયર. હોલૅંડ દેશ મારી જન્મભૂમિ છે. હાલ મારી ઉમર સત્તાવીશ વર્ષની છે. હું હજુ અપરિણીત છું. નાનપણથી જ મને પ્રકૃતિનિરીક્ષણ, પર્યટન, ભૂગોળ અને ચિત્રકલાનો શોખ છે. એક વાર આખા વિશ્વની યાત્રા સ્ટીમર મારફત હું કરી ચૂક્યો છું. આ મારી દુનિયાની બીજી યાત્રા છે ને તે પણ ઘણે ભાગે પગરસ્તે જ. બાલ્યાવસ્થામાં શાળામાં ભણતો હતો ત્યારથી જ મને ભૂગોળ, ઇતિહાસ, ભ્રમણ અને ચિત્રકામ ખૂબ પ્રિય હતાં. ભૂગોળ ને ઇતિહાસમાં તો હું મારી શાળામાં પહેલો નંબર રાખતો.

નેધરલૅંડ (હોલૅંડ)માં તડકો બહુ નથી પડતો. સ્કૂલમાં બેસીને અભ્યાસ કરતી વખતે બહાર સૂર્યનો તડકો જોઇને મારૂં મન બહાર જવા માટે તરફડ્યા કરતું હતું. તડકામાં વૃક્ષો પર બેઠેલાં પક્ષીઓને જોઇને મારા હૃદયમાં ઊર્મિઓ ઊઠતી કે હું પણ એ તડકામાં જાઉં ને આવી ખુલ્લી હવામાં પ્રકૃતિની ગોદમાં જીવન વ્યતીત કરતાં એ પક્ષીઓની જેમ હું આનંદમસ્ત બની રહું. ચિત્રકલાનો પણ મને ઘણો શોખ હતો. તેનો અભ્યાસ મેં ઘર આગળ જ કર્યો છે. કેમકે મારા પિતાશ્રી પેઇન્ટિંગ સારૂં જાણતા. પછી વિશેષ અભ્યાસ મેં મિસ્ટર લોબો (Lobo) પાસે કર્યો છે. તે જ મારા ચિત્રકલાના ગુરુ છે. એ નેધરલૅંડના પ્રખ્યાત ચિત્રકાર છે અને કાચ પર ચિત્રો દોરવાનું કામ ઘણું સુંદર કરે છે.

સન ૧૯૧૬માં મેં મારી પહેલી યાત્રા શરૂ કરી. હું સ્ટીમરમાં એક કાર્યકર્તા (ઑફિસર) તરીકે રહ્યો. સ્ટીમર હોલૅંડની એક કંપનીની હતી. હું સીધો અમેરિકા ગયો અને ત્યાંથી આફ્રિકા, ભારતવર્ષ, જાવાસુમાત્રા વગેરે દ્વીપો, ચીન અને જાપાનની યાત્રા કરીને ફરી અમેરિકાના બંદર સાન્ફ્રાન્સિસ્કો પહોંચ્યો. આ યાત્રામાં મેં કલકત્તા, અને તેની પાસેનાં ગામડાંઓનું પણ અવલોકન કર્યું. ગ્રામો મને સુંદર લાગ્યાં. મારા મનમાં ઘણા દિવસથી પૂર્વની પ્રાકૃતિક શોભા જોવાની ઇચ્છા હતી અને તે પૂરી થઇ. ચીનના લોકો મને ઘણા પરિશ્રમી લાગ્યા. તેઓ હાથની કારીગરી સારી જાણે છે પણ તેમનાં ઘર બહુ મેલાં રહે છે. જાપાનમાં મેં જોયું કે જાપાનીઓ પોતાને યુરોપીયનો કરતાં પણ

ઊંચા માને છે. તેઓ ખૂબ સ્વચ્છ રહે છે ને તેમના પ્રત્યેક કાર્યમાં કલા હોય છે. તેમનો સ્વભાવ આનંદી અને મળતાવડો છે. તેઓ અતિથિનો સારો સત્કાર કરે છે. સાન્ફ્રાન્સિસ્કોમાં મેં બીજુંજ દશ્ય જોયું. ત્યાંનું જીવન કૃત્રિમ લાગે છે. પ્રત્યેક કાર્યમાં વ્યાપારિક દષ્ટિબિંદુનું જ મહત્ત્વ છે. ત્યાં કલા પ્રત્યે પ્રેમ નથી. માનવીય લાગણી (Human feelings)નો ત્યાંના જીવનમાં મને ઘણો અભાવ દેખાયો. જ્યારે હું ન્યૂ યૉર્ક પહોંચ્યો ત્યારે યુરોપીય મહાયુદ્ધ સમાપ્ત થઇ ગયું હતું ને તેની ખુશાલીમાં ત્યાં એક અઠવાડિયા સુધી આમોદપ્રમોદ, નૃત્યરંગ, પ્રીતિ-ભોજન વગેરે ધામધૂમથી થઇ રહ્યાં હતાં. અહીં મેં કેટલાંક નવાં દશ્યો જોયાં. રાઇફલની કિરચ ઉપર જર્મનસમ્રાટ્ કૈસરની મૂર્તિ રાખી તે આખા શહેરમાં ફેરવી હતી. નાનાંનાનાં છોકરાં કૈસરની મૂર્તિ બનાવીને, તેમના હાથમાં હાથકડી પહેરાવીને શહેરમાં આમતેમ ફરતા હતા. સમ્રાટ્ કૈસરની મૂર્તિ પાછળ તેઓએ લખ્યું હતું—"Go to St. Helena. Go to Hell. (સેન્ટ હેલીના જાઓ, નરકમાં જાઓ.)"

કવિ

લેખક અને આલેખક
કૃષ્ણલાલ શ્રીધરાણી

સૃજનની ઊઘડી આંખ,
કવિની પગલી પડીઃ
હૃદયની તુંબડીમાંથી
ભાવના-દંડિકા ચડી.

કાળજે કર્યું કોડિયું,
તેલ ભક્તિ તણું ભર્યુંઃ
ઊર્મિની જ્યોતમાથાં તો,
કલ્પનાતારથી મઢ્યું.

બ્રહ્મના એકતારા શા
કવિનું ગાન ઊપડ્યું.



એવી જ રીતે શહેરની સડકો પર ઠેકાણેઠેકાણે સમ્રાટ્ કૈસરનું કૃત્રિમ પૂતળું બનાવીને તેમનું કાળું કરેલું મોઢું કલાપૂર્વક લટકાવી રાખ્યું હતું. આખા શહેરમાં બ્યૂગલ, વાજાં અને ઢોલ વાગી રહ્યાં હતાં. ઠેકઠેકાણે સિપાઇઓ દારૂ પીને છોકરીઓ અને મહિલાઓ સાથે નાચરંગમાં મશગૂલ હતા. દસ દિવસ સુધી મોટર, ટ્રામ, સીનેમા, નાટક વગેરે મફત હતાં. ન્યૂ યૉર્કથી હું સીધો મારે ઘેર હાગ જઇ રહ્યો. આ પહેલી યાત્રામાં મને અનુભવ થયો કે જહાજની યાત્રા અને તેનું જીવન અતિશય વિલાસી અને તામસિક છે. લોકો ખૂબ દારૂ પીતા વ્યસન તથા દુરાચારમાં ડૂબી રહેતા.

પહેલી યાત્રા પછી એક વરસ સુધી હું ઘેર રહ્યો કે ફરી પ્રકૃતિનિરીક્ષણ તથા પૂર્વના દેશો જોવાની મારી ઇચ્છા તીવ્ર થઇ. આ વખતે હું માત્ર ચાળીશ રૂપિયા અને ચિત્રકલાનો થોડો સામાન લઇને પગરસ્તે વિશ્વની યાત્રા કરવા માટે નીકળ્યો. મારાં માતાપિતાને મન એમ હતું કે મૂર્ખો રખડીરખડીને બેત્રણ દિવસમાં આપમેળે પાછો આવશે. પણ હું તો મારા નિશ્ચયમાં અડગ હતો. ઘેરથી નીકળીને મેં ફ્રાંસ, ઇટલી, અલ્જીરિયા, મોરોક્કો, અરબસ્તાન, ઇરાન, વગેરેની યાત્રા કરી. આ સફરમાં મને ઘણી મુશ્કેલી પડી. રસ્તામાં પેઇન્ટિંગ અને પાટિયાં ચીતરવાનું વગેરે કામ કરીને હું ખર્ચજોગા પૈસા કમાઇ લેતો હતો. એકવાર તો રસ્તે લૂંટારાઓએ મારા પાટલૂન સિવાય બીજાં બધાં વસ્ત્રો ઝૂંટવી લીધેલાં. અરબસ્તાનથી સ્ટીમર મારફત હું પાછો મારે ઘેર જતો રહ્યો અને થોડા દિવસ રહીને ફરી પગરસ્તે યાત્રા માટે પ્રવાસ આદર્યો અને જર્મની, ઑસ્ટ્રિયા, બાલ્કન, મિસર, પૅલેસ્ટાઇન, તુર્કસ્તાન ને ઇરાન સુધીની યાત્રા કરી. ઇરાનના બુશાયર બંદરથી હું સીધો સ્ટીમર મારફત કરાંચી પહોંચ્યો. હૈદરાબાદમાં લોકોએ

મારો ખૂબ સત્કાર કર્યો. મેં ચિત્તોડ, ઉદયપુર, આબુ, ઉજ્જન, વડોદરા, સૂરત, અમદાવાદ અને મુંબાઈ વગેરે શહેરો જોયાં. ઉદયપુર મને સૌથી સુંદર શહેર લાગ્યું. અમદાવાદમાં મહાત્મા ગાંધીજીનાં દર્શન માટે પણ હું ગયો હતો, પણ તે વખતે તેઓ બહારગામ ગયા હતા. પછી હું પંજાબ તરફ ગયો અને મુલતાન, અમૃતસર તથા પતિયાળા વગેરે શહેરો જોતોજોતો હરદ્વાર આવ્યો —અને હવે તમારી સામે હાજર છું."

મિ. કૅરીઅરનો તો વિચાર હતો કે બેત્રણ કલાકમાં ગુરુકુલ જોઇને હું પાછો જતો રહીશ. પણ અમારા અનુરોધથી તેમણે બે દિવસ માટે ગુરુકુલમાં રહેવાનું કબૂલ કર્યું. અમે તેમને એક ઓરડો આપ્યો. સાંજે ભોજન કરવા માટે તેમને સાથે લઇ ગયા. ભોજન કરવા માટે એ યુરોપીયન છે એમ ધારીને અમે રિવાજ મુજબ ચમચા લાવ્યા, પણ એમણે તો વગર ચમચે આપણી ઢબથી જ ખાવાનું શરૂ કર્યું. તે દિવસે ભોજનમાં ખીર અને શાક મિ. કૅરીઅરને ખૂબ સ્વાદિષ્ટ લાગ્યાં. તેમણે કહ્યું કે મારે માટે ખાસ ભોજનની કશી વ્યવસ્થા કરશો નહિ. મને તમારૂં ભોજન ઘણું સારૂં લાગે છે. પછી તો ગુરુકુળનું જીવન અને વાતાવરણ તેમને એટલું બધું ગમી ગયું કે તેઓ આખો વખત અમારી સાથે જ રહે, જમે, સૂએ અને બીજાં કાર્યો કરે. બ્રહ્મચારીઓ સાથે તેમનો એવો સ્નેહભાવ અને મિત્રાચારી થઇ ગયાં કે તેમનું જીવન અમારા જીવનમાં જ ઓતપ્રોત થઇ ગયું. અને મિ. કૅરીઅર ગુરુકુલમાં બે દિવસ માટે આવ્યા હતા તે લાગલાગટ પાંચ વર્ષ સુધી રહ્યા! આવ્યાને બીજે જ દિવસે અમારી પાસેથી કલર બૉક્સ (રંગની પેટી) ને પેન્સિલ લઇને ગુરુકુલનાં પ્રકૃતિચિત્રો દોરવાનું તેમણે શરૂ કરી દીધું. થોડો સમય વીત્યા પછી એક દિવસે તેમણે આ લખનારને કહ્યું કે 'મારૂં એક ભારતીય નામ પાડો.' મેં તેમને 'उपेन्द्र' નામ સૂચવ્યું અને ત્યારપછી તો આખા ગુરુકુળમાં તેઓ 'उपेन्द्र' નામથી જ પ્રખ્યાત થઇ ગયા. ગુરુકુલમાં આવ્યાને ત્રણચાર દિવસ થતાં જ તેમણે હિંદી અને સંસ્કૃત ભાષાનું અધ્યયન શરૂ કર્યું. બ્રહ્મચારીઓ તેમને હિંદી અને સંસ્કૃત શીખવતા અને તેઓ બ્રહ્મચારીઓને જર્મન, ફ્રેંચ, ચિત્રકળા, રેખાચિત્રણ વગેરેનું શિક્ષણ આપતા. યોગદર્શન, ઉપનિષદ ને ગીતા પ્રત્યે મિ. કૅરીઅરને ઘણું માન થયું. અને તેઓ પોતાનું જીવન એક સાધક જેવું નિર્દોષ ગાળવા લાગ્યા, જોકે તેમની પ્રકૃતિ તો મૂળથી જ સાત્ત્વિક, સ્નેહપૂર્ણ ને સરળ હતી. એક મહિનામાં તો તે સુંદર અક્ષરોમાં નાગરી લિપિ લખતાં શીખી ગયા.


ઉપેન્દ્રજીનું જીવન એટલું તો સાદું કે એક મહિનાનું એમનું ભોજનખર્ચ માંડમાંડ દસ રૂપિયા આવતું. લીલાં શાક તેઓ ખૂબ ખાતા. માંસ કે દારૂ, બીડી વગેરે કેફી વસ્તુઓનું વ્યસન તો તેમને પહેલેથી જ નહોતું. દયાવૃત્તિમાં તો તેઓ જૈનધર્મી જેવા હતા. વર્ષાઋતુમાં ગુરુકુળમાં સર્પનો ઉપદ્રવ ખૂબ હોવાથી અમે સર્પ મારતા ત્યારે ઉપેન્દ્રજી કહેતા કે મારવો હોય તો એકદમ મારી નાખો પરંતુ કષ્ટ આપીને કે રીબાવીને કોઇને મારશો નહિ. પશુપક્ષીઓ પ્રત્યે તેઓ અત્યંત પ્રેમ રાખતા.

જીવન એટલું નિર્ભય કે વનોથી ઘેરાએલા ગુરુકુળનાં વાતાવરણમાં રાતના તેઓ એકલા બહાર સૂઇ રહેતા. ફરવાની મરજી થાય તો ખલતો લઇને હિમાલયનાં વનોમાં ચારપાંચ દિવસ સુધી ફરતા રહે. અમને ખબર પણ ન હોય કે ક્યાં ગયા છે. પાંચેક દિવસ પછી આવે અને અમે પૂછીએ: 'उपेन्द्रजी कहां गए थे ?' તો જવાબ આપે—'जरा घूमनेको निकल गया था !' આવાં ભ્રમણો કરતાકરતા તેઓ ગુરુકુલની આસપાસનાં વીસ વીસ માઇલ સુધીનાં વનોના ભોમિયા થઇ ગયા હતા.

શ્રીમતી મીરાંબ્હેન (મિસ સ્લેડ) ગુરુકુલમાં આવ્યાં ત્યારે તેમણે ઉપેન્દ્રજીને પૂછેલું કે 'હવે તમારી શી ઇચ્છા છે ?' ઉપેન્દ્રજીએ જવાબ આપ્યો: 'હું શન્તિની શોધમાં હતો, એ શાન્તિ મને મળી ગઇ છે. દુનિયામાં મને હવે કોઇ વસ્તુની ઇચ્છા રહી નથી.'

સ્વભાવના એ ખૂબ સાદા, સરળ અને મીઠા. માત્ર પહેરણ અને નિકર પહેરીને ફર્યા કરે. સૌની સાથે પ્રેમથી મધુરપણે વાત કરે. સદા પ્રસન્ન રહે. માત્ર કોઇકોઇ વખત તેમને પોતાની માતાનું વ્હાલ યાદ આવતું ત્યારે પોતાના ખાટલા પર બેસીને રડી પડતા.

ગુરુકુલમાં અમે સર્વ બ્રહ્મચારીઓમાં ભાઈ સુરેન્દ્રનાથજી આયુર્વેદાલંકાર તેમના સૌથી ઘનિષ્ટ સ્નેહી છે. એકવાર અમે બધા યાત્રાએ ઊપડી ગએલા. પાછળ ઉપેન્દ્રજી એકલા ગુરુકુળમાં બિમાર હતા. સુરેન્દ્રભાઇએ તેમની સેવાનો ભાર પોતાના ઉપર લીધો. ત્યારથી


प्यारे भारत वासियो,
मैं इस बात से अशान्त हुआ दुनिया में घूमता हूं, और अन्त में गुरुकुल में पहुंचने पर मुझे शान्ति मिल गई है। गुरुकुल में मुझे बहुत बड़ा रत्न मिल गया है। ब्रह्मचर्य और योगदर्शन की शिक्षा यह बड़ा रत्न है। इस रत्न का प्रकाश सारे जीवन में मेरे मन में रहेगा।
यूरोप की सभ्यता और शिक्षा मिट्टी के समान है। गुरुकुल का आदर्श प्रकृति के पीछे भागने वाली दुनिया के लिये एक आश्रम है। जो कि मनुष्यता की रक्षा कर सकता है।
भारत वासियो, पहले मन की स्वतन्त्रता चाहिए। अपने आत्मा का अभिमान चाहिए। यूरोप रूसो के समय से मानसिक स्वतन्त्रता की लड़ाई करता है, जो अब तक पहुंचो अंग्रेज पर ही है। परन्तु हिन्दुस्तानी अब तक सो रहे हैं। स्वतन्त्रता का भाव सब मनुष्यों के सन्मुख में होना चाहिए। हिन्दुस्थान जागो!! उपेन्द्र

મિ. ડૅરીઅર (ઉપેન્દ્રજી)નો ગુરુકુલવાસી વિદ્યાર્થીઓને સંદેશ: તેમના નાગરી હસ્તાક્ષરોમાં

સુરેન્દ્રભાઇ સાથે ઉપેન્દ્રજીની અતૂટ મિત્રાચારી જામી ગઇ. સુરેન્દ્રભાઇની ઇચ્છાને ઉપેન્દ્રજી ગમે તે રીતે પૂરી પાડે. સુરેન્દ્રભાઇ જ્યાં જાય ત્યાં ઉપેન્દ્રજી પણ સાથે હોય. સુરેન્દ્રભાઇ દવાખાનું ઉઘાડે તો ઉપેન્દ્રજી પણ પોતાનું કામ પડતું મૂકીને તેમાં શામેલ થાય.

નવીનવી ભાષાઓ શીખવાનું ઉપેન્દ્રજીને બહુ ગમે. યુરોપની ડચ, અંગ્રેજી, લૅટિન, ફ્રેન્ચ, જર્મન, ડૅનિશ, નૉર્વેજિયન, સ્પૅનિશ, ઇટાલિયન વગેરે ભાષાઓ ઉપરાંત તેઓ ફારસી, અરબી, ઉર્દૂ વગેરે ભાષાઓ પણ સારી રીતે જાણતા. ગુરુકુલમાં આવીને તેમણે હિંદી, સંસ્કૃત, ગુજરાતી, બંગાળી, ગુરુમુખી વગેરે ભાષાઓનો અભ્યાસ કર્યો હતો. ગુરુકુલમાં એક વર્ષ રહ્યા પછી તો તેઓ અમારી સાથે હિંદીમાં જ વ્યવહાર કરતા. ગુરુકુલમાં રહીને તેમણે योगदर्शन, गीता, उपनिषद, पंचतंत्र, रघुवंश, मेघदूत, वाल्मीकि, रामायण, सत्यार्थ प्रकाश વગેરે ઘણાં સંસ્કૃત અને હિંદી ભાષાનાં પુસ્તકોનું અધ્યયન કર્યું હતું. પાછળથી તો તેઓ ગુરુકુલ મહાવિદ્યાલયમાં જર્મન અને ફ્રેંચ ભાષાઓ તથા જિમનાસ્ટિક (વ્યાયામ)નું અધ્યાપનકાર્ય પણ કરતા હતા.

પ્રકૃતિનિરીક્ષણ અને પ્રકૃતિચિત્રણ એ એમનાં પ્રિય કાર્ય હતાં. એમની રહેવાની ઓરડીમાં જાઓ તો જાતજાતનાં ભરેલાં પંખીઓ, તેમનાં પીંછાં, જંતુઓની ચામડીઓ, સર્પોની કાચળીઓ, પક્ષીઓના માળા, વિવિધ વનસ્પતિઓનાં પાંદડાં, પુષ્પો અને બીજાં તમને નજરે પડે. તે સિવાય પોતે બનાવેલાં લાકડાનાં રમકડાં, પ્રકૃતિચિત્રો, વાંસની બનાવેલી વિવિધ કલામય વસ્તુઓના સંગ્રહસ્થાન જેવું એમનું નિવાસસ્થાન તમને માલૂમ પડે. આ લખનારે તેમની પાસેથી મેળવીને યુરોપના ભિન્નભિન્ન દેશોની ટપાલની ટિકિટોનો એક સારો સંગ્રહ તૈયાર કર્યો છે. ભારતની જુદીજુદી વસ્તુઓ એકઠી કરીકરીને તેઓ પોતાની માતુશ્રીને મોકલતા હતા. ગુરુકુળનાં મકાનો, વૃક્ષો, કાગડા, ગાયો, કુતરા વગેરેના સ્કેચ દોરીદોરીને તેઓ હોલૅંડ મોકલતા. અમારી સામૂહિક ક્રીડાઓ અને રમતોમાં પણ તેઓ ખૂબ હોંશથી ભાગ લેતા ગુરુકુલ પ્રત્યે તો તેમને અત્યંત મમતા થઇ ગઇ હતી. ખરું જોતાં તો તેઓ અમારા જીવનના અંગ બની ગયા હતા.

ભારત અને ભારતની પુરાતન સંસ્કૃતિ પ્રત્યે ઉપેન્દ્રજીના મનમાં અત્યંત માન હતું. ભારતની પ્રાચીન કસરતો વગેરેની પદ્ધતિ પણ તેમને બહુ સારી લાગતી. ઘણી દેશી રમતો તેઓ શીખી ગયા હતા. અને એક વાર તેમણે કહેલું કે હું યુરોપ જઇને ભારતીય લાઠીની બનેટીના પ્રયોગો ત્યાંના લોકોને બતાવીશ.

એમની સરળતા, સાદાઇ ને સ્નેહવૃત્તિ જોતાં તેઓ સંત જેવા લાગતા. એકાંતમાં શાંતપણે કામ કરવાનો એમનો સ્વભાવ હતો. પોતાની પાછળ તેઓ ગુરુકુળમાં તેમની ચિત્રકલાના પ્રતિનિધિ તરીકે ભાઇ આત્માનંદજીને મૂકી ગયા છે. ઉપેન્દ્રજીની ચિત્રકલાની શૈલીને ગુરુકુળમાં ઉપસ્નાતક ભાઇ આત્માનંદજીએ અપનાવી લીધી છે.

આજે બે વર્ષ થયાં તેઓ પોતાને વતન ગયા છે. ગુરુકુળના એક સ્નાતક ભાઇ નરેન્દ્રદેવ વિદ્યાલંકાર મ્યૂનિચમાં આવેલા એવી ત્યાં તેમને ખબર મળી કે તરત તેઓ તેમને મળવા પહોંચી ગયા. હાલ તેઓ પોતાને ઘેર શાંતિથી બેસીને પોતાની ભારતયાત્રા અને ગુરુકુળની સ્મૃતિઓ વિષે એક પુસ્તક લખી રહ્યા છે. આજે તેમના વગર ગુરુકુલ કાંગડીમાં એક ખાસ પ્રકારની ઊણપ જણાય છે. ગુરુકુળની સ્મૃતિઓમાં ઉપેન્દ્રજીનું નામ ચિરસ્મરણીય થઇ ગયું છે. અને ગુરુકુલના સર્વ ભાઇઓના હૃદયમાં ઉપેન્દ્રજી સદાને માટે રમી રહ્યા છે.

શંકરદેવ વિદ્યાલંકાર

કલાકારો

(૧)

સ્વ. સાધુ ચિત્રકાર
જમુ સંપત

જમુ સંપત સહજ સંતોષી નહોતો. એની અભિલાષા મોટી તેમ એનો અસંતોષ પણ મોટો. મોટી અભિલાષા, મોટા વિચાર, મોટું હૃદય એ જ એના વિશાળ અસંતોષનાં કારણ હતાં. કોઇના 'જેવું' થવું એને ગમતું નહોતું. કોઇની પાસે જતાં એ અચકાતો નહિ—જો એમ કરવાથી એને કાંઇ શીખવાનું, કાંઇ જોવાનું મળતું તો.

આવી રીતે પોતાની અભિલાષાના વેગમાં તણાતા, પોતાની કલા-ધૂનમાં ધૂમતા, જમુ સંપત એક દિવસ મારી પાસે આવી પહોંચ્યા. ક્યારે આવ્યા, કોની સાથે આવ્યા, શી વાત કરી, એ બધું હું અત્યારે છેક ભૂલી ગયો છું. મને માત્ર એટલું જ યાદ છે કે જમુ સંપત અમારા શનિવારના 'ફાટા-તૂટા મંડળ'નો એક નિયમિત સભાસદ હતો.

થોડી વાત એ 'ફાટાતૂટા મંડળ'ની કહું. વર્ષો પહેલાં અમે કેટલાક કલા-દીવાના મિત્રો ડૉ. નાગુતાઇ જોશી (અત્યારે રાણીશ્રી લક્ષ્મીબાઇ રાજવાડે-ગ્વાલીઅર)ને ત્યાં દર ગુરુવારે મળતા. ત્યાં કળા પર અનેક વિવેચનો થતાં, ચર્ચા ચાલતી, ગપ્પાં મરાતાં અને કળાને બહાને ઘણીવાર સ્વાદિષ્ટ ભોજનો પણ 'તાઇ'ની મમતા ને ઉદાર મનોવૃત્તિને લીધે યોજાતાં. 'તાઇ'નાં લગ્ન થયાં, એ ગ્વાલીઅર ગયાં અને એ ગુરુવારનું મંડળ વિખરાઈ ગયું.

એનાં સ્મરણો તાજાં કરવા નહિ, પરંતુ કોઇપણ રીતે, કોઇ સ્થાનમાં થોડીઘણી સહાય શરમાળ, રખડતા, સમાજથી વિખૂટા પડેલા કલાકારોને મળે એ વિચારથી મેં દર શનિવારે તેમને સાંતાક્રુઝ બોલાવવા માંડયા. જમુ સંપત એ 'મંડળ'ને પોતાના કામ અને સ્વભાવથી શોભાવતો. 'ફાટાતૂટા મંડળ'નું નામ પાડનાર પણ એ જ હતો; કારણ ત્યાં કામ કરતા કળાકારો બધા 'ફાટાતૂટા' વેશમાં જ રહેતા. તેમને કોડીની કમાણી નહોતી; સાક્ષરો પોતાનાં વિશેષણો વેરવા લલચાય એવા દમામવાળા કે 'હોશિયાર' તેઓ નહોતા; શબ્દ-ચાતુર્યથી તેઓ અજાણ હતા. તેમનું ચાતુર્ય તેમના કામમાં હતું: અને એ 'મંડળ'માં થતી રંગ, રેખા, પીછી વા પેન્સિલની વાતોએ એ પોકળ પાંડિત્યને દૂર, અજાણ્યું રાખ્યું હતું.

કામના વાતાવરણથી જમુ સંપતને ઘણો લાભ મળ્યો. અને એ લાભ પછી રાતમાં સ્કૂલના ઝાડ નીચે, લીલા ઘાસ પર ભેગા થતા અનેક ગોઠિયાઓને પણ મળતો. સંપતના સ્વભાવે સ્કૂલના કામ પર અસર કરી છે. સંપતનું પોતાનું કામ તો જોકે દુર્ભાગ્યે અધૂરું રહ્યું, પરંતુ એના સ્વભાવે સ્કૂલના કામની જે અસર કરી છે તે તો ત્યાં હજી રહી છે અને રહેશે.

દેશને સ્વ. રામરાવના અકાળ મૃત્યુથી ખોટ પડી. જમુ સંપતની પાંગરતી કળા દેશની આશાઓમાં ઉમેરો કરતી. જમુ સંપતનું અકાળ મૃત્યુ એ પણ એક બીજી રાષ્ટ્રીય ખોટ.

જમુ સંપત અને સ્વ. રામરાવના ગુણો બહુધા એક જ હતા. બંને અસંતોષી હતા. બંનેને સંશોધન કરવાની નવી વસ્તુ, સૌન્દર્યના નવાનવા પ્રકાર, નવી વ્યક્તિઓ પાસેથી નવું મેળવવાની ધૂન અહોનિશ સંતાપતી. પણ જમુ સંપતનું કામ સ્વ. રામરાવથી જુદું હતું. જમુ સંપતના જન્મસંસ્કાર ને વાતાવરણ જુદાં હતાં, તેનો યુગ જુદો હતો. સ્વ. રામરાવે ઘણું મેળવ્યું હતું, ઘણા પ્રયત્ન કર્યા હતા. જે વિચાર આવતા તે એ અમલમાં મૂકતા ને રેખા તથા રંગની સરળતાને લીધે એમનાં ચિત્રોમાં ઘણી વસ્તુઓ ને ઘણા વિચારોનું સંમેલન (અને કેટલીક વાર પરસ્પર વિરોધ પણ) નજરે ચડતાં. સ્વ. રામરાવનો યુગ મુંબાઇની 'સ્કૂલ ઑફ આર્ટ'ની રાત્રિનું છેલ્લું ચોઘડિયું હતું. એટલે એમનાં કાર્યો ઘણે પંથે વળતાં; પરંતુ એક દિશાએ દોરવાયાં નહોતાં. જમુ સંપતના પ્રયોગોનું ક્ષેત્ર સ્વ. રામરાવ જેટલું વિશાળ નહોતું પણ ઊંડું ને બહુધા નિશ્ચિત હતું.

સંપતે પોતાનાં ચિત્રોમાં, જન્મસંસ્કાર જેમ મેળવેલા કચ્છના રંગ ઉતાર્યા. એ કચ્છના રંગ આજે ઝાંખા થતા જાય છે. ચિત્રકારોને યે જોવાની તાકાત નથી તો સાક્ષરો તો કેમ સમજી ને સમજાવી શકે? સંપતના સંસ્કારી રંગ ઉપરાંત તેની રેખા પણ અમુક નિશ્ચયે જ ઘડાતી. આ કારણથી તેની લગભગ દરેક ચિત્રરચનામાં નિશ્ચયની સ્પષ્ટતા તેમજ ઉચ્ચ અભિલાષાઓને શોધતી અશક્તિનો શોક બંને વ્યક્ત થાય છે. સ્વ. રામરાવના કામમાં ઘણા વિચારો ને ઘણા પ્રયોગોનું સંમેલન અને વિરોધ તથા ઓછા નિશ્ચય; ઉચ્ચ અભિલાષાની શોધમાં પોતાની અશક્તિનો અસંતોષ, પણ શોક નહોતો. જમુ સંપતનાં ચિત્રોમાં શોકનો ભાર ને ભાવ બંને હતાં ને તે કાયમ રહ્યાં. અને એના છેલ્લા ચિત્રમાં એણે, અટૂલા પડેલા બાવજીના આત્માને, નિર્જન પ્રદેશમાં, એક બાજુ દટાએલાં મોહ સ્મરણોની કબર ને બીજી બાજુ તૂટેલા તમ્બુરાના તાર વચ્ચે વિલાપ કરતો છોડી દીધો છે.

કનૈયાલાલ હ. વકીલ



સ્વ. જમુ સંપતનો એક સ્કેચ (મુંબાઇ સ્કૂલ આફ આર્ટના સૌજન્યથી)



(૨) કુમારી અંબિકા ધુરંધર G.D. (Art)

મુંબાઈ ઇલાકાની સરકારી ચિત્રશાળાની છેવટની પરીક્ષા પસાર કરી ડિપ્લોમા મેળવનાર તરીકે કન્યાવર્ગમાં કુમારી અંબિકા ધુરંધર પહેલવહેલાં વિદ્યાર્થી છે. તેમના પિતા શ્રીમાન મહાદેવ વિશ્વનાથ ધુરંધરે એ જ શાળાના મુખ્ય અધ્યાપક, અને છેવટના ભાગમા વાઈસ પ્રિન્સિપાલ તેમજ આખા ઇલાકાના ડ્રૉઇંગ અને ક્રાફ્ટસના ઇન્સ્પેક્ટર તરીકે નોકરીની સફળ કારકિર્દી પૂરી કરી હમણાં જ પેન્શન લીધું છે; પરંતુ ઇલાકાના એક નામીચા ચિત્રકાર તરીકેની કીર્તિ તેમની જિંદગીનું ખરું સ્મારક છે. આવા કળાસંપન્ન પિતાની પ્રતિમાનો વારસો પુત્રીએ ઝીલ્યો એ નારીયુગના ઉદયનું એક કિરણ માની શકાય.

કુમારી અંબિકાનો જન્મ ૧૯૧૨ની ૪થી જાન્યુઆરીએ થએલો અને આટલી ઉમરમાં તો એણે કલમની સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. ત્રણ વર્ષની ઉમરેથી તેમણે પોતાનો ચિત્રપ્રેમ બતાવ્યો હતો. ચિત્રોનાં પુસ્તકો કલાકો સુધી જોયાં કરે, પણ કદી તેનાં પાનાં બગાડે કે ફાડે નહિ. છ વર્ષની વયે તો તેણે માનવી રૂપો ચિતરવા માંડ્યાં. તેમાં ખાસ કરીને સ્ત્રીઓ ને કન્યાઓ વિશેષે કરીને ચીતરતાં. આ ચિત્રો તેમના પિતાએ સંઘરી રાખ્યાં છે. તેમાં કળા જેવું કંઇ ન લાગે પણ તેમની બુદ્ધિનું વલણ સ્પષ્ટ સમજી શકાય.

ચોથી મરાઠી ચોપડી પૂરી કરી તેમને અંગ્રેજી અભ્યાસ માટે નજીકની હાઇસ્કૂલમાં મૂક્યાં સોળમે વર્ષે તેમણે પાંચમી અંગ્રેજી પૂરી કરી ને સાથેસાથે ડ્રૉઇંગની પ્રાથમિક ને માધ્યમિક પરીક્ષાઓ પણ પસાર કરી, એટલે મુંબાઇની ચિત્રશાળાના પ્રથમ વર્ષમાં પ્રવેશ કરવાની યોગ્યતા મળી. શાળામાં ચિત્રનો સખત અભ્યાસ કરવા ઉપરાંત લાંબી રજાઓમાં ને ફુરસદને વખતે ઘેર પિતા પાસેથી પણ તેમને નિયમિત તાલીમ મળી.



શ્રી મહાદેવ વિશ્વનાથ ધુરંધર

પીંછી પર તેમનો હાથ એવો તો જામ્યો છે કે તૈલ કે જળરંગનાં ચિત્રો માટે ઈ.સ. ૧૯૨૮ની સાલથી તેમને સીમલા, મુંબાઇ અને પૂનાનાં પ્રદર્શનોમાં પારિતોષિકો મળતાં આવ્યાં છે. ઇ.સ. ૧૯૩૦માં મુંબઇ ચિત્રશાળાના એક ગુજરેલ વિદ્યાર્થી બેન ડૉલી ખરસેદજીના સ્મારકના ઈનામની ખુલ્લી હરીફાઈમાં તે આગળ આવ્યાં ને તેમની કારકિર્દી દીપી નીકળી. 'આરામમાં' નામના તેમના ચિત્રની સરસ ગોઠવણ જોઇ પરીક્ષક મંડળે તે પરથી એક મોટું ચિત્ર કરવા કહ્યું અને બધાંને તે એટલું બધું ગમ્યું કે તે પર તેમને બસો રૂપિયાનું બીજું ઇનામ આપ્યું. એવો જ બીજો ઉજ્જવલ પ્રસંગ શાળાની છેલ્લી ડિપ્લોમા પરીક્ષામાં બન્યો. એ પરીક્ષા માટે ૬ ફૂટ વ્યાસના અર્ધવર્તુલમાં




બુદ્ધ તપસ્યા — ચિત્રકાર • કુમારી અંબિકા ધુરંધર

'શોકાવસાન' ચિત્ર કરવાનું હતું. લગભગ આઠેક માનવાકૃતિઓની રુચિપૂર્ણ યોજના, રંગવિધાન વગેરે સાચવીને કુમારી અંબિકાએ તેમાં રૂપાના ચંદ્રક સાથે બીજા નંબરે ડિપ્લોમા મેળવી.

શાળાનો અભ્યાસ સમાપ્ત કર્યા પછી પણ કુમારી અંબિકાએ ઘર આગળ સખત મહેનત અને અભ્યાસ તજ્યાં નથી હજુ હમણાં જ ૬૪ નોંધણીઓ અને અંબિકાવાળુ ભરપૂર ચિત્રાંકન કરી મુંબાઇના કળાપ્રદર્શનમાંથી તેમણે ઇનામ ખેંચ્યું છે.

આયુષ્યને આંગણે પગ મૂકી રહેલી આ ભારતીય ચિત્રલેખા સામે હજુ તો ભવિષ્યનો બહોળો કર્તવ્યવિસ્તાર પથરાએલો પડ્યો છે, અને કળાનાં કંઇક શિખરો પર તેને ચડવાનું છે. તેના પ્રારંભમાં જ આટલી વિદ્યા-સામગ્રી તે મેળવી શક્યાં છે તે માટે તેમને અભિનંદન ઘટે છે. પરમાત્મા તેમને દીર્ઘાયુ બક્ષે ને તેમની મુરાદો પૂર્ણ કરે.

—ર. મ. રા.



કુમારી અંબિકા ધુરંધરનો દોરેલો સ્કેચ

(૩) કુમારી માદ્રી દેસાઈ

ગુજરાત ગર્વ લઇ શકે એવી



બાળક : મૂર્તિકાર કુ. માદ્રી દેસાઇ



'ભજનિક': મૂર્તિકાર · કુમારી માદ્રી દેસાઈ

કલાની ઉપાસના કુમારી માદ્રી દેસાઇની છે. શિલ્પમાં મૂર્તિ-નિર્માણની કળા અત્યારે તો ભાગ્યે જ ગુજરાતે અપનાવી છે. કોઇ કોઇ સલાટો કવચિત કવચિત ફોટોગ્રાફો પરથી પૂતળાં કરે છે. અથવા યુરોપની ફૂલવેલોની કચાટી કોરણી ઉતારે છે. પણ કંઈક ભાવમય, ધ્યાનપૂર્ણ સ્વરૂપ જોઇતું હોય તો આપણે તેમનાથી નિરાશ થવું પડે. કુમારી માદ્રી દેસાઇએ એક 'ભજનિક'નું ધરેલું ભાવસ્વરૂપ અહીં રજુ કર્યું છે તે પરથી કલ્પનાની અસર નીચે હાથ શું બતાવી શકે તેનો ખ્યાલ મળશે. બાળજીવનની વસ્તુ-સ્થિતિ દર્શાવતી બીજી કૃતિમાં તેમણે અભ્યાસ અને વ્યવસ્થિત તાલીમનું ફળ બતાવ્યું છે. શિલ્પ જેટલો જ તેમણે સંગીતનો યોગ પણ સાધ્યો છે. સંગીત ઉપરના તેમના લેખ 'ટાઇમ્સ વીકલી'માં આવેલા તે જાણીતા છે. માદામ પાવલોવા અને મીરાવતી દેવીનાં નૃત્ય પ્રસંગે હિંદી સંગીતની યોજના તેમણે કરી આપેલી. એક દિવસે ગુજરાતનાં આ ઊગતાં કલાવિધાત્રીની કૃતિઓ ઘરઘર પહોંચે એવી આશા રાખીએ તો ખોટું નથી.—ર.

શૉખ અભ્યાસ અને ઉપાસના

ॳ. અભ્યાસ અને શૉખમાં ઘણો ફરક છે. શૉખ બીન-જવાબદાર ગુણ છે; જ્યારે અભ્યાસ ચોક્કસ આંકેલાં પરિ-ણામોની અપેક્ષા રાખે છે. વિદ્યાર્થીજીવનમાં શૉખને નહિ પણ અભ્યાસને જ સ્થાન મળવું જોઇએ. **ॳ.** સક્રિય ઉત્કટ અભ્યાસ તે ઉપાસના. ઉપાસનામાં સુખનો ને આરામનો ભોગ આપીને નિશ્ચિત ફળો ઉત્પન્ન કરવા મથવું પડે છે. —ર.

શબ્દનદ

· શિખરિણી ·

અને ત્યારે મારું દરખભર હૈયું ઉછળિયું,
વહ્યું નાડે નાડે ધસમસ તદા શોણિત નવું;
ગળ્યાં અંધારાં ને સરર સહુ સ્વપ્નો સરી પડ્યાં,
પડ્યા જ્યારે મારે શ્રવણ તુજ શબ્દો બલભર્યા.

અહો! શા એ શબ્દો! નહિ શબ્દ એ કેવળ હતા,
હતો ગેબી એ તો નદ ઉલટિયો કો કણુકનો;
ભરંતો બીરૂમાં અભય, સબળાને નમવતો,
ગુફાઓમાં ગાજી પ્રતિરવ શતેથી પ્રસરતો.

વહ્યો ખંડેખંડે શબ્દનદ ચૈતન્ય ઉભરી,
અને અબ્ધિકેરી અનિબળ તરંગાવલિતરી;
વહ્યો એ વર્ચસ્વી જગતમનુજોને જગવતો,
અને મા ભૈ: કેરાં મધુર મધુ વિશ્વે વદવતો.

ગભીરા એ નાદે પથર પણ પ્રાણે પમરિયા,
શબો સંજીવ્યાં ને હૃદય હૃદયે તેજ ઊઘડ્યાં;
દીધા વિસ્તારી સૌ વિભવ વસુધાએ તુજ પદે,
કથા તારી ગાઇ, કવિવરકુલે કંઇ કવને.

સદા સૂકાં મારાં ઉપવનતરુ યે પમરિયાં,
અને મારે હૈયે ઝરણ કવનોનાં પ્રગટિયાં;
ગૂંથી છન્દઃસૂત્રે શબ્દફૂલડાં ઊર્મિપમર્યાં,
અધીરો હું દોડ્યો પદકમલ તારે અરપવા.

પરંતુ શેણે યે યુગપતિ! સમીપે તુજ, બધાં
ગયાં વ્હીલાઇ એ સુરભિભર મારાં કુસુમ ત્યાં;
ન જાણ્યું શેણે યે શબ્દ મુખથી એક ન સર્યો,
બધાંઓની વચ્ચે, તુજ ઉર અભાગી હું ન વસ્યો?


સુહાગો સ્ત્રીઓના, યુવકદળનાં યૌવન અને
ધનાઢ્યોના કોષો, સુરભિભર શૌર્યો ય શતનાં,
સ્મિતો બાલૂડાંનાં, કવન પણ કો કો કવિતણાં,
વસ્યાં તારે હૈયે સકળ, કયમ મારાં જ ન વસ્યાં?

નિરાશાથી મારા ચરણ લથડી ઘેર જ ફર્યાં,
અને એકાન્તે ત્યાં મુજ નયનથી અશ્રુ ઊતર્યાં;
સુણ્યો ત્યાં તો પાછો શબ્દનદ તારો ઘુઘવતો,
'ત્રિકી કર્તવ્યોને મનુજ! વર આપી વર વરો.'

મનઃસુખલાલ મગનલાલ ઝવેરી



અમદાવાદમાં મુગલાઈ સમયની કબરની છત્રીઓ
સ્કેચ કરનાર : કુ. અંબિકા ધુરંધર જી. ડી.



કેટલાંક માનવ પાત્રો

ચિત્રકાર : શંકરલાલ ડાભી

સજીવ માનવીઓ ઉપરથી આ ઉપરના સ્કેચ કરનાર ભાઈ શંકરલાલ ડાભી સૌરાષ્ટ્રના તરુણ ચિત્રકાર છે અને આ દિશામાં ખાસ કૌશલ્ય બતાવે છે. 'સૌરાષ્ટ્ર' પત્રનાં કાર્ટૂન દોરનાર તરીકેની તેમની કીર્તિ તાજેતરની છે, પણ વિશેષ અભ્યાસ અને અનુભવથી તે એક શિષ્ટ ચિત્રકાર થઈ શકે એવાં ચિહ્નો તેમના કામમાં દેખાય છે.

જર્મનીની યુવક-પ્રવૃત્તિ

જેણે દંભના પડછાયામાંથી મુક્ત જીવનનો પ્રાણ પ્રકટાવ્યો વિનાશના ઓળામાંથી ચેતનવંતા રાષ્ટ્રનું નિર્માણ કર્યું

યુવક-પ્રવૃત્તિ શબ્દ જર્મનીમાં આજે એટલો બધો સર્વસામાન્ય થઇ ગયો છે કે રાજ્યદ્વારી, સામાજિક કે કેળવણીના કોઇ પણ પ્રશ્ન ઉપર તેના સિવાય વાત કરવી ઘણી મુશ્કેલ છે. એ પ્રવૃત્તિ દેશભરમાં એટલી વ્યાપક અને શક્તિ ધરાવતી થઈ ગઇ છે કે શાળાનો અભ્યાસક્રમ, શિષ્ય અને શિક્ષક વચ્ચેનો સંબંધ, નિશાળનાં પર્યટન, જર્મન સંસ્કૃતિ, કળા અને હાથકારીગરી, આ સર્વ વિષય ઉપર તેની સીધી કે આડકતરી અસર થયા સિવાય રહી નથી. જર્મન કેળવણીની પુનર્ઘટના કરવા માટે ૧૯૨૦ના જૂન માસમાં મળેલી અગત્યની કેળવણી પરિષદમાં પણ તત્ત્વવેત્તાઓ, માનસશાસ્ત્રીઓ અને શિક્ષકોની સાથોસાથ આ યુવક-પ્રવૃત્તિના આગેવાનો હાજર હતા, અને તેમના જ યત્નથી કેળવણીના ક્ષેત્રમાં કેટલાક સુધારા થઇ શક્યા. આટલી સત્તાધારી, સર્વવ્યાપી અને રાજ્ય તથા પ્રજાનું ભાવી ઘડતી આ જગમશહૂર પ્રવૃત્તિનો ઇતિહાસ આપણા યુવકોને જાણવા જેવો છે.

આ પ્રવૃત્તિની ઉત્પત્તિ મહાન વિગ્રહ પછી થઇ એવી એક માન્યતા ચાલે છે તે ભૂલભરેલી છે. એનો જન્મ તો છેક ઓગણીસમા સૈકાના અંત ને વીસમાની શરૂમાં થયો. એ વેળા સમાજ, શાળા ને સરકારની જૂની પદ્ધતિ સામે યુવાનોના બળવા રૂપે તે શરૂ થઇ હતી. સમાજની જોહુકમી અને લોકોનાં કૃત્રિમ તથા દંભી જીવન સામે એ પોકાર હતો; શાળાની લશ્કરી શિસ્ત સામે વિદ્યાર્થીઓનો એ વિગ્રહ હતો; યુવાનોની શરીરશક્તિ વડે જડ સંપત્તિઓ મેળવવા મથતા પીઢ વડીલો સામે યુવકોની એ ચળવળ હતી; સત્તાધારી જૂજ માણસો સામે ચેતનભર પ્રજાનું એ યુદ્ધ માટેનું આવાહન હતું; ઝપાટાભેર સ્થૂલ અને જડ થતા જતા પ્રજાના માનસને સત્ય માર્ગે દોરવાનો એ યત્ન હતો. 'ટાઇમ્સ લિટરરી સપ્લિમેન્ટ'ના એક લેખકે તેને વર્ણવી છે તેમ એ 'વૉન્ડર ફૅાગલ્સ' યુવક-પ્રવૃત્તિ બુદ્ધિની સર્વ શક્તિ સામે આત્માનો જ્વલંત વિરોધ હતો.



રખડપાટે નીકળેલાં જર્મન કુમાર-કુમારી

આજથી છત્રીસ વર્ષ પહેલાં ઈ. સ. ૧૮૯૬માં બર્લિનની પાસે આવેલા સ્ટૅગ્લિશ નામના પરામાં કાર્લ ફિશર નામના કૉલેજના એક વિદ્યાર્થીએ થોડાક કુમારોને ભેગા કર્યા અને સમાજના પ્રચલિત રીતરિવાજથી તદ્દન વિરુદ્ધ રીતે ટૂંકી ચડ્ડીઓ અને ખુલ્લા કૉલરવાળાં ખમીસ પહેરી આ ટોળાએ આસપાસના પ્રદેશમાં વહેલા પરોઢિયામાં રખડવું શરૂ કર્યું. આ વર્ષો દરમ્યાન જર્મની પૂર્ણ જાહોજલાલીમાં હતું. પ્રમાદને એવે સમયે બને છે તેમ રૂઢ રીતરિવાજો, ખોટા વિવેકો, જડ શિષ્ટાચારો, કપડાંલત્તાંનો દંભ વગેરે અતિશય વધી ગયાં હતાં. દર રવિવારે સવારે બાપાની કાળી ટોપી અને જોડા સરખી જ રીતે કાળાં ચકચકતાં જોઇએ; કુટુંબના કોઇપણ માણસના કોટની બાંય ઉપર કરચલી ન જ હોવી જોઇએ; મા અને બહેનોનાં મોં ઉપર અમુક સરખો જ રીતે પાઉડર લગાવેલો જોઇએ અને હાસ્ય તરવરવું જોઇએ; જમતા અમુક જ રીતે બેસાય;



લોકગીતો ને લોકનૃત્ય એ જર્મન યુવક-પ્રવૃત્તિનાં મુખ્ય અંગ છે.

વાત અમુક જ રીતે થાય, અને હસાય પણ અમુક જ રીતે! આખું જીવન ખર્ચાળ અને કૃત્રિમ થઇ ગયું હતું. આવા દંભી જીવન સામે આ રખડુ ટોળીએ ઝુંબેશ ઉઠાવી. ખાણાં ઉપર, દેવળમાં, નાટકશાળામાં, એકબીજાને મળવામાં આ ટોળીના સભ્યો આ કૃત્રિમ જીવનની રૂઢિઓનો ભંગ કરવા લાગ્યા. તેમની આ પ્રવૃત્તિથી રાજ્યના અમલદારો, ધર્મગુરુઓ અને માબાપો ચોંકી ઊઠ્યાં અને સૌ એ ટોળી તરફ શંકાની નજરથી જોવા લાગ્યા. કાર્લ ફિશર 'ગાંડા ફિશર'ના નામથી ઓળખાવા લાગ્યો. શરૂઆતમાં થોડો સમય તો સૌને લાગ્યું કે આ પ્રવૃત્તિ દબાઈ જશે. પણ લોકો ધારતા હતા તેવો કાર્લ ફિશર અવ્યવહારૂ નહોતો. ધીમે ધીમે તેણે માબાપોને વિશ્વાસમાં લઇ તેમની મદદ મેળવી અને સને ૧૯૦૪માં વૅાન્ડર ફૅાગલ (ઊડતાં પંખી) નામની એક સંસ્થા સ્થાપી. આ સંસ્થાનો ઉદ્દેશ એવો હતો કે શહેરની ગંદી હવામાંથી બહાર જવું, કુદરતના સુંદર સાન્નિધ્યમાં રહેવું, સાદું જીવન ગાળવું, ખેડુતો સાથે ભળવું તથા તેમના કામમાં મદદ કરવી, લોકગીતો ગાવાં ને લોકનૃત્યો કરવાં, અને આમ જર્મન લોકજીવનની દરેક બાજુનો સાચો અનુભવ મેળવી એ સર્વ દ્વારા પિતૃદેશ પ્રત્યે પ્રેમ કેળવવો. થોડાં જ વરસોમાં આ પ્રવૃત્તિ અતિશય લોકપ્રિય બની ગઇ અને જર્મન વિદ્યાર્થીઓનાં ટોળેટોળાં દેશ ઉપર જ્યાંત્યાં રખડતાં માલૂમ પડવા લાગ્યાં. આ પ્રવૃત્તિને પરિણામે સમાજમાં પ્રવર્તેલા જડવાદ, વેપારી દૃષ્ટિ, કૃત્રિમતા અને લશ્કરી મોહ સામે સિદ્ધાંત તથા તત્ત્વમાં તદ્દન જુદું એવું તત્ત્વજ્ઞાન ઊભું થયું. ઇ.સ. ૧૯૧૩ સુધીમાં તો આ પ્રવૃત્તિ શિખરે પહોંચી. એ સાલમાં એક રાત્રિએ હોહેન-મેઇઝનેરના ઊંચા પર્વતોની ગાળીમાં બેહજાર યુવકો એકત્રિત થયા અને મોટો હુતાશ સળગાવી તેની સમક્ષ, લશ્કરી દોર ઉપર ચાલતી કૈસરશાહી વિરુદ્ધ પડકાર દીધો ને જગતને સંદેશ આપ્યો કે 'અમે અમારૂં જીવન અમારા અંતરાત્માની આજ્ઞાનુસાર અમારે જોખમે ઘડવાને માટે કૃતનિશ્ચય થયા છીએ.'

પણ પૂર્ણ સ્વતંત્રતાનો આ જુસ્સો પૂરેપૂરો ખીલ્યો ન ખીલ્યો ત્યાં તો મહાયુદ્ધ શરૂ થયું અને આ પ્રવૃત્તિના સભ્યોએ તેમાં ઝુકાવ્યું. લીએજ અને નામૂરના કિલ્લા લેતાં જે જર્મન લશ્કરો ગાતાંગાતાં મરણને શરણ થયાં તેમાં મોટે ભાગે આ યુવક-પ્રવૃત્તિના સભ્યો જ હતા.

એ મહાન વિગ્રહની પૂર્ણાહુતિ વખતે જે સભ્યો બચ્યા તેઓ મોટે ભાગે અપંગ થયા હતા અથવા માનસિક વ્યાધિથી પીડાતા હતા, અને પરિણામે એ આખી પ્રવૃત્તિ નષ્ટ થઇ હોય તેમ લાગતું હતું. પરંતુ અચંબો પમાડે તેવી રીતે આપોઆપ એ આખી પ્રવૃત્તિનો વગર વિલંબે પુનરૂદ્ધાર થયો. જે કાર્ય માટે યુવક પ્રવૃત્તિની પહેલાં સ્થાપના થઇ હતી તે કાર્ય તો અનાયાસે સિદ્ધ થઇ ગયું હતું. શહેરી કૃત્રિમ જીવન, પુષ્કળ ખર્ચાળ જિંદગી, ગરીબ અને તવંગર વચ્ચેની અસમાનતા, મદ્યપાન, પોષાકનો મોહ આદિ ટેવો તો સમગ્ર પ્રજાને માટે અસંભવિત થઇ ગઇ હતી; કેમકે મહા વિગ્રહને પરિણામે સૌ સરખા ગરીબ થઇ ગયા હતા.

પણ હવે એ પ્રવૃત્તિની સમક્ષ બીજું ઘણું જ જરૂરી ને મુશ્કેલ કામ આવી પડ્યું હતું. મહાન યુદ્ધ, છ માસનો ઘેરો, દુષ્કાળ અને જર્મનીના ચલણી માર્કના સિક્કાની તદ્દન બેસી ગએલી કિંમતથી આખી પ્રજા કંગાલ થઇ ગઇ હતી. ગરીબાઇ સિવાય ચારે બાજુ બીજું કાંઇ દૃષ્ટિગોચર થતું ન હતું. આ સમયમાં જન્મેલાં અને નાનાં બાળકો ઉપર આ વિપત્તિની ઘણી જ ખરાબ અસર થઈ હતી. રૂબરૂ વાતચીતમાં મને એક જર્મન વિદ્યાર્થીએ કહેલું કે તે આઠ વરસનો થયો ત્યાં સુધી તેણે દૂધ કે માખણ ચાખ્યાં નહોતાં! બર્લિન યૂનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ બહુ જ ગમગીન ચહેરાવાળા તેમજ ગંભીર માલૂમ પડ્યા. ઇંગ્લંડમાં વિદ્યાર્થીઓના ચહેરા ઉપર જે હાસ્ય અને તોફાન દેખાય છે તે અહીં ન હતાં. મેં એક અધ્યાપકને આનું કારણ પૂછતાં તેણે કહ્યું કે લડાઇના ઓળા હજુ પૂરા આથમ્યા નથી. આ બધા વિદ્યાર્થીઓ લગભગ ૧૯૧૪-૧૫માં જન્મેલા અથવા તે વખતે બાળક. એમણે ખૂબ

ભૂખમરો વેઠેલો અને પરિણામે ક્ષય, સંધિવા, ગળો ઇત્યાદિ રોગોથી તેઓ પીડિત હતા. આવી સ્થિતિમાં આવી પડેલા દેશને જો જીવવું હોય, યુરોપની મધ્યમાં ટકવું હોય, અને જર્મન રાજ્યનો પુનરુદ્ધાર કરવો હોય, તો આ બાળકોને સશક્ત અને નીરોગી કરવા સિવાય બીજો કોઇ આરો નહોતો એમ ત્યાંના રાજદ્વારી, ધાર્મિક તથા પ્રજાકીય નેતાઓને લાગ્યું અને તેમના ટેકાથી ફરી યુવક પ્રવૃત્તિ સચેત થઈ. પરગણાં અને શહેરોમાં જુદાંજુદાં મંડળો સ્થપાયાં; મ્યૂનિસિપાલિટી; રાજ્ય અને પ્રજામાંથી પૈસા ભેગા કરવામાં આવ્યા; બાળકો તથા યુવકો માટે સ્થળેસ્થળે જંગલમાં આશ્રમો (Youth shelters) બાંધવામાં આવ્યાં; તથા મુસાફરીઓ, પર્યટનો, ઉત્સવો, નૃત્યો ને રમતોની યોજનાઓ કરવામાં આવી. આ પર્યટનોનો શોખ તો એટલી હદ સુધી વધ્યો કે ઉનાળામાં ભાગ્યે જ કોઈ શહેર કે ગામ, સુંદર સરોવર અથવા પર્વત, ટ્રેન, ટ્રામ કે બસ, ખાખી ચડ્ડી ને ખમીસ પહેરેલા, મોટે ભાગે ઉઘાડા પગવાળા, ખભે મોટા કોથળા ટાંગેલા, હાથમાં લાકડી પકડેલા યુવાનોનાં ટોળાં સિવાયનું નજરે પડે. આજે રખડવું એ તો ત્યાં ફૅશન થઇ પડી છે. પ્રજાને તો તે ઘણી ગમી ગઇ છે, કેમકે ગરીબ પ્રજા પાસે પોતાનાં બાળકોને ઓછે ખરચે સશક્ત બનાવવાનો બીજો કોઇ ઇલાજ રહ્યો નથી. સશક્ત બનવા ઉપરાંત જર્મન સંસ્કૃતિ, ગ્રામજીવન, લલિતકળા ને ઐતિહાસિક સ્થળોના સીધા સંબંધમાં આવવાથી તેમનામાં સાચો દેશપ્રેમ જાગૃત થાય છે ને પ્રાચીન જર્મન સંસ્કૃતિ પ્રત્યે આત્મીય ભાવ જાગૃત થઇ રાષ્ટ્રભાવના સુદૃઢ થાય છે.

લડાઇ પહેલાં આવી રાષ્ટ્રભાવના રાજ્યના દોર નીચે ઊભી કરવામાં આવી હતી—બહારથી મૂકવામાં આવી હતી; તેનો જન્મ પ્રજાના અંતઃકરણમાંથી થયો ન હતો. પરિણામે મહાયુદ્ધમાં પરાજય પામ્યા પછી રાજ્યના દોરની સાથોસાથ એ રાષ્ટ્રભાવના પણ એક રાતમાં અદૃશ્ય થઇ ગઇ, અને જો યુવક-પ્રવૃત્તિ ન હોત તો આખો દેશ નાના નાના પ્રાંતો ને પરગણાંઓમાં વહેંચાઇ ગયો હોત અથવા ઑસ્ટ્રિઆ તથા રશિયાની માફક છિન્નભિન્ન થઇ ગયો હોત. યુવક-પ્રવૃત્તિએ પ્રજાને સશક્ત બનાવવા ઉપરાંત આ રાષ્ટ્રભાવના સ્થાપવામાં તેમજ બીજાં રાષ્ટ્રોની સરહદો પર તેમના



પર્વતોની ગાળીઓ ને ગીચ વનો ખૂંદતાં તથા સરોવરોના કિનારાઓ પર યથેચ્છ વિહારો કરતાં જર્મનીનાં કુમાર-કુમારીઓ મહાયુદ્ધે હરી લીધેલાં એમના દેશનાં દૈહિક અને આત્મિક ચેતન ફરી પ્રાપ્ત કરી લે છે. કુદરતને ખોળે રખડપાટા કરીને શરીર સુદૃઢ કરે છે ને યૌવનની આકાંક્ષાઓનાં સ્વપ્નાં સેવે છે.

યુવકો જોડે સંમેલનો ગોઠવી આન્તરરાષ્ટ્રીય ભાવના જાગૃત કરવામાં પણ ઘણા સંગીન પ્રયત્નો કર્યા.

ધીમેધીમે આ મુસાફરીઓ અને પર્યટનો એટલાં બધાં વધી પડ્યાં કે રખડવા નીકળતા આ વિદ્યાર્થીઓને રહેવા માટે પુષ્કળ આશ્રમોની જરૂર પડી. નીચેના આંકડા તેનો સ્પષ્ટ ખ્યાલ આપશે:

સાલ	આશ્રમોની સંખ્યા	મહેમાનોની સંખ્યા
૧૯૧૮	૨૦૦	૧૯,૦૦૦
૧૯૨૧	૧૨૦૦	૫૦૬,૦૦૦
૧૯૨૭	૨૩૧૮	૨,૬૫૫,૨૯૨
૧૯૨૯	૨૫૦૦ (લગભગ)	૩,૦૦૦,૦૦૦ (થી વધુ)

આ આશ્રમો આજે આખા જર્મની ઉપર પથરાએલાં છે. આ પ્રવૃત્તિના સંચાલકો તો હજી એવાં સ્વપ્નાં સેવે છે કે કોઇપણ શહેર અથવા ગામથી ગમે તે દિશામાં બે કે ત્રણ કલાક ચાલો ત્યાં તમને ખોરાક અને વિશ્રાંતિ માટે આવો એક આશ્રમ જરૂર મળી આવવો જોઇએ. આ આશ્રમો મોટે ભાગે સુંદર સરોવરના કિનારા ઉપર, ગીચ ઝાડીમાં, પર્વતની ખીણમાં,



વનપર્વતોની વચ્ચે આવેલો યુવક-આશ્રમ

નદીના ધોધ પાસે, એમ જ્યાં કુદરતની વિપુલતા હોય, ત્યાં ઊભા કરવામાં આવ્યા છે. કેટલાક આશ્રમો માટે ખેડુતોનાં ઝૂંપડાં માગી લીધાં છે, કેટલાક માટે અમીર ઉમરાવોના કિલ્લા લડાઈ પછી નામની કિંમતે માગી લીધા છે; જ્યારે કેટલાક તો બીનઉપયોગી નીવડેલાં વહાણો-માં સ્થાપવામાં આવેલાં છે. આ આશ્રમોનો લાભ હરકોઈ માણસ લઈ શકે છે. એમાં શરત માત્ર એટલી હોય છે કે તેનો પોશાક સાદો જોઈએ. કોઈ વ્યસન તેને હોવું ન જોઈએ, તે મુસાફરી પગે ચાલીને કરતો હોવો જોઈએ અને આવી પ્રવૃત્તિના સભ્ય તરીકેનું બે રૂપિયાની કિંમતનું કાર્ડ તેની પાસે હોવું જોઈએ. જર્મનીમાં સસ્તામાં સસ્તી કોઈપણ વીશીમાં આપણે ઊતરીએ તો ત્રણ ચાર અથવા પાંચ માર્ક (લગભગ ત્રણ રૂપિયા) એક રાત સૂવાના તથા એક ટંક ખાવાના થાય; જ્યારે આ આશ્રમોમાં એક રાત સૂવાના અને એક ટંક જમવાના મળી કુલ છથી આઠ આના લેવામાં આવે છે.

કેટલાક અમેરિકન વિદ્યાર્થીઓ સાથે હું ૧૯૩૦ના ઉનાળામાં આવા એક આશ્રમમાં રાતવાસો કરવા ગયો હતો. બર્લિનની આજુબાજુ ઘણે દૂર સુધી ફરી વળેલ સરોવરોની એક હારમાળાને કિનારે આ આશ્રમ આવેલો હતો, એટલે અમારે થોડુંક ટ્રેઈનમાં, થોડુંક હોડીમાં અને બાકીનું ચાલીને આ આશ્રમે પહોંચવાનું હતું. ઉનાળાનું સુંદર સ્વચ્છ આકાશ, સરોવરનું શાંત ઘેરું આસમાની પાણી, દૂરદૂર દેખાતાં નાનાંનાનાં ગામડાં, પરીઓની વાતોમાં આવે છે તેવા ઊંચી ધારો ઉપર એકલવાયા ઊભેલા ઐતિહાસિક કિલ્લાઓ અને આ સર્વેને ઢાંકી દેતી લીલીલીલી વનસ્પતિ,–આ બધાની મધ્યમાં આ આશ્રમ આવેલો હતો. લગભગ સો મા-ણસોને સૂવાનો બંદોબસ્ત થઈ શકે તેટલી તેમાં સગવડ હતી. પરદેશી મહેમાનો માટે જરા વધારે પૈસા ખર્ચેતાં થોડીક વધુ સગવડ પણ કરવામાં આવતી હતી. સૂપ, ચા, કૉફી, બ્રેડ, ઇત્યાદિ ખાવાની ચીજો પણ નામની કિંમતે મળતી હતી. અમે ગયા ત્યારે તે કુમારો અને કુમારીઓથી ભરપૂર હતું. કોઈ વાંચતા હતા, કોઈ વાદ્ય વગાડતા હતા, કોઈ વાતો કરતા હતા, કોઈ પાસેના તળાવમાંથી નાહીને આવતા હતા, કોઈ આજુ-બાજુનાં દૃશ્યોનાં ચિત્રો આલેખતા હતા, કોઈકોઈ પોતપોતાના ખાસ વિષયોનો અહીં અભ્યાસ કરતા હતા. વનસ્પતિ શાસ્ત્રના વિદ્યાર્થીઓ વનસ્પતિનું નિ-રીક્ષણ કરતા હતા; ભૂસ્તરશાસ્ત્રના વિદ્યાર્થી પથ્થર અને જમીન તપાસતા હતા; કારખાનાંઓમાં આખું અઠવાડિયું કામ કરી થાકી ગએલી છોકરીઓ લીલા ઘાસ ઉપર પડીપડી નવલકથાઓ વાંચતી હતી. આમ ભિન્નભિન્ન પ્રવૃત્તિ થઈ રહી હતી. રાત્રે સૌએ સાથે મળી સંગીતનો અજબ જલસો કર્યો.

જર્મનીમાં શનિ રવિવારના દિવસોમાં ઘણાં માણસો આવા આશ્રમોમાં રાતવાસો ગાળવા મોટાં શહેરો છોડી ચાલ્યાં જાય છે. ગરીબ પ્રજાને જો સશક્ત બનવું હોય તો આ ઘણો જ ઉત્તમ માર્ગ છે.

આપણી આબોહવા એટલી સારી ને ચોક્કસ છે, નિર્માલ્ય થતીજતી આપણી પ્રજાને સશક્ત થવાની એટલી બધી જરૂર છે ને કુદરતી સૌંદર્યવાળાં એટલાં બધાં સ્થળો આપણી ચોમેર પથરાએલાં છે કે આપણા યુવકોએ આવાં પર્યટનો અવસ્ય ઉપાડી લેવાં જોઈએ.

ઉપર આપણે જોયું તેમ આ જર્મન યુવક-પ્રવૃત્તિએ જુદાજુદા સમયે બે સ્વરૂપો ધારણ કર્યાઃ વિગ્રહ પહેલાં તેણે સમાજ અને રાજ્યના જુલમ સામે પોકાર ઉઠાવ્યો; વિગ્રહ પછી જ્યારે સમાજ છિન્નભિન્ન થયો અને રાજ્ય નષ્ટ થયું ત્યારે સમગ્ર જર્મન પ્રજાને સશક્ત કરવાનું અને નૂતન રાષ્ટ્રીય ભાવના જાગૃત કરવાનું કાર્ય ઉપાડ્યું આ બંને સ્વરૂપોમાં મૂળે આ પ્રવૃત્તિ બીનરાજકારણી જ હતી. પણ જેમ દરેક દેશમાં બને છે તેમ જર્મનીમાં પણ બન્યું. યુવકોનો ઉપયોગ દેશનેતાઓ રાજકીય ચળવળમાં કરવા લાગ્યા અને આખી પ્રવૃત્તિ તટસ્થ મટી રાજકીય થઈ. તે કેમ એ આપણે હવે પછી જોઈશું.

ગજાનન ભટ્ટ

માનવ અને વાનર

બંને એક જ વંશવેલામાંથી ઊતરી આવેલા હોવાના વિખ્યાત સિદ્ધાંતની **ડૉકટર નાથુભાઇ પટેલ** (એમ.ડી.) આ નીચે સચિત્ર સમીક્ષા કરે છે




મનુષ્યની ઉત્પત્તિ એ એક સર્જન-જૂનો પ્રશ્ન છે ને એના જવાબ આપવાને દરેક યુગમાં માણસે અનેક પ્રયત્નો કર્યા છે. ધર્મવેત્તાઓ, સ્મૃતિકારો ને કથાકારોએ પોતપોતાની કલ્પનાનુસાર જવાબો આપ્યા છે ને છેવટેછેવટે વિજ્ઞાનવેત્તાઓએ એ પ્રશ્ન ઉકેલવા પ્રયત્ન આદર્યા છે. જુદાજુદા ધર્મની માન્યતાઓ તેમજ જૂના વખતના લેખકોના વિચારોની સમીક્ષા કરવાનો આ પ્રસંગ નથી; અહીં તો ફક્ત આધુનિક વિજ્ઞાને મનુષ્યની ઉત્પત્તિ વિષે જે કામચલાઉ નિર્ણયો બાંધ્યા છે તેનું જ ટૂંકું બ્યાન આપવા ઇરાદો છે.

ઇ. સ. ૧૮૫૬માં ચાર્લ્સ ડાર્વિને 'ઓરિજિન ઑફ સ્પીશીસ' (જીવજાતિની ઉત્પત્તિ) નામક પુસ્તક પ્રકટ કર્યું ને તેમાં આ પૃથ્વી પર વસતાં જુદાંજુદાં પ્રાણીઓ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યાં તે વિષે એક સિદ્ધાંત રજુ કર્યો. અમુક ચોક્કસ અવલોકન પર રચાએલો આ સિદ્ધાંત સર્વ વૈજ્ઞાનિક કાર્યકર્તાઓને ઘણો અનુકૂળ નીવડ્યો અને ડાર્વિને એ વિકાસવાદને અનુસરીને મનુષ્યની ઉત્પત્તિ વિષે એક પુસ્તક 'ડીસેન્ટ ઑફ મૅન' (માનવનો વંશવેલો) ઇ.સ. ૧૮૭૧માં પ્રકટ કર્યું. આ પુસ્તકમાં તેણે મનુષ્ય અને વાનર વિષેના સંબંધ વિષે પ્રમાણભૂત કારણો આપ્યાં અને સૂચવ્યું કે આધુનિક મનુષ્ય અને મનુષ્ય જેવા વાનરો (એઇપ)ની ઉત્પત્તિ કોઇ સામાન્ય પૂર્વજમાંથી જ થઇ હશે.

માનવ ને વાનરની વચ્ચેનું સામ્ય સૈકોઇની જાણમાં હતું. ઘણી ભાષામાં તો બંને માટે શબ્દો પણ સરખા જ હતા. આપણી ભાષાનો 'વા-નર' પણ આપણી સગાઇ નથી સૂચવતો? ને રામાયણના લેખકને વાનરનાં સ્થાનનું ક્યાં અજ્ઞાન હતું? આવી જ વાનરના નજીકના સગપણની લોકકથાઓ આફ્રિકાના વતનીઓ, મલાઇ આર્કિપેલેગોના વતનીઓ ને બીજા લોકોમાં પણ મળી આવે છે. મનુષ્ય



પાયથેકેન્થ્રોપસ, પિલ્ટડાઉન, ન્યાન્ડરથૅાલ અને ક્રો-મૅગ્નન—એમ ક્રમવાર ચાર પ્રકારના માનવોની ખોપરીઓને આધારે ડૉ. જે.એચ. મૅકગ્રેગરે તૈયાર કરેલાં આ શિલ્પ, તથા ઉપર બતાવેલું, માણસના નજીકના સગા જેવા ચાર પ્રકારના ઍન્થ્રોપૉઇડ વાનરોનું ચિત્ર સ્પષ્ટતાથી સમજવા માટે આ લેખના છેવટના ભાગમાં આપેલો ચિત્ર નં. ૧ તથા ૨ એ વાળા કોઠા જુઓ.






માનવ અને વિવિધ પ્રકારના વાનરોના હાથ (ડાબી બાજુએ) તથા પગનાં તળિયાં (ઉપર) વચ્ચે સામ્ય બતાવતાં આલેખનો.

ને વાનરનાં બાહ્ય ને આંતરિક બંધારણમા એટલું સામ્ય છે કે ઉપલકિયા અવલોકનકારને પણ એ તો દેખાયા વિના ન રહે. ધર્મની અંધતા કે બીજાં અજ્ઞાનને લીધે મનુષ્યને પોતાની સગાઇ સામે આંખ આડા કાન કરવાનું સૂઝે છે.


વાનર ને મનુષ્ય વચ્ચેનું એ સામ્ય આ સાથેનાં ચિત્રોથી સર્વને જણાશે. શરીરશાસ્ત્રના અભ્યાસીઓ કહે છે કે વાનર તથા મનુષ્યનાં હાડકાં, માંસપિંડો ને અવયવો એકેએક ગણતાં આવે છે.


પણ આ બાહ્ય સામ્ય ઉપરાંત બીજાં પણ ઘણાં કારણો છે કે જે આપણી સગાઇ સિદ્ધ કરે છે. ગર્ભાધાનથી તે બચ્ચાના પ્રસવ સુધી થતા વિકાસની વિગતોમાં, પાસેન્ટાના બંધારણમાં, ઋતુસ્રાવ ને પ્રસૂતિની ક્રિયાઓમાં પણ માનવ ને વાનરોમાં સદંતર એકતા છે. તદુપરાંત લોહીના કેટલાક ગુણો, કેટલાક રોગો માટેની વૃત્તિ ને કેટલાક રોગો અટકાવવાની શક્તિ પણ સંપૂર્ણ રીતે સિદ્ધ કરે છે કે ગોરીલા એ મનુષ્યનો તદ્દન નજીકમાંનો સગો છે ને શિમ્પાન્ઝી પણ મનુષ્યના જ કુટુંબનો છે.

આ સગાઇ સિદ્ધ કરવા વિજ્ઞાને ઘણી શોધ તથા



પાંચ હાડપીંજરો : પહેલાં ચાર વિવિધ વાનરોનાં અને છેલ્લું માનવીનું.






માનવ અને વાનરના વંશવેલા સમજાવતી આ આકૃતિઓ (ડાબી બાજુ નં. ૧) તથા (ઉપર ૧ અ ના) કોઠાઓ આ લેખના વાચન પછી બહુ બારીકીથી અભ્યાસ કરવા જેવા છે.

અભ્યાસ કર્યો છે. આ અભ્યાસની રીતો નીચે મુજબની છે: (૧) પુરાતન હાડકાંઓનો અભ્યાસ (Study of fossils); (૨) આધુનિક પ્રાણીઓનું અવલોકન (Comparati anatomy); (૩) ગર્ભવિકાસનું અવલોકન (Embryology); (૪) લોહીના કેટલાક તત્ત્વોનું અવલોકન (Precipitin test and agg uti-netion); રોગનું નિરીક્ષણ (૫) Immunity and Resistance).

આ સર્વ રીતોથી વિજ્ઞાને અવલોકન કરી માનવ અને વાનર વચ્ચેનો સંબંધ એટલો તો સિદ્ધ કર્યો છે કે હવે એ વિષે બે મતને સ્થાન જ નથી. આપણને હમણાં આ બધા અભ્યાસોની વિગતોમાં ઊતરવાની જરૂર નથી. એનો નિર્ણય કબૂલ કરી લઈએ તો બસ.


મનુષ્ય ને વાનરનો સંબંધ તો નક્કી થયો, પણ વાનરમાંથી અથવા તો કોઈ સામાન્ય પૂર્વજમાંથી હાલનો માનવી કેવી રીતે વિકસીને પાક્યો? કયા ફેરફારો થયા ને તે ક્યારે? એના કોઈ પુરાવાઓ હમણાં હયાત છે? છેલ્લાં સાઠ વર્ષની અનેકવિધ શોધોએ આ જવાબો આપવા પ્રયત્નો કર્યા છે. ડાર્વિને જ્યારે પહેલી પોતાની ચોપડીઓ પ્રકટ કરી ત્યારે બે જ જૂનાં હાડકાં મળી આવ્યાં હતાં: ૧૮૫૭માં ન્યાન્ડરથૅાલ ગુફામાં અને ૧૮૪૮માં જિબ્રાલ્ટરમાં. ત્યારથી આજ સુધીમાં અનેક જગ્યાએથી પુરાતન મનુષ્યનાં હાડકાં મળી આવ્યાં છે ને તે પરથી મનુષ્યના વંશવેલા વિષે વિજ્ઞાને કેટલાંક બહુ અગત્યનાં અનુમાનો દોર્યાં છે. અત્યાર સુધીમાં મળી આવેલાં જરૂરનાં હાડકાંઓનો કોઠો તેમનાં સ્થળ સાલ તથા શોધકોનાં નામ સાથે આ નીચે આપ્યો છે.



લેમૂર પ્રાણીમાંથી માનવનો વિકાસ કેમ થયો તે બતાવતા આ ચિત્રની સાથોસાથ પાછળ આપેલો 'લેમૂર વાનરો અને માનવોનો વંશવેલો' બતાવતો કોઠો પણ જોવો.

પાઇથેકેન્થ્રોપસ	જાવા	૧૮૯૧	ડુબ્વા
સીનેન્થ્રોપસ	પેકીન	૧૯૨૬	
ઇયો-એન્થ્રોપસ	પીલ્ટડાઉન સીસેક્સ	૧૯૧૨	ડાઉસન
હોમો · હાઇડલબર્ગ		૧૯૦૭	
હોમો · ન્યાન્ડરથોલ		૧૮૫૭	
હોમો · ર્હોડેશિયન		૧૯૨૫	
હોમો · સેપિયન્સ	ક્રોમેગ્નોન		

આ કોઠા ઉપરથી બનાવેલો મનુષ્યનો વંશવેલો આકૃતિ ૧ તથા ૧ અ માં ને જમણી બાજુના કોઠામાં આપવામાં આવ્યો છે. એ ઉપરાંત માનવ અને વાનરની શરીરાકૃતિઓમાં કેવું સામ્ય છે તથા વાનરમાંથી "માણસ કેમ વિકસી આવ્યો તે બતાવતાં બીજાં ચિત્રો પણ આ લેખ સાથે સામેલ કર્યાં છે તે જોવાથી આ વિષય વધુ સ્પષ્ટ થશે.



લેમૂર, વાનરો અને માનવોનો વંશવેલો બતાવતો કોઠો

[આ લેખમાં ચર્ચેલો વિષય આજ અંકમાંના શ્રી 'વિનોદકાન્ત'ના 'નવી ભૂગોળ અને નવો ઇતિહાસ' નામના લેખમાં વધારે કલ્પનાદૃષ્ટિથી તથા પૃથ્વીના વિકાસ વિષેની રસમય અને વિસ્તારી માહિતી સાથે વર્ણવ્યો છે.—તંત્રી]

'મહાત્મા ગાંધીજીની જય'

જૈનોના પર્યુષણ પર્વના પવિત્ર દિવસો હતા. મુંબાઇમાં એક જાણીતી કાપડ મારકેટ ઉપર દેશસેવિકાનું શાન્ત 'પિકેટિંગ' ચાલુ હતું. કેસરિયાં વસ્ત્રથી સજ્જ થએલી બહેનો માર્કેટની ગલીમાં અવિશ્રાન્ત પગલે ફેરા મારતી હતી. સવારના આશરે અગિયાર વાગ્યા હશે. ગરમી ખૂબ વધી હતી; મારકેટનાં છાપરાનાં પતરાં તપી ગયાં હતાં. પર્વ નિમિત્તે એક દેશસેવિકાને તે દિને ઉપવાસ હતો.

મારકેટની એક દુકાને ગાદીતકિયા પર વેપારી બેઠો હતો. તેની સામે રાતા રૂમાલના લંગોટ વાળેલા લાલ ટોપી તથા લાંબી બંડી પહેરેલા ત્રણ માછીમારો આવી ચડ્યા. દુકાન આગળ તેઓ થોભ્યા એટલે વેપારીએ તેમનું સન્માન કરી બેસાડ્યા. પોતાને જોઈતી ચીજો ઘરાકે માગી અને વેપારીએ દેખાડવાનું શરૂ કર્યું.

ઉપવાસી દેશસેવિકાની નજર ગઇ. તેનાં પગલાં તે તરફ વળ્યાં. વેપારી તથા ગ્રાહક સમક્ષ દેશસેવિકા ખડી થઈ તુરત જ ઘરાકો હાથ જોડી મરાઠી ભાષામાં બોલ્યા: 'બાઈ. . . અમારે માછલાં માટે જાળ બનાવવી છે. આ વેપારી અમને દેશી છે તેમ કહે છે. અમને ખબર નથી પડતી કે માલ દેશી છે કે વિલાયતી. દેશી છે તેમ તમે કહો તો અમે લઇએ. વિલાયતી હોય તો નથી લેવો.' ભોળા માછીમારોએ ફરીથી કહ્યું કે: 'અમારે જાળ માટે જોઇએ છે. તમે દેશી કહો તો જ લઇશું'

દેશસેવિકા સ્તબ્ધ થઇ વિચારમાં પડી. શું કરવું? તાકો તપાસ્યો;— તે દેશી હતો. માછીમારો તરફ જોયું. પ્રસન્ન ચિત્તથી અને હાથ જોડી દેશસેવિકાના નિર્ણયની તેઓ રાહ જોઇ રહ્યા હતા. વેપારી મૂંગો બેઠો હતો.

પર્યુષણ પર્વ છે તે ધ્યાનમાં હતું અને જાળ સારૂ જોઇએ છે તે માટે જવાબ દેવાનો હતો. માછીમારોને ખબર નહિ કે પોતે નિરાકરણ માગે છે તેમાં કોઇને બીજું કશું વિચારવાનું હોય.

દેશસેવિકાને તર્કવિતર્ક થયા; પણ તે ઝપાટાબંધ દૂર થઇ ગયા. તેણે માછીમારોને કહ્યું: 'ભાઇ, આ માલ દેશી છે. તમારે જોઇએ તો લ્યો.' માછીમારો આભાર દર્શાવી કંઇ કહે તે પહેલાં તો બાઈ આગળ ચાલી.

એક જણે પાછળથી બાઇને પૂછ્યું: 'તે વખતે તમે શા વિચાર કર્યા? ધર્મને બાધ આવતો હતો તેવા કાર્યને પર્યુષણ પર્વમાં ઉત્તેજન આપતાં મનમાં શું શું થયું?'

દેશસેવિકાએ ઉત્તર આપ્યો કે 'જો હું ખોટું બોલું તો વેપારીને અન્યાય થાય અને માછીમારો તાકો લીધા વગર બીજે ચાલ્યા જાય. મારી ફરજ પરદેશી પર ચોકી કરી પરદેશી વસ્તુ લેવા આવનાર ગ્રાહકને તેનાથી દૂર રહેવા વિનતિ કરવાની હતી. આ ફરજ બજાવતાં મારાથી અસત્ય બોલાય નહિ. મારી ફરજ એક જ હતી અને તે મેં બજાવી. મારો ધર્મ તે જ હતો. ખોટું બોલી મારો બીજો ધર્મ સાચવું તો તે ધર્મ ન કહેવાય.'

'શારદાચરણ'



શારદા

ચિત્રકાર • પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય

શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાયની કલા કુમારના વાચકોને સુપરિચિત છે. તેમનાં સુરમ્ય રંગચિત્રોમાં જે રેખાનૃત્ય વ્યાપી રહેલું હોય છે તેને સ્પષ્ટ રીતે અલગ નીરખવાની તક એમના આ સાદા રેખાંકનમાં મળે છે. કેવી સાફ, સરળ, તાલબદ્ધ રેખાવલિઓ એમાં ઘૂમી રહી છે! રેખા પરનું પ્રભુત્વ અને વિચારનો આનંદ એમાં એકસાથે પ્રકટ થયાં છે.



ગોવાલણ — ચિત્રકાર · રસિકલાલ પરીખ

ભાઈ રસિકલાલ નરસિંહદાસ પરીખ હવે ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર સુપરિચિત વ્યક્તિ છે. સામાન્ય ગ્રામજીવનમાંથી, કોઈપણ જાતના પૂર્વશિક્ષણ વિના, માત્ર કલા શીખવાની હોંશભર્યા એક જુવાને આવીને કુમાર કાર્યાલયના સંચાલક પર શ્રદ્ધા રાખી ઝુકાવ્યું તે દિવસે તેના ભાવિ વિકાસની આટલી ઝડપ કોઈએ કલ્પી નહોતી. તેની સર્જના, શ્રદ્ધા અને ઉપાસના ફલિત થતાં દેખાય છે તે વખતે પણ એ નિર્માની મધુર પ્રકૃતિનો યુવાન કલાકાર વિદ્યાર્થિભાવ તજવા નારાજ છે. હજુ તેને માટે ભાવિ સૂચનો ખૂટ્યાં નથી. તેમ છતાં આજે યે તેની કળામાં એક પ્રકારની ધીરતા અને કૌશલ્યપૂર્ણતા પ્રત્યક્ષ થાય છે. વિચાર અને ભાવનાનાં સરોવરો તો અખૂટ જ રહેવાનાં, પણ નાની સરખી કૃતિ પણ હમેશને માટે સંપૂર્ણ બની શકે છે તેનાં સરસ દૃષ્ટાંત ભાઈ રસિકલાલનાં ચિત્રો પૂરાં પાડે છે.

જ્યોતિષ્

આકાશપટે પથરાએલા તેજઃપુંજોનાં જ્ઞાન અને જીવન પર તેમની અસરનાં અનુમાનોનું શાસ્ત્ર

જ્ઞાનનો લોપ

ઘણા કાળથી આપણે જ્યોતિષ્‌ને વીસરી ગયા છીએ. એ વસ્તુ જ ભૂલી ગયા છીએ; એટલું જ નહિ પણ એના અર્થ તથા મહત્ત્વને પણ ભૂલી ગયા છીએ. પ્રખ્યાત મુસલમાન વિદ્વાન આલ્બેરૂની (ઇ.સ. ૯૭૩–૧૦૪૮) નોંધ કરે છે કે 'તારાઓની માહિતી હિંદુઓમાં છે નહિ. નક્ષત્રમંડળમાં ચંદ્ર માટે નક્ષત્રો ઓળખાવનાર મને એક પણ માણસ મળ્યો નહિ અને આંગળીથી દેખાડી શક્યો નથી.' આ નોંધ એક જ વસ્તુ સૂચવે છે કે જે કાંઇ જ્યોતિષ્ હતું તે માત્ર અસ્તવ્યસ્ત પંચાંગોમાં અને તેના તે કાળના ગણિતમાં હતું. પણ તે ગણિત જે માટેનું હતું તેને ખુદ સમજવાની કે ઓળખવાની દૃષ્ટિ રહી નહોતી!

આજે આપણી નજર ઘડિયાળ ઉપર છે. સમયનું જ્ઞાન તેના કાંટા આપે છે. વ્યવહારમાં તેથી વિશેષ નથી રહ્યું. આપણે ઇ.સ. ૧૦૦૦ આસપાસ હતા તેથી પણ નીચે ઊતરતા ચાલ્યા છીએ. અને તેનું કારણ પણ મુખ્યત્વે એક જ લાગે છે કે આપણે મૂળ જ્યોતિષ્ ભૂલ્યા અને તે જ્યોતિષ્ પર રચાએલા આપણા દેવો તથા ઉત્સવોનો પરિચય છોડ્યો.

મૂળ જ્યોતિષ્ તે વેદાંગ અને તેને મળતું પ્રાચીન જૈન જ્યોતિષ્ છે. સૂર્ય સિદ્ધાંત (જે ઇ.સ.૫૩૦ની આસપાસ રચાયો) તેનાથી ૪ જુદા પ્રકારનું છે. હાલનાં પંચાંગોમાં ઉત્સવો, વ્રતો ને ઉપાસનાસૂચક દિનો વેદાંગ જ્યોતિષ્ અનુસાર લાગે છે, જ્યારે વર્ષ માસ ઇત્યાદિની રચના સૂર્યસિદ્ધાંત અનુસાર છે! અને તે આજે કબૂલી નહિ શકાય તેવા સ્થૂળ ગણિત ઉપર ચાલે છે. આજે હવે જે સાધનો સુલભ્ય છે તેથી સૂક્ષ્મ ગણિત થઇ શકે છે. અને તેવા ગણિતનો મેળ આજે મેળવ્યા વગર ઈ. સ. ૫૩૦ તથા પછીના ગ્રંથો આપણને યોગ્ય રીતે મદદકર્તા નથી થતા. સૂક્ષ્મ ગણિત સ્વીકાર્યાં પછી પણ આપણે મૂળ જ્યોતિષ્‌ને પુનઃ ઓળખી લેવાની જરૂર રહેશે જ. તેને વીસરીને આપણી સમાજરચના સમજી નહિ શકીએ કે સુધારી નહિ શકીએ. અને તેવી રીતે જીવનરચનાનો પણ જીર્ણોદ્ધાર નહિ કરી શકીએ.

પૂર્વકાળમાં પ્રત્યેક વિદ્યાર્થીને આવશ્યક શીખવાનાં વ્યાકરણ ઇત્યાદિ જે છ અંગ હતાં તેમાં જ્યોતિષ્ તથા અથર્વવેદમાં વૈદકનાં સામાન્ય જ્ઞાન સમાઇ જતાં. 'પોતાને માટે, પોતાના હિત સારૂ પ્રત્યેક વ્યક્તિએ જ્યોતિષ્ અને વૈદક જાણવાં જોઇએ.' એવો તે કાળનો ગુરુસંપ્રદાય હતો અને તે આજે પણ બરાબર વિચારીએ તો તે યોગ્ય જ હતો.

જ્યોતિષ્

પ્રસ્તુત વિષય જ્યોતિષ્‌નો હોવાથી તે વિષયનો જ ઉહાપોહ કરીશું. જ્યોતિષ્ એટલે સામાન્યરીતે નજૂમ-ફળ કહેવું તે–એમ માની લેવાયું છે; પણ તે ભૂલ છે. 'જ્યોતિઃ' એટલે તેજઃપુંજ જેવા તારાઓ તથા ગ્રહો. તેમનો પરિચય અને તેમની ગતિનું જ્ઞાન તે 'જ્યોતિષ્' અને તે જાણનાર તે જ્યોતિર્વિદ કે જ્યોતિષી. જેમ 'માધવજી' (શ્રીકૃષ્ણ)નું અપભ્રંશ થતાંથતાં માવજી થયું ને તે પણ ઉપહાસાત્મક (નિર્માલ્ય) માવજીભાઇ સુધી પહોંચી ગયું તેમ આજે 'જ્યોતિષી'માં વિકૃતિ થઈ 'જોશી' અને 'જોશી મહારાજ'નું સ્વરૂપ રહ્યું છે. આ સર્વ સમજવા માટે જૂનો ને નવો જ્યોતિષ્‌નો પ્રદેશ આપણે ઓળખી લેવો જોઇએ.

જ્યોતિષ્‌ના બે મહાન વિભાગ પડે છે. એકમાં તેજઃપુંજોનું જ્ઞાન ઇ૦ હોય છે. બીજામાં તે જ્ઞાનને આપણાં જીવન સાથે સાચી કે ખોટી રીતે જોડવાથી જે આભાસ ઉત્પન્ન થાય છે તેનો અને તેજઃપુંજોની મનુષ્ય પર, હવા પર, વનસ્પતિ પર, સમુદ્ર પર, (ભરતીઓટ પર) જુદીજુદી રીતે થતી અસરો બાબતનાં અનુમાનોનો સંગ્રહ કરેલો હોય છે. મૂળ જ્યોતિષ્‌માં જે શીખવાનો આગ્રહ હતો તે પ્રથમ વિભાગનો હતો. આજે સમાજમાં માત્ર બીજો વિભાગ વિકૃતિ પામી, મૂળ જ્ઞાનથી દૂર થઇ, અધિકાર ચલાવી રહ્યો છે!

તારામંડળ

પ્રથમ વિભાગ તેજઃપુંજો (તારા, ગ્રહ ઇ૦)ને નરી આંખથી નિહાળવાનો ને તેમની ગતિ સમજવાનો છે. ભૂતકાળમાં વધુ સાધન નહોતાં; નિરીક્ષણ હતું. આજે પણ નિરીક્ષણ તો છે જ, પરંતુ સાધનની વિ-

પુલના વધી છે. દૂરબીનો મળ્યાં છે. પાસાવાળા કાચ (પ્રિઝમ)ના ઉપયોગથી કિરણો વક્રી કરી, તેના રંગો છૂટા પાડી, તેજ અને તેજની પાછળ સૂચિત ધાતુ, ગૅસ, રાસાયણિક વસ્તુ ઈત્યાદિનાં અનુમાનો ગોઠવી, તેમજ ફોટોગ્રાફીથી તે સર્વની નોંધ કરી, વૈજ્ઞાનિક ને રાસાયણિક જ્ઞાનમાં વૃદ્ધિ કરી, આપણી તથા દૂરની દુનિયા વચ્ચે, ઉપરનાં સામાન્ય તત્ત્વો દ્વારા કેવું ને કેવા પ્રકારનું ઐક્ય અથવા કેવું વિવિધપણું રહ્યું છે તે નક્કી કરી નવેસરથી જ્ઞાનસંચય કરતા જઇએ છીએ. પૂર્વકાળમાં તેવા પ્રકારનો જ્ઞાનસંચય ન હતો, પરંતુ હતો તેનો પ્રકાર આથી જુદો પડતો હતો. કેવી રીતે તે આપણે તપાસીએ.

કાળજ્ઞાન

તારા અને ગ્રહના યોગ તરફ નજર નખાતી તે મુખ્યત્વે સમય જાણવા માટે ને કાળનું માપ કરવા માટે નખાતી. કાળમાપનું વિશેષ સાધન અમુક નિર્ણિત માપની ગળણી (નાલિકા) લઇ તેમાં છિદ્ર કરી, તે ગળણીને પાણીમાં મૂકી તે ડૂબી જતાં સુધી જેટલો વખત જાય તેને નક્કી કરવાનું હતું. તેવી ગળણીની આકૃતિ નક્ષત્રમંડળમાં ચંદ્ર ઇત્યાદિના જાણીતા માર્ગમાં એક નક્ષત્રમંડળની જણાવાથી તે નક્ષત્રનું નામ 'ભરણી' પડેલું હશે અને આજે પણ તેને 'ભરણી' તરીકે આપણે ઓળખીએ છીએ.

કાળ જાણવા માટે બીજું સાધન સૂર્યના પ્રકાશથી પડતી છાયાનું માપ લેવાથી મેળવી લેવાતું. પોતાના શરીરના ઓળાથી, અગર ઊભી કરેલી લાકડીના પડ-



જયપુરની વેધશાળામાં આવેલું સમ્રાટ યંત્ર



છાયા ઉપરથી સમય માપવાનું
રોમનોના સમયનું છાયાયંત્ર


છાયાથી, અગર જે ઉત્તર ધ્રુવ તરફ ઢળતો રહે ને જેને છેડે ઉત્તર ધ્રુવ બરોબર દેખાય તેટલો જ ઢાળ રાખી ઊભા કરેલા 'શંકુ'ના પડછાયાથી કાળનું માપ લેવાતું. આ માપની કથા તે વખતે પ્રત્યેક જણ જાણે અને સાધુવર્ગ તથા બ્રાહ્મણવર્ગ વિશેષે કરીને જાણે તેવો પ્રબંધ હતો. આ જ્ઞાન સર્વને આવશ્યક હતું. વળી સૂર્યની ગતિ ઉત્તરદક્ષિણ વધઘટ થતી હોવાથી, સવારસાંજના પશ્ચિમ ને પૂર્વ માર્ગમાં પડતી છાયા ઉપરાંત ઉત્તર કે દક્ષિણ તરફની છાયા પરથી અનુભવે દિન તથા વર્ષનો આરંભ કે વર્ષના અન્ય વિભાગ સ્પષ્ટતાથી નક્કી થતા. પુરુષના પોતાના ઓળાથી છાયા પડે તે ભરીને પણ નક્કી થતું; તેનો પ્રચાર હજી પણ જૈનોની દિનચર્યામાં 'પૌરુષી' શબ્દથી સૂચિત છે. જયપુર, દિલ્હી, કાશી વગેરેની હિંદી વેધશાળાઓમાં ઉપર જણાવ્યો તેવો મહાન શંકુ વિદ્યમાન છે. અને લાકડી રાખીને તેની છાયા તો દરેક ઘરમાં લઈ શકાતી.

ઉપર દર્શાવેલ સમયજ્ઞાન સૂર્યનો આધાર લઇને થતું. રાત્રિએ ચન્દ્રની અને નક્ષત્રોની ગતિ ઉપરથી સમયનું, વર્ષનું, તથા વર્ષના પ્રત્યેક વિભાગનું જ્ઞાન મેળવી લેવાતું. સૂર્યના તેજમાં અડખેપડખેનાં નક્ષત્રો અદૃશ્ય થતાં (લોપ થતાં). અન્ય નક્ષત્રો ક્યારે ક્ષિતિજ પર આવે છે ને જાય છે, ક્યારે મધ્ય આકાશમાં આવે છે વગેરે નિરીક્ષણો ચાલુ રહેતાં. આજે પણ ગામડામાં 'હરણી' (મૃગમંડળ Orion) તથા 'વીંછીડા'

(વૃશ્ચિકમંડળ=Scorpion) દ્વારા ઋતુનું અને રાત્રિ કેટલી વધી કે બાકી છે તેનું માપ કાઢે છે. વળી ચન્દ્રની કળા વધઘટ થતી હોવાથી તે પણ કાળગણનામાં અગત્યના અંગ તરીકે લેખાતું અને તે વધઘટ સાથે ચન્દ્ર સૂર્યથી કેટલો દૂર છે તે નક્કી થતું હોવાથી, નક્કી કરેલી કળા સાથે નક્કી થઇ જતી તિથિ પણ કહી શકાતી. ચન્દ્ર અર્ધ હોય તો અષ્ટમી હોય, ઝીણી રેખા હોય તો બીજ હોય કે તેટલી જ તિથિ બાકી (અમાવાસ્યામાં) રહી હોય તેમ કહી શકાય. વળી પૂર્ણિમા વખતે ચન્દ્રનું પૂર્ણ બિમ્બ તેજસ્વી હોય અને તેની બાજુનાં નક્ષત્ર પરથી વર્ષનો માસ પણ નક્કી કરેલો હોય. કૃત્તિકાની આજુબાજુ તે મુજબ હોય ત્યારે કાર્તિક શુદિ પૂનમ હોય. ચિત્રાની આસપાસ હોય ત્યારે ચૈત્રી પુનમ હોય. આમ તારામંડળનાં નામ પરથી માસનાં નામ, અને ચન્દ્રની કળામાં થતી વધઘટ ઉપરથી તિથિ નક્કી કરી એ સમયે કાળજ્ઞાનનું ઉત્તમ અંગ ઊભું કરેલું. આ પચાંગની ખૂબી એ કે સામાન્યમાં સામાન્ય માણસ થોડા પરિચયથી, રાત્રે ચંદ્ર તથા તારામંડળને જોઇ, માસ તિથિ અને નક્ષત્રોને ક્ષિતિજથી નજીક કે દૂર જોઇ, સમય ઇત્યાદિ કહી શકે. તે જ્ઞાન સહેજે હજી પણ પ્રાપ્ત થઇ શકે છે. વળી આવા જ્ઞાનવાળા માણસને દુનિયામાં ગમે ત્યાં મૂક્યો હોય તો પણ પુસ્તકની મદદ વગર માત્ર આકાશદર્શન કરી લઇ, માસનો તથા દિવસ (કે રાત્રિ) નો સમય કહી દેશે. ઉપરોક્ત પંચાંગની અત્યંત મહત્ત્વની ખૂબી એ છે કે જ્ઞાન માટે પુસ્તકની પરાધીનતા રહેતી નથી ને સ્વતંત્રપણે દરેક સામાન્ય માણસ આકાશદર્શનના આલ્હાદની સાથે પોતાની મેળે સમયજ્ઞાન પણ ધરાવતો થાય છે જ્ઞાનને ઘરેઘર પહોંચાડવાની આપણી યોજનાનો આ એક અદ્‌ભુત પૂરાવો છે. હાલ તે જ્ઞાન લુપ્ત થયું છે. આજે રહ્યો છે તે આધાર માત્ર ઇ.સ. ૫૦૦ પછીનાં ગણિતગ્રન્થો પર રચાયેલાં પંચાંગનો છે. ભિક્ષા પર નિર્વાહવૃત્તિ કરનાર ભિક્ષુક બ્રાહ્મણવર્ગ પાસેથી આપણે આંગણે સાંભળવાનોઃ 'આજે એકાદશી-પૂણ્યપર્વણી—ઇત્યાદિ' લાભ મળે છે.

ગ્રહો

ઉપરના કાળગણનાના વધુ વિવેચનમાં હવે અહીં નહિ ઊતરીએ. જોકે તેમાંથી અત્યંત મહત્ત્વનું પ્રકરણ



ઊભું થાય છે, પણ તેનો વિસ્તાર અહીં શક્ય નથી. ઉપરના જ્ઞાનમાંથી બે વસ્તુઓ તરી આવે છે અને તે નીચે મુજબઃ (૧) તારાઓનું જ્ઞાન. (૨) ગ્રહોનું જ્ઞાન. તેમાંથી આજે ગ્રહોનું જ્ઞાન રહ્યું છે અને આધુનિક સાધનોથી તેની નવીન દિશા ઊઘડી છે. ગ્રહો એટલે રવિ, ચન્દ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, યુરેનસ તથા નેપ્ચ્યુન. (આમાંના છેલ્લા બે દૂરબીનને લીધે શોધાયાં છે.) ગ્રહો તારાઓ પરત્વે ખસતા દેખાય છે; એક તારામંડળને છોડી બીજા પાસે જતા હોય છે. તેને લીધે ચન્દ્ર નક્ષત્રનાથ કહેવાયો છે. 'રોહિણી'ના તારામંડળની પાસે થઇને—ઘણુંખરૂં તેને ભેટીને—ચન્દ્ર જતો હોવાથી તેને રોહિણીરમણ પણ કહ્યો છે. અત્યંત સ્નેહી સ્ત્રીપુરુષને માટે રોહિણીચન્દ્રની કલ્પના લયલા-મજનૂન જેવી અપાએલી છે. વળી રેંકડીના

આગલા ભાગ જેવી એ તારામંડળની આકૃતિ હોઇ તે ઉપરથી 'રોહિણી' શબ્દ, ઉત્પન્ન થએલો છે અને તે મંડળ શકટ આકૃતિ તરીકે પ્રસિદ્ધ છે. મંગળ તેની વચ્ચે-થી પસાર થાય ત્યારે શકટભેદ થયો કહેવાય. ને જ્યોતિષ્નો બીજો વિભાગ—જેને આપણે 'ફળ જ્યોતિષ્' કહીએ છીએ તે વિભાગ—અનુભવથી એમ કહે છે કે શકટભેદ થાય ત્યારે લાંબા વખતનો દુકાળ પડે. તેવી જ રીતે ઉપરોક્ત શકટભેદ ચન્દ્રથી થાય અગર ચન્દ્ર શકટની આગળ, પાછળ કે ઊંચે અસ્ત થતી વખતે (ચૈત્ર શુદિ પંચમીને દિને) આવે તે ઉપરથી ગુજરાતનો ખેડૂતવર્ગ આગામી વર્ષાઋતુના તથા તેના પરિણામના સારાસારનું માપ કાઢે છે. આ વિષય ફળજ્યોતિષ્નો, અનુભવગમ્ય અને નવાનવા અનુ-ભવથી સુધારોવધારો થનાર મનાવો જોઇએ; પરંતુ તે વાત આપણા 'જોશીઓ' વીસરી ગયા છે,—એટલી હદ સુધી કે ખરી રીતે અનુભવ માટે ભૂતકાળના દાખલા રાખવા જ જોઇએ, ત્યારે આપણે ત્યાં તો કહેવત ચાલી છે કે 'ગઇ તિથિ જોશી પણ ન વાંચે!' જ્ઞાનના લોપથી થતી માનસિક દુર્બળતાનો આ એક સારો દાખલો છે.

ફળજ્યોતિષ્ નામના જ્યોતિષ્ના એ બીજા વિભાગ-ને દૂર કરીને ફરી પાછા પ્રથમ વિભાગ તરફ વળીએ.


પૂજા—ઉત્સવ

'આકાશગંગા' એ આકાશમાં આવેલો ઉત્તમ તેજઃપુંજોનો અનંતસમૂહ છે. સૂર્ય જ્યારે તેની પાસે થઇ આગળ જાય છે ત્યારે તે સમૂહની પાર ઊતરે છે, અને તે વખતે આપણે 'ગંગાદશહરા'નો ઉત્સવ કરીએ છીએ. ગંગાની મૂર્તિ સ્થાપીએ છીએ, તેનાં પૂજન અર્ચન વગેરે વિધિ કરીએ છીએ. આપણા ઉત્સવો અને મૂર્તિઓ પાછળ આવાંઆવાં અનુપમ રહસ્ય રહેલાં છે. સંધ્યા થતાં તારાસ્વરૂપ દેવો આકાશમાં પ્રત્યક્ષ થતાં જાય કે આપણે મંદિરમાં રહેલા તેમના પ્રતિનિધિની આરતી (=આ+રાત્રિ) પ્રતિનિધિનું મંગળકૃત્ય કરી લઇએ છીએ અને શેષ રાત્રિ રહે ને (આકાશના પ્રત્યક્ષ) દેવ વિસર્જન થતાં પુનઃ આરતી કરી પ્રતિનિધિદ્વારા તેમની સાથેનો સંબંધ ચાલુ રાખીએ છીએ. આપણાં મંદિરોમાં મંગળ દિપિકાનું આવું મહત્ત્વ છે. તે બીજા લેખમાં થોડા વિસ્તારથી જાણીશું. હવે જો આપણું નક્ષત્રજ્ઞાન—જ્યોતિષ્નું જ્ઞાન—જીવતુંજાગતું હોય તો આપણે આ પૂજન, અર્ચન, ઉપાસના કે ઉત્સવમાંથી સ્પૃશ્યાસ્પૃશ્યત્વમાં—અડવા ન અડવામાં ઊતરી પડીએ ખરા કે? આકાશના નક્ષત્રનું પ્રતિનિધિત્વ ધરાવનાર દેવની મૂર્તિ કોઇનાથી પણ અભડાય ખરી? જેને જેમ ઠીક લાગે તેમ સેવા, ભક્તિ, અર્ચન કરી પોતાનો માનસિક પ્રસાદ મેળવી લે. સમાજે ઊભા કરેલા ખોટા પ્રતિબંધોમાંથી છૂટવાનો સાચો માર્ગ જ્ઞાન અને સેવા છે અને તેમાં જ્યોતિષ્નું જ્ઞાન કાળગણનામાં સ્વતંત્ર મદદ આપે છે એટલું જ નહિ, પણ ધર્મરહસ્ય પણ સુલભ કરી પાખંડમાંથી આપણને મુક્ત કરે છે.

આ ઉપરાંત આકાશદર્શન તે ચક્ષુ-ઇન્દ્રિયનો વિષય થવાથી નિરીક્ષણનો આનંદ પણ ખૂબ આપે છે. રાત્રિએ ગમે તે સ્થળે માણસને એકલાપણું લાગતું નથી. એ-કાન્તનો લોપ થાય છે, વિશ્વબંધુત્વ પ્રકટે છે અને નિર્જીવ રાત્રિ સજીવ બની જાય છે. જેની નજર વિવિધ આકૃતિ શોધી રાજી થતી હોય તે માણસ તો આકાશમાં જુદાજુદા તારામંડળની વચ્ચે થતી ભૂમિતિ–વિષયક આકૃતિઓ જોઇને ખૂબ રાજી થશે. લીટી એટલે શું? બે બિંદુને જોડનાર આંખથી દોરાયેલી લીટીઓની મજા ને તેમાં આવતી વિવિધતાનો આનંદ માત્ર આકાશદર્શનથી જ આવશે; કાગળ પર નહિ આવે. વળી જેની નજર વિવિધ રંગો પર ઠરતી હશે તેને પણ આકાશદર્શન અદ્‌ભુત વિષય થઇ પડશે. કેટલાક તારામાં વાદળી રંગ છે, કેટલાકમાં રક્તવર્ણ—સિંદુરવર્ણ છે ને અગસ્ત્ય જોવામાં તો આજે તેના દરેક ચમકારે એક પછી એક બદલાતા રંગો દેખાય છે. એ રંગોની ખૂબી આપણને આ પૃથ્વી ઉપર શોધી નહિ જડે. દૂરબીનમાંથી જોવાની તક મળે પછી તો તે રંગોની છાપ મગજમાં એવી કોતરાઇ રહેશે કે જેની આગળ બીજા રંગો જોવા નહિ ગમે. આ રીતે જ્યોતિષ્નો વિષય ચક્ષુ ઇન્દ્રિયના સંતોષનો અને તેની દ્વારા અત્યંત ઉમદા ને ઉપયોગી વિવિધ જ્ઞાનનો વિષય થાય છે. ઉપર કહેલી વસ્તુ નીચેના કોઠામાં પુનઃ આ વાત પ્રતીતિ સારૂ મૂકેલી છે.


તારાઓ

ઉપર જણાવેલ તારાઓનું જ્ઞાન ગ્રહના જ્ઞાન ઉપરાંત જરૂરી માન્યું ને તેનાં થોડાંક કારણો અહીં દર્શાવ્યાં; પરંતુ હજી થોડીક તારાની સમજણ આપ્યા



પછી જ આ લેખ સમાપ્ત કરી શકાય.


તારાઓ કાળાન્તરે—હજારો વર્ષે જરા જેટલું જ ખસે છે, એટલે તેમને આપણે સ્થિર માની લઇએ. સૂર્ય, ચન્દ્ર વગેરે ગ્રહો ખસતા હોય છે તે અમુક મર્યાદામાં જ, ને તે વળી પૂર્વ–પશ્ચિમના વિભાગમાં જ ખસતા હોય છે. તેમાં ચન્દ્ર પોતે ખૂબ ફરતો રહે છે એટલે તે એક દિનથી બીજે કેટલો–ક્યાં ગયો તે જણાવવા આકાશના પૂર્વપશ્ચિમના વિભાગમાં નાના નાના ભાગો પાડ્યા છે. આવા લગભગ ૨૭–૨૮ દિવસમાં ચન્દ્ર મૂળ ભાગ પાસે પાછો આવે છે; એટલે એવા દરેક ભાગમાં ચન્દ્રની ઉપર, નીચે કે પડખે જે ધ્યાન ખેંચે તેવો તારો (અગર ઝાઝા તારા) હોય, તે દરેકનું આકૃતિથી, સ્થાનથી કે બીજાં કારણે નામ પાડેલું હોય છે. તે દરેકને આપણે "નક્ષત્ર" તરીકે ઓળખીએ છીએ અને તેવાં કુલ (અશ્વિની નક્ષત્રથી માંડી) ૨૮ નક્ષત્ર ચન્દ્ર વગેરે ગ્રહોના સ્થાન દર્શાવવા કહીએ છીએ. આ નક્ષત્ર વિભાગ ઉપરાંત ઉપર નીચે (ઉત્તર દક્ષિણમાં) પણ ઘણાં ધ્યાન ખેંચે તેવાં તારામંડળો છે, જેમાં ઉત્તરમાં અતિ પ્રસિદ્ધ સપ્તર્ષિમંડળ છે. દક્ષિણમાં તેવું જ 'હાઇડ્રા'—સર્પમંડળ છે.



આ તારામંડળો, સૂર્યની ગતિ, સૂર્યના પ્રકાશમાં તારાઓનો થતો લોપ, (અદૃશ્ય થવું તે) અને દર્શન (થોડા દિન પછી પાછા દેખાવું તે), તેમજ કાળગણના ને તેની રીતો, તે સર્વ ઉપરથી હિંદુધર્મના દેવો, આખ્યાયિકાઓ તથા ઉત્સવો રચાયા છે એટલું જ નહિ, પણ ખુદ ક્રિશ્ચિયાનિટીમાં પણ તેની જબ્બર અસર ગુપ્તપણે ચાલી આવેલી છે. એટલે હવે પછી પહેલી તકે નક્ષત્રજ્ઞાન, તારામંડળનું જ્ઞાન અને પ્રાચીન જ્યોતિષનું જ્ઞાન સર્વને આવશ્યક લાગશે તેમાં સંદેહ નથી.

હીરાલાલ અમૃતલાલ શાહ

[આ લેખને અનુસંધાને લખાએલો 'દેવસ્વરૂપ તારાઓ'નો લેખ આવતા અંકમાં પ્રગટ થશે.]



[આ લેખમાં જયપુરની વેધશાળાના જે સમ્રાટયંત્રનું ચિત્ર આપ્યું છે એ યંત્રના ઉપયોગ આ આકૃતિ દ્વારા સમજાવ્યા છે: (૧) ब क ઊંચાઇ આગળ માણસ ઊભો રહીને ब ब લીટી આગળ આંખ રાખી अ ब લીટીની દિશામાં દૃષ્ટિ નાખે તો એ લીટી એની નજરને સીધી ધ્રુવના તારા પર લઈ જાય. (૨) ડાબી બાજુએ બતાવેલા ड क ગોળાકાર જેવો જ જમણી બાજુએ છે. સૂર્યના ફરવા સાથે એ બંને ગોળાકારો ઉપર વારાફરતી अ ब બાંતની છાયા પડતીપડતી લંબાતી જાય તેમ, એ ગોળાકાર ઉપરના આંકા ઉપરથી સમયનું માપ નીકળે.]

વિશ્વશાંતિના જહાજને ભેખડાવવા મથતું ઉદ્દામ રાષ્ટ્રવાદનું મોજું

ગઈ લડાઇના અંત પછી પ્રજાઓ ઉપર તીવ્ર રાષ્ટ્રવાદમાં સમાએલા ભયોની જે ઊંડી છાપ પડી હતી તેથી, અને બીજી તરફથી રશિયાના આંતરરાષ્ટ્રીય જણાતા બૉલ્શેવિઝમના અખતરાથી એવી માન્યતા સહેજે જ ફેલાએલી કે માનવજાતિ હવે વિશ્વબંધુત્વને માર્ગે વળી છે. અલબત્ત, આવી માન્યતા સામે અનેક નાની મોટી દલીલો થઇ શકતી છતાં એનું સ્થાન અડગ હતું એમ કહ્યા વિના તો નહિ જ ચાલે.

પરંતુ આજે લડાઇને વીત્યાં પૂરાં પંદર વર્ષે નથી થયાં ત્યાં તો દુનિયા જાણે એનો વેશ બદલી બેઠી છે. છેલ્લાં બેએક વર્ષથી માનવજાતિ જે આર્થિક ગૂંચવણોમાં સંડોવાઇ છે, તેણે જાણે વિશ્વબંધુત્વની વાતો પણ અશક્ય કરી દીધી હોય એવું જણાય છે. સામાજિક સુધારણા અને આંતરરાષ્ટ્રીય સમજૂતીને માર્ગે ચાલવાનો દાવો કરનાર રાજકીય પક્ષોની ગત વર્ષથી લગભગ બધા દેશોમાં હાર થવા લાગી છે અને એમને સ્થાને ઉદ્દામ રાષ્ટ્રવાદીઓ બેસે છે. ઇંગ્લંડમાં થએલી મજૂરપક્ષની સખત હારે દુનિયાને ઘડીભર આશ્ચર્યમાં મૂકી દીધી. અને ત્યાર પછી જેને લોકો 'જકાત યુદ્ધ' કહે છે એની શરૂઆત થઇ. થોડા જ દહાડા પહેલાં આયર્લૅંડમાં ચૂંટણી થઇ ત્યાં પણ ઉદ્દામ રાષ્ટ્રવાદી દ' વૅલેરાનો વિજય થયો. હું આ લખું છું ત્યારે જર્મનીમાં રાજપ્રમુખની ચૂંટણીને અંગે ભારે પ્રચારકામ થઇ રહ્યું છે. તેમાં હિન્ડનબુર્ગ ને નાઝીઓના નેતા હિટલર વચ્ચે કોણ જીતી જશે એ કહેવું મુશ્કેલ છે. પણ કદાચ હિન્ડનબુર્ગ રાજપ્રમુખ રહે તોપણ થોડા માસમાં જ થનારી પ્રશિયાની પાર્લામેન્ટની ચૂંટણીમાં ઉદ્દામ રાષ્ટ્રવાદીઓની જ બહુમતિ થશે એમ સામાન્ય મત જણાય છે. ફ્રાંસના રાજપ્રમુખની ચૂંટણી, ત્યાર પછીનાં લાવાલ અને તાર્દ્યૂનાં પ્રધાનમંડળો, બ્રાયાંનો વાનપ્રસ્થાશ્રમ, આદિ બધું જ ફ્રાંસના ઉદ્દામ રાષ્ટ્રવાદની સાબિતી આપી રહ્યું છે. ઇટલીનો તો છેલ્લાં વર્ષોનો વિકાસ જ એના સર્વસત્તાધીશ મુસૉલિની નીચે થયો છે ને? અને યુરોપનાં બીજાં ઘણાં નાનકડાં રાજ્યો પણ महाजनो येन गतः सः पंथा। એ ન્યાયે એમને પગલે ચાલી રહ્યાં છે. અમેરિકાનું વલણ પણ છેલ્લા

વખતમાં 'તમે તમારું ફોડી લ્યો, પછી અમે જોઇશું' એવું થયું છે. જાપાન તો જાણે સૌથી ડગ આગળ વધી ગયું છે ને શાંગહાઇમાં લશ્કર જમા કરી રહ્યું છે. આમ બધે નજર કરનારને ઘડીભર નિરાશા થાય છે કે આંતરરાષ્ટ્રીયતાનું—રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેના સ્નેહભર્યા સંબંધનું સ્વપ્ન વસ્તુતઃ કદી પણ ખરું થશે ખરું?

હા! ડૂબતાની આશા સમું એક તરણું એની નજરે પડે છે ખરું; અને તે પ્રજાસંઘ—'લીગ ઑફ નેશન્સ.' એના જન્મ પછી ઘણાએ એવી આશાઓ બાંધેલી કે આ બાળક અતીવ પરાક્રમી થશે અને વિશ્વશાંતિનું સ્વપ્ન સાચું પાડશે. પણ હવે તો એ બાળક પણ ઉમરલાયક થઇને કહેવા લાગ્યું જણાય છે કે મારી પાસેથી તમે બહુ વધારેપડતી શક્તિની આશા રાખો તો એમાં મારો શો દોષ? ચીન-જાપાનની લડતના સંબંધમાં એણે પોતાની અશક્તિ સંપૂર્ણતઃ જાહેર કરી અને આજે એ પ્રજાસંઘ શસ્ત્ર-સંયમન પરિષદ્‌ની ભારે અઘરી પરીક્ષામાં બેઠેલો છે. જર્મની સમાન હક્ક માગે છે, ફ્રાંસ આંતરરાષ્ટ્રીય લશ્કર ઊભું કરવાની યોજના લાવે છે; આ બધા તીવ્ર મતાંતરોનું પરિણામ આગળથી કહેવાની હિંમત કોણ કરે? છતાં એટલું તો દરેક નિરીક્ષકને જણાય તેમ છે કે આશાનાં કિરણો હજુ સુધી તો નથી ફૂટ્યાં.

પણ આમ કેમ બને છે? પ્રજાસંઘમાં બેસનાર પ્રજાના પ્રતિનિધિઓ વિશ્વશાંતિ અને આંતરરાષ્ટ્રીય સહકારની કેવળ વાતો જ કરતા હશે? ના! એમ તો આપણાથી ન જ કહેવાય. તો પછી આ બધા સહૃદય પ્રયત્નો છતાં, મહાયુદ્ધ પછી આંતરરાષ્ટ્રીયતાને પંથે પડેલું જણાતું જગત આજે ફરી કેમ ઉદ્દામ રાષ્ટ્રવાદને માર્ગે ઘસડાય છે? નાવિકોનાં સ્પષ્ટ માર્ગદર્શન છતાં વિશ્વશાંતિના જહાજને ભેખડાવવા મથી રહેલું એ તોફાન કયું છે?

આ પ્રશ્ન મહા વિકટ છે. છતાં જ્યાં સુધી એનો નિકાલ નહિ થાય ત્યાં સુધી વિશ્વબંધુત્વનાં સ્વપ્નો જ રહેવાનાં છે. કેટલાક માને છે કે એક પ્રજા બીજી પ્રજાને ચૂસવાની અધર્મ્ય નીતિ જ્યાં સુધી ચાલુ રાખશે ત્યાં સુધી આંતરરાષ્ટ્રીયતાની વાતો કેવળ વાતો જ રહેવાની છે અને આજનો ઉદ્દામ રાષ્ટ્રવાદ એ જ માર્ગે ચાલે છે. એ કહે છે કે મારો દેશ પરદેશો પાસેથી ઓછામાં ઓછું ખરીદે, પણ પરદેશમાં વધારેમાં વધારે વેચે અને એ રીતે સમૃદ્ધ થાય. આ ઉદ્દામ રાષ્ટ્રવાદ સીધી લડાઇનો નહિ તો મહા અનર્થનો તો જરૂર સૂચક છે. વિશ્વબંધુત્વના હજુ તો કાચા કિનારા પર ઝપટાઇ રહેલા આ ઉદ્દામ રાષ્ટ્રવાદના મોજાને કોણ રોકશે?

દુનિયાને અજાણ એવા અહિંસાત્મક યુદ્ધને લડી દેખાડનાર હિંદ મહાત્માજી સમા સંતના નેતૃત્વ નીચે જો એ જવાબદારી નહિ સ્વીકારે તો બીજું કોણ સ્વીકારશે? ધર્મ અને નીતિને માર્ગે જ ચાલવાના એણે કોડ બાંધ્યા છે, એટલે આલમને મહાત કરી રહેલી અધર્મ્ય ચૂસક નીતિની સાથે એણે લડી લેવું રહ્યું. પોતાને આંગણેથી વહેતું દ્રવ્યઝરણું રોકવાનું જ નહિ, પરંતુ સારી દુનિયાનાં અધર્મ્ય ઝરણાંઓને અશક્ય કરવાનું હિંદે બીડું ઝડપ્યું છે. હિંદના અને ખાસ કરીને આ વાંચનાર ગુજરાતના યુવકોને, આપણા આ ધર્મયુદ્ધને રાષ્ટ્રીયતાની સંકુચિત સીમાઓમાં ન બાંધી લેતાં વિશ્વબંધુત્વને નજર સામે રાખવાની યાદ આપવા આ લખું છું.

કાર્લ્સરૂહ (જર્મની) **લવજી થોરિયા**



(અનુસંધાન આગળના પાન ૨૪૮થી)

આવતી ઓલાદ ખાતર એ નવું શિખાઉપણું, નવું માબાપપણું તથા નવું શિક્ષકપણું અંગીકાર કરતો જઇ, નવાં હિંદુસ્તાનીઓનું બનેલું નવું હિંદુસ્તાન ઊભું કરી અન્યના જીવનને અજવાળી પોતાનું જીવન સફળ કરી બતાવશે.

ફિરોજશાહ રૂસ્તમજી મહેતા

આદર્શ ગુજરાતી યુવાન કેવો હોવો જોઈએ?

◖ હું યુવકને વખાણું છું કારણ હું યુવાનીનો ઉપાસક છું.
◖ હું યુવકને સ્મરું છું કારણ એ મારામાં યુવાની લાવે છે.
◖ હું યુવકને નમું છું કારણ એ મારા દેશની આશા છે.

જો કોઈ મને પૂછે કે આદર્શ ગુજરાતી યુવક કેવો હોય તો હું કહું કે એ ગમે એવો હોય, અતિ ધર્મિષ્ટ હોય, મહા બુદ્ધિશાળી હોય, પૂરો નીતિમાન હોય, ધારો કે ઉગતો ફિરિશ્તો યા આવતી કાલનો પયગમ્બર હોય, પણ એ બધાં પહેલાં એ 'જુવાન' તો હોવો જ જોઇએ. જેની કસરતથી કસાએલી કાઠી, કામ કરવાની તથા થાક ખમવાની અખૂટ શક્તિ અને મનોહર મર્દાનગી માગી લેવાને અન્ય જુવાનો ટળવળે એટલો જુવાન તો એ હોવો જ ઘટે.

આનંદ અને ઉલ્લાસ એ માનવ–જીવનાકાશની રંગીન વાદળીઓ છે. યૌવનકાળે એ રંગીન વાદળીઓમાં વીજળીક ઝબકારાઓ ઉત્પન્ન થઇ એ વિશેષ શોભે છે. એને જીંદગીની જરૂરિયાત કહો કે જીવનનું પોષણ કહો. આદર્શ યુવક એમાંથી પોષણ મેળવી અનુભવી તથા રસિક બને, પણ એ સદા સમજે અને સંભાળે કે આનંદ ભલે જીવન અર્થે હોય તો યે જીવન આનંદ માટે નથી. એને તો જીવનની મોટાઇનો ખ્યાલ હોય—જીવનની ફક્કડાઇનો નહિ.

તેને તન તથા મનના વિકાસ માટે, જીવનનિર્વાહ તેમજ જનસેવા માટે કાર્ય, કાર્ય ને કાર્ય પર જ અનહદ પ્રીતિ હોય. રળી ખાવા માટે કે જગત જોવા માટે, કળા-વિદ્યા લેવા અને આપવા માટે તથા પરદેશમાં પોતાની જાતને અને દેશને ઝળકાવવા માટે સાત સમુદ્રની પાર જવાને એ કોઇપણ પળે તૈયાર અને તત્પર જ હોય; કારણ એના અંતરમાં ભારે હિંમત છે, હૈયે મોટી આશ છે, બાહુમાં પુષ્કળ બળ છે, શિરજોરનું સાહસ છે અને શ્વાસોચ્છ્વાસમાં જગતભરના ઉચ્ચ અભિલાષ છે.

એની ચપળતા વિહ્વળતા ન હોય, એની રસવૃત્તિ વિષયવૃત્તિ ભણી વળાંક લેતી ન હોય, એની વ્યવહાર-બુદ્ધિ કેવળ વેપારબુદ્ધિની જ ન બનેલી હોય અને એની વિનોદબુદ્ધિ અસભ્યતાથી દૂર જ હોય. એ ટેકીલો છતાં નિરભિમાની હોય, ચંચળ છતાં સભ્ય હોય, શાન્ત સદ્‌ગુણો ધરાવવા સાથે ચપળ ગુણોથી સુસજ્જિત એવો એ નમ્ર વીર હોય.

તે સાચો સૌંદર્યપ્રેમી હોઇ સૌંદર્યનું આકર્ષણ ભોગવવા જેટલો મનુષ્ય હોય ખરો, પણ ત્યાર બાદ આકર્ષણનું સૌંદર્ય બગાડવા જેટલો પશુ તો એ ન જ બને.

આંધળું કોમીપણું અને ઝનૂની ધર્મીપણું એના ઉદાર હૈયે તલમાત્ર હોય નહિ. યુગધર્માનુસાર એ પોતાનું જીવન અને વર્તન સર્વ કોમીપણાના ભાવવાળું તેમજ સર્વદેશીય પણ રાખે જ. હું પ્રથમ હિંદીવાન છું અને પછી જ હિન્દુ, પારસી કે મુસલમાન છું, એવું મહા–અભિમાન એના રક્ત ભેગું રહેલું સદાસર્વદા એને સ્વતંત્રતા ભણી દોરવતું રહે.

આદર્શ ગુજરાતી યુવકના મનથી 'ધર્મ' એટલે અંતરનું પવિત્ર, પ્રમાણિક, સાદું, રસિક, નિર્મળ, કળામય, જ્ઞાની, તંદુરસ્ત, પરમાર્થી, યશમય સેવાકારી ઉચ્ચ જીવન. એ જ એનો ધર્મ, એ જ એની નીતિ, અને એ જ એની ભક્તિ તે દેવદહેરે પ્રકાશ શોધવા દોડશે નહિ; આત્મોન્નતિ કે જીવન-મુક્તિ કાજે હંસ-સ્વરૂપો કે જગદ્‌ગુરુઓના વગોવાડા ખોળશે નહિ; હવે પછીની સ્વર્ગની દુનિયાને ખાતર દુનિયાનું સ્વર્ગ રચી જવાનું ચૂકશે નહિ; દેવતાઓની દયા સહાયતા યાચશે નહિ, પણ એ સર્વે તે સંસાર પાસેથી ક્રમેક્રમે સ્વયં શીખશે, સંપાદન કરશે અને પોતાની જેવીતેવી દિવ્યતાના જોર ઉપર જીવશે–ઝઝૂમશે.


આદર્શ ગુજરાતી યુવક ઇશ્વરની સૃષ્ટિમાં માનવ-મગતરું રહેવાને બદલે પોતાની નાનકડી સૃષ્ટિનો નબળો સબળો ઇશ્વર રહેવા—થવાનું જ અવશ્ય પસંદ કરે. ખુદાને એ માનતો છતો સંસારમાં ઘણી વેળાએ એ ખુદા ખાતર ખુદાને બાજુએ જ રાખે, કારણકે એને પોતાનો ઇશ્વર સંભારવો છે પણ પોતાનું ઐશ્વર્ય ગુમાવવું નથી.

છેવટ, આદર્શ ગુજરાતી યુવક ચાલુ જમાનો વિચારતો રહી આવતો જમાનો વાંચશે. જો આજનો એ યુગદર્શક હશે તો આવતી કાલનો યુગસર્જક એ અત્યારથી જ થવા માંડશે, અને હવે પછીની નવી

(અનુસંધાન પાછળને પાને)

આકાશના ફલક ઉપર અંબારદેવીનાં આલેખનો સમાં વિલસતાં વિવિધમનોહર

વાદળાં



ડૉ. બાબુરાવ ના. વૈદ્ય નીચે જણાવે છે તે મુજબ **તેમનાં વર્ણ ને વિસ્તાર ઊંચાઇ ને આકારના પ્રમાણમાં ઋતુઋતુના ગુણધર્મ ને અસર ધરાવે છે**

શિયાળામાં જે ખાસ કરીને સવારે દેખાય, ઉનાળામાં બપોરે ઢગલાબંધ આવીને આકાશ ભરી દે, અને ચોમાસામાં તો દિવસ આખો જેની ઘનઘોર શ્યામ ઘટાથી અંધારો થાય તથા વરસાદ પડીને કુદરતમાં લીલાલહેર થાય એ વાદળાંથી કોણ અજાણ્યું હશે? સૌએ એ જોયાં હોય છે.

પણ માત્ર જોવું એ જ્ઞાન નથી. એ વાદળાંઓનું તો આખું શાસ્ત્ર છે. ભડલીએ 'ભડલી-વાક્ય'માં વાદળાં તથા આખા વર્ષની ઋતુઓનું ભવિષ્ય રચ્યું છે. છતાં પણ સાધારણ રીતે આપણે વાદળાં વિષે હજી ઘણું ઓછું જાણીએ છીએ. કાલિદાસે અને એક અંગ્રેજ કવિએ રચેલાં 'મેઘ' ઉપરનાં કાવ્યોની તથા ગુજરાતી-માં 'અષાઢે પરાં વાદળાં પાસ આવે', 'આષાઢ આવ્યો ગાઢ વાદળાં છવાયાં'—એવી છૂટીછવાઇ પંક્તિઓની ઝાંખી સિવાય શાસ્ત્રીય રીતે આપણે એ વિષયમાં કશું ગે કર્યું હોય એમ લાગતું નથી.

વાદળાંઓને ઓળખવાની સાચી રીત જો આવડે, એટલે કે તેનું પ્રમાણ, ઊંચાઇ, ઘટ્ટપણું, પડછાયા, રંગ ને ગતિ, તથા તેમાં થતા ફેરફારો પારખતાં શીખીએ તો એ બધાને આધારે ઋતુઓમાં થતા ફેરફારો વગેરે જાણી શકાય. નીચામાં નીચાં વાદળાં પૃથ્વીથી ૧૫૦૦ ફૂટ જેટલે ઊંચે ઝઝૂમતાં હોય છે, અને ઊંચામાં ઊંચાં ૪૦,૦૦૦ ફૂટ જેટલાં દૂર હોય છે. આછામાં આછાં વાદળાં શરબતી મલમલની ચાદરથી યે પાતળાં હોય છે, ને જંગીમાં જંગી વાદળાં મોટા ખડક જેવાં કાળાં ઘનઘોર ને નક્કર હોય છે. વળી વરાળ જેવાં હલકાં આકાશમાં તરતાં ને ઊડતાં વાદળાં પણ હોય છે.

ચોમાસાના દિવસોમાં આકાશમાંનાં વાદળાં ગળતાં જાય છે અને વરાળ કે ધુમાડા જેવાં પાતળાં બની પોતાની ઉપરનાં ઘનશ્યામ ઘટાવાળાં વાદળાંની નીચે આવી તરલ ગતિએ પસાર થતાં દેખાય છે. તે વાદળાં વરસીને પૃથ્વી પરનાં જળાશયો, ખેતરો, વાડીઓ અને ગામોને સજલ અને લીલાંછમ કરી શાન્તિ પ્રસરાવે છે. એ વૃષ્ટિનું પાણી પૃથ્વીપડમાં પ્રવાહરૂપે અને આન્તર પ્રવાહ રૂપે વહીને કૂવા, નદીઓ ને ઝરણાં બને છે; અને સપાટ ભૂમિપટ ઉપર ટકતું પાણી ખેતરો, વાડીઓ, બગીચા વગેરેને પોષણ આપે છે. એ વૃષ્ટિનાં પાણી ઢાળવાળી ભૂમિમાં ધસતાં પૂર અને મોટી નદીઓ બની સમુદ્રને મળે છે; કોઇકોઇ સ્થળે તળાવો ભરે છે, કોઇકોઇ સ્થળે અદ્ભુત ધોધવા રચે છે.

મુંબઈ જતાં પ્રભાતના પહોરમાં રેલવેના ડબ્બાની બારીમાંથી કુદરત નિહાળવા દૃષ્ટિ નાખીએ, તો લીલી હરિયાળી ટેકરીઓ પાછળ સૂર્યનો ઝાંખો પ્રકાશ દેખાય અને બધી ટેકરીઓની તળેટીમાં જાણે રાંધવા સારૂ ચૂલા જગાવ્યા હોય કે તાપણાં કર્યાં હોય તેમ ધુમાડાના ગોટેગોટ ધીરેધીરે ઊંચે ચડતા ને ટેકરીઓની ટોચને ઢાંકી દેતા જણાય. આ બધાં સવારે બનતા વરાળનાં આછાં વાદળાં હોય છે, અને તે ધીરેધીરે ઊંચે આકાશમાં ગતિ કરતાં જણાય છે. બીજાં તેની પાછળપાછળ તૈયાર થતાં ને ઉપર આવતાં પણ દેખાય છે.

કોઇવાર ગિરનાર, આબુ કે પાવાગઢ ગયેલાને કે તેની આસપાસના પ્રદેશમાં વસનારાઓને વાદળાંનું નીચલું દૃશ્ય જોવાનું તો અનેકવાર મળતું હશે. ગિરનાર ઉપર ચડતી વેળા જો વાદળાં હોય તો તે વખતે ગિરનારની ટોચ દૃષ્ટિગોચર થતી નથી; અને આડાં દેખાતાં વાદળાં પાછળ જાણે કશું ન જ હોય એવો ખ્યાલ થાય છે. પણ અમુક ટૂંકો ચડયા પછી જેમ જેમ એ વાદળાંના પડની નજદીક આપણે આવતા જઇએ તેમતેમ આપણી દૃષ્ટિ રૂંધાતી જાય છે, અને બરાબર એ વાદળાંના ઘેરાવમાં આવેલી કોઇ ટૂંક ઉપર આપણે આવીએ ત્યારે તો આપણી આજુબાજુ જોવાની મહેનત કરીએ તોપણ કશું દેખાતું નથી અને આપણે વરાળ કે ધુમ્મસમાંથી પસાર થતા હોઇએ એવો ભાસ થાય છે. આમ દસપંદર કદમથી દૂર આપણે કંઇ પણ



૧. રેશમના વાદળી (White Cirrus) ચંદ્રતેજ જેવું શ્વેત ... આકાશ દેખાય છે.



૧.બ. પટ્ટાવાદળી-(Cirrus Cumulus). દેખાવે ... મોટાં પટા દેખાય છે.



૨. આસ વાદળી-(Cirro Cumulus Clouds) ... રેસાદાર વાદળી ... આકાશમાં દેખાય.



૨.બ. ચંદરવા વાદળી (Cirro-Stratus) ઉપરનાં વાદળાં જોતાં ... આકાશમાં ચંદરવાની જેમ છવાઈ રહે છે.

દેખી શકતા નથી ત્યારે આપણી ખાત્રી થાય છે કે આપણે વાદળાંમાંથી પસાર થઇએ છીએ; બલ્કે વાદળાં આપણને વીંધીને પસાર થાય છે. આ અનુભવ કરતા કરતા જરા ઊંચે ચડીએ તથા વાદળાંને વટી જઇને પછી આપણા પગ નીચેના પ્રદેશમાં નજર કરીએ તો કશું પણ દેખાતું નથી, અને જાણે વાદળાંના છવાઇ રહેલા તંબુ ઉપર આપણે ચડી બેઠા હોઇએ એવું ભાન થાય છે. ત્યારે આપણને ખાત્રી થાય છે કે એ વાદળાંનું ઝુંડ પસાર કરીને આપણે તેથી ઊંચે ચડ્યા છીએ. હવે એ પ્રદેશ ઉપરની બધી ટૂંકો અને પર્વતની ટોચ જે પ્રથમ અદૃશ્ય હતી તે બધી ચોખ્ખી દેખાય છે. આમ થતાં કુદરતની તાજગી અને ભવ્યતા માટે અત્યંત માનની લાગણી થાય છે, પણ ઉપરનાં બીજાં દૃશ્યો જોવામાં એ પાછું બધું વિસરી જવાય છે.

આ જ વાદળાં શિયાળામાં ઝાકળિયો વરસાદ લાવી શિયાળુ પાકને પોષણ આપે છે. ઉનાળાની ગરમીથી વરાળ રૂપે બનતાં વાદળાંના ગોટેગોટ ઊંચે ચડીને આકાશને ઘેરી લે છે, અને ચોમાસામાં વાદળાંની ઘનસ્યામ મેઘઘટા આકાશને છવરાવી દે છે. ચોમાસામાં તે વરસાદ રૂપે પડી, અને ઉનાળામાં પાછાં વાદળાં બની, પાણીનો પ્રવાહ આકાશથી પૃથ્વીપર અને પૃથ્વીથી પાછું આકાશમાં ચક્કર માર્યા કરે છે અને પશુ, પક્ષી, માનવ, વનસ્પતિ એ બધાનો જીવનરસ બની તેમને અનંત ચેતન આપ્યાં કરે છે.

ઊંચામાં ઊંચાં વાદળાં

સૌથી ઊંચામાં ઊંચાં વાદળાં ત્રીસથી ચાળીસ હજાર ફૂટ જેટલાં ઊંચે હોય છે. તેને Cirrus (સિરસ) કહે છે. આ વાદળાં લાંબાલાંબા આછા રેસાવાળાં (જુઓ ચિત્ર નં.૧), અથવા વાળના સફેદ ગુચ્છા જેવાં અથવા આખા યે વાદળાં આછી શરબતી મલમલની ચાદર છવરાઈ હોય તેવાં હોય છે, અને સૂર્ય કે ચંદ્રના પ્રકાશ વડે જ તે વાદળાં છે એવું ભાન થઇ શકે તેટલાં પાતળાં હોય છે. જુઓ ચિ. નં. ૨–ચંદરવા વાદળી.

એનાથી જરા નીચાં રહેનારાં વાદળાં ત્રીસથી છત્રીસ હજાર ફૂટ જેટલાં ઊંચે હોય છે, અને તે Cirro Cumulus (સિરો ક્યુમ્યુલસ)–પટા વાદળાં કહેવાયછે. (જુઓ ચિત્ર ૧ બ). ઉપર બતાવેલાં રેસાવાદળાંમાંથી જ આ વાદળાં બને છે અને ખાસ કરીને સવારે

અથવા સાંજે તેના આકારોમાં ફેરફાર જોવામાં આવે છે. આવાં વાદળાંને કાઠિયાવાડમાં 'આકાશમાં ચણા વાવ્યા' કહે છે, કેમકે તેનો દેખાવ ખેતરમાં વાવેલા ચણાના છોડ દૂરથી જેવા દેખાય તેવો કંઇક થાય છે. અને રૂનાં નાનાંનાનાં પુમડાં 'ચાસ'ના આકારમાં ગોઠવ્યાં હોય તેમ એ માલુમ પડે છે.

ચિત્ર નં. ૨ માં રેસાદાર વાદળાંમાંથી કટકાકટકા થઇને ગોઠવાઇ ગએલાં જે તેતરવર્ણા વાદળાં માલૂમ પડે છે તેને પણ (Cirro-Cumulus clouds) (સિરો ક્યુમ્યુલસ ક્લાઉડ્ઝ) કહે છે. તે તથા ઉપરનાં ચણા વાવ્યા માફક થઇ ગએલાં વાદળાંને ઠંડીનાં વાદળાં તરીકે ઓળખવામાં આવે છે. ખાસ કરીને કાર્તિકથી ફાગણ માસ સુધીમાં તે દેખાય છે અને એ વાદળાં ફાટે ત્યારે ટાઢ પડે એમ લોકો અનુભવથી કહે છે.

મધ્યમ ઊંચાઇનાં વાદળાં

એથી જરા નીચેના, તેરથી વીસ હજાર ફૂટ ઊંચેનાં મધ્યમ ઊંચાઇવાળાં મોટા ચાસનાં વાદળાં Alto-cumulus (આલ્ટો ક્યુમ્યુલસ) તરીકે ઓળખાય છે. આ વાદળાંના ખોળ ખોટા જરા મોટા હોય છે અને તે મોટે ભાગે સફેદ તથા જરા વધારે ઘટ્ટ હોવાથી શ્યામ ઝાંઈ કે છાયાવાળાં દેખાય છે. તેની હારોની હારો આડીચોડી ગોઠવાએલી તથા પવનની લહરીઓને અનુકૂળ લહેરિયાં ધારણ કરતી દેખાય છે. એ વાદળાં ક્યારેક તો એકબીજાની એટલાં નજીક હોય છે કે તે એકમેકને જડી દીધેલાં લાગે છે.

આ પ્રકારનાં વાદળાંની મોટીમોટી, લાંબીલાંબી લહેરિયાંવાળી પૂણીઓ પણ થાય છે; અથવા ઠંડીના વખતમાં કોઇ વાર સાંજે તેના કટકાકટકા થઇ, આકાશનાં ખેતરોમાં જાણે મોટામોટા છોડવા ઊભા હોય તેમ, સફેદ બારતા જેવાં એ હારદોર ખેતરના ચાસ માફક ગોઠવાઇ ગએલાં દેખાય છે. (ચિત્ર નં. ૩) સવારે સૂર્યની ગરમી લાગતાં જ પાછાં એ વાદળાં એકમેકને મળીને ગળી જઇ એકરસ બની જતાં દેખાય છે.

જ્યારે સૂર્ય પાછળના ભાગમાં હોય ત્યારે આ વાદળાંની કિનારી રૂપેરી દેખાય છે, અને સૂર્ય તેની પાછળ હોવાથી છાયાને લીધે તે કાળાં દેખાય છે. પણ જ્યારે સૂર્ય તેની સામે હોય અને સૂર્યનો પ્રકાશ તેના ઉપર પડતો હોય ત્યારે તે રૂના મોટામોટા ઢગલા



૩. મોટા ચાસનું વાદળ (Alto-Cumulus Clouds) ઉંચા આકાશમાં વાદળના મોટા ટુકડાથી તે ઓળખાય



૪. જરા વાદળ (Alto-Cumulus Lenticularis) સૂર્યાસ્ત વખતે ગરમ ઋતુમાં દક્ષિણ બાજુએ દેખાય છે.



૪ બી. નાનાં જરા વાદળ (Small Cumulus Clouds) ઉનાળામાં લાંબી હારમાં બંધાતા દેખાય છે.



૫. ઘન વાદળ (Alto-Stratus) પૃથ્વીથી દસથી વીસ હજાર ફૂટ ઉંચે ઉપરાઉપર થરમાં બંધાય છે. તેની સાથે ધુમ્મસ બાઝી હવા રહે છે.



૬. પોળ પાદળાઓ (Strato-Cumulus) સૂર્યોદય વેળા લાંબી લાંબી રૂની પૂણીઓની આકૃતિઓમાં પથરાતી દેખાય છે.



૬.બ. હવા ચોક્ખી થતી જાય તેમ ફેરફાર પામતાં આકાશ આવું રૂપ ધારણ કરે છે.



૭. ખડાઉ વાદળ (Cumulus Clouds) મોટા ઢગલાઓના જાતજાતના આકારવાળાં ખડક જેવા લાગે છે. તેથી ખડા કે ખડાઉ તરીકે ઓળખાય છે.



૭.બ. છૂટી ખડા (Isolated Cumulus) સ્વચ્છ આકાશમાં પણ આ વાદળું તરતું દેખાય ને કોઈવાર તોફાન પણ મચાવે છે.

જેવાં, એકબીજા ઉપર ગોઠવાએલા સફેદ બરફના ઉતરતા ખડક જેવાં, ઉનાળાના દિવસોમાં (જેઠ તથા અષાડ માસમાં) દેખાય છે. (જુઓ ચિત્ર નં. ૪)

આના કરતાં વધુ નીચાં, ઘેરાં, ઘટ્ટ, ભૂરાં કે વાદળી રંગનાં વાદળાં Alto stratus આલ્ટો સ્ટ્રેટસ કહેવાય છે. તે પૃથ્વીથી દસથી વીસ હજાર ફૂટ ઊંચાં હોય છે. ઉપરાઉપર થરની જેમ તે ગોઠવાએલાં હોય છે, તેથી સૂર્યની આસપાસ મેઘધનુષ્યના વિવિધ રંગોની રંગોળી આ વાદળાં ચીતરે છે. આ જાતનાં વાદળાં પોષથી ચૈત્ર કે વશાખ સુધીમાં ખાસ દેખાય છે. કોઈવાર માગશરમાં પણ દેખાય છે. (જુઓ ચિત્ર નં. ૫)

છેક નીચાં વાદળાં

ઘનઘટ્ટ, મોટાં અને લાંબાં, આછા આસમાની રંગનાં, આખા આકાશને છવરાવી દેતાં વાદળાં Strato cumulus (સ્ટ્રેટો ક્યુમ્યુલસ) પૃથ્વીથી લગભગ તેર હજાર ફૂટ ઊંચે હોય છે. (જુઓ ચિત્ર નં. ૬ તથા ૬ બ) ઠંડી હોય ત્યારે કે રાત્રે તે આડાંઅવળાં ગોઠવાએલાં હોય છે. અતિશય ઠંડીમાં તો લાંબીલાંબી પૂણીઓની થપ્પીઓ માફક તેમના થરના થર આખા આકાશમાં ગોઠવાએલા લાગે છે, અને સવારે નાના નાના ગોટા ઊંચે ચડીને મોટામોટા નક્કર ગોટા બની ચપટી બેસણીવાળા બરફના ડુંગરાના ઢગલા જેવા બની આકાશમાં તે તરતા દેખાય છે. ચૈત્રથી શ્રાવણ ભાદરવા સુધી આકાશમાં આ દૃશ્ય નજરે પડે છે.

મોટાં ગોળ માથાંવાળા, ચપટી બેસણીવાળા ઢગલા ઊંચા નીચા છતાં એકસાથે હારદોર એક સરખી ગતિએ સરતા માલૂમ પડે છે, અને ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરનારને તેના આકારમાં ફેરફાર થતા દેખાય છે. આ Cumulus ક્યુમ્યુલસ નામનાં વાદળાં પૃથ્વીથી ફક્ત ત્રણથી દસ હજાર ફૂટ ઊંચાં હોય છે, અને તેને આપણે 'ખડા' કે 'ખડાઉ અથવા ખડાયું' (એટલે ખડાઓ–ખડકો) કહીએ છીએ. આ વાદળાં આંખે અંજાઈ જવાય એવાં તેજવાળાં, અને જો સૂર્ય તેની પાછળ હોય તો કાળાં ડિબાણ અને રૂપેરી કે સોનેરી કિનારીવાળાં દેખાય છે. (જુઓ ચિત્ર નં. ૭) વૈશાખથી ભાદરવા મહિના સુધીમાં આ વાદળાં ખાસ દેખાય છે. ચિત્ર નં. ૭ બમાં આવી એક છૂટી ખડા બતાવી છે.

જ્યારે તેના બહુ મોટામોટા ઢગલા વધારેવધારે

ઘનઘટ થતા જાય છે ત્યારે તે કાળાં ભમ્મર જેવાં લાગે છે. આ વાદળાંના નીચેના ભાગો પીગળવાથી તેની નીચે આછા ધુમ્મસ જેવા વરાળના બાચકા તરલ ગતિએ દોડતા દેખાય છે. આકાશમાં આ રીતે નીચે સરતાં વાદળાં કોઇવાર વરસાદ રૂપે કે કોઇવાર બરફ કે કરા રૂપે પૃથ્વી પર પડે છે. આ વાદળાં તો પૃથ્વીથી ફક્ત દોઢથી પાંચ હજાર ફૂટ જ ઊંચે હોય છે. એને અંગ્રેજી પરિભાષામાં Cumulo Nimbus (કયુમ્યુલો નિમ્બસ) કહે છે. આ પ્રમાણે બનતાં વાદળાં વરસાદનાં વાદળાં—મેઘવાદળ કહેવાય છે. (ચિત્ર નં. ૮)

ચારે દિશાએ આકાશ વાદળાંથી છવાઇ રહ્યું હોય, બફારો અતિશય થતો હોય અને પવનની એક પણ લહરી લીમડાનાં પાન જેવાંને પણ જરા યે ચલાયમાન કરતી ન હોય, ત્યારે એકાએક ઠંડી લહરી અને મીઠી વાસવાળો પૃથ્વીનો સુગંધ મ્હેકી ઊઠે છે; તે વેળા આકાશ તરફ દૃષ્ટિ કરતાં ઉપર વર્ણવેલાં વાદળાં જાણે 'પાણી ભરવા જતાં' હોય તેમ જણાય છે; અને પછી જાણે એ પાણી ભરી લાવી ઠાલવનાં હોય તેમ ધોધમાર વરસાદ પાડીને અકળાએલી પૃથ્વીને અને પશુ, પક્ષી, માનવ, વૃક્ષાદિ સૃષ્ટિને શાન્તિમાં લીન કરી દે છે.

ક્યારેક આ વાદળાં મોટી બધી એરણનો આકાર, કે કોઇવાર તળાવને કાંઠે આવેલા ગામડાનો દેખાવ ધારણ કરે છે. ક્યારેક વળી સાત સૂંઢવાળા સ્વર્ગીય ઐરાવત હાથી જેવી અનેક સુંદર અને ભવ્ય આકૃતિઓ ધારણ કરે છે. સંધ્યાકાળે આ વાદળાંના ચિત્રવિચિત્ર રંગો આકાશને રંગીને કલ્પનાને પણ તેનો રંગ ચડાવે છે.

વર્ષાઋતુમાં જ્યારે વૃષ્ટિ થવાની હોય ત્યારે જ આ જાતનાં વાદળાં થાય છે, અને એ ઋતુમાં ઉષા કરતાં સંધ્યા વધારે રમણીય હોય છે. આ વાદળાં અનેરા રંગો ધારણ કરી કવિની કલ્પનાને તથા ચિત્રકારની પીંછીને પણ કસોટીએ ચડાવે એવાં અદ્ભુત અને આહ્લાદ આપનારાં ચિત્રો આકાશપટમાં ખડાં કરે છે.

વર્ષાઋતુમાં વાદળાંનું ખાસ માહાત્મ્ય છે. વાદળાંથી ઢંકાએલા ચંદ્રની આસપાસ કૂંડાળું દેખી ચંદ્રમાં જળનો ભાસ થાય છે અને સાયંકાળનાં રંગબેરંગી વાદળાં દેખીને ચાતક માફક રાહ જોઇ રહેલા ખેડૂતો ખુશખુશ



૮. મેઘ વાદળ (Cumulo-Nimbus) વરસાદ વરસાવનારાં આ વાદળ પૃથ્વીથી ૨૫૦૦ થી ૫૦૦૦ ફીટ ઊંચે હોય છે.



૯. વર્ષા વાદળી (Nimbus (Rain Clouds)) [illegible]

બની જાય છે. એક કાઠિયાવાડી કહેવત છે કે 'આભ રાતો ને કણગી માતો' એટલે કે આકાશમાં રાતાં કે રંગીન વાદળાં જુએ છે ત્યારે સારા વરસાદની અને સારા પાકની આશા બંધાવાથી ખેડુત આનંદમાં મ્હાલે છે.

ઉપર વર્ણન કરેલાં વાદળાંમાંથી ગળીને નીચે ઉતરતાં જે વાદળાં સરલતાથી સરતાં દેખાય છે તે વરસાદના ઊભાઊભા શેરડા પાડી પૃથ્વીપટ ઉપર પાણી રૂપે પાછાં ઉતરે છે. આ વાદળાં પૃથ્વીથી દોઢથી ત્રણ હજાર જ ફૂટ ઊંચાં હોય છે અને તેને Nimbus (નિમ્બસ–વર્ષાવાદળાં) કહે છે. તે ખાસ વરસાદનાં જ વાદળાં કહેવાય છે. (જુઓ ચિત્ર નં. ૯) ઉપલાં ઘટ્ટ વાદળાંની નીચે દોડતાં ને વરસતાં આ વાદળાં તો સૈકોઇએ ચોમાસામાં જોયાં હશે. એ પાછાં પાણી રૂપે પૃથ્વી ઉપર આવ્યાં જાણીને કુદરતનાં બધાં પ્રાણી —પશુ, પક્ષી, વૃક્ષ વેલાદિ, સમુદ્ર, તળાવ, નદીઓ અને ઝરણાં નૂતન ઉલ્લાસ ધારણ કરે છે ને અવનવા સૌંદર્યશણગાર સજી હસતાં ને ઝૂલતાં દેખાય છે.

ફોટોગ્રાફીથી ચિત્ર-સંયોજન






આ બંને ફોટોગ્રાફોમાંના જોઇતા ભાગ સંયોજિત કરી નીચેનું ચિત્ર ઉપજાવ્યું છે.



આ સાથે ઉપર બતાવેલા બે ફોટોગ્રાફોની યોગ્ય મેળવણીથી જે નીચેનું ચિત્ર તૈયાર કરવામાં આવ્યું છે તે જોઇને કોઇપણ વિચારી શકશે કે જુદાજુદા ફોટોગ્રાફોને યુક્તિથી સંયોજિત કરીને એક સુંદર ચિત્ર તરીકે રજુ કરી શકાય. આ ચિત્ર તૈયાર કરનાર ભાઈ રઘાભાઈ પરમારે તેની રીત નીચે આપી છે:

મુખ્ય ફોટોગ્રાફની નેગેટિવને એન્લાર્જિંગ કેમેરામાં મૂકીને જોઇતા માપ પર ફોકસ ગોઠવી, ચપ્પુથી કાપી શકાય એવા પોસ્ટ કાર્ડ જેટલા જાડા એક પૂઠા પર, જેટલો ભાગ લેવાનો હોય તેટલી આઉટલાઇન દોરી લેવી, અને તે લાઇન પ્રમાણે પૂઠું ચોકસાઇથી કાપી નાખવું. પછી એન્લાર્જરમાંથી ફોકસ થતા ચિત્રમાંના કાઢી નાખવાના ભાગ પર, તેટલા ભાગપુરતો પેલા પોસ્ટકાર્ડનો બચેલો ટુકડો ઢાંકી દેવો અને બાકી રહેલો લેવાનો ભાગ બ્રોમાઇડ કાગળ પર પ્રકાશિત કરી લેવો. પછી એ પ્રકાશિત થએલા ભાગ પર તેના માપનો અગાઉ વેતરી રાખેલો ટુકડો ઢાકી દેવો. હવે ઉપરની નેગેટિવ ખેંચી લઈ, જે આકાશ, ઝાડ કે પાંદડાં નાખવાં હોય તેની નેગેટિવ મૂકી, બ્રોમાઇડ કાગળ પરના પ્રકાશ લાગ્યા વિનાના ભાગ પરનો ટુકડો ઉપાડી લેવો અને તેના પર જોઇતા દૃશ્યની છાપ પડવા દેવી. બંને સમયે પ્રકાશ આપવાનો વખત પહેલાં પ્રયોગથી નક્કી કરી રાખવો, જેથી કાગળ ડેવેલપ થતાં બંને પ્લેટોની ધારેલી છાપ એક સાથે પ્રકટ થશે. બંને વખત પ્રકાશ આપતી વેળા ઢાંકેલા પૂઠાને જરાજરા હલાવવાથી ચિત્રમાં સાંધ જણાશે નહિ.



તરુણ ગુજરાતની પાંખો

તરુણ ગુજરાતને પાંખો તો ક્યારની પ્રગટી છે. શ્રી પુરુષોત્તમ કબાડીએ પહેલા ગુજરાતી વિમાની તરીકે નામ કાઢ્યું ત્યારથી ગુજરાતે વાયુયાનના શ્રીગણેશ માંડ્યા. તે પછી ભલે છૂટાંછવાયાં પણ ગુજરાતનાં યુવાન નરનારીઓએ એ ક્ષેત્રમાં પાંખો ફફડાવી છે.

પણ આ ઉપર પ્રકટ કરેલા શ્રી મનસુખલાલ હ. પારેખના ફોટોગ્રાફ તો એક વિશિષ્ટ કારણને લીધે અમે વાચકો આગળ રજુ કરીએ છીએ. એ ચિત્રોમાં બતાવેલું એરોપ્લેન એમણે પોતે જ બનાવ્યું છે, અને એ બનાવવાની પ્રેરણા એમને 'કુમાર'માંથી મળી છે. શતાંક જેવી મંગલ અવધે પહોંચતા 'કુમાર'ના અંકમાં 'કુમાર'ની જ પ્રેરણાથી આપબળે આટલી સિદ્ધિ મેળવનાર યુવાનની પ્રગતિનો આંક મંડાય એ એક શુભગ અને વિરલ યોગ ગણાય. એમના પત્રમાંનો નીચલો ઉતારો એમના પ્રયત્નની રસદાયક હકીકતો આપશેઃ

"આજથી દોઢેક વર્ષ પહેલાં 'કુમાર'માં એક કાગળમાંથી નાનું હવામાં તરતું થઇ જાય તેવું એરોપ્લેન બનાવવાનો પ્લેન આવેલો. તે પ્રમાણે મેં બનાવ્યું. સરસ ઊડતું હતું. મને વિચાર થયો કે તેથી જરા મોટું અને વધારે વખત હવામાં રહી શકે તેવું કાં ન બનાવવું? મેં બનાવ્યું અને તે પણ સરસ ઊડ્યું. ત્યાર બાદ બાર ફૂટ લાંબી પાંખનું એક એરોપ્લેન બનાવ્યું, અને તેની અંદર એક નાનું મોટર સાઇકલનું એન્જીન તેને ગતિ આપવા મૂક્યું. પછી જાડું દોરડું બાંધી તેને ઉડાડ્યું અને હું ફતેહમંદ થયો. હવે, મેં એક મોટું એક માણસ બેસી શકે તેવડું એરોપ્લેન બનાવવાનું શરૂ કર્યું છે. જેમાં આગળનો પંખો (Propeller) અને એક ૩૫ ઘોડાબળનું એન્જીન બંને અમેરિકાની બનાવટનાં નાખ્યાં છે. બાકીનું બધું મેં મારા હાથે અહીં બનાવ્યું છે. આ મશિન લગભગ તૈયાર થઇ ગયું છે. વીસેક દિવસ પછી હું તેની try કરી શકીશ, અને મને આશા છે કે તે જરૂર ઊડશે. આ આખો માસ હું કરાંચી એરોપ્લેન ચલાવતાં શીખવા રહ્યો હતો અને તે મેં શીખી લીધું છે. આ સાથે એ મારા પ્લેનના ફોટો મોકલું છું અને જ્યારે ઊડીશ ત્યારના ફોટો પણ હું આપને મોકલીશ. કહો આ 'કુમાર'ની જ પ્રેરણાનું પરિણામ ના?"

ત્રણ ઈનામી હરીફાઈઓનાં પરિણામ

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

આ હરીફાઇ માટે યોગ્ય ગણાય એવા ફોટોગ્રાફો ચાલુ મળતા રહે છે તેથી તેની સાર્થકતા સિદ્ધ થાય છે. અનેક વિદ્યાર્થીઓ જીવનમાં નવું દૃષ્ટિબિંદુ શોધી કોઇ ઇતર સાધનોથી ન જ મળે એવું પ્રત્યક્ષ જ્ઞાન મેળવી રહ્યા છે અને અમને દૃઢ શ્રદ્ધા છે કે જતે દહાડે ફોટોગ્રાફી તરફ ઉદાસી રહેતા માણસો પણ તેની કિંમત પિછાન્યા વિના નહિ રહે. કુદરત માનવી અને ઇતર જીવસૃષ્ટિની અજબ લીલાઓ નીરખતાં કોઇ વિરામ્યું નથી, તેમજ ફોટોગ્રાફીનો વિષય તે બધાની નોંધ લેતાં અંત પામવાનો નથી; એટલે ફોટોગ્રાફી કરનારને તેમજ જોનારને આ વિષયમાં અનંત અખૂટ રસ મળ્યા જ કરવાનો.

વસો હાઇસ્કૂલમાંથી ભાઇ કાન્તિલાલ પટેલના 'બાલ ચિત્રલેખા'ના ચિત્રમાં અનેક ગુણો છે. ઠંડા પ્રદેશમાં કૅમેરાથી આટલું સ્વાભાવિક અને સ્પષ્ટ ચિત્ર લેવાનું મુશ્કેલ છે; છતાં આ ચિત્રમાં પાત્રની એકાગ્રતા, શરીરની સહજ શિથિલતા અને બાલજીવનની સરળતા એટલાં સરસ સચવાયાં છે કે આથી વિશેષની આશા ન જ રાખી શકીએ. બીજું ચિત્ર ભાઇ હર્ષદ પંડ્યાએ મામૂલી કિંમતના કૅમેરાથી ઉપજાવ્યું છે તે જાણી સાનંદાશ્ચર્ય થાય છે. ૧×૧॥ ઇંચનાં ૧૬ ચિત્રો પાડતો બેબી ટૅગૉર કૅમેરા અને કોડાકની વેરીક્રોમ ફિલ્મ (રંગો પાત્રની ઘેરાશ સાચવે એવી)થી કેવાં પરિણામો શક્ય છે તેનું એ સુંદર દૃષ્ટાંત છે. વાદળાંનું ચિત્રવિચિત્ર મનોહર સૌંદર્ય કૅમેરા વડે









ઉપરનું ચિત્ર : ડાબી બાજુએ-'નર્મદાતટે સંધ્યા': ફોટો, હર્ષદ પંડ્યા, અમદાવાદ. જમણી બાજુ-'બાલ ચિત્રલેખા': ફોટો, કાંતિલાલ પટેલ, વસો: બાજુનું ચિત્ર : મથાળે-'હવે તો પૂરૂં કરીને જ સૂવું છે': ફોટો, ભાઉ કાલેલકર, મુંબાઈ: નીચે 'બાલારામનું મંદિર': ફોટો, નટવરલાલ ગાંધી, સિદ્ધપુર.

પકડવાનો યોગ્ય સમય સંધ્યા જ છે. એ સમયે લાલ, પીળા કે સોનેરી રંગો પ્રધાન હોય છે એટલે રંગ ધારણ ન કરી શકે તેવી ફિલ્મોનાં ચિત્રો નિષ્ફળ નીવડે છે. ત્રીજું ઇનામ લેનાર ભાઉ કાલેલકરે રોજના જીવનમાંથી પ્રસંગ પકડી સુંદર ચિત્ર ઉપજાવ્યું છે. આવા ચિત્રમાં પાત્ર ને પ્રકાશની યોજના સાચવતાં ન આવડે તો તે નકામું નીવડે છે. ભાઉના ચિત્રમાં બાળકની રમણીય ગંભીરતા અને રસમયતા આકર્ષક બન્યાં છે. પછીનું ચિત્ર ગુજરાતના એક સુપ્રસિદ્ધ શીતળ સ્થળનું છે. પાલણપુર પાસે બાલારામનું સ્થળ તેના સૃષ્ટિસૌંદર્ય અને એકાંત શાંતિ માટે ઘણાને ખેંચી રહ્યું છે. ત્યાંના મંદિરના ઉઠાવદાર ફોટોગ્રાફ દ્વારા આપણને તેની ઝાંખી કરાવનાર સિદ્ધપુરવાળા ભાઇ નટવરલાલને એટલી જ સૂચના કરવાની કે સ્થળને યોગ્ય પાત્રની હાજરી સાથે ઉતારી હોત તો ચિત્રનું Romance-અદ્ભુતતા વધી જાત. સારી ફોટોગ્રાફી તેમને હાથ ચડી છે એટલે ભવિષ્યમાં વધુ સારાં ચિત્રો આપી શકશે એમ આશા છે.

નોંધપાત્ર ફોટોગ્રાફોમાં કુમારી હીરા કોઠારી (મુંબાઇ)નું 'અંડિયેરો' પહેલું ધ્યાન ખેંચે છે. ચિત્રના આગલા ભાગમાં વધારે જોરદાર છાયાઓની ખામી રહી ગઇ છે ને આકર્ષક વસ્તુઓ એક જ બાજુ ઓજને નાખી દેતી જણાય છે. 'ડોકિયું' નામનું સિદ્ધપુરના ભાઇ તુલસીદાસે પાડેલું ચિત્ર પ્રાચીન દેવાલયની ખાલી દેખાતી બેઠક અને પાછળનાં વિગત વિનાનાં એકલા



ને ત્યાં સામે ઘન નગ ચડ્યે તેહ સંગે પ્રિયાને,
જીવ્યાદોરી શી સ્વકુશળની કહાવવા વાત ઇચ્છી;
યક્ષે એને નવ ગિરિફૂલે માનસી અર્ઘ્ય અર્પ્યાં,
પ્રીતે પ્રીતિભર વચનથી ઉચ્ચર્યો આવકાર.

(મેઘદૂત : કવિ નાનાલાલનો અનુવાદ)

ચિત્રકાર • સ્વ. જમનાદાસ સંપત

સ્વ. જમનાદાસ સંપતની કળા ખીલી ન ખીલી ત્યાં તો કાળે એ રત્ન ઝડપી લીધું કચ્છ માંડવીના વતની આ જુવાને થોડા જ વખતમાં તેના સુંદર માનસની ખાત્રી કરી આપી હતી. તે મુંબઇની સરકારી ચિત્રશાળાના ત્રીજા વર્ષના વર્ગમાં અભ્યાસ કરતા. અવિશ્રાંત મહેનત, દઢાગ્રહ અને નિરભિમાનિતાથી તેમણે મિત્રો અને ગુરુઓનાં દિલ જીતી લીધાં હતાં. તેમની કલા લાગણીની ભિનાશવાળી હતી, અને પરિપાકના દિવસો મળ્યા હોત તો તે ઉત્કૃષ્ટ પ્રકારનું સ્થાન જરૂર પામત. તેમની સાદાઇ, કલામસ્ત જીવન અને સ્નેહાર્દ્રતાએ તેમના મિત્રો તથા મુરબ્બીઓને શોકસ્મૃતિમાં ડુબાવી દીધા છે 'બાંહ્ય ચડાવેલું ખાદીનું ખમીસ પહેરેલો, લગભગ ઉઘાડા કૉલર અને મોટા ઝૂલતા વાળ વાળો આ યુવાન હાથમાં એકાદ સ્કેચબુક સાથે કોઈ વખત બગીચામાં તો કોઈ વખત પુરાણાં મંદિરોની ગિરદીમાંથી પસાર થતો દેખાતો ને સૌને વિચિત્ર જેવો લાગતો' એવું તેમના એક સ્નેહીએ તેમનું વર્ણન કર્યું છે. કલાની ધગશવાળા આ જુવાનની સ્મૃતિ રૂપ આ ચિત્ર 'કુમાર' માટે શ્રી ત્રિભુવન ગૌરીશંકર વ્યાસના સૌજન્યથી અમે અહીં આપી શક્યા એટલો કરુણ સંતોષ લઇએ છીએ. આ ચિત્ર એમની છેવટની કૃતિ હતું એમ શ્રી ત્રિભુવનભાઈ જણાવે છે; અને ખરેખર, તેમનાં બીજાં ચિત્રો કરતાં આમાં હાથની સ્થિરતા ને સુરેખતા તથા રંગની મિલાવટ વધારે ચડિયાતી દેખાય છે.



કૃષ્ણાર્જુન

ચિત્રકાર : રવીન્દ્રનાથ દત્ત

કૃષ્ણ-ગીતા શ્રવણ કરી રહેલા અર્જુનનું રૂપાળું સાદું છતાં ભાવયુક્ત ચિત્ર દોરનાર શ્રીયુત રવીન્દ્રનાથ દત્ત પોતે હજુ તો કુમારવય વટાવી યુવાને ઉંબરે પગ મૂકે છે એટલામાં તો તેમની કળા અને કળાધગશથી કેટલાયને મુગ્ધ બનાવી શક્યા છે. મુંબાઈની ન્યૂ ઇરા સ્કૂલમાં તે કળાના અધ્યાપક છે અને ગુજરાતની કુમળી પ્રજાને તેમની કળાનો રંગ ચડાવી રહ્યા છે. મુંબાઇની ફેલોશિપ સ્કુલના કલાના અધ્યાપક શ્રી પુલીન બિહારી દત્તના તે નાના ભાઈ થાય. એ ભ્રાતૃયુગલે મુંબાઇને બંગાળની નવી કળાની મીઠી વાનગીઓ પીરસવા માંડી છે. કલાશિક્ષણની અનિવાર્યતા સ્વીકારનાર તરીકે મુંબાઈની ફેલોશિપ અને ન્યૂ ઈરા સ્કૂલો ઈલાકામાં પહેલી જ છે એમ કહી શકાય અને ત્યાં બંને દત્ત બંધુઓએ એ શિક્ષણની વિશિષ્ટતા બતાવી આપી છે. શાળા-જીવનમાં કળાને આદરમાન મળવાથી કેવું માધુર્યભર્યું વાતાવરણ સરજાય છે તે જાણવું હોય તો એ શાળાઓ જોવી.

સફેદ દેવળોને લીધે નીરસ બન્યું છે. કાશીથી ભાઇ નરસિંહ પરમારે પણ 'દરવાજામાંથી ડોકિયું' નામનું ચિત્ર પાડયું છે. નામ ઘણું અઘટિત છે. દરવાજામાંની કમાન આગળ તો અનેક જાતનાં ચિત્રો પકડવાને અવકાશ છે, તેને બદલે ખાલીખમ દરવાજામાંથી સૂની નગરચાકમાં એક બે દૂરના માણસો જ દેખાય છે. ચિત્રના આગલા ભાગમાં ગાડું, ઢોર, ભાર વહી જતું માનવી કે કોઇ ઘેડેસવાર લીધો હોત તો ચિત્રનો રંગ જામી જાત. મધ્યાહ્ને નામનું ભાઇ સુમતીલાલ મહેતા (પ.લ-ણપુર)નું ચિત્ર તેના પડછાયા જોતાં નામે ખોટું લાગે છે. મજેદાર ચિત્ર પાડવાની જગ્યાએ પહોંચ્યા છતાં એ ભાઇને ચિત્રનું ફ્રેમિંગ કરતાં આવડયું નથી. બકરાં, ભરવાડ અને ઝાડની સામગ્રી તો સરસ ચિત્રો આપી શકે. 'છેલ્લાં કિરણ'ની છબી લેનાર ભાઇ નટવરલાલ ગાંધી (સિદ્ધપુર)ને ભાઇ હર્ષદ પંડયાનું અહીં છાપેલું ચિત્ર ને તેની નોંધ જોવાની સૂચના કરીએ છીએ.

હજુ આપણા ગૃહસ્થજીવનનાં, પોળ કે શેરીનાં, નારીજીવનનાં વગેરે અનેક પ્રકારનાં ચિત્રો તરફ ફોટોબાજની નજર પડી લાગતી નથી. આટલાં સૂચન પછી એવાં ચિત્રો પકડવા કેટલાક મન કરશે એમ ધારીએ છીએ.

રંગપૂરણી હરીફાઇનું પરિણામ

'કુમાર'ના માગશર અંકમાં આ હરીફાઇ જાહેર કરવામાં આવી હતી. શ્રી કનુ દેસાઈનું અર્જુન-ઉર્વશીનું જે ચિત્ર આ અંકમાં અસલ રૂપમાં પ્રકટ થયું છે તેની રેખાઓ આપીને તેમાં સરુચિપૂર્વક ત્રણ રંગો પૂરવાની સૂચના કરી હતી તેમાં ૨૭ ઉમેદવારોએ ભાગ લીધો છે. જોકે ઉત્તમ કોટિએ પહોંચે એવું તો એકે ચિત્ર નથી; છતાં આવેલાંમાંથી ઈનામોને પાત્ર જે કામો મળ્યાં છે તે જોતાં તદ્દન અસંતોષ ધરવા જેવું પણ નથી. આ કારણથી, જાહેર થએલાં પાંચ અને ત્રણ રૂપિયાનાં બે ઇનામોમાંથી ત્રણ ઇનામો વહેંચવામાં આવ્યાં છે. પહેલું રૂા. ૪નું ઇનામ ઘાટકોપરના ભાઇ ચતુર્ભુજ વલ્લભદાસને મળ્યું છે. તેમણે મુખ્ય પાત્રો, આકાશનો ઉપરનો થોડો ભાગ અને જમીન પરના વર્તુલની કેટલીક રેખાઓ તદ્દન કાળી ભરીને થાંભલા તથા જમીનનો વર્તુલ બહારનો ભાગ ઘેરા લાલ રંગે ભર્યો છે. પાત્રોની આસપાસ ઘટતી જગ્યા છોડી, વાદળાંની નૃત્યરેખાઓ સફેદ રાખી, બાકીનાં વાદળાં લીલા રંગે રંગ્યાં છે, અને તે જ રંગ વર્તુલના અંદરના પટામાં પૂરી રંગ સમતોલન સાચવ્યું છે. પરંતુ અર્જુન અને ઉર્વશીનાં વસ્ત્રોની રેખા તથા વર્તુલમાંનાં ફૂલોની કિંમત તેમણે ગણી નથી એટલી ભૂલ કરી છે. એ ભૂલ, રૂપિયા બેનું બીજું ઈનામ લેનાર અમદાવાદનાં શ્વેતબાળા દેસાઇએ કરી નથી અને ઘણી કાળજીથી એ રેખાઓ સાચવી પાત્રો કાળા રંગે ભર્યાં છે, પણ પાછળનું આકાશ એક જ આસમાની પટથી રંગીને નૃત્યમાં સાથ આપે એવાં વાદળાંના પેલા ગુચ્છા તેમણે અવગણ્યા છે. એમની રંગોની પસંદગી પણ સારી નથી થઇ. એમની જ બરોબરનું ત્રીજું ઈનામ લેનાર ભાઈ ઉમિયાશંકર ઠાકર (આણંદ)ના કામમાં રંગની રૂચિરતા પ્રિય લાગે છે. પણ તેમણે કાળા રંગનો પ્રયોગ કરતાં થાપ ખાધી છે અને ચિત્રનું જોર ગુમાવ્યું છે. હરીફાઇમાંથી ઈનામો લેનારા તેમજ નહિ લેનારા ને બીજા વાચકો આટલી નોંધ પછી શ્રી કનુ દેસાઇનું મૂળ ચિત્ર તેના યોગ્ય ઉઠાવમાં વધુ કદરશનાસીથી જોશે એવી આશા છે

નિબંધલેખન હરીફાઇનું પરિણામ

આધુનિક દેશસ્થિતિનું 'સત્ય દિગ્દર્શન ને રંગીન માર્ગદર્શન' કરાવતા લેખ માટે 'કુમાર'ના ૯૧મા અંકમાં એક સજ્જન તરફથી જાહેર થએલા પચાસ રૂપિયાના ઇનામની હરીફાઇનું પરિણામ જણાવતાં તે ગૃહસ્થ લખે છે કે 'હરીફાઇ માટે સંપૂર્ણ સંતોષકારક નિબંધો મળ્યા નથી; છતાં જેમણે ભાગ લીધો છે તેમાંથી બ્હેન વિલાસિકા ભગવાનલાલ મહેતા (કાળુપુર-અમદાવાદ)નો નિબંધ ઇનામને પાત્ર ઠરે છે. એકે નિબંધ 'કુમાર'માં પ્રકટ કરવા જેવો નથી લાગ્યો.'

હું અને તું

· હીંચ ·

હું બનું સૂરજ ને તું બને ચાંદલો,
ચાલો આકાશમાં ઊગીએ જી રે;
દાખીને જગમાં તેજ તણો અંચળો,
દિવસ ને રજની પોષીએ જી રે.


હું બનું વાદળ ને તું બને વાદળી,
ચાલો આકાશને ભેટીએ જી રે;
વાયુના વાહને પૃથ્વી ઝબોળતાં,
વસુધાની તૃષા છીપીએ જી રે.

હું બનું તારલો ને તું બને તારલી,
દેવોના દ્વાર પર દીપીએ જી રે,
અંધારે આથડતા એકલા પથિકને,
નયનોનાં કિરણોએ દોરીએ જી રે.

હું બનું પાંખ ને તું બને પાંખડી:
બાગે ને વાડીએ વિહરીએ જી રે;
મારા ઉડ્ડયને, તારી સૌરભમાં,
ગગન ને ધરતી સમાવીએ જી રે.

હું બનું દીવો ને તું બને દીવડી:
ચાલો પ્રકાશને પ્રેરાવીએ જી રે,
ચૌદે બ્રહ્માંડનાં હૈયાં ઘેરાયલાં,
તેના તિમિરદુર્ગ તોડીએ જી રે.

તા. ૧૧-૧૦-૩૧ મોહિનીચન્દ્ર



આસો માસ આવ્યો. દિવાળીનો દિવસ આવ્યો. વ્રજમાં ઇંદ્રમહોત્સવની તૈયારી ઘેરઘેર ચાલી રહી છે.

કૃષ્ણ વાછરડાં ચારીને ઘેર આવ્યા છે. નંદજીને પૂછે છે: 'બાબા, આ દહીં તણાં દહીંથરાં ને ઘી તણાં ઘેબરાં'ની સુગંધ આવ્યા કરે છે, તે કંઇ મહોત્સવ થવાનો છે?'

નંદજી ભોળે ભાવે બોલ્યા: 'કેમ, તને ખબર નથી? એ તો ઇંદ્રદેવને અન્નકૂટ ધરવાનો છે. નવાં અન્ન પાક્યાં; નવાં નીર આવ્યાં; નવાં ઘાસ ઊગ્યા એટલે આપણે એમને પ્રસન્ન કરવા જોઇએ ને?'

કૃષ્ણ–ઉપેન્દ્રને ઇંદ્રનાં આ વખાણ ગમ્યાં નહિ. એ બોલ્યા: 'એમાં ઇંદ્રનો શું? એ તો રહ્યો સોંપ્યું કામ કરનાર. અન્નકૂટ ધરાય તો આપણા ગિરિરાજને ધરાય; કારણકે એના ઉપર આપણી ગાયો ચરે છે અને દહીં દૂધની છોળો ઊડે છે; ભાતભાતનાં ફળફૂલ ત્યાં થાય છે. વળી જળ તો યમુનાજી પાસ છે. માટે અન્નકૂટ ધરવો તો ગિરિરાજને.'

નાનાનાના ગોપ ત્યાં હતા તેમને શ્રી કૃષ્ણની આ સૂચનાથી ખૂબ આનંદ થયો. બાલકોને તો કંઇકંઇ નવું જોઇએ. પણ વૃદ્ધ ગોપ કંઇ એમ કબૂલ કરે? તેમણે વાટાઘાટ કરી. આખરે બધા વ્રજવાસી ગિરિરાજનો મહોત્સવ ઊજવવા તૈયાર થયા.

કાર્તકી પડવે ગિરિરાજ તથા ગાયોની પૂજા થઇ અને છપ્પન પ્રકારના ભોગનો અન્નકૂટ ધરાયો. બધાંને આ નવા મહોત્સવથી ખૂબ મજા પડી.

પણ ઇંદ્રને પોતાનો ભાગ ન મળે તે રીસે ન બળે? એણે તો બારે મેઘ મોકલી ગોકુળ બધું ડુબાડી દેવામાંડ્યું.

કૃષ્ણે બધાને કહ્યું: 'ચાલો ગિરિરાજની તળેટીમાં.' ગાયો, ગોપ તથા ગોપીઓ બધાં આવ્યાં. સાત દિવસ મૂસળધાર વૃષ્ટિ થઇ. પણ આખું યે ગોકુળ તો ગિરિરાજની તળેટીમાં નિર્ભય બેઠું છે.


કૃષ્ણે હાથ ઊંચો કરી ટચલી આંગળી ઊંચી કરી છે. જાણે ગોવર્ધન ઊંચક્યો ન હોય? ગોવાળો પોતાની ગેડીઓ ઊંચી કરે છે અને પર્વતને ટેકો દે છે.

આખરે ઇંદ્ર થાક્યો અને શરણે આવ્યો. ઇંદ્રનું દાપું બંધ કર્યું તેથી પહેલાં તો વૃદ્ધ ગોપ બહુ ગભરાયા અને પસ્તાયા. પણ કૃષ્ણે લાજ રાખી.

ગોકુળમાં બધું થાળે પડી ગયું. મોટા ગોપ ગાયો ચરાવે છે. નાના ગોપ વાછરડાં ચારે છે. વૃદ્ધ ગોપ બેઠાબેઠા દેખરેખ રાખે છે અને નિરાંતે વાતો કરે છે.

યમુનાની શીતળ લહેર વાઇ રહી છે. સોનેરી સૂર્ય પોતાનું પ્રતિબિંબ નદીમાં જોઈ મલકાય છે. સુંવાળી રેતીમાં કડિયાળી ડાંગ ખભે ટેકવી, પછેડીથી પગ બાંધી વૃદ્ધ ગોપ અંદરઅંદર વાતો કરી રહ્યા છે: 'અલ્યા, પેલા કૃષ્ણની હિંમત ભારે. પણ કહો ન કહો એ નંદનો બાલક ન હોય. કારણકે જુઓને, નંદજી ગોરા, જસોદાજી ગોરાં અને કૃષ્ણ તો ઘનસ્યામ. એટલે રૂપમાં મળતા આવતા નથી. વળી નંદે કોઇ દિવસ પથરો સરખો યે ઊંચક્યો નથી, જ્યારે આ બાલકે તો આવડો મોટો પર્વત તોળ્યો? બાલક કારમું જણાય છે. પણ એ બાલક નંદનો ન હોય. આપણે આ વાતનું પારખું જોવું જોઇએ.'

બધાએ ગોપ હા, હા, કહેનાક ને ઊઠ્યા. તેમને આ વાતમાં રસ પડ્યો હતો, એટલે એ તો આવ્યા નંદને ઘેર.



બાળ




નંદજી ગોવાળોના મુખી. એટલે પહેલાં તો બધા-એ અદબથી વાત કરી. 'નંદજી, તમે બડા ભાગ્ય-શાળી લાગો છો. તમારા કુળમાં આવું પરાક્રમ કર-નારો બીજો પાક્યો નથી. આટલા સાત વર્ષના બાળકે ગોકુળ રેલાતું રાખ્યું અને ગિરિરાજ ધાર્યો! અમને થાય છે કે આ બાલક કોણ હશે?'

નંદ જાણે છે કે આ બધા મારા કૃષ્ણનાં વખાણ કરવા આવ્યા છે. પણ ગોવાળીઆઓએ તો જુદી જ વાત છેડી. 'અમને તો એમ લાગે છે કે, નંદજી! કે કૃષ્ણ તમારો પુત્ર ન હોય! કાંઇ બાપદીકરા વચ્ચે આટલું બધું અંતર હોય?'

નંદને તો આ સાંભળી કંપારી આવી. ઘડપણમાં મને પુત્ર થયો તે આમનાથી વેઠાતું નથી તેથી ઇર્ષા-માં એ આમ બોલે છે. એમ તેમને ચોખ્ખું લાગ્યું.

નંદ બોલ્યા: "તમે જાણો જ છોને કે ગર્ગાચાર્ય આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે 'આ બાલક પુરુ-ષોત્તમ બનશે. પ્રભુના કોક અજાણ્યા અવતાર જેવો એ છે; પણ યુગબલથી એનો રંગ શ્યામ રહેશે.' એના જન્મથી મારે ઘેર દહીંદૂધની રેલમછેલ છે. આખું ગોકુળ આનંદમાં છે. કોકકોક ઉત્પાત થાય છે, પણ પ્રભુ આપણું રખવાળું કરે છે."



વાર્તા

નંદની પ્રત્યક્ષ નિંદા કરવા આવેલા ગોપ-થી વિશેષ કંઇ બો-લાયું નહિ. પણ હજી એમના મનનું સમા-ધાન થયું નહોતું. ત્યાં-થી ઊઠીને નંદ જેવા જ બીજા સમૃદ્ધિવાન ગોપ વૃષભાનુને ત્યાં જવા એ નીકળ્યા. તેમના મનમાં હતું કે એને પક્ષમાં લઇશું તો નંદને ઠીક ફજેત કરી શકાશે. જરૂર પડશે તો તેને ન્યાત બહાર પણ મૂકીશું.

વૃષભાનુને ત્યાં આવી ખબરઅંતર પૂછી પેલા વૃદ્ધ ગોપ બેઠા. વાતેવાતમાં નંદને ન્યાત બહાર મૂકવાની વાત ઉપાડી. પણ વૃષભાનુએ તેમને બોલતા અટકાવ્યા. એ બોલ્યા: "ભાઇ, મારે ત્યાં પણ ગર્ગાચાર્ય આવ્યા હતા. તેમણે પણ રાધાની જન્મકુંડળી જોઇને ભવિષ્ય ભાખ્યું હતું કે 'નંદને ઘેર જેમ કૃષ્ણ ઇશ્વરાવતાર જન્મ્યા છે, તેમ તમારે ઘેર રાધિકા સાક્ષાત લક્ષ્મી આવી છે.' ગુરુદેવ કાંઇ ખોટું બોલે?"

નંદના વચનને આવી અણધારી પુષ્ટિ મળી એટલે વૃદ્ધ ગોપ એકબીજાના મોં સામું જોવા મંડ્યા.

વૃષભાનુએ તેમને મીઠો ઠપકો દીધો: 'ભાઇઓ, તમે શું કામ આવો ખોટો તર્ક કરો છો? છતાં તમારૂં મન ન માનતું હોય તો લાવો આપણે તેનું પારખું લઇએ. મારી રાધાનો વિવાહ જાણે કૃષ્ણ સાથે કરવો છે એમ કહેવડાવીએ અને ત્યાં ચાંલ્લા તરીકે કંકુ કંકાવટી સાથે મોતીની ચાર માળા મોક-લાવીએ. આપણે કહેવડાવીશું કે જો વિવાહ કબૂલ હોય તો આવી બીજી ચાર માળા ઉમેરીને રાધાને માટે મોકલાવજો. પછી થયું? જે હશે તે બહાર આવશે.'

બધાએ આ સૂચનાને વધાવી લીધી. તત્કાલ ગૉરને બોલાવવામાં આવ્યો. ગૉર કૃષ્ણને વિવાહના ચાંલ્લા કરવા ચાલ્યો.

ગૉર મલકાતે મોંએ ચાલે છે. એક હાથમાં કંકાવટી છે. બીજા હાથમાં મોતીનો થાળ છે. તે લઇ ધીમેધીમે એ જાય છે. રસ્તામાં કુતૂહલપ્રિય ગોવાલણીઓ તેમને



કારણ પૂછે છે. કેટલાંક છોકરાં યે તેમને કારણ પૂછતાં સાથે થાય છે. તેમને ખસેડતો ખસેડતો ગૉર નંદજીના નેસડા પાસે આવી પહોંચે છે.

નંદે ગૉરને દૂરથી જોયા, પણ કંઇ કળી શક્યા નહિ. જ્યારે એને પોતાના આંગણામાં પગ મૂકતો જોયો ત્યારે એમને કંઇક સમજ પડવા માંડી.

ગૉરનું મોં હસુંહસું થઇ રહ્યું હતું. એણે આવીને વધામણી ખાધીઃ 'નંદજી, તમારા કૃષ્ણને બોલાવો, હું એને વિવાહના ચાંલ્લા કરવા આવ્યો છું.'

જીવનને આરે આવેલા નંદનો આનંદ તો હૈયામાં માતો નથી. ઘડપણમાં બાલક શો ? તેના વિવાહનું ટાણું શું ? એ તો પોતાને ધન્ય ધન્ય માનવા લાગ્યા. હરખમાં કોના ઘરનું માગું છે એ પૂછવાનું પણ એ ભૂલી ગયા.

ભાન પાછું આવતાં એમણે ગૉરને પૂછ્યું, 'પણ કહો તો ખરા, કોને ઘેરથી આવો છો ?'

ગૉર બોલ્યોઃ 'વૃષભાણને ત્યાંથી આવવું થયું છે. એમણે એમની રાધાને માટે વિવાહ કરવા મને મોકલ્યો છે. ચાંલ્લામાં આ ચાર મોતીની માળા મોકલી છે અને કહેવડાવ્યું છે કે વિવાહ કબૂલ હોય તો મારી રાધાને માટે બીજી ચાર માળા ઉમેરીને મોકલજો.'

જસોદાજી ઘરમાં કામમાં હતાં. તે આ ઘડીએ આવી પહોંચ્યાં. પણ આ બધું શું થાય છે તે એમની આંખે કહ્યું ન કર્યું. તેમની વત્સલ આંખોમાંથી હર્ષાશ્રુની ધારા ચાલી રહી છે. અત્યારે એમનો ગૃહસ્થાશ્રમ ધન્ય થવાની વાત ચાલતી હતી. વહુને ઘેર લાવવામાં કઈ સાસુને ઉમળકો ન આવે ?

ગૉરનાં વાક્ય સાંભળતાં જાણે એમના ગાલમાં અમૃતના શેરડા પડ્યા. પણ ગોરે કહેલી છેલ્લી શરત સાંભળતાં એમનો એ આનંદ પલકવારમાં ઊડી ગયો.

સમ ખાવાને પણ ઘરમાં મોતી ન મળે તો આઠઆઠ માળાઓ લાવવી ક્યાંથી ? હા, ચણોઠીની માળાઓ માગત તો થોકબંધ મોકલત. નંદ તથા જસોદા બંને વિમાસણમાં પડ્યાં.

નંદ તથા જસોદા બીજા ખંડમાં ગયાં. નંદે વાત કરવા માંડીઃ 'આ તો અણસરજી પીડા આવી હા કહેતાં હોઠ કપાય છે. ના કહેતાં નાક કપાવા જેવું થાય છે. ઘેર બેઠે માગું આવ્યું તેની હા પડાય તેમ નથી; તેને પાછું ઠેલતાં જીવ ચાલતો નથી. ત્યારે કરવું શું ?' નંદે પોતાની મૂંઝવણ બતાવી.

જસોદાએ ટાપશી પૂરી કે "વૃષભાણને ચાંલ્લા કરવા જ છે ત્યારે આટલી અઘરી શરત શું કામ કરતા હશે ? એ કંઇ જાણતા નથી કે—

'નંદજીને ઘેર નવ લખ દૂઝે
વલોણાની* ગોળિયું ઊભરે રે લોલ'

આપણું ધન એ આપણી નવ લખ ગાયોનું ધણ: બીજું શું હોય ? મનભર માખણ માગે તો તે દેવાય, ગાયો માગે તો ગાયો દેવાય, પણ મોતી લાવવાં ક્યાંથી?"

છેલ્લી અવસ્થામાં પુત્ર વિવાહની આવેલી તક જેમતેમ કરી સાચવી લેવાય છે. એની ઘડભાંગ બંને કરી રહ્યાં છે. એટલામાં વાછરડાં દોડાવતા કૃષ્ણ આવી પહોંચ્યા. તેમને આમાંના કશાની ક્યાંથી ખબર હોય ? છતાં લીલાઓ બતાવવા જ જેમણે અવતાર લીધો હતો તેમને પ્રસંગ સમજતાં વાર લાગી નહિ.

બાલકૃષ્ણે તો રમતમાં ને રમતમાં થાળમાંથી એક મોતીની સેર ઉપાડી. આ વખતે તેમના તરફ કોઇનું પણ ધ્યાન નહોતું. કૃષ્ણ તો સેર લઇને સીધા યમુનાજીને કાંઠે દોડી આવ્યા. એક ખેતરમાં જઈ મોતીની

* મૂળ ગીતઃ વેણું વાજે રે લોલ.

સેર તોડી નાખી, અને મોતી બધે વેરાઇ ગયાં.

પ્રભુની અઘટિત ઘટના તે થોડીક વારમાં એ મોતીના તો છોડ ઊગ્યા છે, ખેતરની ભૂમિ સુવર્ણમય બની ગઇ છે. લીલા પન્નાનાં તો પાંદડાં ફૂટ્યાં છે, હીરા-માણેકનાં ફૂલ થયાં છે ને ડાળેડાળે મોતીનાં લૂમખે લૂમખાં લટકી રહ્યાં છે. જાણે લીલી દ્રાક્ષનું જ ખેતર!

ઘેર નંદ જસોદાજીની મૂંઝવણનો પાર આવતો નથી. આખરે ગૉરે તેમને ભાનમાં આણ્યાં. તેણે ઉતાવળ કરાવી. એ ગાજીને બોલ્યો: 'જે તે ઉત્તર દઇ દ્યો: જેથી વિવાહની ઘડી વટી ન જાય.'

નંદજી પડી ગએલે મોંએ બહાર આવ્યા. પાછળ જસોદાજી આવ્યાં. તેમણે નિર્ણય કરી લીધો હતો: 'દહીં રહે ને દો'ણી પણ રહે' તેમ કરવાનું એમણે ઠરાવ્યું હતું. બંને જણે બની શકે તેટલા વિનયથી કહ્યું: "જુઓને, તમને ચાંલ્લો કરવા મોકલ્યા તે માટે વૃષભાણજીનો અમારા તરફથી પાડ માનજો. પણ અમારા કૃષ્ણને એક બાધા ઊતરાવવાની બાકી છે તેવી તે થતાં પહેલાં અમારાથી હા કેવી રીતે પડાય? એટલે એમને કહેજો કે હમણાં શી ઉતાવળ છે? હજી તો—

'સાત બરસકો કુંવર કનાઇ આઠ બરસ રાધા ગોરી—
ચાલો બરસાને ખેલે હોરી'

એમ ગોપીઓ ગાય છે. એટલે આ એમનો મોતીનો થાળ તપાસી લ્યો."

આમ બોલીને જ્યાં મોતીના થાળમાંથી માળાઓ ઉપાડીને ગણી જુએ છે તો એક માળા ઓછી! જસોદાજીને તો ઊંડો ધ્રાસકો પડ્યો. જેમતેમ કરી માન રાખવા જઇએ છીએ ત્યાં વળી આ આપત્તિ ક્યાંથી?' નંદ પણ હાંફળાફાંફળા બની ગયા. ટોળે મળેલાં ગોપીજન તથા બાલકો આ ઘટના જોઇ દિલગીર થયાં. કૃષ્ણના ઘરની ચેષ્ટા તો થાય કે જોવાય જ કેમ?

એટલામાં મોતી ઊગાડીને આનંદમાં આવી ગએલા કૃષ્ણ ત્યાં આવી ચડ્યા. શેની બોલાબોલ થઇ રહી છે તેની તો એમને ખબર જ હતી. ઝટ એમનો હાથ ઝાલી જસોદાજી ધમકાવવા લાગ્યાં: 'અલ્યા કૃષ્ણ, આમાંથી મોતીની માળા તેં લીધી છે?'

કૃષ્ણે કહ્યું: 'મને પૂછતાં કેમ નથી? એ તો મેં ખેતરમાં લઇ જઇને એનાં મોતીનાં વાવેતર કર્યાં છે.'

બાલકની નિર્દોષતાને લીધે નંદનો ક્રોધ ઊતરી ગયો. એ બોલ્યા: 'ગાંડા, મોતી તે વળી ખેતરમાં વવાતાં હશે? એ તો દરિયામાં પાકે. તેં માળા ક્યાં નાખી દીધી?'

કૃષ્ણે કહ્યું, 'મેં માળા નાખી દીધી નથી. એ તો એકમાંથી હજાર મોતી કરવાને માટે મેં તેને ખેતરમાં વેરી નાખી છે. અને છેને, તે ખેતરમાં મોતી ઊગ્યાં પણ છે. ચાલો મારી સાથે, હું તમને બતાવું.'

વૃદ્ધ નંદજી ઘેલા બાલકની પાછળ ઘેલાં કાઢતા ચાલ્યા. એમને કૃષ્ણની મૂર્ખાઇ વસી નહિ. આગળ કૃષ્ણ ને પાછળ નંદજી તથા થોડાંક કૌતુકપ્રિય બાલકો ચાલવા લાગ્યાં.

દૂરથી આંગળી કરીને કૃષ્ણે હરખાતેહરખાતે પોતાનું ખેતર બતાવ્યું. પાસે જઇને જુએ છે તો ખરેખાત, મોતીના તો માણસપૂર માણસપૂર જેવડા છોડ ઊગ્યા છે! લીલા કુંજાગાર ખેતરમાં આમળાં આમળાં જેવડાં મોતીની લૂમો લહેરાં લઇ રહી છે. સૂર્યના ઊતરતા તાપથી આખું ખેતર ચળકાટ મારી રહ્યું છે.

નંદજીનો હરખ તે કાંઇ હરખ જેવડો? એમને તો પ્રભુલીલાનાં જ જાણે સાક્ષાત દર્શન થયાં. ઘડી પછી સંસારની માયા તેમને સાંભરી આવી. હવે એમના પગમાં જોર આવ્યું હતું. એમની છાતી હર્ષમાં ગજગજ ઊંચી આવી હતી.

'હવે મોતીની શી ખોટ છે? વૃષભાણને ઘેર આઠ માળા તો શું પણ 'થાળ ભરી શગ મોતીએ' મોકલી શકાશે અને વિવાહ ટાળવો નહિ પડે. ચાલો, આપણે ખોબેખોબા ભરી લઇએ.'

માળી જેમ ફૂલ ચૂંટતો હોય તેમ નંદે મોતી વડે ખોબો ભરી લીધો. વૃષભાણને આપવા જેટલાં મોતી થયાં એટલે ઉતાવળા ઉતાવળા જસોદાજીને બતાવવા એ દોડ્યા.

શ્વાસભર્યા નંદજીનો ઉમંગ તો માતો નથી. હરખાતે હરખાતે જસોદાને બધી અદ્ભુત વાત તેમણે કરી: 'જુઓને, આ નવાઇ જેવી વાત! આપણા ખેતરમાં તો મોતી પાક્યાં અને તેની યે લૂમેલૂમો! આ હું લઇ આવ્યો.'

જસોદાને પણ આ જોઇ ખાનદાનીનો ગર્વ થઇ આવ્યો. તેમણે ગૉરને કહ્યું 'વૃષભાણને કહીએ તમે હાર મોકલ્યા તો અમે મોતીભર્યા થાળ મોકલીએ છીએ. અમારે વિવાહ કબૂલ છે. ભલે, ચાંલ્લા થવા દ્યો.'

થડીક વારમાં બાજી પલટાઇ ગઇ. ગૅારે કૃષ્ણને ચાંલ્લા કર્યો. માબાપનાં થડપણ આજે ધન્ય થયાં.

આખા વ્રજમાં અને ગોકુળની ગલીએગલીએ કૃષ્ણ-ના વિવાહની વાત ચાલી રહી છે. ઘેરેઘેર એક જ વાત થઈ રહી છે કે કૃષ્ણે મોતીનાં ખેતર વાવ્યાં છે. એટલામાં કોઇ સમાચાર લાવ્યું કે 'મોતીનાં ખેતર તો લૂંટાય છે. સૌકોઇને તે લઇ આવવાની છૂટછે.'

બધા વ્રજવાસીઓ મોતી લેવા દોડ્યા. એમાં તે કોઇ કાંઇ પાછી પાની કરે ? સૌને કાંઇ ને કાંઈ મળ્યું. અન્નકૂટ મહોત્સવ પછી આજના બીજા ભારે ઉત્સવે ગોકુળને ઘેલું બનાવી મૂકયું.

ગૅારને મોતીના થાળ લેવડાવી આવતા જોઇ શું બન્યું તે જાણવા સૌ એકેપગે થઇ ગયા. બધી વાત જાણીને વૃષભાનુને પહેલાં ગર્ગાચાર્યની વાણીમાં જે ભરોસો હતો તેમાં હવે પૂરી શ્રદ્ધા બેઠી. વૃદ્ધ ગોપ લોકોની ચેષ્ટાને તથા નિંદાને હવે કોણ સાંભળી રહે ?

વૃષભાનુએ તેમને મોતીના થાળ બતાવ્યા. ગરીબ દેખાતા નંદજી કેટલા બધા ખાનદાન છે એમ એમણે સગર્વ કહી બતાવ્યું. 'પોતાને ઘેર મોતીના થોકેથોક છતાં એમણે બડાઇ મારી છે?' એ પેલા વૃદ્ધને પૂછી રહ્યા.

વૃદ્ધોને કાને મોતી લૂંટાયાની વાત પણ આવ્યા વગર ન રહી. બીજું આડુંઅવળું પૂછવાને બદલે તે પણ ખેતર તરફ જવા નીકળ્યા. પણ એમ કાંઇ શ્રદ્ધાનાં મોતી જેનેતેને માટે ઓછાં છે ? તેમને તો ખેતર જેવું ખેતર દેખાયું. ધરતીમાં ચાસ પડેલા છે. શીઆળુ ઓરણીને હજી વાર છે. પગરવથી પાસેની માટી ખૂંદાઈ છે. પણ તે સિવાય એમની કલહપ્રિય આંખોને કંઇ દેખાયું નહિ.

મનમાં મૂંઝાતા એ પાછા ફર્યા નંદજીની નિંદા કરવી પડતી મૂકી. અને નંદજીના વેવાઇ વૃષભાણજીને ત્યાં પુત્રી–વિવાહને લીધે ખુશી થવા આવ્યા.

ગોકુળની ગોવાલણીઓ ગુંજાના હાર ભેગી નવાં મોતીની માળાઓ ઉમંગભેર લટકાવે છે, અને તેવ-તેવડી ટોળે મળી યમુનાજીનાં જળ ઝીલવા સંચરે છે.

માથે પાણીની હેલ લે છે. પાણીશેરડે ચાલતાંચાલતાં 'મોતીનાં વાવેતરનું' ગીત ગવડાવે છે અને બધાં ઝીલે છે. ગોકુળની શેરીઓ એ ગીતની હલકથી ગાજી ઊઠે છે:

(ઢાળ : 'શેરી વળાવી સજ કરું, ઘેર આવોને')

જળ રે યમુનાનાં ઝીલતાં, સુણો શામળીઆ !
મને મોતીડું લાગ્યું હાથ, નંદજીના નાનડીઆ !
ગાડે કરીને મોતી આણિયું, સુણો શામળીઆ !
'માતા, પાડો મોતીડાના ભાગ.' નંદજીના નાનડીઆ !
'એક મોતીમા શું વ્હેંચીએ, સુણો શામળીઆ !
'મોતી વાવ્યે ઘણેરાં થાય.' નંદજીના નાનડીઆ !
યમુનાને કાંઠે ક્યારો રોપિયો, સુણો શામળીઆ !
માંહી વાવ્યો મોતીડાંનો છોડ, નંદજીના નાનડીઆ !
એક મોતી ને બબ્બે પાંદડાં, સુણો શામળીઆ !
મોતી ફાલ્યાં છે લચકાલોળ, નંદજીના નાનડીઆ !
એક ડાળ્ય ને બીજી ડાળખી, સુણો શામળીઆ !
વચલી ડાળ્યે મોતીડાંની લૂમ, નંદજીના નાનડીઆ !
થાળ ભરીને મોતી વેડીઆં, સુણો શામળીઆ !
'માતા ! પાડો મોતીડાંનો ભાગ.' નંદજીના નાનડીઆ !
કોઇને ચપટી, કોઇને ચાંગળું, સુણો શામળીઆ !
રાણી રાધાજીને નવસર હાર, નંદજીના નાનડીઆ !'

આ ગીત આપણી ગુજરાતણો પણ આજે ગરબે ઘૂમતાં ગાય છે અને ગવડાવે છે.

શ્રીમતીબાલા મજમુદાર



શોભનચિત્રો આલેખનાર : રહીશ્વર શુક્લ

નોંધ: આ કથાનું મૂળ ગર્ગસંહિતામાં છે. 'ગર્ગસંહિતા'ના ગિરિરાજખંડમાં 'ગોપવિવાદ' નામે પાંચમા અધ્યાયના ૩૯ શ્લોકમાં ગિરિરાજ ધારનાર શ્રી કૃષ્ણના અસાધારણ પરાક્રમને લીધે શંકાનો પ્રસંગ, તથા હરિપરીક્ષણ નામે છઠ્ઠા અધ્યાયના ૩૭ શ્લોકમાં શ્રી કૃષ્ણનું ઐશ્વર્ય બતાવનાર મોતીનાં વાવેતરનો પ્રસંગ વર્ણવેલો છે. જ્યાં મુક્તાક્ષેપ કર્યો તે મુક્તા સરોવર કહેવાયું એમ વિશેષ હકીકત છે. તે અસલ સંસ્કૃત મૂળનો પડઘો પાડતું આપણું ગુજરાતી લોકગીત તે દૃષ્ટિએ મહત્ત્વનું છે.

આ વાર્તા, કોણ જાણે કયે માર્ગે પરદેશની મુસાફરી કરી આવી તે જાણવામાં આવ્યું નથી. પરંતુ ગિ. રૉબર્ટ કાલ્વર્લી ટ્રૅવેલિયને (જન્મ સને ૧૮૭૨) અંગ્રેજીમાં 'The Pearl Tree' નામે એક નાટિકા લખી છે. તેનો ભાવગ્રાહી અનુવાદ શ્રી ચન્દ્રવદન ચીમનલાલ મહેતાએ 'પ્રેમનું મોતી' નામથી કૌમુદી ૧૯૮૨ના ચૈત્ર અંકમાં આપ્યો છે. તે વાંચતાં આપણને થાય છે કે 'પરદેશી કવિ પણ સમભાવશાળી હોય ત્યારે કલ્પનાભાવથી આર્ય સંસ્કારના તત્ત્વને કેટલું બધું ઝીલી શકે છે.' (વિજયરાય વૈદ્ય)

આ નાટિકામાં મોતી વાવ્યાનો પ્રસંગ એવી રીતે ઉત્પન્ન થાય છે કે સખા ગાયો ચરાવવા જાય છે ત્યાં સુ (શ્રી?)દામા ગાયોના ધણને ઉદ્દેશીને બોલે છે કે:

સુદામા: આ ગાયો કેવી ગજેની દેખાય છે. પણ ઘરેણાં વગર શોભતી નથી.

બલરામ: એને ડોકે એકેકી મોતીની કંઠી હોય તો?

બલરામ: પણ એ મોતી મેળવવાં ક્યાંથી? એનાં શું કાંઇ ઝાડ ઊગતાં હશે?

સુદામા: એ કાંઇ પથ્થર એછાં જ છે? જરૂર એ ક્યાંય પણ ઊગતાં જ હશે. નહિ તો આ બધી છોકરીઓ ક્યાંથી લાવીને પહેરે?

બલરામ: અરે એ લોકો તો મેળામાંથી વેચાતાં લાવે છે.

સુદામા: હા, પણ વેચનાર પણ ક્યાંકથી લાવતો હશેને? ખરે, કૃષ્ણ અહીં હોત તો જરૂર મોતી લાવી આપત.

[એટલામાં કૃષ્ણ ઘેરથી રીસાઇ આવીને સંતાઈ ગયા હોય છે તે આવી પહોંચે છે. સુદામાને રાધા કને મોકલે છે અને સંદેશો કહાવે છે કે 'જા, મારૂં નામ દઇને કહેજે કે કૃષ્ણને એક મોતીની જરૂર છે. જો, મોતી લાવ; પછી આપણે એ વાવશું અને એમાંથી હજારો પેદા કરશું અને આપણી ગાયો શણગારીશું . . . . રાધાને કહેજે કે એના બદલામાં અનેકગણાં મોતી એને મળશે.'

સુદામા, સખીઓથી વીંટાએલી રાધા પાસે આવી પહોંચે છે. સખીઓ કૃષ્ણનું નામ સંભારીસંભારી રાધાને ચીડવતી હોય છે.

સુદામા: રાધા, કૃષ્ણે તારી પાસેથી એક મોતી માગ્યું છે.

લલિતા: લે, વળી એને મોતીનું શું કામ પડ્યું?

સુદામા: એ મોતી એને વાવવું છે; અને એમાંથી મોતીનું ઝાડ ઊગાડી પુષ્કળ મોતીથી અમારી ગાયો શણગારવી છે.

સખીઓ: મોતીનું ઝાડ! (હસે છે.)

સુદામા: એ તને પૂરતો બદલો પણ વાળી આપશે.

રાધા: જા! જા! પાછો જા! અને કહેજે તારા કૃષ્ણને કે મોતી તો છીપોલીમાં પાકે, ઝાડ પર નહિ. અને એ કાંઇ તમારા વૃંદાવનમાં ઊભરાતાં ફૂલ જેટલાં સોંઘાં નથી. કહેજે એને કે વર્ષમાં એક વાર સ્વાતિ નક્ષત્રમાં કોઈ અદ્ભુત જળબિંદુ છીપોલીમાં પડે છે, અને તેનું મોતી બંધાય છે, અને તે, તારાઓ જીવને જોખમે પાણીમાંથી બહાર લાવે છે. એ કાંઈ તમારાં ચંપાનાં ફૂલ ન જોયાં! અને તમને ગોવાળિયાઓને પણ શાં ઘેલાં લાગ્યાં છે. મોતીથી ગાયો શણગારવી છે! મોટા કુબેર ભંડારીઓ! જાણે મોટા રાજાના કુંવરો!

[સુદામો ઝંખવાણો પડીને જતો રહે છે.]

સુદામા મિત્રો પાસે આવી બધી વાત કહે છે. એટલામાં જસોદા કૃષ્ણને મનાવવા આવી ચડે છે. કૃષ્ણ કહે છે, 'મને એક વસ્તુ આપો તો મનાઉં.' જસોદા પાસે એક મોતી માગ્યું. વત્સલ માએ ત્યાં ને ત્યાં તે ગળામાંથી તોડી આપ્યું. અને બોલ્યાં:

જસોદા: લે બાપુ લે, પણ એને કરીશ શું?

કૃષ્ણ: એ તો તું હણમાં જ જાણીશ. (કૃષ્ણે ત્યાં ને ત્યાં મોતી ધૂળમાં દાટી દીધું.)

જસોદા: અરે, આ શું કર્યું? મારૂં મોતી ધૂળમાં દાટ્યું? મશ્કરી કરે છે કે શું?

[આ વખતે રાધાની સખી લલિતા છાનીમાની સંતાઇને જોયા કરતી હોય છે. કૃષ્ણે વાંસળી વગાડવા માંડી—મદારી આંબો ઊગાડતાં મહુઅર વગાડે છે તેમ;—અને મદારી ગોટલી વાવી તેમાંથી જેમ ધીમેધીમે આંબો ઊગતો બતાવે છે તેમ મોતીના ઝાડનું વર્ણન કર્યું છે. પહેલું કંઇક ચળકે છે, પછી બે વેંતનો છોડ થાય છે અને ચાર, છ, આઠ પાંદડાં દેખાય છે. એટલામાં મોતી પણ આવ્યાં. પછી તેમાંથી ફાલીને ઝાડ થયું; ખીલ્યું અને વધ્યું બધે મોતી જ મોતી!]

કૃષ્ણ: (એક મોતી તોડીને) મા, આ તારૂં મોતી પાછું.

જસોદા: બેટા! . . . .

કૃષ્ણ:—ને આટલાં તારાં ઘરેણાં માટે.

ગોવાળો: ચાલો બે ચાલો, આપણે પણ લૂંટીએ અને માળાઓ ગૂંથીએ; અને ગાયોને પહેરાવીએ. [છોકરાઓ ખોબલે ખોબલે મોતી લૂંટે છે લલિતા દોડતી દોડતી રાધાને જઇને બધી વાત કરે છે. રાધા કહે છે એ બધી ખોટી વાત. લલિતાએ કહ્યું, 'ખોટું કહેતી હોઉં તો જોજે હમણાં ગાયો ઘર તરફ જાય ત્યારે.' રાધાનું કુતૂહલ હવે વધે છે. એ મનમાંથી પસ્તાય છે પણ ખરી મોતીનું ઝાડ નજરોનજર જોવા એ યમુનાતટે આવી પહોંચે છે. પણ ઝાડ તો અલોપ થઈ ગયું હતું. એને

ખૂબ પસ્તાવો થાય છે. કૃષ્ણને ન સમજ્યાં અને ઊલટા તરછોડ્યા તે માટે એ માફી માગવા લાગી. એ બોલી:]

રાધા: હું ભૂલી, ભૂલી: મારા કનૈયા! મને માફ કર.


રાધાને એટલામાં કંઇક ચળકતું દેખાવા માંડે છે. મોતીનું ઝાડ જ એ જુએ છે. મોતીના ઝરૂખા અને મોતીના મહેલ. અને વાટે વેરેલા મોતીના થાળ એને દેખાય છે. . . પણ કૃષ્ણ ક્યાં? હવે કૃષ્ણે તેનો સંપૂર્ણ ગર્વ ગળી નાખ્યો હતો. રાધા ખૂબ આક્રંદ કરે છે. કૃષ્ણ એકાએક દર્શન દે છે એટલે રાધા, મોતીની કંઠમાળા એકદમ કૃષ્ણના હાથમાં મૂકે છે.

કૃષ્ણ રહેવા દે, તારાં મોતી તારી પાસે રહેવા દે. મારે હવે એ મોતીની જરૂર નથી. હવે મને તારા પ્રેમનું જીવંત મોતી મળ્યું છે. હવે એ મારૂં છે.

આ પ્રમાણે 'The Pearl Tree'માં મોતીનું ઝાડ ઉગાડ્યાનો પ્રસંગ ગૂંથીને નાટકકારે વિસ્તારેલો છે. તેમાં અદ્‌ભુતરસ ભારોભાર ભરેલો છે. આપણી 'મોતીનાં વાવેતર'ની પૌરાણિક વાત સાથે આનું સામ્ય બતાવવા પૂરતી આ પરિચય-નોંધ લેતી છે જે વાંચકોને ઉપકારક થશે

મંજુલાલ મજમુદાર

શ્વેત રત્ન



પર્વતનાં શૃંગો પર આથમતા સૂર્યનાં કિરણો હજી પથરાતાં હતાં. તળેટીમાં દેવદાર નામનું ગામડું હતું. ગામમાં નંદાદેવીનું પુરાણું ને પ્રખ્યાત મંદિર હતું. દૂર તરંગવતી સરયૂ કલ્લોલતી વહતી હતી.

આજે નંદાદેવીનો મેળો ભરાયો હતો. પુરુષ, સ્ત્રી ને બાળકોની ત્યાં મેદની જામી હતી. કોઇ આનંદથી નૃત્ય કરતાં હતાં, કોઇ ભજનો ગાતાં હતાં, એક ઠેકાણે થોડાક નાના છોકરાઓ કંઇક ખોદતા હતા તેને વીંટળાઈને કેટલાક લોકો ઊભા હતા. કુતૂહલ થતાં હું ત્યાં ગયો.

દેવળનાં ખંડિયેરોમાં એ બાળકોને ખોદતાં જોઇ મેં આશ્ચર્યથી પૂછ્યું: 'અલ્યા, અહીં કેમ ખોદો છો?'

સૌથી નાના છોકરાએ ખોદતાંખોદતાં જવાબ દીધો 'ઇંદ્રે પૃથ્વીપાલને અહીં દાટ્યો ત્યારે તેની સાથે એક મોટો ધોળો હીરો અહીં દટાયોછે તે અમે શોધીએ છીએ.' એ પૃથ્વીપાલની વાત પૂછતાં તેણે આમ કહી:

"કેટલાં યે વર્ષો પહેલાં, જ્યારે અહીંઆ નાનું ગામડું યે નહોતું એ વખતમાં, આ નદીની પાસે ઝૂંપડું બાંધીને એક ડોશી અને એનો છોકરો રહેતાં હતાં. કાળી મહેનતે તેઓ ખરાબામાં મોલાત ઊગાડતાં અને પેટનો ગુજારો કરતાં. પણ મનનાં એવાં અમીર કે કોઇની પાસે હાથ લાંબો ન કરે. એથી છોકરો અરધો ભૂખ્યો અને અરધો નગ્નાવસ્થામાં ઊછરીને મોટો થયો.

એક વખત ભયંકર દુકાળ પડ્યો. જે વાવ્યું હતું તે યે બળી ગયું. શિયાળામાં થોડુંક અનાજ સંઘર્યું હતું તે ખાઈ ખુટાડ્યું અને હવે ભૂખમરો શરૂ થયો. ડોશી બિચારી ભૂખે મરી ગઇ. મરતાં પહેલાં તેણે પૃથ્વીપાલને પાસે બોલાવ્યો અને કહ્યું: 'બેટા! મારો અંતકાળ હવે પાસે આવ્યો છે. મરતી વખતે મારે તને એક છેલ્લી વાત કહી દેવી છે. આ હૈયામાં ઘણાં યે વરસથી મેં તે દાબી રાખી હતી. જો સાંભળ:

'રામગંગાને સામે કાંઠે એક મહાપ્રતાપી ચંદ્રવંશી રાજા રાજ્ય કરતો હતો. એ બધાનો માનીતો હતો. તે જુવાનીમાં મરણ પામ્યો, એટલે તેનો નાનો ભાઇ ગાદીએ બેઠો. તેણે પોતાના મોટા ભાઇની રાણીને પોતાની સાથે પરણવાનું કહ્યું. પણ રાણી ગર્ભવતી હતી અને રાજાની સાથે તેને બહુ જ સ્નેહ, એટલે તેણે પરણવાની ચોકખી ના પાડી. આથી નવા રાજાએ પોતાનાં બધાં માણસોને રાણીની વિરુદ્ધ ઉશ્કેર્યાં. રાણીને વનમાં કાઢી મૂકી અને પોતે ગાદી બથાવી પડ્યો.

રાણી ઘણા યે દિવસો સુધી પર્વતની ખીણોમાં રખડીને જંગલનાં ફળફૂલ ઉપર નિર્વાહ કરવા લાગી. એક દિવસ તે અચેતન અવસ્થામાં તરતના અવતરેલા બાળક સાથે પડેલી એક ગામડિયાના જોવામાં આવી. લોકો તેને નજીકના ગામમાં લાવ્યા અને સરયૂને કાંઠે એક ઝૂંપડું બાંધી તેમાં રાખી. જરા સાજી થતાં ખરાબો ખેડીને તે જીવન વીતાવવા લાગી. પણ તેનું હૈયું તો તેના દીકરાનો હક્ક માર્યો ગયેલો તેથી સદા યે બળતું.'

ડોશી થોડી વાર થાક ખાવા અટકી.

'પછી શું થયું મા? અને એ અત્યારે ક્યાં છે?'

'મારી પાસે આવ, બેટા.' કહી પૃથ્વીપાલનું માથું પાસે લઇ, સૂંઘી તેણે કહ્યું: 'તું જ એ બાળક છે.'

અને પછી તે રાણી મરણ પામી.

એ જ રાત્રે ચીંથરેહાલ સ્થિતિમાં અને ભૂખ્યા પેટે પૃથ્વીપાલે ઝૂંપડી છોડી.

બરફની ઝડી વરસતી હતી; પવન જોશભેર ફૂંકાતો હતો; પણ બહારના આ દુઃખની જરાયે દરકાર કર્યા વગર પૃથ્વીપાલ દૂર અને દૂર ચાલ્યો જતો હતો પછી તો રસ્તામાં તેને ભૂખે અંધારાં આવવા લાગ્યાં. થાકથી પગમાં ચેતન રહ્યું નહિ અને ટાઢથી અચેતન બની તે પૃથ્વી પર ઢળી પડ્યો.

પૃથ્વીપાલની આવી કરુણ દશા જોઇ દયાની દેવી અન્નપૂર્ણાને કરુણા પ્રકટી. તેણે પૃથ્વીપાલની પાસે આવીને તેને પોતાની હૂંફાળી ગોદમાં લીધો. દેવીએ પોતાના હાથે તેને ખવડાવ્યું. અનેક દિવસોથી સહેલું ભૂખનું દુઃખ એ ભૂલી ગયો. દેવીએ તેના શરીરે કોમળ અમૃત વર્ષાવતો હાથ ફેરવ્યો અને તે ગાઢ નિદ્રામાં પડ્યો.



દેવીના ખોળામાં પડ્યાંપડ્યાં તેને પોતાના કપાળ સાથે કશુંક અથડાતું લાગ્યું. તેણે હાથ ફેરવીને જોયું તો દેવીના ગળામાં લટકતો એક મોટો હીરો જણાયો. ઇંદ્રે આ હીરો દેવીને ભેટ આપેલો. પૃથ્વીપાલને થયું 'આ હીરો હું લઇ લઉં તો મારી ભવની ભૂખ જાય.' લલચાઇને તેણે કંઠીની ગાંઠ શોધી કાઢી ધીમેથી છોડી લીધો. દેવીથી શું અજાણ્યું રહે? પણ તેમણે અપાર કરુણાથી તે રત્ન તેને લેવા દીધું.

પૃથ્વીપાલ જાગ્યો ત્યારે તેને બધું સ્વપ્ન જેવું લાગ્યું. તે બરફથી ઢંકાએલી ગિરિનિજોડીમાં પડ્યો હતો. કુદરત તાંડવ ખેલી રહી હતી. વીજળીનો ચમકાર થયો અને પૃથ્વીપાલે પોતાના હાથમાં પેલું રત્ન જોયું. તેને સંતોષ થયો કે તે ખાલી સ્વપ્ન જ નહોતું.

પોતાનો ભેટ આપેલો હીરો અન્નપૂર્ણાએ મૃત્યુલોકના માનવીને લેવા દીધો તે ઇંદ્રથી સહન થયું નહિ. તેણે વજ્રને આજ્ઞા કરી. એક ભયંકર ગડગડાટ થયો અને પૃથ્વીપાલ રત્ન સહિત ત્યાં ને ત્યાં દટાઇ ગયો.

ઇંદ્રે તેનું વેર લીધું હતું.

એ રાત્રે નજીકના ગામના પૂજારીના સ્વપ્નામાં અન્નપૂર્ણા આવ્યાં અને પૃથ્વીપાલની શોકભરી વાત તેને કહી. જ્યાં તે દટાયો હતો તે જગ્યા જણાવી ત્યાં એક દેવાલય કરવાનો આદેશ દીધો.

દેવાલયમાં અન્નપૂર્ણાની મૂર્તિ પધરાવવામાં આવી. એ દેવાલયની પાસે આ ગામ વસ્યું. વખત જતાં પેલો પૂજારી મરણ પામ્યો. તેનો કોઇ વારસદાર નહોતો. મંદિર પડીને ખંડિયેર થઇ ગયું.

મરતા પહેલાં પૂજારીએ જણાવેલું કે પૃથ્વીપાલ ફરી પાછો આ ગામમાં જ જન્મ લેશે અને તે આ ઉત્સવને દિવસે અહીં આવીને ખોદશે તો તેને અન્નપૂર્ણા દેવીનું શ્વેત રત્ન જડશે. એ રત્ન મળશે કે તરત રામગંગાની પેલી પારનું રાજ્ય પણ તેને મળશે."

એટલે એક પછી એક બાલ પ્રજાઓની આ શોધ ચાલુ જ રહી છે.

(સૂચિત)   'રસનિધિ'

અથાણું

શેઠ: (ઉમેદવારને) તમે નિષ્ઠાવાન, પ્રમાણિક ને વિશ્વાસુ છો?

ઉમેદવાર: જી હા.

શેઠ: ધારો કે તમે કાલે સવારે ઑફિસે આવો ને ટેબલ પર પચાસ હજારની નોટો પડેલી હોય તો તમે શું કરો?

ઉમેદવાર: એ રકમને હાથ સરખો પણ ન અડાડું— (શેઠ સંતોષપૂર્વક સાંભળી રહે છે, ત્યાં ઉમેદવાર વાક્ય પૂરું કરે છે)—પણ તેના વ્યાજમાંથી ગુજરાન ચલાવું.

✻

એક દિવસ એક જાડો ને એક પાતળો માણસ બજારમાં ભેગા થયા. જાડાએ પાતળાની મશ્કરી કરતાં કટાક્ષમાં કહ્યું: તમારું શરીર જોતાં મને દેશમાં દુકાળ પડ્યો હોય એવું જણાય છે.

પાતળાએ કહ્યું: સાચી વાત; અને તમારું શરીર જોતાં એ દુકાળ પડવાનું કારણ તમે હો તેવું જણાય છે.

✻

ચમન: તું અઘરામાં અઘરું કામ ક્યારે કરે છે?

ગજુ: દાતણ કર્યા પહેલાંરતો.

ચમન: તે કયું?

ગજુ: બિછાનામાંથી ઊઠવાનું.



માધુકરી

રાખમાં જળે છે અંગારા રે ભાઈ!
તારી રાખમાં જળે છે અંગારા.
તિમિરે ઢંકાય જેવા તારા રે ભાઇ!
તેવા તારા છે પ્રાણના અંગારા.

સંતાઇ ઊંડી ખાણુ માંહી રત્ન કો ચમકયા કરે,
છીપમાં છુપાઇ સાગરે કો મોતીડું દમકયા કરે:
અણદીઠ માનવદેહમાં હૈડું સદા ડમકયા કરે,
મગજે ભરાઇ રહ્યા વિચારો સ્વપ્ન શા ટમકયા કરે:—
રે ભાઇ! તારૂં જીવન પળપળ ઝંખતું ઝગકયા કરે:

આ તે શા ધૂળના ધખારા રે ભાઇ!
તારા ધૂળે ઢંકાયા મિનારા:
રાખમાં જળે છે અંગારા રે ભાઇ!
તારી રાખમાં જળે છે અંગારા!

—કવિ ખબરદાર

(વીસમી સદી)

શસ્ત્રવૈદ્ય સુશ્રુત

હાલમાં દેશી વૈદ્યો બીલકુલ શસ્ત્રચિકિત્સા કરી શકતા નથી, અને પશ્ચિમની દાકતરી વિદ્યા આ દેશમાં આવ્યા પહેલાં એવી સ્થિતિ હતી કે સાધારણ ગૂમડું કપાવવું હોય તો કોઇ વાળંદ કાપે તો ભલે, પણ કોઇ વૈદ્ય તો ન જ કાપી શકે. આવી હાલની પરિસ્થિતિ જોઇને દેશી વૈદકવિદ્યામાં શસ્ત્રક્રિયાની વાત જ નહિ હોય એમ સાધારણ માણસ માને તો નવાઈ નહિ. પણ વસ્તુસ્થિતિ એથી જુદી જ છે.

દેશી વૈદકવિદ્યામાં શસ્ત્રચિકિત્સા છે, એટલું તો સામાન્ય આયુર્વેદાભ્યાસી પણ જાણે છે. આ શસ્ત્રવિદ્યાના મૂળ પ્રવર્તક —આ દેશની શસ્ત્રવિદ્યાના પિતાનું નામ સુશ્રુત.

હાલની પેઠે પ્રાચીન કાળમાં પણ આ દેશમાં વૈદકની બે મુખ્ય શાખાઓ હતી. એક કાયચિકિત્સા (Medicine) અને બીજી શસ્ત્રચિકિત્સા (Surgery). આમાંથી પહેલી એટલેકે કાયચિકિત્સા સંબંધી આ દેશમાં બે હજાર વર્ષ પહેલાં જે કાંઈ શોધખોળ થએલી તેનો સાર વિ. સં. ના આરંભની આસપાસમાં ચરકસંહિતામાં સંગ્રહાયો છે. જ્યારે શસ્ત્રક્રિયા સંબંધી જે કાંઇ શોધખોળ થએલી તેનો સાર સો બસો વર્ષ પછી સુશ્રુતસંહિતામાં સંગ્રહાયો છે.

દેશી વૈદાનું જે વિશાળ સાહિત્ય—સેંકડો પુસ્તકો—અત્યારે મળે છે તેમાં સર્વશ્રેષ્ઠ આ સુશ્રુતસંહિતા છે આ અસાધારણ ગ્રંથના કર્તા ઋષિ સુશ્રુત કાશીના રાજા ધનવંતરી દિવોદાસના શિષ્ય અને ઋષિ વિશ્વામિત્રના પુત્ર હતા, એટલું જ આ મહાન શસ્ત્રવૈદ્યના જીવન વિષે શ્રુતપરંપરાથી જળવાઇ રહ્યું છે. પણ એનું અક્ષરજીવન અદ્ભુત પ્રેરણા આપનાર છે. બે હજાર વર્ષ ઉપરનાં શસ્ત્રચિકિત્સાનાં સાધનો અને એ જમાના સુધીમાં મળેલું જ્ઞાન જોતાં દુનિયાના શ્રેષ્ઠ શસ્ત્રવૈદ્યોમાં સુશ્રુતની ગણતરી કરવી જોઇએ.

આ સુશ્રુતાચાર્યે કરેલાં શસ્ત્રકર્મોનું વર્ણન તો કોઇ સ્થળે મળતું નથી: પરંતુ તેણે જુદાજુદા શસ્ત્રસાધ્ય રોગોનાં શસ્ત્રકર્મનું જે વર્ણન કર્યું છે એ જોતાં તેણે જાતે ઘણાં શસ્ત્રકર્મો (operations) કર્યાં હોવાં જોઇએ આવું અનુમાન કરવા માટે કારણ છે. સુશ્રુતાચાર્યે પોતાના ગ્રંથમાં જે શસ્ત્રકર્મોનું તથા તેના સાધનરૂપ શસ્ત્રો તથા યંત્રો Surgical instruments નું વર્ણન કર્યું છે તે સુશ્રુત પહેલાંના કોઇ ગ્રંથમાં મળતું નથી. અને સુશ્રુત પછીના આયુર્વેદિક ગ્રંથોમાં આ બાબતનું જે કાંઈ વર્ણન મળે છે તે મોટે ભાગે સુશ્રુત સંહિતાના ઉતારારૂપ છે સુશ્રુતના સમયમાં—તે પહેલાં અને તે પછી પણ—ઘણા વૈદ્યો અનેક પ્રકારની શસ્ત્રચિકિત્સા કરતા હશે. આંખના રોગોની શસ્ત્રકર્માદિ આખી ચિકિત્સા વિદેહ વગેરેનાં તંત્રોમાંથી સુશ્રુતાચાર્યે સંગ્રહી છે એમ એ પોતે જ કહે છે. સુશ્રુત ગમે તેવા પ્રતિભાશાળી શસ્ત્રચિકિત્સક હોવા છતાં, શસ્ત્રવિદ્યાનો જે વિકાસ સુશ્રુતસંહિતામાં દેખાય છે તે એક માણસના આયુષ્યકાળમાં પ્રાપ્ત થવો સંભવિત નથી

સુશ્રુતે શસ્ત્રક્રિયાને લગતા જુદાજુદા કામમાં વપરાતાં જુદાજુદા આકારનાં એક સો યંત્રોનું વર્ણન કર્યું છે (જુઓ

સુશ્રુતસંહિતા સૂત્રસ્થાન, અ. ૭) અને એ વર્ણન ઉપરથી સિંહમુખ, (જેને હાલમાં Lion forceps કહે છે) સ્વસ્તિક યંત્ર, સંદંશ યંત્ર વગેરે યંત્રોનું હાલમાં વપરાતાં યંત્રો સાથેનું સામ્ય સહેલાઇથી પકડી શકાય છે. સિંહમુખાદિ યંત્રો હાલનાં Lion forceps વગેરે જેવાં જ હશે કે આકાર—ઘાટમાં જુદી જાતનાં એ કહેવું મુશ્કેલ છે. પણ તે યંત્રો જૂના કાળમાં જે કામમાં વપરાતાં તે જ કે તેને મળતા કામમાં હાલમાં પણ વપરાય છે એ જોતાં ઝાઝો ફેર હોવાનો સંભવ નથી. અલબત્ત, આધુનિક સફાઈ વગેરેમાં ફેર હોવાનો સંભવ છે.

સુશ્રુતે વીસ શસ્ત્રોનું પણ વર્ણન કર્યું છે અને કયું શસ્ત્ર કયા કામમાં વાપરવું એનું પણ સ્પષ્ટ સૂચન કર્યું છે. આ શસ્ત્રો એ વખતે વપરાતા શસ્ત્રકોશ (Surgical case)માં લઇને શસ્ત્રકર્મ કરવા જતા કે શિષ્યોને શસ્ત્રકર્મ શીખવતા સુશ્રુતાચાર્યનું ચિત્ર આપણી નજર આગળ ખડું થાય છે ત્યારે આશ્ચર્ય સાથે હાલની સ્થિતિ માટે ખેદ થાય છે.

—દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી

ડૉ. લૅંગમૂરને દસહજાર ડૉલરનું ઈનામ

'પૉપ્યુલર સાયન્સ મન્થલી' (લોકપ્રિય વિજ્ઞાન માસિક) નામનું અમેરિકાનું અતિ પ્રસિદ્ધ વૈજ્ઞાનિક પત્ર એ દેશના ભારેમાં ભારે વિજ્ઞાનસેવકને દર વર્ષે દસ હજાર ડૉલર (લગભગ ચાળીસ હજાર રૂપિયા)નું પારિતોષિક આપે છે. આ ઈનામ યુનાઇટેડ સ્ટેટ્સમાં સૌથી વધુ ગૌરવભર્યું અને કિંમતી ગણાય છે. ગઈ સાલ આ ઇનામ રૉચેસ્ટર વિદ્યાપીઠવાળા ડૉ. જ્યૉર્જ વ્હિપલ તથા હાર્વર્ડ વિદ્યાપીઠવાળા ડૉ. જ્યૉર્જ મિનોટને, તેમણે કરેલી પ્રાણઘાતક પાંડુરોગ (animiaનો રોગ) મટાડવાની શોધની કદર તરીકે આપવામાં આવ્યું હતું. ઓણ સાલ વિજ્ઞાનનું આ સૌથી મોટું કિંમતી ઇનામ તથા તેનો સોનાનો ચંદ્રક થોડા રોજ પર ન્યૂ યૉર્ક શહેરના ડૉ લૅંગમૂરને અર્પણ કરવામાં આવ્યાં છે. ડૉ. લૅંગમૂરે અનેક શોધો કરી છે, તેમાંની અતિ મહાન ને લોકોપયોગી બે શોધ ગણાય છે. એક તો વીજળીક બત્તીના નાઇટ્રોજન વાયુ ભરેલા ગોળાની શોધ, જે સમસ્ત જગતના લોકસમુદાયને આજે અત્યંત ઉપકારક થઈ પડી છે. એમની બીજી શોધ પણ એટલી જ ઉપકારક છે. વિદ્યુત-પ્રવાહના બે છેડા વચ્ચે હાઇડ્રોજન વાયુના અણુઓ મૂકવાથી તે પરમાણુના રૂપમાં છૂટા પડવાને કારણે ઉત્પન્ન થતી શક્તિ વડે ગમે તેવી કઠણ ધાતુને પણ પીગાળી દઈ સાંધણ થઇ શકે છે. એ તેમની બીજી શોધ. ધાતુ સાંધવાની આ પદ્ધતિ વેલ્ડિંગના નામથી જાણીતી છે. એમની આ બંને શોધોને અમેરિકાના વૈજ્ઞાનિક માસિકે લોકોપયોગી અને મૂલ્યવાન ગણીને એમને ઉપલું પારિતોષિક આપ્યું છે.

ડૉ. લૅંગમૂર ઘણુંખરું પ્રયોગશાળામાં જ દટાઇ રહી સતત કામ કર્યા કરે છે તેથી બહારનું જગત તેમને બહુ ઓછું પિછાને છે. આવા ભારે ઈનામને પાત્ર ઠરી શકે એવા એકેએક



ઉમેદવારની શોધો સમાજને કેટલી ઉપયોગી છે તેની કસોટી મૂકવા અમેરિકાના મહાન વૈજ્ઞાનિકો, મોટી વિદ્યાપીઠો તથા શોધખોળના પ્રોફેસરો વગેરે ૧૮૦૦ સંસ્થાઓના પ્રતિનિધિઓનું મંડળ બેઠું હતું. એમણે ખૂબ કાળજી પછી સૈંકડોની સંખ્યામાંથી ત્રીસ નામ તારવી કાઢયાં. તેમાંથી પણ તારવતાં બાર જણનાં નામ તો એવાં અડીકડીના ખેલ જેવાં આવ્યાં કે તેમાંથી એકનો નિર્ણય કરવો દુર્લભ હતો. છેવટે ડૉ. લૅંગમૂર સર્વાનુમતે એ મંગળ કળશને લાયક ગણાયા.

ડૉ. લૅંગમૂરનો જન્મ ઇ.સ. ૧૮૮૧માં અમેરિકામાં બ્રૂકલિનમાં થએલો. તેઓ ૧૯૦૩માં કોલમ્બિયા વિદ્યાપીઠની ખનીજ-શાળામાંથી સ્નાતક થયા. તે પછી તે વધુ અભ્યાસાર્થે જર્મની ગયા અને ત્યાંની ગટિંગન વિદ્યાપીઠમાં દાખલ થયા. ત્યાંની છેલ્લી ડૉક્ટરની પદવી પ્રાપ્ત કરી તે અમેરિકા આવ્યા અને ન્યૂ યૉર્કના હોબોકનના કલાભવનમાં રસાયણશાસ્ત્રના શિક્ષક તરીકે ૧૯૦૬થી ૧૯૦૯ સુધી નોકરી કરી. તે પછી 'જનરલ ઇલેક્ટ્રિક કંપની'ની શોધખોળની પ્રયોગશાળામાં જોડાયા. પ્રથમનાં પંદર વર્ષ સુધી તો લાગટ તેમણે વીજળીક બત્તીના ગોળાના જ પ્રયોગો કર્યા કર્યા. એડિસને વીજળીક બત્તીની શોધ કરી ત્યારે એ ગોળામાંથી હવા તદ્દન ખાલી કરી તેને બંધ કરી દેવામાં આવતો, જેથી અંદર રહેતા તારમાંથી વીજળીક પ્રવાહ પસાર થતાં તે તાર પ્રકાશી ઊઠતો. એ હવા જો અંદરથી કાઢી લીધી ન હોય તો તેમાંનો ઑક્સિજન પેલા રાતાચોળ થઇ પ્રકાશતા તારને બાળી રાખ કરી મૂકે ને દીવો હોલવાઈ જાય. તેથી એડિસને ગોળામાંથી હવા કાઢી લેવાની યુક્તિ રચેલી.

છતાં ગોળાગાંનો તાર આધાર વગરનો રહેવાથી ભારે વીજળીક પ્રવાહ પસાર થતાં થોડા દહાડા બાદ તૂટી જતો અને ગોળો નકામો બનતો. આજથી વીસ વર્ષ પૂર્વે લૅંગમૂર આ કામમાં જોડાયા તે અગાઉ એડિસન અને એવા બીજા જબ્બર વિદ્યુત્‌વિદો હવા ખાલી કરેલા વીજળીક બત્તીના ગોળાના પ્રયોગો કરતા હતા. લૅંગમૂરે હવા ખાલી કરી અંદર રહેલા તારમાંથી વિવિધ ગરમીના અંશે વિદ્યુત્ પસાર કરી જોઇ પ્રવાહી હવા નીચે બત્તી રાખી ઘણાક દહાડા લગી પ્રયોગો કર્યા. આગ પોતાના સાથીઓ જોડે ઘણાં વર્ષ લગી કામ કર્યું. આ પછી તેમણે ખાલી ગોળામાં જુદાજુદા વાયુ સહેજસાજ તેમજ વધતા પ્રમાણમાં દાખલ કરી પ્રયોગો કરી જોયા. છેવટે ખાલી ગોળામાં નાઇટ્રોજન વાયુ ભરી અંદરના તારમાં વીજળીક પ્રવાહ વહાવ્યે બત્તી સારી બળે છે અને એ તાર લાંબા વખત સુધી ટકી રહે છે એમ ડૉ. લૅંગમૂરે સાબિત કર્યું. એમની એ શોધ માન્ય થઇ અને આજે લગભગ બધા જ વીજળીક બત્તીના ગોળા નાઇટ્રોજન વાયુ ભરેલા જ આવે છે.

ડૉ. લૅંગમૂર વિજ્ઞાનક્ષેત્રમાં લગભગ પચીસેક વર્ષની સેવા અર્પી ચૂક્યા છે. આજે અમેરિકન ભૌતિકશાસ્ત્રીઓમાં તેમનું સ્થાન પ્રથમ આવે છે. પરમાણુઓની રચના, પરમાણુના એકેક થર, હાઇડ્રોજનના અણુના પરમાણુ થતાં તેમાંથી ઉદ્‌ભવતી ગરમી અને તેનો કઠણ ધાતુઓ સાંધવામાં થતો ઉપયોગ, વીજળીથી ધગધગતા વીજળીક બત્તીના તાર પર વિવિધ વાયુની થતી અસર, તેમજ રેડિયો અને બીજી ખાલી નળીઓ પર સૂક્ષ્મ પરમાણુ (ઇલેક્ટ્રોન)ની ગતિની થતી અસર ઇત્યાદિ શોધોથી જગતભરનાં વૈજ્ઞાનિક મંડળોમાં તે ખૂબ પ્રસિદ્ધ થયા છે. વળી તેમનું આ વિજ્ઞાનશાસ્ત્ર પ્રયોગશાળાના ઓરડાની ચાર દિવાલોમાં જ પુરાઇ નથી રહ્યું; પણ તેમણે કરેલી શોધો એટલા વ્યાપક રૂપમાં લોકોપકારક છે કે આ જમાનાનાં સર્વ સ્ત્રી-પુરુષ ને બાળકને તેનાથી લાભ થયો છે. વ્યાવહારિક દૃષ્ટિએ જોતાં તેમની સૌથી અગત્યની શોધ નાઇટ્રોજન વાયુ ભરેલા વીજળીક બત્તીના ગોળાની ગણાય છે. એથી તો પ્રકાશ માટે વપરાતા વીજળીક બળમા અર્ધોઅરધ ફરક પડી ગયો છે; એટલે કે અરધું બળ (અને પરિણામે અરધું ખર્ચ) બચી જાય છે, અને એ વીજળીક ગોળા પણ લાંબી મુદત ટકે છે. હિસાબ ગણતાં માલૂમ પડ્યું છે કે એમની એ શોધથી એકલા યુનાઇટેડ સ્ટેટ્‌સમાં જ દર રાતના દસ લાખ ડૉલર (લગભગ ચાલીસ લાખ રૂપિયા)ની રકમની બચત વીજળીક બીલમાં થવા લાગી છે!

આ તો ડૉ. લૅંગમૂરની અનેક શોધોમાંની એક જ ગણાવી. હાઇડ્રોજનના પરમાણુઓના તેમણે કરેલા લાંબા અભ્યાસ પછી તે શોધનો ઉપયોગ કઠણ ધાતુઓ સાંધવામાં દહાડે-દહાડે વધતો જ જાય છે. એ શોધ ઘણાં વર્ષોની મહેનત પછી ઇ.સ. ૧૯૨૭માં તેમણે સંપૂર્ણ રીતે જાહેરમાં મૂકી. આજ લગી જે ધાતુઓ તૂટ્યા પછી કદી સાંધી જ ન શકાય તેવી મનાતી અને તેને લીધે ઘણો બગાડ થતો તે ધાતુઓ આ અદ્‌ભુત યુક્તિથી પલકવારમાં પીગાળી સાંધી શકાય છે. આ યુક્તિનું રહસ્ય એમ છે કે ભારે વીજળીક પ્રવાહના—અને—વાળા કારબનના ટુકડા વચ્ચે જરા અંતર રાખી હાઇડ્રોજન વાયુ છોડવામાં આવે છે, જેથી આ કારબનની વીજળીક દીવીથી એ હાઇડ્રોજન વાયુના અણુઓનો સમૂહ તૂટી અનેક પરમાણુઓ બની જાય છે ને ત્યાંથી જરા દૂર જતાં ફરી એકઠા થઇ તે અણુઓના સમૂહ રૂપે બની જાય છે. એ અણુઓની આ છૂટા થવાની અને એકઠા થવાની ક્રિયા વખતે તેમાંથી એવી તો સખત ગરમી છૂટે છે કે જે ગમે તેવી ધાતુને પણ પીગળાવી દે.

છેલ્લાં વીસ વર્ષમાં તેમણે જે જે ભૌતિક અને રાસાયનિક વિષયો પર શોધો કરી છે તેની સરેરાશ વરસે સાતની આવે છે. માનદ પદવીઓની તો તેમના પર ઝડી વરસી રહી છે. નૉર્થ વેસ્ટર્ન વિદ્યાપીઠે, એડીનબરો વિદ્યાપીઠે તથા કોલમ્બિયા વિદ્યાપીઠે તેમને 'વિજ્ઞાનના ડૉક્ટર'ના માટે ઇલ્કાબો અર્પણ કર્યા છે. ૧૯૧૫માં અને વળી ફરી ૧૯૨૦માં 'ન્યૂ યૉર્ક અમેરિકન રાસાયનિક મંડળ'નો નિકોલસ ચંદ્રક, ૧૯૨૮માં લંડનની અતિ પ્રસિદ્ધ જૂની રૉયલ સોસાયટીનો હ્યૂજિસ ચંદ્રક, ૧૯૨૦માં અમેરિકન કળા અને વિજ્ઞાન સંસ્થાનો રમ્ફર્ડ ચંદ્રક અને ૧૯૨૫માં ઇટાલીનો પર્કીન ચંદ્રક તથા કેનિઝેરો પારિતોષિક એમને અર્પણ થયાં છે.


(પૉપ્યુલર સાયન્સ મન્થલી પરથી) રેવાશંકર ઓ. સોમપુરા

શોધખોળ શાસ્ત્રનું વિદ્યાલય

આખી દુનિયામાં હજુ ઘણા યે પ્રદેશો એવા પડ્યા છે કે જે વિષે હાલની પ્રજાને કશું જ્ઞાન નથી. આવા બાકી રહેલા અજ્ઞાત પ્રદેશોમાં શોધખોળ માટે જવા ઈચ્છતા વિદ્યાર્થીએ સારૂ મૅસેચ્યુસેટ્સની હાર્વર્ડ યૂનિવર્સિટીએ ભૌગોલિક સંશોધન વિદ્યાલય (Institute of Geographical research.) નામની એક કૉલેજ ખોલી છે.

આ સંસ્થામાં જુવાન ઉમેદવારો હોકાયંત્રનો ઉપયોગ કરવાનું, આધુનિક સંસ્કૃતિથી મંડિત રહેઠાણો જોડે સંબંધ સાંધી રાખવા રેડિયોની ગોઠવણ કરતાં અને હવામાન લેવાનું તથા બીજી વૈજ્ઞાનિક સાંકળો મેળવવાનું શીખી શકશે. આ રીતે વિદ્યાર્થી અહીંથી શોધક મંડળીના નેતા બનવાની લાયકાત મેળવી શકશે.

આ સંસ્થાની જરૂરિયાતથી સ્પષ્ટ થાય છે કે એરોપ્લેન, મોટરો વગેરે હોવા છતાં દુનિયાનો ઘણો ભાગ હજી અજાણ પડ્યો છે. એવા બાકી રહેલા ભાગોનાં કાળાં ધોળાં આ સાથે આપેલા નકશામાં જોઇ શકાશે. તેમાં કેટલાક પ્રદેશો તો એવા છે કે જેને હજારો વર્ષોથી બીજા પ્રદેશો સાથે લેશ પણ વ્યવહાર-સંબંધ બંધાયો નથી, તેથી કેટલાક વિદ્વાનો માને છે કે ત્યાં જગતના આદિકાળથી કેટલા યે જીવો અને જાનવરોની સૃષ્ટિ



જગતમાં હજી વણશોધાએલા પ્રદેશો (કાળાં ધાબાં વડે) બતાવતો નકશો

દુનિયામાં હજી ઘણા ભાગ વણશોધાએલા ને માનવીથી વણખેડાએલા પડ્યા છે, અને તાલીમબાજ સાહસિક શોધપ્રકર-ખેડુઓને આમંત્રી રહ્યા છે. કૅનૅડા અને લાબ્રાડોરના મધ્ય પ્રદેશોમાં માત્ર કોઇ રડ્યાખડ્યા સફરીઓએ હજી પગદંડી જ પાડી છે; બ્રાઝિલના ઉત્તર પ્રદેશનાં ગીચ જંગલોનાં દ્વાર અનંત યુગોથી બીડાએલાં પડ્યાં છે; નદીઓની મહારાણી સમી નવજરમાન આમાઝોનના તીરપ્રાંતોની કિનાર પર જ હજી માણસની પદરજ છંટાઇ છે; દક્ષિણ અમેરિકાના અંતિમ બિન્દુ 'પૅટગોનિયન આઇસકૅપ' વિષે હજી કાંઈ જ માહિતી મળી નથી; આફ્રિકામાં મિસર પાસે સહરાના રણનો કાળો બતાવેલો એટલો ખૂણો હજી યે અંધકારની જવનિકા પાછળ છે; અરબસ્તાનના લગભગ અરધા જેટલો મધ્યપ્રદેશ આજ લગી માત્ર એક જ માનવી વીંધી શક્યો છે; મધ્ય આફ્રિકાના વણશોધાએલા પ્રદેશના નકશામાં અડસટ્ટે જ નદીઓની રેખાઓ મૂકી છે; ઑસ્ટ્રેલિયાના 'નેવર–નેવર લૅન્ડ' નામથી જાણીતા અજ્ઞાત પ્રદેશનું દર્શન માત્ર અધ્ધર વિમાનમાંથી જ કરીને તેનો નકશો અંકાયો છે, અને તેની ઉત્તરે પાસિફિકના કૉમોડો દ્વિપ પર હજી યે યુગો પહેલાંનાં ૧૦ ફીટ ઊંચાં રાક્ષસી જનાવરો વસતાં હોવાનો સંભવ છે; તિબેટના અંતર્ભાગ અને ગોબીના રણમાં હજી સુધી કોઇ શ્વેત માનવ પગ મૂકી શક્યો નથી; એશિયાઇ રશિયાના ઉત્તર કિનારા ઉપરના વિશાળ હિમમંડિત પ્રદેશો અને ગ્રીનલૅન્ડનો આંતરપ્રદેશ માનવીનાં પગલાં પામ્યો નથી; ઉત્તર ધ્રુવના હિમપ્રદેશના એક 'અંધકાર બિન્દુ' નામના વિશાળ ભૂભાગ પર કેવળ 'નૉર્જ' વિમાન જ એક આંટો ઊડી આવ્યું છે, અને દક્ષિણ ધ્રુવ તરફનો તો ઍન્ટાર્કટિકાનો દુનિયાનો મોટામાં મોટો વણખેડાએલો પ્રદેશ માનવીના સાહસને પડકારતો પડ્યો છે. ઉપરના નકશામાં આ બધા પ્રદેશો કાળાં ધાબાં વડે બતાવ્યા છે.

તેમજ અવિકસિત માનવ પ્રજા પણ મળી આવવા સંભવ છે. આવી વાતોનાં પ્રમાણો નવીનવી શોધોથી પૂરવાર થતાં જ રહે છે. કૉમાડો ટાપુમાં દસદસ હાથની ગરોળીઓ મળી આવી છે તથા માડાગાસ્કરના માનવભક્ષી વૃક્ષની વાતોની સાબિતીના આગળ પુરાવા રૂપે જીવડાં ખાતા રોપાઓ પણ નજરે પડ્યા છે. ઍરોપ્લેનની મદદથી પેરૂના દિવાલ ચીનની દિવાલ જેટલી જ લાંબી જણાઇ છે. આજ સુધી આ વાત કેમ ન પ્રત્યક્ષ થઈ શકી એ જ કોયડો છે.

આ કોલેજના વિદ્યાર્થી થનાર માટે ભવિષ્યના ગર્ભમાં અસંખ્ય અજાયબીઓ ભરી છે. જગતના ખાલી રહેલા આ ભાગો ઉપરાંત પૃથ્વીની સપાટીથી દસ માઇલ ઊંચે અનંત આકાશમાં હવાના અને આકાશી ચમત્કારો અને નીચે પાંચ માઇલ ઊંડાઇ પછીના વણતાગેલા દરિયામાં પણ હજી ઘણું યે અવનવું જાણવાનું પડ્યું હશે.　　　(પૉપ્યુલર સાયન્સ)

દોલત સમાન ગણાતી ટપાલની ટિકિટો

દુનિયામાં કેટલીક ટપાલની ટિકિટો એટલી જૂજ છે કે તે દોલત સમાન લેખાય છે. તેમાંની જે થોડી ટિકિટો બ્રિટિશ સામ્રાજ્યની છે તેમની હકીકત તથા તેમની હાલની કિંમત વિષેની હકીકત અહીં આપી છે.

આ સામે બતાવેલા ચિત્રમાં નં. (૧) ૧૮૫૪ની સાલની હિંદુસ્તાનની ચાર આનાની કિંમતની ટિકિટ છે; તેનું મૂલ્ય (કૅટલૉગ વૅલ્યૂ) આજે પચાસ પાઉંડ છે. પરંતુ નં. (૨) ની તે જ સ્ટૅમ્પની કિંમત અઢી સો પાઉંડ છે. આનું કારણ એ છે કે તેમાં ટિકિટની ફ્રેમ ઊંધી છપાએલી છે,. અને એવી ભૂલવાળી ટિકિટો બહુ જૂજ હોવાથી તે મૂલ્યવાન ગણાય છે. નં. (૩)ની વેસ્ટર્ન ઑસ્ટ્રેલિયાની ૧૮૫૪ની ચાર પેનીની ટિકિટમાં પણ તે જ જાતની ભૂલ થઇ છે. તે ઉપરનું હંસ પક્ષી ઊંધું છપાયું છે. આવી ભૂલવાળી ફક્ત દસ જ ટિકિટો આજે હસ્તીમાં હોવાથી તેની કિંમત પાંચસો પાઉંડ ઉપજે છે. નં. (૪) મૉરીશિયસની ૧૮૪૭ની એક પેનીની ટિકિટ છે તેની છૂટક કિંમત પાંચ હજાર પાઉંડ છે, પરંતુ તેની જ જોડે ચિત્રમાં બતાવેલી કવરની ટિકિટ સહિતની એ જોડી માટે તેના માલિકને બાર હજાર પાઉંડ ખેડા છે! ૧૮૪૭ની મોરિશિયસની બે પેન્સની સ્ટૅમ્પની કિંમત પણ તેટલી જ છે. નં. (૫)ની બ્રિટિશ ગાયાનાની ૧૮૫૬ની એક પેનીની સ્ટૅમ્પ દુનિયાભરમાં ફક્ત એક જ છે, અને તે થોડાં વર્ષ પહેલાં લીલાંઉમાં વેચાતાં તેના સાત હજાર પાઉંડ ઉપજ્યા હતા! આજે તેની કિંમત સાત હજાર ને આઠસો પાઉંડની ગણાય છે!

મોરિશિયસની ૧૮૪૭ની તથા બ્રિટિશ ગાયાનાની ૧૮૫૬ની આ ટિકિટો સૌથી વધારે કિંમતી હોવા ઉપરાંત તેની ટિકિટો અંગેની હકીકત પણ અજાયબી ઉપજાવે તેવી છે. મોરિશિયસની એક પેનીની ટિકિટ એક નિશાળિયાની ડાયરીમાંથી મળી આવેલી. તે વખતે તે છોકરાને તો ખ્યાલ પણ નહિ હોય કે તેની પાસેની ટિકિટ એક દોલત સમાન છે! તેવી જ રીતે બ્રિટિશ ગાયાનામાં એક સ્ત્રીને પોતાના કાગળોમાંથી એક જૂની બે સેન્ટની ૧૮૫૦ની ટિકિટ મળી આવતાં તેના એક હજાર પાઉંડ ૧૮૯૬માં ઉપજેલા. પરંતુ તે બાઇને તેવો ખ્યાલ ક્યાંથી હોય? મોરિશિયસની બે પેન્સની ટિકિટ માટે ૧૯૦૩માં લંડનના એક લીલાંઉમાં પંદરસો પાઉંડ ઉપજેલા હતા. તે ટિકિટ પણ એક નિશાળિયાના સંગ્રહમાંથી મળી આવી હતી.

નં. (૬) બર્મ્યૂડાની ૧૮૪૩ની એક પેનીની ટિકિટ છે. એવી ફક્ત ચાર ટિકિટો દુનિયામાં હસ્તીમાં છે. તેની કિંમત એક હજાર પાઉંડ છે. નં. (૭) સેન્ટ ક્રિસ્ટૉફરની ૧૮૮૮ની ટિકિટ પણ ભૂલવાળી છે. તેમાં અઢી પેનીની ઉપર એક પેનીની છાપ (ઓવર પ્રિન્ટ) છપાઇ હોવાથી તેની કિંમત એક સો પાઉંડ છે. નં.(૮) કૅનૅડાની ૧૮૫૭ની, સાત પેનીની, વપરાયા વગરની ટિકિટ હોઇ તેની કિંમત પચાસ પાઉંડ છે. નં (૯) સીલોન, ૧૮૫૭, ચાર પેની, તથા નં. (૧૦) સીલોન નવ પેની એ બંને ટિકિટો પણ વપરાયા વગરની હોવાથી તે દરેકની કિંમત પચાસ પાઉંડ છે. નં. (૧૧) ન્યૂ બ્રન્સવિકની ૧૮૫૧ની, એક શિલિંગની ટિકિટની કિંમત દોઢસો પાઉંડ છે. નં. (૧૨) ન્યૂઝીલાંડની ૧૮૫૫ની, એક પેનીની, વપરાયા વગરની જોડીની કિંમત એક સો પાઉંડ છે. નં. (૧૩) જિબ્રાલ્ટર ૧૮૮૯, દસ સેન્ટની ટિકિટમાં તેની કિંમત છપાયા વગર રહી ગએલી હોવાથી તે ભૂલવાળી ટિકિટની કિંમત પચાસ પાઉંડ અંકાઇ છે અને નં. (૧૪) કેપ ઑફ ગુડ હોપની ૧૮૬૧ની એક પેની વાળી ચાર ટિકિટની ડબલ જોડીની કિંમત એક હજાર પાઉંડ છે. નં. (૧૫) તે ૧૮૯૭ની ન્યાસાલૅન્ડ (બ્રિટિશ સેન્ટ્રલ આફ્રિકા)ની એક પેનીની ચેક ઉપરની સ્ટૅમ્પ છે અને તેની કિંમત સો પાઉંડ ગણાય છે. તેનું મહત્ત્વ એ છે કે એ વખતે ત્યાંની ટપાલ ઑફિસમાં એક પેનીની ટિકિટનો સ્ટૉક ખલાસ થવાથી, આ રીતે ચેક માટેની સ્ટૅમ્પ ઉપર 'ઇન્ટર્નલ પોસ્ટેજ' શબ્દ છાપીને ટપાલખાતાએ થોડો વખત કામ ચલાવ્યું હતું; એટલું જ નહિ પણ એ સ્ટૅમ્પ ઉપરનું એ ઓવરપ્રિન્ટ પણ પાછું ઊંધું છપાએલું હોઇ તે ભૂલવાળી હોઇ બેવડા મહત્ત્વની ગણાઇ છે. નં. (૧૬) ન્યુફાઉન્ડલૅન્ડ, ૧૮૫૭, એક શિલિંગની જોડીની કિંમત પાંચસો પાઉંડ છે. નં. (૧૭) ફર્સ્ટ ટ્રાન્સ-આટલાંટિક એર પોસ્ટ ૧૯૧૯ની ત્રણ સેન્ટની કોરી ટિકિટની કિંમત પાંચસો પાઉંડ છે અને નં. (૧૮) કૅનેડા ૧૮૫૧, બાર સેન્ટની વપરાયા વગરની બે ટિકિટની જોડીની કિંમત એક હજાર પાઉંડ છે.

ઉપરની ટિકિટો સિવાય અમેરિકાની ટિકિટોમાં બ્રૅસ્કાવાનની ટિકિટની બે હજાર પાઉંડ, લૉકપોર્ટની ટિકિટની એક હજાર પાઉંડ તથા ઍલેક્ઝાંડ્રિયાની ટિકિટની પંદરસો પાઉંડ કિંમત લેખાઇ છે. ત્યાંની જ સૅન્ડવિચ આઇલૅન્ડની બે સેન્ટની ટિકિટની કિંમત ચાર હજાર પાઉંડ છે. રોમાનિયામાં મોલડાવીઆ પ્રાન્તની ૨૮ પારાની ટિકિટની બસો પાઉંડ, ચોપન પારાની ટિકિટની સાઠ પાઉંડ, એકાશી પારાની ટિકિટની સાડા છસો પાઉંડ અને એકસો આઠ પારાની ટિકિટની દોઢસો પાઉંડ કિંમત છે. આવી બીજી પણ ઘણી ટિકિટોની લેણદેણ મોટી કિંમતે થાય છે. ઉપર જણાવેલી ઘણીખરી ટિકિટોની કિંમત લીલાંઉમાં થએલાં વેચાણો ઉપરથી લેવામાં આવેલી છે.

ટૂંકામાં ટિકિટો સંઘરવાનો શોખ એ એવી અજબ વસ્તુ છે કે તેમાં આનંદની સાથે કોઇ વખતે કોઇને ભારે કિંમત પણ મળી જાય. જોકે બધાં માણસોને એ શોખ પાછળ નાણાં ખર્ચવાની જોગવાઇ હોઇ શકે નહિ, અને તેમાંયે વિદ્યાર્થીઓની ખીસાખર્ચી તો નાની હોય; તોપણ જેઓ ટિકિટોનો સંગ્રહ કરે છે તેઓ તો તેમને તેમાંથી મળતા આનંદથી તથા એ શોખ પાછળ રહેલા ઉત્સાહથી સારી પેઠે સમજી શકે છે કે એ શોખ ખાસ ખર્ચાળ વસ્તુ નથી.

—સી. તેજપાલ



દોલત સમાન ગણાતી ટપાલની ઉપલી ટિકિટો વિષે વિગતવાર માહિતી માટે સામેનો લેખ વાંચો.

રામસિંહ માલમ

દીવ બંદરથી ઇરાની અખાતના ઓમાન બંદર તરફ જતા ફિરંગી વહાણ 'ડૉન ફર્નાન્ડિઝ'ના નાખુદાએ પોતાની આંખ ઉપર દૂરબીન લગાવી ચોપાસ નજર કરી.

અરબી સમુદ્રમાં ગઇ રાતે જાગેલું તોફાન સાવ શમી ગયું હતું. દરિયાનાં નીલાં પાણી નીલા આસમાનની કોર સાથે એકાકાર થઈ જતાં હતાં. પવનની આછી લહેરથી થોડાં ઊછળતાં પાણીના મોજાં ઉપર સફેદ ટોપીની અખંડ ધારો નીલા રંગની સાડી ઉપર સફેદ સળિયાભાત જેમ ચમકતી હતી.

સમુદ્રની સપાટી ઉપર ભાંગેલાં વહાણોના વેરણછેરણ ટુકડાઓ ભયંકર તોફાનનાં ક્ષુદ્ર સ્મારકો સમાં દૂર અને નજીક તરતાં હતાં. 'ડૉન ફર્નાન્ડિઝ' પણ એ તોફાનમાંથી અણીશુદ્ધ સલામત નહોતું નીકળ્યું. એના સઢોના લીરા થઇ ગયા હતા, એનો કૂવાથંભ અરધેથી ભાંગી પડ્યો હતો, એના તૂતકનાં પાટિયાં મોજાંની પછડાટો ખાઇને ફાટી ગયાં હતાં. છતાં યે નાખુદાએ આત્મસંતોષ અનુભવ્યો. જે સેંકડો વહાણો સમુદ્રની સફરે નીકળેલા ઝંઝાવાતમાં અટવાયાં હતાં તેમાંથી જે રડ્યાંખડ્યાં થોડાંક જહાજો આબાદ તરતાં રહી શક્યાં હતાં એમાં આ ફિરંગી જહાજ પણ એક હતું.

'માણસ! માણસ!' એક ખલાસીએ બૂમ મારી.

હજી તો હમણાં જ શાંત થએલા તોફાની સાગર ઉપર ક્યો માણસ છે તે જોવાને નાખુદો દોડ્યો. તેની પાછળ બીજા ખલાસી દોડ્યા. પેલા બૂમ મારનાર ખલાસીને તેઓ વીંટળાઇ વળ્યા.

'ક્યાં છે? માણસ ક્યાં છે? શેમાં? એનું જહાજ ક્યાં છે?'

'જહાજ તો હું નથી દેખતો' ખલાસીએ કહ્યું. 'આ તો દરિયાની વચમાં એક માણસ ઊભો છે.'

'અરે ઉલ્લુ! પીધેલાધો છે કે શું? દરિયાની વચમાં માણસ તે ઊભતો હશે ખરા?'

'અરે જુઓ તો ખરા!'

ખલાસીએ આંગળી નોંધી ને એને ઇશારે સૌએ નજર કરી. ફિરંગી જહાજથી પાએક માઇલ દૂર જેટલે જ એક આદમીને તેઓએ મધ દરિયામાં ઊભેલો જોયો!

પારાવાર તાજુબીથી બધા એ માનવીને જોઇ રહ્યા. હજી તો હમણાં જ દરિયાની ઊંડાઇ તેઓએ માપેલી તે સાઠ ફૂટ જેટલી થએલી. એ ઊંડા પાણીના પટ ઉપર મોજાંની અખંડ લીટીઓ આગળ ને આગળ ધપતી હતી. એવા સાગરમાં આ માનવી ઊભો હતો. શરીરે ઉઘાડો હતો. માથે ફેંટા જેવું બાંધ્યું હતું. દરિયાનાં પાણી એને કમર સમાણાં થયાં હતાં. આખા યે જીવનમાં કોઇ ખલાસીએ આવો હેરતભર્યો દેખાવ નજરે જોએલો નહિ; કોઈ પાસે સાંભળેલો ય નહિ.

ફિરંગી જહાજનો માર્ગ એ મધ દરિયે ઊભેલા માનવીની પાસેથી જ જતો હતો. નાખુદાએ દોરડું નંખાવ્યું એ દોરડાને પકડીને એ માણસ જહાજની બાજુ ઉપર ચડવા લાગ્યો.

એકાએક નીચેનાં પાણીમાં કંઈક તરફડાટ થયા. પાણીનો મોટો ગોળો ઊંચે ચડીને મોટા અવાજ સાથે પછડાયો. એક સાંકડા ને લાંબા ખડક જેવું કાંઇક પાણીની સપાટી ઉપર આવ્યું.

'મગર! મગર!' ખલાસીઓએ બૂમ પાડી. ત્યાં તો મગરમચ્છ આડો ફર્યો એની પૂંછડીના ઝપાટાથી વહાણનો આખો મ્હારો ધ્રૂજી ઊઠ્યો અને એક મોટી કાળી હોડી જેવો દેખાતો મગર ખૂબ વેગથી દરિયાનાં પાણી કાપવા લાગ્યો.

જ્યારે મગરની પીઠ ઉપર ઊભવાની વાતમાંથી તાજુબીનું તત્ત્વ શમી ગયું ત્યારે નાખુદાએ એ માનવીને એની હકીકત પૂછી. એણે જવાબ દીધો: 'સાહેબ! હું બેટ-દ્વારકાનો વાઘેલો છું ખલાસી છું. મારૂં નામ રામસિંહ. શવજી શેઠના નવા કાંટિયાનો હું માલમ છું. ગઇ કાલે સાંજે હું મારી હોડીમાં કાંઠે હતો ત્યાં એકાએક તોફાન જાગ્યું. મારી હોડી તણાઈ ગઇ ને હું ભેગો તણાયો. હોડી ભાંગી ગઈ ને હું એના લાકડાને વળગી રહ્યો. દરિયાનાં મોજાંમાં ઘસડાતો પછડાતો, દટાતો ને ઉપર આવતો હું ખૂબ થાકી ગયો. ત્યાં એકાએક મારા પગ કોઈ કઠણ વસ્તુને અડક્યા. પગ માંડીને જોઉં તો મને પગ નીચે કોઇ સખત જમીન લાગી એટલે હું ઊભો રહ્યો!'

તોફાની દરિયામાં ઘસડાએલા આ માનવીના ઇશ્વરે કરેલા ઉગારમાંથી એ ફિરંગી જહાજના આખા ખલાસીવર્ગને ખૂબ ચમત્કાર દેખાયો. નાખુદાએ રામસિંહને પોતાની સાથે લઇ જવાની તૈયારી બતાવી કહ્યું: 'કોઇ વળતું વહાણ માર્ગમાં મળશે એમાં તમને તમારે વતન મોકલી શકાશે.'

ફિરંગીના જહાજને ઇરાનના અખાતને નાકે ચાંચિયા મળ્યા. ચાંચિયાઓ ટોળાંબંધ હતા. એમણે ફિરંગીનું વહાણ લૂંટી લીધું ને એના બધા યે ખલાસીઓને સાંકળ અને દોરડાં વતી મજબૂત બાંધી પોતાની સાથે ઉપાડી ગયા. ચાંચિયાઓએ પાડેલા જબ્બર બાકોરા વાટે વહાણમાં પાણી ભરાવાથી 'ડૉન ફર્નાન્ડિઝ' ડૂબી ગયું.

ચાંચિયાઓનું વહાણ પોતાના મૂળ નિવાસસ્થાન તરફ ઊપડ્યું. આ ચાંચિયા અરબ હતા ને રાતા સમુદ્રમાં આવેલા નાના બેટ પેરીમમાં રહેતા હતા. પેરીમ પહોંચ્યા પછી અરબ ચાંચિયાઓ અરબસ્તાનને કાંઠે ઊતર્યા ને ત્યાંથી ફિરંગી ખલાસીઓ અને રામસિંહ માલમ વગેરેને પગે ચલાવતા ચલાવતા કોઇ સારા ગુલામી બજાર તરફ રવાના થયા. દરેક કેદીના ગળામાં લોઢાની પાટીનો મજબૂત પટો ખીલાઓથી જડી લેવામાં આવ્યો હતો. આવા પટામાં આગળ અને પાછળ બે કડીઓ રહેતી આ કડીઓ સાથે લોઢાની મજબૂત સાંકળ બાંધવામાં આવતી ને એ સાંકળ આગળ-પાછળ ચાલતા કેદીના ગળાના પટાની કડી સાથે જકડી લેવામાં આવતી. આવી રીતે લોઢાના પટા અને સાંકળથી જકડાયેલા કેદીઓના હાથ અને પગ છૂટા રહેતા અને તેઓ તેમનાં માથા ઉપર ચાંચિયાઓનો સરંજામ ઉઠાવી શકતા.

આવી રીતે ચાલતી આ ગુલામોની સાંકળ આખરે જેદ્દાહની બજારમાં પહોંચી ને ત્યાં આ ગુલામો વેચાયા. રામસિંહ માલમ એક મીસરી ગુલામ વેપારીને ત્યાં વેચાયો. ત્યાંથી ઍલેક્ઝાંડ્રિયાની યુરોપીય ગુલામી બજારમાં મૂકાયો ને ત્યાંથી કાળા પાણીના કેદીઓને માટે ખાસ રાખવામાં આવતાં ફ્રેન્ચ વહાણોમાં એક ગુલામ ખલાસી (Gally slave) તરીકે રહ્યો.

આવી રીતે ચારેક વર્ષ ગાળ્યા પછી આખરે રામસિંહ માલમ ત્રણ ફ્રેન્ચ કેદીઓની સાથે એક તોફાની રાતે નાઠો. છુપાતા લપાતા, રાત્રે દોડતા ને દિવસે ક્યાંક ભરાઇ રહેતા આ ચાર ભેરૂબંધોએ માર્સેલ્સ બંદરથી તે હૉલૅન્ડની હદ સુધીનો આખો યે ફ્રેન્ચ મુલક પસાર કર્યો.

હૉલૅન્ડ ભૂમિ તે સમયમાં પવિત્ર લેખાતી હતી. તે કાળે પણ કોઈ પણ ગુલામ એ ભૂમિ ઉપર પગ મૂકતાં જ સ્વતંત્ર થઇ જતો. રામસિંહ માલમ પણ એ રીતે સ્વતંત્ર થયો.

હૉલૅન્ડમાં એક હુજીનોટ કારીગર કુટુંબમાં રામસિંહે નોકરી લીધી. ત્રણ વર્ષ નોકરી કરી. એની નેક નોકરી ને પ્રામાણિક રીતભાતથી એનો ડચ શેઠ એના ઉપર રાજી થયો. એક દિવસે એણે રામસિંહને પોતાની પાસે બોલાવ્યો:

'રામસિંહ માલમ!' શેઠ બોલ્યો: 'હું તારી નોકરીથી રાજી થયો છું. તને તારૂં વતન યાદ આવતું હશે. મારૂં એક વહાણ હમણાં હિંદ તરફ જવાનું છે. હું તને મારે ખર્ચે તારા વતનમાં મોકલી આપવા માગું છું. તારાં માતાપિતા, બૈરાંછોકરાં જે કોઇ સ્વજન હશે તે તને યાદ કરતાં હશે. હું રાજી થઇને તને રજા આપું છું હવે તું તારે વતન જા'

આંખો પર હાથના નેજા કરીને પોતાની વાટ જોતાં એનાં વૃદ્ધ માતપિતા એણે જાણેકે સ્વપ્નમાં જોયાં. એક નાનાશા મકાનને બારણે હાથ ટેકવીને પોતાના ધણીની અનંત કાળ સુધી રાહ જોઈ રહેલી એની વાઘેલાણી એને હૈયે ચડી આવી. શેઠની આશિષ માથે ચડાવીને વાઘેલો ખલાસી વહાણમાં ચડી બેઠો. દસેક વર્ષના ગાળા પછી એ દ્વારકામાં પાછો આવ્યો.

ને ત્યાં એની આખી યે સ્વપ્નસૃષ્ટિ ચૂંથાઈ ગઇ એની વાઘેલાણીનો પત્તો નહોતો. કોઇ કહે કે એણે કૂવો પૂર્યો છે, કોઈ કહે કે કોડીનારના એક ખારવાનું એણે ઘર માંડ્યું છે. એનાં માતાપિતા કંગાલ દશામાં ગુજરી ગયાં હતાં. વતનની સાથે પ્રીત બાંધનાર કોઇ સ્વજન એને ના રહ્યું. એ જ ડચ શેઠના વહાણમાં એ પાછો હૉલૅન્ડ ગયો ને એ જ શેઠને ત્યાં એ ફરીને નોકર રહ્યો.

આ બીજા પ્રવાસમાં રામસિંહ હૉલૅન્ડમાં ત્રણ વર્ષ રહ્યો. એ કાળે હૉલૅન્ડ મીનાકારી કામને માટે ખૂબ મશહૂર હતું ને એના શેઠનો પણ એ જ ધંધો હતો. રામસિંહે એ કારીગરી શીખી લીધી.

ત્રણ વર્ષ પછી રામસિંહ પોતાને વતન પાછો આવ્યો. એ એક સારો હુન્નર શીખી આવ્યો હતો. કાઠિયાવાડનાં જુદાં-જુદાં રાજ્યોમાં એ ફર્યો, પણ કોઈ રાજાને એની કદર કરવાની ફુરસદ કે પરવા ન હતાં. તે કાળે તો કાઠિયાવાડમાં નાની નાની ઠકરાતો અંદરઅંદર લડી વઢી પોતપોતાના સીમાડા વધારવામાં જ ગૂંથાઇ હતી કોઇને એક હુન્નરી માણસને એના હુન્નરના વિકાસ માટે સગવડ આપવાની જરૂરત ન દેખાઇ.

પરંતુ કચ્છમાં તે કાળે એક ચાલાક રાજાનાં શાસન હતાં. છાતીના દર્દનો આ રોગી રાવ લખપતજી પોતાના રાજ્યાસનેથી કચ્છમાં વેપારની આબાદી, વિદ્યાનો પ્રચાર, કળા ને ચિત્રકામનો પ્રચાર ઝંખતો હતો. એણે વ્રજભાષાની, સંસ્કૃતની ને એવી પાઠશાળાઓ સ્થાપી હતી. વિદ્વાનો એને ત્યાં પડ્યાપાથર્યા રહેતા. એના કાળમાં ખેતીકામ શીખવવાની એક શાળા હતી. એણે મોંઘા મૂલ આપી ચિત્રકારો પાસે ચિત્રો દોરાવ્યાં હતાં.

એવા રાવ લખપતજી—કચ્છના ભોજ—ને કાને રામસિંહ માલમની કથા ઊડતીઊડતી આવી. એક પાલખી, એક અમલદાર ને પાંચ ચોકીદારો મોકલી એણે આ સાહસિક ખલાસીને પોતાના રાજ્યમાં નોતર્યો. પોતાના મહેલમાં ઉતારો આપ્યો. મીનાકારી કામના એના નમૂના અને એ હુન્નરમાં એની પારંગતતા એણે જોઈ. રાવ લખપતે રામસિંહને એ મીનાકારી કામને કચ્છમાં ઉતારવાની તજવીજ કરવા માટે રાખ્યો. રાજમહેલના નીચેના એક ઓરડામાં ભૂજના સોનીઓને રોજ બપોરે બોલાવવામાં આવતા. ત્યાં રામસિંહે એમને મીણો કેમ બનાવવો, ચાંદી ઉપર કોતરકામ ને નકશી કેમ કરવાં, એ નકશી કરવા માટેનાં ઓજારો કેમ તૈયાર કરવાં, એ નકશીમાં મીણો રંગ પૂરવો એ બધું યે સમજાવવા માંડ્યું. રાજમહેલના ઓરડામાં જ બેસતી આ અજોડ હુન્નરશાળામાં દરેક સોનીને અને એના પચીસ વર્ષ ઉપરના પુત્રોને ફરજિયાત હાજરી આપવી પડતી. રામસિંહ માલમના એ પ્રયાસોનાં મૂળ એટલાં ઊંડાં ગયાં છે કે આજ પણ 'કચ્છ વર્કસ'ને નામે મશહૂર બનેલું કચ્છી મીનાકારી અને નકશીકામ સારા હિંદમાં તો શું પણ યુરોપ અને અમેરિકામા પણ સત્કાર પામે છે.

રાવ. લખપત જેવા વિદ્યાશોખીન રાજાને દેવજી ઠક્કર નામે એક અતિ વિચક્ષણ દીવાન સાંપડ્યો હતો. એ દેવજી મીનાકારીના હુન્નરની સ્થાપનાના ફાયદા પૂરા સમજી શક્યો હતો. જેને એનો રાજા એક શોખ સમજતો હતો તેમાં એ લુહાણા દીવાને ખેડુત સિવાયના વર્ગો માટેનો રોટલો વાંચ્યો. એણે 'લાખા ગાંડ' નામનું એક વહાણ સજાવ્યું ને બીજો ઉદ્યોગ શીખી લાવવા માટે રામસિંહને યુરોપ મોકલ્યો.

ત્રીજી વારની આ મુસાફરીમાં રામસિંહ ઑસ્ટ્રિયામાં ઊતર્યો. ત્યાં એક કાચના કારખાનામાં તે મજૂર તરીકે રહ્યો. મજૂરી કરતાં કરતાં એણે એ આખો યે ઉદ્યોગ બરોબર જોઇને સમજી લીધો. પાંચ વર્ષે એ પાછો કચ્છમા આવ્યો.

એ આવ્યો ત્યારે દેવજી દીવાન તો સ્થાનભ્રષ્ટ થયો હતો.

રાવ લખપતનો વિલાસશોખ એની જલોદરની આજારીમાં ચૂસાઈ ગયો હતો. પણ રામસિંહે એથી નિરાશ નહિ બનતાં કાચનું કામ શીખવવા માટેની એક શાળા કાઢી. એમાં થોડા કારીગરો તૈયાર કર્યા. પછી કાચનું કારખાનું સ્થાપ્યું ભૂજ પાસેના માધાપુર ગામમાં એ કારખાનું સ્થપાએલું. ત્યાં દરિયાની ઝીણી રેતીમાંથી એ કાચ બનાવતો ને રોગગ્રસ્ત રાજવી લખપતે માંડવી બંદરની રેતી કાચ બનાવવા સિવાય અન્ય કોઇ કામ માટે ન ઉપાડવી એવી છેલ્લી છેલ્લી આજ્ઞા આપી હતી.

આજ કચ્છમાં બસો વર્ષની હયાતિ ભોગવ્યા પછી એ કાચનો ઉદ્યોગ તો પડી ભાંગ્યો છે પણ માંડવી બંદરમાંથી કોઇએ રેતી ન ઉપાડવી એવો રાજનો હુકમ કચ્છને એક વાર મુલ્કમશહૂર કરનાર એ ઉદ્યોગ અને ઉદ્યોગના આદ્ય સ્થાપક રામસિંહનાં શુષ્ક સ્મારક જેવો હજી યે ઊભો છે. આજે તો એક વખતના ધીકતા કાચના ઉદ્યોગનો કચ્છમાં એટલો જ અવશેષ રહ્યો છે કે 'કોઇએ માંડવી બંદરમાંથી રેતી ઉપાડવી નહિ!'

ને ફરીને એક વાર આ વાઘેલો ખલાસી પોતાને જ ખર્ચે યુરોપમાં ઊપડે છે. આ વખતે તે સ્વિટ્ઝરલૅંડ અને ફ્રાંસનાં ઉત્તર પરગણાંઓમાં જાય છે. ત્યાંથી મજૂર જીવન જીવીને એ ઘડિયાળો, તોપો અને બંદુકો બનાવવાનું કામ શીખી આવે છે. વતનમાં પાછો આવીને એને ય એ કચ્છમાં ઉતારે છે. એક વાર કચ્છી ઘડિયાળો એની મજબૂતાઇ ને વિશ્વાસપાત્રતા માટે આખા હિંદમાં મશહૂર હતાં.

આજે તો કચ્છમાં રામસિંહ માલમના સ્થાપેલા ઉદ્યોગમાંથી માત્ર મીનાકારી ને નકશીકામનો જ ઉદ્યોગ હયાત છે. ને છે એટલો યે એ ઉદ્યોગ હવે પગ કરી રહ્યો છે. આ મુલ્કમશહૂર 'કચ્છ વર્કસ'ના કારીગર સોનીઓ હમણાં હમણાં કચ્છ છોડીને અમદાવાદ, વડોદરા, મુંબાઈ, કલકત્તા, દિલ્હી વગેરેમાં જઇ વસ્યા છે. એવી રીતે બહાર ગએલા કોઈ કારીગરો એ હુન્નરનો, એ કારીગરીનો પ્રચાર કરે, જ્યાં જાય છે—જ્યાં વસે છે ત્યાં એ શીખવે, ત્યાંના એ કારીગરોમાં એ હુન્નરનાં શોખની જમાવટ કરે તો જ રામસિંહ માલમનું ઋણ તેઓ સારી રીતે અદા કરી શકે.

આવો ઉદ્યોગશોખીન, કલાપ્રેમી ને સૌરાષ્ટ્રને હુન્નરઉદ્યોગો વડે આબાદ કરવાની ઝંખના ધરતો એ ખલાસી વીર, એ ઉદ્યોગવીર સાહસિક કાઠિયાવાડીનો જન્મ બેટ દ્વારકામાં ઈ.સ. ૧૭૨૧ના અરસામાં થએલો. એનું અવસાન કચ્છ મુંદ્રામાં ઇ.સ. ૧૭૭૩માં થએલું. દુર્ભાગ્યની વાત એ છે કે આવા એક બહાદુર બિરાદરના કુટુંબ વિષે તેમજ તેના જન્મમરણની તિથિ વિષે કોઈ સાહિત્ય નથી મળતું. (ફુલછાબ)

ગંગાજળ

જ્યાંથી ગંગાની ઉત્પત્તિ થાય છે તે સ્થાનને 'ગંગોત્રી' કહે છે. એ સ્થળ સીમલાની દક્ષિણ અને પૂર્વ દિશાએ તેહરી-ગઢવાલ પ્રદેશમાં, સમુદ્રની સપાટીથી ૯૨૦૦ હાથ (૧૦,૩૧૯ ફીટ)ની ઊંચાઇએ આવેલું છે. ગંગોત્રીની નજીક ગંગાની પહોળાઇ માત્ર અઢાર હાથની છે અને ઊંડાઈ પણ એકાદ હાથની હશે. છતાં ત્યાંનો વેગ પાર વગરનો છે. સાધારણ ચીજ એ વેગની સામે ટકી શકે જ નહિ. ત્યાંનો ગટોડીમિશ્રિત જલપ્રવાહ અતિ વેગથી વહી રહ્યો છે. નિઘંટુના મત પ્રમાણે ત્યાંનું જળ ભારે, કફકારક, રુચિનાશક, પાંડુરોગજનક, બંધકોષ કરનારૂં અને અહિતકર છે. ગંગોત્રીથી જેમજેમ આગળ વધીએ તેમતેમ ગંગાજળ સ્વાસ્થ્યવર્ધક થતું જાય છે, તેના વહનના પટની પહોળાઈ વધતી જાય છે, વેગ કમી થાય છે અને ૧૫૦૦ માઈલની તેની લંબાઈ દરમ્યાન લગભગ બીજી વીસેક નદીઓ તેમાં આવી મળે છે.


ગંગોત્રીમાંથી નીકળતી વખતે ગંગા ભાગીરથીના નામથી ઓળખાય છે અને દક્ષિણ હિમાલયને છેદીને આગળ વધતાં જાહ્નવી નામ પામે છે. ગંગોત્રીથી નીકળી દેવપ્રયાગ ને હૃષિકેશ થઇને ગંગા હરદ્વાર પહોંચે તે પહેલાં દેવપ્રયાગમાં અલકનંદા નદીનો તેમાં સંગમ થાય છે. સૌ સ્થળોઓમાં ઉત્તમ જળ હરદ્વારનું ગણાય છે.

આત્રેય ઋષિએ હારીતને ગંગાજળની પરીક્ષા કરવાનો વિધિ આ પ્રમાણે કહ્યો છે: ધોએલા સફેદ વસ્ત્રનો ચાર હાથનો ટુકડો લઇને ત્રણત્રણ હાથના ડાંડા ચારે ખૂણા પર બાંધી દેવા અને તેની વચ્ચે શુદ્ધ ચાંદી અથવા કાંસાનું વાસણ ગંગાજળથી ભરીને મૂકવું. પછી શુદ્ધ કપાસનું રૂ અથવા શાળભાતનો પિંડ બનાવી એ જળમાં નાખવો. જો પાણી અને પિંડ બંને સ્વચ્છ અને નિર્મળ રહે તો એ જળને શુદ્ધ ગંગોદક સમજવું. એવું જળ પૌષ્ટિક અને બુદ્ધિવર્ધક રસાયન છે. સ્વચ્છ પાત્રમાં તેનું પાન કરવાથી સર્વ દોષ નાશ પામે છે, તે શ્રમ, તરસ, ખુજલી, મૂર્છા, વમન અને મૂત્રરતમ દુર કરનારી અકસીર ઔષધિ સમાન છે; એટલેકે તે સાવ હલકું છે.

ઉપરની પરીક્ષામાં પસાર થઇને ગંગા હરદ્વારથી ફરૂકાબાદમાં રામગંગાને મળે છે અને ત્યાંથી કનોજ થઇ કાનપુર આવે છે. હરદ્વારથી ઊતરતે નંબરે કાનપુરનું જળ આવે. પણ ત્યાં બંધ બાંધી ચામડાં ધોવામાં આવે છે. આમ એક વાર રોકેલું પાણી ગંદુ થઇ જાય, એટલે તેને છોડી મૂકી બીજું આવવા દે છે. આથી ત્યાંનું ગંગાજળ દૂષિત થઇ ગયું છે.

ગંગોત્રીથી ૩૩૪ માઈલનો પંથ કાપીને ગંગા પ્રયાગમાં આવીને યમુનાની સાથે મળી જઇ ખૂબ વિસ્તાર પામી છે. અહીંનું જળ બહુ વારે પચે તેવું ભારે, સ્વાદમાં ફિક્કું અને વાયડું છે. હરદ્વારમાં ગંગાનો જે ગુણ બતાવ્યો છે તેથી ઊલટું યમુનાનું જળ વાયુ કરનારૂં રૂખું અને ભારે છે.

પ્રયાગથી વિંધ્યાચળને ઘસાઈ મિરઝાપુર અને ચુનાર આગળ થઈ ગંગા સીધી કાશી આવે છે. કાશીમાં શહેરને લગતા કિનારાનું જળ થોડું દૂષિત છે, પણ વચમાંનું તેમ જ સામા પારનું જળ પવિત્ર, રસસ્વાદિષ્ટ, શીતલ, ત્રિદોષનાશક, અત્યંત પથ્ય



દુનિયાની લાંબામાં લાંબી નદીઓ માંહેની ગંગા, ગંગોત્રીથી નીકળી સમુદ્રને મળતાં સુધીમાં કુલ ચાર લાખ ને સાડી બત્રીસ હજાર ચોરસ માઇલનો પ્રદેશ પોતાનાં પાણીથી પાવન અને ફળદ્રુપ કરતી જાય છે અને પંદરસો માઇલની એની એ લંબાઇ દરમ્યાન વીસેક નદીઓ તેને મળે છે.

અને પરમ મનોહર છે. કાશીમાં આદિ કેશવઘાટના ખૂણામાં વરૂણા નદી આવી મળે છે. ત્યાંથી આગળ જતાં માર્કંડેય પાસે ગોમતી નદી ગંગામાં પડે છે ત્યાંનું પાણી પાચક ગણાય છે. ત્યાંથી આગળ ચાલતાં બકસર આગળ કર્મનાશાને લઇ ગાઝીપુર થઇ ગંગા છપરા આગળ સરયૂને પોતામાં સમાવે છે. અને આરાનગર આગળ શોણભદ્રા મહાનદી આવીને તેને મળે છે. કર્મનાશાના જળથી ગંગાજળમાં કશો ફરક પડતો નથી, પણ સરયૂ અને શોણના જળનો પ્રભાવ વિશેષ પડે છે. શોણ શુદ્ધ વાલુકામય નદી છે. તેથી એ જળના સંસર્ગથી ગંગાજળ મધુર, પાચક, હલકું અને શીત બને છે. સરયૂના જળથી તેમાં કોઈ વિકાર નહિ થતાં ઊલટો ગુણમાં વધારો થાય છે.

દાનાપુર અને પટણા છોડયા પછી તેમાં ગંડકી નદી મળે છે. ત્યાંનું જળ થોડું ભારે, વાયુકારક અને ખુજલી પેદા કરનારૂં છે. મોંગીર અને સુલતાનગંજ થઇ ગંગા સીધી ભાગલપુર જાય છે. ભાગલપુર છોડતાં કોશી નદી તેને મળે છે ને ત્યાંનું જળ ભારે છે. બ્રહ્મપુત્રાની એક ધારા ફરીદપુર પાસે આવી મળે છે ને ત્યાંથી ગ્વાલંદ થઈ પૂર્વ બાજુએ ગંગા વળે છે. ત્યાં તે પદ્મા નામ પામી છે. રાજમહેલ પાસે એ ગંગાના બે ફાંટા પડે છે. એક ફાંટો ચંદ્રનગર, હુગલી અને કલકત્તા થઇ દક્ષિણે જાય છે તેને હુગલી નદી કહે છે. ત્યાં ગંગા ને પદ્માનાં મુખ જુદાં પડે છે ને ગંગાનો તીરપ્રાંત (Delta) ત્યાંથી શરૂ થાય છે. કલકત્તાની દક્ષિણે જઇને સાગરબેટ પાસે ગંગા સમુદ્રમાં પ્રવેશ કરે છે. સાગરટાપુ પાસે પાણી બહુ રહેતું હોવાથી ત્યાં ગાઢ જંગલ છે. આ જંગલને સુંદરવન કહે છે. સુંદરવનની પાસે ગંગા ને સાગરનો સંગમ થાય છે. સમુદ્રને મળતાં ગંગાજળનો ગુણ બદલાઇ જાય છે. આત્રેય ઋષિના કહેવા પ્રમાણે તે મેલું, ગંદુ, લીલું, ભારે, ખારૂં ને ચીકણું સામુદ્રિક જળ થઈ ગયું છે. તે દર્દકારક અને રક્તવિકાર કરનારૂં છે.

પોતાની આ સફરમાં ગંગા નદી કુલ ૪,૩૨,૪૮૦ ચોરસ માઇલનો પ્રદેશ રોકે છે. પ્રયાગથી કાશી સુધીના તેના વહનનો વેગ કલાકે ૬ માઇલનો છે. ત્યાંથી કલકત્તા સુધી કલાકના ૪ થી ૫ માઇલનો ગણાય છે અને કલકત્તાથી સમુદ્રમાં મળે છે ત્યાં સુધી ૧ થી ૨ માઈલનો વેગ તે વહે છે.

ગંગાજળમાં સ્વાભાવિક વિશેષતા એ છે કે તેની સાથે જે કોઈ જળ મળે છે તેને તે પોતારૂપ બનાવી લે છે. ગંગોત્રીથી ઊતરતાં જ સેંકડો નદીઓનો મેલ તેમાં આવે છે છતાં જે નદીઓ તેને મળે છે તેમાં ગંગાનો જ ગુણ આવી જાય છે. ગંગા સમુદ્રને પહોંચતાં સુધી તેમાં ગંગોત્રીના જળના પ્રમાણ-

માં બીજાં જળનું પ્રમાણ કેટલું યે વધારે થતું હોવા છતાં અવિકૃત રહેવાનો જે ગુણ ગંગોત્રી પાસે છે તેનો તે ઘણે અંશે બધે સચવાતો આવે છે. કેટલા યે સૈકાઓથી ભારતીય આસ્તિક હિંદુઓમાં औषधं जान्हवी तोयं એવું સૂત્ર પ્રચલિત છે, એ માત્ર કહેવતરૂપ નથી પણ તેમાં વૈજ્ઞાનિક સત્ય પણ રહેલું છે. આગ્રાના વૈજ્ઞાનિક ખાતાના કર્મચારી મિ. હેનકેને ગંગાજળની પરીક્ષા હાલનાં સાધનોથી કરી જોઇ છે. તેણે બનારસ જઇને સ્નાનઘાટ પાસેના ગરનાળામાંથી શહેરની ગંદકી આવી ગંગામાં પડે છે ત્યાંનું પાણી લઇને સૂક્ષ્મ-દર્શક યંત્રથી જોયું તો તેમાં લાખો કીડા ખદબદતા દેખાયા. છ કલાક પછી જોયું તો એ બધા ય મરી ગયા હતા. પછી તેણે ગંગામાં તણાતું આવતું એક મડદું લઇ તેની બગલ-માંથી જળ લઇ જોયું તેમાં પણ અનગણ જંતુઓ હતા, પરંતુ છ કલાકે તે પણ મરી ગયા. પછી જંતુઓ લઇને તેણે ગંગા-જળમાં છોડી જોયાં તો તે પણ છ કલાકમાં ખલાસ. એ જ પ્રયોગ તેણે બીજું શુદ્ધ જળ લઇ કરી જોયો તો છ કલાકમાં તેમાં જંતુઓ વધી પડ્યા હતા. આ ઉપરથી ગંગાજળમાં પાપ નાશ કરી પવિત્ર કરવાની શક્તિ છે એવો હિંદુઓનો વિશ્વાસ સકારણ છે એ સિદ્ધ થાય છે. હરદ્વારથી સંઘરેલું ગંગાજળ કદી બગડતું નથી એ તો ઘણાનો અનુભવ છે; જ્યારે બીજા કોઇ સ્થળનું જળ થોડા જ વખતમાં જંતુપૂર્ણ થઇ જાય છે. [હિંદી માસિક 'ગંગા'માંથી]

બાપુજીની થોડી વાતો

૧૯૩૧ના ડિસેમ્બરની ૩૧મીની સવારે ગાંધીજીના અનુ-યાયી તેમજ મહેમાન ડૉકટર એડમંડ પ્રાઇવેટ સાથે બોરીવલી સ્ટેશને મુલાકાત થઈ ત્યારે બાપુજી (ગાંધીજીને ડૉ. પ્રાઇવેટ તથા તેમનાં પત્ની પણ 'બાપુજી'જ કહી બોલાવે છે) વિષે ઘણીઘણી વાતો થઇ હતી. ગાંધીજીની વળતી સફરે એ દિવસ જોડું તેમની સાથે સ્ટીમર ઉપર હતું. સરજત, કિસ્મત, નસીબ, બનવાકાળ વગેરેની ખાતરી મારા મનને થઇ નથી, છતાં કયાં જીનીવા અને કયાં વીરાર, કયાં મહાત્માજીની હારમાં બેસનાર ડૉ. પ્રાઇવેટ અને કયાં કમતરીન ખાકસાર સેવક ! સ્વપ્ને પણ નહિ ધારેલી મુલાકાત થઇ અને અખત મિત્રાચારી તથા હંમેશ સુધી જળવાઈ રહે તેવો મીઠો સંબંધ બંધાયો. 'Mystery of Providence is not for man to know.'

જીસસ ક્રાઇસ્ટ ને બુદ્ધ માફક જનસમાજનું હિત સાધી, પોતાના જ જીવનના આદર્શો બીજા આગળ ધરી 'સમગ્ર જીવન એ જ યોગ' એ સૂત્ર જિંદગીમાં પૂરેપૂરું ઉતારી, તેવી જિંદગી જીવી દેખાડનાર બાપુજીનું યથાર્થ જીવન જ્યારે ભવિષ્ય જાણશે—એમના વિચારો, સંકલ્પો અને વચનો તથા કામો ભવિષ્યની પ્રજા જાણશે ત્યારે તેની પૂરી કદર થશે જ.

પહેલાં તો ડૉ. પ્રાઇવેટ તથા તેમનાં ભલાં, માયાળુ પત્ની અચકાયાં, પણ પછી પોતાની સાથે બુદ્ધની ગુફા જોવા મને લઇ ગયાં અને ત્યાં તેમની સાથે કલાકો સુધી જીવનના કોયડાઓ વિષે વાત થઇ. સવારના પાંચ વાગ્યાથી તે બપોરના બે સુધી એક ટીપું પાણી પણ એ બેમાંથી એકે યે ન પીધું. કારણ પૂછતાં જવાબ દીધો કે 'બાપુજીએ બહારની વસ્તુઓ ખાવાપીવાની ના કહી છે.' જિંદગીમાં પહેલી જ વાર ચંપલ પહેરવી તથા બળદગાડીમાં સતત મુસાફરી કરવી એ આપણને સહેલ લાગે પણ તેમને મનથી કસોટી હતી.

બાપુજીનાં ભાષણો, બાપુજીની વાતો ને બાપુજીનાં પુસ્તકો કરતાં ડૉકટરને તથા એમનાં પત્નીને હરણ ' Kidnap ' (અંગ્રેજી શબ્દો ખુદ ડૉકટરે જ વાપર્યા છે.) કરવામાં વધારે અગત્યની બાબત 'અસર' છે. અત્રે અસર એટલે અધિકાર યા દબાણ નહિ, પણ ગુરુના સંબંધથી શિષ્યના જીવન પર પડતો પ્રભાવ અથવા પ્રતિભા. મૂંગે મોઢે પોતાની શક્તિ ડૉકટરના આત્મામાં રેડીને બાપુજી તેમનામાં જાગૃતિ લાવી શકયા છે. બાપુજીનું આ એક અમૂલ્યમાં અમૂલ્ય લક્ષણ છે.

ડૉ. પ્રાઇવેટ 'મણિભુવન'માં સ્નાન કરતા હતા, એટલા-માં બાપુજી ધસારાબંધ તે ઓરડીમાં આવી લાગ્યા અને ડૉકટરને આદમના રૂપમાં જોયા. 'Oh doctor! do not be afraid. I am all for nude cult' ડૉકટર! બીશો મા, હું પોતે તો લગભગ નગ્ન રૂઢિની તરફેણમાં છું.' જે માનવી પાંચ મિનિટ અગાઉ ભવિષ્યની ભારે ચિંતાઓ તળે આખા હિંદનું ભાવિ ઘડી રહ્યો હતો અને આ પાર કે પેલે પારના વિચારમાં જોખમદારીથી ઘેરાએલો હતો તે બારેમાં બારે વાદવિવાદમાં રોકાયલો છતાં બીજી જ પળે તદ્દન નિર્દોષ બાળક સમાન ખડખડાટ હસી શકે ! અને આવો વિનોદ જીનીવા વિદ્યાપીઠના પ્રોફેસર સાથે છૂટ લઇ ગાંધીજી જ કરી શકે અને તેની સચોટ અસર એ બાપુજી જ ઉપજાવી શકે.

નાતાલની સાંજે આગબોટ ઉપર જીસસ ક્રાઇસ્ટના જીવન ઉપર ટૂંકું પ્રવચન આપી બાપુજીએ ખ્રિસ્તિ મિશનરીઓને ઘડીક અજાયબીમાં નાખી દીધા હતા. ભાષણની આખરે એક કીર્તન (Hymn) ગાવાનું હતું: 'Take my life, oh Lord.' ગાંધીજીનું ગોળમેજીનું કાર્ય પૂરું થયું હતું. જે કહેવાનું હતું તે કહી દીધું હતું. તેથી કટાક્ષ તથા વિનોદથી ભાષણને છેડે બોલ્યા: 'Now Miss Bark! Take my life....' એટલેકે મિસ બાર્કને તે ભજન ગાવા કહ્યું; અને સાથેસાથે પોતાની જિંદગી હવે જોઇએ તો જાય તો પણ બાપુજી નચિંત હતા તે સમજાવી દીધું.

ડૉકટર પ્રાઇવેટ સાથે જ્યારે મિત્રતા વધી ત્યારે ધીરજથી તેમણે મને કહ્યું કે 'My dear friend, we took you for a C.I.D.!' બાપુજીએ અમોને કહ્યું હતું કે 'you may be shadowed by a C. I. D.' તમારી પાછળ યા સાથે છૂપી પોલીસ આવે તો જરા પણ બીશો નહિ અને તેને તમારી સાથે ગાડીમાં લેશો. કાંઇ પણ થાય તે આપણા સારાને જ માટે.

ડૉ. પ્રાઇવેટનો મદ્રાસથી કાગળ હતો કે તા. ૧૧મીએ તેમનાં પત્ની કોલંબોથી જીનીવા ઊપડી જશે. હિંદ માટે અને ખાસ કરી હિંદના ‘હરિજન’ તથા દરિદ્રનારાયણ લોકો માટે અંતરની ઊંડી લાગણી એમનામાં છે અને હિંદ માટે પ્રેમની ભીનાશવાળું અંતઃકરણ પ્રભુએ એ સ્વિસ યુગલને આપ્યું છે.

બાપુજીએ એમનાં નામ ‘આનંદ’ તથા ‘લયલા’ પાડચાં છે.

— ફરામરોજ ધનજીશા ધનભૂરા

પ્રુફ-વાંચનની પદ્ધતિ

પ્રુફ રીડિંગ-પ્રુફ વાંચવાની પદ્ધતિ એટલે શું તે કોઇને વિશેષ સમજાવવું પડે એવું નથી. છાપવા માટે આપેલા છાપકામને બીબાંમાં ગોઠવ્યા પછી, તેમાં કાંઈ ભૂલ રહી ગઇ હોય તો તે સુધારવા માટે છાપખાનાંવાળાઓ જે કાચી હાથછાપ કાઢી આપે તેને સુધારવાની જે પદ્ધતિ તેને પ્રુફ રીડિંગ કહે છે.

આ જમાનામાં માણસને જે અનેક વસ્તુઓનું સામાન્ય જ્ઞાન જરૂરી છે તેમાં પ્રુફ રીડિંગને પણ ગણી શકાય. ઘણાખરા લોકોને તેનો ખપ કોઇ ને કોઇ વખત પડે તો છે જ. અભ્યાસીઓ, લેખનપ્રવૃત્તિવાળાઓ, સામયિક પત્રોમાં કામ કરનારા વગેરેને તો તે જાણ્યા વિના ચાલે જ નહિ; પરંતુ બીજા ધંધાદારીઓ તથા વેપારીઓને પણ સામાન્ય વ્યવહારમાં પોતાના પરચુરણ છાપકામને તથા જાહેર ખબરો વગેરેને અંગે છાપખાના સાથે થોડુંઘણું સંબંધમાં આવવાનું હોય જ છે; એટલે જીવનનાં લગભગ બધાં ક્ષેત્રોમાં એ જ્ઞાનનો ઉપયોગ છે. વિદ્યાર્થીઓ અને યુવાનોએ તો તે જ્ઞાનને ખાતર પણ શીખી લેવું આવશ્યક છે. અને એ જરા પણ અઘરું નથી. આ નીચે આપેલી વિગતો ધ્યાનપૂર્વક વાંચીને બેચાર વખત ઉપયોગમાં લેવાથી તે હાથ પર બેસી જશે.

છાપકામ માટે આપવાનું લખાણ જો બરોબર કાળજીપૂર્વક, સ્વચ્છતાથી ને જોડણી વગેરેનું ધ્યાન રાખીને તૈયાર કરવામાં આવે તો પાછળથી પ્રુફનું કામ ઘણું આસાન બની જાય. પ્રુફ વાંચતી વખતે ખાસ ધ્યાન લખાણના વિષય તરફ ન રાખતાં છાપની વિગતો ને શુદ્ધિની ઝીણવટ તરફ આપવું જોઇએ. સૌથી પહેલાં બરોબર મન પરોવીને કાળજીથી છાપભૂલો સુધારી જવી, અને તેમાં જોડણી, લેખન-ચિહ્નો, જગ્યાની સુયોગ્ય વહેંચણી, યોગ્ય પૅરેગ્રાફો વગેરે બરોબર થયાં છે કે નહિ તે તપાસી જવું. વિષય બહુ અટપટો ન હોય તો હાથ-પ્રત કોઈને વાંચવાનું કહેવું અને તે ધીમેથી, સ્પષ્ટપણે,


δ અથવા δ	વધારાનો અક્ષર છે તે કાઢી નાખો.
/ અથવા ^	નવો ઉમેરો કરો. (ઉમેરવાની વસ્તુ લાંબી હોય તો તેની આસપાસ કૂંડાળું કરી દર્શાવવું.)
/	અક્ષર (કે ચિહ્ન) બદલી તેને બદલે બીજું દર્શાવેલું મૂકો.
×/	અક્ષર ભાંગેલો અથવા ખરાબ છે; બદલીને સારો મૂકો.
୨	અક્ષર ઊંધો છે તેને ઉલટાવો.
⊥	વચ્ચે ‘સ્પેસ’નો કાળો ડાઘ ઊડી આવે છે તેને બેસાડી દો.
#	બે અક્ષરો ભેગા છે તેને છૂટા પાડો.
⁐	અક્ષરો કે શબ્દો છૂટાછૂટા છે તેને ભેગા કરો.
ˇ	વચ્ચેની જગ્યા અણસરખી છે તે એકસરખી કરો.
‿	શબ્દો વચ્ચે બહુ જગ્યા છે તે માફકસર કરો.
,/ ;/	અલ્પવિરામ કે અર્ધવિરામ મૂકો.
⊙	પૂર્ણવિરામ મૂકો.
*̬ “̬	ફુટનોટનું ચિહ્ન, એપોસ્ટ્રોફી અથવા અવતરણચિહ્ન ઉમેરો.
Trans. ∽	શબ્દો ઉલટાસુલટા થઇ ગયા છે તેનો ફેરબદલો કરીને સરખા કરો. (બે કરતાં વધારે શબ્દોનો જ્યારે ફેરબદલો કરવવો હોય ત્યારે એ દરેક શબ્દની નીચે જોઇતા ક્રમ ૧, ૨, ૩, ૪, એમ અંક મૂકીને દર્શાવવું.)
¶	નવો પૅરેગ્રાફ પાડો.
no ¶	પૅરેગ્રાફ છે તે કાઢી નાખીને સળંગ લખાણ લો.
←——	ખસેડીને વચ્ચે લો. (આઘુંપાછું અથવા વચ્ચે, જેમ જોઈતું હોય તે મુજબ દર્શાવવું.)
□	એક ‘એમ’ જગ્યા ઉમેરો. (‘એમ’ એટલે $\frac{1}{6}$ ઇંચ)
□□	બે ‘એમ’ જગ્યા ઉમેરો.
|–1–|	એક ‘એમ’ લંબાઇની ડૅશ ઉમેરો.
|——2——|	બે ‘એમ’ લંબાઇની ડૅશ ઉમેરો.
w.f.	રૉંગ ફૉન્ટ—એટલેકે ખોટી જાતનો ટાઇપ છે; માટે બદલો.
stet	સુધારો ન કરતાં, છે તેમ ને તેમ જ કાયમ રાખો.
///	લીટીઓ વાંકીચૂંકી છે તે સરખી કરો.

પ્રુફ વાંચનમાં વપરાતી નિશાનીઓ તથા તેમની સમજણ

વિરામચિહ્નો વગેરે દર્શાવતો વાંચતો જાય તે મુજબ તમારે પ્રુફ સુધારતા જવાં. આમ મૂળ હાથપ્રત સાથે લખાણ મેળવવાની ખાસ જરૂર જ હોય છે, કેમકે ઘણીવાર કાચો કારીગર કે શિખાઉ બીબાં ગોઠવનાર ઉતાવળમાં વચ્ચે એકાદ શબ્દ કે ઘણીવાર સરખા શબ્દોથી શરૂ થતી વચ્ચેની આખી લીટી જ ભૂલી જાય છે.

એક વાર આમ મેળવીને ઝીણવટથી લખાણની ભૂલો તપાસી લીધા પછી જરૂર લાગે તો લખાણના વિષયની દૃષ્ટિએ ફરીથી પ્રુફ વાંચી જવાં. આ વખતે ઝીણી વિગતોમાંથી મન છૂટું થએલું હોવાથી તમે નિરાંતે વિષયમાં મન પરોવી શકશો ને ઘટતા સુધારાવધારા કરી શકશો.

પ્રુફ સામાન્ય રીતે બે વખત ગળે. પહેલાં ગૅલી પ્રુફ અને બીજાં પેઇજ પ્રુફ. ગૅલી પ્રુફ એટલે લખાણ પહેલવહેલું એકસામટું કંપોઝ કરી નાખ્યું હોય તેનાં સળંગ પ્રુફ. તે તમે વાંચી આપો એટલે તે મુજબ સુધારા કરી લઇ, તેને પાનાંના


ત્યારે 'સાહિત્ય' એટલે શું

માણસના આત્મામાં રહેલા ભાવોની ઉપર વર્ણવી તે તે બધી સ્થિતિઓ રસાનુભવ ઉર્ફે સંતર્પણની સ્થિતિઓ છે. તેવી સ્થિતિ, ભાવ અને રસના તેવા અનુભવ માણસમાત્રને સર્વ સામાન્ય હોવાથી તે સર્વનું પ્રત્યક્ષીકરણ વા આલેખન જેમાં તેવી રચના કાવ્ય કે નાટક, રસભર નિબંધ, નવલિકા કે નવલ—પ્રત્યેક માણસને માણસ તરીકે આકર્ષે છે અને વશ કરે છે. તેના આત્માને અલૌકિક સૂક્ષ્મતમ સંતૃપ્તિનો અધિકારી ઠરાવે છે.

રસ રસોઈ રૂપમાં. જેનુ જીવિત છે તેવા બુદ્ધિમાન લાગણીવાન સ્મૃતિભોગી કલ્પનાશીલ પ્રાણી તરીકે,

એવાં આકર્ષણ ને વશીકરણ કરનાર હરેક રચના તે સાહિત્ય અને તેનો રચનાર તે જ સાહિત્યકાર અને બીજો નહીં. એવા સાહિત્યકારને તો સિસૃક્ષા એ જ સાચું ને ઉત્કૃષ્ટ જીવન છે, કોઇ સ્થૂળ પદાર્થ કે દૃશ્ય, અથવા ઊંડી અણધારી અકળ અંતઃપ્રેરણા જ્યારેજ્યારે એ સિસૃક્ષાને જાગૃત કરે છે ત્યારે ત્યારે સાહિત્યકારને હાથે એવું ધન્ય ને અમર સર્જન થઇ જાય છે જે સાહિત્ય સંજ્ઞાને પાત્ર ઠરે છે.

(જાડીકા બ્લૅકમાં) વિજયરાય કલ્યાણરાય → ય/ છેડેલો.

* સિસૃક્ષા એટલે અહર્નિશ કં કં સરજ્યાં કરવાની માનવસહજ અનિવાર્ય એષણા.

રૂપમાં છૂટા ભાગલા પાડી, ઉપર પાનાંના ક્રમ તથા વિષયમથાળાં વગેરે ગોઠવીને છેવટનાં તૈયાર કરે અને તમને વાંચવા આપે. આ પેઇજ પ્રુફ. તમારે જે કાંઈ મોટા સુધારા કરવા હોય, નવા પૅરેગ્રાફ પાડવા હોય, વધારાના શબ્દો કાઢી નાખવા હોય કે ક્યાંક ઉમેરવા હોય વગેરે બધું પહેલી વખતનાં ગૅલી પ્રુફ વખતે જ પતાવી લેવું. પેઇજ પ્રુફમાં એકાદ ઠેકાણે પણ આવો ફેરફાર કરાવો એટલે કારીગરને તે પછીનાં બધાં પાનાં ફેરવવાં પડે. કોઇવાર ગૅલી પ્રુફમાં આવા મોટા સુધારા ઘણા થયા હોય તો સલામતી ખાતર તેનાં બીજી વારનાં ગૅલી પ્રુફ માગવાં સારાં. તેમાં ચોક્સાઇથી સુધારા તપાસી લઇને પછી જ આગળ પાનાં પાડવાની સૂચના આપવી.

પ્રુફ વાચવામાં ભૂલોના સુધારા દર્શાવવા માટે પદ્ધતિપૂર્વક ચિહ્નો ઠરેલાં છે. સર્વત્ર એ સામાન્ય હોવાથી તમે એટલાં યાદ રાખી લો એટલે ગમે ત્યાં તમારૂં કામ ચલાવી શકો. તેને બદલે તમે તમારી પોતાની ઉપજાવેલી મનફાવતી રીતે સુધારા કરો તો તમારી એ પદ્ધતિ બીજાં સુધારનારને સમજવી પડે, તેમાં વખત લાગે, ગોટાળા થાય, ભૂલો રહી જાય ને ફરી સુધારા કરવા પડે. આ બધી મુશ્કેલી ઊભી કરવા કરતાં સર્વમાન્ય પદ્ધતિ જાણી લેવી હિતાવહ છે. અને તેનાં ચિહ્નો યાદ રાખી લેવાં જરા યે મુશ્કેલ નથી. આ પહેલાંના પાનામાં તેની સમજણ આપી છે.

ગુજરાતી લખાણમાં ચાલુમાં કોઇ અક્ષરો વચ્ચે કાળા લેવડાવવા હોય તો તેની નીચે લીટી દોરી પડખે 'બ્લૅક' લખવું, એટલે તે જ જાતના ઘેરા ઘાટા ટાઈપ મૂકાશે. અંગ્રેજીમાં આવા બ્લૅક ઉપરાંત કૅપિટલ, સ્મૉલ કૅપિટલ, ઈટાલિક એમ જુદીજુદી જાતો મૂકાવવાની સૂચનાઓ લખાય છે.

પ્રુફ વાંચતી વખતે લીટીમાં જે સ્થળે ભૂલ આવે ત્યાં તે મુજબનો છેકો મારીને અથવા તેનો સુધારો દર્શાવતું ચિહ્ન મૂકીને પછી બહાર બાજુની કોરી જગ્યામાં તે મુજબનો સુધારો અથવા ચિહ્ન મૂકી એક નાની ઊભી લીટી દોરવી, તે એમ દર્શાવવા કે સુધારો ત્યાં પૂરો થયો. પછી બીજો સુધારો એ જ લીટીમાં આવે, ત્યાં તેનું ચિહ્ન કરી, બહાર પહેલા સુધારા પછી તે દર્શાવવો અને ફરી ઊભી લીટી દોરવી. આમ જે તે લીટીની અંદર આવતા સુધારાના ક્રમમાં જ બહારની બાજુએ તે તે સુધારા દર્શાવવા. આ ઉપર એવા સુધારા દર્શાવતો ફકરો બ્લૉક બનાવીને છાપ્યો છે. અને તે

મુજબ સુધારા થએલી પ્રુફ કેવી હોય તે ફકરો, આ નીચે ગોઠવીને બતાવ્યો છે.

ત્યારે 'સાહિત્ય' એટલે શું?

માણસના આત્મામાં રહેલા ભાવોની ઉપર વર્ણવી તે તે બધી સંસ્થિતિઓ રસાનુભવ કરૈ સંતર્પણની સ્થિતિઓ છે. તેવી સ્થિતિ ભાવ અને રસના તેવા અનુભવ, માણસમાત્રને સર્વસામાન્ય હોવાથી તે સર્વનું પ્રત્યક્ષીકરણ વા આલેખન જેમાં હોય તેવી રચના— કાવ્ય કે નાટક, નવલ નવલિકા કે રસભર નિબંધ,—પ્રત્યેક માણસને માણસ તરીકે, રસ હરકોઇ રૂપમાં જેનું જીવિત છે તેવા બુદ્ધિમાન લાગણીવાન સ્મૃતિભોગી કલ્પનાશીલ પ્રાણી તરીકે, આકર્ષે છે અને વશ કરે છે; તેના આત્માને સૂક્ષ્મતમ અલૌકિક સંતૃપ્તિનો અધિકારી ઠરાવે છે. એવાં આકર્ષણ ને વશીકરણ કરનાર હરેક રચના તે 'સાહિત્ય' અને તેનો રચનાર તે જ સાહિત્યકાર અને બીજો નહિ.

એવા સાહિત્યકારને તો સિસૃક્ષા * એ જ સાચું ને ઉત્કૃષ્ટ જીવન છે. કોઇ સ્થૂળ પદાર્થ કે દૃશ્ય, અથવા ઊંડી અણધારી અકળ અંતઃપ્રેરણા જ્યારેજ્યારે એ સિસૃક્ષાને જાગૃત કરે છે ત્યારેત્યારે સાહિત્યકારને હાથે એવું ધન્ય ને અમર સર્જન થઈ જાય છે જે 'સાહિત્ય' સંજ્ઞાને પાત્ર ઠરે છે.

વિજયરાય કલ્યાણરાય

* સિસૃક્ષા એટલે અહર્નિશ કૈં ને કૈં સરજ્યા કરવાની માનવસહજ અનિવાર્ય એષણા.

ઉપરના બંને નમૂના સુધારા કરવાની પદ્ધતિનો ઠીક ખ્યાલ આપી રહેશે. ચિહ્નો બરાબર યાદ રહી જાય એટલે પ્રુફ સુધારવાં એ બહુ સહેલું કામ બની જાય છે. માત્ર ઝડપ આવતાં થોડી વાર લાગે છે તે મહાવરાથી આવી જાય છે.
('ગ્રંથ અને ગ્રંથકાર ભાગ ૧'માંથી) —બ. રા.

ગણિતગમ્મત

આ નીચે ૧, ૨, ૩, ને ૪ ફક્ત એકેક વાર લઇને, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, ક્ષેત્રફળ, ઘનફળ, કૌંસ, દશાંશ ચિહ્ન અને ક્ષેત્રમૂલનાં ચિહ્નોની મદદ વડે ૧થી અનુક્રમે ૬૮ સુધી સંખ્યાઓ બનાવી છે. ઘણીખરી સંખ્યાઓ એક કરતાં વધારે રીતે થઈ શકે છે. ફુરસદને વખતે જુદી ગોઠવણી કરશો, અથવા માસિક દૂર રાખીને તમારી મેળે પ્રયત્ન કરશો, કે ૬૮થી આગળ વધશો તો ઘણી ગમત પડશે.

$૨\times૩-૪-૧=૧$
$૨\times૩-૪\times૧=૨$
$૩\times૨+૧-૪=૩$
$૪\times૨-૧-૩=૪$
$૪\times૨-૧\times૩=૫$
$૪\times૨+૧-૩=૬$
$૪\times\frac{૩}{૨}+૧=૭$
$૪\times(૩+૧-૨)=૮$
$૩\times૨+૪-૧=૯$
$૩\times૨+૪\times૧=૧૦$
$૩\times૨+૪+૧=૧૧$
$૪\times૨+૩+૧=૧૨$
$૪\times૩+૨-૧=૧૩$
$૪\times૩+૨\times૧=૧૪$
$૪\times૩+૨+૧=૧૫$
$૪\times(૩+૨-૧)=૧૬$
$૩\times(૪+૧)+૨=૧૭$
$(૪+૨)\times૩\times૧=૧૮$
$(૪+૨)\times૩+૧=૧૯$
$(૩+૨)\times૪\times૧=૨૦$
$(૩+૨)\times૪+૧=૨૧$
$(૪\times૩-૧)\times૨=૨૨$
$૪\times૩\times૨-૧=૨૩$
$૪\times૩\times૨\times૧=૨૪$
$૪\times૩\times૨+૧=૨૫$
$(૪\times૩+૧)\times૨=૨૬$
$(૪\times૨+૧)\times૩=૨૭$
$(૩\times૨+૧)\times૪=૨૮$
$(૪-૧)^{૩}+૨=૨૯$
$(૪+૧)\times૩\times૨=૩૦$
$૨^{૩}\times૪-૧=૩૧$
$૪\times૨\times(૩+૧)=૩૨$
$૨^{૩}\times૪+૧=૩૩$
$\frac{૪}{.૧}-૩\times૨=૩૪$
$૩^{૨}\times૪-૧=૩૫$
$૪\times૩\times(૧+૨)=૩૬$
$૩^{૨}\times૪+૧=૩૭$
$\frac{૩}{.૧}+૪\times૨=૩૮$
$\frac{૪}{.૧}+૨-૩=૩૯$
$(૩^{૨}+૧)\times૪=૪૦$
$\frac{૪}{.૧}+૩-૨=૪૧$
$\frac{૪}{૩}+૨=૪૨$
.(૧)
$\frac{૪}{૨}+૩=૪૩$
.(૧)
$૪^{૩}-\frac{૨}{.૧}=૪૪$
$(૪^{૨}-૧)\times૩=૪૫$
$\frac{૪}{.૧}+૩\times૨=૪૬$
$૪^{૨}\times૩-૧=૪૭$
$૪^{૨}\times૩\times૧=૪૮$
$૪^{૨}\times૩+૧=૪૯$
$(૪+૩)^{૨}+૧=૫૦$
$(૪^{૨}+૧)\times૩=૫૧$
$(\frac{૩}{.૧}-૪)\times૨=૫૨$
$\frac{૨}{.૪\times.૧}+૩=૫૩$
$(૪-૧)^{૩}\times૨=૫૪$
$\frac{૪+\frac{૩}{૨}}{.૧}=૫૫$
$\frac{૩}{.૧}\times૨-૪=૫૬$
$\frac{૪+૨}{.૧}-૩=૫૭$
$\frac{\sqrt{૪}}{૧}\times૨-૩=૫૮$
$\frac{૩}{.૨}\times૪-૧=૫૯$
$\frac{૩}{.૨}\times૪\times૧=૬૦$
$\frac{૩}{.૨}\times૪+૧=૬૧$
$૪^{૩}-૨\times૧=૬૨$
$૪^{૩}+૧-૨=૬૩$
$(૪+૩+૧)^{૨}=૬૪$
$૪^{૩}+૨-૧=૬૫$
$૪^{૩}+૨\times૧=૬૬$
$૪^{૩}+૨+૧=૬૭$
$\frac{૪+૩}{.૧}-૨=૬૮$

—શામજી લવજી આલગિયા

બીડી પીનારની સહનશક્તિ

ડી. એફ કૅનેડી નામના અંગ્રેજે દસ વરસ સુધી આલરશોટ પરગણામાં થતી ત્રણ માઇલ દોડવાની શરતના ૨૦૦૦ ઉમેદવારોની નોંધ રાખી, તે પરથી તેને જણાયું કે વખતોવખત તમાકુ નહિ પીનારા જ વધુમાં વધુ સંખ્યામાં પહેલા રહેતા આવ્યા છે. શરતમાં પાછળ રહેનારમાં ચાર ટકા બીડી નહિ પીનારા ને ૧૧ ટકા માફકસર કે મોટા પ્રમાણમાં પીનારા હતા.

ધરતીકંપ અથવા પૃથ્વીના પેટાળમાં થતા ફેરફારોને લીધે ઘણી વાર સાગરને તળિયેથી મોટામોટા પર્વતો બહાર નીકળી આવે છે એ જાણીને નવાઈ લાગશે. હમણાં જ આટલાંટિક મહાસાગરને તળિયેથી દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ અમેરિકા વચ્ચેના સાગરમાં પર્વતોની ત્રણ હારમાળા ઉપસી આવી છે. આમાંના કેટલાકની ઊંચાઇ તો ૧૩,૦૦૦ જેટલી ફીટ છે.

❀ પૃથ્વીમાં પાય છો ધૂળ રગડાય પણ ઊંચકવું શીશ આકાશ અડવા ❀


ચોમાસાના પૂરથી વિફરેલી આડીજ નદીએ વેરોનાનો પૂલ તોડી ફેંકી દીધો હતો ને એક જ કમાન રહી હતી. ત્યાંના કમનસીબ લોકોને બચાવવાની હિંમત કરનારને સોનાના સો સિક્કા આપવાનું એક અમીરે કહ્યું. એ વિભાગના પડુપડુ થઈ રહેલા એક ઘરની બારીઓમાંથી મદદ માગી રહેલા લોકોની આફત ન જોઈ શકવાથી એક જુવાન ગામડિયે ભર રેલમાં હોડી ઝુકાવી, ને ઘરની કમાનને ટગુમગુ ટકાવી રહેલા થાંભલા પાસે જઈ એક પછી એક બધાં માણસોને બચાવી કિનારે લાવ્યો. પેલા અમીરે તેને સો સિક્કા આપવા માંડતાં એ બોલ્યો: 'હું જિંદગી વેચતો નથી. આ ગરીબ કુટુંબને પૈસાની જરૂર છે; માટે એને આપો.'

स्वागतम् એ શબ્દમાં જ શુભ આગમનનો અર્થ આવી જાય છે: (सु+आगतम्). કેટલાક सुस्वागतम् કરીને લખવું—અતિશુદ્ધ લખે છે એ ભૂલ છે.

ડાહ્યો: રેલવેઓ અથડાવાના અકસ્માત થાય છે ત્યારે મોટે ભાગે આગળના ડબ્બાઓનો જ ચૂરો થાય છે; માટે એ ડબ્બામાં બેસવું સલામત નથી.

દોઢડાહ્યો: પણ રેલવે અમલદારો સાદી અક્કલ વાપરીને પહેલેથી જ આગળના ડબ્બા ટ્રેનમાંથી કાઢી કેમ નહિલેતાહોય?

હિંદુસ્તાનમાં બૌદ્ધ ધર્મના બધા મળીને ત્રીસેક ચૈત્યો છે; પણ તે બધામાં માત્ર ગયાજીનો જ ચણેલો છે: બીજા બધા પર્વતમાંથી કોરી કાઢેલા છે.




ચારિત્ર્ય કેવળ મનનાં સ્વપ્નોથી કદિ યે નથી ઘડાતું. એનું ઉત્તમાંગ તો જીવનસંગ્રામની કઠણ શિલાઓ પર ઘસાઈ ઘસાઈને જ ઘડાય છે. એનાં ફુલ તો જીવનના આદર્શસૂર્યની ગરમીથી સેવાઈને તેમજ આયુષ્યના અનુભવસાગરના ખારાં પાણીથી વારંવાર ભીનાંસૂકાં થઈને જ પોતાની સ્વાભાવિક લાલી પકડે છે. —પ્રો. પૂનાયુ

વિરોધી કહેવતો: 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે.' એની વિરોધી કહેવત: 'જીવતો નર ભદ્રા પામશે.'

ધતુરાના પાનમાં હીંગ વાટીને બનાવેલી થેપલી બાંધવાથી વાળો મટે છે.

ખાટખટુંબીના મૂળની ગાંઠ વીંછી ઉપર અકસીર છે. ચડેલા અંગ ઉપરની લોહીની ચોરી નસ પર ડંખની દિશામાં તે ફેરવવાથી વીંછી ઊતરતો જાય છે, અને ડંખમાંથી ન જ જાય તો સહેજ પાણીમાં ઘસી ચોપડવાથી આરામ થાય છે.

સખત વાવાઝોડું થાય છે ત્યારે તેના હવાને લીધે દૂધ ખાટું થઈ જાય છે. કારણ એ હોય છે કે ખૂબ હવાને લીધે વાતાવરણમાં ઑક્સિજનનું પ્રમાણ વધી જઈને ઓઝોન વાયુ બને છે, ને દૂધ પર એ ઓઝોનની અસર થાય છે.



યુદ્ધમાં વપરાતી આ ભીષણ 'ટૅંક'નું જર્મન નામ પાંત્રીસ અક્ષરનું છે: SCHUTZENGRABENVERNICHTUNGSAUTOMOBIL.

ચલણી સિક્કાઓ ઉપર આવતી રાજકર્તાઓની છાપમાં એવો નિયમ હોય છે કે એકનો ચહેરો જમણી તરફ તો બીજાનો તેથી ઊલટી તરફ જ પડાય.


માણસનું હૃદય રોજના સરેરાશ ૯૨,૧૬૦ ધબકારા મારે છે.

કોઈપણ પુરુષ, સ્ત્રી કે બાળક દુનિયાની કોઈપણ ઈમારત કરતાં વધારે ઊંચું કૂદી શકે. (કેમકે ઈમારત તો જરા યે કૂદી શકતી નથી; જ્યારે માણસ તો થોડુંકે કૂદી શકે છે.)

પતંગિયાંની સ્વાદેન્દ્રિય તેમના પગમાં હોય છે અને તે આપણી જીભ કરતાં ૧૬૦૦ ગણી વધારે તીવ્ર હોય છે.

લીલાં દાડમની છાલ ૦ા તોલો ઝીણી વાટીને એક તોલા સાકર સાથે દિવસમાં એક વખત લેવાથી મરડો નરમ પડશે.

મહારાણા પ્રતાપની જન્મજયંતી: જેઠ સુદ ૬.



ઉપરના ચિત્રમાં વચ્ચે બતાવ્યું તેવું લાકડાનું બુક-સ્ટૅન્ડ બનાવવા માટે તેની ઉપર નીચે પાટિયાંના નમૂના માપ તથા ઘાટ સાથે આલેખી બતાવ્યા છે. તે મુજબ લાકડાના ટુકડા તૈયાર કરી, ખાંચા પાડી એકબીજામાં બેસાડી દેવાથી નાનીગમતી ઘોડી બનશે.